G.U.P. 78-400-5-68

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સેનેટની વાર્ષિક સભા યુનિવર્સિટીના સેનેટ ખંડમાં શુક્રવાર, તા. ૨૯-૩-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે મળી હતી, અને શનિવાર, તા. ૩૦-૩-૧૯૬૮ તથા રવિવાર, તા. ૩૧-૩-૧૯૬૮ના રોજ તે જ સ્થળે અને સમયે ચાલુ રહી હતી. સભાનું પ્રમુખસ્થાન ત્રણે દિવસોએ કુલપતિશ્રી ઉમાશંકર જોશીએ લીધું હતું. ત્રણે દિવસોએ હાજરી નીચે મુજબ હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૩-૧૯૬૮	તા. ૩૦-૩-૧૯૬૮	તા. ૩૧-૩-૧૯૬૮
૧.	શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર	હાજર	હાજર
૨.	શ્રી. મ. પ્ર. દેસાઈ	હાજર	હાજર	હાજર
૩.	શ્રી. એલ. આર. દેસાઈ	હાજર	હાજર	હાજર
૪.	શ્રી. કંચનલાલ સી. પરીખ, કુલસચિવશ્રી	હાજર	હાજર	હાજર
૫.	શ્રી. ટી. બી. પટેલ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૬.	શ્રી. ટી. એમ. દેસાઈ	ગેરહાજર	હાજર	ગેરહાજર
૭.	ડૉ. જે. જે. ચિનોય	હાજર	હાજર	હાજર
૮.	આચાર્ય જે. બી. સાણ્ડેસરા	હાજર	હાજર	હાજર
૯.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર	હાજર
૧૦.	આચાર્ય એન. બી. નાયક	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૧.	ડૉ. ઈ. એમ. બેસ્ટ	હાજર	હાજર	હાજર
૧૨.	આચાર્ય એલ. એચ. ટેંગશે	હાજર	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૩-૧૯૬૮	તા. ૩૦-૩-૧૯૬૮	તા. ૩૧-૩-૧૯૬૮
૧૩.	આચાર્ય વી. એ. વ્યાસ	હાજર	હાજર	હાજર
૧૪.	આચાર્ય સી. એસ. શાહ	હાજર	હાજર	હાજર
૧૫.	આચાર્ય ટી. એમ. પરીખ	હાજર	હાજર	હાજર
૧૬.	આચાર્ય કે. જી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૭.	આચાર્ય વાય. પી. શુકલ	હાજર	હાજર	હાજર
૧૮.	આચાર્ય જે. એ. સાગાન્ઝા	હાજર	હાજર	હાજર
૧૯.	આચાર્ય કે. એમ. આચાર્ય	હાજર	હાજર	હાજર
૨૦.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૨૧.	આચાર્ય આર. એચ. શાહ	હાજર	હાજર	હાજર
૨૨.	આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૨૩.	આચાર્ય વી. આર. દ્વિવેદી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૨૪.	આચાર્ય સી. સી. શાહ	હાજર	હાજર	હાજર
૨૫.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૨૬.	આચાર્ય ઊર્મિલાબહેન સી. પટેલ	હાજર	હાજર	હાજર
૨૭.	આચાર્ય એચ. સી. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૨૮.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર	હાજર	હાજર
૨૯.	આચાર્ય વી. આર. રણદીવે	હાજર	હાજર	હાજર
૩૦.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૩૧.	આચાર્ય ડી. પી. ઠાકર	હાજર	હાજર	હાજર
૩૨.	આચાર્ય કે. એસ. પટેલ	હાજર	હાજર	હાજર
૩૩.	આચાર્ય જે. ડી. તલાટી	હાજર	હાજર	હાજર
૩૪.	આચાર્ય એમ. એમ. નાયક	હાજર	હાજર	હાજર
૩૫.	આચાર્ય ટી. એન. મહેતા	હાજર	હાજર	હાજર
૩૬.	આચાર્ય આર. એમ. શુક્લ	હાજર	હાજર	હાજર
૩૭.	આચાર્ય એસ. આર. મહેતા	હાજર	હાજર	હાજર
૩૮.	આચાર્ય આર. જી. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૩૯.	આચાર્ય એન. એમ. શાહ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૪૦.	આચાર્ય એન. યુ. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૪૧.	આચાર્ય જે. જે. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૪૨.	આચાર્ય જે. સી. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૪૩.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર	ગેરહાજર
૪૪.	આચાર્ય ગિરીશ સી. પટેલ	હાજર	હાજર	હાજર
૪૫.	આચાર્ય એન. એમ. પરીખ	હાજર	હાજર	હાજર
૪૬.	આચાર્ય વી. જી. ઉપાધ્યાય	હાજર	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૩-૧૯૬૮	તા. ૩૦-૩-૧૯૬૮	તા. ૩૧-૩-૧૯૬૮
૪૭.	આચાર્ય યુ. ડી. ભટ્ટ	હાજર	હાજર	ગેરહાજર
૪૮.	આચાર્ય એલ. ડી. દવે	હાજર	હાજર	હાજર
૪૯.	આચાર્ય મુક્તાબહેન ડી. ઠક્કર	હાજર	હાજર	હાજર
૫૦.	આચાર્ય આઈ. જે. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૫૧.	આચાર્ય બી. પી. કોઠારી	હાજર	ગેરહાજર	હાજર
૫૨.	આચાર્ય એન. બી. જોષી	હાજર	હાજર	હાજર
૫૩.	આચાર્ય એમ. એસ. શાહ	હાજર	હાજર	હાજર
૫૪.	ડૉ. એમ. ડી. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૫૫.	આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર	હાજર
૫૬.	આચાર્ય વી. પી. પરીખ	હાજર	હાજર	હાજર
૫૭.	આચાર્ય જે. કે. શાહ	હાજર	હાજર	હાજર
૫૮.	આચાર્ય આઈ. એમ. પટેલ	હાજર	હાજર	હાજર
૫૯.	આચાર્ય એન. એસ. બારિક	હાજર	હાજર	હાજર
૬૦.	આચાર્ય એ. એચ. આઈ. વોરા	હાજર	હાજર	હાજર
૬૧.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર	હાજર	હાજર
૬૨.	આચાર્ય એસ. એમ. નાગામિયા	હાજર	હાજર	હાજર
૬૩.	આચાર્ય એ. ડી. મણિયાર	હાજર	હાજર	હાજર
૬૪.	આચાર્ય એસ. ટી. જેસલપુરા	હાજર	હાજર	હાજર
૬૫.	આચાર્ય ડી. એસ. જોશી	હાજર	હાજર	હાજર
૬૬.	આચાર્ય બી એમ. પંડિત	હાજર	હાજર	હાજર
૬૭.	આચાર્ય કે. એમ. તલાટી	હાજર	હાજર	ગેરહાજર
૬૮.	આચાર્ય એચ. એમ. શુકલ	હાજર	હાજર	હાજર
૬૯.	આચાર્ય જી. બી. પરીખ	હાજર	હાજર	હાજર
૭૦.	આચાર્ય પી. આર. શાહ	હાજર	હાજર	હાજર
૭૧.	આચાર્ય કે. એન. શાહ	હાજર	હાજર	હાજર
૭૨.	આચાર્ય પી. એમ. મજમુદાર	હાજર	હાજર	ગેરહાજર
૭૩.	આચાર્ય એન. એન. ઉદવાડિયા	હાજર	હાજર	હાજર
૭૪.	આચાર્ય એન. કે. દેસાઈ	હાજર	હાજર	હાજર
૭૫.	આચાર્ય વાય. જી. નાયક	હાજર	હાજર	હાજર
૭૬.	આચાર્ય વી. એફ. શાહ	હાજર	હાજર	હાજર
૭૭.	આચાર્ય બી. આર. ચૌહાણ	હાજર	હાજર	હાજર
૭૮.	આચાર્ય એમ. ડી. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૭૯.	આચાર્ય એ. જી. મુનશી	હાજર	હાજર	હાજર
૮૦.	આચાર્ય બી. સી. દેસાઈ	ગેરહાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૩-૧૯૬૮	તા. ૩૦-૩-૧૯૬૮	તા. ૩૧-૩-૧૯૬૮
૮૧.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર	ગેરહાજર
૮૨.	આચાર્ય જે. જી. પટેલ	હાજર	હાજર	હાજર
૮૩.	આચાર્ય કે. બી. વ્યાસ	હાજર	હાજર	હાજર
૮૪.	આચાર્ય આર. વી. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૮૫.	ડૉ. એસ. સી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૮૬.	શ્રી. એમ. એસ. પટેલ	ગેરહાજર	હાજર	હાજર
૮૭.	શ્રી. એસ. એમ. ઠક્કર	હાજર	હાજર	હાજર
૮૮.	શ્રી. આર. વી. શાહ	હાજર	હાજર	હાજર
૮૯.	શ્રી. એસ. એમ. અમીન	ગેરહાજર	હાજર	ગેરહાજર
૯૦.	શ્રી. વી. પી. મહેતા	હાજર	હાજર	ગેરહાજર
૯૧.	શ્રી. બી. એમ. જાની	હાજર	હાજર	હાજર
૯૨.	ડૉ. ડી. એચ. સુતરિયા	ગેરહાજર	હાજર	હાજર
૯૩.	શ્રી. કે. કે. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૯૪.	શ્રી. વિનોદ બી. અધ્વર્યુ	હાજર	હાજર	હાજર
૯૫.	શ્રી. એમ. પી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૯૬.	ડૉ. સી. આર. નાયક	હાજર	હાજર	હાજર
૯૭.	શ્રી. આર. એમ. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૯૮.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	હાજર	હાજર
૯૯.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર	હાજર	ગેરહાજર
૧૦૦.	શ્રી. બસન દર્શનસિંગ	હાજર	હાજર	હાજર
૧૦૧.	શ્રી. પી. એફ. પટેલ	હાજર	હાજર	હાજર
૧૦૨.	શ્રી. એચ. સી. શુક્લ	હાજર	હાજર	હાજર
૧૦૩.	શ્રી. એન. જે. પટેલ	હાજર	હાજર	હાજર
૧૦૪.	શ્રી. એચ. એસ. જૈન	હાજર	હાજર	હાજર
૧૦૫.	શ્રી. પી. એન. વર્તીકર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૦૬.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૧૦૭.	શ્રી. એસ. એમ. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૦૮.	શ્રી. એચ. યુ. જોશી	હાજર	હાજર	હાજર
૧૦૯.	શ્રી. કે. ડી. શાહ	હાજર	હાજર	હાજર
૧૧૦.	ડૉ. પી. એલ. શાહ	હાજર	હાજર	હાજર
૧૧૧.	ડૉ. આર. એલ. વાદી	હાજર	ગેરહાજર	હાજર
૧૧૨.	ડૉ. કે. આર. શ્રોફ	હાજર	હાજર	ગેરહાજર
૧૧૩.	ડૉ. એચ. આર. દેરાસરી	હાજર	હાજર	હાજર
૧૧૪.	શ્રી. ડી. ડી. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૧૧૫.	શ્રી. જી. આર. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૩-૧૯૬૮	તા. ૩૦-૩-૧૯૬૮	તા. ૩૧-૩-૧૯૬૮
૧૧૬.	શ્રી. સી. પી. શુકલ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૧૭.	શ્રી. એમ. એન. ઠાકર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૧૮.	ડૉ. વી. એન. ત્રિપાઠી	ગેરહાજર	ગેરહાજર	હાજર
૧૧૯.	શ્રી. સી. જી. પટેલ	ગેરહાજર	હાજર	હાજર
૧૨૦.	શ્રી. એમ. જી. શાસ્ત્રી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૨૧.	શ્રી. આર. ડી. પટેલ	હાજર	હાજર	હાજર
૧૨૨.	શ્રી. કે. એચ. ચૌધરી	હાજર	હાજર	હાજર
૧૨૩.	શ્રી. એસ. કે. ઝવેરી	હાજર	હાજર	ગેરહાજર
૧૨૪.	શ્રી. એમ. ટી. શુકલ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૨૫.	શ્રી. સી. પી. પટેલ	હાજર	હાજર	હાજર
૧૨૬.	શ્રી. બી. એમ. નવલખા	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૨૭.	શ્રી. આર. બી. શાહ	હાજર	હાજર	હાજર
૧૨૮.	શ્રી. પી. આર. શેઠ	હાજર	હાજર	હાજર
૧૨૯.	શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૧૩૦.	શ્રી. બી. ડી. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૧૩૧.	શ્રી. બી. એચ. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૧૩૨.	ડૉ. જે. બી. હરિભક્તિ	હાજર	હાજર	હાજર
૧૩૩.	શ્રી. આઈ. એ. મોદી	હાજર	હાજર	હાજર
૧૩૪.	શ્રી. સી. એન. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૧૩૫.	શ્રી. એચ. વી. વસા	હાજર	હાજર	ગેરહાજર
૧૩૬.	શ્રી. આર. જે. ખારા	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૩૭.	શ્રી. એસ. બી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૧૩૮.	શ્રી. એન. એચ. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૩૯.	શ્રી. બી. પી. શાહ	હાજર	હાજર	હાજર
૧૪૦.	ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૪૧.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૪૨.	શ્રી. વી. જે. ત્રિવેદી	હાજર	હાજર	ગેરહાજર
૧૪૩.	ડૉ. છોટુભાઈ એચ. નાયક	હાજર	હાજર	હાજર
૧૪૪.	ડૉ. લીલાબેન શાહ	હાજર	હાજર	હાજર
૧૪૫.	શ્રી. એલ. સી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૪૬.	શ્રી. વી. બી. શાસ્ત્રી	હાજર	હાજર	ગેરહાજર
૧૪૭.	શ્રી. એસ. વાય. ઊનિયા	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૪૮.	શ્રી. જે. કે. મોદી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૪૯.	શ્રી. એ. બી. સુતરિયા	હાજર	હાજર	ગેરહાજર

૧. તા. ૪/૫-૧૦-૧૯૬૭ના રોજ મળેલી સેનેટની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૪/૫-૧૦-૧૯૬૭ના રોજ મળેલી સેનેટની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. ૧૯૬૮-૬૯ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી કરવા બાબત :

[નોંધ.—(૧) સ્ટે. ૧૨૩ અનુસાર બોર્ડ ઑફ એકાઉન્ટ્સના માર્ચ ૧૯૬૭માં ચૂંટાયેલા સભ્યોની મુદત તા. ૩૧મી માર્ચ ૧૯૬૮ના રોજ પૂરી થતી હોઈ ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની હતી.

(૨) ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ એક વર્ષનું, એટલે કે તા. ૧લી એપ્રિલ ૧૯૬૮થી તા. ૩૧મી માર્ચ ૧૯૬૯ સુધીનું છે.

(૩) ચૂંટણીની નોટિસ સેનેટના સભાસદોને તા. ૧૬-૨-૧૯૬૮ના રોજ પરિપત્રાંક સિં./૩/૬૭૪૦૮/૧૯૬૮ દ્વારા મોકલવામાં આવી હતી.]

સ્ટે. ૧૨૩ અનુસાર બોર્ડ ઑફ એકાઉન્ટ્સ ઉપર ત્રણ સભ્યોની ચૂંટણી માટે તા. ૨૧-૩-૧૯૬૮ સુધીમાં કેવળ નીચેના ત્રણ ઉમેદવારો તરફથી તેમનાં ઉમેદવારીપત્રો આવ્યાં હતાં, જેની ચકાસણી તા. ૨૨-૩-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે થતાં સદરહુ ત્રણે ઉમેદવારોનાં ઉમેદવારીપત્રો માન્ય (valid) ઠર્યાં હતાં :

(૧) શ્રી. કેશવરામ કાશીરામ શાસ્ત્રી,
(૨) ડૉ. ઇંદ્રવેન્દ્ર હીરાલાલ સુતરિયા, અને
(૩) શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી.

સદરહુ બોર્ડ ઑફ એકાઉન્ટ્સ પરની કુલ ત્રણ જગ્યા માટે કેવળ ત્રણ જ સભ્યો તરફથી તેમનાં ઉમેદવારીપત્રો આવેલાં હોઈ, સદરહુ ત્રણેય સભ્યોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

૨ (અ). પ્રશ્નોત્તરી :

[૧] આચાર્ય બી. એમ. પંડિતે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી, તેનો જવાબ નીચે પ્રમાણે આપવામાં આવ્યો હતો :

પ્રશ્ન : કૉલેજની સ્થાનિક તપાસસમિતિના સભ્યોની નિમણૂક કરવા અંગે ધારાધોરણો યુનિવર્સિટીએ ઘડેલાં છે કે કેમ ?

ઉત્તર : ના, જી.

આચાર્ય એસ. આર. ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"પણ કોઈ નિયમો કે પ્રથા તો હશે જ ને ?"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "સિન્ડિકેટની સભામાં દરેક પ્રસ્તાવના ગુણદોષના આધારે સ્થાનિક તપાસસમિતિના સભ્યોને નીમવામાં આવે છે."

આચાર્ય કે. એન. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"કોઈ પણ એક વ્યક્તિને સાતથી વધુ વખત માટે સ્થાનિક તપાસસમિતિના સભ્ય તરીકે નીમવામાં આવેલ છે ?"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "હા, જી."

આચાર્ય કે. એન. શાહે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"સેનેટના કેટલા સભ્યોને સ્થાનિક તપાસસમિતિમાં નીમવામાં આવ્યા નથી ?"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "૪૧ સભ્યોને આ વર્ષે નીમવામાં આવ્યા છે, બીજાઓને તકલીફ આપી નથી."

આચાર્ય નરહરિભાઈ એમ. પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"સ્થાનિક તપાસસમિતિઓમાં નિમણૂક અંગે પ્રસ્તાવ કેવી રીતે આવે છે તેની માહિતી આપશો !"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "જોડાણ માટેની જે અરજી આવે છે તેના ઉપરથી એજન્ડાની બાબત ઘડીને તેને સિન્ડિકેટની સભામાં વિચારણા માટે મૂકવામાં આવે છે, અને સિન્ડિકેટ તપાસ-સમિતિના સભ્યોની નિમણૂક કરે છે."

[૨] **શ્રી. એસ. એમ. ઠક્કરે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, અને તેના જવાબો નીચે મુજબ આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (અ) ગુજરાત યુનિવર્સિટી તરફથી દેશનાં જુદાં જુદાં સ્થળોએ યોજાતા શૈક્ષણિક પરિસંવાદો અને પરિષદોમાં ભાગ લેવા માટે જે વ્યક્તિઓને પ્રતિનિધિઓ તરીકે મોકલવામાં આવે છે તેમની પસંદગી કઈ રીતે કરવામાં આવે છે ?

ઉત્તર ૧ : (અ) પરિસંવાદો કે પરિષદોમાં પ્રતિનિધિઓ મોકલવા માટે જે તે સંસ્થાઓ તરફથી નિમંત્રણ મળતાં તે બાબત સામાન્ય રીતે સિન્ડિકેટ સમક્ષ વિચારણા માટે મૂકવામાં આવે છે અને સિન્ડિકેટ તે અંગે ઘટતી વિચારણા કરીને નિર્ણય કરે છે. જો કોઈ પ્રસંગોએ પરિસંવાદો કે પરિષદો મળવાની તારીખ પ્રમાણમાં નજીકમાં હોય તો તે અંગે કુલપતિશ્રી નિર્ણય લે છે અને તે નિર્ણય સિન્ડિકેટની નોંધ માટે મૂકવામાં આવે છે.

પ્રશ્ન ૧ : (બ) આ પ્રતિનિધિઓ પાસેથી તેમની કામગીરી અંગેના કોઈ હેવાલની અપેક્ષા યુનિવર્સિટી તરફથી રાખવામાં આવે છે કે કેમ ?"

ઉત્તર ૧ : (બ) હા, જી.

આચાર્ય કે. એન. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"પરિસંવાદોમાં પ્રતિનિધિઓની નિમણૂક બાબત એકેડેમિક કાઉન્સિલ કે બોર્ડ કે તેના ચેરમેન કે ડીનને પૂછવામાં આવે છે ?"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "ના, જી. પરિસંવાદમાં પ્રતિનિધિ મોકલવાની સત્તા એકેડેમિક કાઉન્સિલને નથી, પરંતુ સિન્ડિકેટને છે."

પ્રશ્ન ૨ : (અ) ગુજરાત યુનિવર્સિટી પોતાનાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષક-સ્ટાફની નિમણૂકમાં જે તે વિદ્યાભવનના અધ્યક્ષના અભિપ્રાયને જરૂરી ગણે છે કે કેમ ?

ઉત્તર ૨ : (અ) ગુજરાત યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકોની નિમણૂકો અંગે સંબંધકર્તા વરણીસમિતિની ભલામણ પરથી સિન્ડિકેટ નિર્ણય કરે છે. પ્રોફેસર અને રીડરની જગ્યાઓ માટે વરણીસમિતિ ઑ. ૬૬ અન્વયે રચાય છે. તેમાં ભવનના અધ્યક્ષ પોતે તે વિષયના પ્રોફેસર હોય તો પ્રોફેસરના પદની રૂએ તેઓ તે વરણીસમિતિ પર એકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે સભ્યપદે બેસે છે. પ્રોફેસર કે રીડર સિવાયના શિક્ષકની નિમણૂકોની બાબતમાં ભવનના અધ્યક્ષને સામાન્ય રીતે વરણી-સમિતિના સભ્ય તરીકે સામેલ કરવામાં આવે છે.

પ્રશ્ન ૨ : (બ) સમાજવિદ્યા ભવનના શિક્ષક-સ્ટાફમાં તાજેતરમાં થયેલ લેક્ચરર વેકેન્સીના રીડરની પસંદગીમાં વિદ્યાભવનના અધ્યક્ષ પ્રો. શૅનોયનો અભિપ્રાય લેવામાં આવ્યો ન હતો અને તે કારણે તેઓએ રાજીનામું આપ્યું હોવાની હકીકત અખબારોમાં પ્રસિદ્ધ થયેલી એ સાચી છે ?

ઉત્તર ૨ : (બ) ના, જી. પ્રો. બી. આર. શૅનોયે તેમના રાજીનામાના પત્રમાં રાજીનામાનું કોઈ કારણ દર્શાવ્યું નથી.

[૩] આચાર્ય એન. એમ. શાહે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી તેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (અ) નેશનલ એકેડેમી ઑફ સાયન્સીઝનું અધિવેશન અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના આમંત્રણથી ભરવા માટે યુનિવર્સિટીએ કેટલી રકમ ખર્ચ પેટે મંજૂર કરી હતી ?

ઉત્તર ૧ : (અ) સદરહુ અધિવેશન અંગે રચાયેલ સ્વાગતસમિતિએ અધિવેશન માટે કુલ રૂા. ૧૫,૦૦૦નું ખર્ચ અંદાજ્યું હતું તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી રૂા. ૨,૫૦૦ની

અને રાજ્ય સરકાર તરફથી રૂા. ૨,૫૦૦ની આર્થિક સહાય મળેલી છે જ્યારે સ્વાગતસમિતિના હોનર, પેટ્રન અને સભ્યોના લવાજમ અને "સ્મરણિકા"ની જાહેર-ખબરમાંથી થયેલી કુલ આવક રૂા. ૭,૦૫૬ જેટલી થાય છે. ખરેખર કુલ ખર્ચ કેટલું થાય છે તે જોઈને યુનિવર્સિટી તે ખર્ચ પેટેની રકમ મંજૂર કરશે.

પ્રશ્ન ૨ : (અ) આ અધિવેશનમાં કેટલા ડેલિગેટોએ હાજરી આપી હતી અને સંશોધનનાં કેટલાં પેપરો વંચાયાં હતાં અને ચર્ચાયાં હતાં ?

ઉત્તર ૨ : (અ) આ અધિવેશનમાં ૧૩૯ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી તથા ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના પ્રત્યેક વિભાગમાં આશરે ૨૫૦ પેપરો આવેલાં, જે પૈકી આશરે ૧૫૦ પેપરો આ અધિવેશનમાં રજૂ થયાં હતાં.

આચાર્ય એન. એમ. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"પ્રતિનિધિઓની સંખ્યાની બાબતમાં મારી માહિતી પ્રમાણે ૩૯ સભ્યો આવ્યા હતા. બાકીના સરકારના સભ્યો આવ્યા હશે. '૧૩૯ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી' તેઓ સ્વાગત સમિતિના સભ્યો હોવા જોઈએ તેમ માનવું છે. ૧૩૯ ટાઈપની ભૂલ હોય તેમ લાગે છે."

કુલસચિવશ્રીએ જણાવ્યું : 'ના, જી ટાઈપની ભૂલ નથી.'

પ્રશ્ન ૨ : (બ) આ પેપરોના એબ્સ્ટ્રેક્સની પુસ્તિકા બહાર પાડવામાં આવી છે ?

ઉત્તર ૨ : (બ) સદરહુ બન્ને વિભાગોનાં પેપરોનું ટૂંકું તારતમ્ય (Abstract) નેશનલ એકેડેમી ઑફ સાયન્સીઝ, ઇન્ડિયા દ્વારા પ્રકાશિત થયું છે.

આચાર્ય એન. એમ. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"'Abstracts'ની પુસ્તિકા સત્કાર સમિતિના સભ્યોને આપવામાં આવી નથી તે બરાબર છે ?"

સિન્ડિકેટના સભ્ય રો. એ. એમ. ત્રિવેદીએ જણાવ્યું : "જે સભ્યોએ સભામાં હાજરી આપેલી તેઓને તે પુસ્તિકા આપવામાં આવી હતી."

પ્રશ્ન ૩ : (અ) કાર્યક્રમમાં કેલિકો મિલ્સ અને અંબિકા મિલ્સમાં કાપડની ખરીદી માટે સમય રાખવામાં આવ્યો હતો ?

ઉત્તર ૩ : (અ) હા, જી.

પ્રશ્ન ૩ : (બ) ખરીદી માટેની મિલોની દુકાન પર જવા-આવવાનો પ્રબંધ કોણે કર્યો હતો ? અને વાહનખર્ચ ડેલિગેટોએ ઉપાડ્યો હતો કે યુનિવર્સિટીની મંજૂર કરેલ રકમમાંથી થયો છે ?

ઉત્તર ૩ : (બ) આ અંગે ખાસ વાહનની વ્યવસ્થા કરવાની જરૂર ઉપસ્થિત થઈ ન હતી; પરંતુ મેયરશ્રીએ યોજેલ "એટહોમ"માં હાજરી આપવા પ્રતિનિધિઓને કાંકરિયા જવાનું હતું ત્યારે માર્ગમાં કેલિકો મિલમાં એક કલાક માટે તેઓ રોકાયા હતા, જ્યારે અંબિકા મિલમાં ગયા ન હતા. આથી જુદા વાહનખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"પ્રશ્નનો જે લેખિત જવાબ આપ્યો છે તે બરાબર નથી."

સિન્ડિકેટના સભ્ય ડૉ. એ. એમ. ત્રિવેદીએ જણાવ્યું : "મેયર સાહેબના સ્વાગત સમારંભમાં જતાં રસ્તામાં કેલિકો મિલમાં સભ્યો ગયા હતા."

શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો:

"વાહનખર્ચ 'At Home' માટે ઉપાડ્યો હતો !"

સિન્ડિકેટના સભ્ય ડૉ. એ. એમ. ત્રિવેદીએ જણાવ્યું : "યુ. જી. સી. અને ગુજરાત સ્ટેટ પાસેથી ગ્રાન્ટ મળેલી છે. ગુજરાત યુનિવર્સિટીના પૈસામાંથી નથી ખર્ચાયા."

કુલસચિવશ્રીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું : "'At Home'માં જવા માટેનો ખર્ચ પ્રતિનિધિઓએ આપ્યો નહોતો; પરિષદે તે ખર્ચ ભોગવ્યો છે."

પ્રશ્ન ૪ : (અ) અત્યાર સુધી યુનિવર્સિટીના આશ્રયે ભરાયેલાં સંમેલનોનાં અધિવેશનો વખતે આવી પદ્ધતિ અખત્યાર કરવામાં આવેલ હતી ?

ઉત્તર ૪ : (અ) ના, જી.

પ્રશ્ન ૪ : (બ) કાપડની ખરીદી અધિવેશનનો અંતર્ગત કાર્યક્રમ ગણાય ?

ઉત્તર ૪ : (બ) ના, જી.

પ્રશ્ન ૫ : (અ) આ અધિવેશન અંગે સ્વાગતસમિતિના સભ્યો, પેટ્રનો નોંધવામાં આવ્યા હતા ?

ઉત્તર ૫ : (અ) હા, જી.

પ્રશ્ન ૫ : (બ) કેટલા નોંધ્યા હતા ?

ઉત્તર ૫ : (બ) ૧૮૬ સ્વાગતસમિતિના સભ્યો તથા ૩ પેટ્રન નોંધાયા હતા.

પ્રશ્ન ૫ : (ક) "સોવિનેર"માં છપાયેલ જાહેરખબરોનો ચાર્જ રાખવામાં આવ્યો હતો ?

ઉત્તર ૫ : (ક) હા, જી.

પ્રશ્ન ૫ : (ડ) સ્વાગતસમિતિના સભ્યો, પેટ્રનોની નોંધણીમાંથી તેમ જ જાહેરાતમાંથી કેટલી આવક થઈ હતી ?

ઉત્તર ૫ : (ડ) આ અંગે કુલ રૂા. ૭,૦૫૬ની આવક થઈ હતી.

પ્રશ્ન ૫ : (ઈ) એ આવકનો હિસાબ યુનિવર્સિટી ગ્રાન્ટથી જુદો રાખવામાં આવ્યો છે ?

ઉત્તર ૫ : (ઈ) ઉપર પ્રશ્ન નં. ૧નો જવાબ જોતાં આ પ્રશ્નનો ઉત્તર આપવાનો રહેતો નથી.

પ્રશ્ન ૬ : (અ) એકેડેમીના ઉદ્‌ઘાટન પ્રવચનમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી હિતેન્દ્રભાઈ દેસાઈના પ્રવચનની પુસ્તિકા—પાનું ૪, પેરા ૪—માં યુનિવર્સિટીમાં કામ કરતા વિજ્ઞાનનાં ખાતાંઓમાં ફિઝિક્સ અને કેમિસ્ટ્રી સિવાયનાંનો ઉલ્લેખ છે. આ બે વિભાગોનો ઉલ્લેખ ન થયો એવી અપૂર્ણ માહિતી મુખ્ય મંત્રીશ્રીને કેવી રીતે મળી ?

ઉત્તર ૬ : (અ) રાજ્ય સરકારના માહિતી વિભાગના એક અધિકારીને સ્વાગતસમિતિના મંત્રીએ પૂરેપૂરી મૌખિક માહિતી આપી હતી એમ તેમણે જણાવ્યું છે. તે સિવાય આ કાર્યાલય પાસે તે અંગે કશી માહિતી નથી.

પ્રશ્ન ૬ : (બ) આ અંગે યુનિવર્સિટીએ કાંઈ તપાસ કરી છે?

ઉત્તર ૬ : (બ) તે અંગે સ્વાગતસમિતિના મંત્રીને યુનિવર્સિટી કાર્યાલય તરફથી પૂછવામાં આવતાં ઉપર મુજબની માહિતી મળેલ છે.

[૪] રો. એમ. એન. દેસાઈએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી તેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (અ) જે રીતે સંલગ્ન કૉલેજોની તપાસ (વાર્ષિક કે ત્રિવાર્ષિક) થાય છે તેવી કાંઈ તપાસ યુનિવર્સિટીના ગ્રંથાલયની થાય છે ?

ઉત્તર ૧ : (અ) ના, જી.

પ્રશ્ન ૧ : (બ) જો ન થતી હોય તો યુનિવર્સિટી હવે આવી તપાસ શરૂ કરવાની પ્રથા પાડશે ?

ઉત્તર ૧ : (બ) એવી તપાસની જરૂર જણાશે તો તેની તપાસ કરવાનું વિચારી શકાશે.

ડો. એ. એમ. ત્રિવેદીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"એવી ફરિયાદ આવી છે કે આપણા ગ્રંથાલયમાં સગવડ નહિ મળવાથી વિદ્યાર્થીઓને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી અને અટિરાના ગ્રંથાલયમાં જવું પડે છે ?"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "યુનિવર્સિટી કાર્યાલયને તેવી કશી જાણ થયેલી નથી."

પ્રશ્ન ૨ : યુનિવર્સિટીની પરીક્ષાઓમાં 'ગ્રેસિંગ' અંગેના કાંઈ નિયમો નથી અને હમણાં હમણાં 'ગ્રેસિંગ'નો આંક પણ દિવસે દિવસે ઉચ્ચતર દિશા તરફ ચલિત થવા માંડ્યો છે. માર્ચ ૧૯૬૬, ૧૯૬૭ અને ઑક્ટોબર ૧૯૬૭ની એમ.એસસી. મેથેમેટિક્સ, કેમિસ્ટ્રી અને ભૌતિકવિજ્ઞાનની પરીક્ષાઓમાં 'ગ્રેસિંગ' કેવી રીતે થયું છે તે આંકડાઓ જણાવશો તો ઉપરોક્ત બાબતમાં યુનિવર્સિટીએ શી યોગ્ય પ્રથા ઘડવી તેનો ખ્યાલ આવી શકે.

ઉત્તર ૨ : યુનિવર્સિટી પરીક્ષાઓમાં કૃપાગુણને લગતા નિયમ ઑ. ૧૩૮, ૧૩૯, ૧૪૦ અને ૧૪૧માં છે અને તે અન્વયે જે તે કેસમાં કૃપાગુણ આપવામાં આવે છે. માર્ચ ૧૯૬૬, અને માર્ચ ૧૯૬૭ અને ઑક્ટોબર ૧૯૬૭માં એમ.એસસી. મૅથ્સ., કેમિસ્ટ્રી અને ભૌતિકવિજ્ઞાનની પરીક્ષાઓમાં પણ આ નિયમો મુજબ પરીક્ષકોએ સુપરત કરેલ ગુણાંકમાં કૃપાગુણનો લાભ જે વિદ્યાર્થીઓને મળી શકે તેમ હતો તેમને તે આપવામાં આવ્યો છે.

ડૉ. એમ. એન. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"ઑર્ડિ. ૧૩૮, ૧૩૯, ૧૪૦ અને ૧૪૧ ઉપરાંત બીજું કોઈ પ્રકારે 'ગ્રેસિંગ' થાય છે કે નહિ ?"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "પરીક્ષકો ગુણપત્રકો સોંપે તે પછી યુનિવર્સિટી 'ગ્રેસિંગ'ના નિયમ પ્રમાણે પરિણામ તૈયાર કરે છે."

ડૉ. એમ. એન. દેસાઈએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"પરીક્ષકોની સભામાં 'ગ્રેસિંગ' થાય છે તેમાં એક કેસમાં ૩૬ માર્કનું 'ગ્રેસિંગ' કર્યું છે તે બરાબર છે ? આટલું બધું 'ગ્રેસિંગ' થાય છે, કે 'ગ્રેસિંગ' થતું હોય તો નિયમો કરવાની જરૂર છે કે કેમ ?"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "પરીક્ષકો યુનિવર્સિટી કાર્યાલયને પરિણામ સુપરત કરે છે તે સ્વીકારવામાં આવે છે, અને તે બાબત ગુપ્ત ગણાય છે."

શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"આંકડાઓ evade કરવાનું કારણ શું ? આંકડાઓ માગ્યા છે તે કેમ આપ્યા નથી ?"

કુલપતિશ્રીએ જણાવ્યું : "પ્રશ્નમાં લખ્યા પ્રમાણે કેવી રીતે થયું તે ઉત્તરમાં બતાવ્યું છે."

શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"ગ્રેસિંગ'માં કેટલા ગુણ આપ્યા તેના આંકડા આપશો ?"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "સંબંધકર્તા ઑર્ડિનન્સની મર્યાદામાં જ 'ગ્રેસિંગ' થયું છે. એમાં જેટલા કૃપાગુણ આપી શકાય તેનાથી એક પણ ગુણ વધારે આપવામાં આવ્યો નથી."

શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"'ગ્રેસિંગ' અંગેના કોઈ નિયમ નથી ? જે નિયમ ઑર્ડિ. ૧૩૮, ૧૩૯, ૧૪૦ અને ૧૪૧ આપવામાં આવ્યા છે તે ઑફિસના કામ અંગે છે. તે ઉપરાંત જે 'ગ્રેસિંગ' થાય છે તેના નિયમો નથી ? એ અંગેના આંકડાઓ માગેલા છે. 'ગ્રેસિંગ' થાય છે તેના નિયમો નથી અને તેથી 'ગ્રેસિંગ'ના આંકડો આધોપાછો થયા કરે છે તે અંગે પ્રશ્ન છે. આમાં પરીક્ષકોના 'ગ્રેસિંગ' અંગે પૂછવામાં આવે છે. 'ગ્રેસિંગ' આ ચાર ઑર્ડિનન્સ ઉપરાંત થાય છે અને તે કોણ કોણ કરે છે અને તેના નિયમો છે ? અને જો ના હોય તો વગર નિયમે થાય છે ?"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "પરીક્ષકોએ જે પરિણામ આપ્યાં હોય તેમાં 'ગ્રેસિંગ' કોને કહેવું તે પ્રશ્ન છે, અને પરીક્ષકો શી રીતે ગુણાંક આપે છે તે ગુપ્ત બાબત છે."

આચાર્ય એમ. એન. દેસાઈએ જણાવ્યું કે 'ગ્રેસિંગ'નો ઠરાવ અમે આપીએ છીએ અને તેમ છતાંયે કોઈ 'ગ્રેસિંગ' આપવાનું ધ્યાન બહાર રહી ગયું હોય તો કાર્યાલય કરે છે.

શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"'ગ્રેસિંગ' થાય છે તો તે પરીક્ષકો કરે છે? 'ગ્રેસિંગ' ઑર્ડિ. ૧૩૮થી ૧૪૧ પ્રમાણે થાય છે? જે પરીક્ષકો 'ગ્રેસિંગ' કરતા હોય તેના અંગેના નિયમ પરીક્ષકો નક્કી કરે છે? પરીક્ષકો જે ગુણપત્રકો આપે છે તે પરીક્ષકોનું ગુણપત્રક એકેડેમિક બાબતનું છે?"

કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો : "ભૂતપૂર્વ કુલપતિ 'ગ્રેસિંગ' શબ્દ તરીકે વાપરે તે બલિહારી છે. It is part of an assessment કહેવાય. 'ગ્રેસિંગ' ના કહેવાય."

શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"Assessmentનું કામ કાર્યાલય કરે છે તેમ હું તમારા જવાબમાંથી સમજું?"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "Assessmentનું કામ કાર્યાલય કરતું નથી."

શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ નીચેનો ત્રીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"જો કોઈ પરીક્ષક સૂચના આપે તો તે પ્રમાણે કરવામાં આવે છે તે બરાબર છે?"

કુલપતિશ્રીનો ઉત્તર : "તે આપની માન્યતા છે."

આચાર્ય ય. પ્રા. શુક્લે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"'ગ્રેસિંગ' શબ્દ શ્રી. મગનભાઈ વાપરે છે અને assessment શબ્દ કાર્યાલય કહે છે, તો તે પ્રથા કેટલાં વર્ષોથી ચાલે છે?"

કુલપતિશ્રીનો ઉત્તર : "પરીક્ષાઓ ચાલે છે ત્યારથી જ."

આચાર્ય એસ. એમ. નાગામિયાંએ જણાવ્યું કે "પરીક્ષકોને એમ લાગે કે ૪૦% પરિણામ આવ્યું છે અને તે ઓછું આવ્યું છે એટલે બધામાં થોડાક ઉમેરી દઈએ."

કુલપતિશ્રીએ સૂચવ્યું : "આપ સવાલ પૂછો."

આચાર્ય એસ. એમ. નાગામિયાંએ પ્રશ્ન પૂછ્યો કે "પરીક્ષકો 'ગ્રેસિંગ' કરે છે, અને બે-પાંચ માર્ક મન ફાવે તેમ વધારે છે?"

કુલપતિશ્રીનો ઉત્તર : "Assessment કે re-assessment જે કહો તે થાય છે. યુનિવર્સિટી પાસે આવે તે assessment છે અને 'ગ્રેસિંગ' આમાં બતાવેલા ચાર નિયમો પ્રમાણે જ થાય છે. ઑર્ડિ. ૧૪૧ મુજબ સમિતિ પણ એ બાબત વિચારણા કરે છે."

આચાર્ય એ. એચ. આઈ. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"પરીક્ષકો માર્ક સેટલમેન્ટ વખતે ઠરાવ કરે છે : 'We have decided to grace marks by 5' તો કોઈ પણ વખતે કાર્યાલયે અમને કહ્યું છે કે અહીં 'ગ્રેસિંગ' શબ્દ ખોટો છે?"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "પરીક્ષકો ખોટું કરે છે તેવું કહેવાની કાર્યાલયની હિંમત સહેજે ચાલતી નથી."

આચાર્ય એન. એમ. પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"પરીક્ષકોએ ઠરાવ કર્યો કે અમુક કરવું. તે માર્ક્સ ઉમેરવા લખે છે તો તે પ્રમાણે કાર્યાલય કરે છે ?"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "પરીક્ષકો જે ગુણ સુપરત કરે છે તે જ ગુણનો આધાર લઈને કાર્યાલય તેમને જરૂર પડયે clerical મદદ આપે છે."

શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"આ gracing ની વાત કઈ પરીક્ષા અંગેની છે તેની માહિતી આપશો ?"

કુલપતિશ્રીનો ઉત્તર : "પરીક્ષા અંગેની માહિતી ગુપ્ત ગણાય છે."

આચાર્ય રામપ્રસાદ શુક્લે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"૧૦૦ જેટલું 'ગ્રેસિંગ' હોય તો વાંધો લેવા જેવું ખરું કે નહિ ?"

કુલપતિશ્રીનો ઉત્તર : "અગાઉ જણાવ્યું તે મુજબ ઑર્ડિનન્સ પ્રમાણે 'ગ્રેસિંગ' થાય છે."

આચાર્ય આર. બી. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"clerical assistance કેવી રીતે અપાય છે ?"

કુલપતિશ્રીનો ઉત્તર : 'જે રીતે મદદ માગે તે રીતે જરૂર પ્રમાણે મદદ આપવામાં આવે છે.'

શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"clerical assistance અપાય છે તેમાં clerical assistance શું છે ! તે આમાં અમે નિયમ કરીએ છીએ કે અમુક હોય ત્યાં અમુક કરો અને સુધારી લેશો તો ત્યાં clerical assistance શું હોય છે !"

કુલપતિશ્રીએ ધ્યાન ખેંચ્યું કે આપના બે સવાલ થઈ ગયા છે.

કુલસચિવશ્રીએ જણાવ્યું : "સામાન્ય રીતે કહીએ તો decision taking ના હોય તે પ્રકારની મદદને clerical assistance કહેવાય."

શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ જણાવ્યું કે "હું તો હજી એક જ સવાલમાં છું. મારા બીજા સવાલનો જે જવાબ છે તે જવાબ જ નથી. Assessment gracing છે, તે ઓછુંવત્તું થાય છે તે આ જવાબમાં ચોખ્ખું થતું નથી. Assessment માં resolution આપવામાં આવે છે અને તેનું clerical head કર્યું? અને આ જે resolution છે તે assessment અંગેનો નથી હોતો, પરંતુ moderation કે 'ગ્રેસિંગ' અંગેનો હોય છે. તમે ગમે તે ગણો."

કુલપતિશ્રીનો જવાબ : "ગમે તે કહો પણ ઑર્ડિનન્સ પ્રમાણે જ 'ગ્રેસિંગ' કરવામાં આવે છે. તે પહેલાં પરીક્ષકો પાસેથી જે ફાંઈ આવે છે તેનો યુનિવર્સિટી સ્વીકાર કરવા બંધાયેલી

છે અને તેની ઉપર કાર્યાલય ઓર્ડિનન્સ મુજબ 'ગ્રેસિંગ' કરે છે. યુનિવર્સિટી કાર્યાલય આ ચાર નિયમ સિવાયનું 'ગ્રેસિંગ' કરતું નથી. તેની પહેલાં પરીક્ષક કક્ષાએ શું થાય છે તે યોગ્ય ઓથોરિટીની કક્ષાએ સુધારણા માટે ચર્ચા કરી શકીએ છીએ, પણ આ સભાગૃહ માટે તે માહિતી ગુપ્ત કક્ષાની હોવાથી કંઈ કહેવાનું અમારે માટે શક્ય નથી."

આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે આ પ્રશ્ન નં. ૨ અસ્પષ્ટ છે.

કુલપતિશ્રીએ જણાવ્યું કે તેમ છતાં કાર્યાલયે સ્પષ્ટતા કરવા પ્રયત્ન કર્યો છે અને તે મુજબ પેટાસવાલોના પણ જવાબો આપવામાં આવ્યા છે.

આચાર્ય એસ. એમ. નાગામિયાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"Has the University pointed out to the examiners that they have passed the resolution taking that the following students be graced to this extent? Whether the University pointed out to the examiners that the word "gracing" is wrong?"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "પરીક્ષકો પાસેથી જે મળે તે તેમણે આપેલું પરિણામ જ છે."

ડૉ. એમ. એન. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"પ્રશ્ન અસ્પષ્ટ છે પણ તેના જવાબ બહુ સ્પષ્ટ છે કે નહિ?"

કુલપતિશ્રીનો ઉત્તર : "પ્રશ્ન જે કાંઈ છે તેનો જવાબ આપવામાં આવ્યો છે. તેમાં સ્પષ્ટતા લાવવા માટે આપ સાહેબોની મદદ લઈએ છીએ."

પ્રશ્ન ૩ : (અ) યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓ માટેનાં નિવાસસ્થાનોમાં ભવનના રિસર્ચ સ્કૉલર્સ કે જેઓ યુનિવર્સિટીમાં પાર્ટ-ટાઈમ શૈક્ષણિક સેવા પણ આપતા હોય છે તેમને ઉપરોક્ત નિવાસસ્થાનોમાં રહેઠાણની વ્યવસ્થા કરવાનું યુનિવર્સિટીએ વિચાર્યું છે?

ઉત્તર ૩ : (અ) હા, જી.

ડૉ. એ. એમ. ત્રિવેદીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"રિસર્ચ સ્કૉલર્સ એ યુનિવર્સિટીના કર્મચારીઓ ગણાય કે નહિ?"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "રિસર્ચ સ્કૉલર્સ યુનિવર્સિટીના કર્મચારીઓ કહેવાતા નથી."

ડૉ. એ. એમ. ત્રિવેદીએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"રિસર્ચ સ્કૉલર્સનો રહેઠાણ મેળવવાનો અધિકાર ગણાય કે નહિ અને તેનું કારણ શું?"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "શિક્ષકો માટેના રહેઠાણ શિક્ષકોને આપતાં વધે તો તે અંગે વિચારવામાં આવે. પણ જે શિક્ષકો નથી તેમને આપવા નહિ તેમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને જણાવ્યું છે."

કુલપતિશ્રીનો ઉત્તર : "જ્યારે રિસર્ચ સ્કૉલર્સની મુદત પૂરી થાય ત્યારે તેમનું સ્ટેટસ જુદું બને છે. આપણી પાસે વધારે મકાનો હોય ને આપવાનું બની શકે તો તે અંગે વિચારણા કરી શકાય."

પ્રશ્ન ૩ : (બ) આ અંગે સિન્ડિકેટે કંઈ ઠરાવ કર્યો છે?

ઉત્તર ૩ : (બ) સિન્ડિકેટે તેની તા. ૬-૬-૧૯૬૭ની સભામાં નીચે મુજબ ઠરાવ કર્યો છે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાં હાલ કામ કરતા રિસર્ચ ફેલો અને રિસર્ચ આસિસ્ટન્ટો અને તે કક્ષાના હંગામી કર્મચારીઓ ને વિદ્યાભવનોમાં કામ કરતા શિક્ષક કર્મચારીઓને રહેવા માટે રહેઠાણો આપતાં કેટલાંક રહેઠાણો વધે છે તે લક્ષમાં લઈને તેઓ તેમની જગ્યા પર ચાલુ રહે તે સમય સુધી રહેઠાણ આપતાં અને તે પેટે તેમની પાસેથી યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ભાડું લેવું."

વધુમાં આ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો તા. ૭-૨-૧૯૬૮નો પત્ર આવ્યો છે અને તે પત્રમાં પ્રથમ યુનિવર્સિટીના અને સંલગ્ન કૉલેજોના શિક્ષકોને આ રહેઠાણો આપવાનું સૂચવવામાં આવ્યું છે, તેથી આ બાબત ફરીથી સિન્ડિકેટ સમક્ષ પુનર્વિચારણા માટે મૂકવામાં આવી છે.

ડૉ. એમ. એન દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો તા. ૭-૨-૧૯૬૮નો પત્ર આવ્યો છે તે 'automatic' આવ્યો છે કે આપણે લખ્યું કે પુછાવ્યું છે તેથી આવ્યો છે? તો આ કોની directionથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને પત્ર લખ્યો છે? સિન્ડિકેટે ઠરાવ કર્યો તેમ છતાં પત્ર કેમ લખ્યો?"

કુલપતિશ્રીનો ઉત્તર : "આ મકાન ટીચર્સ હોસ્ટેલ છે અને બીજાઓને આપી શકાય કે કેમ તેનો આપણી અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન વચ્ચે મતભેદ હતો, અને કાર્યક્ર સ્ટેજે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસેથી સ્પષ્ટતાનો કાગળ આવ્યા પછી જ આગળ ચાલીએ તે જ યોગ્ય ગણાય."

ડૉ. એ. એમ. ત્રિવેદીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"રિસર્ચ ફેલો જેને કહીએ છીએ તે યુનિવર્સિટીનું શિક્ષણનું કામકાજ પણ કરે છે, તેથી તેમની કક્ષા શિક્ષકની ગણાય?"

કુલપતિશ્રીનો ઉત્તર : "રિસર્ચ ફેલોને રહેઠાણ આપી શકાય કે કેમ તે અંગે મેં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના અધ્યક્ષશ્રીને રૂબરૂમાં પણ વાત કરી છે."

પ્રશ્ન ૩ : (ક) રિસર્ચ સ્કૉલરોએ કરેલી આ બાબતની અરજીઓ યુનિવર્સિટી કાર્યાલયમાંથી ખોવાઈ ગઈ છે એ વાત સાચી છે?

ઉત્તર ૩ : (ક) ના, જી.

ડૉ. એમ. એન. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"ઉત્તરમાં આપ 'ના જી' કહો છો તો બીજી વાર અરજીઓ શા માટે માગી ?"

કુલસચિવશ્રીએ જણાવ્યું : "બીજી અરજીઓ માગી છે તેમ કહેવું બરોબર નથી, પરંતુ બીજી અરજી સ્મૃતિપત્ર તરીકે આવી હોય એમ જણાય છે."

પ્રશ્ન ૪ : (અ) તા. ૨૭-૨-૧૯૬૮ની સાયન્સ ફેકલ્ટીમાં સાયન્સ કૉલેજમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓને હાયર મૅથેમેટિક્સ અને ફિઝિક્સ-કેમિસ્ટ્રીના વિષયોના ફરજિયાત અભ્યાસ અંગેના પ્રશ્ન બાબત કોઈ ભલામણ યુનિવર્સિટીનાં સત્તામંડળોને ઠરાવરૂપે કરવામાં આવી છે ?

ઉત્તર ૪ : (અ) હા, જી.

આચાર્ય આઈ. એમ. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"ચાલુ સાલે હાયર મૅથેમેટિક્સ સાથે કેટલા વિદ્યાર્થીઓ બેઠા છે ?"

કુલપતિશ્રીનો ઉત્તર : "૧૭,૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ હાયર મૅથેમેટિક્સ લઈને બેઠા છે, એમ જાણવા મળે છે."

આચાર્ય એમ. સી. શાહે જણાવ્યું કે "અમદાવાદમાંથી ૨,૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાયર મેથેમેટિક્સ લઈને બેઠા છે."

ડૉ. એમ. એન. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"હાયર મૅથેમેટિક્સવાળા ગઈ સાલના વિદ્યાર્થીઓમાંથી કેટલા પાસ થયેલા ?"

કુલપતિશ્રીનો ઉત્તર : "એ તો એસ.એસ.સી. બોર્ડ કહી શકે."

પ્રશ્ન ૪ : (બ) અને આવી હોય તો ભલામણ શી છે ?

ઉત્તર ૪ : (બ) સદરહુ ભલામણ નીચે પ્રમાણે છે :

"૨ટે. ૧૭૩ પાસ થયેલ છે અને આ વિદ્યાશાખાનો અભિપ્રાય છે કે હાલના તબક્કે જૂનો ૨ટે. ૧૭૪ ચાલુ રાખવો એવી યુનિવર્સિટીનાં સત્તામંડળોને આ સભા ભલામણ કરે છે."

[૫] **શ્રી. એસ. કે. ઝવેરી**એ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી તેના જવાબ નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (અ) યુનિવર્સિટીની સ્થાયી સમિતિ સમક્ષ તા. ૧૬-૨-૧૯૬૮ના રોજ બોલાવવામાં આવેલ ડ્રાઇવર ભાઈઓ સાથે કોઈ સભ્ય કે સભ્યો તરફથી કરવામાં આવેલ વર્તન બાબત યુનિવર્સિટીના કર્મચારીઓની કોઈ લેખિત ફરિયાદ મળી છે ?

ઉત્તર ૧ : (અ) હા, જી.

પ્રશ્ન ૧ : (બ) જો મળી હોય તો તેની નકલ પૂરી પાડશો ?

ઉત્તર ૧ : (બ) તેની નકલ સભાસમયે ટેબલ ઉપર રાખવામાં આવશે.

શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીએ કુલપતિશ્રીને વિનંતી કરી કે આપ નકલ વાંચો.

કુલપતિશ્રીએ જણાવ્યું : "તે ટેબલ ઉપર મૂકેલી છે."

શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીએ જણાવ્યું કે "મારી ધારણા મુજબ દરેકના ટેબલ ઉપર તેની નકલ મૂકવામાં આવી હશે. જો આપે કાર્યાલયનું ટેબલ એવી સ્પષ્ટતા કરી હોત તો સમજી શકાત."

કુલપતિશ્રીનો ઉત્તર : "આપે વાંચી લેવી જોઈતી હતી. જે સભ્યોને વાંચવી હોય તે ટેબલ ઉપરથી વાંચી શકે છે."

શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"સભ્યોને નકલ પૂરી ન પાડવાનું કારણ શું?"

કુલપતિશ્રીનો ઉત્તર : "જ્યારે ટેબલ ઉપર મૂકવામાં આવશે તેમ લખ્યું છે ત્યારે લોકશાહીમાં તે અધ્યક્ષનું ટેબલ એમ સમજી લેવું જોઈએ."

આચાર્ય ય. પ્રા. શુક્લે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"Question hourમાં અભિપ્રાય આપવાની છૂટ છે?"

શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીએ જણાવ્યું કે મારે માહિતી જોઈએ છે.

"આ પછી શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીને ટેબલ ઉપરથી સંબંધકર્તા પત્ર આપવામાં આવ્યો."

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"આ અરજીમાં કર્મચારીઓની સામે ગુનાશોધક પોલીસકાર્ય જેવો આક્ષેપ કરવામાં આવ્યો છે તે અંગે તપાસ કરવામાં આવી છે?"

કુલપતિશ્રીએ જણાવ્યું : "તે પ્રસંગે જે કર્મચારીઓ હાજર ન હતા તેમની અરજી ઉપર તપાસ કરવાનો પ્રશ્ન હોય જ નહિ."

કુલપતિશ્રીએ વધુમાં જણાવ્યું : "બીજો પેટાપ્રશ્ન ભાઈશ્રી સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીને પૂછવો છે?"

શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીએ જણાવ્યું કે મારે હવે કોઈ પ્રશ્ન પૂછવો નથી.

કુલપતિશ્રીએ ફરી વાર પૂછ્યું કે બીજો પેટાપ્રશ્ન ભાઈશ્રી સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરી, તમારે પૂછવો છે?

શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીએ જણાવ્યું કે મારે પૂછવો નથી.

૧૧ : (ક) શું તે પૈકીના એક ડ્રાઇવરની તબિયત તે પછી તરત બગડેલી?

૧ : (ક) બે ડ્રાઇવરો પૈકી શ્રી. કરસનદાસ કડિયાએ તેમની રજાની તા. ૧૭-૨-૧૯૬૮ની અરજીમાં અસ્વસ્થ તબિયતનું કારણ દર્શાવેલ છે.

પ્રશ્ન ૧ : (ડ) અને તેને રજા ઉપર ઊતરી જવાની ફરજ પડેલી?

ઉત્તર ૧ : (ડ) તેમણે તા. ૧૬-૨-૧૯૬૮થી તા. ૧૮-૨-૧૯૬૮ સુધીની ત્રણ દિવસની માંદગીની રજા લીધી હતી.

[૬] **આચાર્ય આઈ જે. ધ્રુવે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી તેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (અ) જનરલ એજ્યુકેશનના અભ્યાસમાં અત્યારે નથી અધ્યાપકોને રસ કે નથી વિદ્યાર્થીઓને.

ઉત્તર ૧ : (અ) આ પ્રશ્ન નથી, તેથી તેનો જવાબ આપવાનું રહેતું નથી.

પ્રશ્ન ૧ : (બ) જો આ વિષયનો અભ્યાસ મહત્ત્વનો હોય તો તેની પરીક્ષા યુનિવર્સિટી તરફથી કેમ લેવામાં આવતી નથી?

ઉત્તર ૧ : (બ) જનરલ એજ્યુકેશન અંગે યુનિવર્સિટીએ યોજેલા પરિસંવાદની ભલામણ પરથી એકેડેમિક કાઉન્સિલે ઠરાવેલું કે "વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓની જનરલ એજ્યુકેશનના વિષયની પરીક્ષાનાં પ્રશ્નપત્રો જે તે વિદ્યાર્થીઓની કૉલેજોએ કાઢવાં, તથા તે વિષયની પરીક્ષા પણ તે તે કૉલેજે જ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી."

સદરહુ ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૨-૧૦-૧૯૬૩ની સભામાં મંજૂર કરેલી છે.

પ્રશ્ન ૨ : (અ) ગુજરાત યુનિવર્સિટી સિવાયની લગભગ બધી જ યુનિવર્સિટીઓએ દરેક મુખ્ય વિષયના અધ્યક્ષને હોદ્દાની રૂએ અભ્યાસસમિતિમાં સભ્યપદ આપીને અધ્યાપકનું અને વિદ્યાનું ગૌરવ વધાર્યું છે. નવી સ્થપાયેલી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પણ આ રીતે અધ્યાપકોનું બહુમાન કરવામાં આવ્યું છે.

ઉત્તર ૨ : (અ) આ પ્રશ્ન નથી તેથી તેનો ઉત્તર આપવાપણું રહેતું નથી.

પ્રશ્ન ૨ : (બ) ગુજરાત યુનિવર્સિટી આ બાબતમાં અન્ય યુનિવર્સિટીઓના પગલે અનુસરીને અધ્યાપકોનું ગૌરવ સ્વીકારવા કયારે નિર્ણય લેશે?

ઉત્તર ૨ : (બ) ગુજરાત યુનિવર્સિટી ધારામાં સુધારા સૂચવવા માટે સિન્ડિકેટે સમિતિ નીમી છે, તે આ મુદ્દા પર પણ વિચારણા કરી શકે. પણ પ્રશ્નમાં અભિપ્રેત છે તેવો સુધારો કરવા અંગે આખરી નિર્ણય કરવાની સત્તા રાજ્ય સરકારે કરવાની રહેશે એમ સ્પષ્ટતા કરવી જોઈએ.

પ્રશ્ન ૨ : (ક) જો આ અંગે કોઈ સમિતિ નીમવામાં આવી હોય તો તેને કોઈ ચોક્કસ સમયમર્યાદા આપવામાં આવી છે?

ઉત્તર ૨ : (ક) ના, જી.

પ્રશ્ન ૩ : (અ) અનુસ્નાતક શિક્ષણ માટે ગુજરાત યુનિવર્સિટીના કેટલા વિભાગો પાડવામાં આવ્યા છે ?

ઉત્તર ૩ : (અ) ચાર વિભાગો (Zones).

પ્રશ્ન ૩ : (બ) આ દરેક વિભાગમાંથી અનુસ્નાતક શિક્ષણ સમિતિ (બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ)માં કેટલા પ્રતિનિધિઓ છે ?

ઉત્તર ૩ : (બ) રૂટે. ૧૧૮ હેઠળ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગનું બંધારણ નક્કી કરવામાં આવ્યું છે તેમાં સદરહુ બોર્ડ ઉપર ઝોનવાર પ્રતિનિધિત્વની જોગવાઈ નથી.

પ્રશ્ન ૩ : (ક) અનુસ્નાતક કેન્દ્રોના દરેક વિભાગને પ્રતિનિધિત્વ અનુસ્નાતક શિક્ષણ બોર્ડમાં આપવા માટે યુનિવર્સિટી શાં પગલાં લેવા માંગે છે ?

ઉત્તર ૩ : (ક) પ્રશ્નમાં પ્રસ્તુત છે તેવા કોઈ નીતિવિષયક નિર્ણય યુનિવર્સિટીનાં સત્તામંડળોએ હજુ સુધી લીધા નથી. એ સંજોગોમાં તે બાબતમાં પગલાં લેવાનો કોઈ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૪ : (અ) અનુસ્નાતક કેન્દ્રોમાં મુસાફરી-પ્રવાસ ભથ્થામાં દર વર્ષે કેટલો ખર્ચ થાય છે ? છેલ્લાં ત્રણ વર્ષના આંકડા આપશો ?

ઉત્તર ૪ : (અ) અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રવાસ-ભથ્થા પેટે છેલ્લાં ત્રણ વર્ષના આંકડા નીચે મુજબ છે :

૧૯૬૪-૬૫	...	રૂ. ૨૫,૩૬૭-૮૬
૧૯૬૫-૬૬	...	રૂ. ૨૮,૧૨૧-૭૦
૧૯૬૬-૬૭	...	રૂ. ૪૯,૦૭૭-૬૦

પ્રશ્ન ૪ : (બ) આ ખર્ચ બચાવીને તેમ જ નફાની રકમમાંથી અનુસ્નાતક કેન્દ્રમાં યુનિવર્સિટી તરફથી પૂરા સમયના વ્યાખ્યાતા કે રીડરની નિમણૂક ન કરી શકાય ?

ઉત્તર ૪ : (બ) અનુસ્નાતક કેન્દ્રોની સંખ્યા જોતાં પ્રત્યેક કેન્દ્ર માટે પૂરા સમયના રીડર કે વ્યાખ્યાતાને નીમવાનો ખર્ચ પ્રશ્નમાં જણાવેલ છે તે રકમમાંથી નીકળી શકે તેમ નથી.

પ્રશ્ન ૫ : (અ) છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન અનુસ્નાતક કેન્દ્રોમાંથી યુનિવર્સિટીને કેટલો નફો (બચત) થયો અથવા ખોટ આવી ?

ઉત્તર ૫ : (અ) છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન અનુસ્નાતક કેન્દ્રોએ જમા કરાવેલ રકમ તથા અનુસ્નાતક નિયમ ૪૪ અનુસાર યુનિવર્સિટીએ મંજૂર કરેલ સબસિડીની રકમની વિગતો નીચે આપેલ છે :

વર્ષ	યુનિ.માં જમા કરાયેલ રકમ રૂ.	કેન્દ્રોને આપવામાં આવેલ સબસિડીની રકમ રૂ.
૧૯૬૪-૬૫	૨,૧૯,૧૯૧-૧૩	૫૭,૭૦૦-૦૦
૧૯૬૫-૬૬	૨,૫૭,૪૪૬-૨૪	૮૮,૪૧૯-૦૦
૧૯૬૬-૬૭	૩,૧૫,૩૮૪-૬૦	૧,૦૬,૧૫૦-૦૦

[નોંધ.—(૧) ગુજરાત કૉલેજ, અમદાવાદ તરફથી વર્ષ ૧૯૬૪-૬૫ તેમ જ વર્ષ ૧૯૬૫-૬૬નાં અનુસ્નાતક કેન્દ્રોના હિસાબો હજુ આવ્યા નથી.

(૨) વર્ષ ૧૯૬૬-૬૭નાં અનુસ્નાતક કેન્દ્રોના હિસાબો અંગે નીચે પ્રમાણે પરિસ્થિતિ છે :

૧. પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, ભાવનગર : હિસાબો આવ્યા નથી.

૨. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ : હિસાબો આવ્યા છે, પણ તે અંગે પત્રવ્યવહાર ચાલુ છે.

૩. એમ. પી. શાહ કૉલેજ સુરેન્દ્રનગર : હિસાબો આવ્યા છે, પણ તે અંગે પત્રવ્યવહાર ચાલુ છે.

૪. બી. ડી. કૉલેજ, અમદાવાદ : વર્ષ ૧૯૬૪-૬૫, વર્ષ ૧૯૬૫-૬૬ અને વર્ષ ૧૯૬૬-૬૭ના હિસાબો અંગે પત્રવ્યવહાર ચાલુ છે.]

પ્રશ્ન ૫ : (બ) જો નહીં થયો હોય તો અનુસ્નાતક કેન્દ્રોમાં શિક્ષણનું સ્તર સુધારવા યુનિવર્સિટી કાંઈ કરવા માંગે છે કે કેમ ?

ઉત્તર ૫ : (બ) કેન્દ્રોની બચતમાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે પુસ્તકો અને વૈજ્ઞાનિક સાધનોની ખરીદી કરી શકાય છે. આમ છતાં શિક્ષણનું સ્તર સુધારવા અંગેનાં કાંઈ ચોક્કસ સૂચનો હોય તો તે પર વિચારણા કરી શકાશે.

પ્રશ્ન ૬ : (અ) આર. આર. લાલન કૉલેજ, ભૂજમાં અનુસ્નાતક કેન્દ્રો કેટલાં વર્ષથી ચાલે છે ?

ઉત્તર ૬ : (અ) આર. આર. લાલન કૉલેજ, ભૂજમાં ઇતિહાસ-અર્થશાસ્ત્ર જૂથ "એ" અને "સી" તથા ગુજરાતીનાં અનુસ્નાતક કેન્દ્રો ૧૯૫૯માં સ્થાપવામાં આવેલ છે, જ્યારે ઑર્ગેનિક કેમિસ્ટ્રીનું કેન્દ્ર ૧૯૬૦માં સ્થાપવામાં આવેલ છે.

પ્રશ્ન ૬ : (બ) (૧) અત્યાર સુધીમાં આ કેન્દ્રો માટે લાઇબ્રેરીને કેટલી સહાય કે ગ્રાન્ટ આપવામાં આવી છે ?

ઉત્તર ૬ : (બ) (૧) અત્યાર સુધી આ કૉલેજમાં અનુસ્નાતક કેન્દ્ર માટે રૂપિયા એક હજારનાં પુસ્તકો ખરીદ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે.

પ્રશ્ન ૬ : (બ) (૨) જો ન આપવામાં આવી હોય તો શા માટે ?

ઉત્તર ૬ : (બ) (૨) ત્યાર પછી રૂા. ૫,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદ કરવાની માંગણી તે કેન્દ્ર તરફથી આવેલ છે. સિન્ડિકેટની તા. ૩/૪-૬-૧૯૬૭ની સભાના ઠરાવ પ્રમાણે ૧૯૬૬-૬૭ના અંતે રહેલ બચતનાં તમામ નાણાં જમા કરાવ્યા બાદ તે પર વિચારણા કરવામાં આવશે તેમ આચાર્યશ્રીને એક કરતાં વધુ વાર જણાવવામાં આવ્યું છે, પરંતુ સદરહુ કેન્દ્ર તરફથી એ રકમ જમા કરાવવામાં આવેલ નથી, અને તેથી તેની માંગણી પર વિચારણા કરવાનું બની શકયું નથી.

પ્રશ્ન ૭ : (અ) કેટલાંક અનુસ્નાતક કેન્દ્રોએ છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન યુનિવર્સિટીની અગાઉથી મંજૂરી મેળવ્યા વિના બચતની રકમ લાઇબ્રેરી માટે ખર્ચેલ છે ?

ઉત્તર ૭ : (અ) છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન યુનિવર્સિટીની પરવાનગી લીધા વગર એક પણ કેન્દ્રે પુસ્તકો ખરીદ કરેલ નથી. પરંતુ જેટલી રકમનાં પુસ્તકો ખરીદ કરવા પરવાનગી આપેલ હોય તે ઉપરાંત વધારે રકમનાં પુસ્તકો ખરીદ કર્યાં હોય તો તે રકમ પાછળથી કેટલાક કેસોમાં તે મંજૂર કરવામાં આવી છે જેની વિગતો નીચે પ્રમાણે છે :

કૉલેજ	પુસ્તકો ખરીદ કરવા આપેલી રકમ	વધારે રકમનાં પુસ્તકો ખરીદ કર્યાં
(૧) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસા	રૂા. ૧,૧૨૭	રૂા. ૯૭૧-૮૪
(૨) એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર	રૂા. ૫,૦૦૦	રૂા. ૬૩૧-૦૦

પ્રશ્ન ૭ : (બ) આવી કેટલી કૉલેજોને યુનિવર્સિટીએ પાછળથી મંજૂરી આપી ?

ઉત્તર ૭ : (બ) સદરહુ વિગતો પ્રશ્ન ૭ (અ)ના ઉત્તરમાં દર્શાવવામાં આવી છે.

પ્રશ્ન ૮ : યુનિવર્સિટીએ નીમેલી આંતરિક મૂલ્યાંકન અંગેની સમિતિનો હેવાલ સેનેટના સભ્યોને આપવામાં આવશે ?

ઉત્તર ૮ : આંતરિક મૂલ્યાંકન અંગેની સમિતિના હેવાલની નકલ સેનેટના જે સભ્યો માગશે તેને તે આપી શકાશે. એક નકલ સભાગૃહ વખતે ટેબલ પર પણ રાખવામાં આવશે.

પ્રશ્ન ૯ : (અ) એ હકીકત ખરી છે કે ઘણા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી પરીક્ષામાં વધારે માર્ક્સ હોવા છતાં તેમનાથી યુનિવર્સિટી પરીક્ષામાં ઓછા માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીઓ આંતરિક મૂલ્યાંકનમાં વધારે ગુણ હોવાથી યુનિવર્સિટી પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા હતા અને યુનિવર્સિટીનાં ઇનામો તેમને મળ્યાં હતાં ?

ઉત્તર ૯ : (અ) યુનિવર્સિટીનાં ઇનામો જે તે ઇનામની શરતો મુજબ સંબંધકર્તા પરીક્ષામાં કે તે પરીક્ષાના કોઈ નિયત વિષયમાં વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીને આપવામાં આવે છે. તેના સંદર્ભમાં આંતરિક પરીક્ષામાં વધારે ગુણ હોવાથી યુનિવર્સિટીની પરીક્ષામાં પ્રથમ નંબરે આવ્યા છે એમ કહેવા માટે આ કાર્યાલય પાસે જરૂરી આધાર નથી.

પ્રશ્ન ૯ : (બ) આ પ્રમાણે કેટલા કિસ્સાઓમાં બન્યું હતું ?

ઉત્તર ૯ : (બ) ઉપર (અ)નો જવાબ જોતાં આ પ્રશ્નનો ઉત્તર આપવાપણું રહેતું નથી.

પ્રશ્ન ૧૦ : (અ) આંતરિક મૂલ્યાંકન પદ્ધતિનાં અનિષ્ટો દૂર કરવા કોઈ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરી છે ?

ઉત્તર ૧૦ : (અ) સદરહુ પ્રશ્નમાં અભિપ્રાયની બાબત સમાયેલી હોઈ તેનો જવાબ આપી શકાય તેમ નથી.

પ્રશ્ન ૧૦ : (બ) જો ના, તો શા માટે ?

ઉત્તર ૧૦ : (બ) પ્રશ્ન ૧૦ (અ)નો ઉત્તર જોતાં આ પ્રશ્નનો ઉત્તર આપવાપણું રહેતું નથી.

[૭] **શ્રી. વનોદ બી.** અધ્વર્યુએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી તેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (અ) ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન બધી કૉલેજોના પ્રોવિડંટ ફંડના નિયમોની નકલ યુનિવર્સિટી પાસે છે કે કેમ ?

ઉત્તર ૧ : (અ) ના, જી.

પ્રશ્ન ૧ : (બ) જો તેમ ન હોય તો કઈ કઈ કૉલેજોની બાકી છે તે, તે તે કૉલેજોની શરૂ થયાની સાલ સાથે જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧ : (બ) નીચેની કૉલેજોના પ્રોવિડંટ ફંડના નિયમોની નકલ યુનિવર્સિટી પાસે ઉપલબ્ધ નથી. તે કૉલેજો શરૂ થયાનું વર્ષ છેલ્લા ખાનામાં દર્શાવવામાં આવ્યું છે :

ક્રમાંક	કૉલેજનું નામ	સ્થાપના વર્ષ
૧.	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧૯૫૬
૨.	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ	૧૯૫૬
૩.	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧૯૫૯
૪.	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧૯૫૯
૫.	પ્રકાશ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ	૧૯૬૧
૬.	મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ	૧૯૬૧
૭.	મ્યુ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ	૧૯૬૧
૮.	સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર	૧૯૬૧
૯.	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧૯૬૩
૧૦.	નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદ	૧૯૬૩
૧૧.	યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા	૧૯૬૪
૧૨.	કે. કે. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	૧૯૬૪
૧૩.	દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ	૧૯૬૪
૧૪.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા	૧૯૬૪
૧૫.	મ્યુનિ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા	૧૯૬૪
૧૬.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ	૧૯૬૪
૧૭.	બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર	૧૯૬૪
૧૮.	નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	૧૯૬૪
૧૯.	અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧૯૬૪
૨૦.	બી. પી. ભટ્ટભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા	૧૯૬૫
૨૧.	સી. યુ. શાહ કૉલેજ, અમદાવાદ	૧૯૬૫

ક્રમાંક	કૉલેજનું નામ	સ્થાપના વર્ષ
૨૨.	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ	૧૯૬૫
૨૩.	મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ	૧૯૬૬
૨૪.	શેઠ સુરજી વલ્લભદાસજી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ)	૧૯૬૬
૨૫.	સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧૯૬૬
૨૬.	લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા	૧૯૬૬

આ પ્રશ્નના ઉત્તરના સંદર્ભમાં કુલસચિવશ્રીએ સ્પષ્ટતા કરી કે સુધારા સાથેની ફેરફારવાળી યાદી મોકલ્યા પછી ૬ કૉલેજોના જવાબો આવ્યા છે.

પ્રશ્ન ૧ : (ક) આ નિયમોના યોગ્ય પાલનની ચકાસણી કરવા યુનિવર્સિટીમાં શી વ્યવસ્થા છે ?

ઉત્તર ૧ : (ક) પ્રોવિડંટ ફંડના નિયમો યુનિવર્સિટીના અન્ય નિયમોની જેમ સ્વાભાવિક રીતે જ પળાય તેવી અપેક્ષા છે. તેના ભંગ અંગેની ફરિયાદ કાર્યાલય પાસે આવે છે, ત્યારે તે તપાસીને તેમાં જરૂર જણાય તો આચાર્યને તે અંગે ઘટતું લખાણ કરવામાં આવે છે.

પ્રશ્ન ૨ : (અ) યુનિવર્સિટીની પ્રકાશન સમિતિની ૧૯૬૭-૬૮ વર્ષ દરમિયાન કેટલી સભાઓ થઈ ?

ઉત્તર ૨ : (અ) ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી પ્રકાશન વહીવટી સમિતિ, સલાહકાર સમિતિઓ અને પ્રકાશન બોર્ડની સભાઓ નીચે પ્રમાણે મળી હતી :

ક્રમાંક	પ્રકાશન સમિતિનું નામ	તારીખ
૧.	પ્રકાશન બોર્ડ	૨૬-૧૨-૧૯૬૭
૨.	પ્રકાશન વહીવટી સમિતિ	૨૮-૭-૧૯૬૭
૩.	,, ,, ,,	૧૭-૧૧-૧૯૬૭
૪.	,, ,, ,,	૧૮-૩-૧૯૬૮
૫.	ભૂગોળ વિષયની પ્રકાશન સલાહકાર સમિતિ	૨૮-૬-૧૯૬૭
૬.	રસાયણવિજ્ઞાન વિષયની પ્રકાશન સલાહકાર સમિતિ	૨૭-૬-૧૯૬૭

પ્રશ્ન ૨ : (બ) કયા કયા વિષયનાં પુસ્તકોની તત્કાળ જરૂર છે તે બાબત, પ્રકાશન સમિતિએ તે વિષયો શીખવનાર અધ્યાપકો અને તે તે વિષયની અભ્યાસસમિતિઓનાં સૂચનો મેળવવા શાં પગલાં લીધાં છે ?

ઉત્તર ૨ : (બ) યુનિવર્સિટીએ પુસ્તકોનાં પ્રકાશન હાથ ધરવાની બાબતમાં કૉલેજોના આચાર્યો, માન્ય સંસ્થાઓના વડાઓ તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના અધ્યક્ષો પાસેથી પરિપત્ર દ્વારા સૂચનો મંગાવ્યાં હતાં, તેમાં પ્રત્યેક કૉલેજ/સંસ્થા/ભવનના આચાર્ય/અધ્યક્ષને પોતાની સંસ્થાના જુદા જુદા વિષયોના વડાઓનાં સૂચનો મેળવવા માટે પણ સ્પષ્ટપણે વિનંતી કરવામાં આવી તી.

અભ્યાસસમિતિઓ પાસેથી પ્રકાશનો અંગે સૂચનો મંગાવવામાં આવ્યાં નથી, પરંતુ વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને ધારાશાસ્ત્રની વિદ્યાશાખાઓમાં ભાષાઓ સિવાયની અભ્યાસસમિતિઓના અધ્યક્ષો પાસેથી પણ સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં. વધુમાં સદરહુ અભ્યાસસમિતિઓના અધ્યક્ષો તે વિષયની પ્રકાશન સલાહકાર સમિતિઓના સભ્યો તરીકે કામ કરે છે તે સ્પષ્ટતા માટે ઉમેરવું ઘટે.

પ્રશ્ન ૩ : (અ) અત્યારે આ યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં વ્યાખ્યાતાઓ-અધ્યાપકો માટે કયાં કયાં પગારધોરણો અમલી છે ?

ઉત્તર ૩ : (અ) હાલ સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે નીચે મુજબનાં પગારધોરણો યુનિવર્સિટીએ નિયત કરેલાં છે :

૧. પ્રાધ્યાપક	...	રૂ.	૩૫૦-૧૫-૫૦૦-૨૦-૭૦૦
૨. વ્યાખ્યાતા	...	રૂ.	૨૫૦-૧૦-૪૦૦-૧૫-૪૭૫
૩. અનુસ્નાતક પદવી ધરાવતા ટ્યૂટર/ડેમોન્સ્ટ્રેટર	...	રૂ.	૧૮૦-૧૦-૩૦૦
૪. સ્નાતક પદવી ધરાવતા ટ્યૂટર/ડેમોન્સ્ટ્રેટર	...	રૂ.	૧૬૦-૧૦-૨૫૦
૫. પ્રાધ્યાપક અને વ્યાખ્યાતાની વચ્ચેની કક્ષાના શિક્ષકો, દા. ત. આસિ. પ્રોફેસર	...	રૂ.	૩૫૦-૧૫-૫૦૦-૨૦-૭૦૦ અને ૨૫૦-૧૦-૪૦૦-૧૫-૪૭૫ વચ્ચેનું ગમે તે પગારધોરણ.
૬. વ્યાયામ શિક્ષક	...	રૂ.	૧૮૦-૧૦-૩૦૦

પ્રશ્ન ૩ : (બ) યુનિવર્સિટી દ્વારા સૂચિત પગારધોરણો (યુનિવર્સિટી સ્કેલ) જ અમલી રહી શકે એવો કોઈ પરિપત્ર યુનિવર્સિટીએ પાઠવ્યો છે ? જો પાઠવ્યો હોય તો તે કઈ તારીખે ?

ઉત્તર ૩ : (બ) હા, જી. તા. ૧૯-૧૨-૧૯૬૬ના રોજ.

પ્રશ્ન ૩ : (ક) અત્યારે જૂનાં યુ.જી.સી. ધોરણો ચાલુ રાખી શકાય ?

ઉત્તર ૩ : (ક) ના, જી.

પ્રશ્ન ૩ : (ડ) (૧) કોઈ કૉલેજમાં જૂનાં યુ.જી.સી. ધોરણો અથવા યુનિવર્સિટી સૂચિત સિવાયનાં અન્ય પગારધોરણો ચાલુ છે ?

ઉત્તર ૩ : (ડ) (૧) હા,જી.

પ્રશ્ન ૩ : (ડ) (૨) હોય તો કઈ કૉલેજમાં કયાં કયાં ?

ઉત્તર ૩ : (ડ) (૨) રાજ્ય સરકાર સંચાલિત કૉલેજોમાં રાજ્ય સરકારે નિયત કરેલ પગારધોરણો જે હાલ અમલમાં છે તે નીચે મુજબ છે :

આચાર્ય	...	રૂ.	૭૦૦-૪૦-૧૧૦૦
પ્રાધ્યાપક	...	રૂ.	૪૦૦-૩૦-૬૪૦-૪૦-૮૦૦
સીનિયર તથા જુનિયર વ્યાખ્યાતા	...	રૂ.	૧૦૦-૨૫-૬૦૦
ડેમોન્સ્ટ્રેટર/ટ્યૂટર અનુસ્નાતક પદવીધર	...	રૂ.	૨૫૦-૧૫-૪૦૦

પ્રશ્ન ૩ : (ઇ) આ અન્ય ધોરણોનો અમલ યુનિવર્સિટીને માન્ય છે ?

ઉત્તર ૩ : (ઇ) રાજ્ય સરકારનાં ઉપર જણાવેલ પગારધોરણો, મોંઘવારી ભથ્થાનો અમુક ભાગ તેમાં ભેળવાયેલ છે તેના સંદર્ભમાં, માન્ય કરી શકાય તેમ નથી.

પ્રશ્ન ૩ : (ઉ) (૧) જો ન હોય તો પોતાના આદેશ પ્રમાણેનાં ધોરણો અમલી બનાવવા યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં છે ?

(૨) તેનું શું પરિણામ આવ્યું છે ?

ઉત્તર ૩ : (ઉ) (૧) અને (૨) રાજ્ય સરકાર સાથે પત્રવ્યવહાર ચાલુ છે.

પ્રશ્ન ૪ : આ વર્ષે અધ્યાપકોના ઓછામાં ઓછી આવશ્યક લાયકાતોની બાબતમાં કોન્ડોનન્સ બાબત નીચેની વિગતો આપવા વિનંતી છે :

(અ) અરજી કરનાર કૉલેજ

(બ) કયા વિષય માટે

(ક) ઓછામાં ઓછી આવશ્યક લાયકાત

(ડ) કોન્ડોન કરવા માટેની અરજી છે તે અધ્યાપકની અત્યારની લાયકાત.

ઉત્તર ૪ : પ્રશ્ન ૪ (અ) (બ) (ક) (ડ)નો ઉત્તર નીચેના કોઠામાં આપવામાં આવેલ છે :

ક્રમાંક	અરજી કરનાર કૉલેજનું નામ	કયા વિષય માટે	ઓછામાં ઓછી આવશ્યક લાયકાત	કોન્ડોન કરવા માટેની અરજી છે તે અધ્યાપકની અત્યારની લાયકાત
૧.	સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	વ્યાયામ શિક્ષક	બી.એ., ડી.પી.એડ. અથવા શારીરિક તાલીમના પદવીધર	એસ.એસ.સી. અને એન.સી.સી.નું "સી" સર્ટિફિકેટ ધરાવે છે.
૨.	એમ. એન. કૉલેજ, વીસનગર	અંગ્રેજીના વ્યાખ્યાતા	બી.એ. બીજો વર્ગ અને એમ.એ. પાસ વર્ગ ઉપરાંત બે વર્ષનો ટચૂટર તરીકેનો શૈક્ષણિક અનુભવ	બી.એ. બીજો વર્ગ, અને એમ.એ. પાસ વર્ગ ઉપરાંત ટચૂટર તરીકેનો ૧૧ માસનો શૈક્ષણિક અનુભવ
૩.	રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત	અંગ્રેજીના વ્યાખ્યાતા	બી.એ. પાસ વર્ગ અને એમ.એ. પાસ વર્ગ ઉપરાંત ટચૂટર તરીકેનો પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ	બી.એ. પાસ વર્ગ અને એમ.એ. પાસ વર્ગ ઉપરાંત ટચૂટર તરીકેનો ત્રણ વર્ષનો શૈક્ષણિક અનુભવ
૪.	લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા	અંગ્રેજીના વ્યાખ્યાતા	બી.એ. બીજો વર્ગ અને એમ.એ. પાસ વર્ગ ઉપરાંત ટચૂટર તરીકેનો બે વર્ષનો શૈક્ષણિક અનુભવ	બી.એ. બીજો વર્ગ અને એમ.એ. પાસ વર્ગ ઉપરાંત એક વર્ષનો ટચૂટર તરીકેનો શૈક્ષણિક અનુભવ

ક્રમાંક	અરજી કરનાર કૉલેજનું નામ	કયા વિષય માટે	ઓછામાં ઓછી આવશ્યક લાયકાત	ક્રોન્ડોન કરવા માટેની અરજી છે તે અધ્યાપકની અત્યારની લાયકાત
૫.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	અંગ્રેજીના વ્યાખ્યાતા	બી.એ. પાસ વર્ગ તથા એમ.એ. પાસ વર્ગ ઉપરાંત પાંચ વર્ષનો ટ્યૂટર તરીકેનો શૈક્ષણિક અનુભવ	બી.એ. પાસ વર્ગ અને એમ.એ. પાસ વર્ગ ઉપરાંત ચાર વર્ષ અને છ માસનો ટ્યૂટર તરીકેનો શૈક્ષણિક અનુભવ
૬.	સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક	બી.એ. બીજો વર્ગ અને એમ.એ. પાસ વર્ગ અથવા બી.એ. પાસ વર્ગ અને એમ.એ. બીજો વર્ગ અને સાત વર્ષનો સંલગ્ન કૉલેજમાં વ્યાખ્યાતા તરીકેનો શૈક્ષણિક અનુભવ જેમાં પાંચ વર્ષનો પૂર્વ-સ્નાતક કક્ષાનો અનુભવ	બી.એ. બીજો વર્ગ અને એમ.એ. પાસ વર્ગ ઉપરાંત ૭ વર્ષનો શૈક્ષણિક અનુભવ
૭.	શેઠ આર. એ. કૉલેજ ઓફ આર્ટ્સ, અમદાવાદ	સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક	બી.એ. બીજો વર્ગ અને એમ.એ. બીજો વર્ગ ઉપરાંત પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ જેમાં ત્રણ વર્ષનો પૂર્વસ્નાતક કક્ષાનો અનુભવ	બી.એ. બીજો વર્ગ અને એમ.એ. બીજો વર્ગ ઉપરાંત ચાર વર્ષનો શૈક્ષણિક અનુભવ
૮.	શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ	અંગ્રેજીના પ્રાધ્યાપક	બી.એ. બીજો વર્ગ અને એમ.એ. બીજો વર્ગ ઉપરાંત પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ જેમાં ત્રણ વર્ષનો પૂર્વસ્નાતક કક્ષાનો અનુભવ	બી.એ. બીજો વર્ગ અને એમ.એ. બીજો વર્ગ ઉપરાંત ચાર શૈક્ષણિક વર્ષનો અનુભવ
૯.	નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	વાણિજ્યના પ્રાધ્યાપક	બી.કૉમ. બીજો વર્ગ અને એમ.કૉમ. બીજો વર્ગ ઉપરાંત પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ જેમાં ત્રણ વર્ષનો પૂર્વસ્નાતક કક્ષાનો અનુભવ	બી.કૉમ. બીજો વર્ગ અને એમ.કૉમ. બીજો વર્ગ ઉપરાંત ચાર વર્ષનો શૈક્ષણિક અનુભવ

[નોંધ.—જુદી જુદી કક્ષાના શિક્ષકોની લઘુતમ લાયકાતનાં ધોરણોની સંપૂર્ણ વિગતો દર્શાવતી પુસ્તિકા સભા સમયે ટેબલ પર મૂકવામાં આવી હતી.]

પ્રશ્ન ૪ : (૪) આ સંસ્થા તરફથી છેલ્લાં ત્રણ વર્ષમાં આવી અરજીઓ આવી છે કે કેમ ? આવી હોય તો કયા કયા વિષય માટે કયા વર્ષ માટે ? તે વખતે યુનિવર્સિટીએ શો નિર્ણય લીધો ?

ઉત્તર ૪ : (૪) સદરહુ નવ કૉલેજો પૈકી નીચેની ચાર કૉલેજો તરફથી છેલ્લાં ત્રણ વર્ષમાં આવેલી અરજીઓની વિગતો નીચે પ્રમાણે છે :

ક્રમાંક	કૉલેજનું નામ	કયા વિષય માટે	કયા વર્ષ માટે	નિર્ણય
૧.	એમ. એન. કૉલેજ, વીસનગર	અંગ્રેજીના વ્યાખ્યાતા માટે	૧૯૬૬–૬૭	બે વર્ષ પૂરતી માન્ય રાખી
૨.	લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા	૧. અંગ્રેજીના વ્યાખ્યાતા માટે, અને	૧૯૬૬–૬૭	તે વર્ષ પૂરતી માન્ય રાખી
		૨. ઇતિહાસના વ્યાખ્યાતા માટે	૧૯૬૬–૬૭	તે વર્ષ પૂરતી માન્ય રાખી
૩.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	અંગ્રેજીના વ્યાખ્યાતા માટે	૧૯૬૪–૬૫	તે વર્ષ પૂરતી માન્ય રાખી
૪.	નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	માનસશાસ્ત્રના વ્યાખ્યાતા	૧૯૬૪–૬૫	તે વર્ષ પૂરતી માન્ય રાખી.

પ્રશ્ન ૪ : (૭) આવી વ્યક્તિ માટે અગાઉ આવી અરજી આવી છે કે કેમ ? આવી હોય તો વિગતો આપવા વિનંતી.

ઉત્તર ૪ : (૭) આવી વ્યક્તિઓ પૈકી એક શિક્ષક માટે લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડાના આચાર્ય તરફથી બી.એ. બીજો વર્ગ અને એમ.એ. પાસ વર્ગ ધરાવતા અંગ્રેજીના વ્યાખ્યાતાનો બે વર્ષનો ટ્યૂટર તરીકેનો ખૂટતો અનુભવ ક્ષમ્ય ગણવા અગાઉ સને ૧૯૬૬–૬૭માં અરજી આવી હતી, જેમાં તે વર્ષ પૂરતી સદરહુ નિમણૂક માન્ય રાખવા ઠરાવવામાં આવ્યું.

પ્રશ્ન ૪ : (એ) (૧) છેલ્લી અરજી વખતે યુનિવર્સિટીએ લીધેલો નિર્ણય ?

ઉત્તર ૪ : (એ) (૧) પ્રશ્નમાં અભિપ્રેત છે તેવી ઉપરની કૉલેજની છેલ્લી અરજી ચાલુ વર્ષમાં આવી હતી, જેમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકેનો ખૂટતો અનુભવ ચાલુ વર્ષ પૂરતો ક્ષમ્ય ગણવા સિન્ડિકેટે નિર્ણય લીધો હતો.

પ્રશ્ન ૪ : (એ) (૨) આવો નિર્ણય લેવા માટેનાં કારણો ?

ઉત્તર ૪ : (એ) (૨) સિન્ડિકેટે લીધેલ નિર્ણય અંગેનું કારણ સિન્ડિકેટની સભાની કાર્યવાહીની નોંધમાં આપવામાં આવ્યું નથી.

પ્રશ્ન ૫ : ઈ. સ. ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી દ્વારા આયોજિત અધ્યાપકો માટેના શિબિરો, સેમિનાર, પરિષદો, પરિસંવાદો વગેરે બાબત નીચેની માહિતી આપવા વિનંતી છે :

વિષય	ચોક્કસ પ્રવૃત્તિ શિબિર વગેરે	સ્થળ	તેમાં ભાગ લેનારની કુલ સંખ્યા	તેમાં હાજર રહેનારને યુનિ. વર્સિટીએ આપેલી સગવડો, ભાડું, ભથ્થાં, રહેઠાણ વગેરે

ઉત્તર ૫ : વર્ષ ૧૯૬૭-૬૮ દરમિયાન યુનિવર્સિટી દ્વારા આયોજિત અધ્યાપકો માટેના ઓરિએન્ટેશન વર્ગ, શિબિરો, સેમિનાર, પરિષદો, પરિસંવાદો અંગેની માહિતી નીચે મુજબ છે :

વિષય	ચોક્કસ પ્રવૃત્તિ શિબિર વગેરે	સ્થળ	તેમાં ભાગ લેનારની કુલ સંખ્યા	તેમાં હાજર રહેનારને યુનિવર્સિટીએ આપેલી સગવડો, ભાડું, ભથ્થું, રહેઠાણ વગેરે
બાયોલોજી	સમર ઇન્સ્ટિ. ફોર કૉલેજ ટીચર્સ	બોટાની વિભાગ, વિજ્ઞાન ભવન	૪૦	યુ. જી. સી. તરફથી મળેલ રકમમાંથી મુસાફરી ખર્ચ, રહેવા-જમવાનો ખર્ચ અને પ્રત્યેકને અંદાજે રૂા. ૧૫૦ની કિંમતનાં પુસ્તકો
બાયોલોજી	સમર ઇન્સ્ટિ. ફોર કૉલેજ ટીચર્સ	ઝૂલોજી વિભાગ, વિજ્ઞાન ભવન	૩૧	યુ. જી. સી. તરફથી મળેલ રકમમાંથી મુસાફરી ખર્ચ, રહેવાજમવાનો ખર્ચ અને પ્રત્યેકને અંદાજે રૂા. ૧૫૦ની કિંમતનાં પુસ્તકો
કેમિસ્ટ્રી	કેમિસ્ટ્રી વર્કશોપ અભ્યાસક્રમ નક્કી કરવા	કેમિસ્ટ્રી વિભાગ, વિજ્ઞાન ભવન	૫૦	યુ. ગ્રા. ક. તરફથી અને યુનિવર્સિટીની સંયુક્ત આર્થિક સહાય, રહેવા-જમવાની સગવડ તથા ભાડાંભથ્થાં
ફિઝિક્સ ઍન્ડ ટેક્નોલોજી વેકયુમ	ટ્રેનિંગ કોર્સ	ફિઝિકસ વિભાગ, વિજ્ઞાન ભવન	૭૪	ફક્ત રહેવા માટેની સગવડ જ આપવામાં આવેલી.
ગણિત	આખા વર્ષનું ઇન-સર્વિસ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ	મૅથેમેટિકસ વિભાગ, વિજ્ઞાન ભવન	૨૭	યુ. ગ્રા. ક. તરફથી જે આર્થિક સહાય મળી છે તેમાંથી પ્રવાસ અને દૈનિક ભથ્થું આપવામાં આવેલ.

પ્રશ્ન ૬ : (અ) નવી કૉલેજોએ પોતાનું (પોતાની માલિકીનું) અથવા તે કૉલેજ ચલાવનાર ટ્રસ્ટની માલિકીનું મકાન વધુમાં વધુ કેટલાં વર્ષમાં તૈયાર કરી લેવું જોઈએ ?

ઉત્તર ૬ : (અ) ત્રણ વર્ષમાં.

[**નોંધ.**—સને ૧૯૬૪થી શરૂ થયેલ કૉલેજો માટે પોતાનું મકાન ત્રણ વર્ષમાં તૈયાર કરવાની બાંયધરી, જોડાણની શરતરૂપે મૂકવામાં આવે છે.]

પ્રશ્ન ૬ : (અ) આવી શરત જોડાણની શરતોનો એક ભાગ ગણાય છે?

ઉત્તર ૬ : (અ) હા, જી.

પ્રશ્ન ૬ : (ક) ઉપરના ૬ (અ)માં જણાવ્યા મુજબની મુદત પૂરી થઈ ગઈ હોય છતાં પોતાનું મકાન ન હોય એવી કૉલેજોનાં નામ તથા તેમને શરૂ થયાનું વર્ષ, અને અત્યારે તે કોની માલિકીના મકાનમાં બેસે છે તે જણાવવા વિનંતી છે.

ઉત્તર ૬ : (ક) સને ૧૯૬૪થી શરૂ થયેલ નીચેની કૉલેજોએ પોતાનું મકાન ત્રણ વર્ષમાં પૂરું કરવાની, જોડાણની શરતરૂપે આપેલ બાંયધરીનું પાલન, સદરહુ મુદત પૂરી થયા છતાં કર્યું નથી તેની વિગત નીચે પ્રમાણે છે :

ક્રમાંક	કૉલેજનું નામ	કૉલેજ શરૂ થયાનું વર્ષ	અત્યારે કોની માલિકીના મકાનમાં બેસે છે
૧.	ટી. સી. કાપાડિયા આર્ટ્સ કૉલેજ, બોરડેલી	૧૯૬૪	શેઠ એચ. એચ. શિરોલા-વાળા હાઈસ્કૂલના મકાનમાં
૨.	યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા	૧૯૬૪	કૉલેજ ચલાવનાર ટ્રસ્ટીની માલિકીના મકાનમાં
૩.	શ્રી નટવરસિંહજી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, છોટાઉદેપુર	૧૯૬૪	શ્રીમંત વીરેન્દ્રસિંહજી મહારાજા છોટાઉદેપુરના મકાનમાં
૪.	બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર	૧૯૬૪	ખાનગી માલિકીના ભાડે રાખેલા મકાનમાં
૫.	અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧૯૬૪	અમદાવાદ કેળવણી ટ્રસ્ટના કબજાના મકાનમાં ભાડેથી
૬.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ	૧૯૬૪	હાઈસ્કૂલના મકાનમાં
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ,
(૫) સંલગ્ન સેનિટરી વ્યવસ્થા સાથેનો વિદ્યાર્થિનીઓનો ખંડ,
(૬) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ,
(૭) જૂથકાર્ય માટેનો ખંડ,
(૮) વ્યાખ્યાન ખંડ,
(૯) ગ્રંથાલય માટેનો ખંડ,
(૧૦) પાણી માટેનો ખંડ, અને
(૧૧) કેન્ટીન માટેનો ખંડ;

૩. મે ૧૯૭૧ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાનો સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે કુલ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :
(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૬. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી વગેરે ખરીદવા માટે રૂા. ૭,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૭. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૮. આચાર્ય માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૧. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. એલ. આર. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. મથુરાદાસ લાલજીભાઈ ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા તરફથી મોડાસા ખાતે શરૂ કરાનાર સૂચિત શિક્ષણની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો

રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તા. ૧-૬-૧૯૬૮થી તા. ૩૧-૫-૧૯૬૯ સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. એલ. આર. દેસાઈએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૭. ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત તરફથી જૂન ૧૯૬૮થી ખંભાત ખાતે શરૂ થનાર એજ્યુકેશનની કૉલેજને ડિપ્લોમા ઇન એજ્યુકેશન અને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત તરફથી ખંભાત ખાતે શરૂ કરાનાર ટીચિંગની કૉલેજ માટે શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરવામાં આવે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય,
   (૨) એક અધ્યાપક,
   (૩) ચાર વ્યાખ્યાતા,
   (૪) "ક્રન્ટેન્ટ" કોર્સ માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતાઓ, અને
   (૫) એક ગ્રંથપાલ;

   [નોંધ.—આ નિમણૂકો એ રીતે કરવામાં આવે કે જેથી જુદા જુદા વિષયની પદ્ધતિઓ (methods) અને વિશેષ ક્ષેત્રોના અભ્યાસ (special fields of studies) માટેની યોગ્ય લાયકાત ધરાવતા હોય.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :
   (૧) આચાર્ય માટેનો ખંડ,
   (૨) કાર્યાલય માટેનો ખંડ,
   (૩) વિદ્યાર્થીઓ શિક્ષકોને મળી શકે તેવી વ્યવસ્થા સાથેનો શિક્ષકો માટેનો ખંડ,
   (૪) સંલગ્ન સેનિટરી વ્યવસ્થા સાથેનો વિદ્યાર્થિનીઓનો ખંડ,
   (૫) વિદ્યાર્થીઓ માટેનો ખંડ,
   (૬) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ,
   (૭) જૂથકાર્ય માટેનો ખંડ,
   (૮) વ્યાખ્યાનખંડ,
   (૯) ગ્રંથાલય માટેનો ખંડ,
   (૧૦) પાણી માટેનો ખંડ, અને
   (૧૧) કેન્ટીન માટેનો ખંડ;

૩. મે ૧૯૭૧ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. વિજ્ઞાનના શિક્ષકો માટે નાની પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા, જરૂરી વાડ વગેરેની વ્યવસ્થા સાથેના છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૬. ગ્રંથાલય માટે કુલ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૭. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી વગેરે ખરીદવા માટે રૂા. ૮,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૮. રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૯. આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૧૦. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૧. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૨. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. એલ. આર. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત તરફથી ખંભાત ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તા. ૧-૬-૧૯૬૮થી તા. ૩૧-૫-૧૯૬૯ સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. એલ. આર. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય ય. પ્રા. શુક્લે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૮. ડિરેક્ટર ઑફ હેલ્થ ઍન્ડ મેડિકલ સર્વિસીઝ (મેડિકલ), ગુજરાત રાજ્ય તરફથી જૂન ૧૯૬૮થી અમદાવાદ ખાતે શરૂ થનાર નર્સિંગની કૉલેજને બી.એસસી. નર્સિંગ (પોસ્ટ-બેઝિક)ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ડિરેક્ટર ઑફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીઝ (મેડિકલ), ગુજરાત રાજ્ય તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર (બી.એસસી. નર્સિંગ પોસ્ટ-બેઝિક) કૉલેજ માટે શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરવામાં આવે તો તેને બી.એસસી. નર્સિંગ પોસ્ટ-બેઝિકના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય (નર્સિંગમાં અનુસ્નાતક પદવી ધરાવતા તથા જરૂરી શૈક્ષણિક અને વહીવટી અનુભવ ધરાવતા),
   (૨) બી.એસસી. ડિગ્રી ઇન નર્સિંગ ધરાવતા અને ૩થી ૫ વર્ષનો અનુભવ (શૈક્ષણિક અનુભવ સાથે) ધરાવતા બે વ્યાખ્યાતા,
   (૩) આગામી ૩થી ૫ વર્ષમાં પસંદગીના દરેક ક્ષેત્રમાં, એટલે કે શિક્ષણ, વહીવટ અને જાહેર તંદુરસ્તી માટેના તે તે ક્ષેત્રની અનુસ્નાતક પદવી ધરાવતી પરિચારિકાઓ—પ્રત્યેક વિભાગ માટે અલગ અલગ નીમવાની જરૂર રહેશે,
   (૪) કોઈ પણ વિજ્ઞાનની અનુસ્નાતક અથવા નર્સિંગ સાથેની બી.એસસી. પદવી ધરાવનાર બે લેબોરેટરી આસિસ્ટંટ,
   (૫) વ્યાયામશિક્ષક, અને
   (૬) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
   (૧) આચાર્ય માટેનો ખંડ,
   (૨) કાર્યાલય માટેનો ખંડ,
   (૩) વિદ્યાર્થીઓ શિક્ષકોને મળી શકે તેવી વ્યવસ્થા સાથેનો શિક્ષકો માટેનો ખંડ,
   (૪) સંલગ્ન સેનિટરી વ્યવસ્થા સાથેનો વિદ્યાર્થિનીઓનો ખંડ,
   (૫) જરૂરી વર્ગખંડો,
   (૬) કૉલેજના કાયમના ઉપયોગમાં લઈ શકાય તેવું ચલચિત્રો તથા વિચાર-પરામર્શ કરી શકાય તેવું એક સો વ્યક્તિઓ એકસાથે બેસી શકે તેવું એક પ્રેક્ષકગૃહ (auditorium),
   (૭) ગ્રંથાલય માટેનો ખંડ,
   (૮) પાણી માટેનો ખંડ, અને
   (૯) કૅન્ટીન માટેનો ખંડ;

૩. મે ૧૯૭૧ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે. ઉપરાંત મકાનમાં સૂચિત આયોજનમાં ભવિષ્ય માટે વધુ માળ લેવાની કે વિસ્તારવા માટેની જોગવાઈ રાખવામાં આવે, જેથી ૭૫ વિદ્યાર્થીઓ માટે જોગવાઈ થઈ શકે અને પ્રયોગશાળા માટે ઓફીસાથે ૧૨ વિદ્યાર્થીઓ માટેની જોગવાઈ છે તેને બદલે ૨૦ વિદ્યાર્થીઓ માટેની જોગવાઈ કરવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવામાં આવે;
૫. છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;
૬. ગ્રંથાલય માટે કુલ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે:
(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;
૭. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;
૮. આચાર્ય માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;
૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;
૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. જે. બી. હરિભક્તિએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા ડિરેક્ટર ઑફ હેલ્થ ઍન્ડ મેડિકલ સર્વિસીઝ, ગુજરાત રાજ્ય તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર સૂચિત નર્સિંગ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. જે. બી. હરિભક્તિએ રજૂ કર્યો, તેને શ્રી. રણજિતરામ શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૯. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર અને ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ, તથા બી.એ.-(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર તથા ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ માટે તથા બી.એ.(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા

માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર (૧૯૬૯થી),
   (૩) ભૂગોળના એક ડેમોન્સ્ટ્રેટર, અને
   (૪) સમાજશાસ્ત્રના એક ટ્યૂટર;
૨. આંકડાશાસ્ત્રની પ્રયોગશાળા માટે અલગ વ્યવસ્થા કરવામાં આવે;
૩. ભૂગોળ માટે અલાયદી પ્રયોગશાળા તૈયાર કરવામાં આવે;
૪. આંકડાશાસ્ત્રના પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કૅલ્કયુલેટિંગ મશીન વસાવવામાં આવે;
૫. પ્રંથાલય માટે આંકડાશાસ્ત્રના વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. એલ. આર. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. એલ. આર. દેસાઈએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૦. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.-(પ્રિન્સિ.)માં ભૂગોળ, ફારસી; તથા બી.એ.(સપ્લે.)માં ગણિતના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમ શીખવવા માટેના ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે હરિવલ્લભદાસ કાળિદાસ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણમાં નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર અને ફારસી; તથા બી.એ.(ગૌણ)માં ગણિતના

અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા (૧૯૬૯થી),
   (૩) ગણિતના એક વ્યાખ્યાતા,
   (૪) ફારસીના એક વ્યાખ્યાતા, અને
   (૫) ફારસીના એક ખંડ સમયના વ્યાખ્યાતા અથવા પૂરા સમયના એક ટ્યૂટર;

૨. આંકડાશાસ્ત્રની પ્રયોગશાળા માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવે;

૩. આંકડાશાસ્ત્રના પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક ગણતરી યંત્ર (calculating machine) વસાવવામાં આવે;

૪. ગ્રંથાલયમાં આંકડાશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ધીરુભાઈ ઠાકરે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા હરિવલ્લભદાસ કાળિદાસ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ધીરુભાઈ ઠાકરને બદલે આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

સદરહુ બાબત પર આચાર્ય ય. પ્રા. શુકલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"'ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ' એ શીર્ષક રજૂ થયેલા ભલામણરૂપ ઠરાવની ચોથી લીટીમાં તથા 'બી.એ.(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર અને ફારસી તથા બી.એ (ગૌણ)માં ગણિતના' એ શબ્દો છે તેને સ્થાને 'તથા બી.એ.(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર તથા બી.એ.(ગૌણ)માં ફારસી તથા ગણિતના એ શબ્દો મૂકવા અને '(૬) નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે' એ ભલામણ-માંથી પેટાકલમ ૪ અને ૫ રદ કરવી."

ઉપરનો સુધારો આચાર્ય ય. પ્રા. શુક્લે રજૂ કર્યો, તેને શ્રી. વિનોદભાઈ અધ્વર્યુએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ત્યાર બાદ સદરહુ સુધારા સહિતના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૧. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને હિન્દી, તથા બી.એ. (સવૈ.)માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, અંગ્રેજી અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ, તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને સંસ્કૃત, તથા બી.એ. (સવૈ.)માં રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦–૪–૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને હિંદી તથા બી.એ. (ગૌણ)માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ, સંસ્કૃત અને અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૮થી કાયમી જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૮થી તા. ૧૪–૬–૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
   (૨) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૩) સંસ્કૃતના એક પ્રાધ્યાપક;
૨. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩,૫૦૦નો ખર્ચ કરવામાં આવે;
૩. ગ્રંથાલય માટે નીચે જણાવેલ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) મનોવિજ્ઞાન માટે	...	રૂા. ૨,૦૦૦
(૨) સમાજશાસ્ત્ર માટે	...	રૂા. ૨,૦૦૦
(૩) સંસ્કૃત માટે	...	રૂા. ૨,૦૦૦
કુલ	...	રૂા. ૬,૦૦૦;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૨. (ક) સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર, તથા બી.એ. (સંયો.)માં હિંદી અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી;

(ખ) સરસ્વતી વિદ્યામંડળ, અમદાવાદ તરફથી સદરહુ મંડળ દ્વારા સંચાલિત સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ સાથે જૂન ૧૯૬૮થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ અંગેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરસ્વતી વિદ્યામંડળ, અમદાવાદ સંચાલિત સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેની સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સંયો.)માં હિન્દી અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન; તથા ફર્સ્ટ યર બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
   (૨) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૪) રાજ્યનીતિશાસ્ત્રના એક ખંડ સમયના વ્યાખ્યાતા,
   (૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા,
   (૬) ઍકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા;
૨. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩,૫૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો નીચે જણાવ્યા પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦
કુલ	...	રૂા. ૭,૦૦૦

૪. ગ્રંથાલય માટે મનોવિજ્ઞાન વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. વાણિજ્યની વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૮. વાણિજ્યના વર્ગોનો સમય સાંજનો રાખવો નહિ."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. આર. મહેતાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સરસ્વતી વિદ્યામંડળ, અમદાવાદ સંચાલિત સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. મહેતાએ રજૂ કર્યો, તેને આચાર્ય એસ. એમ. નાગામિયાંએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૩. ગાંધીધામ મૈત્રીમંડળ, આદિપુર તરફથી સદરહુ મંડળ દ્વારા સંચાલિત તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ, આદિપુર સાથે જૂન ૧૯૬૮થી વિજ્ઞાનની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર તરીકે બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન, હિંદી તથા બી.એ.(સયો.)માં ગુજરાતી, ઇતિહાસ, અંગ્રેજી, અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૬૯ સુધી મળેલ જોડાણ તે મુદત સુધી ચાલુ રાખવા તથા ફર્સ્ટ યર બી.એસસી.માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગાંધીધામ મંત્રીમંડળ, આદિપુર સંચાલિત ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેની સાથે વિજ્ઞાનની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર તરીકે બી.એ.(પ્રિનિસ.)માં તત્ત્વજ્ઞાન અને હિન્દી; તથા બી.એ. (સમો.)માં ગુજરાતી, ઇતિહાસ, અંગ્રેજી, અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું મળેલ જોડાણ તે મુદત સુધી ચાલુ રાખવા તથા ફર્સ્ટ યર બી.એસસી.માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૨) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૩) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૪) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૫) રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાન એ પ્રત્યેક વિષય માટે એક એક ડેમોન્સ્ટ્રેટર,
   (૬) રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાન એ પ્રત્યેક વિષયના એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ,

૨. પોલિટેકનિકમાં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળામાં જરૂરી સુધારાવધારા કરવા તથા જીવવિજ્ઞાનની પ્રયોગશાળા નવેસરથી સુસજ્જ કરવી;

૩. વિજ્ઞાનની પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે વિજ્ઞાન વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો નીચે જણાવ્યા પ્રમાણેનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦;

૫. વિજ્ઞાનની વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. ગુ. નાયકે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ગાંધીધામ મૈત્રીમંડળ, આદિપુર સંચાલિત તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. ગુ. નાયકે રજૂ કર્યો તેને આચાર્ય આર. એચ. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૪. સ્વામીશ્રી ભગવદાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત (૧) પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, તથા (૨) પ્રભુદાસ ઠક્કર કૉમર્સ કૉલેજ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૮થી એકીકરણ કરી પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરીકે બી.એ.(પ્રિન્સિ)માં અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં હિંદી, અંગ્રેજી તથા એફ.વાય.બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ, તથા બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન, સંસ્કૃત તથા બી.એ.(સબો.)માં ગુજરાતી, તથા બી.એસસી.(રૂબે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સ્વામીશ્રી ભગવદાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ માટે શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરવામાં આવે તો સદરહુ ટ્રસ્ટને તેના દ્વારા ચાલતી (૧) પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, તથા (૨) પ્રભુદાસ ઠક્કર કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદનું એકત્રીકરણ કરી પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરીકે ફર્સ્ટ યર બી.એસસી. સુધીનું તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ, તથા બી.એ.(પ્રિન્સિ)માં તત્ત્વજ્ઞાન, સંસ્કૃત, તથા બી.એ.(સબો.)માં ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક,
   (૨) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
   (૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
   (૪) અર્થશાસ્ત્રના બે વ્યાખ્યાતા,
   (૫) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,

(૬) હિન્દીના એક વ્યાખ્યાતા,
(૭) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૮) ખંડ સમયના સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૯) ખંડ સમયના રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૧૦) ખંડ સમયના મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૧) ખંડ સમયના તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા;

૨. કૉલેજના મકાનમાં વર્ગખંડો, વર્ગખંડો માટેની જરૂરી સાધનસામગ્રી, રમતગમત વગેરેની પૂરતી વ્યવસ્થા કરવામાં આવે;

૩. પ્રયોગશાળાની યોગ્ય અને જરૂરી સુવિધાઓ ઊભી કરવામાં આવે;

૪. ગ્રંથાલયને સમૃદ્ધ કરવા માટે વિદ્યાશાખા માટે રૂા. ૨૦,૦૦૦ તથા વિજ્ઞાન વિદ્યાશાખા માટે રૂા. ૧૪,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે વધારાના વિષય માટે નીચે જણાવ્યા મુજબ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) સંસ્કૃત માટે ... રૂા. ૨,૦૦૦
(૨) તત્ત્વજ્ઞાન માટે ... રૂા. ૨,૦૦૦
(૩) ગુજરાતી માટે ... રૂા. ૧,૦૦૦,

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે તથા કોઈ પણ શિક્ષકને તેના વેતન પેટે પાછલી જે કાંઈ રકમ ચૂકવવાની બાકી હોય તે ચૂકવવામાં આવે.

(નોંધ.—સદરહુ કૉલેજને એફ.વાય.બી.એસસી. કક્ષા સુધીનું જોડાણ આપવા માટેની ભલામણ કરી છે અને એસ.વાય.બી.એસસી. કક્ષાનું શિક્ષણ આપવા માટે આગ્રહ રાખવામાં આવ્યો નથી તે આ ખાસ વિશિષ્ટ જોડાણને કારણે કરવામાં આવ્યું છે અને ભવિષ્યમાં તે પ્રથારૂપ ગણાશે નહિ.)''

સિન્ડિકેટનો રિપોર્ટ

''આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો. ''

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

''આથી સેનેટની આ સભા સ્વામી ભગવદાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત પ્રભુદાસ હકુર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ''

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને શ્રી. એમ. પી. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૫. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, ગુજરાતી, અર્થશાસ્ત્ર અને અંગ્રેજી તથા બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્ર, ઇતિહાસ, સમાજશાસ્ત્ર અને રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, ગુજરાતી, અર્થશાસ્ત્ર, અંગ્રેજી; તથા બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. એમ. નાયકે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. એમ. નાયકે રજૂ કર્યો, તેને આચાર્ય આર. એમ. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૬. (ક) બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા તરફથી ચાલતી યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા સાથે જૂન ૧૯૬૮થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી;

(ખ) યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ભારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેના દ્વારા ચાલતી યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા તરીકે બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ.(સબ.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ તથા ફર્સ્ટ યર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
   (૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
   (૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
   (૪) હિંદીના એક વ્યાખ્યાતા,
   (૫) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૭) રાજ્યનીતિશાસ્ત્રના એક ખંડ સમયના વ્યાખ્યાતા,
   (૮) વાણિજ્યના એક વ્યાખ્યાતા,
   (૯) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા,
   (૧૦) પૂરા સમયના એક વ્યાયામશિક્ષક, અને
   (૧૧) પૂરા સમયના એક ગ્રંથપાલ;
૨. ગ્રંથાલયમાં વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો નીચે જણાવ્યા પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
   (૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
   (૨) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦
   (૩) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦;
૩. પુસ્તકો અને સામયિકો માટે વિનમનની વિદ્યાશાખા માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;
૫. કૉમર્સની વિદ્યાશાખામાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા સંચાલિત યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય ઊર્મિલાબહેન સી. પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૭. ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, ઇતિહાસ, હિન્દી અને આંકડાશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ તથા ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, ઇતિહાસ તથા આંકડા-શાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ, ભારતીય સંસ્કૃતિ; તથા બી.એ. (સબો.)માં હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) હાલના મુલાકાતી પ્રાધ્યાપકને બદલે સમાજશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપક,
   (૨) ઇતિહાસના એક પ્રાધ્યાપક,
   (૩) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક પ્રાધ્યાપક,
   (૪) હિંદીના એક વ્યાખ્યાતા;
૨. ગ્રંથાલય માટે નીચે જણાવેલ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
   (૧) ઇતિહાસ માટે ... રૂા. ૨,૦૦૦
   (૨) પ્રાચીન ભારતીય સંસ્કૃતિ માટે ... રૂા. ૨,૦૦૦
   (૩) હિંદી માટે ... રૂા. ૧,૦૦૦;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલનો ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. એમ. નાગામિયાંએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. એમ. નાગામિયાંએ રજૂ કર્યો, તેને આચાર્ય એસ. આર. મહેતાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૮. મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૬૮થી ફર્સ્ટ યર બી.એ. સુધીના અભ્યાસક્રમ માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને સમાજ-શાસ્ત્રના અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સ.)માં સમાજશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ. (સાયો.)માં મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
   (૩) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૪) ગુજરાતીના એક વ્યાખ્યાતા (કાર્યભાર મુજબ જરૂર હોય તો),
   (૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા;
૨. ગ્રંથાલય માટે મોટા ખંડની જોગવાઈ કરવામાં આવે;
૩. ગ્રંથાલય માટે નીચે જણાવેલ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) ગુજરાતી માટે	...	રૂ. ૨,૦૦૦
(૨) સમાજશાસ્ત્ર માટે	...	રૂ. ૨,૦૦૦
(૩) અર્થશાસ્ત્ર માટે	...	રૂ. ૧,૦૦૦
(૪) મનોવિજ્ઞાન માટે	...	રૂ. ૧,૦૦૦
કુલ	...	રૂ. ૬,૦૦૦;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;
૬. આચાર્યશ્રીને હોદ્દાની રૂએ સંચાલક મંડળના સભ્ય બનાવવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય બી. પી. કોઠારીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. બી. પી. કોઠારીએ રજૂ કર્યો તેને શ્રી. વી. પી. મહેતાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૯. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે જી. એલ. એસ આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
   (૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૪) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૫) સમાજશાસ્ત્રના એક ટ્યૂટર;
૨. ગ્રંથાલય માટે સમાજશાસ્ત્રના વિષયમાં રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૦. ગુજરાત કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં સમાજ-શાસ્ત્ર, મનોવિજ્ઞાન; તથા બી.એ.(સબ્સે.)માં આંકડાપદ્ધતિ તથા બી.એસસી. (રૂપે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન; તથા બી.એ.(સબ્સે.)માં આંકડાપદ્ધતિ; તથા બી.એસસી.(રૂપે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. સમાજશાસ્ત્રના એક ટ્યૂટરની નિમણૂક કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય કે. એમ. તલાટીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ગુજરાત કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન

થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. એમ. તલાટીએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. સી. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૧. એમ. એન. કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી.(રૂપે.)માં પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ એન. કૉલેજ, વીસનગર શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) પ્રાણીવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,

(૨) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,

(૩) પ્રાણીવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર,

(૪) આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર અથવા એક ટ્યૂટર ઉપરાંત વિષય દીઠ કાર્યભારને અનુલક્ષીને નિયમ અનુસાર જે તે વધારાના શિક્ષકોની નિમણૂક જરૂરી હોય તેમની નિમણૂક કરવાની રહેશે;

૨. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :
પ્રાણીવિજ્ઞાન માટે રૂા. ૩૦,૦૦૦;

૩. ગ્રંથાલય માટે નીચે જણાવેલ ખર્ચ કરવામાં આવે :

(૧) પ્રાણીવિજ્ઞાન માટે	...	રૂા. ૨,૦૦૦
(૨) આંકડાશાસ્ત્ર માટે	...	રૂા. ૨,૦૦૦
	કુલ ...	રૂા. ૪,૦૦૦;

૪. દર ત્રણ વિદ્યાર્થીઓ દીઠ એક ગણતરી માટેનું યંત્ર (calculating machine) વસાવવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એન. એન. ઉદવાડિયાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા એમ. એન. કૉલેજ, વીસનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એન. એન. ઉદવાડિયાએ રજૂ કર્યો, તેને શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૨. પેટલાદ કૉલેજ, પેટલાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન; તથા બી.એસસી.(રૂપે.)માં વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્ર અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પેટલાદ કૉલેજ, પેટલાદ શિક્ષકગણમાં તબાબ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન; તથા બી.એસસી.(રૂપે.)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પૂરા સમયના પ્રાધ્યાપક,
   (૨) મનોવિજ્ઞાનના એક ખંડ સમયના વ્યાખ્યાતા;
૨. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આર. ડી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા પેટલાદ કૉલેજ, પેટલાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આર. ડી. દેસાઈની ગેરહાજરીમાં ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો તેને આચાર્ય ય. પ્રા. શુક્લે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૩. આર. આર. લાલન કૉલેજ, ભૂજ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(સમો.)માં રાજ્યશાસ્ત્ર, ફારસી અને આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી.(રસા.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર. આર. લાલન કૉલેજ, ભૂજ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(સમો.)માં રાજ્યશાસ્ત્ર તથા ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ આપવા; તથા બી.એ.(સમો.)માં આંકડાશાસ્ત્ર અને બી.એસસી. (રસા.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આંકડાપદ્ધતિના એક ટ્યૂટર (વ્યાખ્યાતા નિમાય તો સારું)
   (૨) ફારસીના એક ટ્યૂટર (,, ,, ,,)
   (૩) ભૌતિકવિજ્ઞાનના એક ટ્યૂટર (,, ,, ,,);
૨. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૨૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૩. ગ્રંથાલયમાં પુસ્તકો તથા સામયિકો માટે નીચે જણાવેલ ખર્ચ કરવામાં આવે :

(૧) રાજ્યશાસ્ત્ર માટે	...	રૂા. ૨,૩૦૦
(૨) ફારસી માટે	...	રૂા. ૬૦૦
(૩) આંકડાશાસ્ત્રપદ્ધતિ માટે	...	રૂા. ૧,૭૫૦
(૪) ભૌતિકવિજ્ઞાન માટે	...	રૂા. ૨,૮૦૦
		રૂા. ૭,૪૫૦;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય પી. જી. માવળંકરે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા આર. આર. લાલન કૉલેજ, ભૂજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલાં શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય પી. જી. માવળંકરની ગેરહાજરીમાં શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૪. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી.(રૂપે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે અને તેમાં આંકડાશાસ્ત્રના વિષયનો સમાવેશ કરવામાં આવે;
૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૫. બી. ડી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બી.ડી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. પ્રા. શુક્લે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા બી. ડી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. પ્રા. શુક્લની ગેરહાજરીમાં શ્રી. આર. જી. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૬. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિંદી, અંગ્રેજી, મનોવિજ્ઞાન અને ઇતિહાસ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય

તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિંદી, અંગ્રેજી, મનોવિજ્ઞાન અને ઇતિહાસ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
   (૩) પૂરા સમયના વ્યાયામશિક્ષક;
૨. ભૌતિકવિજ્ઞાનના વિષય માટેની પ્રયોગશાળા, અંધારખંડ ઇત્યાદિની વ્યવસ્થા સહિત સુસજ્જ કરવામાં આવે;
૩. તત્ત્વજ્ઞાનના વિષયનાં રૂા. ૧,૦૦૦ની કિંમતનાં પુસ્તકોની ખરીદી અનાવર્તક ખર્ચરૂપે કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને મકાનભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;
૬. આચાર્યને માટે યુનિવર્સિટીના નિયમ અનુસાર ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાણ્ડિલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૭. શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, અર્ધમાગધી, હિંદી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ; તથા

બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.-(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એમ. એન.સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, અર્ધમાગધી, હિંદી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ; તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. માનસશાસ્ત્રના વિષયમાં એક ટ્યૂટર-કમ-ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક કરવામાં આવે;
૨. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે સ્થાનિક તપાસસમિતિએ સૂચવ્યા મુજબનાં સાધનો ખરીદવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે અને તેમાં પ્રાયોગિક મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર તથા રસાયણવિજ્ઞાનનાં પુસ્તકોનો સમાવેશ કરવામાં આવે;
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આર. જી. ભટ્ટે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આર. જી. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય વાય. જી. નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૮. એલ. એચ. સાયન્સ ઍન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ; તથા બી.એસસી.(સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એસસી.(સ્પે.)માં ગણિતશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ; તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી પશ્ચાદ્‌વર્તી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. વનસ્પતિવિજ્ઞાન તથા ભૌતિકવિજ્ઞાનની બન્ને પ્રયોગશાળાઓ માટે વ્યવસ્થા અલાયદા મોટા સ્વતંત્ર ૧,૨૦૦ ચો.ફૂ. કદના ખંડમાં કરી તેને સુસજ્જ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે તથા પુસ્તકોની બાબતમાં પાછલી ખરીદીની ઊણપ પેટે રૂા. ૧૬,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. ગુ. નાયકે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૯. યુ. પી. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી; તથા બી.એસસી.-(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે યુ. પી. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮

સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી; તથા બી.એસસી.(રૂપે..)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ ચાલુ જોડાણના વિષયો માટે કરવામાં આવે;
૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામા આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આર. એચ. શાહે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા યુ. પી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આર. એચ. શાહે રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૦. એચ. પી. આર્ટ્સ ઍન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી.(રૂપે.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એચ. પી. આર્ટ્સ ઍન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
   (૨) વનસ્પતિવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;
૨. વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૩. વનસ્પતિવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. પ્રા. શુકલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. પ્રા. શુકલની ગેરહાજરીમાં શ્રી. આર. જી. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે બહુમતે નામંજૂર કરવામાં આવ્યો.

૪૨. શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, હિન્દી, ઇતિહાસનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં સમાજશાસ્ત્રનું વધારાનું જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, કીટાણુવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પુરુષોત્તમદાસ ઠાકુરદાસ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, હિન્દી, ઇતિહાસ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, કીટાણુવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) કીટાણુવિજ્ઞાનના એક પૂરા સમયના પ્રાધ્યાપક, અને
   (૨) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા;
૨. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય જે. બી. સાણ્ડલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શેઠ પુરુષોત્તમદાસ ઠાકુરદાસ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જે. બી. સાણ્ડલે રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૨. ભવન્સ કૉલેજ, ડાકોર તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, હિંદી, અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સભા.)માં ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન; તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ કૉલેજ, ડાકોર શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, હિંદી, અર્થશાસ્ત્ર, ગણિત; તથા બી.એ.(સભા.)માં રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર-પદ્ધતિ; તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજ અંગે રિફરન્સના પ્રસ્તાવની બાબતમાં વિશેષ કરવાપણું રહેતું નથી, તેમ સિન્ડિકેટ તથા સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. આર. ભટ્ટે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા ભવન્સ કૉલેજ, ડાકોરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય જી. બી. પરીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૩. શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર; તથા બી.એ.(સામા.)માં અંગ્રેજી, ઇતિહાસ, હિંદી, તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી.(રસા.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર; તથા બી.એ.(સામા.)માં અંગ્રેજી, ઇતિહાસ, હિંદી, તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી.(રસા.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ ચાલુ જોડાણના વિષયો માટે કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય સી. સી. શાહે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય સી. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય આઈ. એમ. પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૪. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન; તથા બી.એસસી.-(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) હિંદીના ખંડ સમયના વ્યાખ્યાતા, અને
   (૨) જનરલ એજ્યુકેશનને પૂરતો ન્યાય મળી રહે તેવી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. પ્રા. શુક્લે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. પ્રા. શુકલની ગેરહાજરીમાં આચાર્ય એચ. એમ. શુકલે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૫. બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં હિંદી, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત; તથા બી.એ.(સબો.)માં હિંદી, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.-(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૧-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
   (૨) રસાયણવિજ્ઞાન(અકાર્બનિક કે ભૌતિક)ના એક વ્યાખ્યાતા, અને
   (૩) રસાયણવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;
૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થીઓ માટેનો એક સામાન્ય ખંડ, અને
   (૨) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ;
૩. પ્રયોગશાળા માટે રૂા. ૧૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. રસાયણવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;
૭. આચાર્ય તથા રેક્ટરને અનુક્રમે કૉલેજ તથા છાત્રાલયની નજીક ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એચ. કે. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એચ. કે. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૬. શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી. કેશવલાલ ખુલાખીદાસ કૉમર્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૬૮થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી. કેશવલાલ ખુલાખીદાસ કૉમર્સ કૉલેજ, ખંભાત શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. હાલના મુલાકાતી પ્રાધ્યાપકોને બદલે વાણિજ્યના પૂરા સમયના પ્રાધ્યાપક નીમવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. શાહે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી કેશવલાલ ખુલાખીદાસ કૉમર્સ કૉલેજ, ખંભાતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય વી. એફ. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૭. અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૮થી (૧) અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, તથા (૨) અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ— એમ વિભાગીકરણ કરવા; તથા (૧) અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ.(પ્રિન્સ.)-માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન, અંગ્રેજી; તથા બી.એ.(સબ્સે.)માં સંસ્કૃત, ઇતિહાસ, હિંદી, રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા (૨) અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને જૂન ૧૯૬૮થી (૧) અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ; તથા (૨) અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ — એમ વિભાગીકરણ કરવા તથા અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન, અંગ્રેજી; તથા બી.એ.(સબ્સે.)માં સંસ્કૃત, ઇતિહાસ, હિન્દી, રાજ્યનીતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે; તથા અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ વધારાની નિમણૂકો કરવામાં આવે :
   (૧) કૉમર્સ કૉલેજ માટે આચાર્ય,
   (૨) અંગ્રેજીના બે વ્યાખ્યાતા,
   (૩) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૫) એકાઉન્ટ્સના એક પ્રાધ્યાપક,
   (૬) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક (ખંડ સમયના),
   (૭) બૅંકિંગના એક પ્રાધ્યાપક
   (૮) એક વ્યાયામશિક્ષક,
   (૯) ગ્રંથપાલ;

   (નોંધ.— આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
   (૧) આચાર્ય માટેનો અલગ ખંડ,
   (૨) પ્રાધ્યાપકો માટેનો ખંડ,

(૩) કાર્યાલય માટેનો ખંડ,
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ,
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ,
(૬) બન્ને કૉલેજોના સ્ટાફ માટે સ્વતંત્ર ખંડો,
(૭) બન્ને કૉલેજોના વિવિધ વર્ગોનાં જેટલાં ડિવિઝન હોય તેટલા અલગ ખંડો,
(૮) ઍચ્છિક વિષયોનાં વ્યાખ્યાનો અને ટ્યુટોરિયલો યોગ્ય સમયે લઈ શકાય તે માટે જરૂરી વર્ગખંડો,
(૯) પ્રત્યેક કૉલેજના વર્ગખંડોની અલગ અલગ માળ પર જોગવાઈ, અને
(૧૦) ગ્રંથાલય માટેનો અલગ ખંડ;

૩. પોતાની માલિકીનું મકાન ત્રણ વર્ષ થયા છતાં બાંધ્યું નથી તેથી તે ઊણપ એક વર્ષમાં દૂર કરવામાં આવશે તેવી બાંયધરી આપવામાં આવે;

૪. કૉલેજના હાલના મકાનમાં તાત્કાલિક અને પૂરતા પ્રમાણમાં લિફ્ટની જોગવાઈ કરવામાં આવે;

૫. બૅન્કિંગ વિષય માટે રૂા. ૨,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક કૉલેજ દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. પ્રત્યેક કૉલેજ માટે ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પ્રત્યેક કૉલેજના શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એચ. એમ. શુકલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા (૧) અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ; અને (૨) અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ બન્ને કૉલેજોને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એચ. એમ. શુકલે રજૂ કર્યો, તેને આચાર્ય ય. ગુ. નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૮. શ્રીમતી રંભાબહેન દામોદરદાસ શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વિજ્યાબહેન દામોદરદાસ શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, મનોવિજ્ઞાન, ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી રંભાબહેન દામોદરદાસ શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વિજ્યાબહેન દામોદરદાસ શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, મનોવિજ્ઞાન, ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) યુનિવર્સિટીના નિયમ પ્રમાણે લાયકાત ધરાવતા પૂર્ણ સમયના ગ્રંથપાલ, અને
   (૨) યુનિવર્સિટીના નિયમ પ્રમાણે લાયકાત ધરાવતા પૂર્ણ સમયના વ્યાયામશિક્ષક;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય જે. સી. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રીમતી રંભાબહેન દામોદરદાસ શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વિજ્યાબહેન દામોદરદાસ શાહ કૉમર્સ કૉલેજ, ધોળકાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જે. સી. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. બી. જોશીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૯. શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ (સબો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન;

તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(સબૉ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ.(સબૉ.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા (ખંડ સમયના),
   (૨) યુનિવર્સિટીના નિયમ પ્રમાણે લાયકાત ધરાવતા ગ્રંથપાલ;
૨. કૉલેજના મકાનમાં બે વધુ વર્ગખંડોની વ્યવસ્થા કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય સી. એલ. શાસ્ત્રીની ગેરહાજરીમાં આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૦. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબૉ.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ)માં અર્થશાસ્ત્ર; તથા બી.એ (સમે.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) હાલના મુલાકાતી પ્રાધ્યાપકને બદલે અર્થશાસ્ત્રના પૂરા સમયના એક પ્રાધ્યાપક,
   (૨) ગુજરાતીમાં વધારાના એક પૂરા સમયના વ્યાખ્યાતા;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. શાહે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય એસ. આર. મહેતાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૧. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, અંગ્રેજી, ગુજરાતી; તથા બી.એ.(સમે.)માં હિંદી, સમાજશાસ્ત્ર; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં

સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ)માં મનોવિજ્ઞાન, અંગ્રેજી, ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં હિન્દી, સમાજશાસ્ત્ર; તથા બી.કોમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. માનસશાસ્ત્ર માટે એક પૂરા સમયના અને એક ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;
૨. બનતી ત્વરાએ કૉલેજ માટે અલાયદું (સ્વતંત્ર) મકાન તૈયાર કરવામાં આવે;
૩. માનસશાસ્ત્રની પ્રયોગશાળા રૂા. ૩,૫૦૦ના ખર્ચે સુસજ્જ કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આર. એમ. શુકલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આર. એમ. શુકલે રજૂ કર્યો, તેને શ્રી. એમ. પી. પંડ્યાએ ટેકો આપ્યો, તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

પર. દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત, આંકડાશાસ્ત્ર, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત; તથા બી.એ.(સબો.)માં હિન્દી અને અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત, આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ

ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ, તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત; તથા બી.એ.(સાયં.)માં હિન્દી અને અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૨) વાણિજ્યના બે વ્યાખ્યાતા,
   (૩) નાગરિકશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૪) વાણિજ્યના એક પ્રાધ્યાપક,
   (૫) હિંદીના એક વ્યાખ્યાતા,
   (૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
   (૭) સંસ્કૃતના એક પ્રાધ્યાપક;

૨. હૉસ્ટેલની વ્યવસ્થા કરવામાં આવે અને તે અંગે ગૃહપતિની નિમણૂક કરવામાં આવે અને તેમને ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે;

૩. સામાન્ય શિક્ષણ આપવા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે નીચે જણાવેલ ખર્ચ કરવામાં આવે :

(૧) સંસ્કૃત માટે	...	રૂા. ૨,૦૦૦
(૨) હિંદી માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) અંગ્રેજી માટે	...	રૂા. ૧,૦૦૦
		રૂા. ૪,૦૦૦;

૫. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં, આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

સદરહુ બાબત પર આચાર્ય એસ. ટી. જેસલપુરાએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"એકેડેમિક કાઉન્સિલની ભલામણ—

(૧) નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

તેમાં "(૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા"ને બદલે "અંગ્રેજીના એક વ્યાખ્યાતા" એ પ્રમાણે સુધારો કરવો."

ઉપરનો સુધારો આચાર્ય એસ. ટી. જેસલપુરાએ રજૂ કર્યો, તેને પ્રો. મણિશંકર પંડ્યાએ ટેકો આપ્યો.

સદરહુ સુધારા પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ત્યાર બાદ સુધારા સહિતના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૩. પટેલ જે. બી. રૂદેલવાળા આર્ટ્સ કૉલેજ એન્ડ પટેલ એ. એમ. રૂદેલવાળા કૉમર્સ કૉલેજ, બોરસદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ.(સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પટેલ જે. બી. રૂદેલવાળા આર્ટ્સ કૉલેજ એન્ડ પટેલ એ. એમ. રૂદેલવાળા કૉમર્સ કૉલેજ, બોરસદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ, તથા બી.એ.(સબો.)માં અંગ્રેજીનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ઇતિહાસના પૂરા સમયના પ્રાધ્યાપક,
   (૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા;
૨. એપ્રિલ ૧૯૬૯ સુધીમાં પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;
૩. પહેલાંની શરત પ્રમાણેની પાછલી બાકી પેટે રૂા. ૪,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. ગ્રંથાલય માટે અંગ્રેજીના વિષયના રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૬. યુનવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. પ્રા. શુક્લે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા પટેલ જે. બી. રૂદેલવાળા આર્ટ્સ કૉલેજ ઍન્ડ પટેલ એ. એમ. રૂદેલવાળા કૉમર્સ કૉલેજ, બોરસદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. પ્રા. શુક્લની ગેરહાજરીમાં આચાર્ય જે. બી સાવિડલે રજૂ કર્યો, તેને આચાર્ય ય. ગુ. નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૪. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા તરફથી જૂન ૧૯૬૮થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન અને સંસ્કૃત, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. જૂન ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે પહેલાંની શરત મુજબની બોટ પેટે રૂા. ૧૦,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ, પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય પી. એમ. મજમુદારે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય પરેશ મજમુદારની ગેરહાજરીમાં શ્રી. એમ. પી. પંડ્યાએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૫. નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ, તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ, તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૩-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ.(ગૌણ)માં સંસ્કૃત, હિંદી, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ, તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ, તથા બી.એ.(ગૌણ)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે.
   (૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
   (૨) વાણિજ્યના પૂરા સમયના પ્રાધ્યાપક, અને
   (૩) પૂરા સમયના વ્યાયામશિક્ષક;

૨. કૉલેજનું સ્વતંત્ર મકાન બનતી ત્વરાએ અગાઉ આપેલી બાંયધરી મુજબ તૈયાર કરવામાં આવે;

૩. વધારાના જોડાણ માટેના અંગ્રેજીના વિષય માટે રૂા. ૧,૦૦૦નાં પુસ્તકો તથા સામયિકો ખરીદવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ડી. એમ. શીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ડી. એમ. શીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૬. મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિંદી તથા બી.એ.(સબ્સે.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને હિંદી તથા બી.એ.(ગૌણ)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. હાલના મુલાકાતી પ્રાધ્યાપકને બદલે અર્થશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;
૨. કૉલેજનું મકાન સંપૂર્ણપણે કૉલેજના ઉપયોગ માટે જ વાપરવામાં આવે;
૩. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;
૪. ગ્રંથાલય માટે બાકીના રૂા. ૪,૦૦૦ની રકમનાં પુસ્તકો વસાવવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. આર. મહેતાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. મહેતાએ રજૂ કર્યો, તેને આચાર્ય એસ. આર. ભટ્ટે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૭. શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(સબો.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(સબો.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ઇતિહાસના એક વ્યાખ્યાતા,
   (૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
   (૩) ગુજરાતીના એક ટ્યૂટર,
   (૪) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૬) વાણિજ્યના એક પ્રાધ્યાપક,
   (૭) એકાઉન્ટન્સીના ટ્યૂટર, અને
   (૮) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના પ્રાધ્યાપક;
૨. ગ્રંથાલયમાં ઇતિહાસ માટે રૂા. ૧,૦૦૦નાં પુસ્તકો તથા સામયિકો વસાવવામાં આવે;
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;
૪. અગાઉની શરત મુજબ તા. ૩૧મી મે ૧૯૬૮ સુધીમાં કૉલેજનું સ્વતંત્ર મકાન તૈયાર કરવામાં આવે;
૫. આચાર્યશ્રીને હોદ્દાની રૂએ સંચાલક સમિતિના સભ્ય બનાવવામાં આવે;
૬. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે ભરપાઈ કરવા માટે વ્યવસ્થાપકમંડળ બાંયધરી આપે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આઈ. જે. ધ્રુવે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આઈ. જે. ધ્રુવની ગેરહાજરીમાં શ્રી. આઈ. એ. મોદીએ રજૂ કર્યો, તેને આચાર્ય મ. ગુ. નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૮. શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી તરફથી જૂન ૧૯૬૮થી બી.એ. (સપ્લે.)માં હિંદી, સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી માટે શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(સપ્લે.)માં હિન્દી, સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:
- (૧) વાણિજ્યના પ્રાધ્યાપક,
- (૨) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક,
- (૩) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક,
- (૪) અંગ્રેજીના વ્યાખ્યાતા,
- (૫) ગુજરાતીના વ્યાખ્યાતા (ખંડ સમયના),
- (૬) સંસ્કૃતના વ્યાખ્યાતા (ખંડ સમયના),
- (૭) ઇતિહાસના વ્યાખ્યાતા,
- (૮) રાજ્યનીતિશાસ્ત્રના વ્યાખ્યાતા,
- (૯) હિંદીના વ્યાખ્યાતા, અને
- (૧૦) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :
પુસ્તકાલય તથા વાચનાલય માટે વિશાળ ખંડની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે નીચે જણાવેલ ખર્ચ કરવામાં આવે :

(૧) હિંદી માટે	...	રૂ. ૧,૦૦૦
(૨) સંસ્કૃત માટે	...	રૂ. ૧,૦૦૦
(૩) ઇતિહાસ માટે	...	રૂ. ૧,૦૦૦
(૪) રાજ્યશાસ્ત્ર માટે	...	રૂ. ૧,૦૦૦
(૫) એકાઉન્ટન્સી માટે	...	રૂ. ૧,૦૦૦
	કુલ	રૂ. ૫,૦૦૦;

૪. ગ્રંથાલય સમૃદ્ધ કરવા માટે પુસ્તકોના ખર્ચની જે ઊણપ અગાઉનાં વર્ષોમાં મુકાયેલી શરતોના સંદર્ભમાં જણાય તે દૂર કરવા માટે જરૂરી ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. છાત્રાલયના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એચ. એમ. શુકલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ)ના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એચ. એમ. શુકલે રજૂ કર્યો, તેને આચાર્ય એસ. આર. મહેતાએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૯. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એડ. તથા ડિપ્લૉ.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય

તે રીતે કરે તો તેને બી.એડ. તથા ડિપ્લોમા એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. "કન્ટેન્ટ" વિષયોના શિક્ષણકાર્ય માટે જરૂર મુજબ અધ્યાપકોની નિમણૂક કરવામાં આવે;
૨. વિદ્યાર્થી-અધ્યાપકોનું પ્રમાણ ૧૦ : ૧નું જળવાય તે માટે સંચાલકોએ વ્યવસ્થા કરવી;
૩. વિજ્ઞાનના શિક્ષણ માટે નાની પ્રયોગશાળા કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય કે. જી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ શીખવવા માટે સદરહુ કૉલેજને કાયમી જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. જી. દેસાઈએ રજૂ કર્યો, તેને શ્રી. કે. કે. શાસ્ત્રીએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૦. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી.-(રૂપે.)માં કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં કીટાણુવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. કીટાણુવિજ્ઞાનના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય રૉ. સી. સી. શાહે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ શીખવવા માટે સદરહુ કૉલેજને કાયમી જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ડૉ. સી. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય આર. એચ. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬. શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી.-(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ તથા બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. અનાદિમુક્ત સદ્‌ગુરુ શ્રી. મુક્તજીવનદાસજી સ્વામી સુવર્ણજયંતિ મહોત્સવ સ્મારક ટ્રસ્ટ સંચાલિત સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્ર, અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૨) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૩) ભૌતિકવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર અને
   (૪) આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર;
૨. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૩. પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક ગણતરીયંત્ર (calculating machine) ખરીદવામાં આવે;
૪. ગ્રંથાલય માટે નીચે જણાવેલ ખર્ચ કરવામાં આવે :
   (૧) ભૌતિકવિજ્ઞાન માટે ... રૂા. ૨,૦૦૦
   (૨) આંકડાશાસ્ત્ર માટે ... રૂા. ૨,૦૦૦
   કુલ રૂા. ૪,૦૦૦;

૫ પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એલ. ડી. દવેએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એલ. ડી. દવેએ રજૂ કર્યો, તેને શ્રી. પી. એફ. પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૨. સી. યુ. શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી મજકૂર કૉલેજ સાથે જૂન ૧૯૬૮થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી સી. યુ. શાહ સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ, તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ, તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી સી. યુ. શાહ સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ, તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા, તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા

સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૨) ગણિતના એક પ્રાધ્યાપક,
(૩) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૪) એકવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના એક વ્યાખ્યાતા,
(૫) બૅન્કિંગના એક વ્યાખ્યાતા,
(૬) વાણિજ્યના બે વ્યાખ્યાતા,
(૭) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૮) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૯) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૧૦) યોગ્ય લાયકાત ધરાવતા એક ગ્રંથપાલ, અને
(૧૧) યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના વ્યાયામશિક્ષક;
ઉપરાંત કાર્યભારને અનુલક્ષીને આવશ્યક વ્યાખ્યાતાઓ, ટ્યૂટરો, ડેમોન્સ્ટ્રેટરો અને લેબોરેટરી આસિસ્ટન્ટની નિમણૂકો કરવામાં આવે;
૨. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે સ્થાનિક તપાસસમિતિએ સૂચવ્યા મુજબ રૂપિયા એક લાખનો ખર્ચ કરવામાં આવે;
૩. ગ્રંથાલય માટે સ્થાનિક તપાસસમિતિએ સૂચવ્યા મુજબ રૂા. ૧૯,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૪. ઓછામાં ઓછા ૨૫ (પચીસ) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની વ્યવસ્થા કૉલેજ નજીક તરત કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૬. આચાર્ય માટે ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે અથવા ભથ્થું આપવામાં આવે;
૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સી. યુ. શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એ. એમ. ત્રિવેદીની ગેરહાજરીમાં આચાર્ય જે. બી. સાવિડલે રજૂ કર્યો, તેને શ્રી. આર. બી. શાહે ટેકો આપ્યો.

સદરહુ બાબત પર આચાર્ય ડી. એમ. શીખે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"'એકેડેમિક કાઉન્સિલની ભલામણ નં. ૧માં શરત નં. ૧૨ 'રાજ્યનીતિશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા' ઉમેરવામાં આવે અને ડૉ. એ. એમ. ત્રિવેદીના ઠરાવમાં આવતા 'એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી' શબ્દો પછીના બધા શબ્દો રદ કરવામાં આવે અને તેને બદલે નીચેના શબ્દો ઉમેરવામાં આવે :

'શરતોનું નીચેના સુધારા સાથે પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે :

૧૨. રાજ્યનીતિશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા.'"

ઉપરનો સુધારો આચાર્ય ડી. એમ. શીખે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ત્યાર બાદ સુધારા સહિતના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૩. ભવન્સ કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ, તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ, તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન અને બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,

(૨) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,

(૩) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, અને

(૪) ચાર લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :

(ક) રસાયણવિજ્ઞાન માટે ૧,૫૦૦ ચો. ફૂટના ક્ષેત્રફળવાળી એક પ્રયોગશાળા ફિટિંગ તથા ફર્નિચર સહિત ઉમેરવામાં આવે;

(ખ) ભૌતિક રસાયણવિજ્ઞાન (Physical Chemistry) માટે લગભગ ૯૦૦ ચો. ફૂટ ક્ષેત્રફળવાળી એક પ્રયોગશાળા ફિટિંગ તથા ફર્નિચર સહિતની તૈયાર કરવામાં આવે;

(ગ) પ્રાણીવિજ્ઞાન માટે લગભગ ૧,૦૦૦ ચો. ફૂટ ક્ષેત્રફળવાળી એક પ્રયોગશાળા ફિટિંગ તથા ફર્નિચર સહિતની તૈયાર કરવામાં આવે;

(ઘ) ભૌતિકવિજ્ઞાન માટે લગભગ ૧,૦૦૦ ચો. ફૂટના ક્ષેત્રફળવાળી એક પ્રયોગશાળા, ફિટિંગ તથા ફર્નિચર સહિતની તૈયાર કરવામાં આવે;

(ચ) ૯૦૦ ચો. ફૂટના ક્ષેત્રફળવાળા બે ઓરડાઓ; અને

(છ) હાલના ગ્રંથાલયને વધુ ક્ષેત્રફળવાળા મકાનમાં સગવડ કરીને ફેરવવામાં આવે;

૩. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાન	...	રૂ. ૩૦,૦૦૦
(૨) વનસ્પતિવિજ્ઞાન	...	રૂ. ૩૦,૦૦૦
(૩) પ્રાણીવિજ્ઞાન	...	રૂ. ૧૫,૦૦૦;

૪. બોટેનિકલ ગાર્ડનની વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે નીચે જણાવેલ ખર્ચ કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાન માટે	...	રૂ. ૨,૦૦૦
(૨) વનસ્પતિવિજ્ઞાન માટે	...	રૂ. ૨,૦૦૦
(૩) પ્રાણીવિજ્ઞાન માટે	...	રૂ. ૧,૦૦૦
		કુલ રૂ. ૫,૦૦૦

૬. ગ્રંથાલયને વધુ સમૃદ્ધ કરવા માટે પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧૦,૦૦૦નો આવર્તક ખર્ચ ચાલુ વર્ષે કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય જે. જે. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જે. જે. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાવ્હિડલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૪. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ, તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. કૉલેજના મકાનમાંની હાલની પ્રયોગશાળાઓનું ક્ષેત્રફળ વધારવા અને નાની બેચમાં વિદ્યાર્થીઓને પ્રયોગ માટે હલનચલનની છૂટ રહે તેવી રીતે વ્યવસ્થા કરવામાં આવે;

૩. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૫૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં ભૌતિકવિજ્ઞાનના વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય કે. આર. દવેએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. આર. દવેની ગેરહાજરીમાં આચાર્ય વી. એ. વ્યાસે રજૂ કર્યો, તેને શ્રી. આર. બી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૫. (ક) બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

(ખ) બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ તરફથી મજકૂર કૉલેજ સાથે જૂન ૧૯૬૮થી કાનૂની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ તરીકે બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૬૯ સુધી મળેલ જોડાણ ચાલુ રાખવા તથા પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતનો નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું તથા કાયદાની વિદ્યાશાખા જોડી પ્રથમ વર્ષ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:
   (૧) ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક,
   (૨) પૂરા સમયના કાયદાના એક પ્રાધ્યાપક, અને
   (૩) બંડ સમયના કાયદાના બે વ્યાખ્યાતા;
૨. કાયદાની વિદ્યાશાખાના ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે:
   (૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
   (૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
   (૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી તેવા છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે અને તેના ગૃહપતિને ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;
૬. કૉલેજના સંચાલનમાં જે ખોટ આવે તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલનો ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એન. એસ. પંડ્યાએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એન. એસ. પંડ્યાએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવાની પ્રો. રમેશભાઈ ભટ્ટે નોટિસ આપી હતી:

"ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણમાં ચોથી લીટીમાં આવેલા શબ્દો 'કાયદાની .....થી ૧૪-૬-૧૯૬૯" સુધીના શબ્દો પડતા મૂકવા અને શરત ૧માં પેટાશરત (૨) અને (૩) તથા શરત ૨ આખી રદ કરવી."

ઉપરનો સુધારો પ્રો. રમેશભાઈ ભટ્ટે રજૂ કર્યો, તેને ડૉ. વિનોદભાઈ અધ્વર્યુએ ટેકો આપ્યો.

તે પર આચાર્ય કે. એન. શાહે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારામાં કાનૂની વિદ્યાશાખાનું જોડાણ રદ કરવાનો ઉલ્લેખ હોઈ મૂળ ઠરાવને નકારતો નથી?

અધ્યક્ષશ્રીએ ચુકાદો આપ્યો કે સદરહુ સુધારો મૂળ ઠરાવને નકારતો ગણી શકાય નહિ, અને તેથી તે કાનૂનસર છે.

ત્યાર બાદ સદરહુ સુધારા પર મત લેવામાં આવતાં તે સુધારો વધુમતે નામંજૂર થયો.

તે પછી આચાર્ય એસ. આર. ભટ્ટે ગુપ્ત મતદાનની માગણી કરી. તે પરથી કુલપતિશ્રીએ નીચેના સભ્યોને ચકાસણીદાર તરીકે નીમ્યા:

(૧) આચાર્ય સી. એલ. શાસ્ત્રી
(૨) પ્રો. મણિશંકર પંડ્યા
(૩) પ્રો. વિનોદભાઈ અધ્વર્યુ
(૪) ડૉ. એ. એમ. ત્રિવેદી.

તે પછી ગુપ્ત મતદાનથી લેવાયેલા મતોની ગણતરી થતાં સદરહુ સુધારો ૫૪ વિરુદ્ધ ૪૯ મતે (ત્રણ મત અમાન્ય)થી મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સુધારા સાથેના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૬. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૨. છાત્રાલય માટે કૉલેજના પોતાના જ શિક્ષકને ગૃહપતિ તરીકે નીમવામાં આવે અને તેમને ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે;
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. વી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને કાયમી જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. વી. દેસાઈની ગેરહાજરીમાં આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૭. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. આર. મહેતાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને કાયમી જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. મહેતાએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાણ્ડલે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૮. શ્રી. વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ તરફથી જૂન ૧૯૬૮થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ શિક્ષકમણુમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂક કરવામાં આવે :
એક પૂરા સમયના ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) શિક્ષકો માટેનો ખંડ,
(૨) વિદ્યાર્થીઓ માટેનો ખંડ, અને
(૩) પુસ્તકાલયમાં વાચન માટેનો ખંડ;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૪,૦૦૦નાં પુસ્તકો તથા રૂા. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, ભોંધવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રો. ડી. ડી. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ પ્રો. ડી. ડી. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો. થોડી ચર્ચાવિચારણા પછી આચાર્ય ય. પ્રા. શુકલે સેનેટની સભાને સમિતિના રૂપમાં ફેરવવા માટે પ્રસ્તાવ રજૂ કરવા માટે અધ્યક્ષશ્રીની પરવાનગી માગી. અધ્યક્ષશ્રીએ તે માટે પરવાનગી આપી. તે પછી તે પ્રસ્તાવને ૧૫થી વધુ સભ્યોનું અનુમોદન પણ મળ્યું. તે પછી શ્રી. બટુભાઈ હ. દેસાઈએ તે પ્રસ્તાવને ટેકો આપ્યો.

હાજર રહેલા સભ્યોની ગણતરી કરવામાં આવી, તે સંખ્યા ૧૦૨ની થઈ. તે પછી સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે માટે રૂટ. ૫૦ હેઠળ જરૂરી એવી હાજર સભ્યોની ૨/૩ જેટલી બહુમતીનો ટેકો તેને મળ્યો નહિ.

તે પછી સદરહુ પ્રસ્તાવ પર શ્રી. ધનવદન મોદીએ ગુપ્ત મતદાનની માગણી કરતાં કુલપતિશ્રીએ નીચેના સભ્યોને ચકાસણીદાર તરીકે નીમ્યા :

(૧) ડૉ. જે. જે. ચિનોય
(૨) પ્રો. કે. કા. શાસ્ત્રી
(૩) આચાર્ય એન. એસ. પંડ્યા
(૪) શ્રી. રસિકલાલ બાલચંદ શાહ.

ગુપ્ત મતદાનથી લેવાયેલ મતગણતરીનું કામ ચકાસણીદારોએ હાથ ધર્યું. તે દરમિયાન સભાગૃહની સંમતિથી સભાની ચર્ચાવિચારણા આગળ ચલાવવામાં આવી.

દરમિયાન મતગણતરીનું પરિણામ આવતાં સેનેટની સભાને સમિતિના રૂપમાં ફેરવવા માટેના આચાર્ય ય. પ્રા. શુકલના પ્રસ્તાવની તરફેણમાં ૬૬ મત પડ્યા અને વિરોધમાં ૩૪ મત પડ્યા. (બે મત અમાન્ય ઠર્યા હતા.) આમ સદરહુ પ્રસ્તાવને રૂટ. ૫૦ અનુસાર જરૂરી એવી હાજર સભ્યોની ⅔ જેટલી બહુમતી મળી શકી નહિ, તેથી તે પ્રસ્તાવ નામંજૂર કરવામાં આવ્યો.

તે પછી સેનેટની સભાની કાર્યવાહી આગળ ચાલી. મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે ૩૫ વિરુદ્ધ ૩૪ મતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી તે બાબત પર આચાર્ય જે. બી. સાવિડલે ગુપ્ત મતદાનની માગણી કરતાં કુલપતિશ્રીએ નીચેના સભ્યોને ચકાસણીદાર તરીકે નીમ્યા :

(૧) આચાર્ય એમ. એસ. પંડિત
(૨) આચાર્ય જે. સી. ત્રિવેદી
(૩) આચાર્ય ડી. એસ. જોશી
(૪) આચાર્ય ઊર્મિલાબેન પટેલ.

ત્યાર બાદ ગુપ્ત મતદાનથી લેવાયેલ મતોની ગણતરી થતાં મૂળ પ્રસ્તાવ ૪૩ વિરુદ્ધ ૫૯ મતે નામંજૂર કરવામાં આવ્યો.

૬૯. નવગુજરાત કૉમર્સ અૅન્ડ લૉ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૮થી (૧) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ, તથા (૨) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા, તથા (૧) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.કૉમ.માં અૅડવાન્સ્ડ અૅકાઉન્ટંગ અૅન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ, તથા (૨) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદને દ્વિતીય વર્ષ અૅલઅૅલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું મળેલ જોડાણ તે મુદત સુધી ચાલુ રાખવા માટેની અરજી.

અૅકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત કૉમર્સ અૅન્ડ લૉ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેનું (૧) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ, તથા (૨) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા, તથા (૧) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે બી.કૉમ.માં અૅડવાન્સ્ડ અૅકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ, તથા (૨) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ તરીકે દ્વિતીય અૅલઅૅલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧. હાલની કૉલેજના મકાન સહિતની ઊભી કરાયેલ તમામ સગવડો અને સુવિધાઓ આ કૉલેજ માટે રાખવામાં આવે;
૨. ગ્રંથાલય માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને મોંઘવારી ભથ્થું આપવામાં આવે.

નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય, અને
   (૨) હાલની કૉલેજના કાનૂની વિદ્યાશાખાના શિક્ષકગણ આ કૉલેજ માટે રાખવામાં આવે;
૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :
   (૧) આચાર્ય માટેનો ખંડ,
   (૨) કાર્યાલય માટેનો ખંડ,
   (૩) વિદ્યાર્થીઓ શિક્ષકોને મળી શકે તેવી વ્યવસ્થા સાથેનો શિક્ષકો માટેનો ખંડ,
   (૪) કૉલેજની કુલ સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ મળી શકે તેવા વિદ્યાર્થીઓ માટેનો ખંડ,
   (૫) સંલગ્ન સેનિટરી વ્યવસ્થા સાથેનો વિદ્યાર્થિનીઓનો ખંડ,
   (૬) જરૂરી વર્ગખંડો,
   (૭) ગ્રંથાલય માટેનો ખંડ,
   (૮) પાણી માટેનો ખંડ,
   (૯) કેન્ટીન માટેનો ખંડ;

૩. મે ૧૯૭૧ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;
૪. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;
૫. મંથાલય માટે રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૬. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;
૭. આચાર્ય માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;
૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;
૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;
૧૦. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય વી. આર. રણદીવે**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા (૧) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ, તથા (૨) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજોને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે." ઉપરનો પ્રસ્તાવ આચાર્ય વી. આર. રણદીવેએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૦. મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ તરફથી મજકૂર કૉલેજ સાથે જૂન ૧૯૬૮થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી મોતીલાલ નહેરુ લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ, તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મોતીલાલ નેહરુ લૉ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને સેકન્ડ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ તથા વાણિજ્ય વિદ્યાશાખા જોડી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી

તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) કાયદાની વિદ્યાશાખામાં નવા અભ્યાસક્રમને પરિણામે કાર્યબોજ વધે છે તેથી ખંડ સમયના બે વ્યાખ્યાતા,
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૪) હિંદીના એક વ્યાખ્યાતા (ખંડ સમયના),
(૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા,
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૭) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા,
(૮) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા (ખંડ સમયના),
(૯) વ્યાયામશિક્ષક;

૨. ગ્રંથાલય માટે કૉમર્સની વિદ્યાશાખામાં કુલ રૂા. ૭,૦૦૦નો નીચે મુજબ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૩. કાયદાનાં પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલય માટે જોગવાઈ કરવામાં આવે અને તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૫. રમતગમતના મેદાનનો પ્રબંધ કરવામાં આવે;

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૮. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય વી. આર. રણદીવેએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય વી. આર. રણદીવેએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ.સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૧. ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન અને ધર્મસિંહ દેસાઈ ટ્રસ્ટ તરફથી જૂન ૧૯૬૮થી નડિયાદ ખાતે શરૂ થનાર કેમિકલ એન્જિનિયરિંગ કૉલેજ માટે આપવેલ જોડાણ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન, વડોદરા અને ધર્મસિંહ દેસાઈ ટ્રસ્ટ, મુંબઈ તરફથી નડિયાદ ખાતે શરૂ કરાનાર કેમિકલ એન્જિનિયરિંગ કૉલેજના શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ બધી શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ યર બી.ઈ.(કેમ.) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય,
   (૨) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
   (૩) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૪) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૫) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૬) મિકેનિકલ એન્જિનિયરિંગના એક વ્યાખ્યાતા,
   (૭) ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન—એ પ્રત્યેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર,
   (૮) કારપેન્ટ્રી અને ફિટિંગ—એ પ્રત્યેક માટે એક એક ઇન્સ્ટ્રક્ટર,
   (૯) ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન—પ્રત્યેક માટે એક એક લેબોરેટરી આસિસ્ટંટ,
   (૧૦) એક વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટ,
   (૧૧) બે મશીન એટેન્ડન્ટ,
   (૧૨) વ્યાયામશિક્ષક,
   (૧૩) ગ્રંથપાલ;

   (નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :
   (૧) આચાર્ય માટેનો ખંડ,
   (૨) કાર્યાલય માટેનો ખંડ,
   (૩) વિદ્યાર્થીઓ શિક્ષકોને મળી શકે તેવી વ્યવસ્થા સાથેનો શિક્ષકો માટેનો ખંડ,
   (૪) કૉલેજની કુલ સંખ્યાના ઓછામાં ઓછા દશ ટકા વિદ્યાર્થીઓ મળી શકે તેવો વિદ્યાર્થીઓ માટેનો ખંડ,

(૫) સંલગ્ન સેનિટરી વ્યવસ્થા સાથેનો વિદ્યાર્થિનીઓનો ખંડ,
(૬) જરૂરી વર્ગ તથા પ્રયોગશાળા માટેના ખંડો (ટ્યુટોરિયલ્સના વર્ગો સહિત),
(૭) ગ્રંથાલય માટેનો ખંડ,
(૮) પાણી માટેનો ખંડ,
(૯) કેન્ટીન માટેનો ખંડ;

૩. મે ૧૯૭૧ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે મુજબનો ખર્ચ કરવામાં આવે :
(૧) ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન માટે ... રૂા. ૪૦,૦૦૦
(૨) વર્કશૉપ અને ડ્રૉઇંગ રૂમ માટે ... રૂા. ૫,૦૦૦
(૩) ક્લાસરૂમ અને ઑફિસ ફર્નિચર માટે ... રૂા. ૫,૦૦૦;

૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૬. ગ્રંથાલય માટે કુલ રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :
(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૭. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૮. આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૧. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. ગુ. નાયકે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન, વડોદરા અને ધર્મસિંહ દેસાઈ ટ્રસ્ટ, મુંબઈ તરફથી નડિયાદ ખાતે શરૂ કરાનાર સૂચિત કેમિકલ એન્જિનિયરિંગ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.
તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૨. નીચે જણાવેલ કૉલેજોના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ 33ની પેટાકલમ (૨) તથા (૪) પ્રમાણે તે ઉપર શ્રી. કુલસચિવે લીધેલાં પગલાં બાબત મજકૂર ધારાની પેટાકલમ (૫) મુજબ શ્રી. કુલસચિવે કરેલ રિપોર્ટ (જાણ સારુ) :

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૧)	શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ શ્રી. હિંમતનગર કૉમર્સ કૉલેજ, હિંમતનગર	...	ફર્સ્ટ યર બી.એ. અને એફ.વાય.બી.કૉમ. સુધીના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિંદી, પર્શિયન, મનોવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્ર અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ.
(૨)	ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, દમણ	...	ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ.
(૩)	કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ	...	બી.એસસી. (રસા.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ.
(૪)	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	...	બી.એ. (સબો.)માં સંસ્કૃત અને બી.એસસી. (રસા.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ.
(૫)	પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ એન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ	...	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ
(૬)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાંગામ-કરજણ	...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં હિન્દી અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ.

સદરહુ રિપોર્ટોની સભાગૃહે નોંધ લીધી.

૭૩(૧). ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૦† અનુસાર તા. ૩૧મી માર્ચ ૧૯૬૭ના રોજ પૂરા થતા વર્ષના સિન્ડિકેટે રજૂ કરેલ યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ તથા તે પર આવેલા પ્રસ્તાવો :

સિન્ડિકેટ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"તા. ૩૧મી માર્ચ ૧૯૬૭ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટે રજૂ કરેલા, ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલની સેનેટની આ સભા નોંધ લે છે."

ઉપર જણાવેલ સદરહુ પ્રસ્તાવ ૭૩(૧) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પછી લંબાણ ચર્ચાવિચારણા પછી સદરહુ પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૩૦-૩-૧૯૬૮ના રોજ બંધ રાખવામાં આવ્યું અને તા. ૩૧-૩-૧૯૬૮ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે સભાગૃહ ફરીથી મળતાં બાકી રહેલું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૭૩(૨) સર્વશ્રી. વિનોદ અધ્વર્યુ, રમેશભાઈ મ. ભટ્ટ, કે. કા. શાસ્ત્રી, સી. આર. નાયક, ડી. એચ. સુતરિયા અને એચ. સી. શુક્લે નીચેના પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ (સને ૧૯૬૬-૬૭)ના પ્રકરણ ૩ (પાન ૭થી ૯)માં દર્શાવેલ માહિતી ઉપરથી સૂચવાય છે કે પ્રતિવર્ષે કૉલેજો તેમ જ અધ્યાપકોની સંખ્યા વધતી જાય છે. આ સાથે અધ્યાપકો તેમ જ વિદ્યાસંસ્થાઓ વચ્ચેના સંબંધો બાબતના યુનિવર્સિટીએ તેમ જ સંસ્થાઓએ ઘડેલા નિયમોના અર્થઘટન, અમલ અને પાલન પરત્વે અનેક પ્રશ્નો ઉપસ્થિત થવાના પ્રસંગો પણ વધવાનો સંભવ છે. તો આવા પ્રશ્નોના નિરાકરણ માટે યુનિવર્સિટીમાં જ, યુનિવર્સિટીને ગુજરાત યુનિવર્સિટી ઍક્ટના સેક્શન ૨૫ (૧૫), ૨૫ (૨૬) અને ૨૫ (૨૭) અન્વયે મળેલી સત્તા અનુસાર કોઈ કાયમી સર્વપક્ષી તંત્ર રચવાની જોગવાઈ કરવાની, સેનેટની આ સભા લાગતાંવળગતાં મંડળોને ખૂબ આગ્રહપૂર્વક ભલામણ કરે છે."

***G. U. Act, Section 50 :**

The Annual Report of the University shall be prepared under the direction of the Syndicate and shall be submitted to the Senate on or before such date as may be prescribed by the Statutes and shall be considered by the Senate at the annual meeting. The Senate may pass resolutions thereon and communicate the same to the Syndicate which may take such action as it thinks fit, and the Syndicate shall inform the Senate at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

†Statute 90 :

The Syndicate shall take all steps to have the Annual Report of the University prepared under its direction for submission to the Senate at least 8 weeks before the date fixed for the annual meeting of the Senate.

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

ઉપર જણાવેલ સદરહુ પ્રસ્તાવ ૭૩(૨) શ્રી. વિનોદભાઈ અધ્વર્યુએ રજૂ કર્યો તેને શ્રી. કે. કા. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો રજૂ કર્યો કે સદરહુ પ્રસ્તાવની નોટિસ એક કરતાં વધુ સભ્યોએ આપેલી હોય, તે પ્રસ્તાવ રૂટે. ૨૩ અનુસાર કાનૂનસર ગણાય ખરો?

પ્રમુખશ્રીએ ચુકાદો આપ્યો કે અન્યથા કાનૂનસર હોય તે પ્રસ્તાવની નોટિસ એક કરતાં વધુ સભ્યોએ આપેલી હોય તે કારણે રૂટે. ૨૩ અનુસાર તે પ્રસ્તાવ ગેરકાનૂન ઠરતો નથી.

તે પછી શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની જે કલમો ટાંકી છે તે કલમો અસ્તિત્વમાં જ નથી તે જોતાં, સદરહુ પ્રસ્તાવ કાનૂનસર ગણાય ખરો?

તે અંગે આચાર્ય ગિરીશભાઈ પટેલે સૂચવ્યું કે સદરહુ પ્રસ્તાવમાં જણાવેલી કલમો અનુક્રમે ૨૫(૧૫), ૨૫(૨૬) અને ૨૫(૨૭) આપી છે તેને બદલે કલમો ૨૦(૧૫), ૨૦(૧૬) અને ૨૦(૧૭) ગણવામાં આવે એ શાબ્દિક સુધારો ગણાય. પ્રમુખશ્રીએ સદરહુ સુધારો શાબ્દિક સુધારો (formal) ગણવાનું આચાર્ય ગિરીશભાઈ પટેલનું સૂચન સ્વીકાર્યું.

તે પછી સદરહુ પ્રસ્તાવ ૭૩(૨) પર મત લેવામાં આવતાં તે ૨૯ વિરુદ્ધ ૨૪ મતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી આચાર્ય એમ. સી. દેસાઈએ ગુપ્ત મતદાનની માગણી કરતાં, પ્રમુખશ્રીએ નીચે મુજબ ચકાસણીદારો નીમ્યા:

(૧) આચાર્ય જે. બી. સાણ્ડિલ
(૨) આચાર્ય ઠાકોરભાઈ મહેતા
(૩) આચાર્ય એમ. સી. શાહ,
(૪) શ્રી. ચૂનીભાઈ પટેલ.

તે પછી ગુપ્ત મતદાનથી લેવાયેલ મતગણતરીનો રિપોર્ટ આવતાં મૂળ પ્રસ્તાવ ૪૧ વિરુદ્ધ ૪૪ મત(૨ મત અમાન્ય)થી મંજૂર કરવામાં આવ્યો.

૭૩ (૩). પ્રો. વિનોદ અધ્વર્યુએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ(સને ૧૯૬૬-૬૭)ના પ્રકરણ ૩ (પાન ૭) પર આપેલી વિગતોમાંથી સૂચિત પ્રતિવર્ષે કૉલેજોની વધતી જતી સંખ્યા તેમ જ વિવિધ કૉલેજ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યાને લક્ષમાં રાખીને, સરવાળે વધુ કૉલેજોની ઘટતી જતી આવશ્યકતા, કૉલેજોની આર્થિક સમતુલા, જાહેર નાણાં તેમ જ દાનની રકમોનો સધનતાપૂર્વક વધુ અસરકારક ઉપયોગ કરવાની જરૂર, સંસ્થાઓની સક્ષમતા અને તદનુસાર વિદ્યાર્થીઓ અને કાર્યકરોની સગવડો અને સલામતી, આ બધાંની દૃષ્ટિએ વિચારતાં જણાય છે કે નવી કૉલેજોને જોડાણ આપતી વખતે

વધુ કડક, વધુ દૃઢ અને વધુ દૂરંદેશીપૂર્વકની નીતિ અપનાવવાની જરૂર છે. આથી સેનેટની આ સભા, જોડાણના નિયમોને વધુ કડક બનાવવા તથા નવાં જોડાણો આપવા બાબતના અંકુશો તેમ જ જોડાણની શરતોના પાલન પરત્વે વધુ ચીવટાઈપૂર્વકનો અમલ કરવા માટેની વ્યવસ્થા કરવા, લાગતાંવળગતાં મંડળોને, ઉચ્ચ શિક્ષણનું યોગ્ય ધોરણ ટકાવી રાખવાના હેતુથી, આગ્રહપૂર્વક વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો."

ઉપર જણાવેલ પ્રસ્તાવ ૭૩(૩) શ્રી. વિનોદભાઈ અધ્વર્યુએ રજૂ કર્યો, તેને આચાર્ય ય. પ્રા. શુક્લે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૩ (૪). સર્વશ્રી સી. આર. નાયક, વિનોદ અધ્વર્યુ, કે. કા. શાસ્ત્રી, રમેશભાઈ મ. ભટ્ટ, ડી. એચ. સુતરિયા અને એચ. સી. શુક્લે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક અહેવાલના પ્રકરણ ૮માંની પાન ૪૮થી ૫૧ પરની વિગતો જોતાં જણાય છે કે આપણી અત્યારની જરૂરિયાતના પ્રમાણમાં યુનિવર્સિટીનું પ્રકાશનકાર્ય પૂરતા વેગથી થતું નથી. આથી સેનેટની આ સભા, વાચનસામગ્રીની તીવ્ર અને ગંભીર અછતની સચિંત નોંધ લે છે અને યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં સત્તામંડળોને પોતાની પૂરી શક્તિથી વિનંતી કરે છે કે તેઓ વિવિધ વિદ્યાશાખાઓ તેમ જ વિષયો માટે અનુવાદો, મૌલિક ગ્રંથો, રીડિંગ્સ, સારગ્રંથો તેમ જ ભૂમિકાગ્રંથ બહાર પાડવાનો કાર્યક્રમ 'યુદ્ધના સ્તર' પર આદરવાને પોતાનાં તમામ સાધનસંપત્તિ કામે લગાડે અને પુસ્તકોના દુકાળને ત્વરિત ગતિથી દૂર કરે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશનનું કામ વધુ વેગવાન બનાવવાની તરફેણમાં સિન્ડિકેટ છે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ઉપર જણાવેલ પ્રસ્તાવ ૭૩(૪) ડૉ. છોટુભાઈ નાયકે રજૂ કર્યો, તેને પ્રો. રમેશભાઈ ભટ્ટે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૩ (૫). શ્રી. કે. કા. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક અહેવાલના પ્રકરણ ૧૪માંની અભ્યાસેતર પ્રવૃત્તિઓ જોતાં જણાય છે કે યુનિવર્સિટીની પ્રવૃત્તિઓને ઑલ-ઇન્ડિયા રેડિયોના યુનિવર્સિટી બ્રોડકાસ્ટ જેવા મહત્ત્વના અને ઉપયોગી કાર્યક્રમો સાથે સીધો સંબંધ નથી, જ્યારે પ્રકરણ ૬ (ગુ. યુનિ. વાર્ષિક અહેવાલ -- ૧૯૬૬-૬૭)માંના પાન ૪૧ ઉપરથી જણાય છે કે ગુજરાત

યુનિવર્સિટીમાં સારી એવી સંખ્યામાં એકસ્ટર્નલ વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે તથા ઉત્તરોત્તર આ સંખ્યા વધતી જાય છે, તો આ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં શીખવતા ઉત્તમ અધ્યાપકો તેમ જ અન્ય વિદ્વાનોના માર્ગદર્શનનો લાભ આપી શકાય તે હેતુથી ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓ તેમ જ ઑલ-ઇન્ડિયા રેડિયોના સંપર્ક અને સહકાર દ્વારા રેડિયો જેવા વ્યાપક માધ્યમનો શિક્ષણના માધ્યમ તરીકે વધુ વ્યાપક અને વધુ અસરકારક ઉપયોગ કરવાની યોજના કરવા માટે ત્વરિત પ્રવૃત્તિ આદરવાની લાગતાંવળગતાં મંડળોને સેનેટની આ સભા ભારપૂર્વક ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો."

ઉપર જણાવેલ પ્રસ્તાવ ૭૩(૫) શ્રી. કે. કા. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને પ્રો. રમેશભાઈ ભટ્ટે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯§ અનુસાર રજૂ થતા ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૫-૬૬ના વર્ષના ઑડિટ થયેલા હિસાબો.

સિન્ડિકેટ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાનો આચાર્ય એમ. સી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આ સભા ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૫-૬૬ના વર્ષના ઑડિટ થયેલા હિસાબોની નોંધ લે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય એસ. આર. ભટ્ટે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

---

§G. U. Act, Section 49 :

(1) The annual accounts of the University shall be prepared under the direction of the Syndicate and shall be submitted to the State Government for audit.

(2) The Syndicate shall, after the accounts are audited, submit a copy thereof along with a copy of the Audit, to the Senate and to the State Government.

(3) The Syndicate shall also prepare, before such date as may be prescribed by the Statutes, the financial estimates for the ensuing year.

(4) The annual accounts and the financial estimates shall be considered by the Senate at its annual meeting and the Senate may pass resolutions with reference thereto and communicate the same to the Syndicate which shall take them into consideration aad take such action thereon as it thinks fit, and finally adopt the accounts and financial estimates. The Syndicate shall inform the Senate at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

૭૫. ૧૯૬૬-૬૭ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે રજૂ થતો બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો અહેવાલ.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. ડી. એચ. સુતરિયાએ નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૬૬-૬૭ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલની નોંધ લે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. ડી. એચ. સુતરિયાએ રજૂ કર્યો, તેને શ્રી. કે. કા. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૭૬(૧). ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯§ ૧થા સ્ટે. ૮૯‡ અનુસાર સિન્ડિકેટે મંજૂર કરેલું ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૬૮-૬૯નું અંદાજપત્ર તથા સને ૧૯૬૭-૬૮નું પુનર્નિર્મિત અંદાજપત્ર તથા તે પર આવેલા પ્રસ્તાવો.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ** નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ(૫) અનુસાર સિન્ડિકેટે, સેનેટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૬૮-૬૯ના અંદાજપત્ર તથા સને ૧૯૬૭-૬૮ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર સેનેટની આ સભાએ વિચારણા કરી છે, અને તેની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈ એ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૬(૨). પ્રો. વિનોદ અધ્વર્યુએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટીને સંલગ્ન કૉલેજોની અને તદનુસાર અધ્યાપકોની વધતી જતી સંખ્યા જોતાં, અધ્યાપકોના પરસ્પર સંપર્ક, વિચારવિનિમય તેમ જ અધ્યયન, અધ્યાપન અને સંશોધનના વિકાસની દૃષ્ટિએ વિવિધ વિષયોને અનુલક્ષીને વારંવાર સેમિનાર, શિબિરો, પરિષદો વગેરે યોજાય એ આવશ્યક છે એ દૃષ્ટિએ સેનેટની આ સભા યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં મંડળોને આ બાબતમાં વિશેષ

---

§ કલમ ૪૯ના પાઠ માટે પૃ. ૧૩૦ પરની પાદ ટીપ જુઓ.

‡Statute 89 :

The Syndicate shall prepare the financial estimates for the ensuing year at least eight weeks before the date fixed for the annual meeting of the Senate and shall send a copy of the financial estimates prepared by the Syndicate to all the members of the Senate so as to reach them eight weeks before the annual meeting of the Senate every year and the consideration of the budget shall be an item on the agenda of the annual meeting of the Senate.

પ્રવૃત્તિ કરવા ભારપૂર્વક ભલામણ કરે છે તથા તેવી પ્રવૃત્તિઓ શક્ય બનાવવા માટે, અંદાજપત્રના પાન નં. ૯ ઉપર વર્ષ ૧૯૬૮-૬૯ માટે સૂચવાયેલી પરિસંવાદ વગેરે માટેની જોગવાઈની રૂા. ૧૬,૦૦૦ની રકમને રૂા. ૨૦,૦૦૦ સુધી વધારવાની, અને તે પૂરી ઉપયોગમાં લેવાય તેવી પ્રવૃત્તિ કરવાની વિનંતી કરે છે."

સદરહુ પ્રસ્તાવ પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ રજૂ કર્યો, તેને પ્રો. રમેશભાઈ ભટ્ટે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૬ (૩). શ્રી. આઈ. એ. મોદીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટ હૉલમાં ચાલુ સભાએ નોંધ લેતાં ફાવે એ માટે ખુરશીઓને Attachment કરવા માટે રૂા. ૫,૦૦૦ના ખર્ચનો અંદાજ મૂકવો. એ પ્રમાણે કુલ ખર્ચ રૂા. ૮૬,૦૯,૩૩૦નું થાય એ પ્રમાણે સુધારવો. અને તેને લીધે અસર થતા બીજા આંકડાઓ એ પ્રમાણે સુધારવા."

સદરહુ પ્રસ્તાવ શ્રી. ઇન્દ્રવદન મોદીએ રજૂ કર્યો, તે પરત્વે પ્રમુખશ્રીએ જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ અંદાજપત્રમાં ફેરફાર કરવા માટે આદેશાત્મક પગલું સૂચવતો હોઈ તે સેનેટની સત્તાની મર્યાદા બહાર ગણાય અને તેથી તે કાનૂનસર ગણી શકાય નહીં, તેથી તે પ્રસ્તાવ પર વિચારણા કરવાપણું રહ્યું નહિ.

૭૬ (૪). શ્રી. એસ. કે. ઝવેરીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"અંદાજપત્રમાં એસ્ટાબ્લિશમેન્ટ ખર્ચ પાન નં. ૨, બાબત નં. ૨ અને ૩માં ખર્ચની કુલ રકમ રૂા. ૨૧,૪૮૪ મૂકવામાં આવી છે. તે રકમ ગયા વર્ષે રૂા. ૧૭,૯૫૨ હતી તેમાં જૂનાં પગારધોરણ મુજબ સામાન્ય ઇન્ક્રિમેન્ટો વગેરેની જોગવાઈ બાદ કરતાં અંદાજે રૂા. ૩,૦૦૦નો વધારો થાય છે, એટલે તે રકમ રૂા. ૨૧,૪૮૪ને બદલે અંદાજે રૂા. ૧૮,૫૦૦ કરવી."

સદરહુ પ્રસ્તાવ શ્રી. એસ. કે. ઝવેરી ગેરહાજર હોઈ તેમણે કે તેમની ગેરહાજરીમાં અન્ય કોઈએ રજૂ કર્યો નહીં, તેથી તે પડતો મૂકવામાં આવ્યો.

૭૭. સિન્ડિકેટે સુધારેલા તથા નવા ઘડેલા નીચેના ઑર્ડિનન્સો :

(અ) સુધારેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. એન્જિ. ૧થી ઑર્ડિ. એન્જિ. ૫; ઑર્ડિ. કૉમ. ૫(બી), ઑર્ડિ ૧૫(એ); ઑર્ડિ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ અને ઑર્ડિ. ૩૨૧.

(બ) નવા ઘડેલા ઑર્ડિનન્સો :

ઑર્ડિ. એન્જિ. ૬ અને ઑર્ડિ. એન્જિ. ૭.

સદરહુ ઑર્ડિનન્સો એક પછી એક વિચારણા માટે હાથ ધરવામાં આવ્યા.

તે પછી ઑર્ડિ. એન્જિ. ૧થી ઑર્ડિ. એન્જિ. ૫ મંજૂર કરવામાં આવ્યા.

તે પછી ઑર્ડિ. કૉમ. ૫(બી) ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવતાં, આચાર્ય જે. સી ત્રિવેદીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ ઑર્ડિનન્સ સિન્ડિકેટની વિચારણા માટે પાછો મોકલવામાં આવે. તે પર મત લેવામાં આવતાં તે ૩૦ વિરુદ્ધ ૩૧ મતે નામંજૂર કરવામાં આવ્યો.

તે પછી શ્રી. ગુલાબભાઈ દેસાઈએ ગુપ્ત મતદાનની માગણી કરતાં, પ્રમુખશ્રીએ નીચે મુજબ ચકાસણીદારો નીમ્યા :

(૧) ડૉ. જે. જે. ચિનોય
(૨) આચાર્ય એ. ડી. મણિયાર
(૩) ડૉ. એમ. એન. દેસાઈ
(૪) શ્રી. પંકજ શેઠ.

તે પછી ગુપ્ત મતદાનથી લેવાયેલ મતગણતરીનો રિપોર્ટ આવતાં, રેફરન્સ બૅંકનો સદરહુ પ્રસ્તાવ ૪૭ વિરુદ્ધ ૩૪ મત(૨ મત અમાન્ય)થી મંજૂર કરવામાં આવ્યો.

તે પછી ઑર્ડિ. ૧૫-એ મંજૂર કરવામાં આવ્યો.

તે પછી ઑર્ડિ. ૧૨૯ના સંબંધકર્તા ભાગમાં પરીક્ષા નં. ૧—First LL.B.ની પરીક્ષા "Second Monday in March"ને બદલે "Second Monday in April" તે પ્રમાણે શાબ્દિક સુધારો કરવા માટે પ્રમુખશ્રીએ પરવાનગી આપી.

તે પછી સદરહુ શાબ્દિક સુધારા સાથે ઑર્ડિ. ૧૨૯ મંજૂર કરવામાં આવ્યો.

તે પછી ઑર્ડિ. ૩૨૧ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવતાં, આચાર્ય સી, એલ. શાસ્ત્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ પ્રસ્તાવ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવે. તેને આચાર્ય બી. એમ. પીરઝાદાએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

(સિન્ડિકેટે સુધારેલા અને નવા ઘડેલા ઑર્ડિનન્સો તથા રિફર બૅક થયેલ ઑર્ડિનન્સોની નકલ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

અગ્રતાક્રમ અંગે આવેલા નીચેના સુધારાઓ :

ડૉ. સી. આર. નાયક નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આગામી તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ના રોજ મળનારી સેનેટની વાર્ષિક સભાના કામકાજની યાદીની બાબત ૮૯ની વિચારણા બાબત ૭૭ પછી કરવા વિનંતી છે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. છોટુભાઈ નાયક રજૂ કર્યો.

તે અંગે શ્રી. રણજિતરામ શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવ રૂટ. ૩૧ની પેટાકલમ (૯) મુજબ કાનૂનસર ગણાય ખરો ?

તે અંગે પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સભાગૃહના કામકાજની યાદી ઉપરની બાબતોનો ક્રમ બદલવાનો પ્રસ્તાવ રૂટ. ૩૧(૯) મુજબ યાદી પરના ઑર્ડિનન્સ, સ્ટેચ્યૂટ્સ અને યુનિવર્સિટી ધારામાં સુધારા અંગેની બાબતોનો નિકાલ થયા પછી જ ચર્ચાવિચારણા માટે હાથ ધરી શકાય, તે જોતાં બાબત નં. ૭૭ પછી બાબત નં. ૮૯ હાથ ધરવાનો ડૉ. છોટુભાઈ નાયકનો પ્રસ્તાવ કાનૂનસર ગણી શકાય નહીં.

કુલપતિશ્રીએ આપેલા ઉપરના ચુકાદાને અનુલક્ષીને પ્રો. રમેશભાઈ ભટ્ટે તેમનો નીચેનો સુધારો રજૂ કર્યો નહિ :

"I the undersigned hereby move that the item No. 89 of the Agenda be placed before item No. 78 in the Agenda."

તે પછી બાબત નં. ૭૮ની વિચારણા હાથ ધરવામાં આવી.

૬૮. સ્ટે. ૧૧ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ :
Statute 11 :

"The election of the Ordinary Members by the public associations or bodies named in sub-clauses (*b*), (*c*), (*d*), (*e*) of Section 16(1), Class II(A). Clause (*iv*) shall be held in the manner prescribed in St. 163. On the 31st of December just preceding the date of election, the Registrar shall prepare a roll of the public associations and bodies entitled to vote thereat and not less than 21 clear days before the date of election, the Registrar shall notify to the public associations and bodies concerned whose names are entered in the respective rolls, that an election of their representative to the Senate of the University is due, indicating at the same time, the date by which the result of the election shall by communicated to the University.

Provided that in the case of the election of the Ordinary Members by the Gujarat Legislative Assembly named in sub-clause (*e*), the Secretary of the State Legislative Assembly shall, in the event of its reconstitution or occurrence of any vacancy of its representative on the Senate, intimate to the University Registrar about it and the Registrar shall thereupon notify in the aforesaid manner within a period of 21 days from the date of receipt of such intimation by the State Legislative Assembly."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. બટુભાઈ હ. દેસાઈએ નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૧ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. બટુભાઈ હ. દેસાઈની ગેરહાજરીમાં શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પછી શ્રી. કુલસચિવે સૂચન કર્યું કે સદરહુ સ્ટેચ્યૂટના છેલ્લા પેરેગ્રાફમાં "The Secretary of the State Legislative Assembly" એ શબ્દોને બદલે "The Secretary, Gujarat Legislature Secretariat" એ શબ્દો શાબ્દિક સુધારો ગણીને મૂકવામાં આવે.

પ્રમુખશ્રીએ સદરહુ સુધારાને શાબ્દિક સુધારો ગણવાનું શ્રી. કુલસચિવનું સૂચન સ્વીકાર્યું.

તે પછી સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં ઉપર જણાવેલ શાબ્દિક સુધારા સાથે તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૬. આચાર્ય ડી. એમ. શીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"This meeting of the Senate recommends to amend Statute 21 as below :

Statute 21 will be read as below :

Fifty members of the Senate shall form a quorum and all questions shall be decided by a majority of votes of the members present, the Chairman, in the case of equality of votes having a second or casting vote."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય દર્શનસિંગ શીખે રજૂ કર્યો, તેને આચાર્ય એ. એચ. આર્ફ. વોરાએ ટેકો આપ્યો.

તે પર શ્રી. ધનવદન મોદીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"On account of separation of 2 Universities, it is advisable to correct the number of a quorum and therefore Statute 21 be amended as below :

Twenty members of the Senate shall form a quorum and all questions shall be decided by a majority of votes of the members present, the Chairman, in the case of equality of votes having a second or casting vote."

સદરહુ સુધારો શ્રી. ધનવદન મોદીએ રજૂ કર્યો. તેને પ્રો. વિનોદભાર્ફ અધ્વર્યુએ ટેકો આપ્યો.

તે પરત્વે આચાર્ય સી. એલ શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારો મૂળ પ્રસ્તાવને નકારતો (negate કરતો) હોર્ઈ તે કાનૂનસર ગણાય ખરો ?

પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ મૂળ પ્રસ્તાવને નકારે છે તેમ કહી શકાય નહીં, અને તેથી તે કાનૂન બહાર ઠરતો નથી.

તે પછી પ્રમુખશ્રીની સંમતિથી શ્રી. ઇન્દ્રવદન મોદીએ પોતાનો સુધારો પાછો ખેંચી લીધો.

ત્યાર પછી આચાર્ય દર્શનસિંગ શીખે રજૂ કરેલ મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે પક્ષ વિરુદ્ધ ૧૪ મતે મંજૂર કરવામાં આવ્યો.

૮૦. સ્ટે. ૯૯ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ભલામણ :

St. 99 :

"The subjects comprised in each of these faculties shall be as follows :

(1) Faculty of Arts including Education :

Humanities

(*a*) Modern Indian Languages :
Gujarati
Marathi
Hindi
Urdu
Sindhi
Bengali

(*b*) Other Modern Languages :
English
German
French

(*c*) Classical Languages :
Sanskrit
Pali
Prakrit (Ardhamagadhi), Avesta and Pahlavi
Persian and Arabic

(*d*) History
Archaeology
Epigraphy and Numismatics
Logic and Philosophy

Mathematics
Statistics
Education
Fine Arts
Indian Culture (Ancient, Mediaeval and Modern) and Eastern Culture
Town Planning and Architecture
Physical Education
Journalism
Library Science
Linguistics

Social Sciences

(*e*) Politics
Economics
Sociology
Civics
Psychology
Anthropology
Geography
Home Science
Labour Welfare
Co-operation

(*f*) General Education

(2) Faculty of Science :

(*a*) Mathematics
Statistics
Geography
Physics
Chemistry
Botany
Zoology
Microbiology
Geology

(*b*) General Education

(3) Faculty of Technology including Engineering :

Engineering Technology
Civil Engineering
Mechanical Engineering
Electrical Engineering
Sanitary Engineering
Tele-communications
Chemical Engineering
Automobile Engineering
Aeronautical Engineering
Textile Engineering
Town Planning and Architecture
Mathematics
Geology

(4) Faculty of Agriculture :

Agriculture including Veterinary Science
Forestry

(5) Faculty of Law :

Law and Jurisprudence

(6) Faculty of Medicine :

Medicine including Indigenous Systems
Surgery including Ophthalmology
Midwifery and Gynaecology
Medical Jurisprudence
Pharmacy
Dental Surgery
Nursing

(7) Faculty of Commerce :

(*a*) Economics
Politics
Statistics
Commerce
Geography

Accounting including Costing and Actuarial Science
Co-operation
Mathematics
Labour Welfare

(*b*) General Education

(8) Faculty of Ayurvedic Medicine :

Ayurvedic Medicine."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. જે. બી. હરિભક્તિએ નોટિસ આપી હતી :

"રૂ. ૬૯ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. જે. બી. હરિભક્તિએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાવ્હિલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૧. આચાર્ય ડી. એમ. શીખે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"This meeting of the Senate recommends to amend Statute 104 as below :

Statute 104 will be read as below :

"Not less than one-half of the number of members, or three members, whichever is greater, of any Faculty shall constitute a quorum for a meeting of the Faculty."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય દર્શનસિંગ શીખે રજૂ કર્યો, તેને આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ ટેકો આપ્યો. તે પછી સભાગૃહની સંમતિથી આચાર્ય દર્શનસિંગ શીખે સદરહુ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો.

તે પછી બાબત નં. ૮૨ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૮૨. રૂ. ૧૦૮ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ભલામણ :

St. 108 :

"The following Boards of Studies may be constituted under the provisions of Section 25 (1) :

Faculty of Arts including Education :

(1) Gujarati
(2) Marathi

(3) Hindi
(4) Sindhi
(5) Bengali
(6) English
(7) Modern European Languages (German and French)
(8) Sanskrit
(9) Prakrit and Pali
(10) Persian, Arabic and Urdu
(11) Avesta and Pahlavi
(12) History, Archaeology, Epigraphy and Numismatics
(13) Political Science
(14) Sociology and Anthropology
(15) Logic, Philosophy and Political Philosophy
(16) Psychology
(17) Education
(18) Indian Culture (Ancient, Mediaeval and Modern) and Eastern Culture
(19) Home Science
(20) Physical Education
(21) Journalism
(22) Fine Arts
(23) Library Science
(24) *Linguistics*

Faculties of Arts and Commerce :

(25) Labour Welfare
(26) Economics
(27) Co-operation

Faculties of Arts, Science and Commerce :

(28) Geography
(29) Statistics
(30) General Education

Faculties of Arts including Education and Technology including Engineering :

(31) Town Planning and Architecture

Faculties of Arts including Education, Science, Commerce and Technology including Engineering :

(32) Mathematics

Faculty of Science :

(33) Physics
(34) Chemistry
(35) Botany
(36) Zoology
(37) Microbiology

Faculties of Science and Technology including Engineering :

(38) Geology

Faculty of Commerce :

(39) Commerce
(40) Accounting including Costing
(41) Actuarial Science and Statistics

Faculty of Law :

(42) Board of Studies in Jurisprudence, International Law (Private and Public), Constitutional Law
(43) Board of Studies in Crime, Law of Obligation (i.e. Torts, Contracts and Labour Laws), Procedural Laws
(44) Board of Studies in Law of Property and Personal Laws, Taxation Laws

Faculty of Technology including Engineering :

(45) Civil Engineering
(46) Mechanical Engineering
(47) Electrical Engineering

Faculty of Medicine (including Pharmacy) :

(48) Pre-Clinical subjects comprising Anatomy, Physiology, Pharmacology and Patholoy
(49) Medicine comprising Medicine, Preventive Medicine and Forensic Medicine, Surgery comprising Surgery, Ophthalmology, Midwifery and Gynaecology

(50) Pharmacy comprising Pharmaceutical Technology, Pharmaceutical Microbiology and Bio-chemical Engineering, Pharmaceutical Chemistry, Pharmacognosy, Physiology, Bio-assays, Pharmacy Management and Drug Marketing

(51) Dental Surgery

(52) *Nursing*

Faculty of Ayurvedic Medicine :

(53) Ayurvedic Medicine

Faculty of Agriculture :

(54) Agriculture."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. જે. બી. હરિભક્તિએ નોટિસ આપી હતી :

"રૂટે. ૧૦૮ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. જે. બી. હરિભક્તિએ રજૂ કર્યો, તેને આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પછી આચાર્ય સી. એસ. શાહે સૂચવ્યું કે સદરહુ રટેચ્યૂટમાં પેટાકલમ ૫૦માં Physiology પછી Pharmacology વિષય રહી ગયેલો છે તે એમાં શાબ્દિક સુધારો ગણીને ઉમેરવો જોઈએ.

પ્રમુખશ્રીએ સદરહુ સુધારાને શાબ્દિક સુધારો ગણવાનું ડૉ. સી. એસ. શાહનું સૂચન સ્વીકાર્યું.

તે પછી મત લેવામાં આવતાં સદરહુ પ્રસ્તાવ, ઉપરના શાબ્દિક સુધારા સાથે, મંજૂર કરવામાં આવ્યો.

૮૩. સેનેટે તેની તા. ૮/૯-૧૦-૧૯૬૭ની સભામાં સિન્ડિકેટને રિફર બૅક કરેલ રટે. ૧૩૪ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ :

St. 134 :

"The pay-scale of the Registrar shall be that of a University Professor and he shall, in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other whole-time employees of the University from time to time, provided, however, that with effect from the date on which the post of the Controller of Examinations is filled in, he shall cease to receive the examination allowance paid to the supervisory staff of the University.

He shall, in addition, be entitled to a rent-free furnished house including water and telephone facilities.

He shall also be entitled to the benefit of provident fund and gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time.

The provisions of this Statute shall be deemed to take effect from 1-7-1967."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ** નોટિસ આપી હતી :

"રટે. ૧૭૪ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. રણજિતરાય ગ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈ એ ટેકો આપ્યો.

તે પછી શ્રી. રસિકલાલ બાલચંદ શાહે જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવની ચર્ચાવિચારણા દરમ્યાન શ્રી. કુલસચિવ સભાગૃહમાં હાજર રહે તે યોગ્ય ગણાય ખરું ? પ્રમુખશ્રીએ જણાવ્યું કે સેનેટના સભ્ય તરીકે શ્રી. કુલસચિવને સભાગૃહમાં હાજર રહેવાનો હક છે, પણ તેઓ સ્વેચ્છાએ બહાર જઈ શકે છે.

તે પછી શ્રી. કુલસચિવ સભાગૃહની બહાર ગયા અને તેમની જગ્યા કુલપતિશ્રીની સૂચનાથી નાયબ કુલસચિવ શ્રી. એસ. પી. મેઢે લીધી.

તે પછી ચર્ચાવિચારણા દરમ્યાન આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સેનેટે તેની ગઈ સભામાં સદરહુ સ્ટેચ્યૂટનો મુસદ્દો સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલ્યો હતો તે મૂળ (original) મુસદ્દો આ સભાગૃહ સમક્ષ રજૂ થયો નથી તે જોતાં સદરહુ પ્રસ્તાવ કાનૂનસર ગણાય ખરો ?

પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર છે.

તે પછી થોડીક ચર્ચાવિચારણા બાદ સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે ૬૦ વિરુદ્ધ ૮ મતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી શ્રી. કુલસચિવ સભાગૃહમાં તેમના સ્થાન પર ફરી હાજર થયા.

૮૪. **આચાર્ય કે. આર. દવેએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"આથી સેનેટની આ સભા યુનિવર્સિટીનાં યોગ્ય સત્તામંડળોને ભલામણ કરે છે કે સ્ટેચ્યૂટ ૧૭૪માં છેલ્લી લીટી—

'The provisions of this Statute shall come into effect from 15th June 1970.'

એ પ્રમાણે વંચાય એ રીતે સ્ટેચ્યૂટ સુધારવામાં આવે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, તેમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય કે. આર. દવેની ગેરહાજરીમાં આચાર્ય રમણીકભાઈ શાહે રજૂ કર્યો, તેને આચાર્ય ય. ગુ. નાયકે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય જે. બી. સાણ્ડલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સ્ટે. ૧૭૩ સુધારવા માટેનો પ્રસ્તાવ ઑક્ટોબર ૧૯૬૭માં સેનેટની સભામાં રજૂ કરવામાં આવ્યો હતો તે વાતને હજુ ૭ મહિનાનો સમય વીત્યો નથી, તો તે કાનૂનસર ગણાય ખરો?

પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે ઑક્ટોબર ૧૯૬૭માં રજૂ કરવામાં આવેલો પ્રસ્તાવ અને આ પ્રસ્તાવમાં જે ફરક છે તે જોતાં તેને ૭ માસની સમયમર્યાદાનો બાધ નડી શકે તેમ નથી.

તે પછી શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવ અંગે ઍકેડેમિક કાઉન્સિલને પૂછવામાં આવ્યું નથી તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો?

પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૯(૫) જોતાં સદરહુ પ્રસ્તાવ શ્રી. ઝીણાભાઈ દેસાઈએ રજૂ કરેલ કારણસર કાનૂન બહાર ઠરતો નથી.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે ગુજરાત યુનિવર્સિટી ધારાની, કલમ ૧૮(૧) અને ૧૮(૨) જોતાં સદરહુ પ્રસ્તાવ કાનૂનસર ગણાય ખરો!

તે પછી પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૮(૧) અને ૧૮(૨) જોતાં કાનૂન બહાર ઠરતો નથી.

તે પર લંબાણુ ચર્ચાવિચારણા પછી આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ ચર્ચાબંધી (closure)નો પ્રસ્તાવ રજૂ કર્યો, તેને શ્રી. ઇન્દ્રવદન મોદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં ચર્ચાબંધીનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો.

તે પછી મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે ૨૫ વિરુદ્ધ ૪૬ મતે નામંજૂર કરવામાં આવ્યો.

તે પછી શ્રી. પંકજ શેઠે ગુપ્ત મતદાનની માગણી કરતાં, પ્રમુખશ્રીએ નીચે મુજબ ચકાસણીદારો નીમ્યા:

(૧) આચાર્ય એસ. આર. ભટ્ટ
(૨) આચાર્ય એમ. સી. દેસાઈ
(૩) શ્રી. મણિશંકર પી. પંડ્યા
(૪) આચાર્ય ઈશ્વરભાઈ પટેલ.

ગુપ્ત મતદાનની ગણતરીનો અહેવાલ આવતાં સદરહુ પ્રસ્તાવ ૩૨ વિરુદ્ધ ૪૬ મતે નામંજૂર કરવામાં આવ્યો.

૮૫. આચાર્ય કે. આર. દવેએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા સ્ટેચ્યૂટ ૧૭૩માં છેલ્લી લીટી—

'The provisions of this Statute shall come into effect from 15th June 1970.'

એ પ્રમાણે વંચાય એ રીતે સુધારવાનું ઠરાવે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય કે. આર. દવે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ તેથી તે પડતો મૂકવામાં આવ્યો.

૮૬. શ્રી. આર. બી. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ તથા અન્ય યુનિવર્સિટી અધિકારી મંડળોને ભલામણ કરે છે કે યુનિવર્સિટીના પ્રવેશ અંગેના નવા સુધારેલા સ્ટે. ૧૭૩માં સ્ટેચ્યૂટના અમલ અંગે જે પ્રોવિઝો છે તે લાઈનમાં એટલે છેલ્લી લાઈનમાં 15th June 1968ને રદ કરી 15th June 1970 મૂકવું, જેથી સ્ટેચ્યૂટનો સુધારેલો પ્રોવિઝો નીચે પ્રમાણે વંચાય :

'The provisions of this Statute shall come into effect from 15th June 1970.'"

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. આર. બી. શાહે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ તેથી તે પડતો મૂકવામાં આવ્યો.

૮૭. આચાર્ય ય. ગુ. નાયકે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ મીટિંગ ઠરાવે છે કે હાલના સ્ટેચ્યૂટ ૧૭૩માં નીચે પ્રમાણે સુધારો કરવો :

સ્ટેચ્યૂટની છેલ્લી બે લાઈનમાં 15th June 1968 એ શબ્દો છે તેને બદલે 15th June 1969 એ શબ્દો મૂકવા.

આથી સુધારો કરવાથી આખો સ્ટેચ્યૂટનો શરૂઆતનો બધો ભાગ જેમનો તેમ રહેશે, પરંતુ છેલ્લી બે લાઈન નીચે પ્રમાણે વંચાશે :

'The provisions of this Statute shall come into effect from 15th June 1969.'"

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને ડૉ. એમ. એન. દેસાઈએ ટેકો આપ્યો.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવ બાબત નં. ૮૪ ઉપર સભાગૃહે હજુ હમણાં જ ચર્ચાવિચારણા કરીને નિર્ણય લીધો છે તે જોતાં કાનૂનસર ગણાય ખરો ?

પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ અને બાબત નં. ૮૪થી ૨જૂ થયેલ પ્રસ્તાવ વચ્ચે જે ફરક છે તે જોતાં સદરહુ પ્રસ્તાવ કાનૂન બહાર ઠરતો નથી.

તે પછી સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે ૨૫ વિરુદ્ધ ૩૭ મતે નામંજૂર કરવામાં આવ્યો.

૮૮. આચાર્ય આઈ. એમ. પટેલે નીચેના પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"સ્ટેચ્યૂટ ૧૭૩ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો:

St. 173 :

(1) For admission to the Pre-Uni. Class in the faculties of Arts, Commerce and the First Year Diploma Class in Pharmacy and the First Year in the Diploma Classes in Fine Arts, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State or an examination considered equivalent thereto in at least seven subjects of which English (at higher or lower level) shall be one :

Provided that a candidate who has not offered Algebra–Geometry or Elementary Mathematies at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at the Pre-Uni. Arts Examination.

(2) For admission to the Pre-University Science, F.Y. Diploma Class in Pharmacy and Pre-University Science (Agri.) Classes, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which
(*i*) English (at higher or lower level);
(*ii*) Elementary Mathematics or Algebra–Geometry, and
(*iii*) Physics–Chemistry or General Science or Physiology and Hygiene shall be three of them;

or

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—
(*i*) English (at higher or lower level);
(*ii*) Elementary Mathematics or Algebra–Geometry, and
(*iii*) Physics–Chemistry or General Science or Physiology and Hygiene as his subjects.

The provision of this Statute shall come into effect from 15th June 1968."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય આઈ. એમ. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ તેથી તે પડતો મૂકવામાં આવ્યો.

તે પછી બાબત નં. ૮૯ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૮૯. સ્ટે. ૨૦૪ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ:

St. 204 :

The scales of pay of the teachers in the University departments are fixed as under :

(1) Professors	..	Rs. 1100-50-1300-60-1600
(2) Readers	..	Rs. 700-50-1250
(3) Lecturers	..	Rs. 400-40-800-50-950
(4) Demonstrators	..	Rs. 250-15-400.

In addition to the above scales of pay the teachers shall be entitled to Dearness Allowance, if any, at the rates that may be sanctioned by the Syndicate on the basis of the Gujarat Government pay-scales in which Dearness Allowance is merged and such other allowances, if any, that may be sanctioned by the Syndicate from time to time.

The provision of the revised pay-scales shall be deemed to take effect from 1st April, 1966 and the provision for payment of Dearness Allowance and other allowances, if any, will be deemed to take effect from 1st April, 1965."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"સ્ટે. ૨૦૪ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. એ. એમ. ત્રિવેદીની ગેરહાજરીમાં શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય ય. પ્રા. શુક્લે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સભાગૃહનું કામકાજ બંધ કરવામાં આવ્યું અને તેથી બાકીની નીચેની બાબતો ચર્ચા-વિચારણા માટે હાથ ધરી શકાઈ નહોતી :

૯૦. ડૉ. ડી. એચ. સુતરિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા લાગતીવળગતી સંસ્થાને વિનંતી કરે છે કે ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ ૧૬(૧)(એ)(*iii*)માં નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારો કરે :

16 (1) (A) (*iii*) : Last Ex-Vice-Chancellor of the University residing in the State."

૯૧. ડૉ. સી. આર. નાયકે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ઠરાવે છે કે, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવે :

Section 25 :

(1) There shall be a Board of Studies for every subject or group of subjects as may be prescribed by the Statutes.

(2) Each Board shall consist of the following members :

I. Ex-officio Members

(*i*) Such members of the Faculty under which the Board is constituted as may be assigned to by the Syndicate after ascertaining the wishes of the members concerned—

(*a*) no member of the Faculty shall be assigned to more than two Boards under the Faculty, and

(*b*) no assignment of a member so made shall be changed during the term of his office except when any of the Boards are re-constituted, in which case he shall have the option to choose one of the Boards so re-constituted and be assigned to accordingly.

(*ii*) Such teachers in the University departments as hold the post of a Professor in the subject or the senior-most Reader in the subject, if no Professor is appointed in that subject.

II. Co-opted Members

(1) Three persons to be co-opted by the Board from amongst recognised post-graduate teachers of the subject or group of subjects for which the Board is constituted.

(2) Provided that in the event of there being no recognised post-graduate teacher in the University area, it shall be competent for the Board to co-opt such teacher or teachers in the affiliated colleges as hold the status of at least Professor of any subject for which the Board is constituted.

(3) The Chairman shall be elected by the members of the Board from amongst themselves.

(4) The term of office of all members shall be co-terminus with the term of office of the elected members of the Senate.

(5) The other powers and duties of the Boards of Studies shall be as prescribed by the Statute."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

૯૨. શ્રી. આઈ. કે. મોદીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"The meeting of the Senate-requests the Government of Gujarat to amend the Section 33 suitably so as to accept the decision of the Senate as a final one in the matter of affiliation."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફાર સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની કાર્યવાહી ચાલુ હોઈ આ તબક્કે સિન્ડિકેટ સદરહુ બાબત અંગે કશો અભિપ્રાય જણાવવા ઇચ્છતી નથી."

૯૩. શિક્ષણની અલગ વિદ્યાશાખા સ્થાપવાની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૬-૮-૧૯૬૭ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણની અલગ વિદ્યાશાખા સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણની અલગ વિદ્યાશાખા સ્થાપવા માટે જરૂરી કાર્યવાહી કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. પ્રા. શુકલે નોટિસ આપી હતી :

"શિક્ષણની અલગ વિદ્યાશાખા સ્થાપવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે તથા તે અંગે ગુજરાત યુનિવર્સિટી ધારામાં જરૂર મુજબ ફેરફાર કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવે"

૯૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ સ્ટેટિસ્ટિકસની જગ્યા ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૭-૧૯૬૭ની સભાની ભલામણ

"વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ સ્ટેટિસ્ટિકસની એક જગ્યા ઊભી કરવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૫/૬-૮-૧૯૬૭ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ પ્રોફેસર ઑફ સ્ટેટિસ્ટિકસની એક જગ્યા ઊભી કરવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. એ. એમ. ત્રિવેદી**એ નોટિસ આપી હતી :

"પ્રોફેસર ઑફ સ્ટેટિસ્ટિકસની એક જગ્યા ઊભી કરવા માટેની ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

૯૫. સિન્ડિકેટની તા. ૫/૬-૩-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે મ્યુનિસિપલ કૉર્પોરેશનના સૂચિત ૧૨૦ ફૂટના ટી.પી. રસ્તાની જમીનનો કબજો સેનેટની અનુમતિ મળ્યેથી અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને સોંપવાનું રાખવું અને તે અંગે ઘટતી કારવાઈ કરવા કુલપતિશ્રીને સત્તા આપવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **શ્રી. રણજિતરાય ગ. શાસ્ત્રી**એ નોટિસ આપી હતી :

"મ્યુનિસિપલ કૉર્પોરેશનના સૂચિત ૧૨૦ ફૂટના ટી.પી. રસ્તાની જમીનનો કબજો અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને સોંપવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

૯૬. તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન ક્લિનિકલ પેથોલોજી(ડી.સી.પી.)ના એક વર્ષના અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવાની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૧૦-૧૯૬૫ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન ક્લિનિકલ પેથોલોજી(ડી.સી.પી.)નો એક વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૨૦-૧૧-૧૯૬૫ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન ક્લિનિકલ પેથોલોજી (ડી.સી.પી.)નો એક વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. જે. બી. હરિભક્તિએ નોટિસ આપી હતી:

"તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન ક્લિનિકલ પેથોલોજી(ડી.સી.પી.)નો એક વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવા માટેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

તે પર ડૉ. પી. એલ શાહે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી:

"તબીબી વિદ્યાશાખા..... .....મંજૂર કરવામાં આવે."

"ડૉ. જે. બી. હરિભક્તિના આ ઠરાવમાં 'એક વર્ષનો' એ શબ્દોને બદલે 'બે વર્ષનો' કરવો."

૯૭. તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન સાઇકિયાટ્રિક મેડિસિનનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૮-૧૯૬૭ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમા ઇન સાઇકિયાટ્રિક મેડિસિનની પરીક્ષાનો અનુસ્નાતક અભ્યાસક્રમ દાખલ કરવા માટે તથા તે ડિપ્લોમા સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧૯-૮-૧૯૬૭ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન સાઇકિયાટ્રિક મેડિસિનનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. જે. બી. હરિભક્તિએ નોટિસ આપી હતી:

"તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન સાઇકિયાટ્રિક મેડિસિનનો અનુસ્નાતક ડિપ્લોમા (ડી.પી.એમ.) અભ્યાસક્રમ સ્થાપવા માટેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

૯૮. તબીબી વિદ્યાશાખા હેઠળ બી.એસસી. ઇન નર્સિંગનો અભ્યાસક્રમ સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ

"તબીબી વિદ્યાશાખા હેઠળ બી.એસસી. ઇન નર્સિંગનો અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૨૭-૮-૧૯૬૬ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **રો. જે. બી. હરિભક્તિ**એ નોટિસ આપી હતી :

"તબીબી વિદ્યાશાખા હેઠળ બી.એસસી. ઇન નર્સિંગ(post-basic)નો અભ્યાસક્રમ સ્થાપવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

૯૯. ડિપ્લોમા ઇન એજ્યુકેશન એન્ડ વોકેશનલ ગાઇડન્સનો બે વર્ષનો પાર્ટ-ટાઇમ ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવાની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમા ઇન એજ્યુકેશન એન્ડ વોકેશનલ ગાઇડન્સ"નો બે વર્ષનો પાર્ટ-ટાઇમ અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવાની સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણને મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. એલ. આર. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"ડિપ્લોમા ઇન એજ્યુકેશન એન્ડ વોકેશનલ ગાઇડન્સ"નો બે વર્ષનો પાર્ટ-ટાઇમ અનુસ્નાતક ડિપ્લોમા (ડી.પી.એડ. એન્ડ વી.જી.)નો અભ્યાસક્રમ સ્થાપવાની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

આચાર્ય એન. એમ. પરીખે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ઍકેડેમિક કાઉન્સિલની ભલામણમાં 'આથી ઠરાવવામાં આવે છે કે' તે શબ્દો પછીના 'ડિપ્લોમા ઇન એજ્યુકેશન એન્ડ વોકેશનલ ગાઇડન્સ' શબ્દોને બદલે 'ડિપ્લોમા ઇન એજ્યુકેશન એન્ડ વોકેશનલ ગાઇડન્સ એન્ડ કાઉન્સેલિંગ (Dip. E.V.G.C.)' શબ્દો મૂકવામાં આવે. બાકીના શબ્દો જેમ છે તેમ રાખવામાં આવે અને શ્રી. એલ. આર. દેસાઈનો ઠરાવ નીચે પ્રમાણે સુધારીને મંજૂર કરવામાં આવે :

> ડિપ્લોમા ઇન એજ્યુકેશનલ એન્ડ વોકેશનલ ગાઇડન્સ એન્ડ કાઉન્સેલિંગ (Dip. E.V.G.C.)નો બે વર્ષનો પાર્ટ-ટાઇમ અનુસ્નાતક ડિપ્લોમાનો અભ્યાસક્રમ સ્થાપવાની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

૧૦૦. બી.એસસી. પછી વિજ્ઞાનના શિક્ષણ માટે એમ.એસસી. (એડ.)નો બે વર્ષનો ડિગ્રી અભ્યાસક્રમ સ્થાપવાની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે બી.એસસી. પછી વિજ્ઞાનના શિક્ષણ માટે એમ.એસસી. (એડ.)ની બે વર્ષના અભ્યાસક્રમની ડિગ્રી સ્થાપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભાની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણને મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

" બી.એસસી. પછી વિજ્ઞાનના શિક્ષણ માટે એમ.એસસી. (એડ.)નો બે વર્ષનો ડિગ્રી અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

૧૦૧. પાંચ વર્ષનો સુગ્રથિત કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પાંચ વર્ષનો સુગ્રથિત કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી અભ્યાસક્રમ સ્થાપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભાની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણને મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રો. કે. જે. ભટ્ટે નોટિસ આપી હતી :

" પાંચ વર્ષનો સુગ્રથિત કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે. "

૧૦૨. બી.એસસી. પછીના ત્રણ વર્ષના કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બી.એસસી. પછીનો ત્રણ વર્ષનો કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી (Degree)નો અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભાની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણને મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રો. કે. જે. ભટ્ટે નોટિસ આપી હતી :

"બી.એસસી. પછીનો ત્રણ વર્ષનો કેમિકલ એન્જિનિયરિંગનો અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

૧૦૩. કાયદાની વિદ્યાશાખા હેઠળ ધારાશાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૯૬ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીમાં ધારાશાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન (A Post-graduate Department of Law) સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૩-૧૨-૧૯૯૬ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં ધારાશાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય એન. એસ. પંડ્યાએ નોટિસ આપી હતી :

"ધારાશાસ્ત્રની વિદ્યાશાખા હેઠળ ધારાશાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવા માટેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

૧૦૪. સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના વિષય માટે રૂા. ૨૦ (વીસ)ની એક એવી બે વધુ શિષ્યવૃત્તિઓ સ્થાપવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૯૬ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના વિષય માટે રૂા. ૨૦ (વીસ)ની એક એવી બે શિષ્યવૃત્તિઓ સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૫-૩-૧૯૯૬ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના વિષય માટે રૂા. ૨૦ (વીસ)ની એક એવી બે શિષ્યવૃત્તિઓ સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રો. બી. આર. શેનોયે નોટિસ આપી હતી :

"સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના વિષય માટે રૂ. ૨૦ (વીસ)ની એક એવી બે શિષ્યવૃત્તિઓ સ્થાપવા માટેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

૧૦૫. ગ્રંથાલયશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફી-માફીનું ધોરણ કુલ વિદ્યાર્થીઓની કુલ ટ્યૂશન ફીના પાંચ ટકાને બદલે દસ ટકા રાખવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલયશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફી-માફીનું ધોરણ કુલ વિદ્યાર્થીઓની કુલ ટ્યૂશન ફીના પાંચ ટકાને બદલે દસ ટકા રાખવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૫-૩-૧૯૬૬ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલયશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફી-માફીનું ધોરણ કુલ વિદ્યાર્થીઓની કુલ ટ્યૂશન ફીના પાંચ ટકાને બદલે દસ ટકા રાખવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની રૉ. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"ગ્રંથાલયશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફી-માફીનું ધોરણ કુલ વિદ્યાર્થીઓની કુલ ટ્યૂશન ફીના પાંચ ટકાને બદલે દસ ટકા રાખવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

૧૦૬. રિસર્ચ સ્કોલરશિપ અંગે એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની નીચેની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે હાલમાં યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી ૨૦ સંશોધન શિષ્યવૃત્તિઓ પૈકી ૧૨ શિષ્યવૃત્તિઓ વિજ્ઞાન વિદ્યાભવનમાંથી નોંધાતા વિદ્યાર્થીઓ પૂરતી જ અનામત રાખવામાં આવી છે તેને બદલે તે ૧૨ શિષ્યવૃત્તિઓ વિજ્ઞાન વિદ્યાશાખામાં પીએચ.ડી. પદવી માટે નોંધાતા તમામ વિદ્યાર્થીઓને માટે વિસ્તારવા તથા બાકીની ૮ શિષ્યવૃત્તિઓ હાલ છે તેમ જ બધી જ વિદ્યાશાખામાંથી પીએચ.ડી. પદવી માટે નોંધાતા વિદ્યાર્થીઓ માટે રાખવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની રૉ. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"હાલમાં યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી ૨૦ સંશોધન શિષ્યવૃત્તિઓ પૈકી ૧૨ શિષ્યવૃત્તિઓ વિજ્ઞાન વિદ્યાભવનમાંથી નોંધાતા વિદ્યાર્થીઓ પૂરતી જ અનામત રાખવામાં આવે છે તેને બદલે તે ૧૨ શિષ્યવૃત્તિઓ વિજ્ઞાન વિદ્યાશાખામાં પીએચ.ડી. પદવી માટે નોંધાતા તમામ

વિદ્યાર્થીઓને માટે વિસ્તારવા તથા બાકીની ૮ શિષ્યવૃત્તિઓ હાલ છે તેમ જ બધી જ વિદ્યાશાખા-માંથી પીએચ.ડી. પદવી માટે નોંધાતા વિદ્યાર્થીઓ માટે રાખવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

૧૦૭. આચાર્ય બી. એમ. પંડિતે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી વિષય લીધા વિના પાસ થનાર અથવા અંગ્રેજી લઈને તેમાં નાપાસ થનાર વિદ્યાર્થીને યુનિવર્સિટીના પ્રી-યુનિ. વિનયનના વર્ગમાં દાખલ થવાને પાત્ર ગણવો જોઈએ અને તે અંગેની જોગવાઈ યુનિવર્સિટીના પ્રવેશ અંગેના નિયમોમાં જરૂરી ફેરફાર કરીને કરવી જોઈએ."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

૧૦૮. આચાર્ય બી. એમ. પંડિતે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"પૂર્વ-સ્નાતક કક્ષામાંથી ટ્યુટોરિયલ પદ્ધતિ નાબૂદ કરવી જોઈએ."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

૧૦૯. આચાર્ય બી. એમ. પંડિતે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"એસ.એસ.સી.માં એલિમેન્ટરી મૅથ્સ. (પ્રાથમિક ગણિતશાસ્ત્ર)માં ૫૫ ટકા ગુણ મેળવી પાસ થનાર વિદ્યાર્થીને પ્રી-યુનિ. સાયન્સમાં પ્રવેશ આપવાની જોગવાઈ ફક્ત ૧૯૬૮-૬૯ના વર્ષ પૂરતી કરવી ખાસ જરૂરી છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

૧૧૦. શ્રી. આર. બી. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે ટેકસ્ટાઈલ ઉદ્યોગમાં અમદાવાદની અને ગુજરાતની વિશિષ્ટતા જોતાં ગુજરાત યુનિવર્સિટીમાં 'ટેકસ્ટાઈલ એન્જિનિયરિંગ' અને 'ટેકસ્ટાઈલ ટેકનોલોજી' ના પદવી અભ્યાસક્રમો તાકીદે સ્થાપિત કરવામાં આવે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાન્તિક તરફેણ કરે છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

૧૧૧. આચાર્ય ય. ગુ. નાયકે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા ઠરાવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝને બદલે નીચેના વિષયોનાં સ્વતંત્ર ડિપાર્ટમેન્ટ ઊભાં કરવાં અને ડિરેક્ટરની જગા રદ કરવી. આ અંગે યુનિવર્સિટી અધિકારમંડળોએ યોગ્ય પગલાં લઈ જૂન ૧૯૬૮થી આ યોજના અમલમાં મૂકવી :

(૧) કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ
(૨) ફિઝિક્સ ડિપાર્ટમેન્ટ
(૩) બોટની ડિપાર્ટમેન્ટ
(૪) ઝૂલોજી ડિપાર્ટમેન્ટ
(૫) સ્ટેટિસ્ટિક્સ ડિપાર્ટમેન્ટ, અને
(૬) મૅથેમેટિક્સ ડિપાર્ટમેન્ટ."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ બાબત પર ડૉ. સી. આર. નાયકે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"બાબત ૧૧૧માં આચાર્ય ય. ગુ. નાયકના પ્રસ્તાવની બીજી લીટીમાં આવતા શબ્દો 'સ્વતંત્ર ડિપાર્ટમેન્ટ ઊભાં કરવાં' પછી પૂર્ણવિરામ મૂકવું અને 'અને ડિરેક્ટરની જગા રદ કરવી' એમ શબ્દો કાઢી નાખવા."

૧૧૨. આચાર્ય ય. ગુ. નાયકે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા ઠરાવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝને બદલે નીચેના વિષયોનાં સ્વતંત્ર ડિપાર્ટમેન્ટ ઊભાં કરવાં અને ડિરેક્ટરની જગા રદ કરવી. આ અંગે યુનિવર્સિટી અધિકારમંડળોએ યોગ્ય પગલાં લઈ જૂન ૧૯૬૮થી આ યોજના અમલમાં લાવવી :

(૧) ઇકોનોમિક્સ ડિપાર્ટમેન્ટ
(૨) પોલિટિક્સ ડિપાર્ટમેન્ટ
(૩) સોશિયોલોજી ડિપાર્ટમેન્ટ
(૪) લેબર વેલ્ફેર ડિપાર્ટમેન્ટ."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ બાબત પર ડૉ. સી. આર. નાયકે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"બાબત ૧૧૨ માં આચાર્ય ય. ગુ. નાયકના પ્રસ્તાવની બીજી લીટીમાં 'સ્વતંત્ર ડિપાર્ટમેન્ટ ઊભાં કરવાં', પછી પૂર્ણવિરામ મૂકવું અને 'અને ડિરેક્ટરની જગા રદ કરવી' એ શબ્દો કાઢી નાખવા."

૧૧૩. આચાર્ય ય. ગુ. નાયકે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ [redacted]વર્સિટી સ્કૂલ ઑફ લેંગ્વેજીસને બદલે નીચેના વિષયોનાં સ્વતંત્ર ડિ[redacted] ડિરેક્ટરની જગા રદ કરવી. આ અંગે યુનિવર્સિટી

અધિકારમંડળોએ યોગ્ય પગલાં લઈ જૂન ૧૯૬૮થી આ યોજના અમલમાં લાવવી :

(૧) ગુજરાતી ડિપાર્ટમેન્ટ (લિંગ્વિસ્ટિક્સ સહિત)
(૨) સંસ્કૃત ડિપાર્ટમેન્ટ તથા ક્લાસિકલ લેંગ્વેજીસ
(૩) હિંદી તથા અન્ય આધુનિક ભારતીય ભાષા ડિપાર્ટમેન્ટ
(૪) અંગ્રેજી તથા અન્ય આધુનિક પરદેશી ભાષા ડિપાર્ટમેન્ટ."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ બાબત પર આવેલા નીચેના સુધારાઓ :

(૧) ડૉ. સી. આર. નાયકે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"બાબત ૧૧૪માં આચાર્ય ય. ગુ. નાયકનો પ્રસ્તાવ સુધારીને નીચે મુજબ વાંચવો :

સેનેટની આ સભા ઠરાવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ લેંગ્વેજીસમાં નીચેના વિષયોનાં ડિપાર્ટમેન્ટ ઊભાં કરવાં. આ અંગે યુનિવર્સિટી અધિકાર મંડળોએ યોગ્ય પગલાં લઈ જૂન ૧૯૬૮થી આ યોજના અમલમાં લાવવી :

૧. ગુજરાતી ડિપાર્ટમેન્ટ (લિંગ્વિસ્ટિક્સ સહિત)
૨. સંસ્કૃત ડિપાર્ટમેન્ટ
૩. પર્શિયન ડિપાર્ટમેન્ટ
૪. હિંદી ડિપાર્ટમેન્ટ
૫. અંગ્રેજી ડિપાર્ટમેન્ટ."

(૨) ડૉ. એ. એમ. ત્રિવેદીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ઠરાવની પેટા કલમો નીચે પ્રમાણે વંચાય તેમ સુધારો કરવો :

૧. ગુજરાતી ડિપાર્ટમેન્ટ
૨. લિંગ્વિસ્ટિક્સ ડિપાર્ટમેન્ટ
૩. સંસ્કૃત તથા પ્રાકૃત ડિપાર્ટમેન્ટ
૪. પર્શિયન તથા ઉર્દૂ ડિપાર્ટમેન્ટ
૫. હિંદી તથા અન્ય ભારતીય ભાષા ડિપાર્ટમેન્ટ
૬. અંગ્રેજી તથા આધુનિક પરદેશી ભાષા ડિપાર્ટમેન્ટ
બાકીનો ભાગ મૂળ પ્રમાણે."

૧૧૪. આચાર્ય ય. ગુ. નાયકે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આ સેનેટની સભા ઠરાવે છે કે એમ.એ[illegible].એસસી. તથા એમ.કૉમ.ના વિષયો માટે હાલની જે યોજના છે તેને બદલે એ પ્રકારન[illegible]જના કરવી : (૧) પાસ કોર્સ, અને (૨) ઑનર્સ કોર્સ.

(ઇ) ઑનર્સ કોર્સમાં હાલની પદ્ધતિ મુજબ જે વિદ્યાર્થીઓ ઓછામાં ઓછા સેકન્ડ ક્લાસમાં પાસ થાય તેને જ ડિગ્રી આપવામાં આવશે.

(ઈ) એમ.એ., એમ.એસસી. અને એમ.કોમ. પાર્ટ ૧નો અભ્યાસક્રમ બધાને માટે સામાન્ય રાખવો અને એમાં જે વિદ્યાર્થીઓને ૩૬ ટકાથી વધુ અને ૪૮ ટકાથી ઓછા માર્ક્સ મળ્યા હોય તેને પાર્ટ ૨ની પરીક્ષા પાસ કોર્સ માટે આપવા દેવી.

(ઉ) એમ.એ., એમ.એસસી. અને એમ. ામ. પાર્ટ ૨માં પાસ કોર્સ અંગેના અભ્યાસક્રમોની પુનર્રચના કરવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

"સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય જાણ્યા વિના સિન્ડિકેટ કશો અભિપ્રાય દર્શાવવા પહોંચી નથી એમ સેનેટને જણાવવું."

સદરહુ બાબત પર ડૉ. એ. એમ. ત્રિવેદીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

" ઠરાવની પેટાકલમ (ઇ) નીચે પ્રમાણે વંચાય તેમ સુધારો કરવો અને બાકીનો મૂળ પ્રમાણે રાખવો :

'(ઇ) એમ.એ., એમ.એસસી. અને એમ.કોમ. દરેકના પાર્ટ ૧નો અભ્યાસક્રમ બધાને માટે સામાન્ય રાખવો. અને એમાં જે વિદ્યાર્થીઓને ૪૬ ટકા અથવા વધુ માર્ક મળ્યા હોય તે સૌને પાર્ટ ૨ના પાસ કોર્સમાં પ્રવેશને લાયક ગણવા. "

૧૧૫. શ્રી. એસ. એમ. ઠક્કરે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધી ઍકસ્ટર્નલ પરીક્ષા આપવાની જે જોગવાઈ છે તે ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં સતત બે વર્ષથી શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધારવા સેનેટની આ સભા જરૂરી કાર્યવાહી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની લાગતીવળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

૧૧૬. શ્રી. આઈ. એ. મોદીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"This meeting of the Senate recommends to the concerned authorities of the University to review the position of internal evaluation so as to make internal test as qualifying examinations for admissions to the University examination and to take off its impact on the class awarded at the various examinations."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

૧૧૭. આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"આથી આ સેનેટ ઠરાવે છે કે અનુસ્નાતક શિક્ષણ હાલ અમદાવાદ શહેરમાં યુનિવર્સિટી ભવનો દ્વારા જ અપાય છે તેને બદલે આ ભવનો ઉપરાંત શહેરમાં આવેલી અને અનુસ્નાતક શિક્ષણ માટેની શરતો પૂરી કરે તેવી કૉલેજોને પણ આ શિક્ષણ સોંપવું."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

૧૧૮. શ્રી. વી. પી. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન થયેલી દરેક વિદ્યાસંસ્થાનું શૈક્ષણિક કાર્ય પ્રાર્થનાથી શરૂ થવું જોઈએ. જે વિદ્યાસંસ્થાઓમાં આ નિયમ પળાય છે તે અભિનંદનને પાત્ર છે. વિદ્યાસંસ્થાઓમાં આ નિયમનું પાલન ન થતું હોય ત્યાં તે નિયમ પળાય તે માટે વ્યવસ્થા કરવી જોઈએ."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સંસ્થાઓનું કામકાજ પ્રાર્થનાથી શરૂ કરવાની બાબતમાં નિયમ કરી શકાય નહિ એમ સેનેટને અભિપ્રાય આપવો."

૧૧૯. શ્રી. વી. પી. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"અમદાવાદના અનુસ્નાતક વિદ્યાર્થીઓ અમદાવાદ બહાર બહારગામનાં અનુસ્નાતક કેન્દ્રોમાં મોટી સંખ્યામાં અભ્યાસ કરવા માટે શુક્ર, શનિ અને રવિવારે જાય છે, તેમની જવા-આવવાની હાડમારી દૂર કરવા માટે અને સમય અને ધનનો બચાવ કરવા માટે અમદાવાદ બહારનાં અનુસ્નાતક કેન્દ્રોની માફક અમદાવાદમાં કોઈ પણ સ્થળે શુક્રવારે અને શનિવારે સાંજે અને રવિવારે સવારના સમયે યુનિવર્સિટી તરફથી વ્યવસ્થા કરવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

૧૨૦. શ્રી. વી. પી મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"આ વર્ષે ઉચ્ચ ગણિત એકડમ શ્રેણી અગિયારમાં દાખલ થયેલું છે અને સાયન્સ કૉલેજમાં પ્રવેશ માટે ફરજિયાત થયેલું છે, પરંતુ આ નિયમથી વિદ્યાર્થીઓને ઘણું નુકસાન થવા સંભવ છે તો જે વિદ્યાર્થીઓ પ્રાથમિક ગણિતમાં ૬૦ ટકાથી વધારે ગુણ મેળવે તેમને સાયન્સ કૉલેજમાં પ્રવેશ માટે યોગ્ય ગણવા."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

૧૨૧. શ્રી. વી. પી. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"બી.એડ. પછી પાંચ વર્ષ કે તેથી વધુ સમયનો શૈક્ષણિક અનુભવ હોય તેવા શિક્ષકોને એમ.એડ.ની પરીક્ષામાં સીધા બેસવા દેવા જોઈએ."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

૧૨૨. શ્રી. વી. પી. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કૉલેજ-પ્રવેશ માટે દરેક વિદ્યાર્થીએ સંસ્કૃતની પરીક્ષા ઉત્તીર્ણ કરવી જોઈએ, કારણ કે સંસ્કૃત ભાષાના અભ્યાસથી સંસ્કારિતા અને ચારિત્ર્યઘડતર સારી રીતે કેળવાય છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ બાબત પર ડૉ. સી. આર. નાયકે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી:

"બાબત ૧૨૨માં શ્રી. વી. પી. મહેતાનો પ્રસ્તાવ નીચે મુજબ સુધારીને વાંચવો :

"કૉલેજ-પ્રવેશ માટે દરેક વિદ્યાર્થીએ ક્લાસિકલ લેંગ્વેજ અથવા આધુનિક યુરોપીય અંગ્રેજી સિવાયની ભાષાની પરીક્ષા ઉત્તીર્ણ કરવી જોઈએ."

૧૨૩. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદને તા. ૧૫મી જૂન ૧૯૬૪થી બે વર્ષ માટે તથા તા. ૧૫મી જૂન ૧૯૬૬થી પાંચ વર્ષ માટે પીએચ.ડી.માં સંસ્કૃત-પ્રાકૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો માટે સિન્ડિકેટે આપેલી માન્યતા (જાણ સારુ).

૧૨૪. શ્રી. ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરતને તા. ૧૫મી જૂન, ૧૯૬૫થી ત્રણ વર્ષ માટે એમ.એ. અને પીએચ.ડી.માં ગુજરાતીના અભ્યાસક્રમો માટે સિન્ડિકેટે આપેલી માન્યતા (જાણ સારુ).

૧૨૫. શ્રી. દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એન્ડ ઇન્ડોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દ્વારકાને સંસ્કૃતમાં પીએચ.ડી.ની પદવી માટે સંશોધન કરવા તા. ૧૫મી જૂન ૧૯૬૫થી ત્રણ વર્ષ માટે સિન્ડિકેટે આપેલી માન્યતા (જાણ સારુ).

૧૨૬. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને તા. ૧૫મી જૂન ૧૯૬૪થી બે વર્ષ માટે, તથા તા. ૧૫મી જૂન ૧૯૬૬થી ત્રણ વર્ષ માટે પીએચ.ડી.માં મનોવિજ્ઞાન વિષયના અભ્યાસક્રમ માટે સિન્ડિકેટે આપેલી માન્યતા (જાણ સારુ).

૧૨૭. સેન્ટ્રલ સૉલ્ટ ઍન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરને તા. ૧૫મી જૂન ૧૯૬૪થી બે વર્ષ માટે, તથા તા. ૧૫મી જૂન ૧૯૬૬થી ત્રણ વર્ષ માટે, પીએચ.ડી.માં રસાયણવિજ્ઞાનના તથા વનસ્પતિવિજ્ઞાનના વિષયના અભ્યાસક્રમો માટે સિન્ડિકેટે આપેલી માન્યતા (જાણ સારુ).

૧૨૮. સેનેટે તેની તા. ૧૭/૧૮-૧૦-૧૯૬૪ની સભામાં પસાર કરેલા નીચેના ઠરાવ પર સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ) :

સેનેટનો ઠરાવ

"ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધી ઍકસ્ટર્નલ પરીક્ષા આપવાની જોગવાઈ છે. આ પ્રકારની જોગવાઈ વિનયન વિદ્યાશાખામાં અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે પણ કરવા સેનેટની આ સભા જરૂરી કાર્યવાહી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની લાગતીવળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણનો સ્વીકાર કરવો નહિ."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી."

૧૨૯. સેનેટે તેની તા. ૧૦/૧૧/૧૨-૩-૧૯૬૫ની વાર્ષિક સભામાં પસાર કરેલ નીચેના પ્રસ્તાવ પર સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ) :

સેનેટનો ઠરાવ

"ગુજરાતી માધ્યમને સફળ બનાવવાના હેતુથી અનેક વિષયોમાં ગુજરાતી પાઠ્યપુસ્તકોની આવશ્યકતા રહે છે. યુનિવર્સિટીએ હાથ ધરેલું આ કામ ત્વરાથી ઊકલે તે હેતુથી સેનેટની આ સભા ભલામણ કરે છે કે ૧૯૬૫-૬૬ના અંદાજપત્રમાં રૂપિયા પાંચ લાખની જોગવાઈ પુસ્તક-પ્રકાશન માટે કરવી અને સ્નાતક કક્ષાના મુખ્ય વિષયોનાં પુસ્તકોનું ત્વરિત પ્રકાશન હાથ ધરવું."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે પુસ્તકોના પ્રકાશનની પ્રવૃત્તિ માટે જરૂર પ્રમાણે આર્થિક જોગવાઈ કરવામાં આવશે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

૧૩૦. સેનેટની તા. ૨૬/૨૭/૨૮-૩-૧૯૬૬ની સભામાં સને ૧૯૬૬-૬૭ના અંદાજપત્ર પરત્વેના નીચેના મંજૂર થયેલ પ્રસ્તાવો પર સિન્ડિકેટનો રિપોર્ટ :

(૧) "આથી સિન્ડિકેટ અને અન્ય અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૬-૬૭ના અંદાજપત્રમાં યુનિવર્સિટી શિક્ષણ તથા સંશોધન માટે ખર્ચના અંદાજેલા રૂ. ૨૦,૦૫,૬૦૦ને બદલે રૂ. ૨૦,૩૦,૬૦૦ની જોગવાઈ કરી સ્થાનિક તેમજ ભારતનાં અન્ય વિશ્વવિદ્યાલયોના વિદ્વાન પ્રાધ્યાપકોને નિમંત્રણ આપી આપણાં ભવનોમાં જરૂરી વિષયો પર વ્યાખ્યાનો યોજવામાં રૂપિયા પચીસ હજારની રકમનો આ વર્ષે ઉપયોગ કરવો."

(૨) "આથી સિન્ડિકેટ તેમ જ અન્ય અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૬-૬૭ના અંદાજપત્રમાં પ્રતિનિધિત્વ ફી તેમ જ પ્રતિનિધિ તરીકે જવા-આવવાના મુસાફરી ભથ્થા માટે અંદાજેલા રૂા. ૭,૦૦૦ના ખર્ચને બદલે રૂા. ૨૦,૦૦૦નો ખર્ચ મંજૂર કરવો અને વિવિધ વિદ્યા માટેનાં અખિલ ભારતીય સંમેલનોમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલીને તે વિદ્યાવિષયો માટેના રાષ્ટ્રીય સંપર્ક સ્થાપવા અને નભાવવાના કાર્યમાં વધારાની રકમનો ઉપયોગ કરવો."

(૩) "માર્ચ ૧૯૬૫ની સેનેટની સભામાં ગુજરાતી પાઠ્યપુસ્તકોનું પ્રકાશન ત્વરિત બને તે હેતુથી મોટી રકમ ખર્ચવાની સેનેટની ભલામણ છતાં તા. ૩૦-૧૧-૧૯૬૫ સુધીમાં એ કામમાં ફક્ત રૂા. ૫૭,૭૩૦ ખર્ચી શકાયા છે તેની નોંધ લઈને સેનેટની આ સભા સિન્ડિકેટ અને અન્ય અધિકૃત મંડળોને આગ્રહયુક્ત ભલામણ કરે છે કે ૧૯૬૬-૬૭માં પાઠ્યપુસ્તકોના પ્રકાશન માટે અંદાજેલી રકમનો પૂરો ઉપયોગ કરીને વધુ વિષયોમાં અને વધુ સંખ્યામાં પુસ્તકોનું પ્રકાશન થાય તેવી યોજના સફળ બનાવે."

(૪) "આથી સિન્ડિકેટ અને અન્ય અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે કે ૧૯૬૬-૬૭ના વર્ષમાં અનુસ્નાતક કાર્ય માટે અંદાજેલી રકમ રૂા. ૧,૨૫,૦૦૦ને બદલે રૂા. ૧,૪૦,૦૦૦નો અંદાજ મંજૂર કરીને વધારાની રકમ આપણાં અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રત્યેક વિષયમાં બીજાં કેંદ્રોના તે વિષયના વિદ્વાનોનાં વ્યાખ્યાનો યોજવામાં ખર્ચવી."

સિન્ડિકેટનો રિપોર્ટ

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે સેનેટના ઉપરના ઠરાવ નં. ૧ મુજબ અંદાજપત્રમાં જરૂરી ફેરફાર કરવા.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સેનેટના ઉપરના ઠરાવ નં. ૨ મુજબ અંદાજપત્રમાં જરૂરી ફેરફાર કરવા.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે જરૂર જણાશે તો અંદાજપત્રમાં પૂરક જોગવાઈ કરી શકાશે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે જરૂર જણાશે તો અંદાજપત્રમાં પૂરક જોગવાઈ કરી શકાશે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

૧૩૧. સેનેટે તેની તા. ૨૬/૨૭/૨૮-૩-૧૯૬૬ની સભામાં સને ૧૯૬૬-૬૭ના અંદાજપત્ર અંગે પસાર કરેલા નીચેના પ્રસ્તાવ પર સિન્ડિકેટનો રિપોર્ટ :

સેનેટની તા. ૨૬/૨૭/૨૮-૩-૧૯૬૬નો સભાનો ઠરાવ

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર સિન્ડિકેટે સેનેટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૬૬-૬૭ના અંદાજપત્ર તથા સને ૧૯૬૫-૬૬ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર, સેનેટની આ સભાએ વિચારણા કરી છે અને તેની નોંધ લે છે અને યુનિવર્સિટીની વિવિધલક્ષી પ્રવૃત્તિઓમાં પરીક્ષાઓ અને તેને લગતાં તમામ કામકાજમાં અન્ય વહીવટી કાર્યો કરતાં વધારે જવાબદારી છે અને રહેશે તે હકીકત ધ્યાનમાં લઈ ૧૯૬૬-૬૭ના અંદાજપત્રમાં પરીક્ષા

વિભાગ માટે અંદાજેલા ખર્ચમાં નીચે દર્શાવેલી વધારાની જગ્યાઓ ઊભી કરવા માટે વધારાના ખર્ચની જોગવાઈ કરવા માટે સિન્ડિકેટને વિનંતી કરે છે :

૧.	કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ (રજિસ્ટ્રારની ગ્રેડમાં)	... એક
૨.	આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર	... એક
૩.	સુપરિન્ટેન્ડન્ટ્સ	... ત્રણ
૪.	હેડકલાર્ક	... છ."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પરીક્ષાના કામકાજ અંગે નવી સ્થાપવામાં આવેલી જગ્યાઓ સહિત નીચે મુજબની એકંદર જગ્યાઓ થાય છે અને તે પર્યાપ્ત જણાય છે, એમ સેનેટને તેના તા. ૨૬/૨૭/૨૮-૩-૧૯૬૬ના ઠરાવના સંદર્ભમાં રિપોર્ટ કરવો :

કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ	...	એક
આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર	...	એક
ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ	...	ત્રણ (બે કાયમી, એક હંગામી)
હેડકલાર્ક	...	ચાર (બે કાયમી, બે હંગામી)
આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ	...	એક
સિનિયર ઑપરેટર	...	પાંચ
સિનિયર ઑપરેટર	...	ચૌદ
જુનિયર ક્લાર્ક	...	એકત્રીસ

ઉપરાંત યુનિવર્સિટી કાર્યાલય માટે ૨૦૦ મેન-મન્થ્સ (man-months) જેટલા જુનિયર કારકુનોની જગ્યાઓ હંગામી ધોરણે જરૂર પ્રમાણે નીમવા માટે મંજૂર કરવામાં આવી છે તેમની સેવાઓ પણ પરીક્ષાના કામકાજ માટે મળી શકશે."

[યુનિવર્સિટીની પરીક્ષાઓના કામકાજ અંગે નીચે પ્રમાણે અંતિમ વ્યવસ્થા થઈ છે તે જાણ સારુ :

કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ	એક
આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર	એક
સુપરિન્ટેન્ડન્ટો (યંત્ર વિભાગના સુપરિન્ટેન્ડન્ટ સહિત)	ત્રણ
હેડકલાર્ક	ત્રણ
આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ (યંત્ર વિભાગ)	એક
સિનિયર ઑપરેટર	પાંચ
સિનિયર ક્લાર્ક	ચાર
*જુનિયર ઑપરેટર	ચાર
જુનિયર ક્લાર્ક	અઠ્ઠાવીસ.]

*જુનિયર ઑપરેટરોની કુલ ૧૪ જગ્યાઓમાંથી ૪ જગ્યાઓ રાખી બાકીની ૨૬ કરવા અને તે જગ્યાઓ પર હાલ કામ કરતા કર્મચારીઓનો યુનિવર્સિટી કાર્યાલયમાં ક્રમશઃ ધોરણે સમાવેશ કરવા તથા પંચિંગ કામ એસ.એસ.સી. બોર્ડના ધોરણે કરાવવા નક્કી કરવામાં આવ્યું છે.

૧૩૨. જોડાણઅરજીઓ માટે સિન્ડિકેટ તરફથી નિમાતી સ્થાનિક તપાસસમિતિઓને અપાતી સૂચનાઓમાં કરેલ સુધારાઓ બાબત સિન્ડિકેટનો નીચેનો ઠરાવ (જાણ સારુ) :

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે જોડાણની કાર્યવાહી અંગે સ્થાનિક તપાસસમિતિઓને અપાતી સૂચનાઓ સુધારવી તથા સુધારેલી સૂચનાઓ અંગે સેનેટને જાણ કરવી."

(સ્થાનિક તપાસસમિતિઓને અપાતી સૂચનાઓ પરિશિષ્ટ "ઘ" તરીકે આપવામાં આવી છે.)

૧૩૩. નીચેનાં પ્રદાનોનો સાભાર સ્વીકાર કર્યા બાબતનો સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ) :

(૧) (રાયબહાદુર શ્રી. છગનલાલ પ્રાણુલાલ જેતલી તરફથી માર્ચ–એપ્રિલમાં લેવાતી એમ.એ.ની પરીક્ષામાં "પ્રાચીન ભારતીય સંસ્કૃતિ"નો સ્પેશિયલ અગર એન્ટાયર વિષય લઈ બેઠેલ ઉમેદવારો પૈકી ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણાંક સાથે સૌથી વધારેમાં વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "રાયબહાદુર છગનલાલ પ્રાણુલાલ જેતલી સુવર્ણચંદ્રક" આપવા માટેનું રૂા. ૬,૦૦૦ની હિંદ સરકારની ૩ ટકાની ૧૯૮૬ની કન્વર્ઝન લોનરૂપે મળેલ પ્રદાન.

(૨) પ્રોફેસર એ. ડી. ઝાલા, એમ.એ.,એલએલ.બી. તરફથી દર વર્ષે માર્ચ–એપ્રિલમાં લેવાતી એમ.એ.ની પરીક્ષામાં "Home Science"નો ખાસ વિષય લઈ બેઠેલા ઉમેદવારોમાં સૌથી વધારે સરવાળે ગુણાંક મેળવી ઓછામાં ઓછા બીજા વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીને દર વર્ષે આશરે રૂા. ૧૫૦ની કિંમતનો "શ્રીમતી ભલીબહેન અરવિંદરાય ઝાલા મેમોરિયલ સુવર્ણચંદ્રક" આપવા માટે રૂા. ૫,૩૦૦ની હિંદ સરકારનો ૩ ટકા કન્વર્ઝન લોન તથા ચાલુ વર્ષના રૂા. ૧૫૦ રોકડાનું મળેલ પ્રદાન.

(૩) પ્રોફેસર ટી. કે. એન. મેનન એજ્યુકેશન ફંડ કમિટીના ચેરમેન શ્રી. એન. બી. પટેલ તરફથી એમ.એડ.ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધારે ગુણાંક મેળવી ઓછામાં ઓછા બીજા વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "પ્રોફેસર ટી. કે. એન. મેનન ગોલ્ડ મેડલ ઇન એજ્યુકેશન" એ નામનો એક સુવર્ણચંદ્રક દર વર્ષે આપવા માટે રૂા. ૫,૦૦૦ રોકડાનું મળેલ પ્રદાન.

(૪) શ્રી. બાલુભાઈ ગિરધરલાલ ચેરિટી ટ્રસ્ટના ચેરમેન શ્રી. ગોરધનદાસ બાલુભાઈ તરફથી દર વર્ષે માર્ચ–એપ્રિલમાં લેવાતી બી.એ.ની પરીક્ષામાં ગૃહવિજ્ઞાન વિષય લઈ બેસનાર વિદ્યાર્થિનીઓ પૈકી ગૃહવિજ્ઞાનના પ્રશ્નપત્રમાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીને "શ્રીમતી સાંકુબહેન બાલુભાઈ ગિરધરલાલ સુવર્ણચંદ્રક" આપવા માટે રૂા. ૫,૦૦૦ રોકડાનું મળેલ પ્રદાન.

(૫) "શ્રી. ગુલાબચંદ તલકચંદ ચેરિટેબલ ટ્રસ્ટ"ના ટ્રસ્ટી શ્રી. ગુલાબચંદ તલકચંદ શેઠ તરફથી દર વર્ષે માર્ચ–એપ્રિલમાં લેવાતી એમ.એ.ની પરીક્ષામાં સમાજશાસ્ત્રનો સમગ્ર વિષય લઈ બેઠેલા ઉમેદવારો પૈકી સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "શ્રી કેશવલાલ તલકચંદ શેઠ" એ નામનું પારિતોષિક આપવા માટે રૂા. ૫,૦૦૦ રોકડાનું મળેલ પ્રદાન.

(૬) ડૉ. હરિશ્ચંદ્ર એસ. ખંઢેરિયા મેમોરિયલ એન્ડાઉમેન્ટ ફંડ દ્વારા શ્રીમતી શારદાબહેન એચ. ખંઢેરિયા તરફથી ઑક્ટોબર તથા માર્ચ-એપ્રિલમાં લેવાતી ત્રીજી એમ.બી.,બી.એસ. પરીક્ષામાં તબીબી વિજ્ઞાન (મેડિસિન)ના વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "ડૉ. હરિશ્ચંદ્ર એસ. ખંઢેરિયા તબીબી વિજ્ઞાન સુવર્ણચંદ્રક" આપવા માટે રૂા. ૫,૦૦૦ રોકડા તથા ચાલુ વર્ષે રૂા. ૨૦૦નું મળેલ પ્રદાન.

(૭) શ્રી. ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ તરફથી દર વર્ષે માર્ચ-એપ્રિલમાં લેવાતી બી.એ.ની પરીક્ષામાં સંસ્કૃતનો મુખ્ય વિષય લઈ બેઠેલ વિદ્યાર્થીઓમાં સંસ્કૃતનાં ૬ પેપરોમાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થઈ એમ.એ.ની પદવી માટે સંસ્કૃતનો મુખ્ય વિષય લઈ વેદાંત ઐચ્છિક વિષય પસંદ કરી અભ્યાસ ચાલુ રાખનાર વિદ્યાર્થીને "શ્રી. ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ ટાર્ધલ્સવાળા પારિતોષિક" આપવા માટે રૂા. ૫,૦૦૦ રોકડાનું મળેલ પ્રદાન.

(૮) શ્રી. દક્ષિણકુમાર ગૌરીશંકર જોષી તરફથી દર વર્ષે માર્ચ-એપ્રિલમાં લેવાતી બી.એ.ની પરીક્ષામાં ગુજરાતીનો સ્પેશિયલ વિષય લઈ બેસનાર વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થઈ એમ.એ.ની પદવી માટે ગુજરાતીનો વિષય લઈ અભ્યાસ ચાલુ રાખનાર વિદ્યાર્થીને એ વર્ષ માટે વાર્ષિક રૂા. ૧૫૦ની "શ્રી. ધૂમકેતુ શિષ્યવૃત્તિ" આપવા માટે રૂા. ૬,૪૦૦ રોકડા તથા ચાલુ સાલ માટેની શિષ્યવૃત્તિના વધારાના રૂા. ૧૫૦નું મળેલ પ્રદાન.

(૯) શ્રી. એસ. બી. શાહ, એમ.એસસી. (લંડન), બૅરિસ્ટર-એટ-લૉ તરફથી દર વર્ષે બી.એ. (સ્પેશિયલ) પરીક્ષામાં વારાફરતી સંસ્કૃત અને ગુજરાતી વિષય રાખી બેસનાર વિદ્યાર્થિનીઓ પૈકી જે વિદ્યાર્થિની તે વર્ષની પરીક્ષામાં સંસ્કૃત કે ગુજરાતી વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થાય તેને સંસ્કૃત કે ગુજરાતીનો વિષય લઈ એમ.એ.નો અભ્યાસ ચાલુ રાખવાની શરતે "શ્રીમતી સરસ્વતી ચંદુલાલ ગાંધી પારિતોષિક" એ નામનું રૂા. ૩૩૦નું વાર્ષિક પારિતોષિક આપવા માટે રૂા. ૭,૦૦૦ રોકડાનું મળેલ પ્રદાન.

(૧૦) એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના વિદ્યાર્થીસંઘ તથા શિક્ષકગણ તરફથી આચાર્ય ભારદ્વતે મળેલ દર વર્ષે માર્ચ-એપ્રિલમાં લેવાતી તૃતીય બી.એસસી.ની પરીક્ષામાં વનસ્પતિ-વિજ્ઞાનનો મુખ્ય વિષય લઈ બેઠેલા ઉમેદવારોમાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "ડૉ. એન. કે. પટેલ સુવર્ણચંદ્રક" આપવા માટે રૂા. ૫,૨૦૦નું મળેલ પ્રદાન.

(૧૧) શ્રી. એસ. બી. શાહ તરફથી માર્ચ-એપ્રિલમાં લેવાતી પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીને "શ્રીમતી પાર્વતી બાલુભાઈ શાહ" પારિતોષિક આપવા માટે રૂા. ૭,૦૦૦ રોકડાનું મળેલ પ્રદાન.

(૧૨) જનરલ મૅનેજર, ધી બૅંક ઑફ ઇન્ડિયા લિ., તરફથી બી.કૉમ.ની પરીક્ષામાં બૅંકિંગનો મુખ્ય વિષય લઈ સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "ધી બૅંક ઑફ ઇન્ડિયા લિ. પ્રાઇઝ" આપવા માટે રૂા. ૮,૫૦૦ની હિંદ સરકારની ૩ ટકાની નામીનગીરી કન્વર્ઝન લોનરૂપે મળેલ પ્રદાન.

(૧૩) શ્રી. સી. સી. દેસાઈ તરફથી ગુજરાત રાજ્યની એસ.એસ.સી.ની પરીક્ષામાં સાબરકાંઠા જિલ્લાની માન્ય હાઈસ્કૂલોમાંથી બેઠેલ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને ગુજરાત યુનિવર્સિટીની કોઈ પણ સંલગ્ન કૉલેજમાં ઓછામાં ઓછા એક વર્ષ માટે અભ્યાસ ચાલુ રાખવાની શરતે "શ્રી સી. સી. દેસાઈ શિષ્યવૃત્તિ" આપવા માટેનું રૂા. ૬,૦૦૦ રોકડાનું મળેલ પ્રદાન.

(૧૪) શ્રીમતી વીરબાળા આર. નાગરવાડિયા તરફથી બી.કૉમ.ની પરીક્ષામાં બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "શ્રી. રતિલાલ પી. નાગરવાડિયા સુવર્ણચંદ્રક" એનાયત કરવા માટે રૂા. ૫,૦૦૦નું મળેલ પ્રદાન.

(૧૫) શ્રી. આર. એચ. કાપડિયા ન્યૂ હાઈસ્કૂલ, અમદાવાદ તરફથી ગુજરાત યુનિવર્સિટી તરફથી દર વર્ષે લેવાતી બી.એડ.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "શ્રી. હીરાલાલ બાપુલાલ કાપડિયા સુવર્ણચંદ્રક" એનાયત કરવા માટે મળેલ રૂા. ૫,૨૬૦નું રોકડ પ્રદાન.

(૧૬) "બાઈ હરિગંગા વિઠ્ઠલદાસ પટેલ" ટ્રસ્ટ વતી શ્રી. હરિશંકર એલ. ત્રિવેદી તરફથી નીચે જણાવેલ ચાર પરીક્ષાઓ માટે 'શ્રીમતી હરિગંગા વિઠ્ઠલદાસ દ્વારકાદાસ પટેલ સ્મૃતિ શિષ્યવૃત્તિ' એનાયત કરવા માટે મળેલ રૂા. ૨૧,૦૦૦નું રોકડ પ્રદાન :

(૧) પ્રથમ એમ.બી.,બી.એસ.
(૨) બીજી એમ.બી.,બી.એસ.
(૩) બી.એડ.
(૪) બી.એ.

૧૩૪. (અ) ૧૯૬૩ના વર્ષમાં થયેલ, યુનિવર્સિટીનાં સમાજવિદ્યા ભવન તથા ભાષા-સાહિત્ય ભવનની તપાસના ત્રિવાર્ષિક તપાસસમિતિઓના અહેવાલો (જાણ સારુ).

(બ) ૧૯૬૬ના વર્ષમાં થયેલ, યુનિવર્સિટીનાં સમાજવિદ્યા ભવન, ભાષા-સાહિત્ય ભવન, મનોવિજ્ઞાન વિદ્યાભવન તથા વિજ્ઞાન વિદ્યાભવનની તપાસના ત્રિવાર્ષિક તપાસ-સમિતિઓના અહેવાલો (જાણ સારુ).

(સદરહુ ત્રિવાર્ષિક તપાસસમિતિઓના અહેવાલોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

નં. સેનેટ/૨૭૩૪/૧૯૬૮.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
મે ૧૯૬૮.
વૈશાખ ૧૮, ૧૮૯૦ (શક).

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

પ્રો. વિનોદ અધ્વર્યુના પ્રશ્ન ૭(બ)નો ઉત્તર

સને ૧૯૬૭-૬૮ દરમિયાન જે કૉલેજોને વધારાના વર્ગો અથવા વિષયો શરૂ કરવા માટે જોડાણ આપવામાં આવેલ છે તે કૉલેજો પૈકી નીચેની કૉલેજોએ તેમના અધ્યાપકોને વધેલાં મોંઘવારી ભથ્થાં, પગારો, પ્રૉવિડંટ ફંડ અથવા છૂટા થઈ ગયેલા અધ્યાપકોનું લેણું બાકી રાખ્યું છે તેની વિગતો જે કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ છે તે યથાતથ નીચે પ્રમાણે છે :

ક્રમાંક	કૉલેજનું નામ	વધારાના જોડાણ અંગેના વિષયો	અધ્યાપકોના તે બાબતના બાકી લેણાની (કૉલેજના બાકી દેવાની) વિગતો
૧.	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી	જવાબ નથી.
૨.	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	બી.એ.(સબો.)માં અંગ્રેજી	તા. ૧-૨-૧૯૬૭થી તા. ૧-૧૦-૧૯૬૭ સુધીના મોંઘવારી ભથ્થાની રકમ ચૂકવવાની બાકી છે.
૩.	ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી ને ગુજરાતી	તા. ૧-૨-૧૯૬૭થી તા. ૧-૧૦-૧૯૬૭ સુધીના મોંઘવારી ભથ્થાની રકમ ચૂકવવાની બાકી છે.
૪.	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	બી.એસસી.(સ્પે.)માં પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન	જે તે શિક્ષકોની બાકી નીકળતી રકમ લઈ જવા જણાવ્યું છે, પરંતુ તે શિક્ષકોએ તેમની રકમ હજુ લીધી નથી.
૫.	સર પી. ટી. સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રી. કૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, ઇતિહાસ; તથા બી.એ.(સબો.)માં રાજ્યશાસ્ત્ર	જવાબ નથી.

ક્રમાંક	કૉલેજનું નામ	વધારાના જોડાણ અંગેના વિષયો	અધ્યાપકોના તે બાબતના બાકી હોવાની (કૉલેજના બાકી દેવાની) વિગતો
૬.	શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી	તા. ૧-૬-૧૯૬૭થી મોંઘવારી ભથ્થાની રકમ ચૂકવવાની બાકી છે.
૭.	કલોલ મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ	બી.એસસી. (સંયો.)માં રસાયણ-વિજ્ઞાન; તથા બી એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર	જવાબ નથી.
૮.	શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	બી.એ. (પ્રિન્સ)માં ગુજરાતી અને બી.એ.(સંયો.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન	છેલ્લા મોંઘવારી ભથ્થાની રકમ ચૂકવવાની બાકી છે.
૯.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	બી.એ. (સંયો.)માં સંસ્કૃત અને બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર	છૂટા થયેલા અધ્યાપકોને મોંઘ-વારી ભથ્થાની રકમ હપતેથી ચૂકવવામાં આવે છે.
૧૦.	બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર	બી.એસસી. (રૂપે.)માં રસાયણ-વિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર, તથા બી.એસસી. (જન.)માં ભૌતિક-વિજ્ઞાન અને વનસ્પતિશાસ્ત્ર	તા. ૧-૬-૧૯૬૭થી મોંઘવારી ભથ્થાની રકમ ચૂકવવામાં આવી છે.
૧૧.	શ્રી. લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સંયો.)માં હિન્દી, મનોવિજ્ઞાન, ઇતિહાસ, અંગ્રેજી, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણ-વિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર	(૧) છેલ્લાં ત્રણ મોંઘવારી ભથ્થાંના સુધારેલા દરે રકમ ચૂકવવાની બાકી છે. (૨) પ્રૉવિડન્ટ ફંડની યોજના હજુ શરૂ કરવામાં આવી નથી.
૧૨.	એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ શ્રી. ગોસ્વામી એસ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સંયો.)માં સંસ્કૃત, હિંદી, મનોવિજ્ઞાન, ઇતિહાસ અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ	તા. ૧-૨-૧૯૬૭ અને તા. ૧-૩-૧૯૬૭થી થયેલા મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ ચૂકવવાની બાકી છે.
૧૩.	અમદાવાદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટન્સી અને બૅન્કિંગ	તા. ૧-૨-૧૯૬૭ પછીના મોંઘવારી ભથ્થાની રકમ ચૂકવવાની બાકી છે.
૧૪.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા	બી.એ.(પ્રિન્સિ.)માં હિન્દી	તા. ૧-૨-૧૯૬૭ તથા તા. ૧-૩-૧૯૬૭ના મોંઘવારી ભથ્થાની રકમ ચૂકવવાની બાકી છે.

ક્રમાંક	કૉલેજનું નામ	વધારાના જોડાણ અંગેના વિષયો	અધ્યાપકોના તે બાબતના બાકી લેણાની (કૉલેજના બાકી દેવાની) વિગતો
૧૫.	શ્રી બી. પી. પ્રહ્લાદ આર્ટ્સ ઍન્ડ એમ.એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા	બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી અને ગુજરાતી	(૧) નવા સુધારેલાં છેલ્લાં ત્રણ મોંઘવારી ભથ્થાંની ૨૬મ ચૂકવવાની બાકી છે. (૨) પ્રૉ. ફંડની યોજના હજુ અમલમાં નથી.
૧૬.	શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી-કચ્છ	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, ઇતિહાસ, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર	જવાબ નથી.
૧૭.	શ્રી સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.એ.(પ્રિન્સિ)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત અને મનોવિજ્ઞાન; તથા બી.એ (સબો.)માં ગુજરાતી, હિન્દી, ઇતિહાસ, અંગ્રેજી અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટન્સી અને ઑડિટિંગ તથા બૅન્કિંગ.	જવાબ નથી.
૧૮.	સાયન્સ કૉલેજ, કડી	બી.એસસી. (રૂપે.)માં રસાયણ-વિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર	નવાં મોંઘવારી ભથ્થાંઓની ૨૬મ ચૂકવવાની બાકી છે.
૧૯.	સી. યુ. શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	બી.એસસી. (રૂપે.)માં રસાયણ-વિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન	છેલ્લો મોંઘવારી ભથ્થાનો વધારો આપવાનો બાકી છે.
૨૦.	પ્રભુદાસ ઠક્કર કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	બી.એસસી. (રૂપે.)માં રસાયણ-વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ગણિત-શાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, રસાયણ-વિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાન	જવાબ નથી.
૨૧.	એલ. એચ. સાયન્સ કૉલેજ ઍન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા	બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ; તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિક-વિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન	છૂટા થયેલા અધ્યાપકોને હપતેથી મોંઘવારી ભથ્થાની ૨૬મ ચૂકવાય છે.
૨૨.	એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદ	બી.એસસી.(રૂપે.)માં અને (જન.)માં કીટાણુવિજ્ઞાન	જવાબ નથી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૭૫

બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો અહેવાલ

વર્ષ : ૧૯૬૬-૬૭

બોર્ડ ઑફ એકાઉન્ટ્સની તા. ૪/૫-૩-૧૯૬૮ની સભામાં સેનેટને નીચે પ્રમાણે રિપોર્ટ કરવાનું ઠરાવવામાં આવ્યું હતું :

"યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના ઑડિટ થયેલા વાર્ષિક હિસાબો હેવાલવાળા વર્ષ દરમિયાન અમે તપાસ્યા છે અને તે બરાબર રાખેલ જણાયા છે. હિસાબો અંગે ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ ઍન્ડ કંપનીની તા. ૨૮-૨-૧૯૬૮ની ઑડિટ નોંધ અમે જોઈ છે અને તે અંગે કેટલીક બાબતોનાં અમારાં મંતવ્યો નીચે પ્રમાણે છે :

નંબર ૪ : સાડા પાંચ ટકા ગુજરાત રાજ્ય વિકાસ લોન ૧૯૭૮ ઉપર તા. ૧૧-૩-૧૯૬૭ના રોજ પૂરા થતા ૭ માસિક હપતાનું રૂા. ૨,૬૫૦નું વ્યાજ ઑડિટ વર્ષ દરમિયાન તા. ૨૯-૩-૧૯૬૭ના રોજ મળી ગયું છે અને તેથી તે બાબત કાંઈ કરવાનું રહેતું નથી.

નંબર ૯ : સિન્ડિકેટના તા. ૩૦-૧-'૬૬ના ઠરાવ મુજબ જુદાં જુદાં ભવનો/વિભાગોને તા. ૩૧-૩-'૬૭ ના રોજ ચૂકવવાનાં બાકી નીકળતાં બિલોનાં રજિસ્ટરો મળ્યાં છે તેની નોંધ લેવામાં આવે છે.

નંબર ૧૬ : યુનિવર્સિટી મુદ્રણાલયના કાગળ એકાઉન્ટ અંગે રૂા. ૮,૫૫૯-૩૪ના વધારા અંગેનું એડજસ્ટમેન્ટ વાઉચર નંબર ૧૦૧૪, તા. ૩૧-૭-૧૯૬૭થી કરવામાં આવ્યું છે તે અમે જોયું છે.

નંબર ૧૭ : યુનિવર્સિટી કર્મચારીઓને બી.સી.એસ.આર. પ્રમાણે મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું હાલમાં આપવામાં આવે છે તેને બદલે કર્મચારીઓ માટે યુનિવર્સિટી પોતાના સ્પષ્ટ અલગ નિયમો બનાવે તેવું ઑડિટનું સૂચન છે, જે વિચારવું ઘટે એમ અમારો અભિપ્રાય છે.

નંબર ૨૧ : યુનિવર્સિટી મુદ્રણાલયના ૧૯૬૬-૬૭ના વર્ષનાં પગારપત્રકનાં પાનાં નં. ૪૦થી ૪૯ જે કોઈએ ફાડી નાખ્યાં છે તે બાબત ડુપ્લિકેટ પાનાંઓ લખી તે ઉપર ડુપ્લિકેટ સહીઓ મેળવવા ઘટતી કાર્યવાહી કરવી.

હિસાબ વિભાગનું કામકાજ સરળતાથી ચાલે માટે ભલામણ કરવામાં આવે છે કે એસ્ટાબ્લિશમેન્ટ (સ્ટોર્સ સહિત) વિભાગ તેનાથી સ્વતંત્ર અને જુદો કરી શ્રી. રજિસ્ટ્રારની સીધી દેખરેખ નીચે મૂકવો."

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૭૭

(અ) સુધારેલા ઓર્ડિનન્સો

O. Eng. 1 :

A candidate for the Degree of Bachelor of Engineering (Civil, Mechanical and Electrical) must produce a certificate showing that he has passed the Pre-University Science Examination of the Gujarat University or any examination recognised as equivalent thereto.

Such a candidate will be admitted to the First Year (*B.E. I*) course of the Five-year Degree Course in Civil, Mechanical and Electrical Engineering.

O. Eng. 2 :

A candidate will be required to pass five examinations as follows :

1. *First Year* (B.E. I) *Examination in Engineering* (*C., M. and E.*)
2. *Second Year* (B.E. II) *Examination in Engineering* (*C., M. and E.*)
3. *Third Year* (B.E. III) *Examination in Engineering* (*C. or M. and E.*)
4. *Fourth Year* (B.E. IV) *Examination in Engineering* (*C. or M. or E.*)
5. *Final Year* (B.E.) Examination for the Degree of Bachelor of Engineering (*C. or M. or E.*)

O. Eng. 3 :

No candidate will be admitted to the First Year (B.E. I) Examination in Engineering (*C., M. and E.*) unless he produces testimonials of having kept satisfactorily two terms at an Engineering College affiliated to the Gujarat University after having satisfied the conditions of O. Eng. 1.

Provided further that a candidate who has passed the S.S.C. Examination of the S.S.C. Examination Board of Gujarat State or any examination recognised equivalent thereto, with technical subject in Geometrical and Machine Drawing and Workshop Technology (Grade I or II) may, at his option, be excused from appearing in the subjects of Engineering Drawing-I and Workshop Practice of the First Year Examination in the Engineering Such a candidate shall not be eligible for a class, or a prize, or a scholarship at the examination.

Provided further that a candidate who has passed the First Year Diploma Examination of the Council of Technical Education of Gujarat State or an examination recognised as equivalent thereto, may, at his option, be excused from appearing in the subject of Workshop Practice of the First Year Examination in Engineering

However, no candidate shall be admitted to the First Year Examination in Engineering after having made three attempts at the Examination.

O. Eng. 4 :

No candidate will be admitted to the Second Year (*B.E. II*) Examination in Engineering (*C., M. and E.*) unless he after having passed the First Year (*B.E. I*) Examination in Engineering (*C., M. and E.*) of this University or any examination recognised as equivalent thereto, produces testimonials of his having kept satisfactorily two terms at an Engineering College affiliated to this University for the purpose of this examination, provided that a candidate who is allowed to keep terms for the Second Year Examination in Engineering (*C., M. and E.*) of this University will be eligible for admission to this examination after having produced testimonials of having kept satisfactorily two terms in an Engineering College affiliated to this University for the purpose of this examination.

Provided further that a candidate who has passed the Intermediate Science Examination ('A' Group with Mathematics) or F.Y.B.Sc. Examination (with Mathematics, Physics and Chemistry) of this University or any examination recognised equivalent thereto, will also be eligible for admission to the Second Year Examination in Engineering (*C., M. and E.*) after having produced testimonials of having kept satisfactorily

two terms in an Engineering College affiliated to this University for the purpose of this examination, provided he also appears in the Engineering Drawing-I Examination of the First Year Examination in Engineering (*C., M. and E.*) and submits term-work for examination in the subjects in Engineering Drawing-I and Workshop Practice of the First Year Examination in Engineering (*C., M. and E.*). The result of the Second Year Examination in Engineering (*C., M. and E.*) of such a candidate will not be declared till he passes in the above subjects of the First Year Examination in Engineering (*C., M. and E.*). Such a candidate who is directly admitted to the Second Year Examination in Engineering (*C., M. and E.*) will be excused from the sessional work in all subjects of the First Year Examination in Engineering (*C., M. and E.*).

Provided further that a candidate who has passed the S.S.C. Examination of the S.S.C. Examination Board of Gujarat State or any examination recognised as equivalent thereto, with technical subjects, viz, Geometrical and Machine Drawing and Workshop Technology (Grades I and II) and has also passed the Intermediate Science Examination ('A' Group with Mathematics) or F.Y.B.Sc. Examination (with Mathematics, Physics and Chemistry) of this University or any examination recognised as equivalent thereto, will also be eligible for admission to the Second Year Examination in Engineering (*C., M. and E.*) after having produced testimonials of having kept satisfactorily two terms in an Engineering College affiliated to this University for the purpose of this examination.

Provided further that a candidate who has passed the Final Year Diploma Examination in Engineering (*C., M. or E.*) of the Department of Technical Education, Gujarat State or any examination recognised as equivalent thereto, in the First Class, will also be eligible for admission to the Second Year Examination in Engineering (*C., M. or E.*) after having produced testimonials of having kept satisfactorily two terms at an Engineering College affiliated to this University for the purpose of this examination.

O. Eng. 5 :

No candidate will be admitted to the Third Year (*B.E. III*) Examination in Engineering (*C. or M. and E.*) unless he, after having

passed the Second Year (*B.E. II*) Examination in Engineering (*C. or M. and E*) of this University or any examination recognised as equivalent thereto, produces testimonials of his having kept satisfactorily two terms at an Engineering College affiliated to this University for the purpose of this examination, provided that a candidate who is allowed to keep terms for the Third Year Examination in Engineering (*C. or M. and E.*) of this University will be eligible for admission to this examination after having produced testimonials of having kept satisfactorily two terms in an Engineering College affiliated to this University *for the purpose of this Examination.*

O. 15(A):

The entire Gujarat University Area shall be divided into zones as under and each zone shall form its Zonal Sports Committee:

(1) The Ahmedabad Zone with its jurisdiction over Ahmedabad City and the area within five miles thereof.

(2) The North Zone with its jurisdiction over the Districts of Mehsana, Banaskantha, Sabarkantha and Kutch, and Sanand, Viramgam and Dehgam Talukas of Ahmedabad District.

(3) All colleges other than those covered under Nos. (1) and (2) above.

O. 129 (Relevant Part):

Sr. No.	*Name of the Examination*	*How many times in a year*	*Date of commencement*	*Last date of application*	*Examination Fee : Rs.*
1	2	3	4	5	6
1.	*First LL.B. (Gen. and Sp.)*	*Twice a year*	*Second Monday in March and Second Monday in October*	*Six weeks before the Examination*	50
2.	*Second LL.B. (Gen. and Sp.)*	"	"	"	60
3.	*Third LL.B. (Sp.)*	"	"	"	75

1	2	3	4	5	6
4.	*LL.M., Part I*	*Once a year*	*1st Monday in June*	*Three months before the Examination*	100
5.	*LL.M., Part II*	,,	,,	,,	100
6.	*B.E. III (C.,M. & E.)*	*Once a year*	*1st Saturday in April*	*Six weeks before the Examination*	60
7.	*B.E. IV (C.,M & E.)*	,,	,,	,,	75
8.	*B.E. V (C.,M. & E.)*	*Twice a year*	*1st Saturday in April and Second Monday in October*	,,	100
9.	B.Ed., Part II	*Once*	*1st Monday in March*	10th January	15

O. 321 :

Every thesis shall be examined by three referees to be appointed in the manner indicated herebelow :

The Academic Council having before it the suggestion or suggestions of the appropriate Board of Studies shall recommend to the Syndicate, the names of three referees, one of whom shall be the University teacher who has guided the candidate's work and the other two must be external. ***On the Syndicate appointing the Referees,*** the Registrar shall forward ***a copy of*** the thesis to ***each of*** them. ***The Referees including the referee for viva-voce shall*** report to the Syndicate whether the thesis shall be accepted or rejected or resubmitted in a modified form and their report shall be final. In the event of a difference of opinion between any of the Referees, the Syndicate shall appoint a fourth Referee and the Syndicate shall decide, after considering the reports of all the external referees, ***whether the thesis is of the requisite Standard for the Ph.D. Degree***

All reports shall be circulated to the members of the relevant Board of Studies and placed before the Academic Council for information.

(ઘ) નવા ઘડેલા ઑર્ડિનન્સો

O. Eng. 6 :

No candidate will be admitted to the Fourth Year (B.E. IV) Examination in Engineering (C. or M. or E.) unless he, after having passed the Third Year (B.E. III) Examination in Engineering (C. or M. or E.) of this University, or any examination recognised as equivalent thereto produces testimonials of his having kept satisfactorily two terms at an Engineering College affiliated to this University for the purpose of this examination, provided that a candidate who is allowed to keep terms for the Fourth Year Examination in Engineering (C. or M. or E.) of this University will be eligible for admission to this examination after having produced testimonials of having kept satisfactorily two terms in an Engineering College affiliated to this University for the purpose of this Examination.

O. Eng. 7 :

No candidate will be admitted to the Final Year (B.E.) Examination in Engineering (C. or M. or E.) unless he, after having passed the Fourth Year (B.E. IV) Examination in Engineering (C. or M. or E.) of this University, or any Examination recognised as equivalent thereto, produces testimonials of his having kept satisfactorily two terms at an Engineering College affiliated to this University for the purpose of this examination, provided that a candidate who is allowed to keep terms for the Final Year Examination in Engineering (C. or M. or E.) of this University will be eligible for admission to this examination after having produced testimonials of having kept satisfactorily two terms in an Engineering College affiliated to this University for the purpose of this examination.

સેનેટે રિફર-બૅક કરેલો ઑર્ડિનન્સ

O. Com. 5–B :

"A candidate who has passed the B.A. (Special) Examination of this University in Economics either under the Old Degree Course regulations or under the existing Three-year Degree Course regulations or in an examination of any other University considered equivalent thereto will be admitted to the Third B.Com. Examination of this University

subject to the following conditions :

(*i*) That he produces a certificate of having attended for a period of four terms, two for Second B.Com. Class and two for T.Y. B.Com. Class at a Commerce College affiliated to this University;

(*ii*) That he appears for the First B.Com. Examination in the following subjects and is declared successful therein either before or in the same examination season in which he appears at the Second B.Com. Examination :

(*a*) Accountancy—Paper I (Compulsory).

(*b*) Commercial Correspondence.

(*c*) Elements and Statistics, provided he has not offered Statistics and Statistical Methods for his B.A. Examination.

(*d*) Optional Paper I in any one of the subjects under R. Com. 7.

(*iii*) That he appears for the Second B.Com. Examination in the following subjects and is declared successful therein either before or in the same examination season in which he appears at the T.Y.B.Com. Examination :

(*a*) Accountancy—Paper II (Compulsory)

(*b*) Business Administration—Paper I

(*c*) Optional Paper II in the subject under R. Com. 7.

Explanation : The rules governing passing and allowing to keep terms shall apply mutatis-mutandis to these cases also.

A candidate who appears for the Third B.Com. Examination under the provisions of this Ordinance will be entitled to claim exemption from the papers in English and Indian Economic Problems (provided he has passed in this subject at the Third Year B.A. Examination). Candidate, not availing the benefit of this clause of exemption and appearing in all subjects at B.Com. Examination will be eligible for class but not for scholarship or award of any kind.

Note.—Candidates appearing under this Ordinance shall have no internal evaluation in subjects for First Year B.Com. Examination prescribed for them and will be awarded marks out of 100 in each of the subjects mentioned under (*ii*) above.

However, for Second Year B.Com. and Third Year B.Com. Examinations, the ordinances regarding external and internal evaluation respectively shall apply to them for each one of the subjects prescribed for them."

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૧૩૨

જોડાણઅરજી અંગે નિમાયેલ સ્થાનિક તપાસસમિતિઓને સૂચનાઓ

૧. કોઈ પણ એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૨૦૦ અને બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૩૫૦ની સંખ્યામાં વિદ્યાર્થીઓ દાખલ થયા ન હોય ત્યાં સુધી તે વિદ્યાશાખાની અથવા વિદ્યાશાખાઓની બીજી કૉલેજની જરૂરિયાત અસ્તિત્વ ધરાવતી કૉલેજની આસપાસના ૫ માઈલની ત્રિજ્યાના વિસ્તારમાં સામાન્યપણે સ્વીકારવી નહિ.

૨. એક લાખ કે તેથી વધુ વસ્તીવાળાં શહેરોમાં એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૪૦૦ અને બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૬૫૦ વિદ્યાર્થીઓ ન થાય ત્યાં સુધી એક વિદ્યાશાખા અથવા વિદ્યાશાખાઓવાળી નવી કૉલેજની આવશ્યકતા સામાન્યપણે સ્વીકારવી નહિ.

નીચેની બાબતો અપવાદરૂપ ગણાશે :

(૧) વિશિષ્ટ શિક્ષણની સંસ્થાને, જેવી કે અધ્યાપન કૉલેજને આ નિયમ લાગુ પડશે નહિ.

(૨) સ્ત્રી-શિક્ષણની એક વિદ્યાશાખાવાળી ચાલુ કૉલેજમાં ઓછામાં ઓછી ૩૫૦ વિદ્યાર્થિનીઓ હોય તો સ્ત્રી-શિક્ષણની નવી સંસ્થાની આવશ્યકતા સ્વીકારી શકાય.

(૩) અમદાવાદ શહેરમાં આ નિયમ વિષે અપવાદ કરવાની જરૂર વિચારીને અને તેનાં કારણો જણાવીને નિરીક્ષણસમિતિ તેવી ભલામણ કરી શકશે.

૩. અરજી કરનાર સંસ્થા પાસેથી અરજી કરતી વેળા તેમની પાસે અરકામત અને/અથવા રોકડ રકમ કે ફંડફાળા અંગે શી સ્થિતિ છે તે વિષે સ્થાનિક તપાસસમિતિએ જાણી લઈને વિગતે રિપોર્ટ કરવો.

આમ કરતાં વિનયન કે વાણિજ્યની એક વિદ્યાશાખાથી શરૂ થતી કૉલેજ માટે ઓછામાં ઓછા એક લાખ રૂપિયાની અને વિજ્ઞાનની વિદ્યાશાખાથી શરૂ થનાર કૉલેજ માટે ઓછામાં ઓછા બે લાખ રૂપિયાની ઋણમુક્ત અરકામત કે ભંડોળ હોવું જોઈએ. કૉલેજ શરૂ કરનાર સંસ્થા પાસે પોતાની માલિકીનું મકાન હોવું જરૂરી છે. એકથી વધુ વિદ્યાશાખાથી શરૂ થનાર કૉલેજ માટે વિદ્યાશાખા દીઠ સદરહુ જોગવાઈ ઉપર મુજબ કરવાની રહેશે. જો આખી રકમ સંસ્થા તાત્કાલિક રીતે બતાવી ન શકે તો જોડાણ મળ્યાથી વધુમાં વધુ ત્રણ વર્ષમાં એવું ભંડોળ કરવાની સંચાલકમંડળની ક્ષમતા છે તેવી ખાતરી કરી તે મુજબ લેખિત બાંયધરી કૉલેજ શરૂ કરનાર સંસ્થા પાસેથી તપાસસમિતિએ મેળવવી.

[નોંધ.—ઋણમુક્ત અરકામત એટલે જે તે સંસ્થાની કુલ અરકામત(Total Assets)-માંથી તેનું જે કાંઈ દેવું કે જવાબદારી હોય તે બાદ કરતાં બચે તે રકમની સ્થાવર તથા જંગમ મિલકતથી તાત્કાલિક બજારભાવે થતી કિંમત. એ ઉપરાંત સંસ્થા શરૂ કરવાને માટે તાત્કાલિક કેટલું ખર્ચ કરવું જરૂરી છે તેનો અને તેટલો ચોક્કસ અંદાજ તપાસસમિતિએ આપવો. એ

ઉપરાંત જોડાણ મળ્યાનાં ત્રણ વર્ષમાં સંસ્થા પોતાની માલિકીનું કૉલેજ માટેનું મકાન બાંધવાની ક્ષમતા ધરાવે છે અને તે માટે તથા ભવિષ્યના વિકાસ માટે પૂરતી જમીન મેળવવાનો પણ સંસ્થાએ ખ્યાલ રાખ્યો છે એની ખાતરી કરીને તથા તે અંગેની ઘટતી બાંયધરી મેળવી તપાસ-સમિતિએ રિપોર્ટ કરવો.]

જરૂરી મૂડી ખર્ચ ઉપરાંત વધારામાં આકસ્મિક સંજોગોને પહોંચી વળી શકાય તે માટે પ્રત્યેક નવી કૉલેજમાં દર વિદ્યાશાખા દીઠ રૂા. ૧૦,૦૦૦નું ચાલુ અનામત ફંડ રાખવું આવશ્યક રહેશે, તે મતલબની લેખિત બાંયધરી કૉલેજ શરૂ કરનાર સંસ્થા પાસેથી તપાસસમિતિએ મેળવવી.

૪. જોડાણ મેળવનાર દરેક કૉલેજને માટે રમતગમતના મેદાનની પૂરતી જોગવાઈ કરવી ફરજિયાત ગણાશે.

૫. કોઈ પણ ચાલુ કૉલેજ, ઉપરની સૂચના (૧) અને (૨)માં દર્શાવેલી લઘુતમ વિદ્યાર્થી-સંખ્યા પોતાની સ્થાપના પછીનાં પાંચ વર્ષને અંતે પણ મેળવી શકી ન હોય તો તે વિસ્તારમાં નવી સંસ્થા ખોલવા દેવાની છૂટ આપી શકાશે.

૬. કૉલેજ માટેનું મકાન ચાલુ દિવસો દરમિયાન ફક્ત શૈક્ષણિક હેતુઓ માટે જ વાપરવું જોઈએ.

૭. કૉલેજના મકાન કે મકાનોમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જગ્યાની જોગવાઈ જરૂરી છે:

વિદ્યાર્થી દીઠ ૮ ચોરસફૂટ જગ્યા. (વિદ્યાર્થીઓની બેઠકોની હારબંધ ગોઠવણીનો મુદ્દો સમિતિ ધ્યાનમાં લઈ શકશે.)

જરૂર પ્રમાણે વર્ગોના (ટ્યુટોરિયલ સહિત) ઓરડાઓ ઉપરાંત નીચેની ગોઠવણ પણ પ્રત્યેક કૉલેજે કરવાની રહેશે:

(૧) શિક્ષકો માટેનો ખંડ
(૨) કૉલેજની કુલ સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ મળી શકે તેવો વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૩) સંલગ્ન સેનેટરી વ્યવસ્થા સાથેનો વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૪) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ આઠ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચન-ખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય અને અધ્યાપકો માટેની ઘટતી જોગવાઈ
(૫) પાણી માટેનો ખંડ
(૬) કેન્ટીન માટેનો ખંડ
(૭) બધા શિક્ષકો અને વિદ્યાર્થીઓ એક સ્થળે મળી શકે તેવી વ્યવસ્થા
(૮) સ્વચ્છ સંડાસ-મુતરડી વગેરેની વ્યવસ્થા.

૮. કૉલેજ ઉઘાડનાર મંડળ કે સંસ્થાઓ કૉલેજના મકાનની બની શકે તેટલી પાસે આચાર્ય માટે ભાડામુક્ત નિવાસસ્થાનની તથા કૉલેજના છાત્રાલયની જે શિક્ષક સંભાળ રાખતા હોય તેમને માટે છાત્રાલયની નજીક ભાડામુક્ત નિવાસસ્થાનની ઘટતી જોગવાઈ કરી આપવી આવશ્યક ગણાશે.

૯. દરેક કૉલેજ ઉઘાડનાર મંડળે કે સંસ્થાએ ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવી પડશે.

છાત્રાલયમાં નીચે પ્રમાણે જગ્યાની ગોઠવણ રાખવી :

એક છાત્રવાળી ઓરડી માટે ૮૫થી ૯૦ ચોરસ ફૂટ.

બે છાત્રવાળી ઓરડી માટે ૭૫થી ૮૦ ચોરસ ફૂટ, એક વિદ્યાર્થી દીઠ, એટલે કે ૧૬૦ ચોરસ ફૂટ.

ત્રણ છાત્રવાળી ઓરડી માટે ૭૦થી ૭૫ ચોરસ ફૂટ, એક વિદ્યાર્થી દીઠ, એટલે કે ૨૧૦થી ૨૨૫ ચોરસ ફૂટ.

ઉપરની જોગવાઈ કરવાનું હવે પછી બંધાનાર છાત્રાલયો માટે જ રહેશે.

૧૦. કૉલેજોમાં શિખવાડાતા અભ્યાસક્રમની જરૂરિયાત મુજબ સુસજ્જ ગ્રંથાલય તથા યુનિવર્સિટીએ નક્કી કરેલ ધોરણો પ્રમાણે પ્રયોગશાળાઓ આવશ્યક ગણાશે.

૧૧. શિક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનાં નક્કી કરેલાં ધોરણો મુજબની નિમણૂક કરવામાં આવેલી છે તે તથા તેમનું કામકાજનું ભારણ ધોરણસર છે તેની ખાતરી પણ કૉલેજના પુરસ્કર્તાઓએ કરાવવી જોઈએ.

૧૨. (૧) સેનેટે મૂકેલી બધી શરતોનું સંતોષકારક પાલન કર્યાનો અહેવાલ ૩૦મી એપ્રિલ સુધીમાં સંસ્થાએ યુનિવર્સિટીના કુલસચિવને મોકલવાનો રહેશે. આ પ્રકારનો અહેવાલ મળ્યેથી શરતોનું યથાર્થ પાલન થયું છે કે કેમ તેની ખાતરી કરવા સિન્ડિકેટને જરૂર જણાય તો એક અથવા વધુ સભ્યોની ચકાસણી સમિતિ નીમીને ઘટતાં પગલાં લેવાનું રાખશે.

(૨) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકગણની નિમણૂકો ૩૦મી એપ્રિલ સુધીમાં પૂરેપૂરી થયેલી હોય તે અનિવાર્ય લેખાશે. નીમવામાં આવેલ પ્રત્યેક નિમણૂક અને સ્વીકૃતિપત્રની નકલ યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

૧૩. જોડાણ અંગે જે જે શરતો મુકાઈ હશે તેનું સંપૂર્ણ પરિપાલન તા. ૩૧મી માર્ચ પહેલાં કરવું આવશ્યક રહેશે.

૧૪. પ્રથમ વાર જોડાણ માગતી કૉલેજોને ફક્ત એક વર્ષના સમય માટે જોડાણ મળી શકશે.

૧૫. સ્થાનિક તપાસસમિતિએ ઉપરના તમામ મુદ્દાઓ અંગે ઊંડી તપાસ કરી ઘટતી ખાતરી કરવી જોઈશે તથા તે અંગે પોતાનો વિગતવાર રિપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવો જોઈશે અને જોડાણ આપવા માટે કોઈ શરતો મૂકી હોય તો તે સ્પષ્ટપણે દર્શાવવી જોઈશે.

૧૬. ઉપરના કોઈ પણ નિયમમાં અપવાદ કરવાની જરૂર જો સ્થાનિક તપાસસમિતિને લાગે તો તેમ કરવાનાં કારણો શાં છે તે પોતાના અહેવાલમાં સ્પષ્ટ જણાવીને તેની ભલામણ કરી શકશે.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૧૩૪

સમાજવિદ્યા ભવનનો ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

શ્રી. રજિસ્ટ્રાર,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

ભાઈશ્રી,

તા. ૧૫-૧-૧૯૬૩ના આપના પત્રાંક Syn./Tr./01848 મુજબ અમે સમાજવિદ્યા ભવનના ત્રિવાર્ષિક નિરીક્ષણ માટે, તા. ૯-૩-૧૯૬૩ના રોજ ગયા હતા. ભવન વિષે કેટલીક જરૂરી માહિતી તેના સંચાલકશ્રીએ અમને અગાઉથી મોકલી આપી હતી; કેટલીક બીજી અમે માગી તે બધી અમને તે બાદ તેમણે પહોંચતી કરી હતી. સત્રનો અંત હોવાથી વિદ્યાર્થીઓના વર્ગો બંધ હતા, એટલે એમને અમારાથી મળી શકાયું નહોતું. અધ્યાપકગણ જોડે કામકાજ બાબત બે-ત્રણ કલાક સારી પેઠે અમે વાતચીત કરી હતી. તે ઉપરાંત ભવનના સંચાલકશ્રી તથા રીડરોને અમે મળ્યા હતા. એ બધી સગવડ આપવાને માટે અમે તેમના આભારી છીએ. આ બધા પરથી, અમે ભવનના ત્રિવાર્ષિક કામકાજ વિષે નીચેનો અહેવાલ રજૂ કરીએ છીએ :

૧. આ ભવન ૧૯૫૪માં યુનિવર્સિટીએ સ્થાપ્યું ત્યારથી તેના સંચાલકશ્રી મારફતે યુનિવર્સિટી તેનું સંચાલન કરે છે. મકાન તેમ જ ગ્રંથાલયની સવડ યુનિવર્સિટીએ જ કરી છે, અને તે પૂરતી અને સારી પેઠે થયેલી છે.

૨. એના નામ પ્રમાણે, ભવન સમાજવિદ્યાઓના અધ્યાપન તથા સંશોધનને માટે સ્થાપવામાં આવ્યું છે. સમાજવિદ્યાઓમાં નીચેની વિદ્યાઓનો (એમ.એ. તથા પીએચ.ડી. માટે) અભ્યાસ કરાવવાની જોગવાઈ છે :

(૧) અર્થશાસ્ત્ર, (૨) રાજકારણ, (૩) આંકડાશાસ્ત્ર, (૪) સમાજવિજ્ઞાન, અને (૫) મજૂર-કલ્યાણ (અનુસ્નાતક ડિપ્લોમા માટે).

આને માટે કુલ ૧૯ અધ્યાપકો કામ કરે છે. તેમના વિષે તથા તેમના કામકાજને વિષે વિગતવાર હકીકત આપતું નિવેદન ભવનના સંચાલકે અમને આપ્યું હતું, તે આ સાથે (પરિશિષ્ટ ૧ તરીકે)* જોડ્યું છે. કુલ ૧૯ની અંદર ૧ અધ્યાપક કક્ષાના, ૬ રીડર અને બાકીના લેકચરર કક્ષાના શિક્ષકો છે. વિષયવાર જોતાં, અર્થશાસ્ત્રને માટે એક અધ્યાપક અને ત્રણ રીડર છે, રાજકારણ માટે એક રીડર છે, અને એક અધ્યાપકની જગ્યા પૂરવાની બાકી છે. સમાજવિજ્ઞાન માટે એક રીડર છે, તથા આંકડાશાસ્ત્ર માટે પણ એક રીડર છે.

૩. સામાન્ય રીતે અધ્યાપકોને અઠવાડિયામાં રોજ એકથી બે (એક એક કલાકના) 'પિરિયડ' જેટલું કામ હોય છે. ભવનના અધ્યાપનના કામને માટે આ જોગવાઈ પૂરતી અને સંતોષકારક રીતે રહે છે. બહારના કોઈ અન્ય અધ્યાપકને મદદમાં બોલાવવાની સામાન્યપણે જરૂર રહેતી નથી. [આમાં મજૂર-કલ્યાણ અંગેનો અપવાદ ગણાય કે જેમાં ચારેક અધ્યાપકોને 'વિઝિટિંગ વ્યાખ્યાતાઓ' તરીકે ચાલુ વર્ષમાં (૧૯૬૨-૬૩માં) બોલાવવામાં આવ્યા હતા.].

૪. અમને જણાવવામાં આવ્યું કે, જુદા જુદા વિષયોના નિષ્ણાતોને જો શિક્ષણના કામમાં તેમના ખાસ અભ્યાસ અંગે વ્યાખ્યાન, પરિસંવાદ ઇત્યાદિ માટે બોલાવી શકાય તો શિક્ષણને વધુ સમૃદ્ધ અને સભર કરી શકાય. પરંતુ યુનિવર્સિટીની સૂચના, તેમ નહિ કરવાની છે એવી છાપ ભવનના સંચાલકની હોય એમ અમે જોયું. આ બાબતની સૂચના જોતાં જણાયું કે સામાન્ય વર્ગ શિક્ષણ તથા સ્વાધ્યાય વગેરેને માટે ઉપરની સૂચના લાગુ પડે છે, પણ શિક્ષણને વધુ સમૃદ્ધ કરવાને વાસ્તે તે તે વિષયના ખાસ અભ્યાસીઓને વિશેષ ચર્ચા, વસ્તુનિરૂપણ વગેરેને માટે બોલાવવાની તેમાં મના નથી, એ તરફ અમે ધ્યાન દોર્યું હતું.

૫. 'પીએચ.ડી.'ના સંશોધનનું માર્ગદર્શન કરવાને માટે ગાઈડ તરીકે અર્થશાસ્ત્રના પ્રોફેસર શિનોય અને સમાજવિજ્ઞાનના પ્રોફેસર તારાબહેન પટેલ માન્ય થયેલાં છે. રાજકારણ અને આંકડાશાસ્ત્ર માટ માન્ય 'ગાઈડ' ભવનના સ્ટાફ પર અત્યારે કોઈ નથી. સામાન્ય રીતે, યુનિવર્સિટી ભવનના રીડર કક્ષાએ નિમાયેલા અધ્યાપકને આવી માન્યતા આપોઆપ મળે એવો નિયમ હોવો જોઈએ, એવી લાગણી હોય એમ ભવનના સ્ટાફ જોડેની અમારી ચર્ચામાંથી અમને જોવાને મળ્યું. આ વસ્તુ, અમારું અગાઉ જે ત્રિવાર્ષિક નિરીક્ષણ થયું હતું તેમાં પણ નોંધાયેલી છે. આ વિષયમાં યુનિવર્સિટીનો અનુસ્નાતક અધ્યાપક તરીકેની માન્યતા આપવાનો જે નિયમ છે તે સામાન્યપણે આખી યુનિવર્સિટીને સમાન ધોરણે નિરપવાદ લાગુ પાડવામાં આવ્યો છે એમ અમે જણાવ્યું. અમને એ પણ કહેવામાં આવ્યું કે ભવનમાં કેટલાક રીડર એવા છે કે જે બીજી યુનિવર્સિટીઓમાં પીએચ.ડી.ના પરીક્ષક તરીકે પાત્ર ગણાય છે, પરંતુ આપણે ત્યાં 'ગાઈડ' તરીકે માન્ય નથી કરી શકાતા. અમને એમ પણ કહેવામાં આવ્યું કે આવા રીડરોના વિદ્યાર્થીઓ બીજી યુનિવર્સિટીઓમાં 'ગાઈડ' તરીકે કામ કરે છે. આ ઉપરથી અમે જોયું કે, રીડરોની માન્યતા વિષેની આ બાબત ભવનમાં સારી પેઠે ઘોળાયા કરે છે. અમે એમનું ધ્યાન નિયમના એ ભાગ તરફ ખેંચ્યું કે જ્યાં આગળ એમ કહ્યું છે કે 'ગાઈડ' ની લાયકાત માટે સામાન્ય નિયમોમાંથી કાંઈક છૂટતું હોય તેમ છતાં જો વ્યક્તિની ખાસ કામગીરી અને સંશોધનશક્તિ જણાય તો અપવાદ કરી શકાય છે.

૬. ભવનમાં કામ કરતા શિક્ષકો પોતે પીએચ.ડી. થવા માગતા હોય, પણ આપણી યુનિવર્સિટીમાં તેમના વિષયને માટે માન્ય 'ગાઈડ' હયાત ન હોય, તો મુશ્કેલી પડે છે અને પીએચ.ડી.નો અભ્યાસ કરી શકાતો નથી. આવી સ્થિતિમાં યુનિવર્સિટી બહારના ક્ષેત્રમાંથી પણ ત્યાંના માન્ય 'ગાઈડ' હોય તેમનો સંસર્ગ સાધીને યુનિવર્સિટીના પ્રાધ્યાપકો પોતાનું પીએચ.ડી. કામ કરી શકે છે તે નિયમ તરફ અમે ધ્યાન દોર્યું હતું. તેના જવાબમાં અમને એવી મુશ્કેલી બતાવવામાં આવી કે આવા શિક્ષકો પોતાને ત્યાંના જ વિદ્યાર્થીઓને માટે રોકાઈ રહેલા હોય છે તથા ભાગ્યે જ બહારનું કામ લેવા તત્પર થાય છે. આ સંજોગોમાં શું કરવું તે સવાલ જરૂર ઊભો થાય છે. આવા વ્યક્તિગત કેસ હોય તેમણે પોતાની

વિશિષ્ટ સ્થિતિ બતાવીને યુનિવર્સિટી પાસે રાહત માગવી જોઈએ એ જ માર્ગ બાકી રહે છે. આ પ્રશ્ન અમે સિન્ડિકેટના ધ્યાન પર લાવીએ છીએ.

૭. અમને જણાવવામાં આવ્યું કે આંકડાશાસ્ત્રનો વિભાગ આવતા વર્ષથી ગણિત ભવનના ભાગ તરીકે આ ભવનમાંથી તે ભવનમાં લઈ જવામાં આવશે. આજે સમાજવિદ્યાઓનું ખેડાણ, સંશોધન વગેરે જે રીતે થાય છે તે જોતાં, આંકડાશાસ્ત્ર આ ભવનનો પણ એક મહત્ત્વનો ભાગ છે તેમાં શંકા નથી. એમ કહીએ તો ચાલે કે 'એપ્લાઇડ' આંકડાશાસ્ત્રનો વિભાગ સામાન્ય રીતે આ ભવનમાં જરૂરનો ગણાય, જોકે એક વિદ્યા તરીકે તે ગણિતવિદ્યાનો ભાગ છે તેમાં શંકા નથી. ભવનમાં સંશોધન વગેરેનું કામ થાય તેમાં અમુક કક્ષાએ અમુક આંકડાશાસ્ત્રનું કામ અને તેની જરૂરિયાત ઊભાં થાય જ છે. આ સગવડ ભવન પાસેથી જઈ, તેના ભાગ તરીકે ન રહે તો, બીજું કાંઈ નહિ તોપણ કામમાં વિલંબ તો પડે જ. સંશોધન અંગે આવા વખતે તે તે અધ્યાપકોએ અવારનવાર મળીને પણ કામ કરવાનું જરૂરી બને છે. આંકડાશાસ્ત્રનો વિભાગ જુદા ભવનની વ્યવસ્થામાં જાય તો આવાં કારણોથી અમને મુસીબત પડશે એ પ્રકારની રજૂઆત ભવનના સ્ટાફે અમારી આગળ કરી હતી. અમને લાગે છે કે, અમુક જાતની તકલીફ જરૂર અહીં બતાવી શકાય, પરંતુ ગણિત ભવન પણ યુનિવર્સિટી 'કેમ્પસ' પર સાથે જ છે, તેથી એમાં કાંઈક ઘટાડો થતો માનવો જોઈએ. એટલે એમ કરવું રહ્યું કે, આંકડાશાસ્ત્રને અંગે ગણિત ભવન અને સમાજવિદ્યા ભવન, કાર્યક રીતે ભેગાં મળીને વ્યવસ્થા કરી લે એવો બંદોબસ્ત વિધિસર થવો જોઈએ. અમારી ભલામણ છે કે, આ બાબતમાં જે તકલીફ ભવન તરફથી અમને વર્ણવી બતાવવામાં આવી તે અંગે, નવી ગોઠવણી થાય ત્યારે કાંઈક સમાધાનકારક રસ્તો યોજવો જોઈએ.

૮. ભવનના કામકાજમાં અધ્યાપન ઉપરાંત, મહત્ત્વનું કામ સંશોધનની પ્રવૃત્તિ ગણાય છે. અને ભવન સામાન્ય શિક્ષણના કામ ઉપરાંત, સંશોધનમાં પણ યોજનાપૂર્વક કામ કરે એ આવશ્યક અને તેના માટે શોભારૂપ પણ મનાય છે. આ બાબતમાં પણ અમે ભવનના અધ્યક્ષ તથા સ્ટાફ જોડે લંબાણથી ચર્ચા કરી હતી. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અમારા નિરીક્ષણમાં પણ આ વિષે અમે સામાન્યપણે કેટલીક બાબતો નોંધી છે કે જે અહીં પણ લાગુ પડે છે. ભવનમાં અત્યારે સંશોધન અંગે જે કામકાજ ચાલે છે તેનો અધ્યાપકવાર અહેવાલ અમને મળ્યો છે તે આ સાથે અલગ (પરિશિષ્ટ ૨ તરીકે)* અમે જોડી આપ્યો છે. આ કામ દરેક અધ્યાપક પોતાની અંગત રુચિ અને ઇચ્છા પ્રમાણે અંગીકાર કરે છે અને તે પોતાની રીતે આગળ ચલાવે છે. ભવન તરફથી અને સમગ્રરૂપે કરવાના કામ તરીકે કોઈ યોજનાબદ્ધ સંશોધન-કાર્યક્રમ હોતો નથી. આજે આપણા દેશની યુનિવર્સિટીઓમાં સંશોધનનું કામ આ ઢબે જ મુખ્યત્વે ચાલે છે.

ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અમારા રિપોર્ટમાં સંશોધનકાર્યને ત્રણ ભાગમાં અમે વહેંચી બતાવ્યું છે તે અહીં ફરીથી લખવાની જરૂર નથી. આ ભવનના અધ્યક્ષે બીજા દૃષ્ટિબિંદુથી સંશોધનકાર્યને નીચેની ત્રણ રીતોમાં વહેંચી શકાય એવું અમારી આગળ જણાવ્યું :

(૧) કોઈ પણ મુદ્દાનું, તપાસ કે સરવેની દૃષ્ટિએ કરાતું તપાસકાર્યની ઢબનું સંશોધન;

(૨) મુખ્યત્વે ગ્રંથાલયની મદદથી દસ્તાવેજી આધારે અભ્યાસ કરીને રજૂ થતું પ્રબંધની ઢબનું સંશોધનકાર્ય; અને

(૩) કોઈ વિદ્યાના પ્રશ્નનું મૌલિક સંશોધન.

છે. પહેલા પ્રકારનું કામ ભવનમાં 'ટીમ વર્ક' તરીકે અને આયોજનપૂર્વક [illegible] અંશે બીજા પ્રકારનું કામ પણ એ ઢબે યોજવાનું રાખ્યા હોય. ત્રીજા પ્રકારનું કામ એવું છે કે જ્યાં સંશોધનની અંગત કામગીરી અપેક્ષિત અને છે, એટલે ભવનના અધ્યક્ષને એમ સૂચવ્યું કે ભવન અધ્યાપન ઉપરાંત સંશોધનની પણ સંસ્થા છે, તથા અધ્યાપકો માટે રોજ એકબે કલાકના અધ્યાપન કામ પછી અભ્યાસ તથા સંશોધન માટે નવરાશ પણ હોય છે; એટલે ભવને એક સંશોધન-સંસ્થા તરીકે સંશોધન માટે વ્યવસ્થિત કાર્યક્રમ પણ યોજવા જોઈએ. ભવનના અધ્યક્ષે આ વસ્તુ વિચારવા જેવી છે એમ કહીને જણાવ્યું કે આ અંગે આગળ ઘટતી યોજના કરીશું.

૯. ભવનની જુદી જુદી વિદ્યાશાખાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે તેના ૧૯૬૦, ૧૯૬૧ અને ૧૯૬૨ના ત્રણ વર્ષના ક્રમિક કોઠા આ સાથે (પરિશિષ્ટ ૩માં)* આપ્યા છે તે જોતાં જણાય છે. જુનિયર-સિનિયર એમ.એ. થઈને ૧૯૬૦-૬૧માં કુલ ૧૫૮, ૧૯૬૧-૬૨માં ૨૫૧ અને ૧૯૬૨-૬૩માં ૨૭૦ વિદ્યાર્થીઓની સંખ્યા જોવા મળે છે; અને પીએચ.ડી.માં ૧૯૬૦-૬૧માં ૨, અને ૧૯૬૧-૬૨ અને ૧૯૬૨-૬૩માં ૪ વિદ્યાર્થીઓ હતા, એમ જણાય છે. અમદાવાદમાં કામ કરતાં આ વિષયો અંગેનાં અનુસ્નાતક કેન્દ્રો કયાં કયાં અને કેટલાં છે તથા તેમાં કેટલી સંખ્યા તેનો લાભ લે છે તે માહિતી અમે મેળવી શકયા નથી; પણ કેટલાક વિષયોમાં આ ભવન જ આખી યુનિવર્સિટીમાં કામ કરતું હોય એમ જણાય છે. 'યુનિવર્સિટીનાં ભવન તથા તેમને મળતું કામ કરતાં' બહારનાં કેન્દ્રો વચ્ચે અમુક પ્રકારનો સંબંધ જોડાય એ વિષે અમે ગુજરાતી ભવનના નિરીક્ષણના અમારા રિપોર્ટમાં કયાંક ચર્ચા કરી છે તે અહીં બેવડાવતા નથી. ત્યાં કરેલું સૂચન અહીં પણ રજૂ કરીએ છીએ.

૧૦. પરીક્ષાનાં પરિણામો બતાવતો કોઠો અમને જે મળ્યો તે, આ સાથે અલગ (પરિશિષ્ટ ૪ તરીકે)* જોડયો છે. તેમાં ત્રણેય વર્ષોનાં પરિણામ આપવામાં આવેલાં છે. ત્રણેય વર્ષ, દર વર્ષે ૭૦ ટકા ઉપર પરિણામ આવેલું જોવા મળે છે. સિવાય કે, ૧૯૬૧માં, D.L.W. પરીક્ષામાં, તે કાંઈક ઓછું છે. પરિણામ જોતાં એ પણ ધ્યાનમાં આવે છે કે એમ.એસસી. આંકડાશાસ્ત્ર સિવાય બીજી પરીક્ષાઓમાં ત્રણે વર્ષમાં કોઈ પહેલા વર્ગમાં આવ્યું નથી. બીજા વર્ગમાં ૧૯૬૦-૬૧માં ૨૫ ટકા જેટલું પરિણામ છે. જ્યારે ત્રીજા વર્ગ (૧૯૬૨)માં તેના ટકા ૧૬-૧૭ જેટલા છે.

૧૧. ભવનના વિદ્યાર્થીઓનું વિદ્યાર્થીમંડળ ચાલે છે, તથા ઇતર પ્રવૃત્તિઓમાં તેનું (અને અમદાવાદની બધીય કોલેજોનું પણ) "પ્લાનિંગ ફોરમ" ચાલે છે. વિદ્યાર્થીઓની ઇતર પ્રવૃત્તિઓમાં રમતગમતો, વાર્ષિક દિન સંમેલન વગેરે જોવામાં આવે છે. શરૂમાં જણાવ્યું તેમ અમે વિદ્યાર્થીઓને મળી શકયા નહોતા. એટલે એ વિષે કાંઈ વધુ જણાવી શકીએ તેમ નથી.

૧૨. ભવનને માટે છાત્રાલયની વ્યવસ્થા યુનિવર્સિટીના છાત્રાલયમાં થયેલી છે. ભવનના વિદ્યાર્થીઓ તેનો ઠીક ઠીક લાભ લેતા જણાય છે. છેલ્લાં ત્રણ વર્ષમાં સંખ્યા જુનિયર-સિનિયર મળીને ૧૯૬૦-૬૧માં (૨૩+૫૧) ૭૪; ૧૯૬૧-૬૨માં (૩૨+૩૫) ૬૭ અને ૧૯૬૨-૬૩માં (૩૩+૩૮)૭૧ હતી.

૧૩. પીએચ.ડી. માટે ૪ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. તેમાંના ૨ અર્થશાસ્ત્ર અને ૨ સમાજશાસ્ત્રમાં કામ કરે છે. અર્થશાસ્ત્રના બેમાંથી એક વિદ્યાર્થીએ પોતાનો પ્રબંધ પૂરો કરીને આ વર્ષે પરીક્ષા માટે સોંપ્યો છે, અને બીજા વિદ્યાર્થીનો પ્રબંધ લગભગ પૂરો થવા આવ્યો છે. આ બે વિદ્યાર્થીઓ ૧૯૬૦-૬૧થી ચાલુ થયા છે. સમાજવિજ્ઞાનની અંદર ગયા વર્ષે ત્રણ વિદ્યાર્થીઓ હતા, તેમાંથી આ વર્ષે બે ચાલુ છે.

પીએચ.ડી. માટેના વિદ્યાર્થીઓની સંખ્યા અંગે અમે ભવનના [redacted] તેમણે જણાવ્યું કે, અર્થશાસ્ત્ર માટે માર્ગદર્શક તરીકે જેઓ મારી પાસે આવ [redacted] ધોરણની કસોટી લઉં છું અને તેમાં જો મને કામચલાઉ સંતોષ થાય કે જેથી પીએચ.ડી.નું ધોરણ સચવાઈ રહે તો તે હિસાબે તેની દોરવણી આપવાનું કામ માથે લઉં છું. તે મુજબ કામ કરતાં મેં એને લીધેલા છે. કસોટીમાંથી પસાર ન થાય તો હું સામાન્યપણે લેતો નથી. સંખ્યાની બાબતમાં આ પ્રમાણે અમને તેમણે પોતાના વિષય અંગે જણાવ્યું. સમાજવિદ્યામાં ત્રણમાંથી એક ઓછો કેમ થયો તેનું કારણ એવું જાણવા મળ્યું કે એક સત્ર દરમિયાન તેનું કામ આગળ ચાલતું ન લાગ્યું તથા યુનિવર્સિટીમાં નવા વરસે તેની ફી લેવામાં આવી નહિ, અને એ રીતે વિદ્યાર્થી કમી થયેલો છે.

યુનિવર્સિટીની પીએચ.ડી. પરીક્ષા બને તેટલા ઉત્તમ ધોરણે અને ઉત્કૃષ્ટ કક્ષાએ રહે એ જાળવવું જોઈએ. ઉપર સંશોધન અંગેનાં ત્રણ રીતો અમે નોંધી છે તેમાંની અમુક તપાસકામ લઈને કરવામાં આવતા સંશોધનનાં રીતને પીએચ.ડી. જેવા લેવલ માટે પૂરતી ગણાય કે કેમ એવો સવાલ પ્રમાણિકપણે કેટલાક વિદ્વાનો સેવે છે. અર્થશાસ્ત્રના વિષયમાં તો આ જાતનું સંશોધન પ્રાથમિક કક્ષાનું જ ગણાય કે જે આદરપાત્ર સંશોધનો માટે તેની તૈયારીરૂપે કરવાનું હોય. આ દૃષ્ટિએ જોતાં બનવાજોગ છે કે 'ગાઈડ' ની આ વિશેની પોતાની જેવી કસોટી હોય તે પ્રમાણે વર્તે. આથી કરીને કદાચ અર્થશાસ્ત્રમાં પ્રો. શિનોયને બે વિદ્યાર્થીઓ જ મળી શકયા હોય એવું બને.

સમાજશાસ્ત્રમાં એક વિદ્યાર્થી કમી થયો તેના કારણ વિષે અમે ભવનના અધ્યક્ષ જોડે ચર્ચા કરી હતી. એ કક્ષાએ કામ કરતો વિદ્યાર્થી, કૉલેજમાં ભણતો વિદ્યાર્થી, વિદ્યાર્થીની પેઠે, પોતાના સંજોગોવશાત્ એકધારું કામ ન કરી શકે. યુનિવર્સિટી તેમને ચારથી પાંચ વર્ષનો ગાળો એ દૃષ્ટિએ આપે છે કે જે વીત્યા પછી પણ કામ ન પરવારે તો તેવાઓએ ફરીથી નોંધાવું પડે એટલે ઉપર જણાવેલા કારણે કોઈ વિદ્યાર્થીને ફી ભરતો રોકવામાં આવે એ ઠીક? એવો સવાલ, અમે તેમની આગળ વિચારવા માટે મૂકયો હતો.

૧૪. શિક્ષણની પદ્ધતિ બાબતમાં અમને જાણવા મળ્યું છે કે દર વર્ષે સત્રમાં થયેલા કામકાજને અંતે સત્રાંતમાં અને વાર્ષિક પરીક્ષાઓ લેવાય છે તે ઉપરાંત 'ટ્યુટોરિયલ' સેમિનાર વગેરે દરેક વિષયમાં યોજવામાં આવે છે.

૧૫. અધ્યાપકોના વિષયો તરફ જોતાં જણાયું કે ઇતિહાસના અનુસ્નાતક અભ્યાસને માટે ભવનમાં જોગવાઈ આપી શકાતી નથી. પરિણામે, ઇતિહાસનું કેન્દ્ર, અહીં ચાલતું નથી. અમે આ વિષે ભવનના સ્ટાફ જોડે ચર્ચા કરી હતી. આવું કેન્દ્ર, અને તે પણ ઇતિહાસ જેવા વાયાના મહત્ત્વના અભ્યાસના વિષયને માટે ન હોય એ એક ઊણપ લાગે. હવે પછી ઇતિહાસના અધ્યાપક નિમાશે, એટલે અમે માનીએ છીએ કે આ ઊણપ દૂર કરવાની જોગવાઈ થઈ શકશે.

લિ.
ડોલરરાય માંકડ
મગનભાઈ દેસાઈ

તા. ૩૦મી માર્ચ, ૧૯૬૩.

ભાષા-સાહિત્ય ભવનનો ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

શ્રી. રજિસ્ટ્રાર,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

ભાઈશ્રી,

તા. ૧૫-૧-૧૯૬૩ના આપના પત્રાંક સિં./ટ્રાયે./૧૯૫૧ મુજબ અમે ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના ત્રિવાર્ષિક નિરીક્ષણને માટે તા. ૮-૬-૧૯૬૩ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે ગયા હતા. ભવનના વિદ્યાર્થીઓને મળવાને અને તેમની જોડે વાતચીત કરવાને માટે તા. ૯મીએ બીજે દિવસે એક કલાક વધુ ગયા હતા; જે દરમિયાન વિદ્યાર્થીઓએ ભવનના તેમના અભ્યાસ અંગે વિગતે પ્રશ્નોત્તરી કરી હતી. ભવન વિષે કેટલીક જરૂરી માહિતી તેના સંચાલકશ્રીએ અમને અગાઉથી મોકલી આપી હતી. કેટલીક બીજી અમે માગી તે બધી, તે બાદ અમને પહોંચતી કરી હતી. એ માટે તથા સ્ટાફના અધ્યાપકગણને માટે તથા વિદ્યાર્થીઓને મળવાની અને તેમની જોડે ચર્ચા કરવાની સગવડ પણ અમને આપી તે માટે આભારી છીએ. એ બધા પરથી અમે ભવનના ત્રિવાર્ષિક કામકાજ વિષે નીચેનો અહેવાલ રજૂ કરીએ છીએ :

૧. ભવનનું સંચાલન યુનિવર્સિટી પોતે તેના સંચાલકશ્રી મારફતે કરે છે. મકાનની તેમ જ ગ્રંથાલયની સવડ યુનિવર્સિટીએ કરી છે તે સારી પેઠે પૂરતી છે. મકાનનો અમુક ભાગ અત્યારે વિજ્ઞાન વિદ્યાભવન વાપરે છે. તે ભવન જ્યારે પોતાના અલાયદા મકાનમાં જશે ત્યારે એ જગા ખાલી થશે. ભાષા-ભવનમાં ગુજરાતી ઉપરાંત હિંદી, અંગ્રેજી, સંસ્કૃત, ફારસી, ઇત્યાદિ કેટલીક ભાષાઓના અભ્યાસને માટે હવે પછી ઉમેરો થશે એવી યોજના છે, તો ખાલી થતું મકાન તેને ખપમાં આવી શકશે. ગ્રંથાલયનો ઉપયોગ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોને જરૂરી બધી રીતે મળી શકે તે માટે યુનિવર્સિટીનો ગ્રંથાલય વિભાગ ધ્યાન રાખે છે અને તેને સારુ ઘટતી વ્યવસ્થા આપે છે. તેમાં જે ઘટે તે રીતે સુધારોવધારો થતો રહેશે તેથી ગ્રંથાલયની સવડ વિષે કાંઈ ચિંતા નહિ રહે એમ અમે જોયું.

૨. અનુસ્નાતક અધ્યાપન તથા સંશોધનને માટે ભવનમાં હાલ ગુજરાતી (મુખ્ય અને ગૌણ) તથા ભાષાવિજ્ઞાન (ગૌણ)—એમ બે વિષયોના (એમ.એ. વર્ગના) શિક્ષણની જોગવાઈ છે. તથા સંશોધન અર્થે કામકાજ ચાલે છે જેને માટે ભવનના સંચાલક શ્રી ઉમાશંકર તથા ભાષાવિજ્ઞાનના રીડર-પ્રોફેસર પંડિત—બંને 'ગાઈડ' તરીકે માન્ય થયેલા છે. મદદમાં શિક્ષણ-સંશોધન અર્થે બીજે જે સ્ટાફ છે તે તથા તેમના કામકાજને વિષે ભવનના અધ્યક્ષે અમને જે વિગતવાર નોંધ આપી છે તે આની સાથે (પરિશિષ્ટ ૧ તરીકે)* જોડી છે; તેમાંથી આ વિષેની માહિતી મળી રહેશે.

૩. એ માહિતીમાંથી જણાશે કે અધ્યાપકો એમ.એ.ના અધ્યાપન પેટે અઠવાડિયે ચાર-પાંચ સમય લે છે. આથી શિક્ષણકાર્યને સંભાળી લેવામાં બહારના અધ્યાપકોની મદદની જરૂર સામાન્યપણે રહેતી નથી. કોઈ વિશેષ પ્રસંગ કે ચર્ચા યા પરિસંવાદની દૃષ્ટિએ બહારની વ્યક્તિઓને બોલાવાય તે જુદી વાત. બાકીનો સમય અધ્યાપકો પોતાના અભ્યાસ તથા સંશોધન અને તેના માર્ગદર્શનના કાર્યમાં આપે છે તે અંગે

હાલમાં જે ચાલે છે તે વર્ણવતી નોંધ ભવનના સંચાલકશ્રીએ આપી તે પણ સાથેના પરિશિષ્ટ ૧માં* મળે છે.

૪. ભવનમાં થતા કામકાજને અમે ઉપર બે ભાગમાં વર્ણવ્યું છે : (૧) એમ.એ. વર્ગનું અધ્યાપન વર્ગ કાર્ય અને (૨) ભવન તથા તેમાં કામ કરતા અધ્યાપકોનું સંશોધન અને પીએચ.ડી.નું માર્ગદર્શન કાર્ય — એમાં સંશોધન અંગે અમે બે ભાગમાં વિચાર કરીએ છીએ : (૧) ભવન તરફથી સમન્વિતરૂપે વિચારેલ કાર્ય, અને (૨) અધ્યાપકો પોતાની રુચિ અને ઇચ્છા મુજબ અંગતરૂપે અંગીકાર કરે તે કાર્ય. આ બેમાંના પહેલા પ્રકારમાં એ જાતનું કામ પણ ગણી લેવું જોઈએ કે જે યુનિવર્સિટીને બહારથી સોંપાતું હોય અને જે ભવન દ્વારા કરવા માટે લેવામાં આવ્યું હોય, જેમ કે, ભારત સરકારના કેળવણી ખાતાએ ગુજરાતી ભાષાનું 'મોર્ફિમ' અને 'ફોનિમ' ફરીતા (ફ્રિકવન્સી) અંગે ભારવેલું કામ અથવા સાહિત્ય અકાદમીની રાષ્ટ્રીય 'ગ્રંથસૂચિ'ના ગુજરાતી વિભાગનું કામ. ભવન તરીકે તેણે પોતે આપણા પ્રાચીન કાવ્ય-ગ્રંથોનું સંપાદનકામ કેટલાંક વર્ષથી હાથ ધર્યું છે, તેમાંનું 'દશમસ્કંધ' કામ ગઈ ત્રિવર્ષીથી ચાલુ છે. આ ત્રિવર્ષીમાં તેમાં 'અષ્ટગીતા'નું સંપાદન ઉમેરાયું છે. આ બે ગ્રંથોના સંપાદન વિષે માહિતી આપતી અલગ નોંધ ભવનના અધ્યક્ષ પાસેથી મળી તે આ સાથે અલગ (પરિશિષ્ટ ૨ તરીકે)* જોડી છે.

૫. ઉપર જણાવ્યું તેમ ભવનના સંશોધનકાર્યને નીચેના ત્રણ ભાગમાં વહેંચીને તપાસી શકાય :

(૧) પીએચ.ડી.ના વિદ્યાર્થીનું સંશોધન—તેનું માર્ગદર્શન;

(૨) અધ્યાપકોએ અંગત અંગીકાર કરેલું; અને

(૩) ભવન તરફથી આયોજન કરીને આદરવામાં આવતું સંપાદનકાર્ય.

આમાંનું ત્રીજું કાર્ય મહત્ત્વનું છે અને તે એ રીતે કે, તે દ્વારા ગુજરાતી પ્રજાની ભાષા, સાહિત્ય વગેરે ક્ષેત્રે સેવાનાં કામો, તેની એક સંસ્થા તરીકે યુનિવર્સિટી ઉપાડીને કરી શકે. અધ્યાપનના કામ ઉપરાંતના આ સંશોધનકાર્ય વિષે અમે ભવનના અધ્યક્ષ જોડે ઠીક ઠીક ચર્ચા કરી હતી. તેથી અમને સંતોષ થયો કે ઉપરની દૃષ્ટિ તેમને ગમે અને તે બોરણે ભવનનું આગામી કામકાજ યોજવા પ્રયત્ન થશે. એ બાબતમાં અમારી જોડે તેમણે વિચારણા પણ કરી હતી. તેને અંગે તેમણે જે એક યોજના વિચારી તે અમારી માગણી પરથી તેમણે એક નોંધરૂપે અમને આપી છે, તે (પરિશિષ્ટ ૩ તરીકે)* જોડી છે. તેમાં તેમણે સૂચવેલાં કામો તથા તેના ખર્ચ વિષે ઘટતું કરવા અમારી ભલામણ છે.

આમ સંશોધનકાર્ય અને સંપાદનકાર્ય યોગ્યમ તો ભાષાના અધ્યાપન કામકાજ પૂરતું જ જોતાં જે નવરાશ લાગવા સંભવ છે તે યુનિવર્સિટી ભવનના બીજા અને મહત્ત્વના એવા સંશોધનકાર્યમાં ક્યે લાગશે એટલું જ નહિ, પણ ભવનને શોભારૂપ નીવડશે એમ અમો માનીએ છીએ.

૬. ભવનમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા છેલ્લાં ત્રણ વર્ષમાં કેવી હતી તે બતાવતું તારણ આની જોડે (પરિશિષ્ટ ૪ તરીકે)* આપ્યું છે. તે ઉપરથી જણાશે કે આ વર્ષે (૧૯૬૨-૬૩) ભવનમાં કુલ ૧૦૮ વિદ્યાર્થીઓ છે, જેનો ફોડ એમ છે કે તેમાંના ૫૦ એમ.એ.ના મુખ્ય વિષય તરીકે અને ૫૫ ગૌણ વિષય તરીકે, તથા ૩ પીએચ.ડી. માટે ભણે છે. અગાઉનાં ત્રણ વર્ષની સંખ્યા સાથે જોતાં ગયા વર્ષ અગાઉ તે વધારે હતી. બે વર્ષથી તે ૧૦૭-૮ જેટલી સ્થિર ચાલે છે.

ભવનમાં વિદ્યાર્થી-સંખ્યાની બાબતમાં એક વસ્તુ ધ્યાનમાં લેવી જોઈએ કે, યુનિવર્સિટી વિસ્તારમાં અમદાવાદ બહાર ગુજરાતીનાં અનુસ્નાતક કેન્દ્રો બીજાં આઠ ચાલે છે, જેમાં લગભગ ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓ ભણે છે એવી માહિતી જાણવા મળી. ભવનનો સમય રોજ અને કામકાજના સામાન્ય રીતના બપોરના કલાકોનો હોય છે, કેન્દ્રોનો સામાન્ય સમય અઠવાડિયામાં શનિ-રવિવારે હોય છે, આથી વિદ્યાર્થીઓ પોતપોતાની અનુકૂળતા મુજબ સગવડભર્યા કેન્દ્રમાં કે ભવનમાં જોડાય છે. એમ.એ. ગુજરાતી અભ્યાસને માટે કેન્દ્રની અને ભવનની એમ બન્ને પ્રકારની વ્યવસ્થા યુનિવર્સિટી ચલાવે છે. તેમનો તુલનાત્મક અભ્યાસ કરવા જેવો ગણાય એમ અમને ભવનનું નિરીક્ષણ કરતાં લાગ્યું. ભવનની પેઠે કેન્દ્રનું નિરીક્ષણ થાય છે કે કેમ તે અમને ખબર નથી. જો ન થતું હોય તો તે સિન્ડિકેટે કરાવવું જોઈએ એવી અમારી ભલામણ છે, જેથી બે પ્રકારના ગુણદોષ તપાસીને અરસપરસ સુધારણા કરવા માટે મદદરૂપ વિચારબિંદુઓ અને સૂચના મળી શકે.

૭. ભવનના વિદ્યાર્થીઓની સાથેની અમારી વાતચીતમાં એકબે સૂચનો અમને મળ્યાં હતાં કે જે આમ તો નવાં નથી છતાં નોંધપાત્ર લાગે છે. ઘેરથી અભ્યાસ કરીને બરોબર બેસાય તેવું 'એક્સ્ટર્નલ' એમ.એ. હોય તો કેમ? અને જો ભવનના કામકાજનો સમય સવારનો હોય તો સારું. આની અમે ભવનના અધ્યક્ષ જોડે ચર્ચા કરી હતી. બી.એ. એક્સ્ટર્નલ છે તેથી આગળ ન જવું, એવો અમારો મત છે, અને સવારનો સમય ભવનનું કામ સાંગોપાંગ રીતે કરવાને માટે ઓછો પડે એમ બતાવવામાં આવ્યું. અમને એ બરાબર લાગે છે.

૮. શિક્ષણની પદ્ધતિ અંગે અમને કહેવામાં આવ્યું કે આ વર્ષે સત્રમાં થયેલા કામની કસોટીરૂપે સત્રાંત પરીક્ષા લેવામાં આવી હતી. તથા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ સ્વાધ્યાયની વ્યવસ્થા કરવામાં આવી છે. એક એવો વિચાર પણ અમે ચર્ચ્યો હતો કે બી.એ.થી આગળ વધી એમ.એ.માં પણ ત્રીસેક ગુણનું કામ ભવનના આંતરિક પરીક્ષણ પેઠે કરી શકાય તો કેવું? આ સૂચન સ્વીકારાય તો ભવનનો અભ્યાસક્રમ વધારે સમયનો અને સંગીન યોજવો ઘટે, તે ફાયદો ગણાય. બીજી તરફથી જોતાં, તે કેટલું સફળ કહી શકાય, તે પ્રયોગ કરી જોયો જણાય. કેન્દ્રોમાં જ્યાં કેવળ એક બે દિવસ અને તે કેવળ વ્યાખ્યાન પૂરતું જ કામ થાય છે, ત્યાં આવું આંતરિક પરીક્ષણ કેમ ફાવે એ પણ જોવાનું રહે તથા એમ એ. જેવા ઉચ્ચ અભ્યાસના વિદ્યાર્થીઓને માટે આવી વ્યવસ્થા કરવી જરૂરી ખરી? એ સવાલ થાય. આ વિષે ચોક્કસ સૂચન કરી શકતા નથી.

૯. છેલ્લાં ત્રણ વર્ષોમાં ભવનના વિદ્યાર્થીઓની પરીક્ષાનું પરિણામ બતાવતો કોઠો (પરિશિષ્ટ ૫ તરીકે)* આ સાથે જોડ્યો છે. પરિણામ વિષે એક નોંધપાત્ર વસ્તુ એ ધ્યાનમાં આવી કે ત્રણ વર્ષમાં કોઈ પ્રથમ વર્ગમાં પાસ થતું નથી. પાસ સંખ્યા લગભગ ૭૦ ટકા આસપાસ જેટલી છે.

૧૦. ભવનને છાત્રાલયની સગવડ યુનિવર્સિટી છાત્રાલયમાં મળી રહે છે, પરંતુ બહુ ઓછા વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે. એક પીએચ.ડી.નો વિદ્યાર્થી જ આ વર્ષે છાત્રાલયમાં રહે છે.

વિદ્યાર્થીઓની ઇતર પ્રવૃત્તિઓ સંભાળવા માટે તેમનું વિધિસર મંડળ રચાતું નથી, પણ અમ જણાવવામાં આવ્યું કે આપોઆપ તેઓમાંથી બેત્રણેક જણા એમના મુખી પેઠે કામ કરે એવું જો યોજી લે છે. રમતગમત ઇત્યાદિ જેવી પ્રવૃત્તિઓ આ કક્ષાના વિદ્યાર્થીઓમાં ખાસ જામી શકતી

એમ લાગે છે. યુનિવર્સિટીનાં બધાં ભવનોના વિદ્યાર્થીઓનું એક મંડળ બની, તેમની કોઈ વિદ્યાર્થી-પ્રવૃત્તિ યોજાતી જણાતી નથી.

૧૧. ભવનમાં સંચાલક જોડે એમ.એ.ના ચાલુ અભ્યાસક્રમ વિષે થોડી ચર્ચા નીકળી હતી. અમને લાગ્યું કે હવે શરૂ થતા ત્રણ વર્ષના ડિગ્રી કોર્સના સંદર્ભમાં એમ.એ.ના અભ્યાસક્રમને સળંગ કરી વિચારવાનું આવશે, તથા આપણી મુખ્ય ભારતીય પ્રદેશ-ભાષાઓ અને તેમના સાહિત્ય વિષે સામાન્ય પરિચય એમ.એ. કક્ષાએ પહોંચતા વિદ્યાર્થીઓને મળે એ ઇષ્ટ અને આવશ્યક પણ કહેવાય. ભાષાની દૃષ્ટિએ તેમનો પરસ્પર તુલનાત્મક અભ્યાસ પણ તે તે ભાષાના યુનિવર્સિટી ભવનમાં થવો જોઈએ. આ વસ્તુને નવો અભ્યાસક્રમ વિચારતી વખતે ઘટતું સ્થાન આપવા જેવું લાગે છે. હવે પછી ગુજરાતી ઉપરાંત બીજી ભાષાઓને માટે પણ ભવનમાં જોગવાઈ થશે, ત્યારે આવા અભ્યાસ માટે સારી સગવડ થશે એમ કહેવાય.

ગુજરાત યુનિવર્સિટીમાં આ વિષય ભણતા બધા વિદ્યાર્થીઓ (કેન્દ્રો અને ભવનમાં બધે) અને તેમના અધ્યાપકો માટે વર્ષમાં એકાદ વાર અને અનુકૂળ સમયે થોડા દિવસનો શિબિરક્રમ યોજાય તો કેમ એવી એક સૂચના હતી. આ એક પ્રયોગ કરી જોવા જેવું સૂચન છે. એ જ.

લિ.
ડોલરરાય માંકડ
મગનભાઈ દેસાઈ

તા. ૨૦મી માર્ચ, ૧૯૬૭.

*પરિશિષ્ટો અત્રે છાપ્યાં નથી.

ભાષા-સાહિત્ય ભવનનો ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

શ્રી. રજિસ્ટ્રાર,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

ભાઈશ્રી,

તા. ૪-૨-૧૯૬૬ના આપના પત્રાંક સિં. ૨૬-૦૩૭૧૬૬ મુજબ અમે ભવનના ત્રિવાર્ષિક નિરીક્ષણને માટે તા. ૨૧-૨-૧૯૬૬ના રોજ ૧૨-૩૦ વાગ્યે ગયા અને તે આખો દિવસ ભવનના વિદ્યાર્થીઓને મુખ્યત્વે મળ્યા હતા. તે દિવસે હિન્દીના વર્ગો ચાલુ નહોતા, તેથી તેમના સિવાયના વિદ્યાર્થીઓ (સંસ્કૃત, અંગ્રેજી તેમ જ ગુજરાતીના એમ.એ.ના) અમને મળ્યા હતા. તેમણે તેમના અભ્યાસ અંગે ઉત્સાહભેર ચર્ચાઓ કરી હતી અને તેમનાં મંતવ્યો જાણવાનો તક અમને મળી હતી.

૨. તપાસને અંગે સામાન્યપણે યુનિવર્સિટી તરફથી સૂચના મુજબ મગાતી માહિતીનાં પત્રકો તૈયાર હતાં નહિ, તેથી તે ફરીને મોકલવાની સૂચના આપી અને તે મળ્યા બાદ ફરી મળવાનું રાખીને એક દિવસનું કામ અમે પૂરું કર્યું હતું.

૩. માહિતીપત્રકો ઇત્યાદિ મળ્યા બાદ, ફરી અમે તા. ૧૮-૩-૧૯૬૬ના રોજ ૧ વાગ્યે ભવનમાં મળ્યા હતા અને તે દિવસે લગભગ ૬-૩૦ વાગ્યા સુધી રોકાઈને અમારું કામ પૂરું કર્યું હતું.

૪. આ દિવસે અમારું મુખ્ય કામ માહિતીપત્રકોને આધારે વિશેષ જે કાંઈ જાણવા-પૂછવા માગીએ તે અધ્યક્ષશ્રી સાથે બેસીને કરવાનું હતું. એ બધું અમને ભવનના અધ્યક્ષે વિગતવાર આપ્યું તેમ જ બીજી રીતે અમારા કામમાં મદદ કરી, તેને માટે અમે આભારી છીએ.

૫. આ ઉપરાંત, આ દિવસે બીજું મુખ્ય કામ સ્ટાફના સભ્યોને મળવાનું હતું. તે કામમાં અમારો ઠીક ઠીક વખત ગયો હતો. આખા સ્ટાફનેભેગા મળ્યા બાદ, વ્યક્તિગત કોઈ સભ્ય ઇચ્છે તો મળવા માટે અમે સૂચવેલું. તે મુજબ પણ અમને એક સભ્ય અને તે બાદ ૫ બીજા સભ્યો એકસાથે ભેગા મળ્યા હતા. હિન્દીના અધ્યાપક હાજર હતા નહિ, તેથી તેમને અમે મળી શકયા નહોતા. તા. ૨૧-૨-૬૬ના રોજ સામાન્યરૂપે તે અમને મળ્યા હતા. તેમણે પોતાના કામકાજ ઇત્યાદિ અંગે એક નોંધ અધ્યક્ષશ્રીને આપેલી, તે એમણે અમને બતાવી હતી.

૬. સ્ટાફે સૌ સાથે બેસીને તેમ જ વ્યક્તિશઃ ચર્ચાઓ અમારી આગળ કરી. તે મુખ્યત્વે ભવનના સંચાલન અંગે અને તેના કેટલાક પ્રશ્નો વિષે હતી. અમને જાણવા મળ્યું કે આ બાબતો અંગે ભવનના અધ્યક્ષ મારફત તેમ જ બીજી રીતે, કેટલીક જાણકારી યુનિવર્સિટી કાર્યાલય તેમ જ વાઇસ-ચાન્સેલર સાહેબને પણ આપવામાં આવી છે, એટલે અમે એ વિગતોમાં અહીં પડવાનું જરૂરી માનતા નથી.

૭. ભવનના સંચાલનના કેટલાક આંતરિક પ્રશ્નો પણ એમાં અમારી આગળ મૂકવામાં આવ્યા હતા. અમારી તપાસ ખાસ તેવી કોઈ બાબતને અંગે ન હોઈ, અમે તેમાં જઈ ન શકીએ, એમ અમે અધ્યક્ષશ્રીને જણાવ્યું; છતાં તેઓએ અને તેમના સાથીઓએ મળીને ખુલ્લા દિલે, અમારી જોડે વાત કરી, તે માટે અમે એમના આભારી છીએ. આ વિષે યુનિવર્સિટી કાર્યાલય માહિતગાર છે જ અને અમારા કામમાં તે ન હોઈ, અમે તે અંગે કાંઈ નિવેદન ન કરીએ, એ જ ઉચિત ગણાય.

૮. ભવન યુનિવર્સિટીનું જ હોઈને તેનું સંચાલન યુનિવર્સિટી તે માટેના અધ્યક્ષ દ્વારા કરે છે. હવે ભવનના અનેક વિભાગો થાય છે, તેની સાથે સ્ટાફ પણ વધે છે. આથી કરીને, સંચાલનકાર્ય એકરાગથી અને બધાં ભવનોના સમન્વિતરૂપમાં થાય એ જરૂરી બને છે.

૯. ભવન માટે તેનું અલગ મકાન છે, તેના કેટલાક ભાગમાં વિજ્ઞાન ભવનનું કામ ચાલતું હતું તે હવે જેનાં નવાં મકાનો થતાં ત્યાં જવાથી, મકાનની મોકળાશ ભાષા-ભવનને થઈ છે. ભવનમાં આ ત્રિવર્ષીના અંતભાગમાં નવી ભાષાઓના વિભાગો શરૂ થયા છે. હવે મકાન આખું તે ખાતે મળતાં તેમને માટે પૂરતી મોકળાશ થઈ રહેશે.

૧૦. ગ્રંથાલય, વાચનાલયની સવડ ભવન પાસે અલગ હોય તો વધારે સારું એવી વાત સ્ટાફની જોડેની ચર્ચામાં નીકળી હતી. તે અંગે યુનિવર્સિટીએ એવી નીતિ રાખી છે કે એક મુખ્ય પુસ્તકાલય યુનિવર્સિટીનું હોય અને તે બધાં જ ભવનોની જરૂરિયાતો સંભાળીને કામ કરે અને એ મુખ્ય નીતિની મર્યાદામાં રહીને, દરેક ભવનને જે જે સગવડ ખાસ જોઈએ તે પૂરી પાડવા જોગવાઈ કરે. અમે જણાવ્યું કે આ નીતિમાં રહીને જે જે વિશેષ અનુકૂળતાઓ કે સગવડો જોઈએ તે મેળવી શકાય છે અને તે

આપવામાં આવે, એ રીતે ભવન પોતાની જરૂરિયાતો રજૂ કરી શકે. જરૂરી અનુકૂળતામાં, ભવનના અભ્યાસના વિષયોનાં પુસ્તકો પૂરતા પ્રમાણમાં આવવાં જોઈએ, એ મુખ્ય છે. અધ્યાપકો પાસે, પોતાના કામને અંગે જરૂરના ગ્રંથો રહી શકે, એવી સગવડ હોવી જોઈએ. સામયિક સાહિત્યમાંનું જે ભવનના અભ્યાસ અંગેનું હોય તે તેને વિશેષ ઉપલબ્ધ હોય, તો તેનો ઉપયોગ વધારે સારી ને સરળ રીતે થઈ શકે. સંસ્કૃતમાં સામયિક સાહિત્ય હવે પ્રગટ થાય છે, તેમાંથી કાંઈ હાલમાં યુનિવર્સિટીમાં આવતું ન હોય, તો તે મગાવવું જોઈએ. કેટલાક ગ્રંથોની ખાસ જરૂર હોય તે મુજબ, તેમની અનેક નકલો ઉપલબ્ધ થાય તો શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓને વધારે ફાવે. આ બધી વસ્તુઓ અંગે ભવનના અધ્યક્ષે, પોતાની જરૂર મુજબની સૂચનાઓ વિચારીને, ગ્રંથાલય પર મોકલવી ઘટે. અમારી ભલામણ છે કે આનો વિચાર સહાનુભૂતિપૂર્વક કરવો જોઈએ.

૧૧. **અધ્યાપન અને સંશોધનકાર્ય** : ગઈ ત્રિવાર્ષિક તપાસ વખતે ભવનમાં ગુજરાતી અને ભાષાવિજ્ઞાનના અભ્યાસ માટેનો જ વિભાગ હતો. બાદ ૧૯૬૩ નવેંબરથી અંગ્રેજી અને હિન્દી વિભાગો ઉમેરાયા અને તેનું અનુસ્નાતક શિક્ષણકાર્ય (અમદાવાદ શહેરનું) કેન્દ્ર ભવનમાં ચાલુ કરાયું. ૧૯૬૪–૬૫માં સંસ્કૃત, ફારસી ભાષાઓના વિભાગ થઇ ગયા અને તેનું અનુસ્નાતક શિક્ષણકાર્ય કેન્દ્ર પણ ભવનમાં ચાલુ કરાયું.

૧૨. એટલે હાલમાં ભવનમાં આ વિભાગોનું કામકાજ ચાલે છે: (૧) ગુજરાતી, (૨) ભાષા-વિજ્ઞાન, (૩) અંગ્રેજી, (૪) હિન્દી, (૫) સંસ્કૃત, (૬) ફારસી. બધા જ વિષયો (ભાષાવિજ્ઞાન સિવાય) મુખ્ય તેમ જ ગૌણ કક્ષાએ અનુભવી શકાય છે. ભાષાવિજ્ઞાન ગૌણ કક્ષાએ જ ભણાવાય છે તેમ જ આ બધા વિષયો માટે "પીએચ.ડી."ની પદવી માટે માન્ય માર્ગદર્શકો ભવનમાં છે, તેથી એ કામ પણ થઈ શકે છે.

ઉપરાંતમાં, ઈંગ્લિશના બે સર્ટિફિકેટ કોર્સ તેમ જ પરદેશીઓ માટે હિન્દીના વર્ગો તે તે વિભાગમાં ચાલે છે.

૧૩. આ બધા શિક્ષણકાર્યને માટે, ભવનના અધ્યાપકો ઉપરાંત, જુદા જુદા વિષયના અધ્યાપકો તેમ જ બહારના જાણીતા વિદ્વાનોને નિમંત્રણ આપવામાં આવે છે. ત્રણ વર્ષ દરમિયાન, આ પ્રમાણે નિમંત્રિત વ્યક્તિઓની યાદી અધ્યક્ષશ્રીએ અમને આપી, તેની નકલ આની સાથે (પરિશિષ્ટ ૧ જુઓ)* જોડી છે.

૧૪. ઉર્દૂ, અર્ધમાગધી અને પાલિ એ ત્રણ ભાષાનાં અનુસ્નાતક કેન્દ્રો ભવનમાં નથી ચાલતાં. ગૌણ વિષયો તરીકેનું શિક્ષણકાર્ય ભવનમાં ચાલે છે, એની સાથે હવે તેનાં કેન્દ્ર પણ ભવનમાં ચાલુ કરાય અને બહારના માન્ય અનુસ્નાતક અધ્યાપકોની મદદ લેવાય, તો કેમ? એ વિષે અમે ભવનના અધ્યક્ષ તથા સ્ટાફ સાથે વાત કરેલી. આજે ઉર્દૂ માટે માન્ય શિક્ષક પ્રો. નાગડ ભવનમાં છે અને પ્રો. ભાષાણી આવતાં પાલિ ને અર્ધમાગધી માટે પણ વ્યવસ્થા થઈ શકે છે. એટલે તે વિષયનાં કેન્દ્રો (અમદાવાદ માટે) ભવનમાં સહેલાઈથી નિયોજી શકાય, એમ લાગ્યું. અમારી ભલામણ છે કે આ બાબતમાં વિચાર કરાવો જોઈએ.

૧૫. અનુસ્નાતક ભાષા-શિક્ષણ અંગે અમારી જોડે થયેલી ચર્ચામાં એક એવું સૂચન થયેલું કે, અત્યારે પ્રત્યેક ભાષા જુદા જુદા વિષય તરીકે અલગ રખાય છે તેને બદલે તેઓમાં પરસ્પર સંબંધ જોઈને સંલગ્ન ભાષાઓનાં જૂથ ભણાવવાનો ક્રમ હોય તો કેવું? જેમ કે સંસ્કૃત સાથે પાલિ-પ્રાકૃત; હિન્દી, ફારસી, સાથે ઉર્દૂ ઇત્યાદિ તથા અર્વાચીન દેશી ભાષાઓમાં પણ આ દૃષ્ટિએ જૂથો પાડ્યાં હોય (જેમ કે ગુજરાતી, હિન્દી, મરાઠી, રાજસ્થાની, વ્રજ વગેરે) તો ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ પણ ઇષ્ટ થાય તથા ભાષાવિજ્ઞાનનો લાભ જેમ હાલ ગુજરાતીને (પ્રશ્નપત્ર ૫ દ્વારા) મળે છે તેમ બીજી ભાષાઓમાં પણ કેમ ન થાય? જો એમ થાય તો ભાષાવિજ્ઞાન અને તેના કેટલાક મૂળભૂત સિદ્ધાંતો વિવિધ ભાષાઓના અભ્યાસના પાયારૂપ બને તેમ જ સંશોધન અંગે પણ, અનેક ભાષાઓના સમન્વિત તથા તુલનાત્મક (સમીક્ષારૂપે) અભ્યાસ કે સમીક્ષારૂપે બાબત હોય, તો તેમાં પણ તે તે ભાષાનો અધ્યાપકગણ ભેગો મળીને કામ કરે એ સ્વાભાવિક છે. આમ ભવનના સંશોધન તથા અભ્યાસક્રમ અંગે અનેક વસ્તુઓ કહી શકાય. ઉપરની બાબત સૂચનારૂપે નોંધપાત્ર ગણીને અહીં નોંધી છે. ભવનના અધ્યક્ષશ્રી તે અંગે ઘટતી રીતે યુનિવર્સિટીનાં ઉચિત મંડળો કે સમિતિઓ દ્વારા એનો વિચાર કરાવી શકે છે, એમ અમે સૂચવ્યું હતું.

૧૬. ભવનમાં અત્યારે કામ કરતા અધ્યાપકગણ વિષે નોંધ અમને મળી તે આ સાથે પરિશિષ્ટ "૨"* રૂપે જોડી છે. તેમાં તેમના અઠવાડિક અધ્યાપનકાર્યના સમય વિષે પણ માહિતી આપી છે.

૧૭. અધ્યાપનકાર્યનો ભાર દરેકને માટે ઓછામાં ઓછા ચારેક ને વધુમાં વધુ આઠેક કલાક જેટલો દર અઠવાડિયે આવે છે. તે ઉપરાંત પીએચ.ડી.ના માર્ગદર્શનનું કાર્ય ચાલે તેમાં દરેક માર્ગદર્શક કેટલો સમય આપે, તેનો ક્યાસ તેમના તે અર્થે નોંધાયેલ વિદ્યાર્થી-સંખ્યા (આ વિષે હવે પછી તે જણાવીએ છીએ) પરથી કલ્પી શકાય, પરંતુ ચોક્કસ કેટલા કલાકનું કામ (અઠવાડિયે સરેરાશ), એ કહી ન શકાય.

૧૮. આ ઉપરાંત સમય બચે તે અધ્યાપકગણ પોતપોતાના અભ્યાસ-સંશોધનકાર્યમાં આપે છે એ પેટે, આ ત્રિવર્ષી દરમિયાન વ્યક્તિગત જે કામકાજ થયું છે, તે અમને મળેલો હેવાલ આ સાથે પરિશિષ્ટ "૩"* તરીકે જોડ્યો છે, તે જોવા વિનંતી.

૧૯. તથા અમુક સંશોધનનું કામકાજ કેટલાક અધ્યાપકો મળીને અને ભવનના કામ તરીકેની યોજના મુજબ ચાલે છે, તે દરેક અધ્યાપકના વ્યક્તિગત કામમાં પણ નોંધાયું હોઈને, તે વિષે અલગ વિવરણ જરૂરી નથી.

૨૦. તથા યુનિવર્સિટી તરફથી, જુદા જુદા વિષયોની ગુજરાતી પરિભાષા જે તૈયાર થાય તે પ્રસિદ્ધ થતાં અગાઉ, ભવનને તે જોઈ જવા સોંપાય છે તે ક્રમ ચાલુ હતો, એમ અમને અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

૨૧. સમયપત્રક મુજબ વર્ગશિક્ષણના કામ ઉપરાંત તે તે વિષયવાર પરિસંવાદો (સેમિનાર) યોજવામાં આવે છે. સત્રને અંતે વિદ્યાર્થીઓને "કસોટી"-પત્ર અપાય છે અને તેના ઉત્તરો ઉપરથી વિદ્યાર્થીના કામને ચકાસી શકાય છે. નિયત પાઠ્યપુસ્તકો ઉપરાંત વિશેષ "સ્વાધ્યાય" માટે ઇતર ગ્રંથો વાંચવાનું સૂચવવામાં આવે છે.

૨૨. વિદ્યાર્થીઓ : ભવનમાં અનુસ્નાતક વિદ્યાર્થી-સંખ્યા આ ત્રિવર્ષીમાં કેવીક હતી તેના આંકડા અમને મળ્યા તે આ સાથે પરિશિષ્ટ "૪"* રૂપે આપ્યા છે તેમ જ તેઓમાં ભણવા સાથે નોકરી-કામ કરનારની સંખ્યા પણ મળી તે જોડી છે.* ભવનના અધ્યાપકો પાસે પીએચ.ડી. માટે કામ કરતા વિદ્યાર્થીઓની સંખ્યાનું અધ્યાપકવાર પત્રક મળ્યું તે સાથે છે.*

૨૩. ચાલુ વર્ષે સિનિયર-જુનિયર મળીને બીજા સત્રમાં ગુજરાતીમાં ૫૯, હિન્દીમાં ૪૬, અંગ્રેજીમાં ૫૦, સંસ્કૃતમાં ૪૩ ને ફારસીમાં ૧—કુલ ૧૬૯ સંખ્યા હતી.

૨૪. પીએચ.ડી.માં ગુજરાતીમાં ૭, અંગ્રેજીમાં ૪, સંસ્કૃતમાં ૫, ફારસીમાં ૩ વિદ્યાર્થીઓ કામ કરે છે.

૨૫. પ્રવેશ આપવાના ધોરણ અંગે અમારી સાથે સ્ટાફની સભાએ ચર્ચા કરી હતી. તે ધોરણ કાંઈક વધારે ઊંચું રખાય તો ઠીક, એવી લાગણી સ્વાભાવિક કહેવાય, પરંતુ એમાં એક વસ્તુ એ જોવી પડે કે ભવન ઉપરાંત અન્યત્ર ચાલતાં બીજાં બધાં કેન્દ્રો પણ યુનિવર્સિટી જ ચલાવે છે, એટલે બધે આ બાબતમાં સમાન રીત હોવી ઘટે. આજે આવું કાંઈ વિચારાયું નથી, તેનો વિચાર કરવા જેવો છે. તેમ જ ભવન બહારનાં કેન્દ્રોની પણ તપાસ કરતા રહેવાનો ક્રમ હોય, તો સારું, એમ અમે આ વિષે સૂચવીએ છીએ.

૨૬. ભવનના વિદ્યાર્થીઓની સંખ્યા તથા પરીક્ષાનાં પરિણામ(આ ત્રિવર્ષીમાં)ની વિગતો અમને મળી તે આ સાથે (પરિશિષ્ટ "૫"માં)* જોડી છે, તે સંતોષકારક ગણાય એવી છે.

૨૭. ભવનના બધા વિદ્યાર્થીઓનું મંડળ રચી તેમની સંઘપ્રવૃત્તિ યોજવાનું કામ આ ત્રિવર્ષીમાં પણ થયું નથી, એ ઊણપ કહેવાય. વિષયવાર, વર્ગવાર કાંઈક મંત્રી કે મુખી જેવું હોય છે એમ લાગ્યું. હવે મકાનની મોકળાશ થતાં આ વિષે કાંઈક પ્રગતિ કરાય એ જરૂરી છે.

૨૮. યુનિવર્સિટીનાં બધાં જ ભવનોમાંના વિદ્યાર્થીઓ એક સમૂહમાં પ્રસંગોપાત્ત મળે અથવા એ બધાનું કાંઈક રીતનું સંગઠન હોય તો સારી વસ્તુ કહેવાય. આ વિચાર સ્ટાફ જોડેની વાતમાં ચર્ચાયો હતો, તે આગળની વસ્તુ કહેવાય. તે પૂર્વે, દરેક ભવન તેના સમગ્ર વિદ્યાર્થીમંડળનું સંગઠન કરે એ જરૂરનું છે, તો તેમની સંઘપ્રવૃત્તિઓ ખીલી શકે તેમ જ ભવનની શિસ્ત વગેરે બાબતમાં પણ ફેર પડે.

૨૯. વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા યુનિવર્સિટી પોતે કરે છે, એટલે તે અંગે ભવનને કાંઈ ખાસ કરવાનું હોતું નથી. અધ્યાપનકાર્ય ઉપરાંત મહત્ત્વનું બીજું કાર્ય ભવન માટે સંશોધન-પ્રકાશન છે, તે વિષે કેટલુંક ઉપર નોંધ્યું છે. તેમાં ભવનમાં જે કામ ચાલે છે, તેની અમુક વિગતો ત્યાં આપી છે તે પરથી જણાય છે કે પીએચ.ડી. માટે માર્ગદર્શન સંશોધનકાર્ય અંગેનો એક પ્રકાર છે; અધ્યાપકો પોતે મનપસંદ વિષયોનો અભ્યાસ કરે અને તેને વ્યાખ્યાન, લેખાદિરૂપે પ્રગટ કરે, એ બીજો છે; અને તે ઉપરાંત, સમગ્ર સંસ્થા કોઈ કાર્ય આદરે કે હાથ લે, તે ત્રીજો પ્રકાર છે. આ ત્રીજા પ્રકારનું કાર્ય, યુનિવર્સિટી ભવનની દૃષ્ટિએ મુખ્ય અને નોંધપાત્ર કહેવાય. તે અંગે બે ક્ષેત્ર પાડીને જોઈએ : (૧) ગ્રંથસંપાદનકાર્ય, (૨) સંશોધનકાર્ય. તો તેમાંનું સંપાદનનું કામ ભવનમાં અત્યારે આગળ પડતું ને મુખ્ય ચાલતું દેખાય છે. આ ત્રિવર્ષીમાં થયેલું કામ "અખેગીતા" બહાર પડશે. આ કામ ગઈ ત્રિવર્ષીમાં

ચાલુ હતું તે હવે પૂરું થઈને પ્રસિદ્ધ થશે. તે પછી "દશમસ્કંધ"નું સંપાદન કામ ચાલે છે તથા અખાની બીજી એક કૃતિ હાથ ધરાશે. યુનિવર્સિટી ભવન તરફથી પ્રકાશન કામ અંગે "અષ્ટગીતા"નું સંપાદન જેટલું થયું છે તે ભાગ્યે જ પૂરતું કહેવાય. આ કામમાં વેગ અને વધારો થાય એ ઇષ્ટ છે.

૩૦. અભ્યાસ-સંશોધન-કામને અંગે ભાવી કાર્યક્રમ વિષે અમારી જોડે ચર્ચાવિચારણા, સ્ટાફની સભામાં થઈ હતી તથા ભવન તરફથી એક યોજના ગુજરાત સરકારને અપાઈ છે તે અમને જણાવવામાં આવ્યું છે.

૩૧. અમારી સૂચના એ છે કે ભવન તરફથી સંપાદન, સંશોધન અંગેનો વ્યવસ્થિત કાર્યક્રમ વર્ષવાર યોજાય અને તેનો અમલ બરોબર થાય એ પ્રકારે આ કામ પણ (અધ્યાપન કાર્ય પેઠે) ગોઠવાઈને ચાલે, તો આ કામ સારી રીતે અદા થઈ શકશે અને તેમાં નોંધપાત્ર પ્રગતિ સધાશે.

તા. ૧૧-૬-૧૯૬૬.

ટી. એન. હવે
ભગનભાઈ દેસાઈ

* પરિશિષ્ટો અત્રે છાપ્યાં નથી.

સમાજવિદ્યા ભવનનો ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

તા. ૪-૨-૧૯૬૬ના પત્રાંક ૦૩૭૧૨/૧૯૬૬ અનુસાર અમે બંને સભ્યો સમાજવિદ્યા ભવનના ત્રિવાર્ષિક નિરીક્ષણ માટે તા. ૮-૩-૧૯૬૬ના રોજ ગયા હતા. ભવન વિષેની કેટલીક માહિતી સંચાલકશ્રી પ્રો. શિનોયે અમોને અગાઉથી મોકલી આપી હતી. કેટલીક બીજી માહિતી અમે માગી તે અમોને પાછળથી પહોંચતી કરી હતી. સત્રના છેલ્લા દિવસો હોવાથી કેટલાક વિદ્યાર્થી-પ્રતિનિધિઓ સિવાયના વિદ્યાર્થીઓને અમે મળી શકયા નહોતા. સંચાલકશ્રી, અધ્યાપકપણ અને વિદ્યાર્થીમંડળના કાર્યવાહક સમિતિના સભ્યો સાથે અમે લગભગ ચાર કલાકની ચર્ચાવિચારણા કરી હતી. આમ, વ્યવસ્થિત મુક્ત વાતાવરણમાં નિરીક્ષણની તક આપવા માટે અમે ભવનના આભારી છીએ. અમે આ ચર્ચાવિચારણાને આધારે ભવનના ત્રિવાર્ષિક કામકાજ વિષે નીચે પ્રમાણે અહેવાલ રજૂ કરીએ છીએ :

૧. ૧૯૫૪માં સ્થપાયેલ આ ભવનમાં શરૂઆતથી જ હાલના સંચાલકશ્રી પ્રો. શિનોયની રાહબરી હેઠળ કામ ચાલી રહ્યું છે. મકાન તેમ જ ગ્રંથાલયની સવડ યુનિવર્સિટીએ જ કરી છે અને તે સારી પેઠે થયેલી છે. જોકે મકાનનો કેટલોક ભાગ હાલમાં વિજ્ઞાન ભવન વાપરે છે તેથી સમાજવિદ્યા ભવનને જગ્યાની થોડી તંગી વેઠવી પડે છે, પરંતુ સંચાલકશ્રી જણાવે છે કે આગામી સત્ર (જૂન ૧૯૬૬ થી) વિજ્ઞાન ભવનનો આ વિભાગ પોતાના મકાનમાં ખસી જશે એટલે આ ભવનને પૂરતી સગવડ થઈ રહેશે.

૨. નામસંરક્ષણ મુજબ નીચેની સમાજવિદ્યાઓનું અધ્યાપન અને સંશોધન (એમ.એ., પીએચ.ડી. માટે) થઈ રહ્યું છે:

(૧) અર્થશાસ્ત્ર, (૨) રાજ્યશાસ્ત્ર, (૩) સમાજવિજ્ઞાન, (૪) મજૂર-કલ્યાણ, તથા (૫) ઇતિહાસ.

(નોંધ.—આંકડાશાસ્ત્રના વિષયને જૂન, ૧૯૬૩થી ગણિત વિભાગ સાથે જોડવામાં આવ્યો છે.)

આ કામ કુલ ૧૫ અધ્યાપકો કરી રહ્યા છે. આગલી ત્રિવાર્ષિક નિરીક્ષણ સમિતિ તા. ૯-૩-૧૯૬૩ના રોજ ગયેલી ત્યારે ૧૯ અધ્યાપકો હતા. નીચે પ્રમાણે પ્રત્યેક વિભાગમાં જુદી જુદી કક્ષાના અધ્યાપકો કામ કરે છે:

ક્રમાંક	વિદ્યાવિભાગ	પ્રોફેસરની સંખ્યા	રીડરની સંખ્યા	લેક્ચરરની સંખ્યા	કુલ સંખ્યા
૧.	અર્થશાસ્ત્ર	૧	૩	૨	૬
૨.	રાજ્યશાસ્ત્ર	૧	૧	૧	૩
૩.	સમાજવિજ્ઞાન	—	૧	૨	૩
૪.	મજૂર-કલ્યાણ	—	—	૨ (૪ બ્લૉકના)	૨
૫.	ઇતિહાસ	—	—	૧	૧
	કુલ...	૨	૫	૮	૧૫

(નોંધ.—એક રીડર અર્થશાસ્ત્ર તથા મજૂર-કલ્યાણ બંને વિભાગોમાં કામગીરી બજાવે છે.)

આ ઉપરાંત બ્લૉકથી મજૂર-કલ્યાણ વિભાગ માટે એ ક્ષેત્રના ચાર નિષ્ણાતોને "વિઝિટિંગ વ્યાખ્યાતાઓ" તરીકે વ્યાખ્યાનો માટે બોલાવવામાં આવે છે. વળી કૃષિ અર્થશાસ્ત્રના લેક્ચરર હાલ પરદેશ ગયેલા હોવાથી સિનિયર એમ.એ. પૂરતા જ ઇતર યુનિવર્સિટીમાંથી "વિઝિટિંગ અધ્યાપક" વ્યાખ્યાનો માટે આવે છે અને જૂનિયર એમ.એ.માં વિદ્યાર્થીઓને આ વિષયનો વિકલ્પ લેવાની વ્યવસ્થા થઈ શકી નથી. કૃષિ અર્થશાસ્ત્રના એક રીડરની જગ્યા ખાલી જ રહી છે. અમને એમ લાગે છે કે ગુજરાત યુનિવર્સિટીના માન્ય અનુસ્નાતક શિક્ષકોમાંથી જ આ વિષયના અધ્યાપન માટે નિયમિત કામગીરીની દૃષ્ટિએ વ્યવસ્થા કરવી હિતાવહ થઈ પડશે. આ વિષયની ખાલી પડી રહેલી જગ્યા બનતી ત્વરાએ પૂરી લેવી જોઈએ.

૩. અધ્યાપકોની સંખ્યાની સરખામણીમાંથી જુદા જુદા વિષયોમાં માસ્ટર ડિગ્રી માટે નીચે પ્રમાણેની સંખ્યા છે :

ક્રમાંક	વિષય	વિદ્યાર્થીઓની સંખ્યા	અધ્યાપકોની સંખ્યા	અધ્યાપક દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા (લગભગ)
૧.	અર્થશાસ્ત્ર (સંપૂર્ણ)	૧૨૬	૫	૨૫
૨.	રાજ્યશાસ્ત્ર (સંપૂર્ણ)	૩૪	૩	૧૧
૩.	સમાજવિજ્ઞાન (સંપૂર્ણ)	૪૮	૩	૧૬
૪.	મજૂર-કલ્યાણ (સંપૂર્ણ)	૪૭	૩	૧૬
૫.	ઇતિહાસ (સંપૂર્ણ)	૧૩૪	૧	૧૩૪
૬.	અર્થશાસ્ત્ર રાજ્યશાસ્ત્ર	૧	—	—
૭.	અર્થશાસ્ત્ર–સમાજવિજ્ઞાન	૧	—	—
૮.	સમાજવિજ્ઞાન–રાજ્યશાસ્ત્ર	૧૧	—	—
૯.	ઇતિહાસ–અર્થશાસ્ત્ર	૨	—	—
૧૦.	ઇતિહાસ–રાજ્યશાસ્ત્ર	૪	—	—
૧૧.	ઇતિહાસ–સમાજવિજ્ઞાન	૬	—	—
૧૨.	સમાજવિજ્ઞાન–માનસશાસ્ત્ર	૩૨	—	—
		—	—	—
	કુલ...	૪૪૬	૧૫	૩૦

ઉપલા આંકડા પરથી જોઈ શકાશે કે કુલ ૪૪૬ વિદ્યાર્થીઓમાંથી ફક્ત ૫૬ વિદ્યાર્થીઓ એક વિષયમાં પારંગત થવાને બદલે બે જુદા જુદા પણ સંબંધિત વિષયોમાં અભ્યાસ કરે છે. આમ એક વિષયમાં તજ્જ્ઞ બનવા અભ્યાસ કરનારની સંખ્યા ૩૯૦ની છે. અધ્યાપકોની સંખ્યા તથા વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં વ્યક્તિગત સંપર્ક માટે અવકાશ પૂરતો નથી એ સહેજે સમજી શકાય એમ છે. તેમ છતાં ચર્ચા કરતાં જાણવા મળ્યું કે અવારનવાર વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે મળીને અભ્યાસ વગેરે બાબતમાં સંપર્ક સાધવા અધ્યાપકો પ્રયત્નશીલ રહે છે.

ઇતિહાસ વિભાગમાં ફક્ત લેક્ચરર કક્ષાના એક જ અધ્યાપકથી કામ શરૂ કરી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો છે. અમને લાગે છે કે ઓછામાં ઓછા રીડરની કક્ષાના સ્ટાફથી જ કોઈ પણ વિભાગ શરૂ થવો જોઈએ. આમ, હાલ તો પહેલાંના ગુજરાત કૉલેજમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રને સમાજવિદ્યા ભવનના સંચાલન હેઠળ મૂકવાની જ વ્યવસ્થા તત્પૂરતી થઈ છે એમ કહી શકાય. યુનિવર્સિટીને એકમાત્ર લેક્ચરર સિવાય અન્ય આઠ માન્ય અનુસ્નાતક અધ્યાપકો પૂર્વવત્ ભવનની સૂઝ મુજબ સાંજે વર્ગોમાં અધ્યાપનનું કાર્ય કરી રહ્યા છે. વર્ગો સાંજના બંધ થવા જોઈએ એમ અમને લાગે છે. વળી ઇતિહાસ વિભાગમાં અધ્યાપન તથા સંશોધન માટે જરૂરી સ્ટાફ વગેરેની વ્યવસ્થા બનતી ત્વરાએ થવી જોઈએ એમ પણ અમને લાગે છે.

૪. પીએચ.ડી. માટે ભવનમાં અર્થશાસ્ત્ર, સમાજવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, એમ પ્રત્યેક વિષય માટે એક એક "ગાઇડ" છે. અર્થશાસ્ત્રમાં ફક્ત એક જ વિદ્યાર્થી હાલમાં સંશોધનકાર્ય કરે છે એમના

"ગાઈડ"નું કહેવું એમ છે કે પીએચ.ડી. કક્ષાના સંશોધનનું યોગ્ય ધોરણ જાળવી શકે એવા વિદ્યાર્થીઓ પૂરતી સંખ્યામાં એમને મળતા નથી. એમનું એવું સૂચન છે કે રૂા. ૨૦૦(માસિક)ને બદલે રૂા. ૨૫૦(માસિક)ની શિષ્યવૃત્તિઓ અપાય તો તેજસ્વી વિદ્યાર્થીઓની એ પ્રકારના અભ્યાસ માટે જોડાવાની શક્યતા વધુ રહેશે. આ સૂચન પરત્વે યુનિવર્સિટીનાં લાગતાવળગતાં મંડળો વિચારી જાય એમ અમે ઇચ્છીએ છીએ રાજ્યશાસ્ત્રમાં બે અને સમાજવિજ્ઞાનમાં ત્રણ વિદ્યાર્થીઓ પીએચ.ડી. માટે સંશોધનકાર્ય કરી રહ્યા છે.

૧૯૫૪થી સ્થપાયેલ આ ભવનમાં પીએચ.ડી. કક્ષાનું સંશોધનકાર્ય મંદ ગતિએ ચાલી રહ્યું છે તે નિર્વિવાદ છે. તેજસ્વી વિદ્યાર્થીઓની આ કામ કરવાની તત્પરતાનો અભાવ જરૂર એ માટેનું એક કારણ હોઈ શકે, પરંતુ એ માટે એમ.એ. કક્ષાના તેજસ્વી વિદ્યાર્થીઓનું ઘડતર કરી તેમને આવા કામમાં જોડાવા પ્રોત્સાહિત કરવાનું કામ પણ ભવનના અધ્યાપકોનું એક અગત્યનું કાર્ય છે એવી પ્રણાલિકા ઊભી કરવાની જવાબદારી ભવનને શિરે રહેલી જ છે એ સ્વીકારવું જોઈએ. અમને લાગે છે કે અધ્યાપકોના વ્યક્તિગત સંશોધન ઉપરાંત એમના આ પ્રકારના સંશોધન "રિસર્ચ આસિસ્ટન્ટ્સ" જેવી જગ્યાઓએ એમ.એ. પછીના વિદ્યાર્થીઓને કામે લગાડવામાં આવે તો આ ઊણપ કદાચ દૂર કરી શકાય.

અધ્યાપકો પોતાના વ્યક્તિગત સ્વતંત્ર સંશોધનકાર્યની શરૂઆત કરી રહ્યા છે એવું અમને માહિતી પરથી લાગે છે. તેમ છતાં પ્લાનિંગ કમિશનની રિસર્ચ પ્રોગ્રેમ્સ કમિટી જેવી સંસ્થાઓ તરફે સંશોધન માટે મળતી નાણાકીય સહાય વગેરે દ્વારા સંશોધન-સ્કીમો પૂરતા પ્રમાણમાં હાથ ધરાયેલી નથી એ એક હકીકત છે. વળી પ્રતિષ્ઠિત સામયિકોમાં સંશોધન-નિબંધો હજુ વધુ પ્રમાણમાં ભવન તરીકે રજૂ કરાય એવી અપેક્ષા યથાયોગ્ય લેખાવી જોઈએ. વળી આજના યુગમાં સરકારી સમિતિઓ તથા કમિશનો સમક્ષ જે તે વિભાગના નિષ્ણાત અધ્યાપકો મેમોરેન્ડમ વગેરે સુપરત કરે તોપણ ફળદાયક સંશોધનને વેગ મળે. આમ થાય તો સમાજની સમસ્યારૂપ પ્રશ્નો પરત્વેની બૌદ્ધિક સમાનતાનો પ્રત્યક્ષ પુરાવો ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ આપી શકે.

નિરીક્ષણ સમિતિ સાથેની સંશોધનકાર્ય અંગેની ચર્ચામાં "રિસર્ચ આસિસ્ટન્ટો"ની જરૂરિયાત પર અધ્યાપકોએ ભાર મૂકયો હતો. અમને એમ લાગે છે કે અધ્યાપકો સંશોધનનું કાર્ય વિકસાવે તો આવી નિમણૂકો ઉપકારક નીવડશે. વળી આવું સંશોધનકાર્ય કરવાથી પીએચ.ડી. માટે હાલના નિયમો હેઠળ માન્યતા મેળવવાની પાત્રતા ધરાવતા અધ્યાપક-વર્ગમાં વધારો થતાં સંશોધનકાર્યમાં રોકાયેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો જ શક્ય બનશે.

સમગ્ર દૃષ્ટિએ જોતાં ભવનમાં સંશોધનકાર્ય બાબતમાં હવે પછી વધારે ગંભીર રીતે યુનિવર્સિટીનાં જે તે અધિકૃત મંડળોએ સક્રિય રચનાત્મક સૂચનો દ્વારા વેગ આપવાનું વિચારી લેવાનો સમય પાકી ગયો છે એમ અમને લાગે છે.

૫. અમને જાણીને આનંદ થયો કે ટયુટોરિયલ પદ્ધતિ દ્વારા શિક્ષણકાર્ય ખૂબજ કાળજીપૂર્વક થઈ રહ્યું છે. વળી સેમિનાર પદ્ધતિ પણ અપનાવવામાં આવી છે. જો ભવનનું પોતાના વિદ્યાર્થીઓનું સામયિક હોય તો એ કામગીરીની ફલશ્રુતિરૂપે આ શિક્ષણકાર્યનો ખ્યાલ બહારની દુનિયાને મળી શકે.

૬. ઓછામાં ઓછા બીજા વર્ગમાં બી.એ. થનારમાંથી પ્રવેશ માગનારા બધા જ વિદ્યાર્થીઓને પ્રવેશ મળી રહે છે. તે ઉપરાંત અધ્યાપકો (કોમન રૂમમાં) વિચારણા કરી પાસ વર્ગમાં પરીક્ષા

પસાર કરનારાને પણ પસંદગીના ધોરણે પ્રવેશ આપે છે. પ્રથમ કક્ષાના એકલદોકલ વિદ્યાર્થીઓ જ પ્રવેશ માટે આવે છે. આ સંજોગો જોતાં નીચે પ્રમાણેનાં છેલ્લાં ત્રણ જ વર્ષોનાં પરિણામો (માસ્ટર્સ ડિગ્રીનાં) ઠીક ઠીક કહી શકાય :

(અ) એમ.એ.નાં પરિણામો

વર્ષ	પ્રથમ વર્ગ	બીજો વર્ગ	પાસ વર્ગ	કુલ પાસ સંખ્યા	કુલ બેસનાર	ટકાવારી પરિણામ
૧૯૬૩	—	૨૦	૪૪	૬૪	૭૧	૯૦ ટકા
૧૯૬૪	—	૯	૫૩	૧૬	૭૮	૮૬ ટકા
૧૯૬૫	૧	૯૩	—	૩૪	૧૨૮	૭૪ ટકા

(બ) એમ.એસ.ડબલ્યુ.નાં પરિણામો

૧૯૬૩	—	૫	૫	૧૦	૧૭	૫૮ ટકા
૧૯૬૪	—	૧૪	૯	૨	૨૫	૯૨ ટકા
૧૯૬૫	—	૧૬	૬	૩	૨૫	૯૨ ટકા

ત્રણ વર્ષમાં ફક્ત એક જ વિદ્યાર્થી પ્રથમ વર્ગમાં આવે છે. આમ પણ સમાજવિદ્યામાં આ વર્ગ મેળવનાર ઓછા જ હોય છે. બીજા વર્ગ સાથે પસાર થનારની સંખ્યા સંતોષકારક કહી શકાય. તેમ છતાં પરિણામોની ટકાવારીમાં ક્રમિક ઘટાડો ધ્યાન પર લેવા જેવી હકીકત છે. વધારે પ્રમાણમાં પાશ્ચાત્ય પદ્ધતિ પ્રમાણે સુપરવાઈઝર-સ્ટુડન્ટ જેવો સંબંધ અધ્યાપક અને વિદ્યાર્થી વચ્ચે સ્થપાય તો આવો બગાડ (નાપાસ થનારની) સંખ્યા ઘટાડી શકાય. આવો સંબંધ સ્થપાય તો તૈયારી વિનાના વિદ્યાર્થીઓને માત્ર સત્રો ભરતાં પરીક્ષામાં બેસવાનો જે હક્ક મળે છે તે પરિસ્થિતિ બંધ થશે અને વિદ્યાસંગી-સંનિષ્ઠ વિદ્યાર્થીઓ જ પરીક્ષામાં બેસતા થશે અને આમ થતાં પરિણામો સુધરશે.

૬. વિદ્યાર્થીમંડળના કાર્યવાહક સમિતિના થોડા સભ્યો અમને મળ્યા હતા. તેમની પ્રવૃત્તિથી અમને સંતોષ થયો છે. ખાસ કરીને બહારથી વિદ્વાનોને આમંત્રી જ્ઞાનોપાસનાની તેમની ઉત્કંઠા પ્રશંસનીય કહી શકાય. એમને મેદાની રમતો માટેની સવલતો વધુ પ્રમાણમાં જોઈએ છે એમ લાગે છે. વળી એ માટે સંખ્યાબળ જોતાં નાણાં પૂરતાં ન થતાં હોય એમ લાગે છે. યુનિવર્સિટીનાં મંડળો આ બાબત વિચારશે એમ અમે માનીએ છીએ. એ જ રીતે વિદ્યાર્થીઓની ઇચ્છા પોતાનું સામયિક કાઢવાની છે. અહીં પણ નાણાકીય મદદનો વિચાર યુનિવર્સિટી પક્ષે કરવાનો રહે છે.

૮. યુનિવર્સિટી ભવનોમાં જ્ઞાનપોષક પ્રવૃત્તિમાં બહારના નામાંકિત જે તે વિષયોના વિદ્વાનો અને સંશોધનકારોનાં વ્યાખ્યાનો ગોઠવવાં એ એક અગત્યની પ્રવૃત્તિ છે. આવી પ્રવૃત્તિ હજુ જોઈએ એટલા પ્રમાણમાં વિકસી નથી. આવા વિદ્વાનોનાં વ્યાખ્યાનો ઉપરાંત સેમિનાર પદ્ધતિએ ચર્ચાવિચારણા થાય તો વિદ્વાનો સ્તર સુધારી શકાય. દુનિયાના પ્રવાહો ભવનમાં પહોંચતા રહે એ જરૂરી છે એમ અમે માનીએ છીએ. વળી "એકસચેન્જ પ્રોગ્રેમ્સ" હેઠળ અધ્યાપકો લાવવા માટે પણ યુનિવર્સિટી તરફે પ્રયાસો થવા જોઈએ એમ અમને લાગે છે.

૯. અર્થશાસ્ત્રના ક્ષેત્રે અમને એમ લાગે છે કે મૅથેમેટિકલ ઇકોનોમિક્સ (ઇકોનોમેટ્રિક્સ)ના વિષય માટે શિક્ષણ અને સંશોધનની વ્યવસ્થા થવી જોઈએ. આધુનિક યુગમાં યુનિવર્સિટીના ઉચ્ચ શિક્ષણમાં આ વિષયની અનેકાનેક દૃષ્ટિએ અગત્ય રહેલી છે. યુનિવર્સિટીનાં મંડળો એ વિષે વિચારશે એમ અમે માનીએ છીએ.

૧૦. ભવનને માટે છાત્રાલયની વ્યવસ્થા યુનિવર્સિટીના છાત્રાલયમાં થયેલી છે અને તે સંતોષકારક રીતે ચાલે છે. આ છાત્રાલયમાં ભવનના વિદ્યાર્થીઓ ઠીક ઠીક લાભ લેતા જણાય છે.

લિ.
મગનભાઈ પ્ર. દેસાઈ
અંબેલાલ ર. દેસાઈ.

અમદાવાદ
તા. ૧૮-૪-૧૯૬૬.

મનોવિજ્ઞાન વિદ્યાભવનનો ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

શ્રી. રજિસ્ટ્રાર,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

મહાશ્રી,

આપના તા. ૪-૨-૧૯૬૬ના પત્રાંક સિં./૨૧-૦૩૭૧૭૯-૧૯૬૬ મુજબ અમે મનોવિજ્ઞાન વિદ્યાભવનના ત્રિવાર્ષિક નિરીક્ષણ માટે તા. ૨૨-૨-૧૯૬૬ના રોજ બપોરે ૧-૩૦ વાગ્યે ગયા હતા. ભવન વિષે જરૂરી માહિતી તેના સંચાલકશ્રીએ અમને લેખિત આપી હતી અને કેટલીક માહિતી અમે રૂબરૂમાં મેળવી હતી. પ્રથમ અમે ભવનના સંચાલકશ્રી સાથે ભવનની લેબોરેટરી, પુસ્તકાલય, કૉમનરૂમ, વ્યાખ્યાનખંડ તથા સ્ટાફને બેસવાના ખંડોમાં ફર્યા હતા અને રિસર્ચ સ્કૉલર્સ વગેરેને બેસવાની વ્યવસ્થા પણ જોઈ હતી. સંચાલકશ્રીએ અમને જણાવ્યું કે એમને હાલ તરત ખંડોના વપરાશ માટે કેટલીક અડચણ પડે છે, વધારે ખંડની વ્યવસ્થા થઈ શકે, તો કામ કરવામાં સરળતા થાય ત્યાર બાદ અમે સંચાલકશ્રીની હાજરીમાં ભવનના રીડર તથા બીજા અધ્યાપકો (જે હાજર હતા તેમને) મળ્યા હતા અને બધાની સાથે ભવનના કામકાજ વિષે બે-ત્રણ કલાક સારી પેઠે વાતચીત કરી હતી. અમે ગયા તે વખતે વિદ્યાર્થીઓના વર્ગો ચાલતા હતા, પણ ચર્ચાને અંતે જ્યારે અમે વિદ્યાર્થીઓને મળવાની ઇચ્છા દર્શાવી તે વખતે વિદ્યાર્થીઓ ગયા હતા, એટલે અમારાથી વિદ્યાર્થીઓને મળી શકાયું નહિ.

સંચાલકશ્રીએ અમને જોઈતી બધી સગવડ આપી છે એને માટે અમે સંચાલકશ્રીના આભારી છીએ. આ પરથી, અમે ભવનના ત્રિવાર્ષિક કામકાજ વિષે નીચેનો અહેવાલ રજૂ કરીએ છીએ :

૧. ભવનનો પ્રારંભ મનોવિજ્ઞાનથી ૧૯૫૭ના જૂન માસમાં થયો. બાદ ૧૯૬૫ના જૂનથી શિક્ષણ-વિજ્ઞાન તથા તત્ત્વજ્ઞાન વિભાગ તેમાં ઉમેરાયા. આમ ભવનમાં મનોવિજ્ઞાન, શિક્ષણવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન એ ત્રણ વિષયો છે. મકાન તેમ જ ગ્રંથાલયની સગવડ યુનિવર્સિટીએ જ કરી છે અને તે પૂરતી અને સારી છે.

૨. એના નામ પ્રમાણે ભવન મનોવિજ્ઞાન, શિક્ષણવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન એ ત્રણે વિષયોના અનુસ્નાતક અધ્યાપન તથા સંશોધન માટે આપવામાં આવ્યું છે, અને એમાં એમ.એ, એમ.એડ. અને પીએચ.ડી. સુધીનો અભ્યાસ કરવાની જોગવાઈ છે.

૩. ભવનમાં કુલ સાત અધ્યાપકો કામ કરે છે. તેમના વિષે તથા તેમના કામકાજ વિષે એક અધ્યાપક કક્ષાના, ત્રણ રીડર કક્ષાના અને ત્રણ લેક્ચરર કક્ષાના શિક્ષકો છે. વિષયવાર જોતાં મનોવિજ્ઞાન માટે એક અધ્યાપક, એક રીડર અને બે લેક્ચરર; શિક્ષણવિજ્ઞાન માટે બે રીડર અને એક લેક્ચરર છે. ભવનનું શિક્ષણવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનું બીજું અધ્યાપનકાર્ય યુનિવર્સિટીએ માન્ય કરેલા અનુસ્નાતક અધ્યાપકોની મદદથી ચાલે છે.

સંચાલકશ્રીનો સાથે ચર્ચા દરમિયાન અમને એવું લાગ્યું કે સંચાલકશ્રી પોતાને મનોવિજ્ઞાનના સાર્વત્રિક વિકાસ ઉપરાંત બીજા બે વિષયો માટે, અને ખાસ કરીને તત્ત્વજ્ઞાનના સાર્વત્રિક વિકાસ માટે અભ્યાસસમિતિને સંપૂર્ણ જવાબદાર ગણે છે. મનોવિજ્ઞાનના વિષયની જેમ શિક્ષણવિજ્ઞાન અને ખાસ કરીને તત્ત્વજ્ઞાનને પણ વિકાસ થાય એ ઇચ્છવાજોગ છે.

સંચાલકશ્રીએ સ્ટાફની અપર્યાપ્તતા તરફ અમારું ધ્યાન દોર્યું. એને માટે અમે સંચાલકશ્રીને જણાવ્યું કે તેમણે ભવનના સ્ટાફની જરૂરિયાતો વિષે નિવેદન રજિસ્ટ્રારને મોકલવું ઘટે. તે અમને આપ્યું તે આ સાથે પરિશિષ્ટરૂપે જોડયું છે (સામેલ નથી) તે વિષે ઘટતો વિચાર કરવા ભલામણ કરીએ છીએ.

૪. ભવનના સમયપત્રક મુજબ વ્યાખ્યાનોનો સમય દરરોજ ૧૧થી ૨ વાગ્યાનો હોય છે અને લેબોરેટરીનું કામ ૨ વાગ્યાની રિસેસ પછી દરરોજ ૨-૩૦ વાગ્યે શરૂ થાય છે અને ૫-૩૦ વાગ્યા સુધી ચાલે છે અર્થાત્ ૨-૩૦ વાગ્યા સુધી લેબોરેટરી બંધ રહે છે. લેબોરેટરીનો ઉપયોગ આખા સમય દરમિયાન થાય એ ઇચ્છવાજોગ છે. વિદ્યાર્થીઓના અંગ્રેજીક તેમ જ ફરજિયાત વિષયો ધ્યાનમાં રાખી જો સહેજ વધારે કાળજીપૂર્વક સમયપત્રક ગોઠવવામાં આવે, તો આમ કરવામાં ખાસ મુશ્કેલી ન આવવી જોઈએ, એમ અમારું માનવું છે.

૫. ભવનમાં થતાં કામકાજની ચર્ચા દરમિયાન અમને જણાયું કે, કાર્ય સામાન્ય રીતે બે વિભાગમાં વહેંચી શકાય :

(૧) એમ.એ. વર્ગનું અધ્યાપન-વર્ગ-કાર્ય, અને

(૨) ભવનમાં તથા તેમાં કાર્ય કરતા અધ્યાપકોનું સંશોધન તથા પીએચ.ડી.નું માર્ગદર્શન

સંશોધનકાર્ય પણ બે ભાગમાં વહેંચી શકાય :

(૧) ભવન તરફથી સમન્વિતરૂપે વિચારેલું કાર્ય, અને

(૨) અધ્યાપકોએ પોતાની રુચિ અને ઇચ્છા મુજબ અંગીકાર કરેલું કાર્ય.

ભવનના જુદા જુદા અધ્યાપકોના સંશોધનકાર્યની જે યાદી રજૂ કરવામાં આવી છે તે યાદી તપાસતાં અમને જણાયું કે, છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન સમન્વિતરૂપે અથવા વ્યક્તિગતરૂપે જેટલું નવું સંશોધનકાર્ય થયું છે તેના કરતાં અધ્યાપકોની પાછલી કાર્યક્ષમતાને આધારે વિશેષ કાર્ય થઈ શકત. સમન્વિતરૂપે વિશેષ સંશોધનકાર્ય થયું હોય એવું જણાતું નથી, પણ વ્યક્તિગતરૂપે નવા અધ્યાપકોએ કંઈક સંશોધનકાર્ય આદર્યું છે એમ જણ્યું.

પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે સંચાલકશ્રી માન્ય થયેલા છે. તેમની પાસે કામ કરીને છેલ્લાં ત્રણ વર્ષો દરમિયાન ચાર વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે અને બીજા બાર વિદ્યાર્થીઓ પીએચ.ડી.નું કાર્ય કરી રહ્યા છે. બાદ હવે શ્રી. ભોપટકરને માન્ય કરાયા છે.

૬. છેલ્લાં ત્રણ વરસમાં એકંદરે ૮૧ વિદ્યાર્થીઓ ભવનમાં દાખલ થયા અને આ ત્રણ વર્ષમાં પરીક્ષાઓમાં બેઠેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૩૯ હતી. તેમાંથી ૧૪ વિદ્યાર્થીઓ બીજા વર્ગમાં અને ૧૭ પાસ વર્ગમાં ઉત્તીર્ણ થયા. નોંધપાત્ર વસ્તુ એ છે કે, આ ત્રણ વર્ષમાં એક પણ વિદ્યાર્થી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયો નથી, પણ પરિણામ ૭૫ ટકા જેટલું જ છે. પ્રવેશ માટે યોગ્યતાની ચકાસણી પ્રત્યેક વિદ્યાર્થીની મુલાકાતથી કરવામાં આવે છે.

૭. ભવનના વિદ્યાર્થીઓનું વિદ્યાર્થીમંડળ ચાલે છે. અધ્યાપન તથા સંશોધનની પ્રવૃત્તિ ઉપરાંત ભવન ઉચ્ચ કક્ષાના વિષયોના નિષ્ણાતોને વ્યાખ્યાનો માટે અવારનવાર આમંત્રણ આપે છે અને સેમિનારો પણ યોજે છે.

૮. અમને મળેલી માહિતીનાં કેટલાંક પત્રકો આ સાથે પરિશિષ્ટરૂપે જોડ્યાં છે (સામેલ નથી), તેમાંથી ભવન અંગે કેટલીક હકીકતો (સમયપત્રક, સ્ટાફ, વિદ્યાર્થી-સંખ્યા, વ.) મળી રહેશે, જે અમે ઉપર નિવેદનમાં સ્પર્શી છે. ઉપર પેરા ૩ના અંતે જણાવેલું પરિશિષ્ટ આ માહિતીને અંતે જોડેલ પરિશિષ્ટ 'સી' છે, તે જોશોજી. (સામેલ નથી.)

૯. અમારી તપાસ પરથી કેટલીક વધુ બાબતો સૂચવવા જેવી લાગી તે અત્રે નોંધીએ છીએ :

(૧) ભવન ઉપરાંત યુનિવર્સિટી તરફથી તેના વિષયોના અભ્યાસ માટે અન્યત્ર ચાલતાં કેન્દ્રોમાં :
૧. મનોવિજ્ઞાન માટે એક નવસારીમાં, ૨. એમ.એડ. માટે સુરત તથા પોરબંદરમાં, તથા ૩. ફિલસૂફી માટે રાજકોટમાં ચાલે છે.

આ કેન્દ્રો પ્રાયઃ શનિ-રવિવાર ચાલતા હશે, તથા ત્યાં પ્રવેશ આપવાને માટેની પદ્ધતિ જુદી હોવા સંભવ છે. આ પરથી અમારે એ કહેવું છે કે આ બન્ને બાબતોમાં કાંઈક સમધોરણ થાય. એથી પણ જરૂરી ગણાય કે બધાં કેન્દ્રો યુનિવર્સિટી જ ચલાવે છે તે માટેનાં કેન્દ્રોની જોગવાઈ તેમ જ સંગઠનમાં ફરક છે ખરો, છતાં બેઉ પદ્ધતિમાં બનતી સમાનતા હોય એ ઇષ્ટ છે.

(૨) સમયપત્રક જોતાં જણાશે કે, ભવનના શિક્ષકોનું સાપ્તાહિક વર્ગ શિક્ષણકામ દરેકને ૬ કે કાંઈ વધુ સમયને અંદાજે છે. એમાં અપેક્ષા એ રખાય છે કે, ભવનમાં સંશોધનકાર્ય પણ ચાલે એ તેનું વિશેષ અંગ છે. તો આ કાર્ય અંગે વ્યવસ્થિત કાર્યક્રમ યોજાઈને કેટલું કામ સતત ચાલે એ ઢબે ગોઠવાવું જોઈએ. અલબત્ત, આ ઢબે યોજાતા સંશોધનકામનો પ્રકાર અમુક તેને અનુરૂપ શૈલીમાં હોય એ સ્પષ્ટ છે. પરંતુ એને અંગેનું ભવનનું કામ પણ શિક્ષણ કામ ઉપરાંતના મળતા સમયને હિસાબે, ક્રમબદ્ધ ગોઠવાઈને ચાલે તો શિક્ષણ અને સંશોધન બન્ને કામો ભવનની પ્રવૃત્તિરૂપે યથાસમય વ્યવસ્થિત ચાલે.

(૩) ભવનમાં સ્ટાફ અંગે કેટલીક વસ્તુઓ અમે ઉપર નોંધી છે. ભવનમાં કામમાં યુનિવર્સિટીના માન્ય અનુસ્નાતક અધ્યાપકોની મદદ લેવી જોઈએ તો બન્ને રીતે લાભ છે—તેઓને ઉચ્ચ અભ્યાસક્રમમાં ભાગ લેવાની તક મળી શકે, જે તેમની કૉલેજમાં ન હોય, અને બીજી તરફ ભવનમાં ચાલતા શિક્ષણમાં મદદ મળવાથી તેના ખર્ચમાં પણ સ્વાભાવિક રાહત મળે.

(૪) વિદ્યાર્થી-સંખ્યા પ્રયોગશાળાને કારણે મર્યાદિત કરવી પડે, છતાં પ્રયોગશાળાનો સમય વધારીને તેમ જ સમયપત્રકમાં ઉચિત રીતે ગોઠવીને તે મર્યાદા વધારી શકાય. અમારી સૂચનાની મતલબ એ છે કે, પ્રવેશ ચાહતી સંખ્યા વધુ આવે તો તેમને લેવા બનતું કરવું ઘટે. અલબત્ત, એમાં પ્રવેશ માટેની લાયકાત, પસંદગી, ફીસાદિ પ્રશ્નો આવે છે. આ અંગે આખી યુનિવર્સિટીનાં બધાં કેન્દ્રોમાં સર્વસાધારણ વિચારણા વિષે ઉપર અમે કહી ગયા છીએ.

તા. ૧૮-૪-૧૯૬૬.

ભગનભાઈ દેસાઈ
ધીરેન્દ્ર મહેતા.

INSPECTION REPORT OF THE GUJARAT UNIVERSITY SCHOOL OF SCIENCES

In pursuance of University letter No. C/21/037199, dated 4-2-1966 we visited the University School of Sciences on 6th July 1966. The Director of the School had sent us in advance detailed information regarding the School and its activities. This information is attached hereto as an appendix (not attached). We conferred with the Director and the Heads of the various departments and acquainted ourselves with their academic activities and administrative problems. We also visited the different departments and met the staff members. Since the School of Sciences is administration and financed by the University, the report is confined to points of relevance only.

Our remarks are as under :

1. Buildings, Laboratories, Lecture Rooms :

At present, the School of Sciences comprises departments of Mathematics including Statistics, Physics, Chemistry, Botany and Zoology. Regular working of the School was started in the University building from 15 June 1960 and this inspection appears to be first since then. To begin with all the departments were temporarily housed in the buildings of the University School of Social Sciences, Psychology and Education and Gujarati Language and Literature. The various departments

were shifted to the present new buildings during 1963 and 1964. The Zoology department came in to existance in October 1964 and it will be housed in its own building in the near future. The floor areas for the different departments in sq. yards are—

Mathematics including Statistics 6,500; Physics 10,500; Chemistry 26,500; Botany 10,500 and Zoology.

In spite of their modern architecture, the buildings for the Schools do not seem to satisfy the specific needs of the Science departments. This was the unanimous opinion of the all staff members and we too, are fully convinced about this shortcoming. In the Chemistry Laboratories there is no adequate provision for removal of fumes. A fume chamber with an adequate fume exhaust system should form an integral part of all organic and inorganic laboratories—whether for routine practicals or for research. The Service lines in the laboratories also do not seem to be scientifically laid. A peninsular arrangement of working benches with service lines laid accordingly would have considerably simplified the matter. Another shortcoming noticed is a paucity of lecture rooms especially in the Mathematics-Statistics department. To overcome this shortage, the staff members are required to take lectures in other departments and this creates such inconvenience. At least two additional lecture rooms, should provided to the Statistics department as early as possible. In the Physics department workshop practice which is compulsory for all Jr. M.Sc. students, is not adequately, provided for since the workshop is neither equipped nor staffed. This should be done without delay.

2. Expenditure on equipments :

All laboratories are fairly well equipped with modern instruments. We are informed that the expenditure on this item in the various laboratories has so far been as under :

Mathematics	..	Rs. 51,000
Physics	..	Rs. 1,57,500
Chemistry	..	Rs. 3,97,500
Botany	..	Rs. 1,57,500
Zoology	..	Rs. 1,40,000.

3. The departments :

The appointments of staff in the various departments at the time of our visit were as under :

		Professor	*Readers*	*Lecturers*	*Demonstrators*
Chemistry	..	1	3	4	3
Physics	..	—	2	3	2
Botany	..	1	2	3	—
Mathematics	..	1	1	2	—
Statistics	..	—	1	4	2
Zoology	..	—	1	1	—

According to the present allotment one vacancy of a Demonstrator each in Physics and Chemistry and two vacancies in Botany exist.

We were told that some of the posts, sanctioned by U.G.C. have still not been filled. This is rather distressing. We strongly recommended that the posts that are still vacant and which have been recommended as minimum be filled soon. It is difficult to understand also why the Professor's post in the Physics department still remains unfilled Although Nuclear Physics is taught as special subject, there is not even a Reader appointed for that subject. We learn that the post of Demonstrators have been abolished and hence the vacancies created are not filled. If the University does not desire to revive the posts of Demonstrators it should fill these posts by Lecturers who together with the other staff should look after both theoretical and practical training. Unless these posts are filled it is impossible for the departments to organise and supervise adequately laboratory practice in Science departments.

The laboratories are equipped with very costly equipments. Accessories to these are required to be issued to the students for their day-to-day experimental work and it is necessary also to see that the equipment is returned in good condition. For all this type of work, laboratory assistants are required. It is our opinion that there should be at least one graduate laboratory assistant for every laboratory including Statistics. Subjects like Chemistry, which specialise in three separate branches must have at least three laboratory assistants. It is necessary also

according to the needs of the departments to have store-keepers, animal and plant collectors and are curator for efficient working of the laboratories. Since some of the equipments used in the Science laboratories are high precision instruments, it would be difficult to put these into working order once they go wrong, as sometimes proper service facilities are not always available in this country. It is therefore, necessary for the University to employ a trained technician possessing an M.Sc. or D.R.E. qualification, for maintenance of optical, electronic and other types of instruments.

It is also necessary to create a post of micro-analyst in the Lecturer's grand to look after the micro-analytical section of Organic Chemistry and to carry out micro-analysis of compounds synthesises by the Organic Chemistry research department, as well as to provide micro-analysis service to other research workers in Gujarat or outsides (if necessary on payment basis). A University department in Organic Chemistry is grossly incomplete without these facilities. Much equipment is available in the University but in the absence of such trained staff it is not put into working condition. It was disheartening to find that some of the extremely costly and delicate equipment which forms an integral part of such a set up is being put to use for work which it is not meant and is used by persons not specifically trained to handle it. There are instances in which some equipments have not been used even put into working condition yet although purchased since several years. One wonders when one goes round the University departments whether such multiplicity of instruments many of which lie idle is desirable. It is therefore, necessary to see that duplication is avoided and that instruments are purchased in relation to specific requirements.

4. Teaching and Research :

The work-loads for the various departments is shown in the tabular form in the Appendix* page 4. In addition, lectures, tutorials and seminars are also arranged. The progress of the students is judged by frequent tests. All departments have active research workers and research work on topics of much interest and utility is going on in all the departments. Botany and Chemistry appeared most active in this direction. Guiding Ph.D. students is usually not put on the time-table. It is the feeling of

the Committee that this should be included in the work-load of the teacher. This is necessary to recognise and evaluate the time spent in guiding research students. There is disparity regarding the number of students taken on by different research workers and to recognise the additional work put in by the teacher two hours of guidance per week per student should be recognised in additional work-load. If this is not done, the University is likely to consider a teacher who takes one or two students for research work at per with another teacher who takes responsibility for a larger number of students. The Research publications of the various departments is summarised in the appendix.

5. Administrative set up :

This point was discussed in detail with the Director and Head of the departments. They were able to convince us that because of the present set up of administration, much difficulty is experienced in getting equipments and materials for the departments. All departments are autonomous units. Heads of the departments meet at the beginning of the year to allocate the grants for the different departments from the available funds from the University and from the University Grants Commission. Thus each department has its own budget. Tenders are invited for the necessary materials and equipment. From the tenders comparative statements are prepared and then submitted to the Finance Committee. After scrutiny by this Committee, the proposals have to be finalised by the Syndicate before orders are placed. Even if these bodies meet regularly the above procedure takes at least a couple of months. The Departmental Heads have pointed out to use that quite frequently orders are ready only after the validity period for tenders is over and the above cycle has to be repeated. This system also encourages bogus tenders being submitted. Unless the apparatus is ordered genuine dealers or though authorised agents it is difficult to get spares and services. It is therefore necessary to speed up the whole process. For this purpose and in addition for other administrative purposes an officer of the rank of Assistant Registrar should be appointed to look after all this type of work, so that the science teachers are free to devote more time to teaching and research. Alternatively a Committee may be formed of Heads of departments along with the Vice-Chancellor's representative and it

should be authorised to finalise work connected with ordering of scientific equipment. This committee was also informed that for day-to-day work the departments are authorised to spend up to Rs. 100/- only. This sum is ridiculously low as science laboratories are required to but small pieces of equipment, spares or specimens at any time. We feel that it is necessary to raise this limit to at least Rs. 500/- per departments, which Heads of departments should be allowed to spend without reference to any committee.

6. Library :

The University maintains and excellent library for its School of Sciences.

We thank the Director and the Heads of the various departments for their co-operation and courtesy.

H. D. NORONHA
J. J. TRIVEDI.

* Appendix not printed.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

G.U.P. 1272-450-2-69

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સેનેટની ખાસ સભા, બુધવાર, તા. ૧૬-૧૦-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટીના સેનેટ-ખંડમાં મળી હતી તથા ગુરુવાર, તા. ૧૭-૧૦-૧૯૬૮ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી, અને તે પછી જે મોકૂફ રાખવામાં આવેલી, તે નક્કી કર્યા મુજબ શનિવાર, તા. ૧૮-૧-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટીના સેનેટ-ખંડમાં મળી હતી તથા રવિવાર, તા. ૧૯-૧-૧૯૬૯ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ચારે દિવસોએ કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું.

ચારે દિવસોએ હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	૧૬-૧૦-'૬૮	૧૭-૧૦-'૬૮	૧૮-૧-'૬૯	૧૯-૧-'૬૯
૧.	શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર	હાજર	હાજર	હાજર
૨.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર	હાજર	હાજર
૩.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ	હાજર	હાજર	હાજર	હાજર
૪.	શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર	હાજર	હાજર	હાજર
૫.	શ્રી. કે. જી. બાદલાણી	હાજર	ગેરહાજર	હાજર	ગેરહાજર
૬.	શ્રી. પી. એસ. કલવચવાલા	હાજર	ગેરહાજર	ગેરહાજર	હાજર
૭.	ડૉ. જી. એ. પટેલ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૮.	શ્રી. કે. એમ. કાંટાવાલા	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૯.	શ્રી. આર. ડી. જોષી	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૦.	શ્રી. ટી. એમ. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૧.	ડૉ. જે. જે. ચિનોય	હાજર	હાજર	હાજર	હાજર
૧૨.	પ્રિ. જે. બી. સાણ્ડિલ	હાજર	હાજર	હાજર	હાજર
૧૩.	પ્રિ. એમ. એસ. પંડિત	હાજર	હાજર	હાજર	ગેરહાજર
૧૪.	પ્રિ. એસ. વી. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	૧૬-૧૦-'૬૮	૧૭-૧૦-'૬૮	૧૮-૧-'૬૯	૧૯-૧-'૬૯
૧૫.	પ્રિ. વી. એન. જોષી	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૬.	પ્રિ. એન. બી. નાયક	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૭.	પ્રિ. સી. એમ. પટેલ	હાજર	ગેરહાજર	હાજર	હાજર
૧૮.	પ્રિ. આર. ડી. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૯.	ડૉ. ઈ. એમ. એરટ	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૨૦.	પ્રિ. એલ. એચ. ટેંગશે	હાજર	ગેરહાજર	હાજર	હાજર
૨૧.	પ્રિ. વી. એ. વ્યાસ	હાજર	હાજર	હાજર	હાજર
૨૨.	પ્રિ. સી. એસ. શાહ	હાજર	ગેરહાજર	હાજર	હાજર
૨૩.	પ્રિ. ટી. એમ. પરીખ	હાજર	હાજર	હાજર	ગેરહાજર
૨૪.	પ્રિ. કે. જી. દેસાઈ	હાજર	હાજર	હાજર	હાજર
૨૫.	પ્રિ. આઈ. જે. ધ્રુવ	હાજર	હાજર	હાજર	હાજર
૨૬.	પ્રિ. વાય. પી. શુક્લ	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૨૭.	પ્રિ. એચ. એ. ડિસોઝા	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૮.	પ્રિ. કે. એમ. આચાર્ય	હાજર	હાજર	હાજર	હાજર
૨૯.	પ્રિ. એસ. આર. ભટ્ટ	હાજર	હાજર	હાજર	હાજર
૩૦.	પ્રિ. આર. એચ. શાહ	હાજર	હાજર	હાજર	ગેરહાજર
૩૧.	પ્રિ. એમ. સી. દેસાઈ	હાજર	હાજર	હાજર	હાજર
૩૨.	પ્રિ. સી. સી. શાહ	હાજર	હાજર	હાજર	હાજર
૩૩.	પ્રિ. ડી. ડી. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૩૪.	પ્રિ. શ્રીમતી યુ. સી. પટેલ	હાજર	હાજર	ગેરહાજર	હાજર
૩૫.	પ્રિ. એચ. સી. ત્રિવેદી	હાજર	હાજર	હાજર	હાજર
૩૬.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર	હાજર	હાજર	હાજર
૩૭.	પ્રિ. વી. આર. રણદીવે	હાજર	ગેરહાજર	હાજર	હાજર
૩૮.	પ્રિ. એચ. કે. ત્રિવેદી	હાજર	ગેરહાજર	હાજર	હાજર
૩૯.	પ્રિ. ડી. પી. ઠાકર	હાજર	હાજર	હાજર	ગેરહાજર
૪૦.	પ્રિ. જે. બી. પટેલ	હાજર	હાજર	હાજર	હાજર
૪૧.	પ્રિ. જે. ડી. તલાટી	હાજર	હાજર	હાજર	હાજર
૪૨.	પ્રિ. એન. આર. પટેલ	હાજર	હાજર	હાજર	હાજર
૪૩.	પ્રિ. ટી. એન. મહેતા	હાજર	હાજર	હાજર	હાજર
૪૪.	પ્રિ. આર. એમ. શુક્લ	હાજર	હાજર	હાજર	હાજર
૪૫.	પ્રિ. એસ. આર. મહેતા	હાજર	હાજર	હાજર	હાજર
૪૬.	પ્રિ. આર. સી. પટેલ	હાજર	હાજર	હાજર	હાજર
૪૭.	પ્રિ. કે. આર. પટેલ	હાજર	ગેરહાજર	હાજર	હાજર
૪૮.	પ્રિ. એચ. કે. બુખારી	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૪૯.	પ્રિ. એન. યુ. ત્રિવેદી	હાજર	હાજર	હાજર	હાજર
૫૦.	પ્રિ. જે. જે. ત્રિવેદી	હાજર	હાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	૧૬-૧૦-'૬૮	૧૭-૧૦-'૬૮	૧૮-૧-'૬૯	૧૯-૧-'૬૯
૫૧.	પ્રિ. જે. સી. ત્રિવેદી	હાજર	હાજર	હાજર	હાજર
૫૨.	પ્રિ. એન. એસ. પંડ્યા	હાજર	હાજર	હાજર	હાજર
૫૩.	પ્રિ. જી. સી. પટેલ	હાજર	હાજર	હાજર	હાજર
૫૪.	પ્રિ. એન. એમ. પરીખ	હાજર	હાજર	—	—
૫૪અ.	પ્રિ. વાય. ડી. વ્યાસ	—	—	હાજર	હાજર
૫૫.	પ્રિ. વી. જી. ઉપાધ્યાય	હાજર	હાજર	હાજર	હાજર
૫૬.	પ્રિ. યુ. ડી. ભટ્ટ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૫૭.	પ્રિ. એલ. ડી. દવે	હાજર	હાજર	હાજર	હાજર
૫૮.	પ્રિ. આઈ. જે. ભટ્ટ	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૫૯.	પ્રિ. બી. પી. કોઠારી	હાજર	હાજર	હાજર	હાજર
૬૦.	પ્રિ. એન. બી. જોષી	હાજર	હાજર	હાજર	હાજર
૬૧.	પ્રિ. એમ. એસ. શાહ	હાજર	હાજર	હાજર	હાજર
૬૨.	પ્રિ. એમ. સી. શાહ	હાજર	હાજર	હાજર	હાજર
૬૩.	ડૉ. એમ. ડી. દેસાઈ	હાજર	ગેરહાજર	હાજર	ગેરહાજર
૬૪.	ડૉ. એ. એમ. મલાવવાળા	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૬૫.	પ્રિ. વી. પી. પરીખ	હાજર	હાજર	હાજર	હાજર
૬૬.	પ્રિ. જી. જે. પંડ્યા	હાજર	હાજર	હાજર	ગેરહાજર
૬૭.	પ્રિ. એ. આર. રાવ	હાજર	હાજર	હાજર	હાજર
૬૮.	પ્રિ. આઈ. એમ. પટેલ	હાજર	હાજર	હાજર	હાજર
૬૯.	પ્રિ. એન. એસ. યાજ્ઞિક	હાજર	હાજર	હાજર	હાજર
૭૦.	પ્રિ. એ. એચ. આઈ. વોરા	હાજર	હાજર	હાજર	હાજર
૭૧.	પ્રિ. બી. એમ. પીરઝાદા	હાજર	હાજર	હાજર	હાજર
૭૨.	પ્રિ. એસ. એમ. નાગામિયા	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૭૩.	પ્રિ. એ. ડી. મણિયાર	હાજર	હાજર	હાજર	હાજર
૭૪.	પ્રિ. એસ. ટી. જેસલપુરા	હાજર	હાજર	હાજર	હાજર
૭૫.	પ્રિ. ડી. એસ. જોષી	હાજર	હાજર	ગેરહાજર	હાજર
૭૬.	પ્રિ. બી. એમ. પંડિત	હાજર	હાજર	હાજર	હાજર
૭૭.	પ્રિ. કે. એમ. તલાટી	હાજર	હાજર	હાજર	હાજર
૭૮.	પ્રિ. એચ. એમ. શુકલ	હાજર	હાજર	હાજર	ગેરહાજર
૭૯.	પ્રિ. જી. બી. પરીખ	હાજર	હાજર	હાજર	હાજર
૮૦.	પ્રિ. એચ. સી. પરીખ	હાજર	હાજર	હાજર	હાજર
૮૧.	પ્રિ. કે. એન. શાહ	હાજર	હાજર	ગેરહાજર	હાજર
૮૨.	પ્રિ. કે. એસ. યાદવ	હાજર	ગેરહાજર	હાજર	હાજર
૮૩.	પ્રિ. ટી. પી. ચિત્તાનંદ	હાજર	હાજર	હાજર	હાજર
૮૪.	પ્રિ. એન. એન. ઉદવાડિયા	હાજર	હાજર	હાજર	હાજર
૮૫.	પ્રિ. વાય. જી. નાયક	હાજર	હાજર	હાજર	હાજર
૮૬.	પ્રિ. વી. એફ. શાહ	હાજર	હાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	૧૬-૧૦-'૬૮	૧૭-૧૦-'૬૮	૧૮-૧-'૬૯	૧૯-૧-'૬૯
૮૭.	પ્રિ. બી. આર. ચૌહાણ	હાજર	હાજર	હાજર	હાજર
૮૮.	પ્રિ. એમ. ડી. ભટ્ટ	હાજર	હાજર	હાજર	હાજર
૮૯.	પ્રિ. જે. કે. શાહ	હાજર	હાજર	હાજર	હાજર
૯૦.	પ્રિ. પી. એચ. ભટ્ટ	હાજર	હાજર	હાજર	હાજર
૯૧.	પ્રિ. જે. એચ. દવે	હાજર	હાજર	હાજર	હાજર
૯૨.	પ્રિ. સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર	હાજર
૯૩.	પ્રિ. જે. જી. પટેલ	હાજર	હાજર	હાજર	હાજર
૯૪.	પ્રિ. કે. બી. વ્યાસ	હાજર	હાજર	હાજર	હાજર
૯૫.	પ્રિ. આર. વી. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર	હાજર
૯૬.	પ્રિ. જી. એમ. પટેલ	હાજર	હાજર	હાજર	હાજર
૯૭.	પ્રિ. પી. આર. દેસાઈ	હાજર	ગેરહાજર	હાજર	હાજર
૯૮.	પ્રિ. એ. જી. મુનશી	હાજર	હાજર	હાજર	ગેરહાજર
૯૯.	પ્રિ. ડી. એચ. વેલવન	હાજર	હાજર	હાજર	હાજર
૧૦૦.	પ્રિ. એ. બી. વ્યાસ	હાજર	હાજર	હાજર	હાજર
૧૦૧.	પ્રિ. એચ. પી. પંડ્યા	હાજર	હાજર	હાજર	હાજર
૧૦૨.	પ્રિ. બી. કે. ગઢવી	હાજર	હાજર	હાજર	હાજર
૧૦૩.	પ્રિ. બી. એમ. ઠાકર	હાજર	હાજર	હાજર	હાજર
૧૦૪.	પ્રિ. એચ. વી. સુથાર	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૦૫.	પ્રિ. વી. એસ. વણીકર	હાજર	હાજર	હાજર	હાજર
૧૦૬.	પ્રિ. આર. સી. ત્રિપાઠી	હાજર	હાજર	હાજર	હાજર
૧૦૭.	પ્રિ. ડી. એ. ધાંચી	હાજર	હાજર	હાજર	હાજર
૧૦૮.	પ્રિ. કે. એસ. પટેલ	હાજર	હાજર	હાજર	હાજર
૧૦૯.	પ્રિ. એન. વી. રાવલ	હાજર	હાજર	હાજર	હાજર
૧૧૦.	પ્રિ. એચ. એ. પટેલ	હાજર	હાજર	હાજર	હાજર
૧૧૧.	શ્રી. પી. ડી. બડવા	હાજર	હાજર	—	—
૧૧૨.	પ્રિ. સી. કે. અકૂવાલા	હાજર	હાજર	હાજર	હાજર
૧૧૩.	પ્રિ. (મિસ) યુ. બી. ફાટક	હાજર	ગેરહાજર	હાજર	હાજર
૧૧૪.	પ્રિ. બી. એસ. પટેલ	હાજર	હાજર	હાજર	હાજર
૧૧૫.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર	હાજર
૧૧૬.	ડૉ. મિસ એસ. સી. પંડ્યા	હાજર	ગેરહાજર	ગેરહાજર	હાજર
૧૧૭.	ડૉ. પી. સી. મહેતા	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૧૮.	ડૉ. એન. જે શાહ	હાજર	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૧૯.	ડૉ. પી. મિત્રા	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૨૦.	શ્રી. સી. સી. મહેતા	હાજર	હાજર	હાજર	હાજર
૧૨૧.	શ્રી. ડી. એસ. પરીખ	હાજર	હાજર	હાજર	હાજર
૧૨૨.	શ્રી. એમ. એસ. પટેલ	હાજર	હાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	૧૬-૧૦-'૬૮	૧૭-૧૦-'૬૮	૧૮-૧-'૬૯	૧૯-૧-'૬૯
૧૨૩.	પ્રિ. એસ. એમ. ઠક્કર	હાજર	હાજર	ગેરહાજર	હાજર
૧૨૪.	પ્રિ. આર. વી. શાહ	હાજર	હાજર	હાજર	હાજર
૧૨૫.	પ્રિ. વી. પી. મહેતા	હાજર	હાજર	ગેરહાજર	હાજર
૧૨૬.	પ્રિ. બી. એમ. જાની	હાજર	હાજર	હાજર	ગેરહાજર
૧૨૭.	ડૉ. ડી. એચ. મુતરિયા	હાજર	હાજર	હાજર	હાજર
૧૨૮.	શ્રી. કે. કે. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર	ગેરહાજર
૧૨૯.	પ્રો. વી. બી. અષ્વર્યુ	હાજર	હાજર	હાજર	હાજર
૧૩૦.	પ્રો. એમ. પી. પંડ્યા	હાજર	હાજર	હાજર	હાજર
૧૩૧.	ડૉ. સી. આર. નાયક	હાજર	હાજર	હાજર	હાજર
૧૩૨.	પ્રો. આર. એમ. ભટ્ટ	હાજર	હાજર	હાજર	હાજર
૧૩૩.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	હાજર	હાજર	હાજર
૧૩૪.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર	હાજર	હાજર	હાજર
૧૩૫.	શ્રી. પી. એફ. પટેલ	હાજર	ગેરહાજર	હાજર	હાજર
૧૩૬.	શ્રી. ડી. એસ. બસન	હાજર	હાજર	હાજર	હાજર
૧૩૭.	શ્રી. એચ. સી. શુકલ	હાજર	હાજર	હાજર	હાજર
૧૩૮.	પ્રો. એન. જે. પટેલ	હાજર	હાજર	હાજર	હાજર
૧૩૯.	શ્રી. એચ. એસ. જૈન	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૪૦.	શ્રી. પી. એન. વર્તીકર	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૪૧	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર	હાજર	હાજર	હાજર
૧૪૨.	શ્રી. એસ. એમ. દેસાઈ	હાજર	હાજર	હાજર	હાજર
૧૪૩.	શ્રી. એચ. યુ. જોષી	હાજર	હાજર	હાજર	હાજર
૧૪૪.	શ્રી. કે. ડી. શાહ	હાજર	હાજર	હાજર	હાજર
૧૪૫.	ડૉ. પી. એલ. શાહ	હાજર	હાજર	હાજર	હાજર
૧૪૬.	ડૉ. આર. એલ. વાદી	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૪૭.	ડૉ. કે. આર. શ્રોફ	હાજર	હાજર	હાજર	ગેરહાજર
૧૪૮.	ડૉ. એચ. આર. હેરાસરી	હાજર	હાજર	હાજર	હાજર
૧૪૯.	શ્રી. ડી. ડી. ત્રિવેદી	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૫૦.	શ્રી. જી. આર. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૫૧.	શ્રી. સી. સી. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર	હાજર
૧૫૨.	શ્રી. એમ. એન. ઠાકર	ગેરહાજર	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૫૩.	ડૉ. વી. એન. ત્રિપાઠી	હાજર	ગેરહાજર	—	—
૧૫૪.	શ્રી. સી. જી. પટેલ	હાજર	હાજર	હાજર	હાજર
૧૫૫.	શ્રી. એમ. જી. શાસ્ત્રી	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૫૬.	શ્રી. એમ. એમ. મહેતા	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૫૭.	શ્રી. આર. ડી. પટેલ	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૫૮.	શ્રી. કે. એચ. ચૌધરી	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	૧૬-૧૦-'૬૮	૧૭-૧૦-'૬૮	૧૮-૧-'૬૯	૧૯-૧-'૬૯
૧૫૯.	શ્રી. એન. એસ. શોધન	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૬૦.	શ્રી. એસ. કે. ઝવેરી	હાજર	હાજર	હાજર	હાજર
૧૬૧.	શ્રી. એમ. ટી. શુકલ	હાજર	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૬૨.	શ્રી. સી. પી. પટેલ	હાજર	હાજર	હાજર	હાજર
૧૬૩.	શ્રી. બી. એમ. નવલખા	હાજર	હાજર	હાજર	ગેરહાજર
૧૬૪.	શ્રી. આર. બી. શાહ	હાજર	હાજર	હાજર	હાજર
૧૬૫.	શ્રી. પી. આર. શેઠ	હાજર	ગેરહાજર	હાજર	હાજર
૧૬૬.	શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર	હાજર
૧૬૭.	શ્રી. જી. એસ. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૬૮.	શ્રી. એન. એન. દલાલ	હાજર	ગેરહાજર	હાજર	હાજર
૧૬૯.	શ્રી. એ. કે. ઝવેરી	હાજર	હાજર	હાજર	ગેરહાજર
૧૭૦.	શ્રી. બી. ડી. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૭૧.	શ્રી. બી. એચ. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૭૨.	શ્રી. આઈ. એમ. નાણાવટી	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૭૩.	ડૉ. જે. બી. હરિભક્તિ	હાજર	હાજર	હાજર	હાજર
૧૭૪.	શ્રી. આઈ. એ. મોદી	હાજર	હાજર	હાજર	હાજર
૧૭૫.	શ્રી. સી. એન. શાહ	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૭૬.	શ્રી. એચ. વી. વસા	હાજર	હાજર	ગેરહાજર	હાજર
૧૭૭.	શ્રી. આર. જે. ખારા	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૭૮.	શ્રી. એસ. બી. પંડ્યા	હાજર	હાજર	હાજર	હાજર
૧૭૯.	ડૉ. એન. એચ. દેસાઈ	હાજર	હાજર	હાજર	હાજર
૧૮૦.	શ્રી. કસ્તૂરભાઈ શેઠ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૮૧.	શ્રી. આર. ટી. લેઉઆ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૮૨.	શ્રી. જી. સી. ઓઝા	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૮૩.	શ્રી. બી. પી. શાહ	હાજર	હાજર	હાજર	ગેરહાજર
૧૮૪.	ડૉ. લીલાબહેન સી. શાહ	હાજર	ગેરહાજર	હાજર	હાજર
૧૮૫.	શ્રી. વી. સી. શાહ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૮૬.	શ્રી. વી. બી. શાસ્ત્રી	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૮૭.	શ્રી. અમૃતલાલ શેઠ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૮૮.	શ્રી. એસ. વાય. ઉનિયા	હાજર	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૮૯.	શ્રી. એસ. આર. વસાવડા	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૯૦.	શ્રીમતી કમલિની સારાભાઈ	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૯૧.	ડૉ. એન. આર. દેસાઈ	હાજર	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૯૨.	શ્રી. જે. કે. મોદી	ગેરહાજર	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૯૩.	શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૯૪.	શ્રી. વી. જે. ત્રિવેદી	હાજર	ગેરહાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	૧૬-૧૦-'૬૮	૧૭-૧૦-'૬૮	૧૮-૧-'૬૯	૧૯-૧-'૬૯
૧૯૫.	ડૉ. સી. એચ. નાયક	હાજર	હાજર	હાજર	હાજર
૧૯૬.	શ્રી. લાભુભાઈ ત્રિવેદી	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૯૭.	શ્રી. ડી. જી. નાયક	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૯૮.	શ્રી. આઈ. એ. શાહ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૯૯.	શ્રી. અરવિંદભાઈ એન. શેઠ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૦૦.	શ્રી. શ્રેણિકભાઈ કે. શેઠ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૦૧.	શ્રી. એ. બી. સુતરિયા	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર

૧. તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ના રોજ મળેલી સેનેટની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ના રોજ મળેલ સેનેટની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૧-અ. પ્રમુખસ્થાનેથી માજી કુલપતિ શ્રી. હરસિદ્ધભાઈ વજુભાઈ દિવેટિયાના અવસાન અંગે નીચેનો શોકદર્શક ઠરાવ રજૂ કરવામાં આવ્યો :

"ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા તેના આદ્યકુલપતિ શ્રી. હરસિદ્ધભાઈ વજુભાઈ દિવેટિયાના દુઃખદ અવસાનથી ઊંડા ખેદની લાગણી અનુભવે છે, અને પોતાની વિદ્વત્તા, ઉદાર દૃષ્ટિ, ઉચ્ચ ન્યાયબુદ્ધિ અને આર્ષ દૂરંદેશીથી પ્રથમ આઠ વર્ષ સુધી આ યુનિવર્સિટીનું સુકાન સંભાળ્યું અને રાષ્ટ્રીય હિતના વિશાળ સંદર્ભમાં ઉમદા પ્રણાલિકાઓ પાડીને તેમણે શિક્ષણ અને સંશોધનની પ્રવૃત્તિઓને પોષક વાતાવરણ સર્જ્યું, તથા ઉચ્ચ શિક્ષણના અખિલ ભારતીય નકશામાં આ યુનિવર્સિટીને ગૌરવવંતું સ્થાન અપાવ્યું તે માટે તથા શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારનાં વિવિધ ક્ષેત્રોમાં તેમણે ગુજરાતની ચિરસ્મરણીય સેવા કરી છે તે માટે તેમની સેવાઓને કૃતજ્ઞભાવે અંજલિ આપે છે.

સદ્‌ગતનાં કુટુંબીજનો પર આવી પડેલી આ વિપત્તિમાં આ સભા ઊંડી સહાનુભૂતિ પ્રગટ કરે છે, અને તે સહન કરવા માટે પરમાત્મા તેમને બળ આપે એમ પ્રાર્થના કરે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે."

સદરહુ ઠરાવ સભાગૃહે ઊભા થઈને અને બે મિનિટ મૌન પાળીને પસાર કર્યો.

૨. ગુજરાત યુનિવર્સિટી ધારા, ૧૯૪૯ની કલમ ૧૯ (૧)(૫) અને ૧૯ (૧)(૫-અ) પ્રમાણે સેનેટ મતદારવિભાગમાંથી સેનેટના સભ્યો પૈકી, સિન્ડિકેટ પર (૧) જેઓ આચાર્યો, શિક્ષકો, હેડમાસ્તરો, માન્ય સંસ્થાઓના વડાઓ કે માધ્યમિક શાળાના શિક્ષકો ન હોય તેવા સેનેટના આઠ સભ્યોની અને જેઓ હેડમાસ્તરો, માધ્યમિક શાળાના શિક્ષકો કે શિક્ષકો

હોય પરંતુ આચાર્યો, વિદ્યાશાખાઓના ડીન કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના અધ્યક્ષો ન હોય તેવા બે સભ્યોની ત્રણ વર્ષની મુદત માટે ચૂંટણી કરવા બાબત.

(નોંધ—આ ચૂંટણી માટેની નોટિસ તા. ૨૭-૯-૧૯૬૮ના રોજ પરિપત્રાંક ૩૮૯૯૭ દ્વારા સેનેટના સર્વે સભ્યોને મોકલવામાં આવી હતી.)

(૧) ગુજરાત યુનિવર્સિટી ધારા, ૧૯૪૯ની કલમ ૧૯(૧)(૫) હેઠળ સિન્ડિકેટ પર આઠ સભ્યોની ચૂંટણી માટે આચાર્યો, શિક્ષકો, હેડમાસ્તરો, માન્ય સંસ્થાઓના વડાઓ કે માધ્યમિક શિક્ષકો ન હોય તેવા સેનેટના સભ્યો પૈકી નીચેના ઉમેદવારોનાં ઉમેદવારીપત્રો તા. ૬-૧૦-૧૯૬૮ના રોજ સાંજના ૪-૦૦ વાગ્યા સુધીમાં આવ્યાં હતાં અને આ ઉમેદવારોનાં ઉમેદવારીપત્રોની ચકાસણી તા. ૭-૧૦-૧૯૬૮ના રોજ સાંજના ૪-૩૦ વાગ્યે કરવામાં આવી હતી, જેમાં નીચેના ઉમેદવારોનાં ઉમેદવારીપત્રો માન્ય (valid) ગણવામાં આવ્યાં હતાં:

ક્રમાંક સભ્યનું નામ

(૧) દેસાઈ અડુભાઈ હરિભાઈ
(૨) દેસાઈ ગિરીશચંદ્ર સવાઈલાલ
(૩) દેસાઈ ઝીણાભાઈ રતનજી
(૪) દેસાઈ મગનભાઈ પ્રભુદાસ
(૫) દેસાઈ નરેન્દ્ર એચ.
(૬) દેસાઈ હાકોરભાઈ મણિભાઈ
(૭) હરિભક્તિ જયંત ભગવાનદાસ
(૮) મોદી ઇન્દ્રવદન અંબાલાલ
(૯) નાણાવટી ઇન્દ્રવદન માણેકલાલ
(૧૦) નવલખા બુલાખી મગનલાલ
(૧૧) શાહ રસિકલાલ બાલચંદ
(૧૨) શાસ્ત્રી રણજિતરાય ગંગાશંકર
(૧૩) શેઠ પંકજ રમણલાલ.

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૫) હેઠળની આઠ જગ્યાની ચૂંટણી માટે પ્રમુખશ્રીએ નીચેની બે વ્યક્તિઓની ચકાસણીદારો (scrutineers) તરીકે નિમણૂક કરી:

(૧) આચાર્ય જે. બી. સાણ્ડિલ
(૨) આચાર્ય એ. આર. રાવ.

(૨) ગુજરાત યુનિવર્સિટી ધારા, ૧૯૪૯ની કલમ ૧૯(૧)(૫-એ) હેઠળ સિન્ડિકેટ પર બે સભ્યોની ચૂંટણી માટે હેડમાસ્તરો, માધ્યમિક શિક્ષકો કે શિક્ષકો હોય, પરંતુ આચાર્યો, ડીન કે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટોના વડાઓ ન હોય તેવા સેનેટના સભ્યો પૈકી નીચેના ઉમેદવારોનાં ઉમેદવારીપત્રો તા. ૬-૧૦-૧૯૬૮ના રોજ સાંજના ૪-૦૦ વાગ્યા સુધીમાં આવ્યાં હતાં અને તેની ચકાસણી

તા. ૭-૧૦-૧૯૬૮ના રોજ સાંજના ૪-૩૦ વાગ્યે કરવામાં આવી હતી, જેમાં નીચેના ઉમેદવારોનાં ઉમેદવારી પત્રો માન્ય (valid) ગણવામાં આવ્યાં હતાં :

ક્રમાંક	સભ્યનું નામ
(૧)	પંડ્યા મણિશંકર પ્રભાશંકર
(૨)	પટેલ નૃસિંહભાઈ જીભાઈ
(૩)	સુતરિયા દેવેન્દ્ર હીરાલાલ
(૪)	ત્રિવેદી અશ્વિનકુમાર માધવલાલ.

ઉપરોક્ત બંને ચૂંટણીઓ સરસાઈભરી (contested) હોવાથી, ચૂંટણીની નોટિસમાં જણાવ્યા મુજબ તે ચૂંટણી માટે મતદાનપેટી તા. ૧૬-૧૦-૧૯૬૮ના રોજ બપોરે ૧૨-૩૫ વાગ્યાથી ૩-૦૦ વાગ્યા સુધી મતદાન માટે ખુલ્લી રાખવામાં આવી હતી.

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬(૧)(૫-અ) હેઠળની બે જગ્યાની ચૂંટણી માટે પ્રમુખશ્રીએ નીચેની બે વ્યક્તિઓની ચકાસણીદારો (scrutineers) તરીકે નિમણૂક કરી :

(૧) હો. ય. ગુ. નાયક

(૨) હો. કે. એન. શાહ.

તે પછી સભાગૃહની સંમતિથી સભાગૃહનું બીજું કામકાજ બપોરના ૩-૦૦ વાગ્યા સુધી બંધ રાખવામાં આવ્યું અને મતદાનનું કામ હાથ ધરવામાં આવ્યું.

તે પછી મતદાનનું કામ બપોરે ૩-૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહનું બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું અને સાંજે ૫-૫૦ વાગ્યે સદરહુ ચૂંટણી અંગે મતદાનની ગણતરી પૂરી થતાં મતગણતરીનું પરિણામ ચકાસણીદારોએ રજૂ કર્યું તે પ્રમુખશ્રીના આદેશથી જાહેર કરવામાં આવ્યું.

(૧) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬ (૧) (૫) હેઠળ નીચેના આઠ સભ્યો ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા :

ક્રમાંક	સભ્યનું નામ
(૧)	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ
(૨)	શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
(૩)	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ
(૪)	હો. જયંત ભગવાનદાસ હરિભક્તિ
(૫)	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી
(૬)	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી
(૭)	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ
(૮)	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી.

(૨) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬ (૧) (૫-અ) હેઠળ નીચેના બે સભ્યો ચૂંટાયેલા જાહેર

કરવામાં આવ્યા :

ક્રમાંક	સભ્યનું નામ
(૧)	પ્રો. મણિશંકર પ્રભાશંકર પંડ્યા
(૨)	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી.

૨-અ. પ્રશ્નોત્તરી

[૧] શ્રી. કે. કા. શાસ્ત્રીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (અ) ગુજરાત યુનિવર્સિટી સ્થપાઈ ત્યારે વિનયન(શિક્ષણ સહિત)ની કેટલી કૉલેજો એને સંલગ્ન હતી ?

ઉત્તર ૧ : (અ) ૧૧.

પ્રશ્ન ૧ : (બ) એમાં શિક્ષકો કેટલા હતા ?

ઉત્તર ૧ : (બ) ૨૧૭.

પ્રશ્ન ૧ : (ક) હાલ કેટલી કૉલેજો સંલગ્ન છે ?

ઉત્તર ૧ : (ક) ૬૮.

પ્રશ્ન ૧ : (ડ) એમાં શિક્ષકો કેટલા છે ?

ઉત્તર ૧ : (ડ) ૧૨૫૬.

પ્રશ્ન ૧ : (ઈ) (૧) આ શિક્ષકોને સેનેટમાં જે પ્રતિનિધિઓ મોકલવાનો હક્ક છે તેઓની સંખ્યામાં વધારો કરવા કે સંખ્યાને શિક્ષકોની સંખ્યાના અમુક પ્રમાણમાં રાખવા ભલામણ કરવાનું યુનિવર્સિટીમાં કંઈપણ વિચારાય છે ?

(૨) હા, તો શામાં ? ના, તો આ સૂચન વિચારાશે ?

ઉત્તર ૧ : (ઈ) (૧) તે અંગે કોઈ ચોક્કસ પ્રસ્તાવ હાલ યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ નથી.

(૨) કોઈ ચોક્કસ પ્રસ્તાવ આવ્યેથી તે ઘટતાં સત્તામંડળો સમક્ષ વિચારણા માટે મૂકી શકાશે.

પ્રશ્ન ૨ : (અ) ગુજરાત યુનિવર્સિટી ધારામાં સુધારાવધારા કરવાની ભલામણ કરવાનું વિચારવા અંગે યુનિવર્સિટીમાં કોઈ કાર્યવાહી ચાલે છે ?

ઉત્તર ૨ : (અ) હા, જી.

પ્રશ્ન ૨ : (બ) ચાલતી હોય તો તેની પ્રગતિનો ખ્યાલ આપવા વિનંતી છે.

ઉત્તર ૨ : (બ) સિન્ડિકેટે આ બાબત અંગે એક સમિતિ નીમી છે. તે સમિતિની અત્યાર સુધીમાં સાત સભાઓ મળી છે. યુનિવર્સિટીનાં જુદાં જુદાં મંડળોની રચનાની બાબતમાં કેટલાક મુદ્દાઓ અંગે તેમાં ચર્ચાવિચારણા થઈ છે, પરંતુ તેણે કોઈ નિર્ણયાત્મક ભલામણનો હેવાલ હજુ તૈયાર કર્યો નથી.

પ્રશ્ન ૩ : (અ) એમ.એ.ના સાંજના વર્ગોમાં પ્રવેશ માગતા લાયક વિદ્યાર્થીઓએ અમદાવાદમાં કયા કયા સમગ્ર વિષયોમાં પ્રવેશ મેળવવા માગણી કરેલી ? કેટકેટલા વિદ્યાર્થીઓએ ?

ઉત્તર ૩ : (અ) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં સાંજના વર્ગોમાં પ્રવેશ માગતા વિદ્યાર્થીઓ

પૈકી જેમણે એક સમગ્ર વિષય માટે માગણી કરેલી તેમને અંગેની માહિતી નીચે મુજબ છે :

સમગ્ર વિષયનું નામ	કેટલા વિદ્યાર્થીઓએ માગણી કરી ?
અંગ્રેજી	૧૦૦
એન્ટાયર સાયકોલોજી	૪૭
એન્ટાયર હિસ્ટરી	૪
એન્ટાયર ઇકોનોમિકસ	૪૧૩
એન્ટાયર સોશિયોલોજી	૨૦
એન્ટાયર પોલિટિકસ	૨.

પ્રશ્ન ૩ : (બ) (૧) સમાજવિદ્યા ભવનમાં સમગ્ર વિષય લેવાની સાંજના વર્ગોમાં છૂટ ન અપાઈ તે ખરું છે ?

(૨) હા, તો શાથી ?

૨૪.	'બૅંકિંગ લૉ ઍન્ડ પ્રૅક્ટિસ ઇન ઇન્ડિયા' બાય એમ. એલ. ટેનન	વાણિજ્ય	શ્રી. ડી. એચ. વેલવન	૬-૫-'૬૮	નવેંબર '૬૭	—
૨૫.	'ફન્ડામેન્ટ્સ ઑફ ઑપ્ટિક્સ' બાય જકિન્સ ઍન્ડ વ્હાઈટ	વિજ્ઞાન	ડૉ. એ. આર. પટેલ શ્રી. એમ. એસ. જોશી	૯-૭-'૬૫	૮-૧-'૬૬	૧૫-૯-'૬૮
૨૬.	'ઇન્ટ્રોડક્શન ટૂ ઍટોમિક ઍન્ડ ન્યુક્લિયર ફિઝિક્સ' બાય સ્માર્ટ	વિજ્ઞાન	શ્રી. એન. જે. પટેલ	૧-૧૨-'૬૬	૩૧-૮-'૬૭	૨૫-૭-'૬૮
૨૭.	'એ મેન્યુઅલ ઑફ એથિક્સ' બાય મેકેન્ઝી	તત્ત્વજ્ઞાન	શ્રી. બી. જી. દેસાઈ	૧-૮-'૬૭	૨૮-૨-'૬૮	૩૧-૧-'૬૯
૨૮.	'એ કોર્સ ઑફ પ્યૉર મૅથેમેટિક્સ' બાય હાર્ડી	ગણિતશાસ્ત્ર	શ્રી. સી. જી. વોલેસ શ્રી. એસ. એસ. વોરા શ્રી. પી. પી. મુંગલી	૩૧-૭-'૬૭	૩૦-૧-'૬૯	હસ્તપ્રત છપાઈ અર્થે મળેલ છે.

પ્રશ્ન ૭ : (૬) યુનિવર્સિટીના પ્રકાશનનું કાર્ય વધારવા છેલ્લા એક વર્ષ દરમિયાન યુનિવર્સિટી તરફથી કયા કયા પ્રયત્નો થયા તે જણાવવા વિનંતી.

ઉત્તર ૭ : (૬) યુનિવર્સિટીના પ્રકાશનનું કાર્ય વધારવા માટે ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી તરફથી જે મુખ્ય પ્રયત્નો થયા તેનું ટૂંકું બયાન નીચે મુજબ છે :

(૧) વિવિધ વિષયોમાં પૂરતા પ્રમાણમાં વાચનસામગ્રી વિદ્યાર્થીઓને મળી રહે તે હેતુથી જે તે વિષયોની પ્રકાશન સલાહકાર સમિતિઓની સભાઓ બોલાવીને કે પત્રવ્યવહારથી તેનાં મંતવ્યો મેળવીને જે તે વિષયના અભ્યાસક્રમોને અનુલક્ષીને મૌલિક ગ્રંથો, સર્વમાન્ય અંગ્રેજી ગ્રંથોના અનુવાદ અને લઘુગ્રંથો પ્રસિદ્ધ કરવા માટે શીર્ષકો નક્કી કરી જે તે લેખક/અનુવાદકને કામની સોંપણી કરી.

(૨) આ વર્ષ દરમિયાન ૧૧ મૌલિક કામો અને ૪ અનુવાદ કામોની સોંપણી કરવામાં આવી.

(૩) યુનિવર્સિટીએ ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન ૮ (૫ મૌલિક અને ૩ અનુવાદ) પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે. આ વર્ષ દરમિયાન યુનિવર્સિટીને ૮ હસ્તપ્રતો મળી, જેમાંથી યુનિવર્સિટી પ્રેસમાં ૩ હસ્તપ્રતોનું મુદ્રણકાર્ય હાથ ધરવામાં આવ્યું અને ૫ હસ્તપ્રતોનું મુદ્રણકાર્ય બહારનાં પ્રેસોને સોંપવામાં આવ્યું.

(૪) તાજેતરમાં દરેક વિષયમાં યુનિવર્સિટી કક્ષાના લઘુગ્રંથો (પૃ. ૮૦થી ૧૫૦ સુધીના) તૈયાર કરવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે અને ૭૪ લઘુગ્રંથોની યોજના થઈ છે.

(૫) પ્રકાશનનું કામ ઝડપથી થાય તે હેતુથી મોનોટાઇપ મશીન માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તે અંગેનું લાઇસન્સ તાજેતરમાં મળી ગયું છે અને તે યંત્ર આવતાં પ્રકાશનકાર્યને વધુ વેગ આપી શકાશે.

(૬) પ્રૂફ-વાચનના વિલંબને કારણે પ્રકાશનોનું કામ અટકે નહિ તે હેતુથી બહારના પ્રૂફ-વાચકોની નિમણૂક કરી. બહારના વાચકો પાસે પ્રૂફો વંચાવી પ્રૂફ-વાચનના ઝડપી નિકાલ માટે પણ વ્યવસ્થા કરવામાં આવી.

(૭) જે તે લેખકો/અનુવાદકો પાસેથી વહેલામાં વહેલી તકે હસ્તપ્રતો મળે તે હેતુથી સૌ લેખકો/અનુવાદકોને નિશ્ચિત સમયમર્યાદામાં કામ પૂરું કરવા આગ્રહ કરવામાં આવ્યો.

(૮) યુનિવર્સિટીએ હાથ ધરેલ ૮ મહાનિબંધોના પ્રકાશનના કાર્યને વેગ આપવામાં આવ્યો. તે ઉપરાંત મહાનિબંધો અને સંશોધનક્રમોનાં પ્રકાશન અંગે પણ યુનિવર્સિટીએ આર્થિક સહાય આપી આવાં બે પ્રકાશનોને પ્રોત્સાહન આપ્યું.

(૯) આમજનતાને ઉપયોગી થઈ પડે તે હેતુથી લોકભોગ્ય પ્રકાશન શ્રેણી હેઠળ ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન ૪ પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે, જેનો સમાવેશ ઉપર બાબત નં. ૬માં આપેલી માહિતીમાં કરવામાં આવ્યો છે.

(૧૦) (ક) 'પ્રાચીન સંસ્કૃતિ, ઇતિહાસ અને પુરાવશેષવિદ્યા'ની પરિભાષા તથા 'રાજ્યશાસ્ત્ર'ની પરિભાષાની પુસ્તિકાઓની સુધારેલી નવી આવૃત્તિ પ્રસિદ્ધ કરવામાં આવી.

(ખ) (૧) પત્રકારત્વ, (૨) ગ્રંથાલયશાસ્ત્ર, (૩) વીમાવિજ્ઞાન, (૪) ગૃહવિજ્ઞાન, (૫) શિલ્પસ્થાપત્ય અને ચિત્ર ઇત્યાદિ લલિતકળાઓ, (૬) વનસ્પતિ-વિજ્ઞાન, એમ ૬ વિષયોની પરિભાષા પુસ્તિકાઓ તૈયાર કરવાના કામને ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન આગળ ધપાવવામાં આવ્યું હતું.

પ્રશ્ન ૭ : (ઇ) જૂન ૧૯૬૭થી ઑક્ટોબર ૧૯૬૮ દરમિયાન સોંપાયેલાં નવાં કામોની બાબતમાં નીચેની વિગતો આપવા વિનંતી :

ક્રમાંક	ગ્રંથનું નામ	વિષય	કોને સોંપ્યું ?	એ વ્યક્તિને અગાઉ કામ સોંપાયું છે ?	કામ કરવાની મુદત ક્યારે પૂરી થાય છે ?

ઉત્તર ૭ : (ઇ) સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમાંક	ગ્રંથનું નામ	વિષય	કોને સોંપ્યું ?	એ વ્યક્તિને અગાઉ કામ સોંપાયું છે ?	કામ કરવાની મુદત ક્યારે પૂરી થાય છે ?
૧.	'ઐતિહાસિક પદ્ધતિ'	ઇતિહાસ	પ્રો. આર. જી. પરીખ	ના	૧-૧-૧૯૬૮
૨.	'સહકારી કાયદો અને વ્યવસ્થા'	કો-ઓપરેશન	શ્રી. વાય. ટી. દેસાઈ શ્રી. રજનીકાન્ત જી. શેઠ	ના	૨૩-૯-૧૯૬૮
૩.	'વ્યક્તિગત સંચાલન'	લેબર વેલ્ફેર	શ્રીમતી જયશ્રી ઠાકોર	ના	૧૨-૪-૧૯૬૯
૪.	'પેટ્રો-રસાયણ'	રસાયણશાસ્ત્ર	ડૉ. જે. જે. ત્રિવેદી ડૉ. જી. સી. અમીન	ના	૨૨-૯-૧૯૬૮
૫.	'કૃત્રિમ ઔષધો'	,,	ડૉ. કે. એ. ઠાકર ડૉ. જે. પી. ત્રિવેદી	ના	૨૨-૯-૧૯૬૮
૬.	'અણુબંધારણ'	,,	ડૉ. એ. એમ. ત્રિવેદી ડૉ. આર. ડી. પટેલ	હા	૬-૧૦-૧૯૬૮
૭.	'ભારતીય ચલણનો ઇતિહાસ અને સમસ્યાઓ'	અર્થશાસ્ત્ર	શ્રી. જે. સી. ત્રિવેદી પ્રો. એન. એમ. મહેતા	ના	૧૭-૧૦-૧૯૬૮
૮.	'અપૃષ્ઠવંશી પ્રાણીઓ'	પ્રાણીવિજ્ઞાન	શ્રી. જી. ટી. પંડ્યા શ્રી. એન. એમ. શાહ	ના	૧૦-૪-૧૯૬૯
૯.	'કુદરતી રંગો'	રસાયણશાસ્ત્ર	ડૉ. એન. એમ. શાહ	હા	૨૪-૪-૧૯૬૯
૧૦.	'ધાત્વિક ક્ષારણ'	,,	ડૉ. એમ. એન. દેસાઈ ('સામાન્ય રસાયણ'ના અનુવાદના સહલેખક)	હા	હસ્તપ્રત છપાઈ અને પુસ્તક પ્રસિદ્ધ થઈ ગયેલ છે.

ક્રમાંક	ગ્રંથનું નામ	વિષય	કોને સોંપ્યું ?	એ વ્યક્તિને અગાઉ કામ સોંપાયું છે ?	કામ કરવાની મુદત ક્યારે પૂરી થાય છે ?
૧૧.	'એલ્જબ્રા—એ ટેક્સ બુક ઑફ ધી ડિટરમિનન્ટ્સ મેટ્રિસીસ ઍન્ડ એલ્જબ્રિક ફૉર્મ્સ' બાય ડબલ્યુ. એલ. ફેરર	ગણિતશાસ્ત્ર	શ્રી. એ. એમ. વૈદ્ય શ્રી. એ. વી. ગજ્જર	ના	૭-૧૨-૧૯૬૭
૧૨.	'એ મેન્યુઅલ ઑફ એથિક્સ' બાય જે. એસ. મેકેન્ઝી	તત્ત્વજ્ઞાન	શ્રી. બી. જી. દેસાઈ	હા	૩૧-૧-૧૯૬૯
૧૩.	'એ કોર્સ ઑફ પ્યોર મૅથેમેટિક્સ' બાય જે. એચ. હાર્ડી	ગણિતશાસ્ત્ર	શ્રી. સી. જી. વાલેસ શ્રી. પી. પી. મુગલી શ્રી. એસ. એસ. વોરા	ના	હસ્તપ્રત છપાઈ અર્થે મળેલ છે.
૧૪.	'એ સ્ટડી ઑફ હિસ્ટરી' બાય ટોયન્બી	ઇતિહાસ	શ્રી. પી. વી. પાઠક	હા	હસ્તપ્રત છપાઈ અર્થે.

પ્રશ્ન ૮ : (અ) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને અધ્યાપકો માટે સૂચવેલ પગારધોરણ બાબતમાં સરકારને મળવા માટે યુનિવર્સિટીના કોઈ મંડળને સૂચવાયું છે ખરું ?

ઉત્તર ૮ : (અ) ભારત સરકારે ચોથી પંચવર્ષીય યોજનામાં અધ્યાપકો માટે સૂચવેલ યોજનામાંથી ઊભા થતા પ્રશ્નો પરત્વે રાજ્ય સરકારના પ્રતિનિધિઓ સાથે ચર્ચાવિચારણા કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભામાં એક પ્રતિનિધિમંડળ નીમેલ છે. દરમિયાન યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો માટેનાં પગારધોરણ સુધારવામાં આવ્યાં છે.

પ્રશ્ન ૮ : (બ) સિન્ડિકેટના સભ્યોને આ બાબતમાં કંઈ કાર્યવાહી કરવાનું સરકાર તરફથી સૂચવાયું હોય તો તે ક્યારે સૂચવાયું ?

ઉત્તર ૮ : (બ) ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૧૬-૯-૧૯૬૮ના પત્રાંક એમ. આઈ. એસ. ૧૦૬૮-૭૩૪૦-૭-૫ દ્વારા સરકાર તરફથી સૂચવાયું છે કે સંલગ્ન કૉલેજોમાં સુધારેલાં પગારધોરણોનો અમલ કરવાની કાર્યવાહી ગુજરાત યુનિવર્સિટીએ કરવાની રહે છે.

પ્રશ્ન ૮ : (ક) જો (બ)માં સૂચિત કાર્ય સૂચવાયું હોય તો તે બાબતમાં સૂચિત મંડળના સભ્યોએ શી અને ક્યારે કાર્યવાહી કરી ?

ઉત્તર ૮ : (ક) સદરહુ પ્રતિનિધિમંડળે પોતાની ભલામણો સિન્ડિકેટને સુપરત કરી દીધી છે.

પ્રશ્ન ૮ : (ડ) આ પગારધોરણોની બાબતમાં નિર્ણય અને અમલ શાથી અને ક્યાં અટક્યાં છે તે વિગતે જણાવવા વિનંતી.

ઉત્તર ૮ : (ડ) ઉપર (ક)માં જણાવ્યા પ્રમાણે સદરહુ પ્રતિનિધિમંડળે તેની ભલામણો તા. ૨૪-૯-૧૯૬૮ના રોજ રજૂ કરી છે, અને તે હાલ સિન્ડિકેટની વિચારણા હેઠળ છે.

[૮] **શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરી**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, તેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (અ) ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કઈ કઈ કૉલેજોના મકાનમાં સ્કૂલો બેસે છે? ને જો બેસતી હોય તો કેટલા સમયથી?

ઉત્તર ૧ : (અ) કાર્યાલયને ઉપલબ્ધ થયેલ માહિતી મુજબ નીચેની સંલગ્ન કૉલેજોમાં તેમનાં નામ સામે દર્શાવેલ સમયથી શાળાના વર્ગો ચાલે છે :

ક્રમાંક	કૉલેજનું નામ	કૉલેજના મકાનમાં શાળાના વર્ગો કયારથી ચાલે છે તેની વિગત
(૧)	ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	જૂન ૧૯૬૩થી
(૨)	આર્ટ્સ કૉલેજ, મહુધા	જૂન ૧૯૬૮થી
(૩)	રજની પારેખ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત	જૂન ૧૯૬૫થી
(૪)	ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	જૂન ૧૯૬૬થી
(૫)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઊંઝા	એક માસથી
(૬)	એચ. એ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	જૂન ૧૯૬૩થી
(૭)	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	જૂન ૧૯૬૩થી
(૮)	સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	જૂન ૧૯૬૭થી

પ્રશ્ન ૧ : (બ) યુનિવર્સિટીનાં કયાં ધારાધોરણના આધારે આ પ્રમાણે કૉલેજના મકાનમાં સ્કૂલોને બેસવા દેવામાં આવે છે?

ઉત્તર ૧ : (બ) જૂન ૧૯૬૯થી શરૂ થતી નવી કૉલેજો શાળાના મકાનમાં કામ કરી શકશે નહિ એમ સિન્ડિકેટે તાજેતરમાં ઠરાવેલું છે, તે સિવાય કૉલેજોના મકાનમાં શાળાઓને બેસવા દેવાની બાબતમાં યુનિવર્સિટીએ આજ સુધી કોઈ નિયમ કર્યો નથી, સિવાય કે એક જ મકાનમાં કામ કરતી શાળા અને કૉલેજના કામકાજની વચ્ચે ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવાનું ધોરણ સ્વીકારવામાં આવેલું છે.

શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉલેજ શાળાના મકાનમાં બેસી શકતી ન હોય તો કૉલેજના મકાનમાં શાળા બેસી શકે? શાળાના મકાનમાં કૉલેજો શરૂ કરવા માટે આપણે ત્યાં ના પાડવામાં આવે છે ત્યારે કૉલેજોના મકાનમાં શાળાઓ ચાલે છે. આવી એક શાળા ગુજરાત લૉ સોસાયટીની આર્ટ્સ કૉલેજમાં ૧૯૬૩થી ચાલે છે તો તેમાં કોઈ સમયમર્યાદા છે? આ અંગે યુનિવર્સિટી કશું વિચારે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : આપણે નવી કૉલેજો માટે નિયમ કરેલો છે, તે આ કૉલેજને લાગુ પડતો નથી.

પ્રો. મણિશંકર પંડ્યાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

નવી અને જૂની કૉલેજો માટે 'discrimination' (ભેદભાવ) કરવાની જરૂર ખરી ?

કુલપતિશ્રીનો ઉત્તર : તાજેતરમાં જે નિયમ કર્યો છે તે નવી કૉલેજોને લાગુ પાડવાનું ઠરાવેલું છે. તેમાં જૂની કૉલેજો અને નવી કૉલેજો વચ્ચે ભેદભાવ કરવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨ : ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાં અઠવાડિક રજાનો દિવસ રવિવારનો દિવસ રાખવો એવું ફરજિયાત છે કે કેમ ? કોઈ કૉલેજ અગર કૉલેજો કાયમ માટે અઠવાડિક રજાનો દિવસ રવિવારના બદલે બીજો કોઈ વાર રાખી શકે ?

ઉત્તર ૨ : સંલગ્ન કૉલેજોમાં વૅકેશન ઉપરાંત રવિવાર અને અન્ય રજાઓની બાબતમાં યુનિવર્સિટીના નિયમો અંગેની માહિતી ઑ. ૭૫ (*ii*)માં દર્શાવેલી છે. સદરહુ ઑ. ૭૫ (*ii*)નો પાઠ નીચે મુજબ છે :

> "(*ii*) In addition to the vacations mentioned in (*i*) above and a weekly holiday on Sunday, it shall be competent for the Principals of affiliated colleges, Heads of recognised institutions and Directors of University departments to declare for their institutions in any academic year (*i*) not more than 8 days as holidays on account of national or religious festivals, and (*ii*) not more than 3 days as holidays to be declared in their discretion in view of the needs and exigencies arising in their institutions. In no case any further holidays over and above these indicated in (*i*) and (*ii*) above shall be declared without converting the proceeding or following Sunday or holiday into a working day."

પ્રશ્ન ૩ : ગુજરાત યુનિવર્સિટી સંચાલિત એમ.એ., એમ.કૉમ. અને એમ.એસસી., એમ.એડ.ના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રવેશ મેળવવા માટે દાનના સ્વરૂપમાં કે ભેટ સ્વરૂપે કોઈ રકમ કેન્દ્ર ચલાવતી કૉલેજ અગર સંસ્થા લઈ શકે કે કેમ ?

ઉત્તર ૩ : ના, જી.

પ્રશ્ન ૪ : (અ) આ માટે આવી કોઈ પરવાનગી યુનિવર્સિટીએ આપેલી છે ?

ઉત્તર ૪ : (અ) ના, જી.

પ્રશ્ન ૪ : (બ) જો જવાબ "ના" હોય તો આવી ભેટ અગર દાન સ્વીકારતી સંસ્થા કે કૉલેજનાં નામ આપી શકાશે ?

ઉત્તર ૪ : (બ) આવી રીતે ભેટ કે દાન કોઈ સંસ્થાએ કે કૉલેજે સ્વીકાર્યા અંગેની કોઈ માહિતી આ કાર્યાલય પાસે નથી.

[૬] પ્રો. રમેશભાઈ ભટ્ટે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, તેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : અમદાવાદની આર્ટ્સ, સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજોમાં પૂરો સમય કામ કરતા વિવિધ કક્ષાના અધ્યાપકો જો અન્ય કૉલેજોમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે જતા હોય તો તેની નીચે પ્રમાણેની સંસ્થાવાર માહિતી આપશો :

અધ્યાપકનું નામ	વિષય	જે સંસ્થામાં જતા હોય તે

ઉત્તર ૧ : કાર્યાલયને ઉપલબ્ધ સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમાંક	કૉલેજનું નામ	અધ્યાપકનું નામ	વિષય	જે કૉલેજમાં જતા હોય તે
(૧)	ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	પ્રો. એ. પી. સોનેજી	અર્થશાસ્ત્ર	સી. યુ. શાહ કૉલેજ, અમદાવાદ
*(૨)	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ	શ્રી. જે. આર. શાહ	અર્થશાસ્ત્ર	એચ. એ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૩)	ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. ભૈરવભાઈ દેસાઈ	વાણિજ્ય	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઊંઝા
(૪)	સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	પ્રો. ટી. જે. રાણા	એકાઉન્ટન્સી	ભક્ત વલ્લભ ધોળા કૉલેજ, અમદાવાદ
(૫)	વિવેકાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. બી. એસ. જોશી	એકાઉન્ટન્સી	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામ
(૬)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર	પ્રો. બી. એમ. મૂલે	અર્થશાસ્ત્ર	બી. ડી. કૉલેજ, અમદાવાદ
*(૭)	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	૧. શ્રી. એચ. બી. દેસાઈ	અંગ્રેજી	ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
		૨. કુ. સી. એ. પટેલ	ગુજરાતી	,,
		૩. શ્રી. બી. એન. આલોક	હિન્દી	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
		૪. શ્રી. એન. એન. મહેતા	બૅન્કિંગ	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
		૫. શ્રી. જી. એમ. પરીખ	એકાઉન્ટન્સી	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ

ક્રમાંક	કૉલેજનું નામ	અધ્યાપકનું નામ	વિષય	જે સંસ્થામાં જતા હોય તે
		૬. શ્રી. જે. આર. શાહ	અર્થશાસ્ત્ર	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
		૭. શ્રી. આર. એસ. પટેલ	અર્થશાસ્ત્ર	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૮)	આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ	પ્રો. જી. એસ. પટેલ	રસાયણ-શાસ્ત્ર	સાયન્સ કૉલેજ, કડી
(૯)	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. ડી. એન. ત્રિવેદી	અર્થશાસ્ત્ર	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજ
(૧૦)	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	૧. પ્રો. આર. એલ. પટેલ	—	સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
		૨. પ્રો. જી. વી. પટેલ	સંસ્કૃત	,, ,, ,,
(૧૧)	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧. શ્રી. પી. એમ. નારિયેલવાળા	અર્થશાસ્ત્ર	ભવન્સ કૉલેજ, ડાકોર
		૨. શ્રી. આર. એચ. શુક્લ	અંગ્રેજી	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા
		૩. શ્રી. જે. એમ. શાહ	આંકડાશાસ્ત્ર	,, ,, ,,

(*નોંધ. — આ પ્રત્યેક ક્રમાંક જણાવેલ સર્વે કૉલેજો એક જ મંડળના સંચાલન હેઠળ કામ કરે છે.)

પ્રશ્ન ૨ : ગયા માર્ચ માસની સેનેટમાં ૨૬ કૉલેજોના પ્રૉવિડન્ટ ફંડના નિયમો યુનિવર્સિટીના દફ્તરે નહોતા, એ હકીકત સંબંધી હવે છેલ્લી પરિસ્થિતિ વિષેની માહિતી સંસ્થાનાં નામ સાથે આપશો ?

ઉત્તર ૨ : પ્રશ્નમાં નિર્દેશિત કૉલેજો પૈકી નીચેની કૉલેજોના પ્રૉવિડંટ ફંડના નિયમોની નકલ હજુ સુધી યુનિવર્સિટીને ઉપલબ્ધ થઈ નથી :

ક્રમાંક	કૉલેજનું નામ
(૧)	શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૨)	શ્રી સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૩)	મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ
(૪)	સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિહોર
(૫)	કે. કે. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, ધંધુકા
(૬)	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
(૭)	સી. યુ. શાહ કૉલેજ, અમદાવાદ
(૮)	લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
(૯)	મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા.

પ્રો. રમેશભાઈ ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જે કૉલેજોએ પ્રૉવિડંટ ફંડ નથી આપ્યું તે કૉલેજો માટે યુનિવર્સિટીએ શું કર્યું ?

શ્રી. કુલસચિવે જણાવ્યું : ગયા વર્ષથી જોડાણની શરતોમાં પ્રૉવિડંટ ફંડ અંગેના નિયમોનું પાલન કરવાનું નવી કૉલેજો માટે આવશ્યક ગણવામાં આવેલ છે.

પ્રશ્ન ૩ : ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન યુનિવર્સિટીના પ્રકાશન વિભાગ અંગેની નીચે પ્રમાણેની માહિતી આપશો :

(૧) પ્રકાશિત ગ્રંથોની સંખ્યા

(૨) સોંપાઈ ચૂકેલી અને લખાઈ રહેલા ગ્રંથોની સંખ્યા

(૩) મુદ્રણ હેઠળના ગ્રંથોની સંખ્યા

(૪) વર્ષ દરમિયાન નવી સોંપણી થઈ હોય તેવા ગ્રંથોની સંખ્યા.

ઉત્તર ૩ : ૧૯૬૭-૬૮ના વર્ષ માટેની સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

(૧) પ્રકાશિત ગ્રંથોની સંખ્યા	...	૮
(૨) સોંપાઈ ચૂકેલી અને લખાઈ રહેલા ગ્રંથોની સંખ્યા	...	૪૪
(૩) મુદ્રણ હેઠળના ગ્રંથોની સંખ્યા	...	૩૮
(૪) વર્ષ દરમિયાન નવી સોંપણી થઈ હોય તેવા ગ્રંથોની સંખ્યા	...	૧૫.

પ્રશ્ન ૪ : યુનિવર્સિટીની આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ અને લૉ કૉલેજોમાં પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓ અંગે નીચે પ્રમાણેની માહિતી આપશો :

સંસ્થાનું નામ	પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓની સંખ્યા				વિવિધ પ્રકારની સરકારી
	આર્ટ્સ	સાયન્સ	કૉમર્સ	લૉ	શિષ્યવૃત્તિ મેળવતા કે મેળવવા અરજી કરી હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા

ઉત્તર ૪ : સદરહુ પ્રશ્નમાં માગેલી માહિતી કૉલેજો પાસેથી મળી છે તે પરિશિષ્ટ "ઉ" તરીકે સામેલ છે.

પ્રશ્ન ૫ : યુનિવર્સિટીમાં સંલગ્ન કૉલેજોમાંથી ગયા માર્ચથી જૂન દરમિયાન છૂટા કરાયેલા અધ્યાપકો વિષે નીચે પ્રમાણે માહિતી આપશો :

સંસ્થાનું નામ	છૂટા કરાયેલા કે થયેલા અધ્યાપકોની સંખ્યા	છૂટા કરાયેલા કે થયેલ અધ્યાપકોનો હોદ્દો			છૂટા કરવાનું કારણ
		પ્રાધ્યાપક	અધ્યાપક	ટ્યૂટર	ડેમોન્સ્ટ્રેટર

ઉત્તર ૫ : સદરહુ પ્રશ્નમાં માગેલી માહિતી કૉલેજો પાસેથી મળી છે તે પરિશિષ્ટ "ઍ" તરીકે સામેલ છે.

[૧૦] ડૉ. એમ. એન. દેસાઈએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, તેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (અ) અમદાવાદની કૉલેજોમાં આખું વર્ષ શિક્ષણ લીધું હોય અને પરીક્ષા માટે બહારનાં સેન્ટરોની વિદ્યાર્થીઓ પસંદગી કરતી વખતે યુનિવર્સિટીની મંજૂરી લે છે કેમ ?

ઉત્તર ૧ : (અ) ના, જી.

પ્રશ્ન ૧ : (બ) અમદાવાદમાં ભણ્યા હોય અને બહારના સેન્ટર પર પરીક્ષા આપી હોય એવા પ્રી-યુનિવર્સિટી, ફર્સ્ટ યર અને થર્ડ યર વિજ્ઞાનના વિદ્યાર્થીઓ અનુક્રમે કેટલા હશે ?

ઉત્તર ૧ : (બ) આવા વિદ્યાર્થીઓ માર્ચ–એપ્રિલ ૧૯૬૮ની પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની પરીક્ષામાં ૨૦૪, ફર્સ્ટ યર બી.એસસી. પરીક્ષામાં ૧૦૧ અને થર્ડ યર બી.એસસી.માં ૮૨ હતા.

પ્રશ્ન ૧ : (ક) આની સરખામણીમાં પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ અને થર્ડ બી.એ.ના વિદ્યાર્થીઓની સંખ્યા જણાવશો ?

ઉત્તર ૧ : (ક) માર્ચ–એપ્રિલ ૧૯૬૮ની પ્રી-યુનિવર્સિટી આર્ટ્સની પરીક્ષામાં ૬૭ અને થર્ડ બી.એ.ની પરીક્ષામાં ૫૭ વિદ્યાર્થીઓ હતા.

પ્રશ્ન ૨ : (અ) પરીક્ષકોની નિમણૂકો માટેની હાલની કાર્યપદ્ધતિમાં યુનિવર્સિટી કંઈ ફેરફાર કરવા માટે વિચારે છે ?

ઉત્તર ૨ : (અ) હા, જી.

ડૉ. એમ. એન. દેસાઈએ જણાવ્યું કે અમે જે 'પેનલ' નક્કી કરીએ તેમાં કશો હસ્તક્ષેપ ન કરો તો બધું બરાબર ચાલશે, એમ મારું માનવું છે.

કુલપતિશ્રીનો ઉત્તર : એ સભ્યની માન્યતાનું વિધાન છે. તેને પ્રશ્ન કહી શકાય નહિ.

પ્રશ્ન ૨ : (બ) જો યુનિવર્સિટી આ અંગે વિચારતી હોય તો આ બાબતમાં શું પગલાં ભરવામાં આવ્યાં છે ? અગર ભરવામાં આવશે ?

ઉત્તર ૨ : (બ) આ બાબત અંગેની માહિતી માટે પ્રો. વિનોદ અધ્વર્યુના પ્રશ્ન નં. ૫નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (ક) કોઈ પરીક્ષક કાર્ય માટેની અનિચ્છા દર્શાવે, ત્યારે તેની અવેજીમાં બીજાને કામ સોંપવાનું કોણ નક્કી કરે છે ? કુલપતિશ્રી કે સંબંધિત શાખાના ડીન ?

ઉત્તર ૨ : (ક) પ્રશ્નમાં જણાવેલા સંજોગોમાં જે તે વિદ્યાશાખાના અધ્યક્ષનાં સલાહસૂચનો મેળવીને કુલપતિશ્રીના આદેશથી પરીક્ષકોની નિમણૂક કરવામાં આવે છે.

પ્રશ્ન ૩ : (ક) આ વર્ષ દરમિયાન સંલગ્ન કૉલેજોમાંથી કેટલા શિક્ષકોને છૂટા કરવામાં આવ્યા છે તે કોઠાવાર માહિતી જણાવશો ?

ઉત્તર ૩ : (ક) જોડાયેલી કૉલેજોમાંથી છૂટા કરવામાં આવેલા શિક્ષકોનાં નામ અને અન્ય વિગતો દર્શાવતી માહિતી આ સાથે પરિશિષ્ટ "ઈ" તરીકે સામેલ છે.

પ્રશ્ન ૩ : (ખ) આ શિક્ષકોને છૂટા કેમ કરવામાં આવ્યા છે તેની માહિતી યુનિવર્સિટીએ મગાવી છે ?

ઉત્તર ૩ : (ખ) હા, જી.

૩. નીચે જણાવેલ કૉલેજોના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૯-૩૩ની પેટાકલમ (૨) તથા (૪) પ્રમાણે તે ઉપર શ્રી. કુલસચિવે લીધેલાં પગલાં બાબત મજકૂર ધારાની પેટાકલમ (૫) મુજબ શ્રી. કુલસચિવે કરેલ રિપોર્ટ (જાણ સારુ) :

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
૧.	આર્ટ્સ કૉલેજ, મહુધા	ફર્સ્ટ ઇયર બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, સમાજશાસ્ત્ર અને અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮-થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.
૨.	કૉમર્સ કૉલેજ, ડભોઈ	ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.
૩.	સર્વોદય કૉમર્સ કૉલેજ, માણસા	ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.
૪.	બ્રહ્મચારી વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.
૫.	સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	ફર્સ્ટ ઇયર બી.એ.માં ગુજરાતી, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, ઇતિહાસ તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.
૬.	જમાલપુર-રાયખડ સેવાસંઘ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	ફર્સ્ટ ઇયર બી.એ.માં ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ, ફારસી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.
૭.	વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર	ફર્સ્ટ ઇયર બી.એ.માં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.
૮.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદ	ફર્સ્ટ ઇયર બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.
૯.	વિવેકાનંદ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદ	ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
૧૦.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા	બી.એડ. પદવીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧-૬-૧૯૬૮થી તા. ૩૧-૫-૧૯૬૯ સુધીનું જોડાણ.
૧૧.	કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા	બી.એડ. પદવીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧-૬-૧૯૬૮થી તા. ૩૧-૫-૧૯૬૯ સુધીનું જોડાણ.
૧૨.	બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત	બી.એડ. પદવીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧-૬-૧૯૬૮થી તા. ૩૧-૫-૧૯૬૯ સુધીનું જોડાણ.
૧૩.	કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ	પ્રથમ વર્ષ બી.એસસી. નર્સિંગ (પોસ્ટ-બેઝિક)ના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.
૧૪.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સિ.)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી તથા બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં ગણિત અને ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
૧૫.	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને હિન્દી તથા બી.એ. (ગૌણ)માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ, સંસ્કૃત અને અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૧૬.	સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં હિન્દી અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા ફરર્ટ યર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.
૧૭.	પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અદાવાવાદ	ફરર્ટ યર બી.એસસી. સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને બી.એ. (સબો.)માં હિંદી, અંગ્રેજી, સંસ્કૃત અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સ.)માં તત્ત્વજ્ઞાન, સંસ્કૃત તથા બી.એ. (સબો.)માં ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ.

(નોંધ.—પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ એન્ડ પ્રભુદાસ ઠક્કર સાયન્સ કૉલેજનું જૂન ૧૯૬૮થી બેફીકરણ થતાં પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ અસ્તિત્વમાં આવી.)

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
૧૮.	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, ગુજરાતી, અર્થશાસ્ત્ર, અંગ્રેજી તથા બી.એ. (સભા.)માં આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઇતિહાસ અને રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
૧૯.	યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, અને ગુજરાતી તથા બી.એ. (સભા.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
૨૦.	ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, અને સમાજશાસ્ત્ર તથા બી.એ. (સભા.)માં રાજ્યનીતિશાસ્ત્ર, ઇતિહાસ, આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ તથા બી.એ. (સભા.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૨૧.	મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ	એફ.વાય.બી.એ.ના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર અને ગુજરાતી તથા બી.એ. (સભા.)માં મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૨૨.	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૨૩.	ગુજરાત કૉલેજ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા બી.એ. (સભા.)માં આંકડાપદ્ધતિ તથા બી.એસસી. (રૂપે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
૨૪.	શ્રી. રમણલાલ કેશવલાલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ	બી.એ. (સભા.)માં મનોવિજ્ઞાન તથા બી.એસસી. (રૂપે.)માં વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
૨૫.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	બી.એસસી. (રૂપે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
૨૬.	બી. ડી. કૉલેજ, અમદાવાદ	બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ.
૨૭.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, મનોવિજ્ઞાન અને ઇતિહાસ તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (સમો.)માં તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ
૨૮.	શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી. એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, અર્ધમાગધી, હિન્દી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન તથા બી.એ. (સમો.)માં ઇતિહાસ; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ.
૨૯.	શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર તથા બી.એ. (સમો.)માં મનોવિજ્ઞાન, હિન્દી, ઇતિહાસ તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, કીટાણુવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
૩૦.	ભવન્સ કૉલેજ, ડાકોર	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ગણિતશાસ્ત્ર, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, આંકડાપદ્ધતિ તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
૩૧.	શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર તથા બી.એ. (સંભા.)માં અંગ્રેજી, ઇતિહાસ, હિન્દી, તત્ત્વજ્ઞાન તથા બી.એસસી. (રસા.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
૩૨.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સંભા.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન તથા બી.એસસી. (રસા.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
૩૩.	શ્રી. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ શ્રી. કેશવલાલ ખુલાખીદાસ કૉમર્સ કૉલેજ, ખંભાત	બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
૩૪.	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન, અંગ્રેજી તથા બી.એ. (સંભા.)માં સંસ્કૃત, ઇતિહાસ, હિન્દી, રાજ્યનીતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
૩૫.	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
	(નોંધ.—અમદાવાદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૮થી વિભાગીકરણ થવાને કારણે ઉપર જણાવેલ ક્રમાંક ૩૪ અને ૩૫ પ્રમાણેની બે કૉલેજો અસ્તિત્વમાં આવી.)	
૩૬.	શ્રી. કે. કે. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ. (સંભા.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮ થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
૩૭.	શ્રીમતી હર્ષાબહેન છગનલાલ પટેલ (કંડારી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર તથા બી.એ. (સંભા.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
૩૮.	ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, અંગ્રેજી અને ગુજરાતી તથા બી.એ. (સબો.)માં હિન્દી અને સમાજશાસ્ત્ર તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા.૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
૩૯.	દેસાઈ સી. એલ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત અને આંકડાશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ.
૪૦.	પટેલ જે. બી. રૂદેલવાલા આર્ટ્સ એન્ડ પટેલ એ.એમ. રૂદેલવાલા કૉમર્સ કૉલેજ, બોરસદ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
૪૧.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ.
૪૨.	નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ.
૪૩.	મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિન્દી તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમ
૪૪.	પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	બી.એડ. ડિગ્રી તથા ડિપ.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ.
૪૫.	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ	બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ.
૪૬.	સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું તથા ફર્સ્ટ ઈયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ.
૪૭.	ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ	બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
૪૮.	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ	બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
૪૯.	બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ	બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ; તથા પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.
૫૦.	આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ	બી.કૉમ.માં એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તેમ જ બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
૫૧.	સરદાર વલ્લભભાઇ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તેમ જ બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ.
૫૨.	નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તેમ જ આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
૫૩.	નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ	દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ.
	(નોંધ.—નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૮થી વિભાગીકરણ થતાં ઉપર જણાવેલ ક્રમાંક ૫૨ અને ૫૩ પ્રમાણેની કૉલેજો અસ્તિત્વમાં આવે છે.)	
૫૪.	મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.
૫૫.	વિવેકાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	ફર્સ્ટ ઇયર બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિંદી તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.
૫૬.	કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ	બી.એડ. પદવીના તથા ડિપ.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.
૫૭.	શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિંદી; તથા બી.એ. (સબો.)માં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.
૫૮.	સર. પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો

(નોંધ.— સર પી. ટી. સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાનું જૂન ૧૯૬૮થી વિભાગીકરણ થવાથી, તથા શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ સાથે વાણિજ્યની વિદ્યાશાખા ઉમેરાતાં ઉપર ક્રમાંક ૫૭ અને ૫૮ પ્રમાણે કૉલેજો અસ્તિત્વમાં આવી.)

૫૯. વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના કપડવંજ — અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૪. સિન્ડિકેટે સુધારેલા તથા નવા ઘડેલા નીચેના ઑર્ડિનન્સો :

(અ) સુધારેલા ઑર્ડિનન્સો :

ઑર્ડિ. ૬૫-કે(બી), ઑર્ડિ. ૬૫-એમ—Note (*iii*) (*a*), ઑર્ડિ. ૬૯, ઑર્ડિ. ૭૦, ઑર્ડિ. ૭૧, ઑર્ડિ. ૭૫, ઑર્ડિ. ૭૮, ઑર્ડિ. ૮૪, ઑર્ડિ. ૮૮-એ, ઑર્ડિ. ૯૭, ઑર્ડિ. ૧૨૦-એ, ઑર્ડિ. ૧૨૦-બી, ઑર્ડિ. ૧૩૫-એ, ઑર્ડિ. ૧૩૯, ઑર્ડિ. ૨૫૩(૧), ઑર્ડિ. ૨૫૬, ઑર્ડિ. ૨૮૨(૪), ઑર્ડિ. ૨૯૫(૪), ઑર્ડિ. ૩૧૪, ઑર્ડિ. આર્ટ્સ-૧(એ), ઑર્ડિ. લૉ-૮, ઑર્ડિ. પી.એ.-૧, ઑર્ડિ. ફાર્મ.-૬, ઑર્ડિ. ફાર્મ.-૮, ઑર્ડિ. ફાર્મ.-૯, ઑર્ડિ. ફાર્મ.-૧૦, ઑર્ડિ. ફાર્મ.-૧૧, ઑર્ડિ. ફાર્મ.-૧૨, ઑર્ડિ. ફાર્મ.-૧૩, ઑર્ડિ. ફાર્મ.-૧૪ અને ઑર્ડિ. ફાર્મ.-૧૫.

સદરહુ ઑર્ડિનન્સો એક પછી એક વિચારણા માટે હાથ ધરવામાં આવ્યા અને તે મંજૂર કરવામાં આવ્યા.

(બ) નવા ઘડેલા ઑર્ડિનન્સો:

ઑર્ડિ. એક્સ. આર્ટ્સ-૧(એ), ઑર્ડિ. એમ.એસસી.-૨(એ), ઑર્ડિ. એસસી.-૬(એ), ઑર્ડિ. ફાર્મ.-૧૨(એ), ઑર્ડિ. ફાર્મ.-૧૫(એ), ઑર્ડિ. ફાર્મ.-૧૫(બી), ઑર્ડિ. ફાર્મ.-૧૫(સી), ઑર્ડિ. ૨૯૮(બી), અને ઑર્ડિ. નર્સિંગ-૧.

સદરહુ ઑર્ડિનન્સો એક પછી એક વિચારણા માટે હાથ ધરવામાં આવ્યા અને તે મંજૂર કરવામાં આવ્યા.

(સિન્ડિકેટે સુધારેલા તથા નવા ઘડેલા ઑર્ડિનન્સોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૫. આચાર્ય ડી. એમ. શીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી

"This meeting of the Senate recommends to amend Statute 30 as below :

Statute 30 will be read as below :

Statute 30 :

If there is no quorum at the commencement of the meeting, the Chairman shall, at the expiration of a quarter of an hour, take

notice whether there are 50 members present, and if there are not, the meeting shall forthwith be adjourned to such a date as the Chairman may appoint. Such adjournment shall be recorded by the Registrar under the signature of the Chairman. In the case of a meeting adjourned for want of a quorum, no quorum will be required."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ અંગે સિન્ડિકેટ હાલને તબક્કે કશો અભિપ્રાય વ્યક્ત કરવા ઇચ્છતી નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય ડી. એમ. શીખની ગેરહાજરીમાં આચાર્ય ઊર્મિલાબહેન પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય પ્રેમશંકર હ. ભટ્ટે ટેકો આપ્યો.

તે પર ચર્ચાવિચારણા પછી મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬. આચાર્ય ડી. એમ. શીખે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"This meeting of the Senate recommends to amend Statute 85 as below :

Statute 85 will be read as below :

Statute 85 :

The Syndicate may, in addition to the committees appointed under Ordinances, appoint any Boards or Committees to carry out administrative duties within the scope of its powers. Such Boards or Committees shall have definite period of tenure and specific terms of reference."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય ડી. એમ. શીખે રજૂ કર્યો, તેને આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પછી ચર્ચાવિચારણાને અંતે આચાર્ય ડી. એમ. શીખે સભાગૃહની સંમતિથી પોતાનો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો તેથી તે પરત્વે વિશેષ વિચારવાપણું રહ્યું નહિ.

૭. આચાર્ય કે. એન. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

Statute 97 (A):

May be revised as "In addition to the seven faculties specified in Section 23 of the Act, the University shall include the Faculty of Dental Surgery and the Faculty of Ayurvedic Medicine."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય કે. એન. શાહને બદલે આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને ડૉ. જે. બી. હરિભક્તિએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

St. 97 (A) be revised as "In addition to the seven faculties specified in Section 23 of the Act, the University shall include the Faculty of Dental Surgery, Faculty of Pharmacy and the Faculty of Ayurvedic Medicine."

ઉપરનો સુધારો શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીએ રજૂ કર્યો, તેને ડૉ. જે. બી. હરિભક્તિએ ટેકો આપ્યો.

સદરહુ સુધારા પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલવામાં આવે. તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પછી પ્રો. મણિશંકર પંડ્યાએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલી શકાય ખરી?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલવા અંગેનો પ્રસ્તાવ કાનૂનસર છે.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા પછી મત લેવામાં આવતાં રેફરન્સ બૅંકનો પ્રસ્તાવ વધુમતે ઊડી ગયો.

તે પછી પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ ગુપ્ત મતદાન(poll)ની માગણી કરી. તે પરથી કુલપતિશ્રીએ નીચે જણાવેલ સભ્યોને મતગણતરીદાર (scrutineers) તરીકે નીમ્યા :

(૧) આચાર્ય એમ. સી. દેસાઈ
(૨) આચાર્ય એસ. એમ. નગાનિયા.

ગુપ્ત મતદાનથી કરવામાં આવેલા મતદાનના મતોની ગણતરી કરતાં તેનું પરિણામ નીચે મુજબ આવ્યું :

તરફેણમાં ૩૮ મત,
વિરુદ્ધમાં ૭૧ મત, અને
૪ મત નિરર્થક (invalid).

આથી પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ રજૂ કરેલો રેફરન્સ બૅંકનો પ્રસ્તાવ વધુમતે ઊડી ગયો.

તે પછી શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીના સુધારા સાથે આચાર્ય સી. એલ. શાસ્ત્રીના મૂળ પ્રસ્તાવ ઉપર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

(નોંધ.—આ તબક્કે બાબત નં. ૨માં જણાવેલ ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.)

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૧૬-૧૦-૧૯૬૮ના રોજ બંધ કરવામાં આવ્યું અને સભા તા. ૧૭-૧૦-૧૯૬૮ના રોજ ફરીથી મળતાં યાદી પરનું આગળનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૮. આચાર્ય ડી. એમ. શીએ નીચેના પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" This meeting of the Senate recommends to amend Statute 99 as below :

Statute 99 will be read as below :

Statute 99 :

The subjects comprised in each of these faculties shall be as follows :

(1) Faculty of Arts including Education :

Humanities

(*a*) Modern Indian languages :

Gujarati
Marathi
Hindi
Urdu
Sindhi
Bengali

(*b*) Other Modern languages :

English
German
French

(*c*) Classical languages :

Sanskrit
Pali
Prakrit (Ardhamagadhi), Avesta and Pahlavi
Persian and Arabic

(*d*) History
Archaeology
Epigraphy and Numismatics
Logic and Philosophy
Mathematics
Statistics
Education
Fine Arts
Indian Culture (Ancient, Mediaeval and Modern) and Eastern Culture

Town Planning and Architecture
Physical Education
Journalism
Library Science
Linguistics.

Social Sciences

(*e*) Politics
Economics
Sociology
Civics
Psychology
Anthropology
Geography
Home Science
Labour Welfare
Co-operation

(*f*) *General Education*

(2) Faculty of Science :

(*a*) Mathematics
Statics
Geography
Physics
Chemistry
Botany
Zoology
Microbiology
Geology

(*b*) General Education

(3) Fuculty of Technology including Engineering :
Engineering Technology
Civil Engineering
Mechanical Engineering
Electrical Engineering
Sanitary Engineering
Tele-communications
Chemical Engineering

Automobile Engineering
Aeronautical Engineering
Textile Engineering
Town Planning and Architecture
Mathematics
Geology

(4) Faculty of Agriculture :
Agriculture including Veterinary Science
Forestry

(5) Faculty of Law :
Law and Jurisprudence

(6) Faculty of Medicine :
Medicine including Indigenous Systems
Surgery including Ophthalmology
Midwifery and Gynaecology
Medical Jurisprudence
Pharmacy
Dental Surgery
Nursing

(7) Faculty of Commerce :
(*a*) Economics
Politics
Statistics
Commerce
Geography
Accounting including Costing and Actuarial Science
Co-operation
Mathematics
Labour Welfare
Banking
Transport
Economics of Transport
Business Management
(*b*) General Education

(8) Faculty of Ayurvedic Medicine :
Ayurvedic Medicine."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય દર્શનસિંગ શીખે રજૂ કર્યો, તેને આચાર્ય ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય જે. બી. સાવ્હિડલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે આગળ બાબત નં. ૭માં 'Dental Surgery' અને 'Pharmacy'ની વિદ્યાશાખાઓ ઉમેરવાની બાબતમાં આ સભાગૃહે સંમતિ આપી છે તે જોતાં આ પ્રસ્તાવ કાનૂનસર ગણાય ખરો ?

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ સભાગૃહની સંમતિથી આચાર્ય જે. બી. સાવ્હિડલે પોતાનો કાનૂની મુદ્દો પાછો ખેંચી લીધો.

સદરહુ પ્રસ્તાવ પર શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

રૂટે. ૬૬ (૬) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

'(6) Faculty of Medicine :

Medicine including Indigenous Systems
Surgery including Ophthalmology
Midwifery and Gynaecology
Medical Jurisprudence
Nursing'.

અને ૬૬ (૮) પછી ૬૬ (૯) અને (૧૦) નીચે પ્રમાણે ઉમેરવા :

'(9) Faculty of Dental Surgery :

Dental Surgery

(10) Faculty of Pharmacy :

Pharmacy.'

ઉપરનો સુધારો શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાવ્હિડલે ટેકો આપ્યો.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી 'Faculty of Science' એ મથાળા હેઠળ 'Statics' શબ્દને બદલે 'Statistics' શબ્દ મૂકવો અને 'Faculty of Commerce'ના મથાળા હેઠળ 'Economics of Transport' એ શબ્દને બદલે 'Economics of Cotton' એ શબ્દો મૂકવા અંગેના સુધારા શાબ્દિક સુધારા તરીકે સ્વીકારવામાં આવ્યા.

તે પછી આચાર્ય બી. એમ. પીરઝાદાએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે આચાર્ય દર્શનસિંગ શીખે રજૂ કરેલા સદરહુ પ્રસ્તાવની બાબતમાં વાણિજ્ય વિદ્યાશાખાનો અભિપ્રાય પૂછવામાં આવ્યો નથી તે જોતાં સદરહુ પ્રસ્તાવ કાનૂનસર ગણી શકાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર નથી.

૯. આચાર્ય ડી. એમ. શીખે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"This meeting of the Senate recommends to amend St. 104 as below :

Statute 104 will be read as below :

Statute 104 :

No less than one-third of the number of members, or three members, whichever is greater, of any Faculty shall constitute a quorum for a meeting of the Faculty."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય દર્શનસિંગ શીખે રજૂ કર્યો, તેને આચાર્ય ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવ અંગે સંબંધકર્તા વિદ્યાશાખાનો અભિપ્રાય પૂછવામાં આવ્યો નથી તે જોતાં તે પ્રસ્તાવ કાનૂનસર ગણી શકાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર નથી.

૧૦. કેમિકલ એન્જિનિયરિંગના વિષયની અભ્યાસસમિતિ રચવા માટેની જોગવાઈ કરવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણને અનુલક્ષીને ઘડેલ નીચેનો સ્ટે. ૧૦૮ સુધારવા બાબત :

Statute 108 :

"The following Boards of Studies may be constituted under the provisions of Section 25 (1) :

Faculty of Arts including Education :

(1) Gujarati
(2) Marathi
(3) Hindi
(4) Sindhi
(5) Bengali
(6) English
(7) Modern European Languages (German and French)
(8) Sanskrit
(9) Prakrit and Pali
(10) Persian, Arabic and Urdu
(11) Avesta and Pahlavi

(12) History, Archaeology, Epigraphy and Numismatics
(13) Political Science
(14) Sociology and Anthropology
(15) Logic, Philosophy and Political Philosophy
(16) Psychology
(17) Education
(18) Indian Culture (Ancient, Mediaeval and Modern) and Eastern Culture
(19) Home Science
(20) Physical Education
(21) Journalism
(22) Fine Arts
(23) Library Science
(24) Linguistics

Faculties of Arts and Commerce :

(25) Labour Welfare
(26) Economics
(27) Co-operation

Faculties of Arts, Science and Commerce :

(28) Geography
(29) Statistics
(30) General Education

Faculties of Arts including Education and Technology including Engineering :

(31) Town Planning and Architecture

Faculties of Arts including Education, Science, Commerce and Technology including Engineering :

(32) Mathematics

Faculty of Science :

(33) Physics
(34) Chemistry
(35) Botany
(36) Zoology
(37) Microbiology

Faculties of Science and Technology including Engineering :

(38) Geology

Faculty of Commerce :

(39) Commerce

(40) Accounting including Costing

(41) Actuarial Science and Statistics

Faculty of Law :

(42) Jurisprudence, International Law (Private and Public), Constitutional Law

(43) Crime, Law of Obligation (i.e. Torts, Contracts and Labour Laws), Procedural Laws

(44) Law of Property and Personal Laws, Taxation Laws

Faculty of Technology including Engineering :

(45) Civil Engineering

(46) Mechanical Engineering

(47) Electrical Engineering

(48) *Chemical Engineering*

Faculty of Medicine including Pharmacy :

(49) Pre-clinical subjects—comprising Anatomy, Physiology, Pharmacology and Pathology

(50) Medicine, comprising Medicine, Preventive Medicine and Forensic Medicine, Surgery, comprising Surgery, Ophthamology, Midwifery and Gynaecology

(51) Pharmacy, comprising Pharmaceutical Technology, Pharmaceutical Microbiology and Biochemical Engineering, Pharmaceutical Chemistry, Pharmacognosy, Physiology, Pharmacology, Bioassays, Pharmacy Management and Drug Marketing.

(52) Dental Surgery

(53) Nursing

Faculty of Ayurvedic Medicine :

(54) Ayurvedic Medicine

Faculty of Agriculture :

(55) Agriculture."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રો. કે. જે. ભટ્ટે નોટિસ આપી હતી :

"ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ અનુસાર કેમિકલ એન્જિનિયરિંગના વિષયની અભ્યાસસમિતિ રચવાની જોગવાઈ કરવા તથા તેને અનુલક્ષીને સ્ટે. ૧૦૮ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ પ્રો. કે. જે. ભટ્ટના બદલે ડૉ. ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને આચાર્ય ય. પ્રા. શુકલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૧. આચાર્ય આઈ. જે. ધ્રુવે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :
"સેનેટની આ સભા ઠરાવે છે કે હાલના સ્ટેચ્યૂટ ૧૧૮માં કલમ ૭ પછી નીચે પ્રમાણે ઉમેરવું :

(8) One Professor-in-charge from each post-graduate zone to be nominated by the Vice-Chancellor, in rotation from different post-graduate centres for a period of three years."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જને બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ પર પ્રતિનિધિત્વ આપવાના સિદ્ધાંત સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય આઈ. જે. ધ્રુવે રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પછી શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ પ્રસ્તાવ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવે. તેને આચાર્ય ય. પ્રા. શુકલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે વધુમતે ઊડી ગયો.

તે પછી આચાર્ય આઈ. જે. ધ્રુવે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે વધુમતે પસાર કરવામાં આવ્યો.

૧૨. શ્રી. આર. બી. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"This meeting of the Senate recommends to amend Statute 173 as below :

Statute 173 will be read as below :

St. 173 :

(1) (*a*) For admission to the Pre-Uni. class in the Faculty of Arts and the First Year in the Diploma classes in Fine Arts, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State or an examination equivalent thereto in at least seven subjects.

Provided that a candidate who has not offered Algebra-Geometry at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at the Pre-Uni. Arts Examination.

(*b*) For admission to the Pre-Uni. class in the Faculty of Commerce, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State or an examination considered equivalent thereto in at least seven subjects of which English (at higher or lower level) shall be one.

(2) For admission to the Pre-University Science class, and the First Year Diploma in Pharmacy, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which (*i*) English (at higher or lower level), (*ii*) Algebra-Geometry, and (*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with (*i*) English (at higher or lower level), (*ii*) Algebra-Geometry and (*iii*) Physics-Chemistry or General Science—as his subjects.

(3) For admission to Pre-Uni. Sc. (Agri.) classes, a candidate must have passed—

a) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which (*i*) English (at higher or lower level), (*ii*) Elementary Mathematics or Algebra-Geometry, and (*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

or

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with (*i*) English (at higher or lower level), (*ii*) Elementary Mathematics or Algebra-Geometry, and (*iii*) Physics-Chemistry or General Science—as his subjects."

સિન્ડિકેટનો અભિપ્રાય

"સદરહુ પ્રસ્તાવની તરફેણમાં અને વિરુદ્ધમાં સિન્ડિકેટની સભામાં સરખે સરખા મત પડ્યા છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. આર. બી. શાહે રજૂ કર્યો, તેને પ્રો. મણિશંકર પંડ્યાએ ટેકો આપ્યો.

તે પછી શ્રી. બટુભાઈ હ. દેસાઈએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૮(૨) જોતાં સદરહુ પ્રસ્તાવ કાનૂનસર છે ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર છે.

તે પછી આચાર્ય ય. પ્રા. શુકલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવમાં કોને ભલામણ કરવામાં આવે છે તે બાબતમાં તે અસ્પષ્ટ છે તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ લાગતાંવળગતાં સત્તામંડળોને ભલામણ રૂપે છે એમ અભિપ્રેત ગણવામાં કશી હરકત નથી અને તેથી સદરહુ પ્રસ્તાવ કાનૂનસર છે.

તે પર શ્રી. સી. સી. મહેતાએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની તા. ૧૬/૧૭–૧૦–૧૯૬૮ની સભાની બાબત ૧૨થી રજૂ. ૧૭૩ સુધારવા અંગે શ્રી. આર. બી. શાહનો જે પ્રસ્તાવ છે તેમાં નીચેનો સુધારા હું સૂચવું છું અને તે સુધારાને અનુલક્ષીને રજૂ. ૧૭૩ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

(૧) રજૂ. ૧૭૩ (૧) (એ)ની પ્રથમ લીટીમાં "Faculty of Arts" એ શબ્દો પછી "Faculty of Commerce" એ મુજબના શબ્દો ઉમેરવા.

(૨) રજૂ. ૧૭૩ (૧) (એ)ના પ્રથમ પેરાને અંતે "at least seven subjects" એવા શબ્દો છે તે પછી નીચેની લીટી ઉમેરવી :

"Out of which English shall be one of the subjects and has obtained at least 25 per cent of marks in English."

(૩) સૂચિત રજૂ. ૧૭૩ (1)(*a*) હેઠળ આપવામાં આવેલો (*b*)વાળો ભાગ રદ કરવો.

સુધારેલો રજૂ. ૧૭૩ નીચે મુજબ વંચાશે :

St. 173 :

"(1)(*a*) For admission to the Pre-Uni. class in the Faculty of Arts, Faculty of Commerce and the First Year in the Diploma Classes in Fine Arts, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State or an examination equivalent thereto in at least seven subjects out of which "English shall be one of the subjects and has obtained at least 25 per cent of marks in English." Provided that a candidate who has not offered Algebra–Geometry at the S.S C. Examination shall not be permitted to offer Mathematics at the Pre-Uni. Arts Examination.

(2) For admission to the Pre-University Science Class, and the First Year Diploma in Pharmacy, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which (*i*) English (at higher or lower level), (*ii*) Algebra-Geometry, and (*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with (*i*) English (at higher or lower level), (*ii*) Algebra-Geometry and (*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(3) For admission to Pre-University Science (Agri.) classes, a candidate must have passed —

(*a*) Either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which (*i*) English (at higher or lower level), (*ii*) Elementary Mathematics or Algebra-Geometry, and (*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

or

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with (*i*) English (at higher or lower level, (*ii*) Elementary Mathematics or Algebra-Geometry, and (*iii*) Physics-Chemistry or General Science as his subjects."

ઉપરનો સુધારો શ્રી. સી. સી. મહેતાએ રજૂ કર્યો, તેને પ્રો. મણિશંકર પંડ્યાએ ટેકો આપ્યો.

તે પછી શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારામાં અંગ્રેજીના વિષય માટે ૨૫% ગુણ પર્યાપ્ત ગણવામાં આવ્યા છે તે બાબત, એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટેની કાનૂની આવશ્યકતાના સંદર્ભમાં, કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂનસર નથી.

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે કોઈ પ્રસ્તાવ કે સુધારાને ટેકો મળે તે પહેલાં કોઈ સભ્ય સભાગૃહને સંબોધી શકે કે કાનૂની મુદ્દો ઉઠાવી શકે ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે રૂટે. ૬૬ હેઠળ કોઈ પણ સભ્ય સેનેટની સભામાં ચર્ચા દરમ્યાન ગમે ત્યારે કાનૂની મુદ્દો ઉઠાવી શકે છે.

પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

સમગ્ર પ્રસ્તાવને અંતે ઉમેરવું :

આ પ્રમાણે સુધારાયેલો સ્ટેચ્યૂટ ૧૭૩ જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવો.

ઉપરનો સુધારો પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ રજૂ કર્યો.

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારામાં તેના અમલ અંગે જે વર્ષ જણાવ્યું છે તે જોતાં તેની શુદ્ધબુદ્ધિ અંગે શંકા ઊઠે છે, અને તેથી તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સુધારો મૂકનાર સભ્યની શુદ્ધબુદ્ધિ અંગે શંકા ઉઠાવવી યોગ્ય નથી અને તેથી સદરહુ સુધારો કાનૂન બહાર ઠરી શકતો નથી.

તે પછી પ્રો. મણિશંકર પંડ્યાએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારો મૂળ પ્રસ્તાવને નિર્મૂળ (negate) કરતો હોઈ તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો મૂળ પ્રસ્તાવને નિર્મૂળ કરે છે એમ કહી શકાય નહિ અને તેથી તે કાનૂનસર છે.

તે પછી આચાર્ય જે. સી. ત્રિવેદીએ સદરહુ સુધારાને ટેકો આપ્યો.

તે પછી આચાર્ય ય. પ્રા. શુકલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારામાં આજથી ૩૦ વર્ષ પછીની સેનેટ માટે બંધન લાદવાનો પ્રયત્ન થયો છે તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારાને તે કારણે કાનૂનબહાર ઠરાવી શકાય તેમ નથી.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા પછી સભાગૃહની સંમતિથી પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ પોતાનો ઉપરનો સુધારો પાછો ખેંચી લીધો. તે પછી ચર્ચા આગળ ચાલી.

તે પછી શ્રી. એચ. વી. વસાએ ચર્ચાબંધીનો પ્રસ્તાવ રજૂ કર્યો. તે અંગે કુલપતિશ્રીએ એમ જણાવ્યું કે આવી અગત્યની બાબતમાં સભ્યોના બોલવાના અધિકાર પર ગેરવાજબી નિયંત્રણ મૂકવું યોગ્ય થશે નહિ.

તે પછી ચર્ચા વધુ આગળ ચાલી.

તે પછી કેટલીક વાર પછી પ્રો. મણિશંકર પંડ્યાએ ચર્ચાબંધીનો પ્રસ્તાવ રજૂ કર્યો, પરંતુ તે કુલપતિશ્રીએ સ્વીકાર્યો નહિ.

તે પછી પૂરતી ચર્ચાવિચારણા થયા પછી શ્રી. આર. બી. શાહે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે ૪૩ વિરુદ્ધ ૪૪ મતે ઊડી ગયેલો જાહેર કરવામાં આવ્યો.

તે પછી પ્રો. મણિશંકર પંડ્યાએ ગુપ્ત મતદાન(poll)ની માગણી કરી. તે પરથી કુલપતિશ્રીએ નીચે જણાવેલા સભ્યોને ચકાસણીદાર (scrutineers) તરીકે નીમ્યા :

(૧) શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રી

(૨) શ્રી. બિહારીલાલ પો. શાહ

ગુપ્ત મતદાનથી કરવામાં આવેલા મતદાનના મતોની ગણતરી કરતાં તેનું પરિણામ નીચે મુજબ આવ્યું :

તરફેણમાં ૪૮ મત,
વિરુદ્ધમાં ૫૧ મત, અને
૧ મત નિરર્થક (invalid).

આથી શ્રી. આર. બી. શાહે રજૂ કરેલો મૂળ પ્રસ્તાવ વધુમતે ઊડી ગયો.

તે પછી શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સેનેટની આ સભા તા. ૧૮મી જાન્યુઆરી ૧૯૬૯ના રોજ પર મુલતવી રાખવામાં આવે. તેને પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ ટેકો આપ્યો.

સભામોકૂફીના આ પ્રસ્તાવ પર શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ સુધારો રજૂ કર્યો કે સેનેટની આ સભા તા. ૧૮મી જાન્યુઆરી ૧૯૬૯ને બદલે તા. ૨૫મી નવેંબર ૧૯૬૮ પર મુલતવી રાખવામાં આવે. તેને આચાર્ય દર્શનસિંગ શીખે ટેકો આપ્યો.

શ્રી. મગનભાઈ દેસાઈના સદરહુ સુધારા પર મત લેવામાં આવતાં તે ૧૯ વિરુદ્ધ ૩૦ મતે ઊડી ગયો.

તે પછી શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીના સભામોકૂફીના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સભા તા. ૧૮મી જાન્યુઆરી ૧૯૬૯ પર મોકૂફ રાખવામાં આવી.

ઉપર ઠરાવ્યા મુજબ મોકૂફ રાખવામાં આવેલી સેનેટની સભા, શનિવાર, તા. ૧૮-૧-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટીના સેનેટ-ખંડમાં મળી હતી અને રવિવાર, તા. ૧૯-૧-૧૯૬૯ના રોજ પણ તે જ સમયે અને સ્થળે ચાલુ રહી હતી.

તા. ૧૮-૧-૧૯૬૯ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે સભા મળતાં સૌપ્રથમ નીચેના ચાર શોકદર્શક ઠરાવો પ્રમુખસ્થાનેથી રજૂ કરવામાં આવ્યા :

(૧) "ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા જાણીતા સામાજિક કાર્યકર અને બહુશ્રુત લેખક ડૉ. સુમન્ત મહેતાના અવસાનની નોંધ લેતાં ઊંડો ખેદ અનુભવે છે, અને શિક્ષણ, સંરકાર અને સમાજસેવાના ક્ષેત્રોમાં સદ્‌ગતે કરેલી સેવાઓને કૃતજ્ઞભાવે અંજલિ આપે છે.

આ ઠરાવ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે."

(૨) "ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા જાણીતા સાહિત્યકાર, પ્રખર વિદ્વાન અને સમર્થ વિવેચક શ્રી. વિશ્વનાથ ભ. ભટ્ટના અવસાનની નોંધ લેતાં ઊંડો ખેદ અનુભવે છે, અને ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે અંજલિ આપે છે.

આ ઠરાવ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે."

(૩) "ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા જાણીતા વાર્તાલેખક, નવલકથાકાર, નિબંધલેખક અને વિવેચક શ્રી. ચૂનીલાલ મડિયાના અકાળ અવસાનની નોંધ લેતાં ઊંડો ખેદ અનુભવે છે, અને ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે અંજલિ આપે છે.

આ ઠરાવ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે."

(૪) "ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય અને વિદ્વાન લેખક શ્રી. પોપટલાલ ગોવિંદલાલ શાહના અવસાનની નોંધ લેતાં ઊંડો ખેદ અનુભવે છે અને શિક્ષણ, સંશોધન અને સાહિત્યના ક્ષેત્રમાં સદ્ગતે બજાવેલી સવાઓને કૃતજ્ઞભાવે અંજલિ આપે છે.

આ ઠરાવ સદ્ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે."

ઉપરના ચારે ચાર ઠરાવો સભાગૃહે ઊભા થઈને અને બે મિનિટ મૌન પાળીને પસાર કર્યા.

તે પછી કામકાજની યાદી પરની આગળની બાબતો વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૩. શ્રી. એસ. કે. ઝવેરીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી એક્ટની કલમ ૫૩ અન્વયે નીચે જણાવ્યા પ્રમાણેનો રૂ. ૧૯૩–બી મંજૂર કરવામાં આવે :

St. 193–B :

The employees of the University, both teaching and non-teaching, shall be insured with benefit maturing at the age of retirement, i.e., 60 years, by the University at its own cost as under :

	Rs.
1. Employees drawing basic pay of Rs. 200 or less..	3,000
2. Employees drawing basic pay from Rs. 201 to 400..	3,500
3. Employees drawing basic pay from Rs. 401 to 800..	4,000
4. Employees drawing basic pay from Rs. 801 and onwards..	4,500

5. The policy shall be endowment policies.

On any employee's ceasing to be in employment of the University the University shall cease to pay any further premium in respect of his policy, but the employee shall have an option to continue the policy as his own endowment policy.

Provided further that on an employee crossing the ceiling of any of the aforementioned slabs of pay, he will be insured for an additional amount so as to make up the total amount of his insurance policy, provided for the higher slab of pay."

સિન્ડિકેટનો અભિપ્રાય

"યુનિવર્સિટીના કર્મચારીઓને વીમાનો લાભ આપવાની બાબતમાં સિન્ડિકેટ સૈદ્ધાંતિક રીતે સંમત છે, પરંતુ સદરહુ પ્રસ્તાવ મુજબની આર્થિક જવાબદારી લેવાનું બની શકે તેમ નથી, અને

તેથી ફક્ત મૂળ માસિક રૂા. ૨૦૦/- સુધીનો પગાર મેળવતા કર્મચારીઓને વીમાનો લાભ આપવાની તરફેણમાં સિન્ડિકેટ છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. એસ. કે. ઝવેરીએ રજૂ કર્યો, તેને આચાર્ય એસ. આર. ભટ્ટે ટેકો આપ્યો.

તે પર ડૉ. દેવેન્દ્રભાઈ એચ. સુતરિયાએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"Substitute the following in place of items 1 to 5 in the St. 193-B proposed at item No. 13 by Shri S. K. Zaveri :

'Employees drawing basic pay as in October 1968 up to Rs. 300/-.....Rs. 3,000/- and the proviso be deleted.'"

ઉપરનો સુધારો ડૉ. દેવેન્દ્રભાઈ સુતરિયાએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પછી શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે ગુજરાત યુનિવર્સિટી ધારાને અન્વયે આર્થિક સત્તા સિન્ડિકેટની છે અને સદરહુ સુધારા અંગે સિન્ડિકેટની અનુમતિ મેળવવામાં આવી નથી તે જોતાં તે કાનૂનસર ગણી શકાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂન બહાર ગણી શકાય નહિ.

તે પછી સદરહુ સુધારા પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી. સત્યેન્દ્રભાઈ કે. ઝવેરીએ રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કરવા માટે પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ નોટિસ આપી હતી :

"Substitute the following in place of items 1 to 5 in the St. 193-B proposed at item No. 13 by Shri S. K. Zaveri :

'Employess drawing basic pay as in October 1968 up to Rs. 200/-.....Rs. 3,000/- and the proviso be deleted.'"

સભાગૃહની સંમતિથી સદરહુ સુધારો પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ પાછો ખેંચી લીધો.

તે પછી ડૉ. જે. બી. હરિભક્તિએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલવામાં આવે, તેને આચાર્ય હરિહરભાઈ શુક્લે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૪. આચાર્ય કે. એન. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"**St. 203** at present may be replaced by Professor, if any, of any subject shall be the head of department. If there are two or more Professors in a subject the Senior Professor shall be the head of department."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય કે. એન. શાહને બદલે આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને શ્રી. પંકજભાઈ શેઠે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર ડૉ. સી. આર. નાયકે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

બાબત નં. ૧૪માં સુધારો :

"આચાર્ય કે. એન. શાહે સ્ટે. ૨૦૩માં સુધારો સૂચવેલ છે તે નીચે મુજબ વંચાય એમ સેનેટની આ સભા ઠરાવે છે :

'**St. 203** at present may be replaced by Professor, if any, of any subject shall be the head of department. If there are two or more Professors in a subject the senior Professor shall be the head of department. If there is no Professor in any subject, the Senior-most Reader in the subject shall be the head of the department.'"

ઉપરનો સુધારો ડૉ. સી. આર. નાયકે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવની બાબતમાં એકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય પૂછવામાં આવ્યો નથી, તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે ડૉ. સી. આર. નાયકનો પ્રસ્તાવ કાનૂનસર ગણી શકાય નહિ.

૧૫. ડૉ. ડી. એચ. સુતરિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"સેનેટની આ સભા લાગતીવળગતી સંસ્થાને વિનંતી કરે છે કે ગુજરાત યુનિવર્સિટી એક્ટની કલમ ૧૬(૧) (એ) (*iii*) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારો કરે :

'16 (1) (A) (*iii*) : Last Ex-Vice-Chancellor of the University residing in the State.'"

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ પ્રસ્તાવ ડૉ. દેવેન્દ્રભાઈ એચ. સુતરિયાએ રજૂ કર્યો, તેને શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ ટેકો આપ્યો.

તે પછી થોડીક ચર્ચાને અંતે ડૉ. દેવેન્દ્રભાઈ સુતરિયાએ સભાગૃહની સંમતિથી સદરહુ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો. તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહિ.

૧૬. ડૉ. સી. આર. નાયકે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ઠરાવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવે :

Section 25 :

(1) There shall be a Board of studies for every subject or group of subjects as may be prescribed by the Statutes.

(2) Each Board shall consist of the following members :

I. Ex-officio Members

(*i*) Such members of the Faculty under which the Board is constituted as may be assigned to by the Syndicate after ascertaining the wishes of the members concerned.

(*a*) No member of the Faculty shall be assigned to more than two Boards under the Faculty, and

(*b*) No assignment of a member so made shall be changed during the term of his office except when any of the Boards are reconstituted, in which case he shall have the option to choose one of the Boards so re-constituted and be assigned to accordingly.

(*ii*) Such teachers in the University departments as hold the post of a Professor in the subject or the senior-most Reader in the subject, if no Professor is appointed in that subject.

II. Co-opted Members

(1) Three persons to be co-opted by the Board from amongst recognised post-graduate teachers of the subject or group of subjects for which the Board is constituted.

(2) Provided that in the event of there being no recognised post-graduate teacher in the University area it shall be competent for the Board to co-opt such teacher or teachers in the affiliated colleges as hold the status of at least Professor of any subject for which the Board is constituted.

3) The Chairman shall be elected by the members of the Board from amongst themselves.

(4) The term of office of all members shall be co-terminus with the term of office of the elected members on the Senate.

(5) The other powers and duties of the Boards of Studies shall be as prescribed by the Statute."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ ડૉ. સી. આર. નાયકે રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પછી શ્રી. મગનભાઇ દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલવામાં આવે, તેને આચાર્ય દર્શનસિંગ શીખે ટેકો આપ્યો.

રેફરન્સ બૅકના સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે વધુમતે ઊડી ગયો.

તે પછી ડૉ. સી. આર. નાયકે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે ૪૭ વિરુદ્ધ ૫ મતે મંજૂર કરવામાં આવ્યો.

૧૭. શ્રી. આઈ. એ. મોદીએ નીચેના પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"This meeting of the Senate requests the Government of Gujarat to amend the Section 33 suitably so as to accept the decision of the Senate as a final one in the matter of affiliation."

સિન્ડિકેટનો અભિપ્રાય

"સદરહુ બાબત અંગે સિન્ડિકેટ આ તબક્કે કશો અભિપ્રાય વ્યક્ત કરવા ઇચ્છતી નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીએ રજૂ કર્યો, તેને પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ ટેકો આપ્યો.

તે પર લાંબાણ ચર્ચાવિચારણા પછી મત લેવામાં આવતાં તે ૨૭ વિરુદ્ધ ૩૪ મતે ઊડી ગયો.

તે પછી શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીએ ગુપ્ત મતદાન(poll)ની માગણી કરી. તે પરથી કુલપતિશ્રીએ નીચે જણાવેલા સભ્યોને ચકાસણીદાર (scrutineers) તરીકે નીમ્યા :

(૧) આચાર્ય એસ. આર. ભટ્ટ
(૨) આચાર્ય ગિરીશભાઈ પટેલ
(૩) આચાર્ય એન. એસ. પંડ્યા
(૪) આચાર્ય એમ. સી. દેસાઈ.

ગુપ્ત મતદાનથી કરવામાં આવેલા મતદાનના મતોની ગણતરી કરતાં તેનું પરિણામ નીચે મુજબ આવ્યું :

તરફેણમાં ૩૨ મત,
વિરુદ્ધમાં ૪૧ મત, અને
૧ મત નિરર્થક (invalid).

આથી શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીએ રજૂ કરેલો મૂળ પ્રસ્તાવ વધુમતે ઊડી ગયો.

તે પછી સભાગૃહનું કામકાજ શનિવાર, તા. ૧૮–૧–૧૯૬૯ના રોજ બંધ કરવામાં આવ્યું અને રવિવાર, તા. ૧૯–૧–૧૯૬૯ના રોજ સભા મળતાં યાદી પરનાં આગળનાં કામોની વિચારણા હાથ ધરવામાં આવી.

૧૮. શિક્ષણની અલગ વિદ્યાશાખા સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬–૮–૧૯૬૭ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણની અલગ વિદ્યાશાખા સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧૪/૧૫–૧૦–૧૯૬૭ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણની અલગ વિદ્યાશાખા સ્થાપવા માટે જરૂરી કાર્યવાહી કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. પ્રા. શુક્લે નોટિસ આપી હતી :

"શિક્ષણની અલગ વિદ્યાશાખા સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે તથા તે અંગે ગુજરાત યુનિવર્સિટી ધારામાં જરૂર મુજબ ફેરફાર કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય ય. પ્રા. શુક્લને બદલે આચાર્ય કે. જી. દેસાઈ એ રજૂ કર્યો, તેને પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૯. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ સ્ટેટિસ્ટિકસની જગ્યા ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧–૭–૧૯૬૭ની સભાની ભલામણ

"વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ સ્ટેટિસ્ટિકસની એક જગ્યા ઊભી કરવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૫/૬–૮–૧૯૬૭ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ પ્રોફેસર ઑફ સ્ટેટિસ્ટિકસની એક જગ્યા ઊભી કરવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની રો. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"પ્રોફેસર ઑફ સ્ટેટિસ્ટિકસની એક જગ્યા ઊભી કરવા માટેની એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ રો. એ. એમ ત્રિવેદીને બદલે પ્રો. જે. જે. ચિનોયે રજૂ કર્યો, તેને પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૦. યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાં નીચે મુજબના શિક્ષકોની વધારાની જગ્યાઓ મંજૂર કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની નીચેની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮–૬–૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં નીચેની વધારાની જગ્યાઓ ઊભી કરવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(અ) ભાષા-સાહિત્ય ભવન

૧. રીડર ઇન ઇંગ્લિશ	... એક જગ્યા
૨. લેક્ચરર ઇન ઇંગ્લિશ	... એક જગ્યા

૩. રીડર ઇન હિન્દી ... એક જગ્યા
૪. લેક્ચરર ઇન હિન્દી ... એક જગ્યા
૫. લેક્ચરર ઇન ગુજરાતી ... એક જગ્યા
૬. રીડર ઇન સંસ્કૃત ... એક જગ્યા
૭. લેક્ચરર ઇન સંસ્કૃત ... એક જગ્યા
૮. લેક્ચરર ઇન મોડર્ન યુરોપિયન લેંગ્વેજ ... બે જગ્યા
૯. રીડર ઇન ગુજરાતી ... એક જગ્યા
૧૦. લેક્ચરર ઇન પ્રાકૃત ... એક જગ્યા

(બ) સમાજવિદ્યા ભવન

૧. લેક્ચરર ઇન સોશિયોલોજી ... બે જગ્યા
૨. રીડર ઇન પોલિટિકલ સાયન્સ ... બે જગ્યા
૩. લેક્ચરર ઇન પોલિટિકલ સાયન્સ ... બે જગ્યા
૪. પ્રોફેસર ઑફ લેબર વેલ્ફેર ... એક જગ્યા
૫. લેક્ચરર ઇન લેબર વેલ્ફેર ... એક જગ્યા
૬. પ્રોફેસર ઑફ હિસ્ટરી ... એક જગ્યા
૭. લેક્ચરર ઇન હિસ્ટરી ... એક જગ્યા

(ક) મનોવિજ્ઞાન વિદ્યાભવન

૧. રીડર ઇન સાયકોલોજી ... એક જગ્યા
૨. પ્રોફેસર ઑફ ફિલોસોફી ... એક જગ્યા
૩. લેક્ચરર ઇન ફિલોસોફી ... બે જગ્યા
૪. પ્રોફેસર ઑફ એજ્યુકેશન ... એક જગ્યા
૫. લેક્ચરર ઇન એજ્યુકેશન ... એક જગ્યા

(ડ) વિજ્ઞાન વિદ્યાભવન

૧. રીડર ઇન કેમિસ્ટ્રી (પેટ્રોલિયમ કેમિકલ્સ) ... એક જગ્યા
૨. રીડર ઇન કેમિસ્ટ્રી (ફિઝિકલ) ... એક જગ્યા
૩. લેક્ચરર ઇન કેમિસ્ટ્રી ... ત્રણ જગ્યા
૪. રીડર ઇન ફિઝિક્સ ... એક જગ્યા
૫. લેક્ચરર ઇન ફિઝિક્સ ... એક જગ્યા
૬. રીડર ઇન બોટેની (ફિઝિયોલોજી) ... એક જગ્યા
૭. લેક્ચરર ઇન બોટેની ... એક જગ્યા
૮. રીડર ઇન મૅથેમેટિક્સ ... એક જગ્યા
૯. લેક્ચરર ઇન મૅથેમેટિક્સ ... એક જગ્યા
૧૦. લેક્ચરર ઇન સ્ટેટિસ્ટિક્સ ... એક જગ્યા."

સિન્ડિકેટની તા. ૬-૭-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાં નીચે મુજબના શિક્ષકોની વધારાની જગ્યાઓ મંજૂર કરવા માટે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણો મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી :

(અ) ભાષા-સાહિત્ય ભવન

૧.	રીડર ઇન ઇંગ્લિશ	... એક જગ્યા
૨.	લેક્ચરર ઇન ઇંગ્લિશ	... એક જગ્યા
૩.	રીડર ઇન હિન્દી	... એક જગ્યા
૪.	લેક્ચરર ઇન હિન્દી	... એક જગ્યા
૫.	રીડર ઇન ગુજરાતી	... એક જગ્યા
૬.	લેક્ચરર ઇન ગુજરાતી	... એક જગ્યા
૭.	રીડર ઇન સંસ્કૃત	... એક જગ્યા
૮.	લેક્ચરર ઇન સંસ્કૃત	... એક જગ્યા
૯.	લેક્ચરર ઇન પ્રાકૃત	... એક જગ્યા
૧૦.	લેક્ચરર ઇન મોડર્ન યુરોપિયન લૅંગ્વેજ	... બે જગ્યા

(બ) સમાજવિદ્યા ભવન

૧.	લેક્ચરર ઇન સોશિયોલોજી	... બે જગ્યા
૨.	રીડર ઇન પોલિટિકલ સાયન્સ	... બે જગ્યા
૩.	લેક્ચરર ઇન પોલિટિકલ સાયન્સ	... બે જગ્યા
૪.	પ્રોફેસર ઑફ લેબર વેલ્ફેર	... એક જગ્યા
૫.	લેક્ચરર ઇન લેબર વેલ્ફેર	... એક જગ્યા
૬.	પ્રોફેસર ઑફ હિસ્ટરી	... એક જગ્યા
૭.	લેક્ચરર ઇન હિસ્ટરી	... એક જગ્યા

(ક) મનોવિજ્ઞાન વિદ્યાભવન

૧.	રીડર ઇન સાયકોલોજી	... એક જગ્યા
૨.	પ્રોફેસર ઑફ ફિલોસોફી	... એક જગ્યા
૩.	લેક્ચરર ઇન ફિલોસોફી	... એક જગ્યા
૪.	પ્રોફેસર ઑફ એજ્યુકેશન	... એક જગ્યા
૫.	લેક્ચરર ઇન એજ્યુકેશન	... એક જગ્યા

(ડ) વિજ્ઞાન વિદ્યાભવન

૧.	રીડર ઇન કેમિસ્ટ્રી (પેટ્રોલિયમ કેમિકલ્સ)	... એક જગ્યા
૨.	રીડર ઇન કેમિસ્ટ્રી (ફિઝિકલ)	... એક જગ્યા
૩.	લેક્ચરર ઇન કેમિસ્ટ્રી	... ત્રણ જગ્યા
૪.	રીડર ઇન ફિઝિક્સ	... એક જગ્યા
૫.	લેક્ચરર ઇન ફિઝિક્સ	... એક જગ્યા

૬.	રીડર ઇન બોટેની (ફિઝિયોલોજી)	... એક જગ્યા
૭.	લેક્ચરર ઇન બોટેની	... એક જગ્યા
૮.	રીડર ઇન મૅથેમેટિક્સ	... એક જગ્યા
૯.	લેક્ચરર ઇન મૅથેમેટિક્સ	... એક જગ્યા
૧૦.	લેક્ચરર ઇન સ્ટેટિસ્ટિક્સ	... એક જગ્યા

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રો. જે. જે. ચિનોયે નોટિસ આપી હતી :

"યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાં નીચે મુજબના શિક્ષકોની વધારાની જગ્યાઓ મંજૂર કરવા બાબતની એકૅડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ પ્રો. જે. જે. ચિનોયે રજૂ કર્યો, તેને પ્રો. દર્શનસિંગ બસને ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૧. સિન્ડિકેટની તા. ૫/૬-૩-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે મ્યુનિસિપલ કૉર્પોરેશનના સૂચિત ૧૨૦ ફૂટના ટી.પી. રસ્તાની જમીનનો કબજો સેનેટની અનુમતિ મળ્યેથી અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને સોંપવાનું રાખવું અને તે અંગે ઘટતી કારવાઈ કરવા કુલપતિશ્રીને સત્તા આપવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી**એ નોટિસ આપી હતી :

" મ્યુનિસિપલ કૉર્પોરેશનના સૂચિત ૧૨૦ ફૂટના ટી. પી. રસ્તાની જમીનનો કબજો અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને સોંપવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીને બદલે ડૉ. જે. બી. હરિભક્તિએ રજૂ કર્યો, તેને પ્રો. જે. જે. ચિનોયે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૨. તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન ક્લિનિકલ પેથોલોજી (ડી.સી.પી.)નો એક વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવાની એકૅડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

એકૅડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૧૦-૧૯૬૫ની સભાની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન ક્લિનિકલ પેથોલોજી-(ડી.સી.પી.)નો એક વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૨૦-૧૧-૧૯૬૫ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન ક્લિનિકલ પેથોલોજી-(ડી.સી.પી.)નો એક વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. જે. બી. હરિભક્તિએ નોટિસ આપી હતી :

"તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન ક્લિનિકલ પેથોલોજી (ડી.સી.પી.)નો એક વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવા માટેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. જે. બી. હરિભક્તિએ રજૂ કર્યો, તેને શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીએ ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવાની ડૉ. પી. એલ. શાહે નોટિસ આપી હતી :

"In item 22 proposed by Dr. J. B. Haribhakti to institute D.C.P. Diploma of one year,

I propose—

two years instead of one year."

ઉપરનો સુધારો ડૉ. પી. એલ. શાહને બદલે ડૉ. સૌદામિનીબહેન પંડ્યાએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાવ્હિડલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સદરહુ સુધારા સાથેના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૩. તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન સાઇકિયાટ્રિક મેડિસિનનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૮-૧૯૬૭ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમા ઇન સાઇકિયાટ્રિક મેડિસિનની પરીક્ષાનો અનુસ્નાતક અભ્યાસક્રમ દાખલ કરવા માટે તથા તે ડિપ્લોમા સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧૯-૮-૧૯૬૭ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન સાઇકિયાટ્રિક મેડિસિનનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

"સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. જે. બી. હરિભક્તિએ નોટિસ આપી હતી :

"તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન સાઇકિયાટ્રિક મેડિસિનનો અનુસ્નાતક ડિપ્લોમા (ડી.પી.એમ.) અભ્યાસક્રમ સ્થાપવા માટેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. જે. બી. હરિભક્તિએ રજૂ કર્યો, તેને શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૪. તબીબી વિદ્યાશાખા હેઠળ બી.એસસી. ઇન નર્સિંગનો અભ્યાસક્રમ સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ

"તબીબી વિદ્યાશાખા હેઠળ બી એસસી. ઇન નર્સિંગનો અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૨૭-૮-૧૯૬૬ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની રો. જે. બી. હરિભક્તિએ નોટિસ આપી હતી :

"તબીબી વિદ્યાશાખા હેઠળ બી.એસસી. ઇન નર્સિંગ (post-basic)નો અભ્યાસક્રમ સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ રો. જે. બી. હરિભક્તિએ રજૂ કર્યો, તેને શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૫. ડિપ્લોમા ઇન એજ્યુકેશન એન્ડ વોકેશનલ ગાઇડન્સનો બે વર્ષનો પાર્ટ-ટાઇમ ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમા ઇન એજ્યુકેશન એન્ડ વોકેશનલ ગાઇડન્સનો બે વર્ષનો પાર્ટ-ટાઇમ અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવાની સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણને મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. એલ. આર. દેસાઈએ નોટિસ આપી હતી :

"ડિપ્લોમા ઇન એજ્યુકેશન એન્ડ વોકેશનલ ગાઇડન્સ (ડિપ.એડ. એન્ડ વી.જી.)નો બે વર્ષનો પાર્ટ-ટાઇમ અનુસ્નાતક ડિપ્લોમાનો અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. એલ. આર. દેસાઈને બદલે આચાર્ય સી. કે. અકુવાલાએ રજૂ કર્યો, તેને પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવાની આચાર્ય કે. જી. દેસાઈએ નોટિસ આપી હતી :

"દરખાસ્ત નીચે પ્રમાણે વંચાય તેમ સુધારવી :

'ડિપ્લોમા ઇન એજ્યુકેશનલ એન્ડ વોકેશનલ ગાઇડન્સ (ડિપ.ઈ.વી.જી.)નો એક વર્ષનો પાર્ટ-ટાઇમ અનુસ્નાતક ડિપ્લોમાનો અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે.'"

ઉપરનો સુધારો આચાર્ય કે. જી. દેસાઈએ રજૂ કર્યો, તેને પ્રો. રમેશભાઈ ભટ્ટે ટેકો આપ્યો.

સદરહુ સુધારા પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સદરહુ સુધારા સાથેના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૬. બી.એસસી. પછી વિજ્ઞાનના શિક્ષણ માટે એમ.એસસી. (એડ.)નો બે વર્ષનો ડિગ્રી અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાનાં ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બી.એસસી પછી વિજ્ઞાનના શિક્ષણ માટે એમ.એસસી.-(એડ.)ની બે વર્ષના અભ્યાસક્રમની ડિગ્રી સ્થાપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણને મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની રા. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"બી.એસસી. પછીના વિજ્ઞાનના શિક્ષણ માટે એમ.એસસી.(એડ.) બે વર્ષનો ડિગ્રી અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. એ. એમ. ત્રિવેદીને બદલે આચાર્ય જે. બી. સાણ્ડેસરે રજૂ કર્યો, તેને ડા. સી. સી. શાહે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કરવા માટે આચાર્ય કે. જી. દેસાઈએ નોટિસ આપી હતી :

"દરખાસ્ત નીચે પ્રમાણે વંચાય તેમ સુધારવી :

'બી.એસસી. પછીના વિજ્ઞાનના શિક્ષણ માટે એમ.એસસી.(એડ.)નો બે વર્ષનો ડિગ્રી અભ્યાસક્રમ સ્થાપવાનો એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે.'"

ઉપરનો સુધારો આચાર્ય કે. જી. દેસાઈએ રજૂ કર્યો, તેને પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ ટેકો આપ્યો.

સદરહુ સુધારા પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સદરહુ સુધારા સાથેના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૭. પાંચ વર્ષનો સુગ્રથિત કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પાંચ વર્ષનો સુગ્રથિત કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી અભ્યાસક્રમ સ્થાપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણને મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રો. કે. જે. ભટ્ટે નોટિસ આપી હતી :

"પાંચ વર્ષનો સુગ્રથિત કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ પ્રો. કે. જે. ભટ્ટને બદલે આચાર્ય જે. બી. સાણિડલે રજૂ કર્યો, તેને પ્રો. વી. જે. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૮. બી.એસસી. પછીનાં ત્રણ વર્ષનો કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બી.એસસી. પછીનાં ત્રણ વર્ષનો કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી (Degree) અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણને મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રો. કે. જે. ભટ્ટે નોટિસ આપી હતી :

"બી.એસસી. પછીનાં ત્રણ વર્ષનો કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ પ્રો. કે. જે. ભટ્ટને બદલે આચાર્ય જે. બી. સાણિડલે રજૂ કર્યો, તેને પ્રો. વી. જે. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૯. કાયદાની વિદ્યાશાખા હેઠળ ધારાશાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવાના એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬નો સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં ધારાશાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન (A Post-graduate Department of Law) સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૩-૧૨-૧૯૬૬નો સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં ધારાશાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય જી. સી. પટેલે નોટિસ આપી હતી :

"ધારાશાસ્ત્રની વિદ્યાશાખા હેઠળ ધારાશાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય ગિરીશભાઈ પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં છે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૦. સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના વિષય માટે રૂા. ૨૦ (વીસ)ની એક એવી બે વધુ શિષ્યવૃત્તિઓ સ્થાપવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના વિષય માટે રૂા. ૨૦ (વીસ)ની એક એવી બે શિષ્યવૃત્તિઓ સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૫-૩-૧૯૬૬ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના વિષય માટે રૂા. ૨૦ (વીસ)ની એક એવી બે શિષ્યવૃત્તિઓ સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રો. જે. જે. ચિનોયે નોટિસ આપી હતી :

"સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના વિષય માટે રૂા. ૨૦ (વીસ)ની એક એવી બે શિષ્યવૃત્તિઓ સ્થાપવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ પ્રો. જે. જે. ચિનોયે રજૂ કર્યો, તેને ડૉ. સી. આર. નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૧. ગ્રંથાલયશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફી-માફીનું ધોરણ કુલ વિદ્યાર્થીઓની કુલ ટ્યૂશન ફીના પાંચ ટકાને બદલે દસ ટકા રાખવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલયશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફી-માફીનું ધોરણ કુલ વિદ્યાર્થીઓની કુલ ટ્યૂશન ફીના પાંચ ટકાને બદલે દસ ટકા રાખવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૫-૩-૧૯૬૬ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલયશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફી-માફીનું ધોરણ કુલ વિદ્યાર્થીઓની કુલ ટ્યૂશન ફીના પાંચ ટકાને બદલે દસ ટકા રાખવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રો. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી:

"ગ્રંથાલયશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફી-માફીનું ધોરણ કુલ વિદ્યાર્થીઓની કુલ ટ્યૂશન ફીના પાંચ ટકાને બદલે દસ ટકા રાખવાની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ પ્રો. એમ. એ. ત્રિવેદીને બદલે પ્રો. જે. જે. ત્રિનોયે રજૂ કર્યો, તેને પ્રો. વી. જે. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૨. રિસર્ચ સ્કૉલરશિપ અંગે ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની નીચેની ભલામણ :

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે હાલમાં યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી ૨૦ સંશોધન શિષ્યવૃત્તિઓ પૈકી ૧૨ શિષ્યવૃત્તિઓ વિજ્ઞાન વિદ્યાભવનમાંથી નોંધાતા વિદ્યાર્થીઓ પૂરતી જ અનામત રાખવામાં આવી છે તેને બદલે તે ૧૨ શિષ્યવૃત્તિઓ વિજ્ઞાનની વિદ્યાશાખામાં પીએચ.ડી. પદવી માટે નોંધાતા તમામ વિદ્યાર્થીઓને માટે વિસ્તારવા તથા બાકીની ૮ શિષ્યવૃત્તિઓ હાલ છે તેમ જ બધી જ વિદ્યાશાખામાંથી પીએચ.ડી. પદવી માટે નોંધાતા વિદ્યાર્થીઓ માટે રાખવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રો. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી:

"હાલમાં યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી ૨૦ સંશોધન શિષ્યવૃત્તિઓ પૈકી ૧૨ શિષ્યવૃત્તિઓ વિજ્ઞાન વિદ્યાભવનમાંથી નોંધાતા વિદ્યાર્થીઓ પૂરતી જ અનામત રાખવામાં આવે છે તેને બદલે તે ૧૨ શિષ્યવૃત્તિઓ વિજ્ઞાન વિદ્યાશાખામાં પીએચ.ડી. પદવી માટે નોંધાતા તમામ વિદ્યાર્થીઓને માટે વિસ્તારવા તથા બાકીની ૮ શિષ્યવૃત્તિઓ હાલ છે તેમ જ બધી જ વિદ્યાશાખામાંથી પીએચ.ડી. પદવી માટે નોંધાતા વિદ્યાર્થીઓ માટે રાખવાની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. એ. એમ. ત્રિવેદીને બદલે પ્રો. જે. જે. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને શ્રી. દર્શનસિંગ બસને ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૩. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદને તા. ૧૫મી જૂન ૧૯૬૪થી બે વર્ષ માટે તથા તા. ૧૫મી જૂન ૧૯૬૬થી પાંચ વર્ષ માટે પીએચ.ડી.માં સંસ્કૃત-પ્રાકૃત અને પ્રાચીન સંસ્કૃતિના અભ્યાસક્રમો માટે સિન્ડિકેટે આપેલી માન્યતા (જાણ સારુ).

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૩૪. શ્રી. ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરતને તા. ૧૫મી જૂન, ૧૯૬૫થી ત્રણ વર્ષ માટે એમ.એ. અને પીએચ.ડી.માં ગુજરાતીના અભ્યાસક્રમો માટે સિન્ડિકેટે આપેલી માન્યતા (જાણ સારુ).

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૩૫. શ્રી. દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એન્ડ ઇન્ડોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દ્વારકાને સંસ્કૃતમાં પીએચ.ડી.ની પદવી માટે સંશોધન કરવા તા. ૧૫મી જૂન ૧૯૬૫થી ત્રણ વર્ષ માટે સિન્ડિકેટે આપેલી માન્યતા (જાણ સારુ).

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૩૬. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને તા. ૧૫મી જૂન ૧૯૬૪થી બે વર્ષ માટે તથા તા. ૧૫મી જૂન ૧૯૬૬થી ત્રણ વર્ષ માટે પીએચ.ડી.માં મનોવિજ્ઞાન વિષયના અભ્યાસક્રમ માટે સિન્ડિકેટે આપેલી માન્યતા (જાણ સારુ).

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૩૭. સેન્ટ્રલ સૉલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરને તા. ૧૫મી જૂન ૧૯૬૪થી બે વર્ષ માટે, તથા તા. ૧૫મી જૂન ૧૯૬૬થી ત્રણ વર્ષ માટે, પી.એચડી.માં રસાયણવિજ્ઞાનના તથા વનસ્પતિવિજ્ઞાનના વિષયના અભ્યાસક્રમો માટે સિન્ડિકેટે આપેલી માન્યતા (જાણ સારુ).

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૩૮. અમદાવાદ ટેક્સ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન, અમદાવાદને પીએચ.ડી. પદવી માટે રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના વિષયોમાં સંશોધનકાર્ય માટે તા. ૧૫-૬-૧૯૬૭થી પાંચ વર્ષ માટે સિન્ડિકેટે આપેલી ચાલુ માન્યતા (જાણ સારુ).

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૩૯. સેનેટે તેની તા. ૧૭/૧૮-૧૦-૧૯૬૪ની સભામાં પસાર કરેલા નીચેના ઠરાવ પર સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ):

સેનેટનો ઠરાવ

"ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધી ઓકસ્ટર્નલ પરીક્ષા આપવાની જોગવાઈ છે. આ પ્રકારની જોગવાઈ વિનયન વિદ્યાશાખામાં અનુસ્નાતક વિદ્યાર્થીઓ

માટે પણ કરવા સેનેટની આ સભા જરૂરી કાર્યવાહી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની લાગતી-વળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણનો સ્વીકાર કરવો નહિ."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી."

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે આચાર્ય દર્શનસિંગ શીખે પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલવામાં આવે.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે સભાગૃહની સંમતિથી આચાર્ય દર્શનસિંગ શીખે રેફરન્સ બૅકનો પોતાનો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો.

તે પછી સભાગૃહે એજન્ડા પરની બાબતની નોંધ લીધી.

૪૦. સેનેટે તેની તા. ૧૦/૧૧/૧૨-૩-૧૯૬૫ની વાર્ષિક સભામાં પસાર કરેલ નીચેના પ્રસ્તાવ પર સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ):

સેનેટનો ઠરાવ

"ગુજરાતી માધ્યમને સફળ બનાવવાના હેતુથી અનેક વિષયોમાં ગુજરાતી પાઠ્યપુસ્તકોની આવશ્યકતા રહે છે. યુનિવર્સિટીએ હાથ ધરેલું આ કામ ત્વરાથી ઊકલે તે હેતુથી સેનેટની આ સભા ભલામણ કરે છે કે ૧૯૬૫-૬૬ના અંદાજપત્રમાં રૂપિયા પાંચ લાખની જોગવાઈ પુસ્તક-પ્રકાશન માટે કરવી અને સ્નાતક કક્ષાના મુખ્ય વિષયોનાં પુસ્તકોનું ત્વરિત પ્રકાશન હાથ ધરવું."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે પુસ્તકોના પ્રકાશનની પ્રવૃત્તિ માટે જરૂર પ્રમાણે આર્થિક જોગવાઈ કરવામાં આવશે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૪૧. સેનેટની તા. ૨૬/૨૭/૨૮-૩-૧૯૬૬ની સભામાં સને ૧૯૬૬-૬૭ના અંદાજપત્ર પરત્વેના નીચેના મંજૂર થયેલ પ્રસ્તાવો પર સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ):

(૧) "આથી સિન્ડિકેટ અને અન્ય અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૬-૬૭ના અંદાજપત્રમાં યુનિવર્સિટી શિક્ષણ તથા સંશોધન માટે ખર્ચના અંદાજેલા રૂ. ૨૦,૦૫,૬૦૦ને બદલે રૂ. ૨૦,૩૦,૬૦૦ની જોગવાઈ કરી સ્થાનિક તેમ જ ભારતનાં અન્ય વિશ્વવિદ્યાલયોના વિદ્વાન પ્રાધ્યાપકોને નિમંત્રણ આપી આપણાં ભવનોમાં જરૂરી વિષયો પર વ્યાખ્યાનો યોજવામાં રૂપિયા પચ્ચીસ હજારની રકમનો આ વર્ષે ઉપયોગ કરવો."

(૨) "આથી સિન્ડિકેટ તેમ જ અન્ય અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૬-૬૭ના અંદાજપત્રમાં પ્રતિનિધિત્વ-ફી તેમ જ પ્રતિનિધિ તરીકે જવા-આવવાના મુસાફરીભથ્થા માટે અંદાજેલા રૂ. ૭,૦૦૦ના ખર્ચને બદલે રૂ. ૨૦,૦૦૦નો ખર્ચ મંજૂર કરવો અને વિવિધ વિદ્યા માટેનાં અખિલ ભારતીય સંમેલનોમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલીને તે વિદ્યાવિષયો માટેના રાષ્ટ્રીય સંપર્ક સ્થાપવા અને નભાવવાના કાર્યમાં વધારાની રકમનો ઉપયોગ કરવો."

(૩) "માર્ચ ૧૯૬૫ની સેનેટની સભામાં ગુજરાતી પાઠ્યપુસ્તકોનું પ્રકાશન ત્વરિત બને તે હેતુથી મોટી રકમ ખર્ચવાની સેનેટની ભલામણ છતાં તા. ૩૦-૧૧-૧૯૬૫ સુધીમાં એ કામમાં ફક્ત રૂા. ૫૭,૭૩૦ ખર્ચી શકાયા છે તેની નોંધ લઈને સેનેટની આ સભા સિન્ડિકેટ અને અન્ય અધિકૃત મંડળોને આગ્રહયુક્ત ભલામણ કરે છે કે ૧૯૬૬-૬૭માં પાઠ્યપુસ્તકોના પ્રકાશન માટે અંદાજેલી રકમનો પૂરો ઉપયોગ કરીને વધુ વિષયોમાં અને વધુ સંખ્યામાં પુસ્તકોનું પ્રકાશન થાય તેવી યોજના સફળ બનાવે."

(૪) "આથી સિન્ડિકેટ અને અન્ય અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે કે ૧૯૬૬-૬૭ના વર્ષમાં અનુસ્નાતક કાર્ય માટે અંદાજેલી રકમ રૂા. ૧,૨૫,૦૦૦ને બદલે રૂા. ૧,૪૦,૦૦૦નો અંદાજ મંજૂર કરીને વધારાની રકમ આપણાં અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રત્યેક વિષયમાં બીજાં કેન્દ્રોના તે વિષયના વિદ્વાનોનાં વ્યાખ્યાનો યોજવામાં ખર્ચવી."

સિન્ડિકેટનો રિપોર્ટ

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે સેનેટના ઉપરના ઠરાવ નં. ૧ મુજબ અંદાજપત્રમાં જરૂરી ફેરફાર કરવા

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સેનેટના ઉપરના ઠરાવ નં. ૨ મુજબ અંદાજપત્રમાં જરૂરી ફેરફાર કરવા.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે જરૂર જણાશે તો અંદાજપત્રમાં પૂરક જોગવાઈ કરી શકાશે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે જરૂર જણાશે તો અંદાજપત્રમાં પૂરક જોગવાઈ કરી શકાશે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૪૨. સેનેટે તેની તા. ૨૬/૨૭/૨૮-૩-૧૯૬૬ની સભામાં સને ૧૯૬૬-૬૭ના અંદાજપત્ર અંગે પસાર કરેલા નીચેના પ્રસ્તાવ પર સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ).

સેનેટની તા. ૨૬/૨૭/૨૮-૩-૧૯૬૬ની સભાનો ઠરાવ

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર સિન્ડિકેટે સેનેટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૬૬-૬૭ના અંદાજપત્ર તથા સને ૧૯૬૫-૬૬ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર સેનેટની આ સભાએ વિચારણા કરી છે અને તેની નોંધ લે છે અને યુનિવર્સિટીની વિવિધલક્ષી પ્રવૃત્તિઓમાં પરીક્ષાઓ અને તેને લગતાં તમામ કામકાજમાં અન્ય વહીવટી કાર્યો કરતાં વધારે જવાબદારી છે અને રહેશે તે હકીકત ધ્યાનમાં લઈ ૧૯૬૬-૬૭ના અંદાજપત્રમાં પરીક્ષા વિભાગ માટે અંદાજેલા ખર્ચમાં નીચે દર્શાવેલી વધારાની જગ્યાઓ ઊભી કરવા માટે વધારાના ખર્ચની જોગવાઈ કરવા માટે સિન્ડિકેટને વિનંતી કરે છે:

૧.	કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ (રજિસ્ટ્રારની ગ્રેડમાં)	... એક
૨.	આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર	... એક
૩.	સુપરિન્ટેન્ડન્ટ્સ	... ત્રણ
૪.	હેડક્લાર્ક	... ૭."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પરીક્ષાના કામકાજ અંગે નવી સ્થાપવામાં આવેલી જગ્યાઓ સહિત નીચે મુજબની એકંદર જગ્યાઓ થાય છે અને તે પર્યાપ્ત જણાય છે, એમ સેનેટને તેના તા. ૨૬/૨૭/૨૮-૩-૧૯૬૬ના ઠરાવના સંદર્ભમાં રિપોર્ટ કરવો :

કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ	... એક
આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર	... એક
ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ	... ત્રણ (બે કાયમી, એક હંગામી)
હેડક્લાર્ક	... ચાર (બે કાયમી, બે હંગામી)
આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ	... એક
સિનિયર ઑપરેટર	... પાંચ
જુનિયર ઑપરેટર	... ચૌદ
જુનિયર ક્લાર્ક	... એકત્રીસ

ઉપરાંત યુનિવર્સિટી કાર્યાલય માટે ૨૦૦ મેન-મન્થ્સ (man-months) જેટલા જુનિયર કારકુનોની જગ્યાઓ હંગામી ધોરણે જરૂર પ્રમાણે નીમવા માટે મંજૂર કરવામાં આવી છે તેમની સેવાઓ પણ પરીક્ષાનાં કામકાજ માટે મળી શકશે."

[યુનિવર્સિટીની પરીક્ષાઓનાં કામકાજ અંગે નીચે પ્રમાણે અંતિમ વ્યવસ્થા થઈ છે તે જાણવા સારુ :

કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ	એક
આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર	એક
સુપરિન્ટેન્ડન્ટો (યંત્ર વિભાગના સુપરિન્ટેન્ડન્ટ સહિત)	ત્રણ
હેડક્લાર્ક	ત્રણ
આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ (યંત્ર વિભાગ)	એક
સિનિયર ઑપરેટર	પાંચ
સિનિયર ક્લાર્ક	ચાર
*જુનિયર ઑપરેટર	ચાર
જુનિયર ક્લાર્ક	અઠ્ઠાવીસ.]

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૪૩. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં પસાર કરેલા નીચેના પ્રસ્તાવ પર સિન્ડિકેટનો રિપોર્ટ (જાણવા સારુ) :

"ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ (સને ૧૯૬૬-૬૯)ના પ્રકરણ ૪ (પાન ૭થી ૯)માં દર્શાવેલ માહિતી ઉપરથી સૂચવાય છે કે પ્રતિવર્ષે કૉલેજો તેમ જ અધ્યાપકોની સંખ્યા વધતી જાય છે. આ સાથે અધ્યાપકો તેમ જ વિદ્યાસંસ્થાઓ વચ્ચેના સંબંધો બાબતના યુનિવર્સિટીએ તેમ જ સંસ્થાઓએ ઘડેલા નિયમોના અર્થઘટન, અમલ અને પાલન પરત્વે અનેક પ્રશ્નો ઉપસ્થિત થવાના પ્રસંગો પણ વધવાનો સંભવ છે. તો આવા પ્રશ્નોના નિરાકરણ માટે યુનિવર્સિટીમાં જ યુનિવર્સિટીને ગુજરાત યુનિવર્સિટી

---

*જુનિયર ઑપરેટરોની કુલ ૧૪ જગ્યાઓમાંથી ૪ જગ્યાઓ રાખી બાકીની ૨૬ કરવા અને તે જગ્યાઓ પર હાલ કામ કરતા કર્મચારીઓનો યુનિવર્સિટી કાર્યાલયમાં ક્રમશઃ ધોરણે સમાવેશ કરવા તથા પંચિંગ કામ એસ.એસ.સી. બોર્ડના ધોરણે કરાવવા નક્કી કરવામાં આવ્યું છે.

ઍક્ટના સેક્શન ૨૦(૧૫), ૨૦(૧૬) અને ૨૦(૧૭) અન્વયે મળેલી સત્તા અનુસાર કૉઈ કાયમી સર્વપક્ષી તંત્ર રચવાની જોગવાઈ કરવાની સેનેટની આ સભા લાગતાંવળગતાં મંડળોને ખૂબ આગ્રહપૂર્વક ભલામણ કરે છે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રશ્નમાં અભિપ્રેત છે તેવા પ્રશ્નોને હલ કરવા માટે યુનિવર્સિટીનું હાલનું તંત્ર પર્યાપ્ત જણાય છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૪૪. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં પસાર કરેલ નીચેના પ્રસ્તાવ પર સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ):

"ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ (સને ૧૯૬૬-૬૭)ના પ્રકરણ ૩ (પાન ૭) પર આપેલી વિગતોમાંથી સૂચિત પ્રતિવર્ષે કૉલેજોની વધતી જતી સંખ્યા તેમ જ વિવિધ કૉલેજ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યાને લક્ષમાં રાખીને સરવાળે વધુ કૉલેજોની ઘટતી જતી આવશ્યકતા, કૉલેજોની આર્થિક સમતુલા, જાહેર નાણાં તેમ જ દાનની રકમોનો સધનતાપૂર્વક વધુ અસરકારક ઉપયોગ કરવાની જરૂર, સંસ્થાઓની સક્ષમતા અને તદનુસાર વિદ્યાર્થીઓ અને કાર્યકરોની સગવડો અને સલામતી—આ બધાંની દૃષ્ટિએ વિચારતાં જણાય છે કે નવી કૉલેજોને જોડાણ આપતી વખતે વધુ કડક, વધુ દૃઢ અને વધુ દૂરંદેશીપૂર્વકની નીતિ અપનાવવાની જરૂર છે. આથી સેનેટની આ સભા, જોડાણના નિયમોને વધુ કડક બનાવવા તથા નવાં જોડાણો આપવા બાબતના અંકુશો તેમ જ જોડાણની શરતોના પાલન પરત્વે વધુ ચીવટાઈપૂર્વકનો અમલ કરવા માટેની વ્યવસ્થા કરવા લાગતાંવળગતાં મંડળોને ઉચ્ચ શિક્ષણનું યોગ્ય ધોરણ ટકાવી રાખવાના હેતુથી આગ્રહપૂર્વક વિનંતી કરે છે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"નવી કૉલેજોના જોડાણ અંગે સ્થાનિક તપાસસમિતિઓને હાલ જે સૂચનાઓ આપવામાં આવે છે તે સુધારવામાં આવી છે."

(**નોંધ.**—આ સૂચનાઓ બાબત ક્રમાંક ૪૮ના પરિશિષ્ટ "ખ" તરીકે આ સાથે સામેલ છે.)

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૪૫. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં પસાર કરેલા નીચેના પ્રસ્તાવ પર સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ):

"ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક અહેવાલના પ્રકરણ ૮માનાં પાન ૪૮થી ૫૧ ઉપરની વિગતો જોતાં જણાય છે કે આપણી અત્યારની જરૂરિયાતના પ્રમાણમાં યુનિવર્સિટીનું પ્રકાશનકાર્ય પૂરતા વેગથી થતું નથી. આથી સેનેટની આ સભા, વાચનસામગ્રીની તીવ્ર અને ગંભીર અછતની સચિંત નોંધ લે છે, અને યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં સત્તામંડળોને પોતાની પૂરી શક્તિથી વિનંતી કરે છે કે તેઓ વિવિધ વિદ્યાશાખાઓ તેમ જ વિષયો માટે અનુવાદો, મૌલિક ગ્રંથો, રીડિંગ્સ, સારગ્રંથો તેમ જ ભૂમિકાગ્રંથ બહાર પાડવાનો કાર્યક્રમ 'યુદ્ધના સ્તર' પર આદરવાને પોતાનાં તમામ સાધનસંપત્તિ કામે લગાડે અને પુસ્તકોના દુકાળને ત્વરિત ગતિથી દૂર કરે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** ઠરાવની નોંધ **લઈને** તે, પ્રકાશન વહીવટી સમિતિને તેણી જાણ અને ઘટતું કરવા માટે મોકલી આપવો."

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૪૬. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં પસાર કરેલા નીચેના પ્રસ્તાવ પર સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ):

"ગુજરાત યુનિવર્સિટીના **સને** ૧૯૬૬-૬૭ના વાર્ષિક અહેવાલના પ્રકરણ ૧૩માંની અભ્યાસેતર પ્રવૃત્તિઓ જોતાં જણાય છે કે યુનિવર્સિટીની પ્રવૃત્તિઓને ઑલ-ઇન્ડિયા રેડિયોના યુનિવર્સિટી બ્રૉડકાસ્ટ જેવા મહત્ત્વના અને **ઉપયોગી** કાર્યક્રમો સાથે સીધો સંબંધ નથી, જ્યારે પ્રકરણ ૬-(ગુ. યુનિ. વાર્ષિક અહેવાલ—૧૯૬૬-૬૭)માંના પાના ૪૧ ઉપરથી જણાય છે કે ગુજરાત યુનિવર્સિટીમાં સારી એવી સંખ્યામાં એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે તથા ઉત્તરોત્તર આ સંખ્યા વધતી જાય છે. તો આ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં શીખવતા ઉત્તમ અધ્યાપકો તેમ જ અન્ય વિદ્વાનોના માર્ગદર્શનનો લાભ આપી શકાય તે હેતુથી ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓ તેમ જ ઑલ-ઇન્ડિયા રેડિયોના સંપર્ક અને સહકાર દ્વારા રેડિયો જેવા વ્યાપક માધ્યમનો શિક્ષણના માધ્યમ તરીકે વધુ વ્યાપક અને વધુ અસરકારક ઉપયોગ કરવાની યોજના કરવા માટે ત્વરિત પ્રવૃત્તિ આદરવાની લાગતાંવળગતાં મંડળોને સેનેટની આ સભા ભારપૂર્વક ભલામણ કરે છે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** ઠરાવ ઑલ-ઇન્ડિયા રેડિયોના સત્તાવાળાઓને મોકલીને જણાવવું કે શિક્ષણના માધ્યમ તરીકે બ્રૉડકાસ્ટનો વધુ વ્યાપક અને વધુ અસરકારક ઉપયોગ કરવાની કોઈ પણ યોજના ઘડવામાં અને તેનો અમલ કરવામાં આ યુનિવર્સિટી શક્ય તેટલો તમામ સહકાર આપશે."

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૪૭. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં પસાર કરેલ નીચેના પ્રસ્તાવ પર સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ):

"યુનિવર્સિટીને **સંલગ્ન** કૉલેજોની અને તદનુસાર અધ્યાપકોની વધતી જતી સંખ્યા જોતાં અધ્યાપકોના પરસ્પર સંપર્ક, વિચારવિનિમય તેમ જ અધ્યયન, અધ્યાપન અને સંશોધનના વિકાસની દૃષ્ટિએ વિવિધ વિષયોને અનુલક્ષીને વારંવાર સેમિનાર, શિબિરો, પરિષદો વગેરે યોજાય એ આવશ્યક છે એ દૃષ્ટિએ સેનેટની આ સભા યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં મંડળોને આ બાબતમાં વિશેષ પ્રવૃત્તિ કરવા ભારપૂર્વક ભલામણ કરે છે તથા તેવી પ્રવૃત્તિઓ શક્ય બનાવવા માટે, અંદાજપત્રના પાના નં. ૯ ઉપર વર્ષ ૧૯૬૮-૬૯ માટે **સૂચવાયેલાં** પરિસંવાદ વગેરે માટેની જોગવાઈની રૂા. ૧૬,૦૦૦ની રકમને રૂા. ૨૦,૦૦૦ સુધી વધારવાની, અને તે પૂરી ઉપયોગમાં લેવાય તેવી પ્રવૃત્તિ કરવાની વિનંતી કરે છે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૮-૬૯ના વર્ષમાં પરિસંવાદ વગેરે માટે અંદાજ-પત્રમાં રૂા. ૧૬,૦૦૦ની જે જોગવાઈ કરવામાં આવી છે તે પૂરતી જણાય છે. તેમ છતાં જરૂર જણાશે તો અને ત્યારે વધુ રૂા. ૪,૦૦૦ની જોગવાઈ કરવા માટે સિન્ડિકેટ અવશ્ય વિચારણા કરશે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૪૮. જોડાણુઅરજીઓ માટે સિન્ડિકેટ તરફથી નિમાતી સ્થાનિક તપાસસમિતિઓને અપાતી સૂચનાઓમાં સિન્ડિકેટે કરેલ સુધારાઓ (જાણ સારુ).

(સદરહુ સુધારેલ સૂચનાઓ પરિશિષ્ટ "ખ" તરીકે આપવામાં આવી છે.)

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરમાં આવી ત્યારે આચાર્ય દર્શનસિંગ શીખે પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલવામાં આવે, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે બાબતમાં આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે જે બાબત આ સભાગૃહની જાણ માટે મૂકવામાં આવી છે તેને કોઈ પણ સત્તામંડળની વિચારણા માટે પાછી મોકલી શકાય ખરી?

પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે કામકાજની યાદી પરની બાબત કોઈ પણ સત્તામંડળની પુનર્વિચારણા માટે પાછી મોકલવાનો પ્રસ્તાવ કાનૂન બહાર ગણી શકાય નહિ.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે આચાર્ય દર્શનસિંગ શીખના રેફરન્સ બૅકના સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે ૨૯ વિરુદ્ધ ૪૭ મતે ઊડી ગયો.

તે પછી સભાગૃહે એજન્ડા પરની બાબતની નોંધ લીધી.

૪૯. નીચેનાં પ્રદાનોના સાભાર સ્વીકાર કર્યા બાબતનો સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ) :

(૧) રાયબહાદુર શ્રી. છગનલાલ પ્રાણુલાલ જેટલી તરફથી માર્ચ–એપ્રિલમાં લેવાતી એમ.એ.ની પરીક્ષામાં "પ્રાચીન ભારતીય સંસ્કૃતિ"નો સ્પેશિયલ અગર એન્ટાયર વિષય લઈ બેઠેલ ઉમેદવારો પૈકી ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણાંક સાથે સૌથી વધારેમાં વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "રાયબહાદુર છગનલાલ પ્રાણુલાલ જેટલી સુવર્ણચંદ્રક" આપવા માટેનું રૂા. ૬,૦૦૦ની હિંદ સરકારની ૩ ટકાની ૧૯૮૬ની કન્વર્ઝન લોનરૂપે મળેલ પ્રદાન.

(૨) પ્રોફેસર એ. ડી. ઝાલા, એમ.એ., એલએલ.બી. તરફથી ૬૨ વર્ષ માર્ચ–એપ્રિલમાં લેવાતી એમ.એ.ની પરીક્ષામાં "Home Science"નો ખાસ વિષય લઈ બેઠેલા ઉમેદવારોમાં સૌથી વધારે સરવાળે ગુણાંક મેળવી ઓછામાં ઓછા બીજા વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીને દર વર્ષે આશરે રૂા. ૧૫૦ની કિંમતનો "શ્રીમતી ભલીબહેન અરવિંદરાય ઝાલા મેમોરિયલ સુવર્ણચંદ્રક" આપવા માટે રૂા. ૫,૩૦૦ની હિંદ સરકારની ૩ ટકા કન્વર્ઝન લોન તથા ચાલુ વર્ષના રૂા. ૧૫૦ રોકડાનું મળેલ પ્રદાન.

(૩) પ્રોફેસર ટી. કે. એન. મેનન એજ્યુકેશન ફંડ કમિટીના ચેરમેન શ્રી. એન. બી. પટેલ તરફથી એમ.એડ.ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધારે ગુણાંક મેળવી ઓછામાં ઓછા બીજા વર્ષમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "પ્રોફેસર ટી. કે. એન. મેનન ગોલ્ડ મેડલ ઇન એજ્યુકેશન" એ નામનો એક સુવર્ણચંદ્રક દર વર્ષે આપવા માટે રૂા. ૫,૦૦૦ રોકડાનું મળેલ પ્રદાન.

(૪) શ્રી. બાલુભાઈ ગિરધરલાલ ચેરિટી ટ્રસ્ટના ચેરમેન શ્રી. ગોરધનદાસ બાલુભાઈ તરફથી દર વર્ષે માર્ચ-એપ્રિલમાં લેવાતી બી.એ.ની પરીક્ષામાં ગૃહવિજ્ઞાન વિષય લઈ બેસનાર વિદ્યાર્થિનીઓ પૈકી ગૃહવિજ્ઞાનના પ્રશ્નપત્રમાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીને "શ્રીમતી સાંકુબહેન બાલુભાઈ ગિરધરલાલ સુવર્ણચંદ્રક" આપવા માટે રૂા. ૫,૦૦૦ રોકડાનું મળેલ પ્રદાન.

(૫) "શ્રી. ગુલાબચંદ તલકચંદ ચેરિટેબલ ટ્રસ્ટ"ના ટ્રસ્ટી શ્રી. ગુલાબચંદ તલકચંદ શેઠ તરફથી દર વર્ષે માર્ચ-એપ્રિલમાં લેવાતી એમ.એ.ની પરીક્ષામાં સમાજશાસ્ત્રનો સમગ્ર વિષય લઈ બેઠેલા ઉમેદવારો પૈકી સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "શ્રી. કેશવલાલ તલકચંદ શેઠ" એ નામનું પારિતોષિક આપવા માટે રૂા. ૫,૦૦૦ રોકડાનું મળેલ પ્રદાન.

(૬) ડૉ. હરિશ્ચંદ્ર એસ. ખંઢેરિયા મેમોરિયલ એન્ડાઉમેન્ટ ફંડ દ્વારા શ્રીમતી શારદાબહેન એચ. ખંઢેરિયા તરફથી ઑક્ટોબર તથા માર્ચ-એપ્રિલમાં લેવાતી ત્રીજી એમ.બી., બી.એસ. પરીક્ષામાં તબીબીવિજ્ઞાન (મેડિસિન)ના વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "ડૉ. હરિશ્ચંદ્ર એસ. ખંઢેરિયા તબીબીવિજ્ઞાન સુવર્ણચંદ્રક" આપવા માટે રૂા. ૫,૦૦૦ રોકડા તથા ચાલુ વર્ષે રૂા. ૨૦૦નું મળેલ પ્રદાન.

(૭) ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ તરફથી દર વર્ષે માર્ચ-એપ્રિલમાં લેવાતી બી.એ.ની પરીક્ષામાં સંસ્કૃતનો મુખ્ય વિષય લઈ બેઠેલ વિદ્યાર્થીઓમાં સંસ્કૃતનાં ૬ પેપરોમાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થઈ એમ.એ.ની પદવી માટે સંસ્કૃતનો મુખ્ય વિષય લઈ વેદાંત ઐચ્છિક વિષય પસંદ કરી અભ્યાસ ચાલુ રાખનાર વિદ્યાર્થીને "શ્રી. ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ ટાઇટલ્સવાળા પારિતોષિક" આપવા માટે રૂા. ૫,૦૦૦ રોકડાનું મળેલ પ્રદાન.

૨. અનુસ્નાતક અધ્યાપન તથા સંશોધનને માટે ભવનમાં હાલ ગુજરાતી (મુખ્ય અને ગૌણ) તથા ભાષાવિજ્ઞાન (ગૌણ)—એમ બે વિષયોના (એમ.એ. વર્ગના) શિક્ષણની જોગવાઈ છે, તથા સંશોધન અર્થે કામકાજ ચાલે છે જેને માટે ભવનના સંચાલક શ્રી. ઉમાશંકર તથા ભાષાવિજ્ઞાનના રીડર-પ્રોફેસર પંડિત—બંને 'ગાઈડ' તરીકે માન્ય થયેલા છે. મદદમાં શિક્ષણ સંશોધન અર્થે બીજો જે સ્ટાફ છે તે તથા તેમના કામકાજને વિષે ભવનના અધ્યક્ષે અમને જે વિગતવાર નોંધ આપી છે તે આની સાથે (પરિશિષ્ટ ૧ તરીકે)* જોડી છે. તેમાંથી આ વિષેની માહિતી મળી રહેશે.

૩. એ માહિતીમાંથી જણાશે કે અધ્યાપકો એમ.એ.ના અધ્યાપન પેટે અઠવાડિયે ચાર-પાંચ સમય લે છે. આથી શિક્ષણકાર્યને સંભાળી લેવામાં બહારના અધ્યાપકોની મદદની જરૂર સામાન્યપણે રહેતી નથી. કોઈ વિશેષ પ્રસંગ કે ચર્ચા માં પરિસંવાદની દૃષ્ટિએ બહારની વ્યક્તિઓને બોલાવાય તે જુદી વાત. બાકીનો

સમય અધ્યાપકો પોતાના અભ્યાસ તથા સંશોધન અને તેના માર્ગદર્શનના કાર્યમાં આપે છે તે અંગે હાલમાં જે ચાલે છે તે વર્ણવતી નોંધ ભવનના સંચાલકશ્રીએ આપી તે પણ સાથેના પરિશિષ્ટ ૧માં* મળે છે.

૪. ભવનમાં થતા કામકાજને અમે ઉપર બે ભાગમાં વર્ણવ્યું છે: (૧) એમ.એ. વર્ગનું અધ્યાપન વર્ગ કાર્ય, અને (૨) ભવન તથા તેમાં કામ કરતા અધ્યાપકોનું સંશોધન અને પીએચ.ડી.નું માર્ગદર્શન કાર્ય. એમાં સંશોધન અંગે અમે એ ભાગમાં વિચાર કરીએ છીએ: (૧) ભવન તરફથી સમન્વિતરૂપે વિચારેલ કાર્ય, અને (૨) અધ્યાપકો પોતાની રુચિ અને ઇચ્છા મુજબ અંગતરૂપે અંગીકાર કરે તે કાર્ય. આ બેમાંના પહેલા પ્રકારમાં એ જાતનું કામ પણ ગણી લેવું જોઈએ કે જે યુનિવર્સિટીને બહારથી સોંપાતું હોય અને જે ભવન દ્વારા કરવા માટે લેવામાં આવ્યું હોય, જેમ કે ભારત સરકારના કેળવણી ખાતાએ ગુજરાતી ભાષાનું 'મોર્ફિમ' અને 'ફોનિમ' ફરીતા (ફિકવન્સી) અંગે ભારવેલું કામ અથવા સાહિત્ય અકાદમીની રાષ્ટ્રીય 'ગ્રંથસૂચિ'ના ગુજરાતી વિભાગનું કામ. ભવન તરીકે તેણે પોતે આપણા પ્રાચીન કાવ્યગ્રંથોનું સંપાદનકામ કેટલાંક વર્ષથી હાથ ધર્યું છે, તેમાંનું 'દશમસ્કંધ' કામ ગઈ ત્રિવર્ષીથી ચાલુ છે. આ ત્રિવર્ષીમાં તેમાં 'અષ્ટગીતા'નું સંપાદન ઉમેરાયું છે. આ બે ગ્રંથોના સંપાદન વિષે માહિતી આપતી અલગ નોંધ ભવનના અધ્યક્ષ પાસેથી મળી તે આ સાથે અલગ (પરિશિષ્ટ ૨ તરીકે)* જોડી છે.

૫. ઉપર જણાવ્યું તેમ ભવનના સંશોધનકાર્યને નીચેના ત્રણ ભાગમાં વહેંચીને તપાસી શકાય:

(૧) પીએચ.ડી.ના વિદ્યાર્થીનું સંશોધન—તેનું માર્ગદર્શન;

(૨) અધ્યાપકોએ અંગત અંગીકાર કરેલું; અને

(૩) ભવન તરફથી આયોજન કરીને આદરવામાં આવતું સંપાદનકાર્ય.

આમાંનું ત્રીજું કાર્ય મહત્ત્વનું છે અને તે એ રીતે કે, તે દ્વારા ગુજરાતી પ્રજાની ભાષા, સાહિત્ય વગેરે ક્ષેત્રે સેવાનાં કામો, તેની એક સંસ્થા તરીકે યુનિવર્સિટી ઉપાડીને કરી શકે. અધ્યાપનના કામ ઉપરાંતના આ સંશોધનકાર્ય વિષે અમે ભવનના અધ્યક્ષ જોડે ઠીક ઠીક ચર્ચા કરી હતી. તેથી અમને સંતોષ થયો કે ઉપરની દૃષ્ટિ તેમને ગમે અને તે ધોરણે ભવનનું આગામી કામકાજ યોજવા પ્રયત્ન થશે. એ બાબતમાં અમારી જોડે તેમણે વિચારણા પણ કરી હતી. તેને અંગે તેમણે જે એક યોજના વિચારી તે અમારી માગણી પરથી તેમણે એક નોંધરૂપે અમને આપી છે, તે (પરિશિષ્ટ ૩ તરીકે)* જોડી છે. તેમાં તેમણે સૂચવેલાં કામો તથા તેના ખર્ચ વિષે ઘટતું કરવા અમારી ભલામણ છે.

આમ સંશોધનકાર્ય અને સંપાદનકાર્ય યોગ્યમ તો ભાષાના અધ્યાપન કામકાજ પૂરતું જ જોતાં જે નવરાશ લાગવા સંભવ છે તે યુનિવર્સિટી ભવનનાં બીજા અને મહત્ત્વના એવા સંશોધનકાર્યમાં લેખે લાગશે એટલું જ નહિ, પણ ભવનને શોભારૂપ નીવડશે એમ અમે માનીએ છીએ.

૬. ભવનમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા છેલ્લાં ત્રણ વર્ષમાં કેવી હતી તે બતાવતું તારણ આની જોડે (પરિશિષ્ટ ૪ તરીકે)* આપ્યું છે. તે ઉપરથી જણાશે કે આ વર્ષે (૧૯૬૨-૬૩) ભવનમાં કુલ ૧૦૮ વિદ્યાર્થીઓ છે, જેનો ફોડ એમ છે કે તેમાંના ૫૦ એમ.એ.ના મુખ્ય વિષય તરીકે અને ૫૫ ગૌણ વિષય તરીકે, તથા ૩ પીએચ.ડી. માટે ભણે છે. અગાઉનાં ત્રણ વર્ષની સંખ્યા સાથે જોતાં ગયા વર્ષ અગાઉ તે વધારે હતી. બે વર્ષથી તે ૧૦૭-૮ જેટલી સ્થિર ચાલે છે.

ભવનમાં વિદ્યાર્થી સંખ્યાની બાબતમાં એક વસ્તુ ધ્યાનમાં લેવી જોઈએ કે યુનિવર્સિટી વિસ્તારમાં અમદાવાદ બહાર ગુજરાતીનાં અનુસ્નાતક કેન્દ્રો બીજાં આઠ ચાલે છે, જેમાં લગભગ ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓ ભણે છે એવી માહિતી જાણવા મળી. ભવનનો સમય રોજ અને કામકાજના સામાન્ય રીતના બપોરના કલાકોનો હોય છે. કેન્દ્રોનો સામાન્ય સમય અઠવાડિયામાં શનિ-રવિવારે હોય છે. આથી વિદ્યાર્થીઓ પોતપોતાની અનુકૂળતા મુજબ સગવડસર્યા કેન્દ્રમાં કે ભવનમાં જોડાય છે. એમ.એ. ગુજરાતી અભ્યાસને માટે કેન્દ્રની અને ભવનની એમ બન્ને પ્રકારની વ્યવસ્થા યુનિવર્સિટી ચલાવે છે. તેમનો તુલનાત્મક અભ્યાસ કરવા જેવો ગણાય એમ અમને ભવનનું નિરીક્ષણ કરતાં લાગ્યું. ભવનની પેઠે કેન્દ્રનું નિરીક્ષણ થાય છે કે કેમ તે અમને ખબર નથી. જો ન થતું હોય તો તે સિન્ડિકેટે કરાવવું જોઈએ એવી અમારી ભલામણ છે, જેથી બે પ્રકારના ગુણદોષ તપાસીને અરસપરસ સુધારણા કરવા માટે મહદ્‌રૂપ વિચારબિંદુઓ અને સૂચના મળી શકે.

૭. ભવનના વિદ્યાર્થીઓની સાથેની અમારી વાતચીતમાં એક-બે સૂચનો અમને મળ્યાં હતાં કે જે આમ તો નવાં નથી છતાં નોંધપાત્ર લાગે છે. ઘેરથી અભ્યાસ કરીને બારે.માર બેસાય તેવું 'એક્સ્ટર્નલ' એમ.એ. હોય તો કેમ ? અને જો ભવનના કામકાજનો સમય સવારનો હોય તો સારું. આની અમે ભવનના અધ્યક્ષ જોડે ચર્ચા કરી હતી. બી.એ. એક્સ્ટર્નલ છે તેથી આગળ ન જવું, એવો અમારો મત છે, અને સવારનો સમય ભવનનું કામ સાંગોપાંગ રીતે કરવાને માટે ઓછો પડે એમ બતાવવામાં આવ્યું. અમને એ બરાબર લાગે છે.

૮. શિક્ષણની પદ્ધતિ અંગે અમને કહેવામાં આવ્યું કે આ વર્ષે સત્રમાં થયેલા કામની કસોટીરૂપે સત્રાંત પરીક્ષા લેવામાં આવી હતી તથા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ સ્વાધ્યાયની વ્યવસ્થા કરવામાં આવી છે. એક એવો વિચાર પણ અમે ચર્ચ્યો હતો કે બી.એ.થી આગળ વધી એમ.એ.માં પણ ત્રીસેક ગુણનું કામ ભવનના આંતરિક પરીક્ષણ પેઠે કરી શકાય તો કેવું ? આ સૂચન સ્વીકારાય તો ભવનનો અભ્યાસક્રમ વધારે સમયનો અને સંગીન યોજવો ઘટે, તે ફાયદો ગણાય. બીજી તરફથી જોતાં તે કેટલું સફળ કહી શકાય, તે પ્રયોગ કરી જોયે જણાય. કેન્દ્રોમાં જ્યાં કેવળ એક-બે દિવસ અને તે કેવળ વ્યાખ્યાન પૂરતું જ કામ થાય છે, ત્યાં આવું આંતરિક પરીક્ષણ કેમ ફાવે એ પણ જોવાનું રહે તથા એમ.એ. જેવા ઉચ્ચ અભ્યાસના વિદ્યાર્થીઓને માટે આવી વ્યવસ્થા કરવી જરૂરી ખરી ? એ સવાલ થાય. આ વિષે ચોક્કસ સૂચન કરી શકતા નથી.

૯. છેલ્લાં ત્રણ વર્ષોમાં ભવનના વિદ્યાર્થીઓની પરીક્ષાનું પરિણામ બતાવતો કોઠો (પરિશિષ્ટ ૫ તરીકે)* આ સાથે જોડ્યો છે. પરિણામ વિષે એક નોંધપાત્ર વસ્તુ એ ધ્યાનમાં આવી કે ત્રણ વર્ષમાં કોઈ પ્રથમ વર્ગમાં પાસ થતું નથી. પાસ સંખ્યા લગભગ ૭૦ ટકા આસપાસ જેટલી છે.

૧૦. ભવનને છાત્રાલયની સગવડ યુનિવર્સિટી છાત્રાલયમાં મળી રહે છે, પરંતુ બહુ ઓછા વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે. એક પીએચ.ડી.નો વિદ્યાર્થી જ આ વર્ષે છાત્રાલયમાં રહે છે.

વિદ્યાર્થીઓની ઇતર પ્રવૃત્તિઓ સંભાળવા માટે તેમનું વિધિસર મંડળ રચાતું નથી. પણ અમને જણાવવામાં આવ્યું કે આપોઆપ તેઓમાંથી બે-ત્રણેક જણા એમના મુખી પેઠે કામ કરે એવું તેઓ યોજી લે છે. રમતગમત ઇત્યાદિ જેવી પ્રવૃત્તિઓ આ કક્ષાના વિદ્યાર્થીઓમાં ખાસ જામી શકતી નથી એમ લાગે છે. યુનિવર્સિટીનાં બધાં ભવનોના વિદ્યાર્થીઓનું એક મંડળ બની, તેમની કોઈ વિદ્યાર્થી-પ્રવૃત્તિ યોજાતી જણાતી નથી.

૧૧. ભવનમાં સંચાલક જોડે એમ.એ.ના ચાલુ અભ્યાસક્રમ વિષે થોડી ચર્ચા નીકળી હતી. અમને લાગ્યું કે હવે શરૂ થતા ત્રણ વર્ષના ડિગ્રી કોર્સના સંદર્ભમાં એમ.એ.ના અભ્યાસક્રમને સળંગ કરી વિચારવાનું આવશે તથા આપણી મુખ્ય ભારતીય પ્રદેશ-ભાષાઓ અને તેમના સાહિત્ય વિષે સામાન્ય પરિચય એમ.એ. કક્ષાએ પહોંચતા વિદ્યાર્થીઓને મળે એ ઇષ્ટ અને આવશ્યક પણ કહેવાય. ભાષાની દૃષ્ટિએ તેમનો પરસ્પર તુલનાત્મક અભ્યાસ પણ તે તે ભાષાના યુનિવર્સિટી ભવનમાં થવો જોઈએ. આ વસ્તુને નવો અભ્યાસક્રમ વિચારતી વખતે ઘટતું સ્થાન આપવા જેવું લાગે છે. હવે પછી ગુજરાતી ઉપરાંત બીજી ભાષાઓને માટે પણ ભવનમાં જોગવાઈ થશે, ત્યારે આવા અભ્યાસ માટે સારી સગવડ થશે એમ કહેવાય.

ગુજરાત યુનિવર્સિટીમાં આ વિષય ભણતા બધા વિદ્યાર્થીઓ (કેન્દ્રો અને ભવનમાં બધે) અને તેમના અધ્યાપકો માટે વર્ષમાં એકાદ વાર અને અનુકૂળ સમયે થોડા દિવસનો શિબિરક્રમ યોજાય તો કેમ એવી એક સૂચના હતી. આ એક પ્રયોગ કરી જોવા જેવું સૂચન છે. એ જ.

તા. ૨૦મી માર્ચ ૧૯૬૭.

ડોલરરાય માંકડ
મગનભાઈ દેસાઈ.

---

* પરિશિષ્ટો અત્રે છાપ્યાં નથી.

ભાષા-સાહિત્ય ભવનનો ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

શ્રી. રજિસ્ટ્રાર,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ–૯.

ભાઈશ્રી,

તા. ૪–૨–૧૯૬૬ના આપના પત્રાંક સિં./૨૧/૦૩૭૧૯૬ મુજબ અમે ભવનના ત્રિવાર્ષિક નિરીક્ષણને માટે તા. ૨૧–૨–૧૯૬૬ના રોજ ૧૨–૩૦ વાગ્યે ગયા અને તે આખો દિવસ ભવનના વિદ્યાર્થીઓને મુખ્યત્વે મળ્યા હતા. તે દિવસે હિન્દીના વર્ગો ચાલુ નહોતા, તેથી તેમના સિવાયના વિદ્યાર્થીઓ (સંસ્કૃત, અંગ્રેજી તેમ જ ગુજરાતીના એમ.એ.ના) અમને મળ્યા હતા. તેમણે તેમના અભ્યાસ અંગે ઉત્સાહભેર ચર્ચાઓ કરી હતી અને તેમનાં મંતવ્યો જાણવાની તક અમને મળી હતી.

૨. તપાસને અંગે સામાન્યપણે યુનિવર્સિટી તરફથી સૂચના મુજબ મગાતી માહિતીનાં પત્રકો તૈયાર હતાં નહિ, તેથી તે કરીને મોકલવાની સૂચના આપી અને તે મળ્યા બાદ ફરી મળવાનું રાખીને આ દિવસનું કામ અમે પૂરું કર્યું હતું.

૩. માહિતીપત્રકો ઇત્યાદિ મળ્યા બાદ ફરી અમે તા. ૧૮–૩–૧૯૬૬ના રોજ ૧ વાગ્યે ભવનમાં મળ્યા હતા અને તે દિવસે લગભગ ૬–૩૦ વાગ્યા સુધી રોકાઈને અમારું કામ પૂરું કર્યું હતું.

૪. આ દિવસે અમારું મુખ્ય કામ માહિતીપત્રકોને આધારે વિશેષ જે કાંઈ જાણવા–પૂછવા માગીએ તે અધ્યક્ષશ્રી સાથે બેસીને કરવાનું હતું. એ બધું અમને ભવનના અધ્યક્ષે વિગતવાર આપ્યું તેમ જ બીજી રીતે અમારા કામમાં મદદ કરી તેને માટે અમે આભારી છીએ.

૫. આ ઉપરાંત, આ દિવસે બીજું મુખ્ય કામ સ્ટાફના સભ્યોને મળવાનું હતું. તે કામમાં અમારો ઠીક ઠીક વખત ગયો હતો. આખા સ્ટાફને ભેગા મળ્યા બાદ, વ્યક્તિગત કોઈ સભ્ય ઇચ્છે તો મળવા માટે અમે સૂચવેલું. તે મુજબ પણ અમને એક સભ્ય અને તે બાદ ૫ બીજા સભ્યો એકાંતમાં ભેગા મળ્યા હતા. હિન્દીના અધ્યાપક હાજર હતા નહિ, તેથી તેમને અમે મળી શકયા નહોતા. તા. ૨૧–૨–૧૯૬૬ના રોજ સામાન્યરૂપે તે અમને મળ્યા હતા. તેમણે પોતાના કામકાજ ઇત્યાદિ અંગે એક નોંધ અધ્યક્ષશ્રીને આપેલી, તે એમણે અમને બતાવી હતી.

૬. સ્ટાફે સૌ સાથે બેસીને તેમ જ વ્યક્તિશઃ ચર્ચાઓ અમારી આગળ કરી. તે મુખ્યત્વે ભવનના સંચાલન અંગે અને તેના કેટલાક પ્રશ્નો વિષે હતી. અમને જાણવાનું મળ્યું કે આ બાબતો અંગે ભવનના અધ્યક્ષ મારફત તેમ જ બીજી રીતે, કેટલીક જાણકારી યુનિવર્સિટી કાર્યાલય તેમ જ વાઇસ-ચાન્સેલર સાહેબને પણ આપવામાં આવી છે, એટલે અમે એની વિગતોમાં અહીં પડવાનું જરૂરી માનતા નથી.

૭. ભવનના સંચાલનના કેટલાક આંતરિક પ્રશ્નો પણ એમાં અમારી આગળ મૂકવામાં આવ્યા હતા. અમારી તપાસ ખાસ તેવી કોઈ બાબતને અંગે ન હોઈ, અમે તેમાં જઈ ન શકીએ, એમ અમે અધ્યક્ષશ્રીને જણાવ્યું; છતાં તેઓએ અને તેમના સાથીઓએ મળીને ખુલ્લા દિલે અમારી જોડે વાત કરી, તે માટે અમે તેમના આભારી છીએ. આ વિષે યુનિવર્સિટી કાર્યાલય માહિતગાર છે જ અને અમારા કામમાં તે ન હોઈ, અમે તે અંગે કાંઈ નિવેદન ન કરીએ તે ઉચિત ગણાય.

૮. ભવન યુનિવર્સિટીનું જ હોઈને તેનું સંચાલન યુનિવર્સિટી તે માટેના અધ્યક્ષ દ્વારા કરે છે. હવે ભવનના અનેક વિભાગો થાય છે, તેની સાથે સ્ટાફ પણ વધે છે. આથી કરીને, સંચાલનકાર્ય એકરાગથી અને બધાં ભવનોના સમન્વિત રૂપમાં થાય એ જરૂરી બને છે.

૯. ભવન માટે તેનું અલગ મકાન છે. તેના કેટલાક ભાગમાં વિજ્ઞાન ભવનનું કામ ચાલતું હતું તે હવે તેનાં નવાં મકાનો થતાં ત્યાં જવાથી, મકાનની મોકળાશ ભાષા-ભવનને થઈ છે. ભવનમાં આ ત્રિવર્ષીના અંત ભાગમાં નવી ભાષાઓના વિભાગો શરૂ થયા છે. હવે મકાન આખું તે ખાતે મળતાં તેમને માટે પૂરતી મોકળાશ થઈ રહેશે.

૧૦. ગ્રંથાલય, વાચનાલયની સવડ ભવન પાસે અલગ હોય તો વધારે સારું એવી વાત સ્ટાફની જોડેની ચર્ચામાં નીકળી હતી. તે અંગે યુનિવર્સિટીએ એવી નીતિ રાખી છે કે એક મુખ્ય પુસ્તકાલય યુનિવર્સિટીનું હોય અને તે બધાં જ ભવનોની જરૂરિયાતો સંભાળીને કામ કરે અને એ મુખ્ય નીતિની મર્યાદામાં રહીને, દરેક ભવનને જે જે સગવડ ખાસ જોઈએ તે પૂરી પાડવા જોગવાઈ કરે. અમે જણાવ્યું કે આ નીતિમાં રહીને જે જે વિશેષ અનુકૂળતાઓ કે સગવડો જોઈએ તે મેળવી શકાય છે અને તે આપવામાં આવે, એ રીતે ભવન પોતાની જરૂરિયાતો રજૂ કરી શકે. જરૂરી અનુકૂળતામાં, ભવનના

અભ્યાસના વિષયોનાં પુસ્તકો પૂરતા પ્રમાણમાં આવવાં જોઈએ, એ મુખ્ય છે. અધ્યાપકો પાસે, પોતાના કામને અંગે જરૂરના ગ્રંથો રહી શકે, એવી સગવડ હોવી જોઈએ. સામયિક સાહિત્યમાંનું જે ભવનના અભ્યાસ અંગેનું હોય તે તેને વિશેષ ઉપલબ્ધ હોય, તો તેનો ઉપયોગ વધારે સારી ને સરળ રીતે થઈ શકે. સંસ્કૃતમાં સામયિક સાહિત્ય હવે પ્રગટ થાય છે, તેમાંથી કાંઈ હાલમાં યુનિવર્સિટીમાં આવતું ન હોય તો તે મંગાવવું જોઈએ. કેટલાક ગ્રંથોની ખાસ જરૂર હોય તે મુજબ, તેની અનેક નકલો ઉપલબ્ધ થાય તો શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓને વધારે ફાવે. આ બધી વસ્તુઓ અંગે ભવનના અધ્યક્ષે પોતાની જરૂર મુજબની સૂચનાઓ વિચારીને, ગ્રંથાલય પર મોકલવી ઘટે. અમારી ભલામણ છે કે આનો વિચાર સહાનુભૂતિપૂર્વક કરવો જોઈએ.

૧૧. **અધ્યાપન અને સંશોધન કાર્ય** : ગઈ ત્રિવાર્ષિક તપાસ વખતે ભવનમાં ગુજરાતી અને ભાષાવિજ્ઞાનના અભ્યાસ માટેનો જ વિભાગ હતો. બાદ ૧૯૬૩ના નવેંબરથી અંગ્રેજી અને હિન્દી વિભાગો ઉમેરાયા અને તેનું અનુસ્નાતક શિક્ષણકાર્ય (અમદાવાદ શહેરનું) કેન્દ્ર ભવનમાં ચાલુ કરાયું. ૧૯૬૪–૬૫માં સંસ્કૃત, ફારસી ભાષાઓના વિભાગ શરૂ થયા અને તેનું અનુસ્નાતક શિક્ષણકાર્ય કેન્દ્ર પણ ભવનમાં ચાલુ કરાયું.

૧૨. એટલે હાલમાં ભવનમાં આ વિભાગોનું કામકાજ ચાલે છે : (૧) ગુજરાતી, (૨) ભાષા-વિજ્ઞાન, (૩) અંગ્રેજી, (૪) હિન્દી, (૫) સંસ્કૃત, (૬) ફારસી. બધા જ વિષયો (ભાષાવિજ્ઞાન સિવાય) મુખ્ય તેમ જ ગૌણ કક્ષાએ ભણાવી શકાય છે. ભાષાવિજ્ઞાન ગૌણ કક્ષાએ જ ભણાવાય છે તેમ જ આ બધા વિષયો માટે "પીએચ.ડી."ની પદવી માટે માન્ય માર્ગદર્શકો ભવનમાં છે, તેથી એ કામ પણ થઈ શકે છે.

ઉપરાંતમાં, ઇંગ્લિશના બે સર્ટિફિકેટ કોર્સ તેમ જ પરદેશીઓ માટે હિન્દીના વર્ગો તે તે વિભાગમાં ચાલે છે.

૧૩. આ બધા શિક્ષણકાર્યને માટે ભવનના અધ્યાપકો ઉપરાંત જુદા જુદા વિષયનના અધ્યાપકો તેમ જ બહારના જાણીતા વિદ્વાનોને નિમંત્રણ આપવામાં આવે છે. ત્રણ વર્ષ દરમિયાન, આ પ્રમાણે નિમંત્રિત વ્યક્તિઓની યાદી અધ્યક્ષશ્રીએ અમને આપી, તેની નકલ આની સાથે (પરિશિષ્ટ ૧ જુઓ)* જોડી છે.

૧૪. ઉર્દૂ, અર્ધમાગધી અને પાલિ એ ત્રણ ભાષાનાં અનુસ્નાતક કેન્દ્રો ભવનમાં નથી ચાલતાં. ગૌણ વિષયો તરીકેનું શિક્ષણકાર્ય ભવનમાં ચાલે છે. એની સાથે હવે તેનાં કેન્દ્રો પણ ભવનમાં ચાલુ કરાય અને બહારના માન્ય અનુસ્નાતક અધ્યાપકોની મદદ લેવાય, તો કેમ ? એ વિષે અમે ભવનના અધ્યક્ષ તથા સ્ટાફ સાથે વાત કરેલી. આજે ઉર્દૂ માટે માન્ય શિક્ષક પ્રો. નાયક ભવનમાં છે અને પ્રો. ભાયાણી આવતાં પાલિ ને અર્ધમાગધી માટે પણ વ્યવસ્થા થઈ શકે છે. એટલે તે વિષયનાં કેન્દ્રો (અમદાવાદ માટે) ભવનમાં સહેલાઈથી નિયોજી શકાય, એમ લાગ્યું. અમારી ભલામણ છે કે આ બાબતમાં વિચાર કરાવો જોઈએ.

૧૫. અનુસ્નાતક ભાષા-શિક્ષણ અંગે અમારી જોડે થયેલી ચર્ચામાં એક એવું સૂચન થયેલું કે, અત્યારે પ્રત્યેક ભાષા જુદા જુદા વિષય તરીકે અલગ રખાય છે તેને બદલે તેઓમાં પરસ્પર સંબંધ જોઈને સંલગ્ન ભાષાઓના જૂથ ભણાવવાનો ક્રમ હોય તો કેવું ? જેમ કે સંસ્કૃત સાથે પાલિ–પ્રાકૃત; હિન્દી, ફારસી સાથે ઉર્દૂ ઇત્યાદિ. તથા અર્વાચીન દેશી ભાષાઓમાં પણ આ દૃષ્ટિએ જૂથો પાડ્યાં હોય

(જેમ કે ગુજરાતી, હિન્દી, મરાઠી, રાજસ્થાની, વ્રજ વગેરે) તો ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ પણ ઇષ્ટ થાય તથા ભાષાવિજ્ઞાનનો લાભ જેમ હાલ ગુજરાતીને (પ્રશ્નપત્ર ૫ દ્વારા) મળે છે તેમ બીજી ભાષાઓમાં પણ કેમ ન થાય ? જો એમ થાય તો ભાષાવિજ્ઞાન અને તેના કેટલાક મૂળભૂત સિદ્ધાંતો વિવિધ ભાષાઓના અભ્યાસના પાયારૂપ બને તેમ જ સંશોધન અંગે પણ, અનેક ભાષાઓના સમન્વિત તથા તુલનાત્મક (સમીક્ષારૂપે) અભ્યાસ કે સમીક્ષારૂપે બાબત હોય, તો તેમાં પણ તે તે ભાષાનો અધ્યાપકગણ ભેગો મળીને કામ કરે એ સ્વાભાવિક છે. આમ ભવનના સંશોધન તથા અભ્યાસક્રમ અંગે અનેક વસ્તુઓ કહી શકાય. ઉપરની બાબત સૂચનારૂપે નોંધપાત્ર ગણીને અહીં નોંધી છે. ભવનના અધ્યક્ષશ્રી તે અંગે ઘટતી રીતે યુનિવર્સિટીનાં ઉચિત મંડળો કે સમિતિઓ દ્વારા એનો વિચાર કરાવી શકે છે, એમ અમે સૂચવ્યું હતું.

૧૬. ભવનમાં અત્યારે કામ કરતા અધ્યાપકમણ વિષે નોંધ અપને મળી તે આ સાથે પરિશિષ્ટ "૨"* રૂપે જોડી છે. તેમાં તેમના અઠવાડિક અધ્યાપનકાર્યના સમય વિષે પણ માહિતી આપી છે.

૧૭. અધ્યાપનકાર્યનો ભાર દરેકને માટે ઓછામાં ઓછા ચારેક ને વધુમાં વધુ આઠેક કલાક જેટલો દર અઠવાડિયે આવે છે. તે ઉપરાંત પીએચ.ડી.ના માર્ગદર્શનનું કાર્ય ચાલે તેમાં દરેક માર્ગદર્શક કેટલો સમય આપે, તેનો ક્યાસ તેમના તે અર્થે નોંધાયેલ વિદ્યાર્થી-સંખ્યા (આ વિષે હવે પછી તે જણાવીએ છીએ) પરથી કલ્પી શકાય, પરંતુ ચોક્કસ કેટલા કલાકનું કામ (અઠવાડિયે સરેરાશ), એ કહી ન શકાય.

૧૮. આ ઉપરાંત સમય બચે તે અધ્યાપકગણ પોતપોતાના અભ્યાસ-સંશોધન કાર્યમાં આપે છે. એ પેટે, આ ત્રિવર્ષી દરમિયાન વ્યક્તિગત જે કામકાજ થયું છે તે અંગે અમને મળેલ હેવાલ આ સાથે પરિશિષ્ટ "૩"* તરીકે જોડ્યો છે તે જોવા વિનંતી.

૧૯. તથા અમુક સંશોધનનું કામકાજ કેટલાક અધ્યાપકો મળીને અને ભવનના કામ તરીકેની યોજના મુજબ ચાલે છે, તે દરેક અધ્યાપકના વ્યક્તિગત કામમાં પણ નોંધાયું હોઈને, તે વિષે અલગ વિવરણની જરૂર નથી.

૨૦. તથા યુનિવર્સિટી તરફથી, જુદા જુદા વિષયોની ગુજરાતી પરિભાષા જે તૈયાર થાય તે પ્રસિદ્ધ થતાં અગાઉ, ભવનને તે જોઈ જવા સોંપાય છે તે ક્રમ ચાલુ હતો, એમ અમને અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

૨૧. સમયપત્રક મુજબ વર્ગશિક્ષણના કામ ઉપરાંત તે તે વિષયવાર પરિસંવાદો (સેમિનાર) યોજવામાં આવે છે. સત્રને અંતે વિદ્યાર્થીઓને "કસોટી" પત્ર અપાય છે અને તેના ઉત્તરો ઉપરથી વિદ્યાર્થીના કામને ચકાસી શકાય છે. નિયત પાઠ્યપુસ્તકો ઉપરાંત વિશેષ "સ્વાધ્યાય" માટે ઇતર ગ્રંથો વાંચવાનું સૂચવવામાં આવે છે.

૨૨. વિદ્યાર્થીઓ : ભવનમાં અનુસ્નાતક વિદ્યાર્થી-સંખ્યા આ ત્રિવર્ષીમાં કેવીક હતી તેના આંકડા અમને મળ્યા તે આ સાથે પરિશિષ્ટ "૪"* રૂપે આપ્યા છે તેમ જ તેઓમાં ભણવા સાથે નોકરી-કામ કરનારાની સંખ્યા પણ મળી તે જોડી છે.* ભવનના અધ્યાપકો પાસે પીએચ.ડી. માટે કામ કરતા વિદ્યાર્થીઓની સંખ્યાનું અધ્યાપકવાર પત્રક અમને મળ્યું તે સાથે છે.*

૨૩. ચાલુ વર્ષે સિનિયર જુનિયર મળીને બીજા સત્રમાં ગુજરાતીમાં ૫૯, હિન્દીમાં ૪૬, અંગ્રેજીમાં ૫૦, સંસ્કૃતમાં ૪૩ ને ફારસીમાં ૧ — કુલ ૧૯૯ સંખ્યા હતી.

૨૪. પીએચ.ડી માં ગુજરાતીમાં ૭, અંગ્રેજીમાં ૪, સંસ્કૃતમાં ૫, ફારસીમાં ૩ વિદ્યાર્થીઓ કામ કરે છે.

૨૫. પ્રવેશ આપવાના ધોરણ અંગે અમારી સાથે સ્ટાફનાં સભ્યોએ ચર્ચા કરી હતી તે ધોરણ કાંઈક વધારે [redacted] રખાય તો ઠીક, એવી લાગણી સ્વાભાવિક કહેવાય, પરંતુ એમાં એક વસ્તુ એ જોવી પડે કે ભવન ઉપરાંત અન્યત્ર ચાલતાં બીજાં બધાં કેન્દ્રો પણ યુનિવર્સિટી જ ચલાવે છે, એટલે બધે આ બાબતમાં સમાન રીત હોવી ઘટે. આજે આવું કાંઈ વિચારાયું નથી, તેનો વિચાર કરવા જેવો છે તેમ જ ભવન બહારનાં કેન્દ્રોની પણ તપાસ કરતા રહેવાનો ક્રમ હોય તો સારું, એમ અમે આ વિષે સૂચવીએ છીએ.

૨૬. ભવનના વિદ્યાર્થીઓની સંખ્યા તથા પરીક્ષાનાં પરિણામ (આ ત્રિવર્ષીમાં)ની વિગતો અમને મળી તે આ સાથે પરિશિ. ૮ "૫" માં)* જોડી છે તે સંતોષકારક ગણાય એવી છે.

૨૭. ભવનના બધા વિદ્યાર્થીઓનું મંડળ રચી તેમની સંઘપ્રવૃત્તિ યોજવાનું કામ આ ત્રિવર્ષીમાં પણ થયું નથી એ ઊણપ કહેવાય. વિષયવાર, વર્ગવાર કાંઈક મંત્રી કે મુખી જેવું હોય છે એમ લાગ્યું. હવે મકાનની મોકળાશ થતાં આ વિષે કાંઈક પ્રગતિ કરાય એ જરૂરી છે.

૨૮. યુનિવર્સિટીનાં બધાં જ ભવનોમાંના વિદ્યાર્થીઓ એક સમૂહમાં પ્રસંગોપાત્ત મળે અથવા એ બધાનું કોઈક રીતનું સંગઠન હોય તો સારી વસ્તુ કહેવાય. આ વિચાર સ્ટાફ જોડેની વાતમાં ચર્ચાયો હતો તે આગળની વસ્તુ કહેવાય. તે પૂર્વે દરેક ભવન તેના સમગ્ર વિદ્યાર્થીમંડળનું સંગઠન કરે એ જરૂરનું છે, તો તેમની સંઘપ્રવૃત્તિઓ ખીલી શકે તેમ જ ભવનની શિસ્ત વગેરે બાબતમાં પણ ફેર પડે.

૨૯. વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા યુનિવર્સિટી પોતે કરે છે એટલે તે અંગે ભવનને કાંઈ ખાસ કરવાનું હોતું નથી. અધ્યાપનકાર્ય ઉપરાંત મહત્વનું બીજું કાર્ય ભવન માટે સંશોધન-પ્રકાશન છે તે વિષે કેટલુંક ઉપર નોંધ્યું છે. તેમાં ભવનમાં જે કામ ચાલે છે તેની અમુક વિગતો ત્યાં આપી છે તે પરથી જણાય છે કે પીએચ.ડી. માટે માર્ગદર્શન સંશોધનકાર્ય અંગેનો એક પ્રકાર છે : અધ્યાપકો પોતે મનપસંદ વિષયોનો અભ્યાસ કરે અને તેને વ્યાખ્યાન, લેખાદિરૂપે પ્રગટ કરે, એ બીજો છે; અને તે ઉપરાંત સમગ્ર સંસ્થા કોઈ કાર્ય આદરે કે હાથ લે, તે ત્રીજો પ્રકાર છે. આ ત્રીજા પ્રકારનું કાર્ય યુનિવર્સિટી ભવનની દૃષ્ટિએ મુખ્ય અને નોંધપાત્ર કહેવાય. તે અંગે બે ક્ષેત્ર પાડીને જોઈએ : (૧) ગ્રંથ-સંપાદનકાર્ય, (૨) સંશોધનકાર્ય. તો તેમાંનું સંપાદનનું કામ ભવનમાં અત્યારે આગળ પડતું ને મુખ્ય ચાલતું દેખાય છે. આ ત્રિવર્ષીમાં થયેલું કામ "અખેગીતા" બહાર પડશે. આ કામ ગઈ ત્રિવર્ષીમાં ચાલુ હતું તે હવે પૂરું થઈને પ્રસિદ્ધ થશે. તે પછી "દશમસ્કંધ"નું સંપાદન કામ ચાલે છે તથા અખાની બીજી એક કૃતિ હાથ ધરાશે. યુનિવર્સિટી ભવન તરફથી પ્રકાશન કામ અંગે "અખેગીતા"નું સંપાદન જેટલું થયું છે તે ભાગ્યે જ પૂરતું કહેવાય. આ કામમાં વેગ અને વધારો થાય એ ઇષ્ટ છે.

૩૦. અભ્યાસ-સંશોધન-કામને અંગે ભાવી કાર્યક્રમ વિષે અમારી જોડે ચર્ચાવિચારણા સ્ટાફની સભામાં થઈ હતી તથા ભવન તરફથી એક યોજના ગુજરાત સરકારને અપાઈ છે તે અમને જણાવવામાં આવ્યું છે.

૩૧. અમારી સૂચના એ છે કે ભવન તરફથી સંપાદન, સંશોધન અંગેનો વ્યવસ્થિત કાર્યક્રમ વર્ષવાર યોજાય અને તેનો અમલ બરોબર થાય એ પ્રકારે આ કામ પણ (અધ્યાપનકાર્ય પેઠે) ગોઠવાઈને ચાલે તો આ કામ સારી રીતે અદા થઈ શકશે અને તેમાં નોંધપાત્ર પ્રગતિ સધાશે.

તા. ૧૧-૧-૧૯૬૯.

ટી. એન. દવે
મગનભાઈ દેસાઈ.

---

* પરિશિષ્ટો અત્રે છાપ્યાં નથી.

સમાજવિદ્યા ભવનનો ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

તા. ૪-૨-૧૯૬૯ના પત્રાંક ૦૪૭૧૬૨/૧૯૬૯ અનુસાર અમે બંને સભ્યો સમાજવિદ્યા ભવનના ત્રિવાર્ષિક નિરીક્ષણ માટે તા. ૮-૩-૧૯૬૯ના રોજ ગયા હતા. ભવન વિષેની કેટલીક માહિતી સંચાલકશ્રી પ્રો. શિનોયે અમોને અગાઉથી મોકલી આપી હતી. કેટલીક બીજી માહિતી અમે માગી તે અમોને પાછળથી પહોંચતી કરી હતી. સત્રના છેલ્લા દિવસો હોવાથી કેટલાક વિદ્યાર્થી-પ્રતિનિધિઓ સિવાયના વિદ્યાર્થીઓને અમે મળી શકયા નહોતા સંચાલકશ્રી, અધ્યાપકગણ અને વિદ્યાર્થીમંડળના કાર્યવાહક સમિતિના સભ્યો સાથે અમે લગભગ ચાર કલાકની ચર્ચાવિચારણા કરી હતી. આમ વ્યવસ્થિત મુક્ત વાતાવરણમાં નિરીક્ષણની તક આપવા માટે અમે ભવનના આભારી છીએ. અમે આ ચર્ચાવિચારણાને આધારે ભવનના ત્રિવાર્ષિક કામકાજ વિષે નીચે પ્રમાણે અહેવાલ રજૂ કરીએ છીએ :

૧. ૧૯૫૪માં સ્થપાયેલ આ ભવનમાં શરૂઆતથી જ હાલના સંચાલક શ્રી. પ્રો. શિનોયની રાહબરી હેઠળ કામ ચાલી રહ્યું છે. મકાન તેમ જ પ્રંથાલયની સવડ યુનિવર્સિટીએ જ કરી છે અને તે સારી પેઠે થયેલી છે, જોકે મકાનનો કેટલોક ભાગ હાલમાં વિજ્ઞાન વિદ્યાભવન વાપરે છે, તેથી સમાજવિદ્યા ભવનને જગ્યાની થોડી તંગી વેઠવી પડે છે, પરંતુ સંચાલકશ્રી જણાવે છે કે આગામી સત્ર (જૂન ૧૯૬૯થી) વિજ્ઞાન વિદ્યાભવનનો આ વિભાગ પોતાના મકાનમાં ખસી જશે એટલે આ ભવનને પૂરતી સગવડ થઈ રહેશે.

૨. નામસંસ્કરણ મુજબ નીચેની સમાજવિદ્યાઓનું અધ્યાપન અને સંશોધન (એમ.એ., પીએચ.ડી. માટે) થઈ રહ્યું છે :

(૧) અર્થશાસ્ત્ર, (૨) રાજ્યશાસ્ત્ર, (૩) સમાજવિજ્ઞાન, (૪) મજૂર-કલ્યાણ, તથા (૫) ઇતિહાસ.

(નોંધ.—આંકડાશાસ્ત્રના વિષયને જૂન, ૧૯૬૩થી ગણિત વિભાગ સાથે જોડવામાં આવ્યો છે.)

આ કામ કુલ ૧૫ અધ્યાપકો કરી રહ્યા છે. આગલી ત્રિવાર્ષિક નિરીક્ષણ સમિતિ તા. ૯-૩-૧૯૬૩ના રોજ ગયેલી ત્યારે ૧૯ અધ્યાપકો હતા. નીચે પ્રમાણે પ્રત્યેક વિભાગમાં જુદી જુદી કક્ષાના અધ્યાપકો

કામ કરે છે :

ક્રમાંક	વિદ્યાવિભાગ	પ્રોફેસરની સંખ્યા	રીડરની સંખ્યા	લેક્ચરરની સંખ્યા	કુલ સંખ્યા
૧.	અર્થશાસ્ત્ર	૧	૩	૨	૬
૨.	રાજ્યશાસ્ત્ર	૧	૧	૧	૩
૩.	સમાજવિજ્ઞાન	—	૧	૨	૩
૪.	મજૂર-કલ્યાણ	—	—	૨ (૪ બહારના)	૨
૫.	ઇતિહાસ	—	—	૧	૧
	કુલ...	૨	૫	૮	૧૫

(નોંધ.—એક રીડર અર્થશાસ્ત્ર તથા મજૂર-કલ્યાણ બંને વિભાગોમાં કામગીરી બજાવે છે.)

આ ઉપરાંત બહારથી મજૂર-કલ્યાણ વિભાગ માટે એ ક્ષેત્રના ચાર નિષ્ણાતોને "વિઝિટિંગ વ્યાખ્યાતાઓ" તરીકે વ્યાખ્યાનો માટે બોલાવવામાં આવે છે. વળી કૃષિ અર્થશાસ્ત્રના લેક્ચરર હાલ પરદેશ ગયેલા હોવાથી સિનિયર એમ.એ. પૂરતા જ ઇતર યુનિવર્સિટીઓમાંથી "વિઝિટિંગ અધ્યાપક" વ્યાખ્યાનો માટે આવે છે અને જુનિયર એમ.એ.માં વિદ્યાર્થીઓને આ વિષયનો વિકલ્પ લેવાની વ્યવસ્થા થઈ શકી નથી. કૃષિ અર્થશાસ્ત્રના એક રીડરની જગ્યા ખાલી જ રહી છે. અમને એમ લાગે છે કે ગુજરાત યુનિવર્સિટીના માન્ય અનુસ્નાતક શિક્ષકોમાંથી જ આ વિષયના અધ્યાપન માટે નિયમિત કામગીરીની દૃષ્ટિએ વ્યવસ્થા કરવી હિતાવહ થઈ પડશે. આ વિષેમની ખાલી પડી રહેલી જગ્યા બનતી ત્વરાએ પૂરી લેવી જોઈએ.

૩. અધ્યાપકોની સંખ્યાની સરખામણીમાંથી જુદા જુદા વિષયોમાં માસ્ટર ડિગ્રી માટે નીચે પ્રમાણેની સંખ્યા છે :

ક્રમાંક	વિષય	વિદ્યાર્થીઓની સંખ્યા	અધ્યાપકોની સંખ્યા	અધ્યાપક દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા (લગભગ)
૧.	અર્થશાસ્ત્ર (સંપૂર્ણ)	૧૨૬	૫	૨૫
૨.	રાજ્યશાસ્ત્ર (સંપૂર્ણ)	૩૪	૩	૧૧
૩.	સમાજવિજ્ઞાન (સંપૂર્ણ)	૪૮	૩	૧૬
૪.	મજૂર-કલ્યાણ (સંપૂર્ણ)	૪૭	૩	૧૬
૫.	ઇતિહાસ (સંપૂર્ણ)	૧૩૪	૧	૧૩૪
૬.	અર્થશાસ્ત્ર–રાજ્યશાસ્ત્ર	૧	—	—
૭.	અર્થશાસ્ત્ર–સમાજવિજ્ઞાન	૧	—	—
૮.	સમાજવિજ્ઞાન–રાજ્યશાસ્ત્ર	૧૧	—	—
૯.	ઇતિહાસ–અર્થશાસ્ત્ર	૨	—	—
૧૦.	ઇતિહાસ–રાજ્યશાસ્ત્ર	૪	—	—
૧૧.	ઇતિહાસ–સમાજવિજ્ઞાન	૬	—	—
૧૨.	સમાજવિજ્ઞાન–માનસશાસ્ત્ર	૩૨	—	—
	કુલ...	૪૪૬	૧૫	૨૦૨

ઉપલા આંકડા પરથી જોઈ શકાશે કે કુલ ૪૪૬ વિદ્યાર્થીઓમાંથી ફક્ત ૫૬ વિદ્યાર્થીઓ એક વિષયમાં પારંગત થવાને બદલે બે જુદા જુદા પણ સંબંધિત વિષયોમાં અભ્યાસ કરે છે. આમ એક વિષયમાં તજ્જ્ઞ બનવા અભ્યાસ કરનારની સંખ્યા ૩૯૦ની છે. અધ્યાપકોની સંખ્યા તથા વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં વ્યક્તિગત સંપર્ક માટે અવકાશ પૂરતો નથી એ સહેજે સમજી શકાય એમ છે. એમ છતાં ચર્ચા કરતાં જાણવા મળ્યું કે અવારનવાર વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે મળીને અભ્યાસ વગેરે બાબતમાં સંપર્ક સાધવા અધ્યાપકો પ્રયત્નશીલ રહે છે.

ઇતિહાસ વિભાગમાં ફક્ત લેક્ચરર કક્ષાના એક જ અધ્યાપકથી કામ શરૂ કરી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો છે. અમને લાગે છે કે ઓછામાં ઓછા રીડરની કક્ષાના સ્ટાફથી જ કોઈ પણ વિભાગ શરૂ થવો જોઈએ. આમ હાલ તો પહેલાંના ગુજરાત કૉલેજમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રને સમાજવિદ્યા ભવનના સંચાલન હેઠળ મૂકવાની જ વ્યવસ્થા તાત્પૂરતી થઈ છે એમ કહી શકાય. યુનિવર્સિટીને એકમાત્ર લેક્ચરર સિવાય અન્ય આઠ માન્ય અનુસ્નાતક અધ્યાપકો પૂર્વવત્ ભવનની સૂઝ મુજબ સાંજે વર્ગોમાં અધ્યાપનનું કાર્ય કરી રહ્યા છે. વર્ગો સાંજના બંધ થવા જોઈએ એમ અમને લાગે છે. વળી ઇતિહાસ વિભાગમાં અધ્યાપન તથા સંશોધન માટે જરૂરી સ્ટાફ વગેરેની વ્યવસ્થા બનતી ત્વરાએ થવી જોઈએ એમ પણ અમને લાગે છે.

૪. પીએચ.ડી. માટે ભવનમાં અર્થશાસ્ત્ર, સમાજવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, એમ પ્રત્યેક વિષય માટે એક એક 'ગાઈડ' છે. અર્થશાસ્ત્રમાં ફક્ત એક જ વિદ્યાર્થી હાલમાં સંશોધનકાર્ય કરે છે. એમના "ગાઈડ"નું કહેવું એમ છે કે પીએચ.ડી. કક્ષાના સંશોધનનું યોગ્ય ધોરણ જાળવી શકે એવા વિદ્યાર્થીઓ પૂરતી સંખ્યામાં એમને મળતા નથી. એમનું એવું સૂચન છે કે રૂા. ૨૦૦ (માસિક)ને બદલે રૂા. ૨૫૦ (માસિક)ની શિષ્યવૃત્તિઓ અપાય તો તેજસ્વી વિદ્યાર્થીઓની એ પ્રકારના અભ્યાસ માટે જોડાવાની શક્યતા વધુ રહેશે. આ સૂચન પરત્વે યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં મંડળો વિચારી જાય એમ અમે ઇચ્છીએ છીએ. રાજ્યશાસ્ત્રમાં બે અને સમાજવિજ્ઞાનમાં ત્રણ વિદ્યાર્થીઓ પીએચ.ડી. માટે સંશોધનકાર્ય કરી રહ્યા છે.

૧૯૫૪થી સ્થપાયેલ આ ભવનમાં પીએચ.ડી. કક્ષાનું સંશોધનકાર્ય મંદ ગતિએ ચાલી રહ્યું છે તે નિર્વિવાદ છે. તેજસ્વી વિદ્યાર્થીઓની આ કામ કરવાની તત્પરતાનો અભાવ જરૂર એ માટેનું એક કારણ હોઈ શકે. પરંતુ એ માટે એમ.એ. કક્ષાના તેજસ્વી વિદ્યાર્થીઓનું ઘડતર કરી તેમને આવા કામમાં જોડાવા પ્રોત્સાહિત કરવાનું કામ પણ ભવનના અધ્યાપકોનું એક અગત્યનું કાર્ય છે. એવી પ્રણાલિકા ઊભી કરવાની જવાબદારી ભવનના શિરે રહેલી જ છે એ સ્વીકારવું જોઈએ. અમને લાગે છે કે અધ્યાપકોના વ્યક્તિગત સંશોધન ઉપરાંત એમના આ પ્રકારના સંશોધન માટે "રિસર્ચ આસિસ્ટન્ટ્સ" જેવી જગ્યાઓએ એમ.એ. પછીના વિદ્યાર્થીઓને કામે લગાડવામાં આવે તો આ ઊણપ કદાચ દૂર કરી શકાય.

અધ્યાપકો પોતાના વ્યક્તિગત સ્વતંત્ર સંશોધનકાર્યની શરૂઆત કરી રહ્યા છે એવું અમને માહિતી પરથી લાગે છે. તેમ છતાં પ્લાનિંગ કમિશનની રિસર્ચ પ્રોગ્રેમ્સ કમિટી જેવી સંસ્થા તરફે સંશોધન માટે મળતી નાણાકીય સહાય વગેરે દ્વારા સંશોધન-સ્કીમો પૂરતા પ્રમાણમાં હાથ ધરાયેલી નથી એ એક હકીકત છે. વળી પ્રતિષ્ઠિત સામયિકો, સંશોધન-નિબંધો હજુ વધુ પ્રમાણમાં ભવન તરફથી રજૂ કરાય એવી અપેક્ષા યથાયોગ્ય લેખાવી જોઈએ. વળી આજના યુગમાં સરકારી સમિતિઓ તથા કમિશનો સમક્ષ જે તે વિભાગના નિષ્ણાત અધ્યાપકો મેમોરેન્ડમ વગેરે સુપરત કરે તોપણ ફળદાયક સંશોધનને

વેગ મળે. આમ થાય તો સમાજની સમસ્યારૂપ પ્રશ્નો પરત્વેની બૌદ્ધિક સમાનતાનો પ્રત્યક્ષ પુરાવો ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ આપી શકે.

નિરીક્ષણ સમિતિ સાથેની સંશોધનકાર્ય અંગેની ચર્ચામાં "રિસર્ચ આસિસ્ટન્ટો"ની જરૂરિયાત પર અધ્યાપકોએ ભાર મૂકયો હતો. અમને એમ લાગે છે કે અધ્યાપકો સંશોધનનું કાર્ય વિકસાવે તો આવી નિમણૂકો ઉપકારક નીવડશે. વળી આવું સંશોધનકાર્ય કરવાથી પીએચ.ડી. માટે હાલના નિયમો હેઠળ માન્યતા મેળવવાની પાત્રતા ધરાવતા અધ્યાપક-વર્ગમાં વધારો થતાં સંશોધનકાર્યમાં રોકાયેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો શકય બનશે.

સમગ્ર દૃષ્ટિએ જોતાં ભવનમાં સંશોધનકાર્ય બાબતમાં હવે પછી વધારે ગંભીર રીતે યુનિવર્સિટીનાં જે તે અધિકૃત મંડળોએ સક્રિય રચનાત્મક સૂચનો દ્વારા વેગ આપવાનું વિચારી લેવાનો સમય પાકી ગયો છે એમ અમને લાગે છે.

૫. અમને જાણીને આનંદ થયો કે ટયૂટોરિયલ પદ્ધતિ દ્વારા શિક્ષણકાર્ય ખૂબ જ કાળજીપૂર્વક થઈ રહ્યું છે. વળી સેમિનાર પદ્ધતિ પણ અપનાવવામાં આવી છે. જો ભવનનું પોતાના વિદ્યાર્થીઓનું સામયિક હોય તો એ કામગીરીની ફલશ્રુતિરૂપે આ શિક્ષણકાર્યનો ખ્યાલ બહારની દુનિયાને મળી શકે.

૬. ઓછામાં ઓછા બીજા વર્ગમાં બી.એ. થનારમાંથી પ્રવેશ મેળવનારા બધા જ વિદ્યાર્થીઓને પ્રવેશ મળી રહે છે. તે ઉપરાંત અધ્યાપકો (કૉમન રૂમમાં) વિચારણા કરી પાસ વર્ગમાં પરીક્ષા પસાર કરનારને પણ પસંદગીના ધોરણે પ્રવેશ આપે છે. પ્રથમ કક્ષાના એકલદોકલ વિદ્યાર્થીઓ જ પ્રવેશ માટે આવે છે. આ સંજોગો જોતાં નીચે પ્રમાણેનાં છેલ્લાં ત્રણ જ વર્ષોનાં પરિણામો (માસ્ટર્સ ડિગ્રીનાં) ઠીક ઠીક કહી શકાય :

(અ) એમ.એ.નાં પરિણામો

વર્ષ	પ્રથમ વર્ગ	બીજો વર્ગ	પાસ વર્ગ	કુલ પાસ સંખ્યા	કુલ બેસનાર	ટકાવારી પરિણામ
૧૯૬૩	—	૨૦	૪૪	૬૪	૭૧	૯૦ ટકા
૧૯૬૪	—	૯	૫૩	૧૬	૭૮	૮૬ ટકા
૧૯૬૫	૧	૯૩	—	૩૪	૧૨૮	૭૪ ટકા

(બ) એમ.એસ.ડબલ્યુ.નાં પરિણામો

૧૯૬૩	—	૫	૫	૧૦	૧૭	૫૮ ટકા
૧૯૬૪	—	૧૪	૯	૨	૨૫	૯૨ ટકા
૧૯૬૫	—	૧૬	૬	૩	૨૫	૯૨ ટકા

ત્રણ વર્ષમાં ફકત એક જ વિદ્યાર્થી પ્રથમ વર્ગમાં આવે છે. આમ પણ સમાજવિદ્યાઓમાં આ વર્ગ મેળવનાર ઓછા જ હોય છે. બીજા વર્ગ સાથે પસાર થનારની સંખ્યા સંતોષકારક કહી શકાય. તેમ છતાં પરિણામોની ટકાવારીમાં ક્રમિક ઘટાડા પ્રત્યે ધ્યાન પર લેવા જેવી હકીકત છે. વધારે પ્રમાણમાં પાશ્ચાત્ય પદ્ધતિ પ્રમાણે સુપરવાઈઝર-સ્ટુડન્ટ જેવો સંબંધ અધ્યાપક અને વિદ્યાર્થી વચ્ચે સ્થપાય તો આવો બગાડ (નાપાસ થનારની સંખ્યા) ઘટાડી શકાય. આવો સંબંધ સ્થપાય તો તૈયારી વિનાના વિદ્યાર્થીઓને માત્ર સત્રો ભરતાં પરીક્ષામાં બેસવાનો જે હક્ક મળે છે તે પરિસ્થિતિ બંધ થશે અને વિદ્યાભ્યાસંગી સંનિષ્ઠ વિદ્યાર્થીઓ જ પરીક્ષામાં બેસતા થશે અને આમ થતાં પરિણામો સુધરશે.

૭. વિદ્યાર્થીમંડળના પ્રતિનિધિ સમિતિના થોડા સભ્યો અમને મળ્યા હતા. તેમની પ્રવૃત્તિની [illegible] છે. ખાસ કરીને બહારથી વિદ્વાનોને આમંત્રી જ્ઞાનોપાસનાની તેમની ઉત્કંઠા પ્રશંસનીય કહી શકાય. એમને મેદાની રમતો માટેની સવલતો વધુ પ્રમાણમાં જોઈએ છે એમ લાગે છે. વળી એ માટે સંખ્યાબળ જોતાં નાણાં પૂરતાં ન થતાં હોય એમ લાગે છે. યુનિવર્સિટીનાં મંડળો આ બાબત વિચારશે એમ અમે માનીએ છીએ. એ જ રીતે વિદ્યાર્થીઓની ઇચ્છા પોતાનું સામયિક કાઢવાની છે. અહીં પણ નાણાકીય મદદનો વિચાર યુનિવર્સિટી પક્ષે કરવાનો રહે છે.

૮. યુનિવર્સિટી ભવનોમાં જ્ઞાનપોષક પ્રવૃત્તિમાં બહારના નામાંકિત જે તે વિષયોના વિદ્વાનો અને સંશોધનકારોનાં વ્યાખ્યાનો ગોઠવવાં એ એક અગત્યની પ્રવૃત્તિ છે. આવી પ્રવૃત્તિ હજુ જોઈએ એટલા પ્રમાણમાં વિકસી નથી. આવા વિદ્વાનોનાં વ્યાખ્યાનો ઉપરાંત સેમિનાર પદ્ધતિએ ચર્ચાવિચારણા થાય તો વિદ્વાનો સ્તર જરૂર સુધારી શકાય. દુનિયામાંના પ્રવાહો ભવનમાં પહોંચતા રહે એ જરૂરી છે એમ માનીએ છીએ. વળી "એક્સચેન્જ પ્રોગ્રામ્સ" હેઠળ અધ્યાપકો લાવવા માટે પણ યુનિવર્સિટી તરફે પ્રયાસો થવા જોઈએ એમ અમને લાગે છે.

૯. અર્થશાસ્ત્રના ક્ષેત્રે અમને એમ લાગે છે કે મૅથેમેટિકલ ઇકોનોમિક્સ(ઇકોનોમેટ્રિક્સ)ના વિષય માટે શિક્ષણ અને સંશોધનની વ્યવસ્થા થવી જોઈએ. આધુનિક યુગમાં યુનિવર્સિટીના ઉચ્ચ શિક્ષણમાં આ વિષયની અનેકાનેક દૃષ્ટિએ અગત્ય રહેલી છે. યુનિવર્સિટીનાં મંડળો એ વિષે વિચારશે એમ અમે માનીએ છીએ.

૧૦. ભવનને માટે છાત્રાલયની અવશ્યતા યુનિવર્સિટીના છાત્રાલયમાં થયેલી છે અને તે સંતોષકારક રીતે ચાલે છે. આ છાત્રાલયમાં ભવનના વિદ્યાર્થીઓ ઠીક ઠીક લાભ લેતા જણાય છે.

અમદાવાદ.
તા. ૧૮-૪-૧૯૬૬.

મગનભાઈ પ્ર. દેસાઈ
અંબેલાલ ર. દેસાઈ.

મનોવિજ્ઞાન વિદ્યાભવનનો ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

ગુજરાત યુનિવર્સિટીના તા. ૪-૨-૧૯૬૬ના પત્રાંક સિં./૨૧-૦૩૭૧૭૯/૧૯૬૬ મુજબ અમે મનોવિજ્ઞાન વિદ્યાભવનના ત્રિવાર્ષિક નિરીક્ષણ માટે તા. ૨૨-૨-૧૯૬૬ના રોજ બપોરે ૧-૩૦ વાગ્યે ગયા હતા. ભવન વિષે જરૂરી માહિતી તેના સંચાલકશ્રીએ અમને લેખિત આપી હતી અને કેટલીક માહિતી અમે રૂબરૂમાં મેળવી હતી. પ્રથમ અમે ભવનના સંચાલકશ્રી સાથે ભવનની લેબોરેટરી, પુસ્તકાલય, કૉમન રૂમ, વ્યાખ્યાનખંડ તથા સ્ટાફને બેસવાના ખંડોમાં ફર્યા હતા અને રિસર્ચ સ્કૉલર્સ વગેરેને બેસવાની વ્યવસ્થા પણ જોઈ હતી. સંચાલકશ્રીએ અમને જણાવ્યું કે એમને હાલ તરત ખંડોના વપરાશ માટે કેટલીક અડચણ પડે છે. વધારે ખંડની વ્યવસ્થા થઈ શકે તો કામ કરવામાં સરળતા થાય. ત્યાર બાદ અમે સંચાલકશ્રીની હાજરીમાં ભવનના રીડર તથા બીજા અધ્યાપકો (જે હાજર હતા તેમને)

મળ્યા હતા અને બધાની સાથે ભવનના કામકાજ વિષે બે-ત્રણ કલાક સારી પેઠે વાતચીત કરી હતી. અમે ગયા તે વખતે વિદ્યાર્થીઓના વર્ગો ચાલતા હતા, પણ ચર્ચાને અંતે જ્યારે અમે વિદ્યાર્થીઓને મળવાની ઇચ્છા દર્શાવી તે વખતે વિદ્યાર્થીઓ ગયા હતા, એટલે અમારાથી વિદ્યાર્થીઓને મળી શકાયું નહિ.

સંચાલકશ્રીએ અમને જોઈતી બધી સગવડ આપી છે એને માટે અમે સંચાલકશ્રીના આભારી છીએ. આ પરથી, અમે ભવનના ત્રિવાર્ષિક કામકાજ વિષે નીચેનો અહેવાલ રજૂ કરીએ છીએ :

૧. ભવનનો પ્રારંભ મનોવિજ્ઞાનથી ૧૯૫૭ના જૂન માસમાં થયો. બાદ ૧૯૬૫ના જૂનથી શિક્ષણવિજ્ઞાન તથા તત્ત્વજ્ઞાન વિભાગ તેમાં ઉમેરાયા. આમ ભવનમાં મનોવિજ્ઞાન, શિક્ષણવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન એ ત્રણ વિષયો છે. મકાન તેમ જ ગ્રંથાલયની સવડ યુનિવર્સિટીએ જ કરી છે અને તે પૂરતી અને સારી છે.

૨. એના નામ પ્રમાણે ભવન મનોવિજ્ઞાન, શિક્ષણવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન એ ત્રણે વિષયોના અનુસ્નાતક અધ્યાપન તથા સંશોધન માટે સ્થાપવામાં આવ્યું છે, અને એમાં એમ.એ., એમ.એડ. અને પીએચ.ડી. સુધીનો અભ્યાસ કરવાની જોગવાઈ છે.

૩. ભવનમાં કુલ સાત અધ્યાપકો કામ કરે છે. તેમના વિષે તથા તેમના કામકાજ વિષે એક અધ્યાપક કક્ષાના, ત્રણ રીડર કક્ષાના અને ત્રણ લેક્ચરર કક્ષાના શિક્ષકો છે. વિષયવાર જોતાં મનોવિજ્ઞાન માટે એક અધ્યાપક, એક રીડર અને બે લેક્ચરર; શિક્ષણવિજ્ઞાન માટે બે રીડર અને એક લેક્ચરર છે. ભવનનું શિક્ષણવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનું બીજું અધ્યાપનકાર્ય યુનિવર્સિટીએ માન્ય કરેલા અનુસ્નાતક અધ્યાપકોની મદદથી ચાલે છે.

સંચાલકશ્રીની સાથે ચર્ચા દરમિયાન અમને એમ લાગ્યું કે સંચાલકશ્રી પોતાને મનોવિજ્ઞાનના સાર્વત્રિક વિકાસ ઉપરાંત બીજા બે વિષયો માટે, ખાસ કરીને તત્ત્વજ્ઞાનના સાર્વત્રિક વિકાસ માટે અભ્યાસસમિતિને સંપૂર્ણ જવાબદાર ગણે છે. મનોવિજ્ઞાનના વિષયની જેમ શિક્ષણવિજ્ઞાન અને ખાસ કરીને તત્ત્વજ્ઞાનનો પણ વિકાસ થાય એ ઇચ્છવાજોગ છે.

સંચાલકશ્રીએ સ્ટાફની અપર્યાપ્તતા તરફ અમારું ધ્યાન દોર્યું. એને માટે અમે સંચાલકશ્રીને જણાવ્યું કે તેમણે ભવનના સ્ટાફની જરૂરિયાતો વિષે નિવેદન રજિસ્ટ્રારને મોકલવું ઘટે. તે અમને આપ્યું તે આ સાથે પરિશિષ્ટરૂપે જોડયું છે; તે વિષે ઘટતો વિચાર કરવા ભલામણ કરીએ છીએ.

૪. ભવનના સમયપત્રક મુજબ વ્યાખ્યાનોનો સમય દરરોજ ૧૧થી ૨ વાગ્યાનો હોય છે અને લેબોરેટરીનું કામ ૨ વાગ્યાની રિસેસ પછી દરરોજ ૨-૩૦ વાગ્યે શરૂ થાય છે અને ૫-૩૦ વાગ્યા સુધી ચાલે છે, અર્થાત્ ૨-૩૦ વાગ્યા સુધી લેબોરેટરી બંધ રહે છે. લેબોરેટરીનો ઉપયોગ આખા સમય દરમિયાન થાય એ ઇચ્છવાજોગ છે. વિદ્યાર્થીઓના ઐચ્છિક તેમ જ ફરજિયાત વિષયો ધ્યાનમાં રાખી જો સહેજ વધારે કાળજીપૂર્વક સમયપત્રક ગોઠવવામાં આવે તો આમ કરવામાં ખાસ મુશ્કેલી ન આવવી જોઈએ, એમ અમારું માનવું છે.

૫. ભવનમાં થતાં કામકાજની ચર્ચા દરમિયાન અમને જણાયું કે કાર્ય સામાન્ય રીતે બે વિભાગમાં વહેંચી શકાય :

(૧) એમ.એ. વર્ગનું અધ્યાપન-વર્ગકાર્ય, અને

(૨) ભવનમાં થતાં તેમાં કાર્ય કરતા અધ્યાપકોનું સંશોધન તથા પીએચ.ડી.નું માર્ગદર્શન સંશોધનકાર્ય પણ બે ભાગમાં વહેંચી શકાય:

(અ) ભવન તરફથી સમન્વિત રૂપે વિચારેલું કાર્ય, અને

(બ) અધ્યાપકોએ પોતાની રુચિ અને ઇચ્છા મુજબ અંગીકાર કરેલું કાર્ય.

ભવનના જુદા જુદા અધ્યાપકોના સંશોધનકાર્યની જે યાદી રજૂ કરવામાં આવી છે તે યાદી તપાસતાં અમને જણાયું કે છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન સમન્વિત રૂપે અથવા વ્યક્તિગત રૂપે જેટલું નવું સંશોધનકાર્ય થયું છે તેના કરતાં અધ્યાપકોની પાછલી કાર્યક્ષમતાને આધારે વિશેષ કાર્ય થઈ શકત. સમન્વિત રૂપે વિશેષ સંશોધનકાર્ય થયું હોય એમ જણાતું નથી, પણ વ્યક્તિગત રૂપે નવા અધ્યાપકોએ કંઈક સંશોધનકાર્ય આદર્યું છે એમ જણ્યું.

પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે સંચાલકશ્રી માન્ય થયેલા છે. તેમની પાસે કામ કરીને છેલ્લાં ત્રણ વર્ષો દરમિયાન ચાર વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે અને બીજા બાર વિદ્યાર્થીઓ પીએચ.ડી.નું કાર્ય કરી રહ્યા છે, બાદ હવે શ્રી. ભોપટકરને માન્ય કરાયા છે.

૬. છેલ્લા ત્રણ વરસમાં એકંદરે ૮૧ વિદ્યાર્થીઓ ભવનમાં દાખલ થયા અને આ ત્રણ વર્ષમાં પરીક્ષાઓમાં બેઠેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૯ હતી તેમાંથી ૧૪ વિદ્યાર્થીઓ બીજા વર્ગમાં અને ૧૩ પાસ વર્ગમાં ઉત્તીર્ણ થયા. નોંધપાત્ર વસ્તુ એ છે કે આ ત્રણ વર્ષમાં એક પણ વિદ્યાર્થી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયો નથી, પણ પરિણામ ૭૫ ટકા જેટલું જ છે. પ્રવેશ માટે યોગ્યતાની ચકાસણી પ્રત્યેક વિદ્યાર્થીની મુલાકાતથી કરવામાં આવે છે.

૭. ભવનના વિદ્યાર્થીઓનું વિદ્યાર્થીમંડળ ચાલે છે. અધ્યાપન તથા સંશોધનની પ્રવૃત્તિ ઉપરાંત ભવન ઉચ્ચ કક્ષાના વિષયોના નિષ્ણાતોને વ્યાખ્યાનો માટે અવારનવાર આમંત્રણ આપે છે અને સેમિનારો પણ યોજે છે.

૮. અમને મળેલી માહિતીનાં કેટલાંક પત્રકો આ સાથે પરિશિષ્ટરૂપે* જોડ્યાં છે, તેમાંથી ભવન અંગે કેટલીક હકીકતો (સમયપત્રક, સ્ટાફ, વિદ્યાર્થી-સંખ્યા ઇ.) મળી રહેશે, જે અમે ઉપર નિવેદનમાં રજૂ કરી છે. ઉપર પેરા ૪ના અંતે જણાવેલું પરિશિષ્ટ આ માહિતીને અંતે જોડેલ પરિશિષ્ટ "સી"* છે તે જોશોજી.

૯. અમારી તપાસ પરથી કેટલીક વધુ બાબતો સૂચવવા જેવી લાગી છે તે અત્રે નોંધીએ છીએ:

(૧) ભવન ઉપરાંત યુનિવર્સિટી તરફથી તેના વિષયોના અભ્યાસ માટે અન્યત્ર ચાલતાં કેન્દ્રોમાં (૧) મનોવિજ્ઞાન માટે એક નવસારીમાં, (૨) એમ.એડ. માટે સુરત તથા પોરબંદરમાં, તથા (૩) ફિલસૂફી માટે રાજકોટમાં ચાલે છે.

આ કેન્દ્રો પ્રાયઃ શનિ-રવિવાર ચાલતાં હશે તથા ત્યાં પ્રવેશ આપવાને માટેની પદ્ધતિ જુદી હોવાનો સંભવ છે. આ પરથી અમારે એ કહેવું છે કે આ બન્ને બાબતોમાં કાંઈક સમધોરણ થાય. એથી પણ જરૂરી ગણાય કે બધાં કેન્દ્રો યુનિવર્સિટી જ ચલાવે છે તે માટેનાં કેન્દ્રોની જોગવાઈ તેમ જ સંગઠનમાં ફરક છે ખરો, છતાં બેઉ પદ્ધતિમાં બનતી સમાનતા હોય એ ઇષ્ટ છે.

(૨) સમયપત્રક જોતાં જણાશે કે, ભવનના શિક્ષકોનું સાપ્તાહિક વર્ગશિક્ષણકામ દરેકને ૬ કે કાંઈ વધુ સમયને અંદાજે છે. એમાં અપેક્ષા એ રખાય છે કે ભવનમાં સંશોધન-કાર્ય પણ ચાલે એ તેનું વિશેષ અંગ છે. તો આ કાર્ય અંગે વ્યવસ્થિત કાર્યક્રમ યોજાઈને કેટલુંક કામ સતત ચાલે એ ઢબે ગોઠવાવું જોઈએ. અલબત્ત, આ ઢબે યોજાતા સંશોધનકામોનો પ્રકાર અમુક તેને અનુરૂપ શૈલીમાં હોય એ સ્પષ્ટ છે. પરંતુ એને અંગેનું ભવનનું કામ પણ શિક્ષણકામ ઉપરાંતના મળતા સમયને હિસાબે, ક્રમબદ્ધ ગોઠવાઈને ચાલે તો શિક્ષણ અને સંશોધન બન્ને કામો ભવનની પ્રવૃત્તિરૂપે યથાસમય વ્યવસ્થિત ચાલે.

(૩) ભવનમાં સ્ટાફ અંગે કેટલીક વસ્તુઓ અમે ઉપર નોંધી છે. ભવનના કામમાં યુનિવર્સિટીના માન્ય અનુસ્નાતક અધ્યાપકોની મદદ લેવી જોઈએ તો બન્ને રીતે લાભ છે : તેઓને ઉચ્ચ અભ્યાસક્રમમાં ભાગ લેવાની તક મળી શકે, જે તેમની કૉલેજમાં ન હોય; અને બીજી તરફ ભવનમાં ચાલતા શિક્ષણમાં મદદ મળવાથી તેના ખર્ચમાં પણ સ્વાભાવિક રાહત મળે.

(૪) વિદ્યાર્થી-સંખ્યા પ્રયોગશાળાને કારણે મર્યાદિત કરવી પડે. છતાં પ્રયોગશાળાનો સમય વધારીને તેમ જ સમયપત્રકમાં ઉચિત રીતે ગોઠવીને તે મર્યાદા વધારી શકાય. અમારી સૂચનાની મતલબ એ છે કે, પ્રવેશ ચાહતી સંખ્યા વધુ આવે તો તેમને જોવા બનતું કરવું ઘટે. અલબત્ત, એમાં પ્રવેશ માટેની લાયકાત, પસંદગી ઇત્યાદિ પ્રશ્નો આવે છે. આ અંગે આપની યુનિવર્સિટીનાં બધાં કેન્દ્રોમાં સમધોરણ વિચારણા વિષે ઉપર અમે કહી ગયા છીએ.

તા. ૧૮-૪-૧૯૬૬.

ભગનભાઈ દેસાઈ
ધીરેન્દ્ર મહેતા.

---

* પરિશિષ્ટો અત્રે છાપ્યાં નથી.

INSPECTION REPORT OF THE GUJARAT UNIVERSITY SCHOOL OF SCIENCES

In pursuance of University letter No. C./21/037199, dated 4-2-1966, we visited the University School of Sciences on 6th July 1966. The Director of the School had sent us in advance detailed information regarding the School and its activities. This information is attached hereto as an appendix (not printed). We conferred with the Director and the heads of the various departments and acquainted ourselves with their academic activities and administrative problems. We also visited the defferent departments and met the staff members. Since the School of Sciences is administered and financed by the University, the report is confined to points of relevance only.

Our remarks are as under :

1. Buildings, Laboratories, Lecture rooms :

At present, the School of Sciences comprises departments of Mathematics including Statistics, Physics, Chemistry, Botany and Zoology. Regular working of the School was started in the University building from 15th June 1960 and this inspection appears to be first since then. To begin with all the departments were temporarily housed in the buildings of the University School of Social Sciences, Psychology and Education and Gujarati Language and Literature. The various departments were shifted to the present new buildings during 1963 and 1964. The Zoology Department came into existence in October, 1964 and it will be housed in its own building in the near future. The floor areas for the different departments in sq. yards are —

Mathematics including Statistics—6,500; Physics—10,500; Chemistry—26,500; Botany—10,500 and Zoology....

In spite of their modern architecture, the buildings for the Schools do not seem to satisfy the specific needs of the Science departments. This was the unanimous opinion of the all staff members and we too, are fully convinced about this shortcoming. In the Chemistry laboratories there is no adequate provision for removal of fumes. A fume chamber with an adequate fume exhaust system should form an integral part of all organic and inorganic laboratories—whether for routine practicals or for routine practicals or for research. The service lines in the laboratories also do not seem to be scientifically laid. A peninsular arrangement of working benches with service lines laid accordingly would have considerably simplified the matter. Another short-coming noticed is a paucity of lecture rooms especially in the Mathematics–Statistics Department. To overcome this shortage, the staff members are required to take lectures in other departments and this creates such inconvenience. At least two additional lecture rooms should be provided to the Statistics Department as early as possible. In the Physics Department, workshop practice which is compulsory for all Jr. M.Sc. students is not adequately, provided for since the workshop is neither equipped nor staffed. This should be done without delay.

2. Expenditure on equipments :

All laboratories are fairly well equipped with modern instruments. We are informed that the expenditure on this item in the various laboratories has so far been as under :

Mathematics	...	Rs.	51,000
Physics	..	Rs.	1,57,590
Chemistry	...	Rs.	3,97,500
Botany	...	Rs.	1,57,500
Zoology	..	Rs.	1,40,000.

3. The departments :

The appointments of staff in the various departments at the time of our visit were as under. :

		Professor	*Readers*	*Lecturers*	*Demonstrators*
Chemistry	..	1	3	4	3
Physics	..	—	2	3	2
Botany	..	1	2	3	—
Mathematics	..	1	1	2	—
Statistics	..	—	1	4	2
Zoology	..	—	1	1	—

According to the present allotment one vacancy of a Demonstrator each in Physics and Chemistry and two vacancies in Botany exist.

We were told that some of the posts sanctioned by U.G C. have still not been filled. This is rather distressing. We strongly recommend that the posts that are still vacant and which have been recommended as minimum be filled soon. It is difficult to understand also why the Professor's post in the Physics Departments still remains unfilled. Although Nuclear Physics is taught as special subject, there is not even a Reader appointed for that subject. We learn that the post of Demonstrators have been abolished and hence the vacancies created are not filled. If the University does not desire to revive the posts of Demonstrators it should fill these posts by Lecturers who together with the other staff should look after both theoretical and practical training. Unless these posts are filled it is impossible for the departments to organise and supervise adequately laboratory practice in Science departments.

The laboratories are equipped with very costly equipments. Accessories to these are required to be issued to the students for their day-to-day experimental work and it is necessary also to see that the equipment is returned in good condition. For all this type of work, laboratory assistants are required It is our opinion. that there should be at least one graduate laboratory assistant for every laboratory including Statistics. Subjects like Chemistry which specialise in three separate branches must have at least three laboratory assistants. It is necessary also according to the needs of the departments to have store-keepers, animal and plant collectors and a curator for efficient working of the laboratories. Since some of the equipments used in the Science laboratories are high precision instruments, it would be difficult to put these into working order once they go wrong, as sometimes proper service facilities are not always available in this country. It is therefore, necessary for the University to employ a trained technician possessing an M.Sc. or D.R.E. qualification for maintenance of optical, electronic and other types of instruments.

It is also necessary to create a post of microanalyst in the Lecturer's grade to look after the microanalytical section of Organic Chemistry and to carry out microanalysis

of compounds, synthesis by the Organic Chemistry research department as well as to provide microanalysis service to other research workers in Gujarat or outside (if necessary on payment basis). A University department in Organic Chemistry is grossly incomplete without these facilities. Much equipment is avilable in the University but in the absence of such trained staff it is not put into working condition. It was disheartening to find that some of the extermely costly and delicate equipment which forms an integral part of such a set up is being put to use for work which it is not meant and is used by persons not specifically trained to handle it. There are instances in which some equipments have not been used even put into working condition yet although purchased since several years. One wonders when one goes round the University departments whether such multiplicity of instruments many of which lie ideal is desirable. It is therefore, necessary to see that duplication is avoided and that instruments are purchased in relation to specific requirements.

4. Teaching and research :

The work-loads for the various departments is shown in the tabular form in the Appendix * page 4. In addition, lectures, tutorials and seminars are also arranged. The progress of the students is judged by frequent tests. All departments have active research workers and research work on topics of much interest and utility is going on in all the departments. Botany and Chemistry appeared most active in this direction. Guiding Ph.D. students is usually not put on the time-table. It is the feeling of the committee that this should be included in the work-load of the teacher. This is necessary to recognise and evaluate the time spent in guiding research students. There is disparity regarding the number of students taken on by different research workers and to recognise the additional work put in by the teacher two hours of guidance per week per student should be recognised in addltional work-load. If this is not done the University is likely to consider a teacher who takes one or two students for research work at par with another teacher who takes reponsibility for a larger number of students. The research publications of the various departments is summarised in the Appendix.*

5. Administrative set-up :

This point was discussed in detail with the Director and Heads of the departments. They were able to convince us that because of the present set-up of administration, much difficulty is experienced in getting equipments and materials for the departments. All departments are autonomous units. Heads of the departments meet at the beginning of the year to allocate the grants for the different departments from the avilable funds from the University and from the University Grants Commission. Thus each department has its own budget. Tenders are invited for the necessary materials and equipment. From the tenders comparative statements are prepared and than submitted to the Finance Committee. After scrutiny by this Committee, the proposals have to be finalised by the Syndicate before orders are placed, Even if these bodies meet regularly the

above procedure takes at least a couple of months. The departmental heads have pointed out to use that quite frequently orders are ready only after the validity period for tenders is over and the above cycle has to be repeated. This system also encourages bogus tenders being submitted. Unless the apparatus is ordered genuine dealers or through authorised agents it is difficult to get spares and services. It is therefore necessary to speed up the whole process. For this purpose and in addition for other administrative purposes an officer of the rank of Assistant Registrar should be appointed to look after all this type of work, so that the Science teachers are free to devote more time to teaching and research. Alternatively a committee may be formed of heads of departments along with the Vice-Chancellor's representive and it should be authorised to finalise work connected with ordering of scientific equipment. This committee was also informed that for day-to-day work the departments are authorized to spend up to Rs. 100/- only. This sum is ridiculously low as Science laboratories are required to but small pieces of equipment, spares or specimens at any time. We feel that it is necessary to raise this limit to at least Rs. 500/- per department which heads of departments should be allowed to spend without reference to any committee.

6. Library :

The University maintains an excellent library for its School of Sciences.

We thank the Director and the heads of the various departments for their co-operation and courtesy.

---

* Appendix not printed.

H. D. Noronha

J. J. Trivedi.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯.

G.U.P. 1273-450-2-69

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સેનેટની ખાસ સભા, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૭ની પેટાકલમ (૨) અનુસાર સોમવાર, તા. ૨૦-૧-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટીના સેનેટ-ખંડમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોષીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૦-૧-'૬૯
૧.	શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૩.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ	હાજર
૪.	શ્રી. ક. ચ. પરીખ, કુલસચિવ	હાજર
૫.	શ્રી. પી. એસ. કલવચવાલા	હાજર
૬.	ડૉ. જે. જે. ચિનોય	હાજર
૭.	પ્રિ. એમ. એસ. પંડિત	હાજર
૮.	પ્રિ. એન. બી. નાયક	હાજર
૯.	પ્રિ. સી. એમ. પટેલ	હાજર
૧૦.	પ્રિ. એલ. એચ. ટેંગરી	હાજર
૧૧.	પ્રિ. વી. એ. વ્યાસ	હાજર
૧૨.	પ્રિ. સી. એસ. શાહ	હાજર
૧૩.	પ્રિ. ટી. એમ. પરીખ	હાજર
૧૪.	પ્રિ. કે. જી. દેસાઈ	હાજર
૧૫.	પ્રિ. આર. જે. ધ્રુવ	હાજર
૧૬.	પ્રિ. વાય. પી. શુક્લ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૦-૧-'૬૯
૧૭.	પ્રિ. કે. એમ. આચાર્ય	હાજર
૧૮.	પ્રિ. એસ. આર. ભટ્ટ	હાજર
૧૯.	પ્રિ. આર. એચ. શાહ	હાજર
૨૦.	પ્રિ. એમ. સી. દેસાઈ	હાજર
૨૧.	પ્રિ. સી. સી. શાહ	હાજર
૨૨.	પ્રિ. શ્રીમતી ઊર્મિલાબહેન સી. પટેલ	હાજર
૨૩.	પ્રિ. એચ. સી. ત્રિવેદી	હાજર
૨૪.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૨૫.	પ્રિ. વી. આર. રણદીવે	હાજર
૨૬.	પ્રિ. એચ. કે. ત્રિવેદી	હાજર
૨૭.	પ્રિ. જે. ડી. તલાટી	હાજર
૨૮.	પ્રિ. એન. આર. પટેલ	હાજર
૨૯.	પ્રિ. ટી. એન. મહેતા	હાજર
૩૦.	પ્રિ. આર. એમ. શુક્લ	હાજર
૩૧.	પ્રિ. આર. સી. પટેલ	હાજર
૩૨.	પ્રિ. એચ કે. બુખારી	હાજર
૩૩.	પ્રિ. એન. યુ. ત્રિવેદી	હાજર
૩૪.	પ્રિ. જે. જે. ત્રિવેદી	હાજર
૩૫.	પ્રિ. જે. સી. ત્રિવેદી	હાજર
૩૬.	પ્રિ. એન. એસ. પંડ્યા	હાજર
૩૭.	પ્રિ. જી. સી. પટેલ	હાજર
૩૮.	પ્રિ. વી. જી. ઉપાધ્યાય	હાજર
૩૯.	પ્રિ. યુ. ડી. ભટ્ટ	હાજર
૪૦.	પ્રિ. એલ. ડી. દવે	હાજર
૪૧.	પ્રિ. બી. પી. ઠાકોરી	હાજર
૪૨.	પ્રિ. એન. બી. જોષી	હાજર
૪૩.	પ્રિ. એમ. એસ. શાહ	હાજર
૪૪.	પ્રિ. એમ. સી. શાહ	હાજર
૪૫.	પ્રિ. વી. પી. પરીખ	હાજર
૪૬.	પ્રિ. જી. જે. પંડ્યા	હાજર
૪૭.	પ્રિ. એ. આર. રાવ	હાજર
૪૮.	પ્રિ. એન. એસ. યાજ્ઞિક	હાજર
૪૯.	પ્રિ. એ. એચ. આઈ. વોરા	હાજર
૫૦.	પ્રિ. બી. એમ. પીરઝાદા	હાજર
૫૧.	પ્રિ. એ. ડી. મણિયાર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૦-૧-'૬૯
૫૨.	પ્રિ. એસ. ટી. જેસલપુરા	હાજર
૫૩.	પ્રિ. ડી. એસ. જોષી	હાજર
૫૪.	પ્રિ. બી. એમ. પંડિત	હાજર
૫૫.	પ્રિ. એચ. એમ. શુકલ	હાજર
૫૬.	પ્રિ. જી. બી. પરીખ	હાજર
૫૭.	પ્રિ. એચ. સી. પરીખ	હાજર
૫૮.	પ્રિ. કે. એન. શાહ	હાજર
૫૯.	પ્રિ. ટી. પી. ચિત્તાનંદ	હાજર
૬૦.	પ્રિ. એન. એન. ઉદવાડિયા	હાજર
૬૧.	પ્રિ. વી. એફ. શાહ	હાજર
૬૨.	પ્રિ. બી. આર. ચૌહાણ	હાજર
૬૩.	પ્રિ. એમ. ડી. ભટ્ટ	હાજર
૬૪.	પ્રિ. જે. કે. શાહ	હાજર
૬૫.	પ્રિ. પી. એચ. ભટ્ટ	હાજર
૬૬.	પ્રિ. જે. એચ. દવે	હાજર
૬૭.	પ્રિ. સી. એલ. શાસ્ત્રી	હાજર
૬૮.	પ્રિ. જે. જી. પટેલ	હાજર
૬૯.	પ્રિ. કે. બી. વ્યાસ	હાજર
૭૦.	પ્રિ. આર. વી. શાસ્ત્રી	હાજર
૭૧.	પ્રિ. જી. એમ. પટેલ	હાજર
૭૨.	પ્રિ. પી. આર. દેસાઈ	હાજર
૭૩.	પ્રિ. ડી. એચ. વેલવન	હાજર
૭૪.	પ્રિ. એ. બી. વ્યાસ	હાજર
૭૫.	પ્રિ. એચ. પી. પંડ્યા	હાજર
૭૬.	પ્રિ. બી. કે. ગઢવી	હાજર
૭૭.	પ્રિ. બી. એમ. ઠાકર	હાજર
૭૮.	પ્રિ. વી. એસ. વણીકર	હાજર
૭૯.	પ્રિ. આર. સી. ત્રિપાઠી	હાજર
૮૦.	પ્રિ. એન. વી. રાવલ	હાજર
૮૧.	પ્રિ. એચ. એ. પટેલ	હાજર
૮૨.	પ્રિ. સી. કે. અકૂવાલા	હાજર
૮૨અ.	પ્રિ. વાય. ડી. વ્યાસ	હાજર
૮૩.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર
૮૪.	ડૉ. એન. જે. શાહ	હાજર
૮૫.	શ્રી. સી. સી. મહેતા	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૦-૧-'૬૯
૮૬.	શ્રી. ડી. એસ. પરીખ	હાજર
૮૭.	શ્રી. એમ. એસ. પટેલ	હાજર
૮૮.	શ્રી. એસ. એમ. ઠક્કર	હાજર
૮૯.	શ્રી. આર. વી. શાહ	હાજર
૯૦.	શ્રી. વી. પી. મહેતા	હાજર
૯૧.	ડૉ. ડી. એચ. મુતરિયા	હાજર
૯૨.	પ્રો. કે. કા. શાસ્ત્રી	હાજર
૯૩.	પ્રો. વી. બી. અધ્વર્યુ	હાજર
૯૪.	પ્રો. એમ. પી. પંડ્યા	હાજર
૯૫.	ડૉ. સી. આર. નાયક	હાજર
૯૬.	પ્રો. આર. એમ. ભટ્ટ	હાજર
૯૭.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૯૮.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૯૯.	શ્રી. પી. એફ. પટેલ	હાજર
૧૦૦.	શ્રી. ડી. એસ. બસન	હાજર
૧૦૧.	શ્રી. એચ. સી. શુક્લ	હાજર
૧૦૨.	પ્રો. એન. જે. પટેલ	હાજર
૧૦૩.	શ્રી. એચ. એસ. જૈન	હાજર
૧૦૪.	શ્રી. પી. એન. વર્તીકર	હાજર
૧૦૫.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર
૧૦૬.	શ્રી. એસ. એમ. દેસાઈ	હાજર
૧૦૭.	શ્રી. એચ. યુ. જોષી	હાજર
૧૦૮.	શ્રી. કે. ડી. શાહ	હાજર
૧૦૯.	ડૉ. કે. આર. શ્રોફ	હાજર
૧૧૦.	ડૉ. એચ. આર. દેરાસરી	હાજર
૧૧૧.	શ્રી. સી. જી. પટેલ	હાજર
૧૧૨.	શ્રી. એમ. જી. શાસ્ત્રી	હાજર
૧૧૩.	શ્રી. એસ. કે. ઝવેરી	હાજર
૧૧૪.	શ્રી. એમ. ટી. શુક્લ	હાજર
૧૧૫.	શ્રી. સી. પી. પટેલ	હાજર
૧૧૬.	શ્રી. બી. એમ. નવલખા	હાજર
૧૧૭.	શ્રી. આર. બી. શાહ	હાજર
૧૧૮.	શ્રી. પી. આર. શેઠ	હાજર
૧૧૯.	શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર
૧૨૦.	શ્રી. એન. એન. દલાલ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૦-૧-'૬૯
૧૨૧.	ડૉ. જે. બી. હરિભક્તિ	હાજર
૧૨૨.	શ્રી. આઈ. એ. મોદી	હાજર
૧૨૩.	શ્રી. એચ. વી. વસા	હાજર
૧૨૪.	શ્રી. એસ. બી. પંડ્યા	હાજર
૧૨૫.	ડૉ. એન. એચ. દેસાઈ	હાજર
૧૨૬.	શ્રી. બી. પી. શાહ	હાજર
૧૨૭.	ડૉ. લીલાબહેન સી. શાહ	હાજર
૧૨૮.	ડૉ. સી. એચ. નાયક	હાજર

સભાના કામકાજની યાદી ઉપરનું કામ શરૂ થાય તે પહેલાં ડૉ. ભરતકુમાર શુક્લના દુઃખદ અવસાન અંગે નીચેનો ઠરાવ પ્રમુખસ્થાનેથી રજૂ કરવામાં આવ્યો :

"આ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને સલંગ્ન કૉલેજના એક શિક્ષક, જાણીતા પર્વતારોહક ડૉ. ભરતકુમાર શુક્લના અકાળ અવસાન બદલ સેનેટની આ સભા ઊંડા ખેદની લાગણી અનુભવે છે, અને માઉન્ટ આબુ ખાતે ગિરિશૃંગને ખોળે પર્વતારોહણની પ્રવૃત્તિમાં તેઓ વ્યસ્ત હતા તે સમયે જ આ કમનસીબ ઘટના બની તે વિધિનિર્માણની કરુણતાના સંદર્ભમાં, તેમને ગંગોત્રી અને ત્રિશૂળનાં શિખરોના આરોહણથી મેળવેલી સિદ્ધિને વિશેષભાવે અંજલિ આપે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે."

ઉપરનો ઠરાવ સભાગૃહે ઊભા થઈને અને બે મિનિટ મૌન પાળીને પસાર કર્યો.

પ્રશ્નોત્તરી

[૧] ડૉ. એમ. એન. દેસાઈએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : અનુસ્નાતક કક્ષાએ જે ફી-વધારો થયો છે તે આપણી યુનિવર્સિટીના ખર્ચને અનુલક્ષીને છે એવું કર્યાક કુલપતિશ્રીએ કહ્યું એ વાંચવામાં આવ્યું, તો પછી આ મુજબ યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો પણ ફી વધારતી જાય તો એને યુનિવર્સિટી રોકી શકશે ખરી ?

ઉત્તર ૧ : યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણ હેઠળ સંલગ્ન કૉલેજોમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૭૭(૧)(આઈ)માં જણાવ્યા પ્રમાણેનું ફીની બાબતમાં અનિચ્છનીય હરીફાઈનું તત્ત્વ હોય તો યુનિવર્સિટીએ તે અંગે વિચારવાનું હોય છે, અન્યથા નહિ.

પ્રશ્ન ૨ : (અ) ગઈ સેનેટની સભામાં બાકી રહેલ ૨૦મા કામ પ્રમાણે ચોથી પંચવર્ષીય યોજના હેઠળની ભવનોની બધી શૈક્ષણિક જગ્યાઓ ભરવામાં આવે તો પાંચ વર્ષ પછી યુનિવર્સિટીને કેટલો વધુ ખર્ચ આવશે તે જણાવશો ?

ઉત્તર ૨ : (અ) ચોથી પંચવર્ષીય યોજના હેઠળ ભવનોમાં શિક્ષકોની સદરહુ જગ્યાઓ ભરવામાં આવે તો ચોથી પંચવર્ષીય યોજનાના સમય બાદ એટલે કે સને ૧૯૭૧-૭૨ના વર્ષમાં તેનો કુલ ખર્ચ અંદાજે રૂા. ૬,૪૬,૦૦૦ જેટલો થવા જાય છે.

પ્રશ્ન ૨ : (બ) આ વધુ ખર્ચને પહોંચી વળવા માટે અત્યારથી કંઈ વિચારાયું છે કે કેમ ?

ઉત્તર ૨ : (બ) આ સ્ટાફ અંગેનો જે ખર્ચ ચોથી પંચવર્ષીય યોજના પૂરી થયા બાદ થાય તે માટેની જવાબદારી રાજ્ય સરકાર વહન કરશે એવી અપેક્ષા રહે છે.

[૨] શ્રી. સત્યેન્દ્રભાઈ કા. ઝવેરીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : યુનિવર્સિટી તરફથી જુદી જુદી બૅંકોમાં જે જે રકમો ડિપૉઝિટ તરીકે મૂકવામાં આવી હોય તે તે રકમો ઉપર બ્રોકરેજ એજન્ટ મારફત અગર બીજી રીતે લીધું હોત તો આજદિન સુધી તેવી બ્રોકરેજની રકમ એકંદરે શું થાત અને વર્ષોવર્ષ શું થાત ?

ઉત્તર ૧ : યુનિવર્સિટી તરફથી જુદી જુદી બૅંકોમાં જે રકમ ટાઇમ ડિપૉઝિટ તરીકે મૂકવામાં આવી હોય તે ઉપર જો બ્રોકર નીમવામાં આવ્યો હોત તો બ્રોકરેજ ડિપૉઝિટના ½ ટકા પ્રમાણે ગણતાં નીચે મુજબ તેની કુલ રકમ રૂા. ૩૪,૪૯૬ થાત. આમાં કો-ઑપરેટિવ બૅન્કો (કે જેઓ બ્રોકરેજ આપતી નથી) સાથેની રૂા. ૫૦,૮૯,૩૦૦ની ડિપૉઝિટોનો સમાવેશ થતો નથી :

વર્ષ	વેપારી બૅન્કો સાથેની સરાસરી (આશરે બાકિ ટાઇમ ડિપૉઝિટની રકમ)	૧/૮ ટકા બ્રોકરેજ (લગભગ)
	રૂા.	રૂા.
૧૯૪૯-૫૦	—	—
૧૯૫૦-૫૧	૨,૨૫,૦૦૦	૨૮૧
૧૯૫૧-૫૨	૫,૩૭,૩૦૦	૬૭૧
૧૯૫૨-૫૩	૫,૮૯,૫૦૦	૭૩૭
૧૯૫૩-૫૪	૫,૭૭,૪૦૦	૭૨૨
૧૯૫૪-૫૫	૧૧,૩૨,૫૦૦	૧,૪૧૬
૧૯૫૫-૫૬	૯,૭૧,૫૦૦	૧,૨૧૪
૧૯૫૬-૫૭	૧૨,૪૯,૦૦૦	૧,૪૩૬
૧૯૫૭-૫૮	૩,૬૫,૮૦૦	૪૫૭
૧૯૫૮-૫૯	૩૪,૭૨,૮૦૦	૪,૩૪૧
૧૯૫૯-૬૦	૪૦,૫૦,૭૦૦	૫,૦૬૪
૧૯૬૦-૬૧	૨૮,૨૪,૪૦૦	૩,૫૩૧
૧૯૬૧-૬૨	૨૩,૨૭,૮૦૦	૨,૯૦૯
૧૯૬૨-૬૩	૧૩,૬૦,૩૦૦	૧,૭૦૦
૧૯૬૩-૬૪	૮,૯૦,૦૦૦	૧,૧૧૩
૧૯૬૪-૬૫	૧૩,૭૫,૦૦૦	૧,૭૧૯
૧૯૬૫-૬૬	૨૨,૬૯,૦૦૦	૨,૮૩૬
૧૯૬૬-૬૭	૧૫,૨૫,૦૦૦	૧,૯૦૭
૧૯૬૭-૬૮	૧૯,૫૩,૬૦૦	૨,૪૪૨
	૨,૭૬,૯૬,૬૦૦	૩૪,૪૯૬

શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કો-ઑપરેટિવ બૅન્કોની રકમ આમાં બતાવી નથી, તો એ રકમ જો બીજે ઠેકાણે મૂકેલી હોત તો કેટલી થાત ? જે રકમ કો-ઑપરેટિવ બૅન્કમાં મુકાઈ છે તેમાં આ દરે કેટલી થાત ? કો-ઑપરેટિવ બૅન્કમાં કેટલી રકમ મૂકી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તાત્કાલિક માહિતી કેવી રીતે મળી શકે. આપને તે પહોંચતી કરવામાં આવશે.

શ્રી. માર્તંડભાઈ શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો હતો :

કો-ઑપરેટિવ બૅન્કમાં વ્યાજનો દર વધારે હોય છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : કો-ઑપરેટિવ બૅન્ક શિડ્યુલ્ડ બૅન્ક કરતાં ૧/૪ ટકો વ્યાજ વધારે આપે છે. તેઓ દરમાં તે ઉમેરી દે છે.

એક સભ્ય : ૧/૪ ટકાની રકમ બ્રોકરેજ કરતાં વધારે છે તે સાચી વાત છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, જી. વધુમાં સ્પષ્ટતા કરવાની કે યુનિવર્સિટીને ડિપૉઝિટર તરીકે બ્રોકરેજ મળતું નથી. કો-ઑપરેટિવ બૅન્કમાં મૂકવાથી ૧/૪ ટકો વ્યાજ વધુ મળેલ છે.

શ્રી. માર્તંડભાઈ શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કો-ઑપરેટિવ બૅન્ક બ્રોકરેજ આપતી નથી તે વાત સાચી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, જી.

પ્રશ્ન ૨ : બૅંકો સામાન્ય રીતે પોતાને ત્યાં ડિપૉઝિટ થતી રકમો બાબતમાં બ્રોકરેજ આપે છે તેવી જાણ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તથા હાલના ડે. રજિસ્ટ્રાર(ફાઇનાન્સ)ને સૌપ્રથમ કયારે થઈ ?

ઉત્તર ૨ : પોતાને ત્યાં આવતી ડિપૉઝિટોની રકમોની બાબતમાં બૅન્કો બ્રોકરોને બ્રોકરેજ આપે છે તે અંગે યુનિવર્સિટીના વ્યક્તિગત કર્મચારીઓની જાણકારી અંગેની નોંધ આ યુનિવર્સિટીના કાર્યાલયમાં રાખવામાં આવતી નથી. અધિકૃત બ્રોકરને બ્રોકરેજ આપવાની બાબતમાં ચોક્કસ જાણકારી આપતો એક પત્ર બૅન્ક તરફથી યુનિવર્સિટી કાર્યાલયને પહેલવહેલો તા. ૫-૪-૧૯૬૮ના રોજ મળ્યો હતો.

આચાર્ય ગિરીશભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કુલસચિવ અને નાયબ કુલસચિવને આની જાણ કયારે થઈ ? માજી કુલપતિશ્રીને આની જાણ હતી કે નહિ ? કયારે થયેલી ?

કુલપતિશ્રીનો ઉત્તર : એની નોંધ રાખવામાં આવેલી નથી.

શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

શ્રી. એલ. આર. દેસાઈ કુલપતિ હતા ત્યારે યુનિવર્સિટીના ઑફિસરો/કર્મચારીઓને બ્રોકરેજ મળી શકે તેનું ધ્યાન દોરવામાં આવેલું તે વાત સાચી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : મારા ખ્યાલમાં નથી.

આચાર્ય રમણિકભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કાર્યાલયે બૅન્કોને પૂછ્યું હોય અને તે ઉપરથી જવાબો આવ્યા હોય તેની માહિતી આપી શકશો ?

કુલપતિશ્રીનો ઉત્તર : નનામા પત્ર ઉપરની માહિતી પરથી બૅન્કોને પુછાવ્યું હતું કે તેમણે કોઓપરેજ યુનિવર્સિટીના કોઈ અધિકારી કે કર્મચારી, બીજા કોઈ અધિકારી કે સભાજની કોઈ વ્યક્તિને સીધી કે આડકતરી રીતે આપ્યું છે ? બધાના જવાબો આવ્યા તેમાં કોઈના જવાબો અધૂરા હતા તેમને ફરી પૂછવામાં આવ્યું હતું, અને તેમણે જણાવ્યું કે તેમણે સીધી કે આડકતરી રીતે કોઈને ઓકરેજ આપ્યું નથી.

બીજું, બૅન્કોમાં આપણે ડિપૉઝિટો કયારે મૂકી તેની યાદી બનાવી આઈટેમવાઈઝ (યુનિવર્સિટીના કોઈ સ્ટાફ મેમ્બરને, બૅન્કના કોઈ કર્મચારીને અથવા સભાજની કોઈ પણ વ્યક્તિને) ઓકરેજ આપ્યું છે કે કેમ તે પુછાવ્યું હતું. તેના જવાબો આવ્યા છે કે ઓકરેજ કોઈને અપાયું નથી. આ મુજબ દરેક બૅન્કને પુછાવ્યું હતું અને તેમના જવાબો આવી ગયા છે. દરેક યુનિવર્સિટીને પણ પુછાવ્યું હતું કે તેઓ કોઈ ઓકરેજ લે છે. તેમના જવાબો આવ્યા છે. લગભગ ૬૦ યુનિવર્સિટીઓના જવાબો આવ્યા છે કે તેઓ કોઈ ઓકરેજ લેતા નથી. યુનિવર્સિટી પોતે ડિપૉઝિટર તરીકે ઓકરેજ લઈ શકતી નથી એમ કહેવામાં આવ્યું છે.

શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પંજાબ નેશનલ બૅન્કને પહેલો પત્ર લખેલો તેનો શો જવાબ આવેલો ?

કુલપતિશ્રીનો ઉત્તર : અમને મળેલો જવાબ અધૂરો હોવાથી તેને (categorically) ફરીથી પુછાવ્યું હતું, અને જવાબ આવેલો કે તેમણે કોઈને પણ ઓકરેજ આપેલું નથી.

ડૉ. દેવેન્દ્રભાઈ સુતરિયાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો હતો :

પંજાબ નેશનલ બૅન્કનો બીજો જવાબ આવ્યો તે પત્ર unsigned letter હતો તે વાત સાચી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : આપે confidential પત્રની વાત કરી છે, તેથી તેની વિગતોમાં અહીં ઊતરવાની જરૂર નથી.

આચાર્ય ગિરીશભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૧૯૫૦થી અત્યાર સુધીના કુલપતિશ્રીઓએ ઓકરેજ મેળવવા અંગે કોઈ પગલાં લીધેલાં ?

કુલપતિશ્રીનો ઉત્તર : મારા ખ્યાલ પ્રમાણે કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી.

શ્રી. એચ. વી. વસાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ઇન્કમ-ટેક્સ ખાતા તરફથી કોઈ માહિતી માગવામાં આવેલી ખરી ?

કુલપતિશ્રીનો ઉત્તર : જે માહિતી માગેલી તે આપણે આપી છે. કેટલાં નાણાં કયાં મૂકયાં તેની માહિતી તેમણે માગી હતી અને તે આપણે આપી છે. આપણી સંસ્થા છે તેમ બૅન્ક પણ સંસ્થા છે અને ઇન્કમ-ટેક્સ ડિપાર્ટમેન્ટ માહિતી માગે તે ના આપીએ તે આપણા માટે સારું નથી.

શ્રી. ભગનભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટીના કોઈ સ્ટાફને, બૅન્કના કોઈ પણ અધિકારીને કે જાહેર જનતાની કોઈ વ્યક્તિને ઓકરેજ આપવામાં આવ્યું નથી તેનો અર્થ હું એમ સમજુ કે બૅન્કોએ આપણા વાસ્તે ઓકરેજ આપવાનું થાય તે ઉધાર્યું નથી અને બૅન્કોના કોઈ પણ ઉધાર ખાતામાં પડયું નથી.

કુલપતિશ્રીનો ઉત્તર : આપને યોગ્ય લાગે તે inference કરી શકો છો.

શ્રી. ભગનભાઈ દેસાઈએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તપાસના પરિણામે આ રકમ ઓકરેજ તરીકે કોઈને આપી નથી તથા તે રકમ તેમના ખર્ચમાં પડી નથી ?

કુલપતિશ્રીનો ઉત્તર : એ inference છે; પ્રશ્ન નથી.

શ્રી. પંકજભાઈ શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉમર્શિયલ બૅન્ક પાસેથી સંપૂર્ણ માહિતી આવી છે તે certify થયેલી છે કે કોઈ પણ વ્યક્તિને ડિપૉઝિટ ઉપર ઓકરેજ આપવામાં આવ્યું નથી, તો બૅન્કોના જવાબો ઉપરથી બૅન્કો પાસેથી તે લેવાનું ઊભું છે—જમા રહેલું છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : આ આપનું inference થાય છે. સવાલ પૂછો.

શ્રી. પંકજભાઈ શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જ્યાં ડિપૉઝિટો મૂકવામાં આવેલી છે તેની ઉપર કોઈ ઓકરેજની રકમ આપવામાં આવી નથી. તેનો અર્થ એ કે બૅન્કના ચોપડામાં ઊધર્યું નથી એટલે ઓકરેજ બૅન્કમાં ઊભું છે કે નહિ ?

કુલપતિશ્રીનો ઉત્તર : યુનિવર્સિટી માટે કોઈ ઓકરેજ છે નહિ—ગઈ કાલે, આજે કે ભવિષ્યમાં યુનિવર્સિટીની સિન્ડિકેટે આ પહેલાં કોઈ ઓકર નીમ્યો નથી.

શ્રી. એચ. વી. વસાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૧૪ વર્ષના ગાળામાં યુનિવર્સિટીએ ઓકરેજ લીધું નથી, તો કોઈ રીતે તે લઈ શકાય તે વિચારેલું ખરું ?

કુલપતિશ્રીનો ઉત્તર : મારી કારકિર્દી પહેલાંનું હું ના કહી શકું. મારા ખ્યાલમાં તે આવ્યું ત્યારે કો-ઑપરેટિવ સ્ટોર્સ કાઢવામાં આવે તેની રાહ જોવાતી હતી.

શ્રી. એચ. વી. વસાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ પહેલાં કોઈનું ધ્યાન દોરાયું હતું ?

કુલપતિશ્રીનો ઉત્તર : ના.

આચાર્ય રામપ્રસાદભાઈ શુકલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આજે નીમ્યા પછી જૂનું (ઓકરેજ) માગી શકો ?

કુલપતિશ્રીનો ઉત્તર : આ આપનું inference છે.

ડૉ. એમ. એન. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આપણો બ્રોકર નહોતો, પણ એ દિશામાં પાછલા પૈસા મેળવવા યુનિવર્સિટી વિચાર કરશે કે નહિ ?

કુલપતિશ્રીનો ઉત્તર : સિન્ડિકેટ પાસે અત્યારે એ પ્રશ્ન નથી.

આચાર્ય એમ. સી. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

હવે પછી સિન્ડિકેટ તરફથી બૅન્કોને પૂછી શકાય કે તમારા ખાતેથી યુનિવર્સિટીની ડિપૉઝિટો પર કોઈ પણ રકમ તમારા ખાતે ઊધરી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : ડિપૉઝિટો મૂકતી વખતે જે બ્રોકર નીમ્યો હોય તેને બૅન્ક બ્રોકરેજ આપે છે. યુનિવર્સિટીને પોતાને ડિપૉઝિટર તરીકે તો કોઈ દિવસ મળે નહિ.

૧. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૭ની પેટાકલમ (૨) હેઠળ ૪૭ જેટલા સભ્યોની સહીથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

" ગુજરાત યુનિવર્સિટીનાં ફાજલ નાણાં, જે જુદી જુદી બૅંકોમાં ફિક્સ્ડ ડિપૉઝિટોમાં મૂકવામાં આવે છે તેના ઉપર મળતું બ્રોકરેજ લેવાની અત્યાર સુધી પ્રથા નથી તે શરૂ કરવા સેનેટની આ સભા ઠરાવે છે. "

સિન્ડિકેટનો અભિપ્રાય

સદરહુ પ્રસ્તાવ પર સિન્ડિકેટની તા. ૪/૫-૧-૧૯૬૯ની સભાએ નીચે મુજબ ઠરાવ્યું હતું અને સેનેટને તેની જાણ કરવા માટે સૂચના આપી હતી :

" આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીનાં ફાજલ નાણાં હવે પછી જુદી જુદી બૅંકોમાં ફિક્સ્ડ ડિપૉઝિટોમાં મૂકવા માટે યુનિવર્સિટીના સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સને ગુજરાત યુનિવર્સિટીના બ્રોકર તરીકે નીમવામાં આવે અને તેને બૅન્કો તરફથી જે બ્રોકરેજ મળે તે સ્વીકારવા માટે જરૂરી સત્તા આપવામાં આવે. "

સદરહુ પ્રસ્તાવ શ્રી. એચ. વી. વસાએ રજૂ કર્યો, તેને શ્રી. પંકજભાઈ શેઠે ટેકો આપ્યો.

તે પછી શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવ સેનેટની સત્તાના ક્ષેત્રની બહાર છે તે જોતાં તે કાનૂનસર છે ?

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સેનેટને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે.

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો છે તેનો નિકાલ થાય નહિ ત્યાં સુધી સેનેટની આ સભાને સમિતિના રૂપમાં ફેરવવાનો શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીનો પ્રસ્તાવ વિચારણા માટે લઈ શકાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ મૂળ પ્રસ્તાવ અંગે જે કાનૂની મુદ્દો ઊભો કર્યો છે તેનો નિકાલ થાય નહિ ત્યાં સુધી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ રજૂ કરેલો પ્રસ્તાવ કે અન્ય કોઈ બાબત વિચારણા માટે હાથ ધરી શકાય નહિ.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે સભાગૃહની સંમતિથી શ્રી. એચ. વી. વસાએ પોતે રજૂ કરેલો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો.

શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સુધારેલ પ્રસ્તાવ નીચે પ્રમાણે વંચાય :

'ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા યુનિવર્સિટીનાં ફાજલ નાણાં, જે જુદી જુદી બૅન્કોમાં ફિક્સ્ડ ડિપૉઝિટોમાં મૂકવામાં આવે છે તેના ઉપર મળતું બ્રોકરેજ લેવાની અત્યાર સુધી જે પ્રથા નથી તે શરૂ કરવા અને યુનિવર્સિટીના પ્રારંભથી અત્યાર સુધી જે જે રકમો ફિક્સ્ડ ડિપૉઝિટોમાં મુકાઈ હોય તે તે બૅન્કોમાંથી ડિપૉઝિટ થયેલી રકમો પરત્વેનું બ્રોકરેજ મેળવી લેવા ઘટતી કાર્યવાહી હાથ ધરવા અને જે બૅન્કો બ્રોકરેજ ન આપતી હોય તે બૅન્કોમાં યુનિવર્સિટીનાં ફાજલ નાણાં મૂકવાં નહિ તેમ ઠરાવે છે.'"

શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ઠરાવને છેડે 'છે' પદ પછી નીચેનું ઉમેરો :

'અને તે ઉપરાંત આ સભા શ્રી. વા. ચા. તથા સિન્ડિકેટને સૂચવે છે કે અત્યાર અગાઉનું બાકી રહેલું બ્રોકરેજ, જે હોય તે, પણ મેળવવા માટે બનતી બધી તજવીજ કરીને તે મેળવી લેવામાં આવે.'"

શ્રી. એચ. વી. વસાએ પોતે રજૂ કરેલો મૂળ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો હોવાથી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરી અને શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈના સુધારા પર સભાગૃહને વિચારણા કરવાપણું રહ્યું નહિ.

૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૭ની પેટાકલમ (૨) હેઠળ ૪૭ જેટલા સદસ્યોની સહીથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીનું કાર્યતંત્ર સ્વચ્છ અને નિષ્કલંક રહે તથા તેની જાહેર જનતાને પ્રતીતિ થાય તે હેતુથી યુનિવર્સિટી કાર્યાલયનાં તથા યુનિવર્સિટી અંગેનાં કોઈ પણ કાર્યોમાં જો નાણાકીય ગેરરીતિઓ તરફ યુનિવર્સિટી કાર્યાલયનું ધ્યાન દોરવામાં આવે તો સદરહુ તપાસ યુનિવર્સિટીના બોર્ડ ઑફ એકાઉન્ટ્સને સોંપવા તથા તેની ભલામણના આધારે સિન્ડિકેટ નિર્ણય કરે તેમ કરવા તથા આજદિન પર્યંત યુનિવર્સિટી તરફથી જે જે સહકારી તથા અન્ય બૅંકોમાં યુનિવર્સિટીનાં ફાજલ નાણાં રોકવામાં આવ્યાં છે, જેના બ્રોકરેજના સંદર્ભમાં થયેલ તપાસ પણ સદરહુ બોર્ડ ઑફ એકાઉન્ટ્સને પુનઃ સોંપવા સેનેટની આ સભા ઠરાવે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ફાજલ નાણાના બૅન્કોના રોકાણ અંગેના બ્રોકરેજની બાબતમાં સિન્ડિકેટે ઝીણવટભરી તપાસ કરી છે અને તે બાબતમાં યુનિવર્સિટીના કાર્યતંત્ર અંગે સિન્ડિકેટને સંતોષ થયો છે અને તેથી તે અંગેની તપાસ બોર્ડ ઑફ એકાઉન્ટ્સને સોંપવાની જરૂર જણાતી નથી. બાકી નાણાકીય ગેરરીતિઓ અંગેની તપાસ બોર્ડ ઑફ એકાઉન્ટ્સને સોંપવાના સિદ્ધાંતની તરફેણમાં સિન્ડિકેટ છે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. એચ. વી. વસાએ રજૂ કર્યો, તેને શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ ટેકો આપ્યો.

ચર્ચા દરમિયાન શ્રી. વસાએ વાપરેલા શબ્દો 'પ્રતિષ્ઠા જોખમમાં મુકાય છે' તે અંગે આચાર્ય એસ. આર. ભટ્ટે વાંધો ઉઠાવ્યો. તે પરથી શ્રી. વસાએ જણાવ્યું કે હું તે શબ્દો પાછા ખેંચી લઉં છું.

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે.

તે સામે શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે શ્રી. ઝવેરીનો સદરહુ પ્રસ્તાવ કાનૂનસર છે?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સેનેટની સભાને સમિતિના રૂપમાં ફેરવવા માટે કોઈ પણ સભ્ય પ્રસ્તાવ રજૂ કરી શકે છે અને તે રજૂ કરવા માટે પોતે પરવાનગી આપે છે.

પરંતુ તે પ્રસ્તાવ પર બીજો વિધિ થાય તે પહેલાં આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે શ્રી. એચ. વી. વસાએ રજૂ કરેલો પ્રસ્તાવ, સેનેટનું કાર્યક્ષેત્ર જોતાં, કાનૂન બહાર છે?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે શ્રી. એચ. વી. વસાએ રજૂ કરેલો પ્રસ્તાવ કાનૂન બહાર છે.

૩. ડૉ. દેવેન્દ્રભાઈ સુતરિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

New Statute :

"Employees of the University or their Association or Union shall have the privilege and right to ask for arbitration for redressing grievances or settlement of disputes. Upon such request being made, the Syndicate shall suggest a panel of three judges of the High Court or Labour Court as it may suit, out of which one shall be elected by the employees. Award or judgment given by this Tribunal will be binding on both."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ પ્રસ્તાવ ડૉ. દેવેન્દ્રભાઈ સુતરિયાએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પછી શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવ યુનિવર્સિટીના કર્મચારીઓની સેવાની શરતો(conditions of employment)ને સ્પર્શે છે અને તેથી તે સેનેટની સત્તાના ક્ષેત્રનો બહાર હોઈ શ્રી. દેવેન્દ્રભાઈ સુતરિયાએ રજૂ કરેલો પ્રસ્તાવ કાનૂન બહાર છે?

તે પછી આચાર્ય ય. પ્રા. શુકલે ધ્યાન ખેંચ્યું કે સભાગૃહમાં કામકાજને માટે ઓછામાં ઓછી જરૂરી હાજરી (quorum) નથી.

તે પછી ઓછામાં ઓછી જરૂરી હાજરી(quorum)ના અભાવે સભાગૃહનું કામકાજ આગળ ચાલી શકયું નહિ.

શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

સુધારેલો પ્રસ્તાવ નીચે પ્રમાણે વંચાય :

"Employee or employees of the University shall have the privilege and right to ask for arbitration for redressing his or their grievances and/or settlement of disputes. Upon such request being made, the Syndicate shall suggest a panel of three persons from amongst the persons who have held or are holding judicial office. Out of the said panel the employee or employees shall elect one person who shall adjudicate upon the grievances and/or settle the disputes. The award or the decision given by him shall be final and binding the parties."

૪. શ્રી. વિનોદભાઈ અધ્વર્યુએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૦(૧)માંની જોગવાઈ મુજબ સેનેટની આ સભા એવો અભિપ્રાય વ્યક્ત કરે છે કે અત્યારની શૈક્ષણિક પરિસ્થિતિ, સંલગ્ન કૉલેજોનો વધીવટ, કૉલેજોની વધતી જતી સંખ્યા અને તેમાંથી નીપજતા પ્રશ્નો — આ બધું જોતાં ઉપર્યુક્ત ધારામાંની જોગવાઈ મુજબ અમદાવાદ વિસ્તારમાં, કૉલેજના દ્વિતીય વર્ષ પછીનું શિક્ષણ યુનિવર્સિટી પોતાને હસ્તક લે તે ભણનાર, ભણાવનાર અને ભણતર બધાંની દૃષ્ટિએ હિતાવહ છે અને તેથી આ બાબતમાં આવશ્યક કારવાઈ કરવા લાગતાંવળગતાં મંડળોને વિનંતી કરે છે. "

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ વ્યવહારુ જણાતો નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

નં. સે./૬૮૭૬/૧૬૬૯.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
ફેબ્રુઆરી ૨૪, ૧૬૬૯.

આદેશથી,
કં. ચં. પરીખ
કુલસચિવ.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૯.

G.U.P. 1274-450-2-69

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સેનેટની ખાસ સભા, મંગળવાર, તા. ૨૧-૧-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટીના સેનેટ-ખંડમાં મળી હતી તથા બુધવાર, તા. ૨૨-૧-૧૯૬૯ના રોજ પણ તે જ સમયે અને સ્થળે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન બન્ને દિવસોએ કુલપતિ શ્રી. ઉમાશંકર જોષીએ સંભાળ્યું હતું. બન્ને દિવસોએ હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	૨૧-૧-'૬૯	૨૨-૧-'૬૯
૧.	શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર	હાજર
૨.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર
૩.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ	હાજર	હાજર
૪.	શ્રી. ક. ચં. પરીખ, કુલસચિવ	હાજર	હાજર
૫.	શ્રી. પી. એસ. કલવચવાલા	હાજર	હાજર
૬.	ડૉ. જે. જે. ચિનોય	હાજર	હાજર
૭.	પ્રિ. જે. બી. સાવ્હિલ	હાજર	હાજર
૮.	પ્રિ. એમ. એસ. પંડિત	હાજર	હાજર
૯.	પ્રિ. એન. બી. નાયક	હાજર	હાજર
૧૦.	પ્રિ. સી. એમ. પટેલ	હાજર	હાજર
૧૧.	ડૉ. ઈ. એમ. બેસ્ટ	હાજર	હાજર
૧૨.	પ્રિ. એલ. એચ. ટેંગશે	હાજર	ગેરહાજર
૧૩.	પ્રિ. વી. એ. બ્યાસ	હાજર	ગેરહાજર
૧૪.	પ્રિ. સી. એસ. શાહ	હાજર	હાજર
૧૫.	પ્રિ. ટી. એમ. પરીખ	હાજર	હાજર
૧૬.	પ્રિ. ફ્રે. જી. દેસાઈ	હાજર	હાજર
૧૭.	પ્રિ. આઈ. જે. ધ્રુવ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	૨૧-૧-'૬૯	૨૨-૧-'૬૯
૧૮.	પ્રિ. વાય. પી. શુક્લ	હાજર	હાજર
૧૯.	પ્રિ. કે. એમ. આચાર્ય	હાજર	હાજર
૨૦.	પ્રિ. એસ. આર. ભટ્ટ	હાજર	હાજર
૨૧.	પ્રિ. આર. એચ. શાહ	ગેરહાજર	હાજર
૨૨.	પ્રિ. સી. સી. શાહ	હાજર	હાજર
૨૩.	પ્રિ. શ્રીમતી ઊર્મિલાબહેન સી. પટેલ	હાજર	હાજર
૨૪.	પ્રિ. એચ. સી. ત્રિવેદી	હાજર	હાજર
૨૫.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર	હાજર
૨૬.	પ્રિ. વી. આર. રઘુદીવે	હાજર	હાજર
૨૭.	પ્રિ. એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર
૨૮.	પ્રિ. ડી. પી. ઠાકર	હાજર	હાજર
૨૯.	પ્રિ. જે. બી. પટેલ	હાજર	હાજર
૩૦.	પ્રિ. જે. ડી. તલાટી	હાજર	હાજર
૩૧.	પ્રિ. એન. આર. પટેલ	હાજર	હાજર
૩૨.	પ્રિ. ટી. એન. મહેતા	હાજર	હાજર
૩૩.	પ્રિ. આર. એમ. શુક્લ	હાજર	હાજર
૩૪.	પ્રિ. એસ. આર. મહેતા	હાજર	હાજર
૩૫.	પ્રિ. આર. સી. પટેલ	હાજર	હાજર
૩૬.	પ્રિ. કે. આર. પટેલ	હાજર	હાજર
૩૭.	પ્રિ. એન. યુ. ત્રિવેદી	હાજર	હાજર
૩૮.	પ્રિ. જે. જે. ત્રિવેદી	હાજર	હાજર
૩૯.	પ્રિ જે. સી. ત્રિવેદી	હાજર	ગેરહાજર
૪૦.	પ્રિ. એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૪૧.	પ્રિ. જી. સી. પટેલ	હાજર	હાજર
૪૨.	પ્રિ. વાય. ડી. વ્યાસ	હાજર	હાજર
૪૩.	પ્રિ. વી. જી. ઉપાધ્યાય	હાજર	હાજર
૪૪.	પ્રિ. યુ. ડી. ભટ્ટ	હાજર	ગેરહાજર
૪૫.	પ્રિ. એલ. ડી. દવે	હાજર	હાજર
૪૬.	પ્રિ. આર્ય. જે. ભટ્ટ	હાજર	હાજર
૪૭.	પ્રિ. એન. બી. જોષી	હાજર	હાજર
૪૮.	પ્રિ. એમ. એસ. શાહ	હાજર	હાજર
૪૯.	પ્રિ. એમ. સી. શાહ	હાજર	હાજર
૫૦.	ડૉ. એ. એમ. ભલાવવાળા	હાજર	હાજર
૫૧.	પ્રિ. વી. પી. પરીખ	હાજર	હાજર
૫૨.	પ્રિ. એ. આર. રાવ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	૨૧-૧-'૬૯	૨૨-૧-'૬૯
૫૩.	પ્રિ. આર્ય. એમ. પટેલ	હાજર	હાજર
૫૪.	પ્રિ. એન. એસ. યાજ્ઞિક	હાજર	હાજર
૫૫.	પ્રિ. એ. એચ. આર્ય. વોરા	હાજર	હાજર
૫૬.	પ્રિ. બી. એમ. પીરઝાદા	હાજર	હાજર
૫૭.	પ્રિ. એસ. એમ. નાગામિયા	હાજર	ગેરહાજર
૫૮.	પ્રિ. એ. ડી. મણિયાર	હાજર	હાજર
૫૯.	પ્રિ. એસ. ટી. જેસલપુરા	હાજર	હાજર
૬૦.	પ્રિ. ડી. એસ. જોષી	હાજર	ગેરહાજર
૬૧.	પ્રિ. બી. એમ. પંડિત	હાજર	હાજર
૬૨.	પ્રિ. એચ. એમ. શુકલ	હાજર	હાજર
૬૩.	પ્રિ. જી. બી. પરીખ	હાજર	હાજર
૬૪.	પ્રિ. એચ. સી. પરીખ	હાજર	હાજર
૬૫.	પ્રિ. કે. એન. શાહ	હાજર	હાજર
૬૬.	પ્રિ. ટી. પી. ચિત્તાનંદ	હાજર	હાજર
૬૭.	પ્રિ. એન. એન. ઉદવાડિયા	હાજર	હાજર
૬૮.	પ્રિ. વાય. જી. નાયક	હાજર	હાજર
૬૯.	પ્રિ. વી. એફ. શાહ	હાજર	હાજર
૭૦.	પ્રિ. બી. આર. ચૌહાણ	ગેરહાજર	હાજર
૭૧.	પ્રિ. એમ. ડી. ભટ્ટ	હાજર	હાજર
૭૨.	પ્રિ. જે. કે. શાહ	હાજર	હાજર
૭૩.	પ્રિ. પી. એચ. ભટ્ટ	હાજર	હાજર
૭૪.	પ્રિ. જે. એચ. દવે	હાજર	ગેરહાજર
૭૫.	પ્રિ. સી. એલ. શાસ્ત્રી	હાજર	ગેરહાજર
૭૬.	પ્રિ. જે. જી. પટેલ	હાજર	હાજર
૭૭.	પ્રિ. કે. બી. વ્યાસ	હાજર	હાજર
૭૮.	પ્રિ. આર. વી. શાસ્ત્રી	હાજર	હાજર
૭૯.	પ્રિ. જી. એમ. પટેલ	હાજર	હાજર
૮૦.	પ્રિ. પી. આર. દેસાઈ	હાજર	હાજર
૮૧.	પ્રિ. એ. જી. મુનશી	હાજર	હાજર
૮૨.	પ્રિ. ડી. એચ. વેલવન	હાજર	હાજર
૮૩.	પ્રિ. એ. બી. વ્યાસ	હાજર	હાજર
૮૪.	પ્રિ. એચ. પી. પંડ્યા	હાજર	હાજર
૮૫.	પ્રિ. બી. કે. ગઢવી	હાજર	હાજર
૮૬.	પ્રિ. બી. એમ. ઠાકર	હાજર	હાજર
૮૭.	પ્રિ. એચ. વી. સુથાર	ગેરહાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	૨૧-૧-'૬૯	૨૨-૧-'૬૯
૮૮.	પ્રિ. વી. એસ. વણીકર	હાજર	હાજર
૮૯.	પ્રિ. આર. સી. ત્રિપાઠી	હાજર	હાજર
૯૦.	પ્રિ. ડી. એ. ધાંચી	હાજર	હાજર
૯૧.	પ્રિ. કે. એસ. પટેલ	હાજર	હાજર
૯૨.	પ્રિ. એન. વી. રાવલ	હાજર	હાજર
૯૩.	પ્રિ. એચ. એ. પટેલ	હાજર	હાજર
૯૪.	પ્રિ. બી. એસ. પટેલ	હાજર	હાજર
૯૫.	પ્રિ. સી. કે. અકૂવાલા	હાજર	હાજર
૯૬.	પ્રિ. કુ. ઉષાબહેન બી. ફાટક	હાજર	હાજર
૯૭.	પ્રિ. બી. એસ. પટેલ	હાજર	હાજર
૯૮.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૯૯.	ડૉ. એન. જે. શાહ	ગેરહાજર	હાજર
૧૦૦.	શ્રી. સી. સી. મહેતા	હાજર	હાજર
૧૦૧.	શ્રી. ડી. એસ. પરીખ	હાજર	હાજર
૧૦૨.	શ્રી. એમ. એસ. પટેલ	હાજર	ગેરહાજર
૧૦૩.	શ્રી. એસ. એમ. ઠક્કર	હાજર	હાજર
૧૦૪.	શ્રી. આર. વી. શાહ	હાજર	હાજર
૧૦૫.	શ્રી. વી. પી. મહેતા	હાજર	હાજર
૧૦૬.	શ્રી. બી. એમ. જાની	હાજર	હાજર
૧૦૭.	ડૉ. ડી. એચ. મુતરિયા	હાજર	હાજર
૧૦૮.	પ્રો. કે. કા. શાસ્ત્રી	હાજર	હાજર
૧૦૯.	પ્રો. વી. બી. અધ્વર્યુ	હાજર	હાજર
૧૧૦.	પ્રો. એમ. પી. પંડ્યા	હાજર	હાજર
૧૧૧.	ડૉ. સી. આર. નાયક	હાજર	હાજર
૧૧૨.	પ્રો. આર. એમ. ભટ્ટ	હાજર	હાજર
૧૧૩.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૧૪.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર	હાજર
૧૧૫.	શ્રી. પી. એફ. પટેલ	હાજર	હાજર
૧૧૬.	શ્રી. ઠી. એસ. બસન	હાજર	હાજર
૧૧૭.	શ્રી. એચ. સી. શુકલ	ગેરહાજર	હાજર
૧૧૮.	પ્રો. એન. જે. પટેલ	હાજર	હાજર
૧૧૯.	શ્રી. એચ. એસ. જૈન	હાજર	હાજર
૧૨૦.	શ્રી. પી. એન. વર્તીકર	હાજર	ગેરહાજર
૧૨૧.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર	હાજર
૧૨૨.	શ્રી. એસ. એમ. દેસાઈ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	૨૧-૧-'૬૯	૨૨-૧-'૬૯
૧૨૩.	શ્રી. એચ. યુ. ન્યોપી	હાજર	હાજર
૧૨૪.	શ્રી. કે. ડી. શાહ	હાજર	હાજર
૧૨૫.	ડૉ. પી. એલ. શાહ	હાજર	ગેરહાજર
૧૨૬.	ડૉ. આર. એલ. વાદી	હાજર	ગેરહાજર
૧૨૭.	ડૉ. કે. આર. શ્રોફ	હાજર	હાજર
૧૨૮.	ડૉ. એચ. આર. દેરાસરી	હાજર	હાજર
૧૨૯.	શ્રી. જી. આર. દેસાઈ	ગેરહાજર	હાજર
૧૩૦.	શ્રી. સી. જી. પટેલ	હાજર	ગેરહાજર
૧૩૧.	શ્રી. એસ. કે. ઝવેરી	હાજર	હાજર
૧૩૨.	શ્રી. એમ. ટી. શુકલ	હાજર	હાજર
૧૩૩.	શ્રી. સી. પી. પટેલ	હાજર	હાજર
૧૩૪.	શ્રી. બી. એમ. નથલપ્પા	હાજર	હાજર
૧૩૫.	શ્રી. આર. બી. શાહ	હાજર	હાજર
૧૩૬.	શ્રી. પી. આર. શેઠ	હાજર	હાજર
૧૩૭.	શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૧૩૮.	શ્રી. એન. એન. દલાલ	હાજર	હાજર
૧૩૯.	ડૉ. જે. બી. હરિભક્તિ	હાજર	હાજર
૧૪૦.	શ્રી. આઈ. એ. મોદી	હાજર	હાજર
૧૪૧.	શ્રી. એચ. વી. વસા	હાજર	ગેરહાજર
૧૪૨.	શ્રી. એસ. બી. પંડ્યા	હાજર	હાજર
૧૪૩.	ડૉ. એન. એચ. દેસાઈ	હાજર	હાજર
૧૪૪.	શ્રી. બી. પી. શાહ	હાજર	હાજર
૧૪૫.	ડૉ. લીલાબહેન સી. શાહ	હાજર	હાજર
૧૪૬.	ડૉ. એન. આર. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૪૭.	શ્રી. જે. કે. મોદી	હાજર	ગેરહાજર
૧૪૮.	શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	ગેરહાજર	હાજર
૧૪૯.	પ્રો. વી. જે. ત્રિવેદી	હાજર	હાજર
૧૫૦.	ડૉ. સી. એચ. નાયક	હાજર	હાજર
૧૫૧.	શ્રી. ડી. જી. નાયક	હાજર	ગેરહાજર.

કામકાજની યાદી પરનું કામકાજ હાથ ધરવામાં આવ્યું તે પહેલાં પ્રો. મણિશંકર પી. પંડ્યાએ અને આચાર્ય ય. પ્રા. શુકલે સભાગૃહનું ધ્યાન ખેંચીને જણાવ્યું કે તે દિવસે એટલે કે તા. ૨૧-૧-૧૯૬૯ના રોજ કેટલાંક વર્તમાનપત્રોમાં તા. ૨૦-૧-૧૯૬૯ના રોજ સેનેટની સભામાંથી કેટલાક સભ્યોએ સભાત્યાગ કર્યો હતો તે મતલબના હેવાલ પ્રસિદ્ધ થયા છે તે, કોઈ પણ સભ્ય પોતે સભા ત્યાગ કરે છે એમ જણાવીને સભા છોડી ગયો નહોતો, તે હકીકતના સંદર્ભમાં સત્યથી વેગળા છે અને તે બાબત અંગે

યુનિવર્સિટી કાર્યાલય તરફથી સ્પષ્ટતા કરતું નિવેદન અખબારોમાં પ્રસિદ્ધિ માટે મોકલી આપવું જોઈએ. તે પરથી પ્રમુખશ્રીએ સેનેટના સભ્યોની આ બાબતમાં સંમતિ છે કે કેમ તે પૂછ્યું અને સભાગૃહમાં હાજર હતા તે તમામ સભ્યોએ તે બાબતમાં સંમતિ દર્શાવી. તે પછી કુલપતિશ્રીએ જરૂરી અખબારી નિવેદન વર્તમાનપત્રોને મોકલી આપવા માટે કાર્યાલયને સૂચના આપી.

તે પછી યાદી પરના કામકાજની વિચારણા હાથ ધરવામાં આવી.

પ્રશ્નોત્તરી

[૧] **આચાર્ય જશભાઈ પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : ગુજરાત યુનિવર્સિટીની કેટલી કઈ કઈ કૉલેજોમાં કયા કયા વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો ચાલે છે ? વિગતવાર માહિતી આપશો ?

ઉત્તર ૧ : ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો પૈકી કુલ ૩૬ કૉલેજોમાં ૯૮ અનુસ્નાતક કેન્દ્રો હાલ ચાલે છે. તે અંગેની વિગતવાર માહિતી પરિશિષ્ટ "ક"માં આપવામાં આવી છે.

આચાર્ય જશભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોમાં પીએચ.ડી. થિસિસનું કાર્ય ચાય છે? માન્યતાની શરતો કઈ છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું : 'પીએચ.ડી. માટે અનુસ્નાતક કેન્દ્રો હોતાં નથી. પીએચ.ડી.નો વિદ્યાર્થી એ યુનિવર્સિટીનો સીધો વિદ્યાર્થી ગણાય છે, અને પીએચ.ડી. માટે માન્ય થયેલ શિક્ષક પાસે માર્ગદર્શન લે છે.

કુલપતિશ્રીએ સ્પષ્ટતા કરતાં ઉમેર્યું : 'ગાઈડ' કોઈ સંસ્થાનો શિક્ષક હોવો જોઈએ. 'ગાઈડ' વિદ્યાર્થીને સ્વીકારતાં પહેલાં અજમાયશી ધોરણે પણ વિદ્યાર્થીને રાખી શકે છે.

આચાર્ય જશભાઈ પટેલે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :
એક 'ઝોનમાં' ત્રણથી વધારે કેન્દ્રો ન હોવાં જોઈએ એવો સુધારો આવ્યો છે ?
કુલપતિશ્રીનો ઉત્તર : હા, એવી માગણી આવી છે.

પ્રશ્ન ૨ : આ કેન્દ્રો ચલાવવા યુનિવર્સિટી તરફથી કઈ કૉલેજને કેટલી મદદ મળે છે તે જણાવશો.

ઉત્તર ૨ : જે કૉલેજોમાં / સંસ્થાઓમાં યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રો સ્થપાયાં હોય અને તેમાં પ્રાયોગિક કાર્ય કરવાનું આવશ્યક હોય તો તે કૉલેજો / સંસ્થાઓને અનુસ્નાતક શિક્ષણ અંગેના નિયમ ૪૪ પ્રમાણે જે તે કૉલેજ / સંસ્થાને પ્રયોગશાળાના નિભાવખર્ચ, સાધનસામગ્રી, રસાયણો તથા પ્રયોગશાળાના કામકાજ માટે જરૂરી સેવાઓ વગેરે અંગે થતા ખર્ચ પેટે નીચેના ધોરણે આર્થિક સહાય મળી શકે છે :

૧. (અ) શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા

(૧) ગૃહવિજ્ઞાન	(વિદ્યાર્થી દીઠ વાર્ષિક)	...	રૂા. ૨૦૦
(૨) પુરાતત્ત્વવિદ્યા	(,, ,, ,,)	...	રૂા. ૨૦૦
(૩) આંકડાશાસ્ત્ર	(,, ,, ,,)	...	રૂા. ૧૦૦
(૪) પ્રાયોગિક મનોવિજ્ઞાન	(,, ,, ,,)	...	રૂા. ૧૫

(બ) વિજ્ઞાન વિદ્યાશાખા

(૧) રસાયણવિજ્ઞાન (વિદ્યાર્થી દીઠ વાર્ષિક) ... રૂા. ૩૦૦
(૨) ભૌતિકવિજ્ઞાન (,, ,, ,,) ... રૂા. ૧૫૦
(૩) વનસ્પતિવિજ્ઞાન (,, ,, ,,) ... રૂા. ૧૫૦
(૪) પ્રાણીવિજ્ઞાન (,, ,, ,,) ... રૂા. ૧૫૦
(૫) ભૂસ્તરવિદ્યા (,, ,, ,,) ... રૂા. ૧૫૦
(૬) ફીટાણુશાસ્ત્ર (,, ,, ,,) ... રૂા. ૧૫૦
(૭) આંકડાશાસ્ત્ર (,, ,, ,,) ... રૂા. ૧૦૦

(ક) તબીબી વિદ્યાશાખા

૧. એમ.ડી. અને એમ.એસ. માટે જે વિદ્યાર્થીઓ રજિસ્ટર થયા હોય અને જેમને કોઈ કૉલેજ/સંસ્થામાં 'હાઉસ પોસ્ટ' મળી ન હોય તેવા દરેક વિદ્યાર્થી દીઠ રૂા. ૨૫૦.

૨. ફાર્મસી કૉલેજમાં એમ.ફાર્મ. માટે નોંધાયેલા દરેક વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂા. ૩૦૦.

(ડ) કૃષિવિદ્યાશાખા

પ્રશ્નપત્રો દ્વારા એમ.એસસી. (એગ્રિ.) પરીક્ષા માટે નોંધાયેલા વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂા. ૧૫૦.

(ઈ) માન્ય સંસ્થાઓમાં ઉપરના વિષયોમાં પીએચ.ડી. માટે નોંધાયેલા વિદ્યાર્થીઓની બાબતમાં પણ ઉપરનો નિયમ લાગુ પડે છે.

આ આર્થિક સહાય, સહાયના વર્ષ દરમિયાન લાગતાવળગતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીઓનો અભ્યાસ સંતોષકારક હોય અને ખરેખર થયેલો ખર્ચ આ નિયમ પ્રમાણે ભાગણી કરવામાં આવે તે ખર્ચ કરતાં ઓછો ન હોય તે શરતોને આધીન રહીને અપાય છે.

૨. આ ઉપરાંત અનુસ્નાતક નિયમ ૩૬ અનુસાર જો કોઈ કેન્દ્રમાં બાધ આવે તો તે ભરપાઈ કરવા માટે પણ ઘટતી જોગવાઈ કરવામાં આવેલી છે.

પ્રશ્ન ૩ : કેટલી અને કઈ સંસ્થાઓ આપના આદેશ મુજબ છેલ્લું તા. ૧-૪-૧૯૬૮નું મોંઘવારી ભથ્થું તેના કર્મચારીઓને ચૂકવે છે?

ઉત્તર ૩ : યુનિવર્સિટી કાર્યાલયને મળેલ માહિતી મુજબ નીચે જણાવેલ કૉલેજો/સંસ્થાઓ તા. ૧-૪-૧૯૬૮થી અમલમાં આવેલ મોંઘવારી ભથ્થું આપે છે:

ક્રમાંક કૉલેજનું નામ

(૧) સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૨) આર્ટ્સ કૉલેજ, સંગેડા
(૩) તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ, ચાંદીબાગ

(૪) નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૫) યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા
(૬) અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૭) શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ
(૮) આર્ટ્સ કૉલેજ, મહુધા
(૯) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
(૧૦) આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
(૧૧) યુ. પી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ
(૧૨) શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ
(૧૩) કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ
(૧૪) ભવન્સ કૉલેજ, ડાકોર
(૧૫) શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર
(૧૬) બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર
(૧૭) શ્રી. લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
(૧૮) રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત
(૧૯) સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
(૨૦) ભક્ત વલ્લભ ઘોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૨૧) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા
(૨૨) નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ
(૨૩) શ્રી. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૨૪) પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
(૨૫) સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
(૨૬) સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા
(૨૭) શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત
(૨૮) શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત
(૨૯) શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ
(૩૦) અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૩૧) સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૩૨) કૉમર્સ કૉલેજ, ડભોઈ
(૩૩) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૩૪) અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૩૫) સી. યુ. શાહ કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૩૬) મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૩૭) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ.

[નોંધ.—(૧) સરકારી કૉલેજોમાં મૂળ પગારમાં મોંઘવારી ભથ્થાનો કેટલોક ભાગ ભેળવાયો હોય તેવું અને તે સિવાયનું એમ બે મોંઘવારી ભથ્થાના દરો અપાય છે.

(૨) નીચેની સંસ્થાઓમાં કેન્દ્ર સરકારના દરોએ મોંઘવારી ભથ્થું અપાય છે :
૧. એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૨. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ
૩. અમદાવાદ ટેક્સ્ટાઇલ ઇન્ડસ્ટ્રિઝ રિસર્ચ ઍસોસિયેશન, અમદાવાદ.]

પ્રશ્ન ૪ : આપના આદેશ મુજબ કઈ કઈ સંસ્થાઓમાં, સમયમર્યાદામાં બૅંકમાં તેના કર્મચારીઓનો પગાર જમે કરાવે છે ?

ઉત્તર ૪ : યુનિવર્સિટી કાર્યાલયને મળેલી માહિતી મુજબ નીચે જણાવેલ કૉલેજો સિન્ડિકેટના ઠરાવ અનુસાર નિયત સમયમર્યાદામાં તેના શિક્ષકવર્ગના કર્મચારીઓનો પગાર બૅન્કમાં જમા કરાવે છે :

ક્રમાંક કૉલેજનું નામ

(૧) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૨) સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ
(૩) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૪) એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૫) સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૬) સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૭) સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૮) આર્ટ્સ કૉલેજ, સંખેડા
(૯) યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા
(૧૦) શેઠ. આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ
(૧૧) મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
(૧૨) જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ
(૧૩) આર્ટ્સ કૉલેજ, મહુધા
(૧૪) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
(૧૫) બી. ડી. કૉલેજ, અમદાવાદ
(૧૬) આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
(૧૭) શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ અને શ્રી અને શ્રીમતી પી. કે. કોટવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ
(૧૮) શેઠ એલ. એમ. સાયન્સ અને શેઠ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા
(૧૯) શેઠ એચ. પી. આર્ટ્સ અને એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ
(૨૦) શેઠ પી. ટી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ગોધરા
(૨૧) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ અને શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ
(૨૨) ભવન્સ કૉલેજ, ડાકોર
(૨૩) શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર
(૨૪) બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર
(૨૫) શ્રીમતી આર. ડી. શાહ અને શ્રીમતી વી. ડી. શાહ હોમર્સ કૉલેજ, ધોળકા

ક્રમાંક	કૉલેજનું નામ
(૨૬)	શેઠ સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી
(૨૭)	શ્રી. કે. કે. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા
(૨૮)	મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
(૨૯)	એસ. એસ. મહેતા આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર
(૩૦)	શ્રી. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૩૧)	શ્રી. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ અને શ્રી. જી. એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ
(૩૨)	વિવેકાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૩૩)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદ
(૩૪)	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
(૩૫)	પ્રકાશ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ
(૩૬)	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
(૩૭)	જે. ઍન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદ,
(૩૮)	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૩૯)	સાયન્સ કૉલેજ, કડી
(૪૦)	શ્રી. આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ
(૪૧)	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૪૨)	શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૪૩)	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૪૪)	આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ
(૪૫)	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૪૬)	કૉમર્સ કૉલેજ, ડભોઈ
(૪૭)	સર્વોદય કૉમર્સ કૉલેજ, માણસા
(૪૮)	શ્રી. બ્રહ્મચારીવાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૪૯)	વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ
(૫૦)	સી. યુ. શાહ કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૫૧)	મોતીલાલ નહેરુ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદ
(૫૨)	વિવેકાનંદ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદ
(૫૩)	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
(૫૪)	સિટી લૉ કૉલેજ, અમદાવાદ
(૫૫)	એમ. એસ. ભગત અને સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ
(૫૬)	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ
(૫૭)	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
(૫૮)	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
(૫૯)	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ
(૬૦)	આર. કે. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ.

પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કોઈ કૉલેજ બૅન્ક દ્વારા પગાર ન ચૂકવતી હોય તો તે માટે શું 'પ્રોવિઝન' રાખ્યું છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : એને માટે નિયમના અમલ અંગે જે કાંઈ પગલાં લેવાની જરૂર જણાય તે લઈ શકાય છે.

પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો ?

ગામમાં Scheduled બૅન્ક ન હોય તો શું કરવું ?

કુલપતિશ્રીનો ઉત્તર : તે મુદ્દો વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૫ : કઈ કઈ કૉલેજોને યુનિવર્સિટીના નિયમ પ્રમાણે રમતગમતનું મેદાન નથી ?

ઉત્તર ૫ : યુનિવર્સિટી કાર્યાલયને મળેલ માહિતી મુજબ નીચે પ્રમાણે કૉલેજોને પોતાનું રમતગમતનું મેદાન નથી :

ક્રમાંક	કૉલેજનું નામ
(૧)	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ (કૅન્સી મેચીસ માટે સર એલ. એ. શાહ લૉ કૉલેજનું રમતગમતનું મેદાન વાપરે છે.)
(૨)	કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ (બી. જે. મેડિકલ કૉલેજનું રમતગમતનું મેદાન વાપરે છે.)

પ્રશ્ન ૬ : કઈ કઈ કૉલેજો જમીન નીચે ભોંયરામાં પુસ્તકાલય ચલાવે છે ?

ઉત્તર ૬ : યુનિવર્સિટી કાર્યાલયને મળેલ માહિતી મુજબ નીચેની કૉલેજોનાં પુસ્તકાલયો ભોંયરામાં ચાલે છે :

ક્રમાંક	કૉલેજનું નામ
(૧)	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૨)	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૩)	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૪)	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
(૫)	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૬)	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૭)	નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૮)	મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૯)	નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ
(૧૦)	ભક્તા વલ્લભ ઘેાળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

પ્રશ્ન ૭ : અનુસ્નાતક કેન્દ્રોના નિયમ પ્રમાણે માન્ય અનુસ્નાતક શિક્ષકો અને માર્ગદર્શક શિક્ષકો ન હોય તેવાં કેન્દ્રો ચાલે છે ?

ઉત્તર ૭ : અનુસ્નાતક શિક્ષણ માટેનાં કેન્દ્રો માટે ઑર્ડિ. ૬૫-પી (૪) (*iii*) અનુસાર જરૂરી સ્થાનિક શિક્ષકગણ આવશ્યક છે અને તે ન હોય તેવું એક પણ કેન્દ્ર ચાલતું નથી, પરંતુ વધુ સ્પષ્ટતા માટે

ઉમેરવું જોઈએ કે જે વિષયમાં આવા યુનિવર્સિટી વિસ્તારમાં કોઈ અનુસ્નાતક કેન્દ્ર ન હોય તે વિષય માટે તદર્થ ઍડ-હૉક ધોરણે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં જોગવાઈ કરવામાં આવી છે, તે અનુસાર નીચેના વિષયોમાં તેવાં ઍડ-હૉક અનુસ્નાતક કેન્દ્રો આપવામાં આવ્યાં છે :

(૧) ભૂગોળ, (૨) પાલિ, (૩) જિયોલોજી, (૪) એમ.ડી.એસ.માં બ્રાન્ચ ૬—ઓરલ પેથોલોજી અને બૅક્ટિરિયોલોજી (બે વર્ષ માટે ઍડ-હૉક કેન્દ્ર).

પ્રશ્ન ૮ : આ વર્ષે હાઈસ્કૂલોના મકાનમાં ચાલતી કૉલેજો અને કૉલેજોના મકાનમાં ચાલતી હાઈસ્કૂલોની આપ માહિતી આપશો ?

ઉત્તર ૮ : (અ) યુનિવર્સિટી કાર્યાલયને મળેલ માહિતી મુજબ આ વર્ષે નીચેની કૉલેજો હાઈસ્કૂલના મકાનમાં ચાલે છે :

ક્રમાંક	કૉલેજનું નામ
(૧)	આર્ટ્સ કૉલેજ, સંખેડા
(૨)	ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી
(૩)	પટેલ જે. બી. રૂદેલવાળા આર્ટ્સ કૉલેજ અને પટેલ એ. એમ. રૂદેલવાલા કૉમર્સ કૉલેજ, બોરસદ
(૪)	મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
(૫)	શ્રી. એમ. એમ. મહેતા આર્ટ્સ ઍન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર.

(બ) નીચેની કૉલેજોનાં મકાનમાં હાઈસ્કૂલ ચાલે છે :

ક્રમાંક	કૉલેજનું નામ
(૧)	ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૨)	આર્ટ્સ કૉલેજ, મહુવા
(૩)	શ્રી. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત
(૪)	સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૫)	શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા
(૬)	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૭)	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
(૮)	ભક્તા વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

[૨] ડૉ. એમ. એન. દેસાઈએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના નીચે પ્રમાણે જવાબો આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ સેનેટ પર ચૂંટાઈ આવેલા નીચેના શિક્ષકોને છેલ્લાં ત્રણ વર્ષમાં યુનિવર્સિટી તરફથી યુનિવર્સિટીને સ્પર્શતા જેમ કે સંલગ્ન કૉલેજોની સ્થાનિક તપાસ,

અનુસ્નાતક અભ્યાસ માટે સંલગ્ન કૉલેજોની તપાસ વગેરે સોંપવામાં આવેલાં કામોની વિગતો, માહિતી આપો :

ડૉ. એમ. એન. દેસાઈ
ડૉ. એ. એમ. ત્રિવેદી
શ્રી. દર્શનસિંગ બસન
શ્રી. પી. એફ. પટેલ
શ્રી. એચ. સી. શુક્લ
શ્રી. એન. જે. પટેલ.

ઉત્તર ૧ : ઉપર જણાવેલ શિક્ષકો પૈકી નીચેના શિક્ષકોની સેવાઓ છેલ્લાં ત્રણ વર્ષમાં તેમનાં નામ સામે જણાવેલ સંલગ્ન કૉલેજોની જોડાણઅરજીઓ, અને અનુસ્નાતક કેન્દ્રો માટેની અરજીઓ ઉપરથી સ્થાનિક તપાસ માટે નિમાયેલી સમિતિઓના સભ્ય તરીકે લેવામાં આવી હતી, તે અંગેની માહિતી નીચે મુજબ છે :

વર્ષ ૧૯૬૬-૬૭

ક્રમાંક	શિક્ષકનું નામ	જોડાણઅરજી કરનાર કૉલેજનું નામ	અનુ. કેન્દ્ર માટે અરજી કરનાર કૉલેજનું નામ
(૧)	ડૉ. એમ. એન. દેસાઈ	નવયુગ સાયન્સ કૉલેજ, પોરબંદર	—
(૨)	ડૉ. એ. એમ. ત્રિવેદી	—	આર. આર. લાલન, કૉલેજ,
(૩)	શ્રી. એચ. સી. શુક્લ	—	ભૂજ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
(૪)	પ્રો. એન. જે. પટેલ	(૧) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર,	—
		(૨) એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર	—

વર્ષ ૧૯૬૭-૬૮

ક્રમાંક	શિક્ષકનું નામ	જોડાણઅરજી કરનાર કૉલેજનું નામ	અનુ. કેન્દ્ર માટે અરજી કરનાર કૉલેજનું નામ
(૧)	ડૉ. એમ. એન. દેસાઈ	—	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
(૨)	ડૉ. એ. એમ. ત્રિવેદી	(૧) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	—
		(૨) સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	—

ક્રમાંક	શિક્ષકનું નામ	જોડાણઅરજી કરનાર કૉલેજનું નામ	અનુ. કેન્દ્ર માટે અરજી કરનાર કૉલેજનું નામ
		(૩) પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	—
		(૪) ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ	—
(૩)	શ્રી. ડી. એસ. બસન	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ	—
(૪)	પ્રો. એન. જે. પટેલ	બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ.	—

વર્ષ ૧૯૬૮-૬૯

ક્રમાંક	શિક્ષકનું નામ	જોડાણઅરજી કરનાર કૉલેજનું નામ	અનુ. કેન્દ્ર માટે અરજી કરનાર કૉલેજનું નામ
(૧)	ડૉ. એ. એમ. ત્રિવેદી	(૧) વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી શરૂ કરાનાર કૉમર્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદ	—
		(૨) પીપલ્સ એજ્યુકેશન સોસાયટી તરફથી શરૂ કરાનાર કૉમર્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદ	—
		(૩) પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	—
		(૪) ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ	—
(૨)	શ્રી. ડી. એસ. બસન	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ.	—

પ્રશ્ન ૨ : (અ) ગયા ઑક્ટોબરની સેનેટની સભા અગાઉની સેનેટની સભામાં ખાસ કરીને અનુસ્નાતક પરીક્ષામાં પરીક્ષકો અનાધિકાર 'ગ્રેસિંગ' (પરીક્ષકોની છેલ્લી મીટિંગ મળતી હોય છે ત્યારે આ કાર્ય થતું હોય છે) કરતા હોય છે તે અંગે મેં પ્રશ્ન પૂછ્યો હતો. યુનિવર્સિટી ગ્રેસિંગને 'એસેસમેન્ટ' માને છે એવી છાપ તે ચર્ચા દરમિયાન મને પડી. આ બાબત ફરીથી

એ માટે આપશ્રીના ધ્યાન પર લાવું છું કે યુનિવર્સિટીએ હુમણાં અનુસ્નાતક અભ્યાસ અંગે એક કમિટી નીમી છે. તો ઉપરોક્ત બાબત એ કમિટીને જોઈ જવા માટે કહેવામાં આવ્યું છે કે નહિ ?

ઉત્તર ૨ : (અ) ઉપર જણાવેલાં વાકયોમાં પ્રશ્ન માત્ર છેલ્લા વાકયમાં છે. તે વાકય સિવાયનાં બાકીનાં વિધાનો પ્રશ્નોત્તરીના આ કાર્યક્રમમાં પ્રસ્તુત થઈ શકે નહિ તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૯-૧૦-૧૯૬૮ની સભામાં જે બે સમિતિઓ નીમી છે તે સમિતિઓને પરીક્ષાનું પરિણામ તૈયાર કરવાની બાબતનાં ધારાધોરણો જોઈ જવા માટે કહેવામાં આવ્યું નથી.

પ્રશ્ન ૨ : (બ) જો ઉપરોક્ત બાબત એ કમિટીના ધ્યાન પર લાવવાનું યુનિવર્સિટીની ધ્યાન બહાર રહ્યું હોય તો હવે આ બાબત કમિટીને સોંપશોને ?

ઉત્તર ૨ : (બ) ના, જી.

૧. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી અમદાવાદ ખાતે શરૂ કરનાર આર્ટ્સ એન્ડ એજ્યુકેશન કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિન્દીના અભ્યાસક્રમો તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે આવેલ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર વિનયન અને શિક્ષણની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિન્દી તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિન્દીના એક વ્યાખ્યાતા
(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) તર્કશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યતા
(૯) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૧૦) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૧) બે પ્રાધ્યાપકો (જે પૈકી એક પ્રાધ્યાપક, જો આચાર્ય વિનયનના વિષયના હોય તો, શિક્ષણશાસ્ત્રની શાખાના ચાર્જમાં હોય)
(૧૨) ચાર વ્યાખ્યાતાઓ (શિક્ષણશાસ્ત્રના શિક્ષણ માટે)
(૧૩) 'કન્ટેન્ટ' કોર્સ માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતાઓ
(૧૪) વ્યાયામશિક્ષક
(૧૫) ગ્રંથપાલ;

[નોંધ.—(૧) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.

(૨) ક્રમાંક (૧૧)થી (૧૩)માં દર્શાવેલ શિક્ષણશાખા માટેની નિમણૂકો એવી રીતે કરવામાં આવે કે જેથી જુદા જુદા વિષયની પદ્ધતિઓ અને વિશેષ ક્ષેત્રોના અભ્યાસ માટેની યોગ્ય લાયકાત નિભાવેલ શિક્ષકો ધરાવતા હોય.]

૨. કૉલેજના મકાનમાં શિક્ષણના અભ્યાસક્રમ માટેની જુદી પાંખ બાંધી તેમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
(૬) ચાર નાના ખંડો (જૂથકાર્ય માટે)
(૭) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ
(૮) પ્રત્યેક વિદ્યાશાખાની, ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૯) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ
(૧૦) પીવાના પાણી માટેનો ખંડ
(૧૧) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. મે, ૧૯૭૨ સુધીમાં પૂરતી સગવડવાળું કૉલેજ માટેનું અલાયદું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૭૫ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે કૉલેજના સંચાલકમંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. વિજ્ઞાનના શિક્ષકો માટે નાની પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૫. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી ખરીદવા માટે રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૭. ગ્રંથાલય માટે વિનયન તથા શિક્ષણની પ્રત્યેક શાખા દીઠ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૮. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૧૦. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૧. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૨. કૉલેજના સંચાલનમાં જે ખામી જણાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૩. રૂા. દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે, તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અરકામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર *આવશ્યક રહેશે. "

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત ક્રમાંક (૩) નીચે પ્રમાણે સુધારવી :

'(૩) અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે.'

[નોંધ—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજને એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ જે સિન્ડિકેટ ઠરાવશે તે કૉલેજના સંચાલકમંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આઈ. જે. ધ્રુવે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર વિનયન અને શિક્ષણની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય આઈ. જે. ધ્રુવે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર શ્રી. દેવેન્દ્રભાઈ એચ. સુતરિયાએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી:

"આચાર્ય આઈ. જે. ધ્રુવનો પ્રસ્તાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર વિનયન અને શિક્ષણની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, તથા ઍકેડેમિક કાઉન્સિલની ભલામણમાં પેરા ૧ માં 'હિન્દી' શબ્દ પછી આવતા 'ભલામણ કરવી' સુધીના શબ્દો રદ કરવા તથા તેને સ્થાને નીચે પ્રમાણે ઉમેરવું :

'.....નું તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧-૬-૧૯૬૯થી તા. ૩૧-૫-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

— અને ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની સુધારેલી ભલામણમાં સૂચવેલ તથા સિન્ડિકેટે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે.'"

સદરહુ સુધારો ડૉ. દેવેન્દ્રભાઈ એચ. સુતરિયાને બદલે પ્રો. રમેશભાઈ ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય હરિહરભાઈ શુક્લે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય ચ. પ્રા. શુક્લે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સિન્ડિકેટે સ્થાનિક તપાસસમિતિને આપેલી સૂચનામાં 'લત્તા'ની વ્યાખ્યા આપેલી નથી તો તે બાબતમાં શું સમજવું?

કુલપતિશ્રીએ જણાવ્યું કે 'લત્તો' શબ્દ સ્થાનિક તપાસસમિતિના સભ્યોને સિન્ડિકેટ તરફથી અપાતી સૂચનામાં વપરાયો છે તેનો અર્થ દરેક સભ્ય પોતે શું કરે છે તેના સંદર્ભમાં પોતે ચર્ચા હેઠળની બાબત પર અભિપ્રાય દર્શાવી શકે છે.

તે પછી ડૉ. જે. બી. હરિભક્તિએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલવામાં આવે, તેને શ્રી. ઇન્દ્રવદનભાઈ એ. મોદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તેની તરફેણમાં ૪૪ અને વિરુદ્ધમાં ૪૪, એમ સરખેસરખા મત પડતાં શ્રી. સત્યેન્દ્રભાઈ કે. ઝવેરીએ ગુપ્ત મતદાન(poll)ની માગણી કરી. તે ઉપરથી કુલપતિશ્રીએ નીચે જણાવેલા સભ્યોની ચકાસણીદાર (tellers) તરીકે નિમણૂક કરી :

(૧) શ્રી. એસ. કે. ઝવેરી
(૨) પ્રો. વી. બી. અધ્વર્યુ
(૩) આચાર્ય એમ. સી. દેસાઈ
(૪) આચાર્ય દર્શનસિંગ શીખ.

ગુપ્ત મતદાનથી કરવામાં આવેલા મતદાનના મતોની ગણતરી કરતાં તેનું પરિણામ નીચે મુજબ આવ્યું :

તરફેણમાં ૬૯ મત,
વિરુદ્ધમાં ૫૨ મત, અને
૩ મત નિરર્થક (invalid).

તેથી ડૉ. જે. બી. હરિભક્તિનો રેફરન્સ બૅકનો પ્રસ્તાવ બહુમતે મંજૂર થયેલો જાહેર કરવામાં આવ્યો.

પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

જોડાણની શરતોમાં નીચેની શરત ઉમેરવી (શરત ૧૩ પછી ઉમેરો) :

"શરત ૧૪ : ગત વર્ષના ઑડિટેડ એકાઉન્ટ્સ યુનિવર્સિટી સમક્ષ રજૂ કરવા અને તે રિવાજ પ્રતિવર્ષ જારી રાખવો.

શરત ૧૫ : શૈક્ષણિક કૉલેજ વિશેષ પ્રકારની કૉલેજ હોવાથી આચાર્ય તરીકે શિક્ષણના વિષયનો લાયકાતોવાળી વ્યક્તિની નિમણૂક કરવી."

શ્રી. રણજિતભાઈ શાસ્ત્રીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આચાર્ય આઈ. જે. ધ્રુવ તરફથી રજૂ થતારા સિન્ડિકેટ તરફના ઠરાવમાં નીચે મુજબ સુધારો :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર વિનયન અને શિક્ષણની કૉલેજના જોડાણ બાબતમાં (૧) સદરહુ ટ્રસ્ટ અને તેના તરફથી

ચાલતી કૉલેજોની આર્થિક પાસાની વિગતો અસ્પષ્ટ હોઈ ગત વર્ષના ઑડિટેડ એકાઉન્ટ્સ મેળવી સિન્ડિકેટ આ સભાને રિપોર્ટ કરે તેમ જ (૨) એજ્યુકેશન કૉલેજ જોડે બીજી કૉલેજ શરૂ કરવા દેવી કે નહિ તે અંગે શૈક્ષણિક દૃષ્ટિએ ગંભીર રીતે વિચારવાનો પ્રશ્ન હોઈ એકેડેમિક કાઉન્સિલ, સિન્ડિકેટ તથા લાગતાવળગતા બોર્ડ કે કમિટીઓના અભિપ્રાય રજૂ કરે તે હેતુથી આ પ્રશ્ન પુનર્વિચારણા માટે પરત કરવો."

આચાર્ય આઈ. જે. ધ્રુવે રજૂ કરેલો મૂળ પ્રસ્તાવ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવેલો હોઈ પ્રો. વિનોદભાઈ બી. અધ્વર્યુ અને શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીના સુધારાઓ અંગે સભાગૃહને વિચારણા કરવાપણું રહ્યું નહિ.

૨. લક્ષ્મી કેળવણી મંડળ, વીસનગર તરફથી જૂન ૧૯૬૯થી વીસનગર ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજમાં બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે લક્ષ્મી કેળવણી મંડળ, વીસનગર તરફથી વીસનગર ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) એક પ્રાધ્યાપક
(૩) ચાર વ્યાખ્યાતા
(૪) 'કન્ટેન્ટ કોર્સ' માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતાઓ
(૫) ગ્રંથપાલ;

[નોંધ.—આ નિમણૂક એ રીતે કરવામાં આવે કે જેથી જુદા જુદા વિષયની પદ્ધતિઓ (મેથડ્સ) અને વિશેષ ક્ષેત્રોના અભ્યાસક્રમ (સ્પેશિયલ ફિલ્ડ્સ ઑફ સ્ટડીઝ) માટેની યોગ્ય લાયકાત નિભાવેલ શિક્ષકો ધરાવતા હોય.]

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની ન્યેગવાર્ધ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) ચાર નાના ખંડો (જૂથકાર્યો માટે)
(૭) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ
(૮) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૯) આચાર્ય માટેનો ખંડ
(૧૦) પીવાના પાણી માટેનો ખંડ
(૧૧) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. મે ૧૯૭૨ સુધીમાં પૂરતી સગવડવાળું કૉલેજ માટેનું બંધાયેલું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. વિજ્ઞાનના શિક્ષકો માટે નાની પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૫. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી વગેરે ખરીદવા માટે રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૭. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦;

૮. ઓછામાં ઓછી ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક મનાશે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૧૦. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૧. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૨. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૩. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પંદરીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે, તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ રોકડા કે ઋણમુક્ત અરકામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત ક્રમાંક (૩) નીચે પ્રમાણે સુધારવી :

'(૩) અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે.'

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]"

સિન્ડિકેટ તરફથી નીચેના ઠરાવ રજૂ કરવાની આચાર્ય એન. યુ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા લક્ષ્મી કેળવણી મંડળ, વીસવગર તરફથી વીસનગર ખાતે શરૂ કરાનાર શિક્ષણશાસ્ત્રની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એન. યુ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને પ્રો. મણિશંકર પી. પંડયાએ ટેકો આપ્યો. તે પછી રો. જે. બી. હરિભક્તિએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલવામાં આવે, તેને આચાર્ય ય. પ્રા. શુકલે ટેકો આપ્યો.

ચર્ચા દરમ્યાન ડૉ. દેરાસરીએ વાપરેલા શબ્દો "Poor Teachers" સામે આચાર્ય ધનશ્યામભાઈ પરીખે અને "Destructive mood of the House" સામે શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ વાંધો ઉઠાવ્યો. તે બાબતમાં ડૉ. દેરાસરીએ સ્પષ્ટતા કરી કે "Poor Teachers" એ શબ્દ "Teachers poor from the financial point of view, but rich in their intellectual equipment" એ અર્થ તેમને અભિપ્રેત હતો તેમ સ્પષ્ટતા કરી તેમ છતાં સભ્યોની લાગણીને માન આપીને "Poor Teachers" અને "Destructive mood of the House" એ શબ્દ ડૉ. દેરાસરીએ પાછા ખેંચી લીધા.

તે પછી શ્રી. એસ. કે. ઝવેરીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે કૉલેજોના જોડાણની બાબતો અંગે સમગ્રપણે સેનેટ નીતિવિષયક નિર્ણય (Policy decision) લઈ શકે તે માટે સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે.

તે અંગે કુલપતિશ્રીએ જણાવ્યું કે તેવો નીતિવિષયક નિર્ણય લેવા અંગેની બાબત સભાગૃહના કામકાજની યાદી (agenda) પર નથી; તેથી સદરહુ પ્રસ્તાવ વિચારણા માટે સભાગૃહ સમક્ષ મૂકવાની રવાનગી આપી શકાય નહિ.

તે પછી ડૉ. જે. બી. હરિભક્તિના રેફરન્સ બૅંકના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે ૨૧ વિરુદ્ધ ૫૯ મતે ઊડી ગયો.

સદરહુ પ્રસ્તાવ પર ડૉ. દેવેન્દ્રભાઈ એચ. સુતરિયાએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા લક્ષમાં કેળવણી મંડળ, વીસનગર ખાતે શરૂ કરાનાર શિક્ષણ-શાસ્ત્રની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણના પેરા ૧માં જણાવેલ 'તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦'ને બદલે 'તા. ૧-૬-૧૯૬૯થી તા. ૩૧-૫-૧૯૭૦' વાંચવા તથા ઍકેડેમિક કાઉન્સિલની સુધારેલી ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ સુધારો ડૉ. દેવેન્દ્રભાઈ એચ. સુતરિયાને બદલે પ્રો. મણિશંકર પી. પંડ્યાએ રજૂ કર્યો, આચાર્ય દર્શનસિંગ શીખે ટેકો આપ્યો.

તે પછી ચર્ચા દરમિયાન આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે જોડાણ માટે અરજી કાર સંસ્થાની ટ્રસ્ટ તરીકે નોંધણી (registration) થઈ નહોતી તે જોતાં સદરહુ અરજી વિચારણા હાથ ધરી શકાય ખરી !

પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ અરજી પર યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર સિન્ડિકેટે વિચારણા કર્યા પછી યથાક્રમે તે આ સભાગૃહ સમક્ષ આવી છે; તેમાં આચાર્ય ગિરીશભાઈ પટેલે રજૂ કરેલા કારણસર વાંધો લઈ શકાય નહિ.

તે પછી સદરહુ સુધારા પર મત લેવામાં આવતાં સભાગૃહે તે સર્વાનુમતે મંજૂર કર્યો.

તે પછી સદરહુ સુધારા સાથેના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સભાગૃહનું કામકાજ મંગળવાર, તા. ૨૧-૧-૧૯૬૯ના રોજ બપોર કરવામાં આવ્યું.

તે પછી સભા બુધવાર, તા. ૨૨-૧-૧૯૬૯ના રોજ ફરીથી મળતાં સભાગૃહનું કામકાજ આગળ હાથ ધરવામાં આવ્યું.

૩. સંત 'પુનિત' એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૬૯થી અમદાવાદ ખાતે શરૂ કરનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી, ગુજરાતી હિન્દી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટન્સી અને ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સંત 'પુનિત' એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે મણિનગર વિસ્તારમાં શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, મનોવિજ્ઞાન, રાજ્યનીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિંદીના એક વ્યાખ્યાતા
(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) તર્કશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૯) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૦) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૧) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૨) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૩) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૧૪) વ્યાયામ શિક્ષક
(૧૫) ગ્રંથપાલ;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે:

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય.
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. મે ૧૯૭૨ સુધીમાં પૂરતી સગવડવાળું કૉલેજ માટેનું અલાયદું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જે કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલકમંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦;

૬. ઓછામાં ઓછી ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે, તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અરકામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત ક્રમાંક (૩) નીચે પ્રમાણે સુધારવી :

'(૩) અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે.'

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ડી. એમ. શીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સંત પુનિત એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ

સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે મુકારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય દર્શનસિંગ શીખે રજૂ કર્યો, તેને પ્રો. મણિશંકર પંડયાએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર પ્રો. મણિશંકર પંડયાએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આચાર્ય ડી. એમ. શીખનો ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

'આથી સનેટની આ સભા સંત પુનિત એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજના જોડાણ અંગેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણની લીટી ૨ માંના "મણિનગર વિસ્તારમાં" શબ્દો રદ કરી તે પ્રમાણે ઍકૅડેમિક કાઉન્સિલની સુધારેલી ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટની સુધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, તેવી રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવે છે.'"

સદરહુ સુધારો પ્રો. મણિશંકર પંડયાએ રજૂ કર્યો, તેને આચાર્ય ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પછી પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે કૉલેજ અંગેની 'લત્તાની જરૂરિયાત' (need of locality) એ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ હેઠળ કાનૂની આવશ્યકતાવાળો મુદ્દો હોઈ, સદરહુ સુધારો કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે કૉલેજ અંગે લત્તાની જરૂરિયાત એ કાનૂની આવશ્યકતા છે, અને સદરહુ સુધારો તે અંગે શૂન્યાવકાશ (vacuum) ઊભું કરવા તાકે છે તે જોતાં સદરહુ સુધારો કાનૂનસર નથી.

તે પછી રૉ. જે. બી. હરિભક્તિએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલવામાં આવે, તેને રૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં 'રેફરન્સ બૅક'નો સદરહુ પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"શરત ૧૧ પછી સામેલ કરો :

સુધારો : '૧૨. મણિનગર વિસ્તારમાં જ કૉલેજ શરૂ કરે.'"

આચાર્ય દર્શનસિંગ શીખે રજૂ કરેલો મૂળ પ્રસ્તાવ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવેલો હોઈ, શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીના સુધારા અંગે સભાગૃહને વિચારણા કરવાપણું રહ્યું નહિ.

૪. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી કડિ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિંદીના અભ્યાસક્રમો; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી ઈડર ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિન્દીના અભ્યાસક્રમો; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) હિંદીના એક વ્યાખ્યાતા
(૪) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) તર્કશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૯) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૦) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૧) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૧૨) વ્યાયામશિક્ષક
(૧૩) ગ્રંથપાલ;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ બેઠકોસાથે બેસીને વાંચી શકે તેટલી સમવડવાળો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો.ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. મે, ૧૯૭૨ સુધીમાં પૂરતી સગવડવાળું કૉલેજ માટેનું અલાયદું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ જે સિન્ડિકેટ ઠરાવશે તે કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૬. ઓછામાં ઓછી ૧૦,૦૦૦ ચો.વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખામી જણાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે, તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અરકામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત ક્રમાંક (૪) નીચે પ્રમાણે સુધારવી :

'(૪) અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને સમવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે.'

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ જે સિન્ડિકેટ ઠરાવશે તે કૉલેજના સંચાલકમંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી ઈડર ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પછી પ્રો. રમેશભાઈ ભટ્ટે પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલવામાં આવે, તેને આચાર્ય ય. પ્રા. શુક્લે ટેકો આપ્યો.

સદરહુ બાબત પર ચર્ચા દરમ્યાન આચાર્ય ય. પ્રા. શુક્લે કરેલ 'સભ્યશ્રીની માનસિક આબોહવા' એ શબ્દપ્રયોગ સામે આચાર્ય એમ. સી. દેસાઈએ વાંધો ઉઠાવ્યો. તે પરથી આચાર્ય ય. પ્રા. શુક્લે સભ્યશ્રીની લાગણીને માન આપીને તે શબ્દપ્રયોગ પાછો ખેંચી લીધો.

તે પછી ચર્ચા દરમ્યાન શ્રી. ભુલાખીભાઈ નવલખાએ કરેલ 'ગેરરસ્તે દોરવે છે' એ શબ્દપ્રયોગ સામે આચાર્ય એમ. સી. દેસાઈએ વાંધો ઉઠાવ્યો. તે પરથી શ્રી. ભુલાખીભાઈ નવલખાએ સભ્યશ્રીની લાગણીને માન આપીને તે શબ્દપ્રયોગ પાછો ખેંચી લીધો.

તે પછી પ્રો. રમેશભાઈ ભટ્ટના રેફરન્સ બૅંકના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે ૪૭ વિરુદ્ધ ૪૨ મતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે ગુપ્ત મતદાનની માગણી કરી. તે ઉપરથી કુલપતિશ્રીએ નીચે જણાવેલ સભ્યોની ચકાસણીદાર (tellers) તરીકે નિમણૂક કરી :

(૧) આચાર્ય એન. એસ. પંડયા

(૨) આચાર્ય એમ. સી. દેસાઈ

(૩) શ્રી. એસ. કે. ઝવેરી

(૪) આચાર્ય બી. એમ. પીરઝાદા.

ગુપ્ત મતદાનથી કરવામાં આવેલા મતદાનના મતોની ગણતરી કરતાં તેનું પરિણામ નીચે મુજબ આવ્યું :

તરફેણમાં ૫૯ મત,

વિરુદ્ધમાં ૫૧ મત, અને

૨ મત નિરર્થક (invalid).

તેથી પ્રો. રમેશભાઈ ભટ્ટનો રેફરન્સ બૅકનો પ્રસ્તાવ બહુમતે મંજૂર થયેલો જાહેર કરવામાં આવ્યો.

શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કૉલેજનું જોડાણ આપનાર ટ્રસ્ટે ગત વર્ષથી જે કૉલેજો શરૂ કરી છે. ને ચાલુ વર્ષે બીજી કૉલેજોની માંગણી કરી છે તે અંગે થયેલી જુદી જુદી સ્થાનિક તપાસસમિતિઓના અહેવાલો જોતાં સંસ્થાની આર્થિક પરિસ્થિતિ અંગેનો વિગતે રિપોર્ટ મેળવવો આવશ્યક હોઈ તે અંગેના વિગતે રિપોર્ટ કરવા તેમ જ આ પ્રશ્ન અંગે પુનર્વિચારણા કરવા માટે સિન્ડિકેટ સમક્ષ પરત રવાના કરવો."

આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કરેલો મૂળ પ્રસ્તાવ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવેલો હોઈ શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રીના સુધારા અંગે સભાગૃહને વિચારણા કરવાપણું રહ્યું નહિ.

૫. બાલાસિનોર વિદ્યામંડળ, બાલાસિનોર તરફથી જૂન ૧૯૬૯થી બાલાસિનોર ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં પ્રી-યુનિવર્સિટી વિનયન તથા પ્રી-યુનિવર્સિટી વાણિજ્યના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બાલાસિનોર વિદ્યામંડળ, બાલાસિનોર તરફથી બાલાસિનોર ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્ય કૉલેજ, શિક્ષકમણ્ડળની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રી-યુનિવર્સિટી વિનયન તથા પ્રી-યુનિવર્સિટી વાણિજ્યના અભ્યાસક્રમો શીખવવા માટે

તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિંદીના એક વ્યાખ્યાતા
(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) તર્કશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૯) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૦) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૧૧) વ્યાયામશિક્ષક
(૧૨) ગ્રંથપાલ;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની ગોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. મે ૧૯૭૨ સુધીમાં પૂરતી સગવડવાળું કૉલેજ માટેનું અલાયદું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

[**નોંધ.** — (૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ જે સિન્ડિકેટ ઠરાવશે તે કૉલેજના સંચાલકમંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ વધતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦

૬. ઓછામાં ઓછી ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અરકામત છે તેનું શ્રી ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત ક્રમાંક (૩) નીચે પ્રમાણે સુધારવી :

'(૩) અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે.'

[નોંધ.— (૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માંગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ જે સિન્ડિકેટ ઠરાવશે તે કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા બાલાસિનોર વિદ્યામંડળ, બાલાસિનોર તરફથી બાલાસિનોર ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય સી. એલ. શાસ્ત્રીને બદલે આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને પ્રોફેસર કે. કા. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પછી આચાર્ય એસ. આર. ભટ્ટે પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલવામાં આવે, તેને શ્રી. એસ. કે. ઝવેરીએ ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાને અંતે આચાર્ય એસ. આર. ભટ્ટે રેફરન્સ બેઠક અંગેનો પોતાનો પ્રસ્તાવ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો.

તે પછી આચાર્ય એમ. સી. શાહે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬. શ્રી. મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ, વીસનગર તરફથી જૂન ૧૯૬૯થી વીસનગર ખાતે શરૂ કરાનાર કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ, વીસનગર તરફથી વીસનગર ખાતે શરૂ કરાનાર વાણિજ્ય અને કાયદાની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો તથા એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિંદીના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૭) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૮) કાયદાના પૂર્ણ સમયના એક પ્રાધ્યાપક અને એક વ્યાખ્યાતા
(૯) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતા
(૧૦) વ્યાયામ શિક્ષક
(૧૧) ગ્રંથપાલ;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. મે, ૧૯૭૨ સુધીમાં પૂરતી સગવડવાળું કૉલેજ માટેનું અલાયદું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ જે સિન્ડિકેટ ઠરાવશે તે કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજમાં મકાનનું બાંધકામ જેમ જેમ આગળ વધતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે:

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૬. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખામી જણાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું અમલમાં પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત ક્રમાંક (૪) નીચે પ્રમાણે સુધારવી :

'(૪) અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે.'

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શક્યું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ જે સિન્ડિકેટ ઠરાવશે તે કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. એસ. પંડિતે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ, વીસનગર તરફથી વીસનગર ખાતે શરૂ કરાનાર વાણિજ્ય અને કાયદાની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એમ. એસ. પંડિતે રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(નોંધ.—સદરહુ બાબત અંગે ચર્ચા દરમિયાન સ્પષ્ટતા કરવામાં આવી કે સદરહુ કૉલેજમાં વાણિજ્ય વિદ્યાશાખાનું શિક્ષણકાર્ય બપોરના સમય દરમિયાન કરવાનું રહેશે.)

૭. શ્રી કચ્છ એજ્યુકેશન સોસાયટી, ભૂજ (કચ્છ) દ્વારા જૂન ૧૯૬૯થી ભૂજ ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજમાં પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટી તરફથી ભૂજ ખાતે શરૂ કરાનાર લૉ કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે

તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) એક વ્યાખ્યાતા
(૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતા
(૪) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે :
(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડ-વાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. મે, ૧૯૭૨ સુધીમાં પૂરતી સગવડવાળું કૉલેજ માટેનું અલાયદું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.
(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ જે સિન્ડિકેટ ઠરાવશે તે કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે

(૧) પુસ્તકો માટે	... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	... રૂા. ૧,૦૦૦;

૬. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે ;

૯ યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે ;

૧૧. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

" આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત ક્રમાંક (૩) નીચે પ્રમાણે સુધારવી :

' (૩) અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈ ને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે. '

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીએ જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ જે સિન્ડિકેટ ઠરાવશે તે કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને

તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય વી. આર. રઘુદીવેએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સદરહુ સોસાયટી તરફથી ભૂજ ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય વી. આર. રઘુદીવેએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮. શ્રી. ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા તરફથી જૂન ૧૯૬૯થી ઊંઝા ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજમાં પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા તરફથી શરૂ કરાનાર કાયદાની કૉલેજ, શિક્ષકમણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) એક વ્યાખ્યાતા
   (૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતા
   (૪) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની બોમ્બે યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેનો ખંડ
   (૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ, કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો;

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડ વાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. મે ૧૯૭૨ સુધીમાં પૂરતી સગવડવાળું કૉલેજ માટેનું અલાયદું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૬. ઓછામાં ઓછી ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જો પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે, તથા

શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણ-મુક્ત અરકામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત ક્રમાંક (૩) નીચે પ્રમાણે સુધારવી :

'(૩) અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે.'

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. એસ. પંડિતે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા તરફથી ઊંઝા ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એમ. એસ. પંડિતે રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી મહેસાણા ખાતે શરૂ કરાનાર કાયદા અને શિક્ષણની કૉલેજમાં સેકન્ડ એલએલ.બી. તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી મહેસાણા ખાતે શરૂ કરાનાર કાયદા અને શિક્ષણની કૉલેજ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને એલએલ.બી. તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી

તા. ૧૪-૧-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) કાયદાની વિદ્યાશાખા માટે પૂર્ણ સમયના એક પ્રાધ્યાપક અને એક વ્યાખ્યાતા

(૩) કાયદાની વિદ્યાશાખા માટે ખંડ સમયના કાયદાના બે વ્યાખ્યાતા

(૪) બે પ્રાધ્યાપક (જે પૈકી એક, જો આચાર્ય કાયદાની વિદ્યાશાખાના હોય તો, શિક્ષણશાસ્ત્રની શાખાના ચાર્જમાં હોય.)

(૫) શિક્ષણની શાખા માટે ચાર વ્યાખ્યાતાઓ

(૬) શિક્ષણની શાખામાં 'કન્ટેન્ટ કોર્સ' માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતા

(૭) ગ્રંથપાલ;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. મે ૧૯૭૨ સુધીમાં પૂરતી સગવડવાળું કૉલેજ માટેનું અલાયદું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત

રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. વિજ્ઞાનના શિક્ષકો માટે નાની પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૫. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી ખરીદવા માટે રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૭. ગ્રંથાલય માટે વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦;

૮. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૧૦. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૧. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૨. કૉલેજના સંચાલનમાં જે ખામી જણાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૩. રૂા. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડ્યેથી પરત કરવામાં આવે, તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અરકામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત ક્રમાંક (૩) નીચે પ્રમાણે સુધારવી :

'(૩) અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે.'

[**નોંધ.**—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના

બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય કે. જી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી મહેસાણા ખાતે શરૂ કરાનાર કાયદા અને શિક્ષણની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય કે. જી. દેસાઈને બદલે ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પછી પ્રો. વિનોદભાઈ બી. અધ્વર્યુએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલવામાં આવે. તેને આચાર્ય ગિરીશભાઈ પટેલે ટેકો આપ્યો.

પ્રો. વિનોદભાઈ બી. અધ્વર્યુના 'રેફરન્સ બૅક'ના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે ૨૫ વિરુદ્ધ ૪૬ મતે ઊડી ગયો.

તે પછી સત્યેન્દ્રભાઈ કે. ઝવેરીએ ગુપ્ત મતદાન(poll)ની માગણી કરી, તે ઉપરથી કુલપતિશ્રીએ નીચે જણાવેલા સભ્યોની ચકાસણીદાર (tellers) તરીકે નિમણૂક કરી :

(૧) આચાર્ય એન. એસ. પંડ્યા
(૨) આચાર્ય એમ. એસ. પંડિત
(૩) આચાર્ય કે. જી. દેસાઈ
(૪) આચાર્ય ગિરીશભાઈ પટેલ

ગુપ્ત મતદાનથી કરવામાં આવેલા મતદાનના મતોની ગણતરી કરતાં તેનું પરિણામ નીચે મુજબ આવ્યું :

તરફેણમાં ૩૬ મત,
વિરુદ્ધમાં ૪૦ મત, અને
૧ મત નિરર્થક (invalid).

તેથી પ્રો. વિનોદભાઈ બી. અધ્વર્યુએ રજૂ કરેલો રેફરન્સ બૅકનો પ્રસ્તાવ વધુમતે ઊડી ગયેલો જાહેર કરવામાં આવ્યો.

સદરહુ પ્રસ્તાવ પર ડૉ. દેવેન્દ્રભાઈ એચ. સુતરિયાએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આચાર્ય કે. જી. દેસાઈનો પ્રસ્તાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી મહેસાણા ખાતે શરૂ કરાનાર કાયદા અને શિક્ષણની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણના પેરા ૧માં 'એલએલ.બી.' થી 'ભલામણ કરવી' સુધીના શબ્દો રદ કરી નીચે પ્રમાણે ઉમેરવું :

'...નું તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧-૬-૧૯૬૯થી તા. ૩૧-૫-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.'

—અને ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની સુધારેલી ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે"

સદરહુ સુધારો ડૉ. દેવેન્દ્રભાઈ એચ. સુતરિયાએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

સદરહુ મૂળ પ્રસ્તાવ પર પ્રો. વિનોદભાઈ બી. અધ્વર્યુએ નીચેનો બીજો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"...સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે"—પછીના શબ્દો કાઢી નાખવા.

તેને બદલે ઉમેરો :

"છતાં આ પ્રકારની ફાયદા અને શિક્ષણની વિદ્યાશાખાઓનું જોડાણ શૈક્ષણિક દૃષ્ટિએ પરસ્પર પૂરક તથા પરસ્પર સુસંગત ન લાગવાથી આ બાબત ફેરવિચારણા કરવા સિન્ડિકેટ ઍકેડેમિક કાઉન્સિલ તથા અન્ય લાગતાંવળગતાં મંડળોને ભલામણ કરે છે."

સદરહુ સુધારો પ્રો. વિનોદભાઈ બી. અધ્વર્યુએ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો, તેથી તે પરત્વે વિશેષ વિચારવાપણું રહ્યું નહિ.

સદરહુ મૂળ પ્રસ્તાવ પર શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ નીચેનો સુધારો રજૂ કરવા માટે નોટિસ આપી હતી :

"(૧) કૉલેજ શરૂ કરનાર વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન અંગેની આર્થિક વિગતોની સ્પષ્ટતા કરતો રિપોર્ટ રજૂ થાય, તેમ જ

(૨) શિક્ષણ અને કાયદાની સંયુક્ત કૉલેજની મંજૂરી આપવાની બાબતમાં શૈક્ષણિક પાસાંઓ સંકળાયેલાં હોઈ, નીતિવિષયક રિપોર્ટ સિન્ડિકેટ, ઍકેડેમિક કાઉન્સિલ, લાગતાંવળગતાં બોર્ડ અને કમિટીઓ કરે તે હેતુથી આ પ્રશ્ન પુનર્વિચારણા માટે પરત કરવો."

સદરહુ સુધારો શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને પ્રો. રમેશભાઈ ભટ્ટે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારામાં 'પરત કરવો' એ શબ્દ આદેશાત્મક હોઈ, તે સુધારો કાનૂનસર ગણાય ખરો ?

પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સભાગૃહની વિચારણા હેઠળની કોઈ પણ બાબત પુનર્વિચારણા માટે પરત કરવા માટેનો પ્રસ્તાવ કોઈ પણ સમયે રજૂ કરી શકાય, અને તેથી સદરહુ સુધારો કાનૂન બહાર ઠરતો નથી.

તે પછી શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલવાનો પ્રસ્તાવ એક વખત રજૂ થયો અને તે સભાગૃહમાં ઊડી ગયો છે તે જોતાં સદરહુ પ્રસ્તાવ ફરીથી રજૂ થયો છે તે કાનૂનસર ગણાય ખરો ?

પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂન બહાર ઠરે છે.

તે પછી ડૉ. દેવેન્દ્રભાઈ સુતરિયાએ રજૂ કરેલા પહેલા સુધારા સાથે મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં, તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી બાબત નં. ૧૦ વિચારણા માટે હાથ ધરવામાં આવી તે દરમ્યાન કેટલાક સભ્યોએ અધ્યક્ષશ્રીનું ધ્યાન ખેંચ્યું કે સભાગૃહમાં ઓછામાં ઓછી આવશ્યક હાજરી (quorum) નથી.

તે પછી ઓછામાં ઓછી આવશ્યક હાજરી(quorum)ના અભાવે સભાગૃહનું કામકાજ બંધ રહ્યું અને તેથી બાદી પરનાં બાકીનાં કામકાજ ચર્ચાવિચારણા માટે હાથ ધરી શકાયાં નહિ.

૧૦. ગાંધીધામ મૈત્રી મંડળ, આદિપુર તરફથી સદરહુ મંડળ દ્વારા સંચાલિત તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ સાથે જૂન ૧૯૬૯થી વિજ્ઞાનની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર તરીકે બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને હિન્દી તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, ગુજરાતી, ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું કાયમી જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં ભૌતિક-વિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ, આદિપુર, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને વિજ્ઞાનની વિદ્યાશાખા સંયોજિત કરી તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરને બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને હિન્દી; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, ગુજરાતી, ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૨) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૩) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૪) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૫) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—એ પ્રત્યેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર
   (૬) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ પ્રત્યેક માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ;
૨. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૨૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૩. વિજ્ઞાનની વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;
૪. ગ્રંથાલય માટે વિજ્ઞાન વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો નીચે જણાવ્યા પ્રમાણેનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
   (૧) પુસ્તકો માટે ...રૂા. ૫,૦૦૦
   (૨) સામયિકો માટે ...રૂા. ૧,૦૦૦
   (૩) સંદર્ભગ્રંથો માટે ...રૂા. ૧,૦૦૦;
૫. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ પ્રતિવર્ષ કરવામાં આવે;
૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. ગુ. નાયકે નોટિસ આપી હતી :

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦. મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.એ.માં ગૃહવિજ્ઞાન અને સંસ્કૃત તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં ગૃહવિજ્ઞાન અને સંસ્કૃત; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) ગૃહવિજ્ઞાન માટે એક વ્યાખ્યાતા

(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૫) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૬) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણ પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૫) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલો સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૬) કાર્યાલય માટેનો ખંડ
(૭) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ગ્રંથાલયમાં અર્થશાસ્ત્રના વિષય માટે રૂા. ૨,૦૦૦નો તથા ગૃહવિજ્ઞાન અને સંસ્કૃત માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. રમતગમતના મેદાનનો પ્રબંધ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. આર. ભટ્ટે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એસ. આર. ભટ્ટને બદલે શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. બી. જોષીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૧. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર, તથા બી.એ.(સંયો.)માં અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ, તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે જી. એસ. એલ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર; તથા બી.એ.(સંયો.)માં અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. સંસ્કૃતના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;
૨. ગ્રંથાલય માટે સંસ્કૃત વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ધીરુભાઈ ઠાકરે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય ધીરુભાઈ ઠાકરે રજૂ કર્યો, તેને શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૨. એમ. એન. કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન; તથા બી.એ.(સંયો.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગર, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન

તથા બી.એ.(સમે.)માં આંકડાપદ્ધતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૧. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એ. એચ. આઈ. વોરાએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા એમ. એન. કૉલેજ, વીસનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે. અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એ. એચ. આઈ. વોરાએ રજૂ કર્યો. તેને આચાર્ય બહાદુરશાહ એમ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૩. આર. આર. લાલન કૉલેજ, ભૂજ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી અને ગણિત; તથા બી.એસસી.(સ્પે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર. આર. લાલન કૉલેજ, ભૂજ, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી કાયમી જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગણિતશાસ્ત્ર, તથા બી.એસસી.(સ્પે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેના. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૧. ગણિતશાસ્ત્રનાં આધુનિક પાઠ્યપુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. પુસ્તકો તથા સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, તથા પ્રૉવિડંડ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે જોડાણની મુદત તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીના એક વર્ષની રાખવાના સુધારા સાથે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ મંજૂર કરવા સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એલ. ડી. દવેએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા આર. આર. લાલન કૉલેજ, ભૂજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ સિન્ડિકેટના રિપોર્ટમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એલ. ડી. દવેને બદલે શ્રી રણજિતરામ ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો. તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કરવા માટે આચાર્ય આઈ. જે ધ્રુવે નોટિસ આપી હતી.

"ઠરાવની ત્રીજી લીટીમાંથી 'સિન્ડિકેટના રિપોર્ટમાં' શબ્દો રદ કરવા અને તેને બદલે "ઍકેડેમિક કાઉન્સિલની ભલામણમાં' શબ્દો ઉમેરવા."

ઉપરનો સુધારો આચાર્ય આઈ. જે. ધ્રુવે રજૂ કર્યો. તેને આચાર્ય જે. બી. સાવિડલે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય બી. એમ. પીરઝાદાએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે આચાર્ય આઈ. જે. ધ્રુવનો સુધારો મૂળ પ્રસ્તાવની સાથે વિસંવાદિતાને ઊભી કરે છે તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો?

તે પછી આચાર્ય આઈ. જે. ધ્રુવે સભાગૃહની સંમતિથી પોતાનો સુધારો પાછો ખેંચી લીધો. તેથી તે પરત્વે વિશેષ વિચારણા રહ્યું નહિ.

તે પછી શ્રી રણજિતરામ ગં. શાસ્ત્રીએ રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતા તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૪. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૬થી બી.એસસી. (રૂપે.)માં પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી. (રૂપે.)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૨

સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનની અલગ અલગ પ્રયોગશાળાઓ જૂન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવામાં આવે;

૨. પ્રયોગશાળામાં પ્રાણીવિજ્ઞાનને લગતાં રૂા. ૨,૫૦૦ની કિંમતનાં સાધનો વસાવવામાં આવે;

૩. વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના પ્રત્યેક વિષય માટે રૂા. ૧,૫૦૦નાં પુસ્તકો (તૃતીય વર્ષ બી.એસસી.ને લગતાં) માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય સી. એમ. પટેલે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય સી. એમ. પટેલે રજૂ કર્યો. તેને આચાર્ય ઈશ્વરભાઈ પટેલે ટેકો આપ્યો, તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૫. યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર અને બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર અને બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) સંસ્કૃતના એક પ્રાધ્યાપક

(૨) ગણિતશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા અથવા એક ટ્યૂટર;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગણિતના વિષયને લગતાં ત્રણેક સામયિકો મગાવવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાનો આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા યુ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૬. શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી, અંગ્રેજી; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ કાયમી કરવા માટે; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ, શિક્ષકગણના નિમણૂકો અંગે શરતની સંહતના નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી અને અંગ્રેજી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૧-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે વિશાળ ખંડ ફાજલ પાડવામાં આવે તથા કૉલેજની સ્થાપનાથી માંડી આજ સુધીમાં જોડાણની શરતરૂપે જે કુલ આવર્તક અને અનાવર્તક રકમ ગ્રંથાલય પાછળ ખર્ચવી જોઈએ તેના કરતાં રૂા. ૨૫,૦૦૦ ઓછી ખર્ચવામાં આવી હોઈ તે રકમ તાત્કાલિક ખર્ચવામાં આવે;

૩. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. પ્રા. શુકલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રરતાવ આચાર્ય ય. પ્રા. શુકલને બદલે આચાર્ય ધીરુભાઈ ઠાકરે રજૂ કર્યો, તેને શ્રી. દીપકભાઈ પરીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૭. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ તરફથી જૂન ૧૯૬૬થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, મનોવિજ્ઞાન, પરિર્શન, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એસસી.-(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી અને ઇતિહાસ; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ, શિક્ષકગણની નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ.-(સબો.)માં હિન્દી, અંગ્રેજી, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ, ફારસી, તથા બી.એસસી.(રૂપે.)માં

રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ઇતિહાસ અને બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂંકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૨) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૩) ફારસીના એક ટ્યૂટર
(૪) ગણિતશાસ્ત્રના પૂર્ણ સમયના ટ્યૂટર
(૫) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૬) વનસ્પતિવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન—એ પ્રત્યેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર;

૨. વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૧૫,૦૦૦નાં સાધનો વગેરે માટે ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અંગ્રેજી અને ઇતિહાસના પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦ તથા વનસ્પતિવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો તથા સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એચ. કે. ત્રિવેદીએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એચ. કે. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૧ રજૂ કરવા માટે આચાર્ય એચ. પી. પંડ્યાએ નોટિસ આપી હતી :

આચાર્ય એચ. કે. ત્રિવેદીનો પ્રસ્તાવ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

" આથી સેનેટની આ સભા કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણની ચોથી

લીટીમાં આવતા "હિંદી" પછી "સંસ્કૃત" વિષય ઉમેરવા તથા એકેડેમિક કાઉન્સિલની સુધારેલી ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો આચાર્ય એચ. પી. પંડ્યાને બદલે ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

સદરહુ પ્રરતાવ પર નીચેનો સુધારો નં. ૨ રજૂ કરવા માટે આચાર્ય આર. સી. પટેલે નોટિસ આપી હતી :

આચાર્ય એચ. કે. ત્રિવેદીનો પ્રસ્તાવ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"આથી સેનેટની આ સભા, કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલની ભલામણમાં ચોથી લીટીમાં "હિંદી" શબ્દ પછી "સંસ્કૃત" શબ્દ ઉમેરવો અને તે મુજબ એકેડેમિક કાઉન્સિલની સુધારેલી ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલા સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ સુધારો આચાર્ય આર. સી. પટેલે સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો, તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહિ.

તે પછી ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કરેલા સુધારા સાથેના આચાર્ય એચ. કે. ત્રિવેદીના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં સદરહુ સુધારેલો પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૮. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત અને તત્ત્વજ્ઞાન; તથા બી.એ. (સબ્સે.)માં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, મનોવિજ્ઞાન; તથા ફર્સ્ટ યર બી.એસસી.માં જીવશાસ્ત્ર, ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (સબ્સે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત અને તત્ત્વજ્ઞાન; તથા બી.એ. (સબ્સે.)માં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, મનોવિજ્ઞાન; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (સબ્સે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી.

(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના બે વ્યાખ્યાતા
(૨) રાજ્યશાસ્ત્રના બે વ્યાખ્યાતા
(૩) તત્ત્વજ્ઞાનના બે વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના બે વ્યાખ્યાતા
(૫) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૬) હિન્દીના બે વ્યાખ્યાતા
(૭) અંગ્રેજીના બે વ્યાખ્યાતા
(૮) મનોવિજ્ઞાનના બે વ્યાખ્યાતા
(૯) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૧૦) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૧) રસાયણવિજ્ઞાનના એક ટ્યૂટર (ફિઝિકલ કેમિસ્ટ્રી)
(૧૨) રસાયણવિજ્ઞાનના પાંચ ડેમોન્સ્ટ્રેટરો (જે પૈકી એક અનુસ્નાતક પદવી ધરાવનાર હોય)
(૧૩) ભૌતિકવિજ્ઞાનના બે વ્યાખ્યાતા
(૧૪) ભૌતિકવિજ્ઞાનના ત્રણ ડેમોન્સ્ટ્રેટરો
(૧૫) જીવવિજ્ઞાનના બે વ્યાખ્યાતા (એક પ્રાણીવિજ્ઞાન તથા એક વનસ્પતિવિજ્ઞાનના)
(૧૬) ગણિતશાસ્ત્રના બે વ્યાખ્યાતા
(૧૭) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ પ્રત્યેક માટે બબ્બે લેબોરેટરી આસિસ્ટન્ટો;

૨. નીચે પ્રમાણેનો ખર્ચ પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે કરવામાં આવે :

(૧) રૂા. ૪૦,૦૦૦નો ખર્ચ (રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા માટે)
(૨) રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ (ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે)
(૩) રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ (વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળા માટે);

૩. વનસ્પતિવિજ્ઞાન માટે યોગ્ય બાગ ઇત્યાદિ તૈયાર કરવામાં આવે;

૪. વિનયન વિદ્યાશાખામાં પુસ્તકોની ખરીદી પેટે પાછળની ઊણપ દૂર કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રસાયણવિજ્ઞાન માટે રૂા. ૨,૦૦૦નો તથા ભૌતિકવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાન — એ પ્રત્યેક વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો તથા સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો. તેને શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૯. શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તારીખ ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. હાલના ખંડ સમયના ગુજરાતીના વ્યાખ્યાતાને બદલે અન્યની નિમણૂક કરવામાં આવે;
૨. ગ્રંથાલય માટેના ગુજરાતી વિષયનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ પુસ્તકો માટે રૂા. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ધીરુભાઈ ઠાકરે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેલી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય ધીરુભાઈ ઠાકરે રજૂ કર્યો, તેને શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૦. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(સબો.)માં સંસ્કૃત; તથા બી.એસ.સી. (સ્પે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (સબો.)માં સંસ્કૃત; તથા બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગણિતશાસ્ત્રમાં ચાલુ શિક્ષકો ઉપરાંત એક પ્રાધ્યાપક તથા એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ઓછામાં ઓછા ગણિતશાસ્ત્રમાં બે અને સંસ્કૃતમાં એક સામયિકો મગાવવામાં આવે;

૩. પુસ્તકો તથા સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય કે. એન. શાહે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય કે. એન. શાહે રજૂ કર્યો. તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૧. શ્રી. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં હિંદી, મનોવિજ્ઞાન,

ઇતિહાસ, અંગ્રેજી, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર; તથા બી.એસ.સી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત અને પ્રથમ વર્ષ બી.એ.માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા, શિક્ષક-ગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં હિન્દી, મનોવિજ્ઞાન, ઇતિહાસ, અંગ્રેજી, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત અને બી.એ.(સમો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) સંસ્કૃતના એક પ્રાધ્યાપક

(૨) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૩) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા (ઑર્ગેનિકના)

(૪) રસાયણવિજ્ઞાન માટે અનુસ્નાતક પદવી ધરાવતા એક ડેમોન્સ્ટ્રેટર

(૫) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. કૉલેજના બધા જ ખંડોમાં છાપરાની નીચે છતની વ્યવસ્થા કરવામાં આવે, મકાનની સુયોગ્ય મરામત કરવામાં આવે અને આચાર્યખંડ, અધ્યાપકખંડ, વિદ્યાર્થિની ખંડ—આ સૌ સ્થળે જાજરૂ-મુતરડીની સંતોષકારક વ્યવસ્થા કરવામાં આવે;

૩. કૉલેજનું નવું મકાન નિદાન ૧૯૬૯-૭૦ના વર્ષમાં શરૂ કરવામાં આવશે તેની બાંયધરી આપવામાં આવે;

૪. રસાયણશાસ્ત્રની પ્રયોગશાળા માટે રૂા. ૧૭,૦૦૦ની રકમનાં ખૂટતાં સાધનો વસાવી લેવામાં આવે;

૫. સંસ્કૃત વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો તથા સમાજશાસ્ત્રના વિષયનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૪,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે;

૮. ૧૯૬૯-૭૦ના વર્ષમાં તૃતીય વર્ષ બી.એસસી.નો વર્ગ શરૂ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય શ્રી. પી. કોઠારીએ નોટિસ આપી હતી :

આથી સેનેટની આ સભા શ્રી. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય શ્રી. પી. કોઠારીએ રજૂ કર્યો, તેને શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કરવા માટે આચાર્ય જે. કે. શાહે નોટિસ આપી હતી :

ભલામણની કલમ ૨ (મૂળ) :

"કૉલેજના બધા જ ખંડોમાં છાપરાની નીચે છતની વ્યવસ્થા કરવામાં આવે, મકાનની સુયોગ્ય મરામત કરવામાં આવે અને આચાર્ય ખંડ, અધ્યાપક ખંડ, વિદ્યાર્થિની ખંડ—આ સૌ સ્થળે જાજરૂ-મુતરડીની સંતોષકારક વ્યવસ્થા કરવામાં આવે."

સુધારો કરવા :

કૉલેજના બધા જ ખંડોમાં છાપરાની નીચે છતની વ્યવસ્થા કરવામાં આવે, મકાનની સુયોગ્ય મરામત કરાવવામાં આવે અને આચાર્ય ખંડ, અધ્યાપક ખંડ, વિદ્યાર્થિની ખંડ—આ સૌ માટે જાજરૂ-મુતરડીની સંતોષકારક વ્યવસ્થા કરવામાં આવે.

ઉપરની ભલામણની શરતમાં લખેલ "આ સૌ સ્થળે"ને બદલે "આ સૌ માટે"નો સુધારો કરવા વિનંતી છે."

ઉપરનો સુધારો આચાર્ય જે. કે. શાહે રજૂ કર્યો, તેને શ્રી. પંકજભાઈ શેઠે ટેકો આપ્યો.

સદરહુ સુધારા પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી આચાર્ય જે. કે. શાહે રજૂ કરેલા સુધારા સાથેના આચાર્ય શ્રી. પી. કોઠારીના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં સદરહુ સુધારેલો પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૨. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મેઘાણા તરફથી જૂન ૧૯૬૯થી ફર્સ્ટ યર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ (સબો.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સમો.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ઇતિહાસના એક વ્યાખ્યાતા
   (૨) એકાઉન્ટિંગના એક ખંડ સમયના વ્યાખ્યાતા
   (૩) અર્થશાસ્ત્રના એક પૂર્ણ સમયના અને એક ખંડ સમયના વ્યાખ્યાતા
   (૪) અંગ્રેજીના એક ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે ઇતિહાસ વિષયનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. શાહે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહને બદલે આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કરવા માટે ડૉ. ધીરુભાઈ ઠાકરે નોટિસ આપી હતી :

"ઠરાવમાં જણાવેલ શરત નં. ૧નો પેટાભાગ (૧) રદ કરવો, અને પેટાભાગ (૩)માં 'એક પૂર્ણ સમયના અને' એ શબ્દો રદ કરવા.

શરત નં. ૨ રદ કરવી.

આ પ્રમાણે સુધારો થતાં શરતો નીચે પ્રમાણે વંચાશે :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) એકાઉન્ટિંગના એક ખંડ સમયના વ્યાખ્યાતા
(૨) અર્થશાસ્ત્રના એક ખંડ સમયના વ્યાખ્યાતા
(૩) અંગ્રેજીના એક ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

ઉપરનો સુધારો ડૉ. ધીરુભાઈ ઠાકરે રજૂ કર્યો, તેને આચાર્ય ય. પ્રા. શુકલે ટેકો આપ્યો.

તે પર કેટલીક ચર્ચાવિચારણા બાદ ડૉ. ધીરુભાઈ ઠાકરે સભાગૃહની સંમતિથી પોતાનો સુધારો પાછો ખેંચી લીધો તેથી તે પરત્વે વિશેષ વિચારવાપણું રહ્યું નહિ.

તે પછી આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૩. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી ફર્સ્ટ યર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૨) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૪) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૫) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર;

૨. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩,૫૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે વધારાના મુખ્ય વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. આર. મહેતાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. મહેતાને બદલે શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને શ્રી. એસ. બી. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલવામાં આવે. તેને શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ ટેકો આપ્યો.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે સભાગૃહની સંમતિથી રેફરન્સ બૅકનો પોતાનો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો.

તે પછી મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે બહુમતે નામંજૂર કરવામાં આવ્યો.

(નોંધ.—બાબત નં. ૨૪માં જણાવેલ પેટાચૂંટણીનું પરિણામ આ તબક્કે સાંજે ૪–૩૦ કલાકે જાહેર કરવામાં આવ્યું.)

૨૪. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫–૫–૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ

થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. હિન્દી વિષય માટે રૂા. ૧,૦૦૦નાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિજ્ઞાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એચ. એમ. શુકલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એચ. એમ. શુકલે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સાં. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૫. સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલયમાં પુસ્તકો ખરીદવા માટે રૂા. ૮,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો તથા સામયિકો માટે વિજ્ઞાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે અને ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.''

સિન્ડિકેટનો રિપોર્ટ

''આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.''

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. શાહે નોટિસ આપી હતી:

''આથી સેનેટની આ સભા શાહ સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે.''

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને પ્રો. મણિશંકર પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૬. શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(સપ્લે.)માં આંકડાશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

''આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(સપ્લે.)માં આંકડાશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:

(૧) સંસ્કૃતના એક વ્યાખ્યાતા

(૨) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. વધારાના જોડાણના પ્રત્યેક વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.''

સિન્ડિકેટનો રિપોર્ટ

''આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.''

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. કિશનદાસ પીકાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય વી. જે. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૭. શ્રીમતી હર્ષાબહેન છગનભાઈ પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી; તથા બી.એ.-(સબો.)માં સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી હર્ષાબહેન છગનભાઈ પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.-(પ્રિન્સિ.)માં ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૨) હિન્દીના એક ટ્યૂટર;

૨. ગુજરાતીના વિષય માટે રૂા. ૨,૦૦૦નાં પુસ્તકોનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા રૂા. ૩૦૦નાં સામયિકો વધારવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૭,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. છાત્રાલય માટે ગૃહપતિની નિમણૂક કરવામાં આવે તથા તેને માટે ભાડામુક્ત નિવાસસ્થાનની જોગવાઈ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૬. કૉલેજ અને શાળાના સમય વચ્ચે ૪૫ મિનિટનો ગાળો રાખવાનો રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવા શ્રી આચાર્ય એચ. સી. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રીમતી હર્ષાબહેન છગનભાઈ પટેલ (કંડારી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેનાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એચ. સી. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય પ્રેમશંકર ભટ્ટે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૮. દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબૅ.)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત, આંકડાશાસ્ત્ર તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ તરફથી શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબૅ.)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત અને આંકડાશાસ્ત્ર તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલી નિમણૂકો કરવામાં આવે :

(૧) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૨) વાણિજ્યના એક વ્યાખ્યાતા

(૩) આંકડાશાસ્ત્રના એક ખંડ સમયના વ્યાખ્યાતા

(૪) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર

(૫) ગ્રંથપાલ;

૨. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિની નિમણૂક કરવામાં આવે તથા તેમને માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણમાં તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા ભલામણ કરવામાં આવી છે તેને બદલે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા તથા ઍકેડેમિક કાઉન્સિલની ભલામણમાં દર્શાવેલ શરતોમાં નીચે મુજબના સુધારાવધારા સાથે ચાલુ જોડાણ આપવા સેનેટને ભલામણ કરવી:

"શરત ક્રમાંક ૧માં અર્થશાસ્ત્રના એક ટ્યૂટર નીમવાની શરત રદ કરવી અને તેની જગ્યાએ હિંદીના બંડ સમયના વ્યાખ્યાતા નીમવાની શરત મૂકવી.

ઉપરની શરત ક્રમાંક ૧માં (૬) નીચે પ્રમાણે ઉમેરવું:

(૬) સામાન્ય શિક્ષણના શિક્ષણકાર્ય માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. દેસાઈએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ સિન્ડિકેટના રિપોર્ટમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૯. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં માનસશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૬-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં માનસશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

(૧) અર્થશાસ્ત્રના બંડ સમયના પ્રાધ્યાપકને બદલે પૂર્ણ સમયના પ્રાધ્યાપક નીમવામાં આવે

(૨) પૂર્ણ સમયના વ્યાયામશિક્ષક;

૨. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એચ. કે. ત્રિવેદીએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એચ. કે. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને શ્રી. વી. જે. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૦. નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ, શિક્ષકમંડળની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:
   (૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
   (૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા;

૨. અંગ્રેજીનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એચ. એ. ડિસોઝાએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એચ. એ ડિસોઝાને બદલે આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય કે. એન. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૧. શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન તથા રાજ્યશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે ચાલુ તથા પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન તથા રાજ્યશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:
   (૧) અર્થશાસ્ત્રના મુલાકાતીને બદલે પૂરા સમયના પ્રાધ્યાપક
   (૨) એકાઉન્ટન્સીના મુલાકાતીને બદલે પૂરા સમયના પ્રાધ્યાપક
   (૩) ગુજરાતીના વ્યાખ્યાતા
   (૪) અંગ્રેજીના વ્યાખ્યાતા
   (૫) સંસ્કૃતના વ્યાખ્યાતા;

૨. અંગ્રેજી, અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા સંસ્કૃત એ પ્રત્યેક વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, મરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રા. મણિશંકર પંડ્યાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. બી. પી. બલભદ્ર આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, જીંઝાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ પ્રા. મણિશંકર પંડ્યાએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૨. શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, ગુજરાતી અને બી.એ.(સાયો.)માં મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, સંસ્કૃત, ફારસી, હિન્દી અને ઇતિહાસ; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવાનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, ઇતિહાસ અને મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ ઍન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર, શિક્ષકમણ્ડની નિમણૂકો અંગેની શરત સહિતની નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ફારસી, હિન્દી અને ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ અને મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) સંસ્કૃતના એક પ્રાધ્યાપક
(૨) હિન્દીના એક પ્રાધ્યાપક
(૩) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૫) બૅન્કિંગના એક પ્રાધ્યાપક
(૬) એકાઉન્ટન્સીના એક બંડ સમયના પ્રાધ્યાપક;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૫. કૉલેજના સંચાલનમાં જે ખામી જણાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ડી. એમ. શીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ ઍન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ડી. એમ શીએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કરવા માટે આચાર્ય એચ. પી. પંડ્યાએ નોટિસ આપી હતી :

આચાર્ય ડી. એમ. શીખનો પ્રસ્તાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"આથી સેનેટની આ સભા શ્રી. એસ. એસ. મહેતા ઍન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણના પેરા ૧માં 'અર્થશાસ્ત્ર' પછી 'ગુજરાતી અને બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર' શબ્દો ઉમેરવા તથા ઍકેડેમિક કાઉન્સિલની સુધારેલી ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો આચાર્ય એચ. પી. પંડ્યાએ રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી આચાર્ય એચ. પી. પંડ્યાએ રજૂ કરેલા સુધારા સાથેના આચાર્ય ડી. એમ. શીખના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં સદરહુ સુધારેલો પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૩. શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ) તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્ર, હિન્દી, સંસ્કૃત અને મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોના ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ), શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સપે.)માં રાજ્યશાસ્ત્ર, હિન્દી, સંસ્કૃત અને મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૨) મનોવિજ્ઞાનના એક ટ્યૂટર
(૩) વાણિજ્યના મુલાકાતી પ્રાધ્યાપકને બદલે પૂર્ણ સમયના પ્રાધ્યાપક
(૪) વાણિજ્યના વેપારી કાયદાના વિષય માટે એક ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. માનસશાસ્ત્રના મુખ્ય વિષય માટે જરૂરી પ્રયોગશાળાનો અલગ ખંડ રાખવામાં આવે તથા પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂપિયા ૪,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો માટે પાછલી રકમ પેટે રૂા. ૨૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. માનસશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એન. બી. જોશીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવીના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં

સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એન. બી. જોશીએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૪. શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, મનોવિજ્ઞાન અને બી.એ.(સબો.)માં ગુજરાતી, હિન્દી, ઇતિહાસ, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ.-(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષક-મંડળની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, માનસશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં ગુજરાતી, હિન્દી, ઇતિહાસ, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) બૅન્કિંગના એક પ્રાધ્યાપક
   (૨) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૩) ગણિતશાસ્ત્રના એક વધુ વ્યાખ્યાતા;
૨. પુસ્તકો માટે પાછલી રકમ પેટે રૂા. ૧૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. વધારાના જોડાણના પ્રત્યેક વિષય માટે રૂા. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ પુસ્તકો માટે કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય પી. એચ. ભટ્ટે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય પી. એચ. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય એસ. એમ નાગાભિમાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૫. શ્રી. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ શ્રી. ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, કહેગામ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સમો.)માં સંસ્કૃત, હિંદી, મનોવિજ્ઞાન, ઇતિહાસ અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ શ્રી. ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, કહેગામ, શિક્ષકમંડળની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.-(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સમો.)માં સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, ઇતિહાસ અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ગુજરાતીના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૨) ઇતિહાસના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૩) અંગ્રેજીના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૫) વાણિજ્યના પૂર્ણ સમયના પ્રાધ્યાપક;

૨. જૂન ૧૯૬૯ સુધીમાં બધી જરૂરિયાતવાળું કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. સંસ્કૃતનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે જોડાણની મુદત તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીના એક વર્ષની રાખવાના સુધારા સાથે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ મંજૂર કરવા સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. ટી. જેસલપુરાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ શ્રી. ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ સિન્ડિકેટના રિપોર્ટમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. ટી. જેસલપુરાએ રજૂ કર્યો, તેને આચાર્ય પ્રેમશંકર એચ. ભટ્ટે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૬. સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, ઇતિહાસ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં સંસ્કૃત અને આંકડાશાસ્ત્ર; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ. (સમો.)માં માનસશાસ્ત્ર, ઇતિહાસ, હિન્દી તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૬-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, ઇતિહાસ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં સંસ્કૃત અને આંકડાશાસ્ત્ર; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ.(સમો.)માં માનસશાસ્ત્ર, ઇતિહાસ, હિન્દી; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક

(૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૪) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૭) હિન્દીના એક વ્યાખ્યાતા
(૮) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૯) વાણિજ્યના એક પ્રાધ્યાપક
(૧૦) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક;

૨. ૬૨ ત્રણ વિદ્યાર્થીઓ દીઠ એક કેલ્કયુલેટિંગ મશીન વસાવવામાં આવે;

૩. બી.એ.(સાયં.)માં પ્રત્યેક વધારાના વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો તથા બી.એ.(પ્રિન્સ.)માં પ્રત્યેક વધારાના વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો ખર્ચ પુસ્તકો તથા સામયિકો માટે કરવામાં આવે;

૪. વાણિજ્ય વિદ્યાશાખામાં એકાઉન્ટન્સીના વિષય માટે રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો તથા સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. આર. મહેતા એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. મહેતાને બદલે આચાર્ય બી. એમ. પીરઝાદાએ રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૭. વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"સદરહુ સમિતિઓના રિપોર્ટ જોતાં વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરને વધુ જોડાણ આપવું મુનાસબ નથી છતાં સદરહુ કૉલેજ જો તા. ૨૭-૨-૧૯૬૯ સુધીમાં—

(૧) આચાર્યપદે યોગ્ય લાયકાત ધરાવતી વ્યક્તિની નિમણૂક કરી;

(૨) આચાર્ય સહિત શિક્ષકોનું વેતન (પાછલા એરિયર્સ સહિત) પૂરેપૂરું ચૂકવી દઈ;

(૩) અર્થશાસ્ત્ર, વાણિજ્ય અને વ્યાયામના શિક્ષણ માટે તથા ગ્રંથાલયના સંચાલન માટે યોગ્ય લાયકાત ધરાવતી વ્યક્તિઓની નિમણૂક કરી—

તે ક્ષતિઓ દૂર કર્યાની સિન્ડિકેટને ખાતરી કરાવે તો જ સિન્ડિકેટ, તે ખાતરી થયેથી નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફક્ત એક જ વર્ષ માટે પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સેનેટને ભલામણ કરે અન્યથા નહીં, તેવી ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ છે :

૧. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વધુ બે વર્ગખંડો.

(૨) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો.)

(૩) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૪) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગાવાળો સુજ્જજ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, ભોંધવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૪. ૧૯૬૮-૬૯ના વર્ષની કૉલેજની આર્થિક પરિસ્થિતિનો અહેવાલ જોતાં રૂા. ૫૦,૦૦૦ની રોકડ રકમની અલાયદી વ્યવસ્થા ૧૯૬૯-૭૦ના વર્ષમાં કૉલેજના સંચાલન માટે કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે વડનગર એજ્યુકેશન સોસાયટીના તા. ૨૫-૨-૧૯૬૯ અને તા. ૨૭-૨-૧૯૬૯ના બે પત્રો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજને તેણે માગેલું વધારાનું જોડાણ કે ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટની આ સભા ભલામણ કરતી નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. દેસાઈ એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને સદરહુ કૉલેજને તેણે માગેલું વધારાનું જોડાણ કે ચાલુ જોડાણ ન આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈ એ રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાંરિડલે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કરવા માટે પ્રો. વિનોદભાઈ અધ્વર્યુ એ નોટિસ આપી હતી :

ઠરાવમાં "....જોડાણ" પછીના શબ્દો રદ કરી તેની જગ્યાએ નીચેના શબ્દો મૂકવા :

".....અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ જોઈ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો હેતુ લક્ષમાં લઈ આ અંગેની કાર્યવાહીની નોંધ લે છે અને કૉલેજ સાથેના પત્રવ્યવહારમાંથી ફલિત થતી તથા અન્ય સઘળી હકીકતો જોતાં ઠરાવે છે કે ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો સદરહુ કૉલેજે માંગેલ ચાલુ જોડાણ તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીના સમય માટે આપવા, પરંતુ વધારાના જોડાણ ન આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આથી સુધારેલો ઠરાવ નીચે મુજબ વંચાશે :

"આથી સેનેટની આ સભા વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ જોઈ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો હેતુ લક્ષમાં લઈ આ અંગેની કાર્યવાહીની નોંધ લે છે અને કૉલેજ સાથેના પત્રવ્યવહારમાંથી ફલિત થતી તથા અન્ય સઘળી હકીકતો જોતાં ઠરાવે છે કે ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો સદરહુ કૉલેજે માંગેલ ચાલુ જોડાણ તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીના સમય માટે આપવા, પરંતુ વધારાનું જોડાણ ન આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો પ્રો. વિનોદભાઈ અધ્વર્યુને બદલે શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો. તેને આચાર્ય દર્શનસિંગ શીખે ટેકો આપ્યો.

તે પછી ડૉ. અશ્વિનકુમાર એમ. ત્રિવેદીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારો મૂળ પ્રસ્તાવને નકારે છે (Negate કરે છે) તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂનસર છે.

તે પછી સદરહુ સુધારા પર મત લેવામાં આવતાં તે પક્ષ વિરુદ્ધ ૨૪ મતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ ગુપ્ત મતદાનની માગણી કરી. તે ઉપરથી કુલપતિશ્રીએ નીચે જણાવેલા સભ્યોની ચકાસણીદાર (tellers) તરીકે નિમણૂક કરી :

(૧) પ્રો. રમેશભાઈ ભટ્ટ
(૨) આચાર્ય એસ. એમ. નાગામિયા
(૩) આચાર્ય એન. એસ. પંડયા
(૪) શ્રી. ઇન્દ્રવદનભાઈ એ. મોદી.

તે પછી ચકાસણીદારોના રિપોર્ટ પરથી ગુપ્ત મતદાનનું પરિણામ નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

તરફેણમાં ૬૨ મત,
વિરુદ્ધમાં ૩૨ મત, અને
૨ મત નિરર્થક (Invalid).

તેથી સદરહુ સુધારો બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી શ્રી. રણજિતરાય મં. શાસ્ત્રીએ રજૂ કરેલા સુધારા સાથેના આચાર્ય એમ. સી. દેસાઈના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં સદરહુ સુધારેલો પ્રસ્તાવ બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૮. વિદ્યોત્તેજક મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં રાજ્યનીતિશાસ્ત્ર, ઇતિહાસ, સંસ્કૃત, હિન્દી, આંકડાશાસ્ત્ર; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યોત્તેજક મંડળ, અમદાવાદ સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકમણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં રાજ્યનીતિશાસ્ત્ર, ઇતિહાસ, સંસ્કૃત, હિન્દી, આંકડાશાસ્ત્ર; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક

(૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા

(૪) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૫) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૬) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૭) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૮) ઇતિહાસના એક વ્યાખ્યાતા

(૯) હિન્દીના એક વ્યાખ્યાતા

(૧૦) વાણિજ્યના એક પ્રાધ્યાપક

(૧૧) એકાઉન્ટસીના એક પ્રાધ્યાપક;

૨. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૩. વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા ગૌણ વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય કે. એમ. તલાટીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા વિદ્યોત્તેજક મંડળ સંચાલિત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. એમ. તલાટીને બદલે શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. બી. જોશીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૯. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એડ. અને ડિપ.એડ.ના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એડ. તથા ડિપ્લોમા.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. લાલભાઈ દેસાઈ**એ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. લાલભાઈ ૨. દેસાઈને બદલે આચાર્ય એમ. એસ. પંડિતે રજૂ કર્યો. તેને આચાર્ય દર્શનસિંગ શીખે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કરવા માટે આચાર્ય એચ. પી. પંડ્યાએ નોટિસ આપી હતી :

શ્રી. લાલભાઈ દેસાઈનો પ્રસ્તાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"આથી સેનેટની આ સભા સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણના પેરા ૧ માં જણાવેલ મુદત 'તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૪'ને બદલે 'તા. ૧-૬-૧૯૬૯થી તા. ૩૧-૫-૧૯૭૪' વાંચવા તથા ઍકેડેમિક કાઉન્સિલની સુધારેલી ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો આચાર્ય એચ. પી. પંડ્યાને બદલે શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો. તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પછી સભાગૃહની સંમતિથી શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ પોતે રજૂ કરેલો સુધારો પાછો ખેંચી લીધો તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહીં.

તે પછી આચાર્ય એમ. એસ. પંડિતે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૦. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા તરફથી જૂન ૧૯૬૯થી બી.એડ.ના અભ્યાસ-ક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેક-ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. લાલભાઈ દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડાને અહીં જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. લાલભાઈ ૨. દેસાઈને બદલે આચાર્ય નિરંજનભાઈ ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય સી. કે. અઢવાલાએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૧ રજૂ કરવા માટે આચાર્ય એચ. પી પંડ્યાએ નોટિસ આપી હતી :

શ્રી. લાલભાઈ દેસાઈનો પ્રસ્તાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"આથી સેનેટની આ સભા સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણના પેરા ૧માં જણાવેલ મુદત 'તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦'ને બદલે 'તા. ૧-૬-૧૯૬૯થી તા. ૩૧-૫-૧૯૭૦'ની મુદત રાખવા તથા ઍકેડેમિક કાઉન્સિલની ભલામણની સુધારેલી ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો આચાર્ય એચ. પી. પંડ્યા કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહીં.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૨ રજૂ કરવા માટે આચાર્ય જી. બી. પરીખે નોટિસ આપી હતી :

"એકેડેમિક કાઉન્સિલની ભલામણમાં ત્રીજી લીટીમાં 'તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-'૭૦'ને બદલે 'તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧' એ પ્રમાણે વંચાય તેવી વિનંતી."

સુધારા સાથેનો ઠરાવ નીચે પ્રમાણે વંચાય :

"આથી ઠરાવવામાં આવે છે કે સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

ઉપરનો સુધારો આચાર્ય જી. બી. પરીખે રજૂ કર્યો, તેને શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી આચાર્ય જી. બી. પરીખે રજૂ કરેલા સુધારા નં. ૨ સાથેના આચાર્ય નિરંજનભાઈ ત્રિવેદીના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં સદરહુ સુધારેલો પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૧. કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા તરફથી જૂન ૧૯૬૯થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. લાલભાઈ દેસાઈ એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. લાલભાઈ દેસાઈને બદલે આચાર્ય સી. કે. અરુવાલાએ રજૂ કર્યો, તેને આચાર્ય વી. એસ. વણીકરે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૧ રજૂ કરવા માટે આચાર્ય એચ. પી. પંડ્યાએ નોટિસ આપી હતી :

શ્રી. લાલભાઈ દેસાઈનો પ્રસ્તાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

આથી સેનેટની આ સભા કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણના પેરા ૧ માં જણાવેલ મુદત 'તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦' ને બદલે 'તા. ૧-૬-૧૯૬૯થી તા. ૩૧-૫-૧૯૭૦'ની મુદત રાખવા તથા ઍકેડેમિક કાઉન્સિલની સુધારેલી ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો આચાર્ય એચ. પી. પંડ્યાએ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહીં.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૨ રજૂ કરવા માટે આચાર્ય જી. બી. પરીખે નોટિસ આપી હતી :

"ઍકેડેમિક કાઉન્સિલની ભલામણમાં ત્રીજી લીટીમાં 'તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦'ને બદલે 'તા. ૧૫-૬-૧૯૬૯ થી તા. ૧૪-૬-૧૯૭૧' એ પ્રમાણે વંચાય તેવી વિનંતી :

સુધારા સાથેનો ઠરાવ નીચે પ્રમાણે વંચાય :

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૬-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯ થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી".

ઉપરનો સુધારો આચાર્ય જી. બી. પરીખે રજૂ કર્યો, તેને આચાર્ય વી. એસ. વણીકરે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૩ રજૂ કરવા માટે આચાર્ય ડી. એ. ધાંચીએ નોટિસ આપી હતી :

"શ્રી. લાલભાઈ દેસાઈએ આપેલ નોટિસ મુજબના ઠરાવના મુસદ્દાની ત્રીજી લીટીમાંથી 'તેમાં જણાવેલ સમય' એ શબ્દો રદ કરવામાં આવે, અને તેમના સ્થાને 'તા. ૧-૬-૧૯૬૯થી તા. ૩૧-૫-૧૯૭૧' એ શબ્દો મૂકવામાં આવે."

આખો ઠરાવ નીચે પ્રમાણે વાંચવામાં આવે :

"આથી સેનેટની આ સભા કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તા. ૧-૬-૧૯૬૯થી તા. ૩૧-૫-૧૯૭૧ સુધીમાં શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો આચાર્ય ડી. એ. ધાંચીએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહીં.

તે પછી આચાર્ય જી. બી. પરીખે રજૂ કરેલા સુધારા નં. ૨ સાથેના આચાર્ય મી. કે. અકૂવાલાના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં સદરહુ સુધારેલો પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૨. શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત તરફથી જૂન ૧૯૬૯થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલનો ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત, શિક્ષકમણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજી મેથડ્સની યોગ્ય લાયકાત ધરાવતા અધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

(૨) વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તો એ વધારાના વિદ્યાર્થીઓ માટે બે વધુ શિક્ષકોની અભ્યાસક્રમો અને જુદા જુદા વિષયોની જરૂરિયાત મુજબની લાયકાત પ્રમાણે નિમણૂકો કરવામાં આવે;

૨. પુસ્તકો તથા શૈક્ષણિક સામગ્રિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. લાલભાઈ દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. લાલભાઈ દેસાઈને બદલે આચાર્ય એમ. એસ. પંડિતે રજૂ કર્યો, તેને પ્રો. મણિશંકર પંડ્યાએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કરવા માટે આચાર્ય એચ. પી. પંડ્યાએ નોટિસ આપી હતી :

શ્રી. લાલભાઈ દેસાઈનો પ્રસ્તાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"આથી સેનેટની આ સભા શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં જણાવેલ મુદત 'તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧' ને બદલે 'તા. ૧-૬-૧૯૬૯થી

તા. ૭૧-૫-૧૯૭૧' સુધીની મુદત રાખવા તથા એકેડેમિક કાઉન્સિલની સુધારેલી ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો આચાર્ય એચ. પી. પંડ્યાએ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહીં.

તે પછી આચાર્ય એમ. એસ. પંડિતે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૩. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ તરફથી જૂન ૧૯૬૬થી બી.એડ.ના અભ્યાસ-ક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. "કન્ટેન્ટ કોર્સ" માટે ગુજરાતી, અંગ્રેજી, સાયન્સ અને હિન્દી માટેના શિક્ષકોની વ્યવસ્થા કરવામાં આવે;

૨. ચારથી પાંચ વધુ શૈક્ષણિક સામયિકો મગાવવામાં આવે;

૩. કથિત પાઠ માટે વ્યાખ્યાનખંડની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે.

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. લાલભાઈ દેસાઈએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. લાલભાઈ દેસાઈને બદલે આચાર્ય કે. જી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય સી. કે. અકવાલાએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૧ રજૂ કરવા માટે આચાર્ય એચ. પી. પંડ્યાએ નોટિસ આપી હતી :

શ્રી. લાલભાઈ દેસાઈનો પ્રસ્તાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"આથી સેનેટની આ સભા કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણના પેરા ૧માં જણાવેલ મુદત 'તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦' ને બદલે 'તા. ૧-૬-૧૯૬૯થી તા. ૩૧-૫-૧૯૭૦' સુધારવા તથા ઍકૅડેમિક કાઉન્સિલની સુધારેલી ભલામણમાં સૂચવેલાં શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો આચાર્ય એચ. પી. પંડ્યાએ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહીં.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૨ રજૂ કરવા માટે આચાર્ય વી. એસ. વણીકરે નોટિસ આપી હતી :

"સેનેટની કામકાજની યાદીની બાબત ૪૩માં ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ નં. ૫ પછીની ભલામણ 'વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે હાલ પૂરતા વધુમાં વધુ ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે' ભૂલથી છાપવાની રહી ગઈ છે તે ઉમેરીને નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવી :

"વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે હાલ પૂરતા વધુમાં વધુ ૭૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે."

ઉપરનો સુધારો આચાર્ય વી. એસ. વણીકરે રજૂ કર્યો. તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય વી. એસ. વણીકરે સભાગૃહની સંમતિથી પોતાનો સુધારો નં. ૨ પાછો ખેંચી લીધો તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહીં.

તે પછી આચાર્ય કે. જી. દેસાઈના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૪. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એસસી.-(રૂપે.)માં કીટાણુવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા કાયમી જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા

માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં કીટાણુવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પ્રાણીવિજ્ઞાનના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. ઝૂલોજી માટે એક જુદી પ્રયોગશાળાની સગવડ કરવામાં આવે તથા તેના પ્રયોગો માટે જોઈતાં પ્રાણીઓ રાખવાની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૩. મ્યુઝિયમ, હર્બેરિયમ, બોટાની ગાર્ડન વગેરે સુવિધાઓ, જે હાલ અસ્તિત્વમાં છે તેને વિકસાવવામાં આવે;

૪. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આર. એચ. શાહે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આર. એચ. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય દર્શનસિંગ શીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૫. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકમંડળની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા

માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા અથવા એક ટ્યૂટર
   (૨) ભૌતિકવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર
   (૩) ભૌતિકવિજ્ઞાનના એક ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટર;
૨. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક ગણતરી યંત્ર (કેલ્કયુલેટિંગ મશીન) ખરીદવામાં આવે;
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. ડી. એસ. અસને** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. ડી. એસ. અસનને બદલે પ્રો. મણિશંકર પંડ્યાએ રજૂ કર્યો. તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૬. સાયન્સ કૉલેજ, કડી તરફથી જૂન ૧૯૬૬થી બી.એસસી.(રૂપે.)માં રસાયણ-વિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્રનું ચાલુ જોડાણ કાયમી કરવા; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સાયન્સ કૉલેજ, કડી, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) હિન્દીના એક ખંડ સમયના વ્યાખ્યાતા

(૨) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૩) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક (ઑર્ગેનિક કેમિસ્ટ્રીના)

(૪) કાર્યભાર અને વિદ્યાર્થીઓની સંખ્યા અનુસાર જુદા જુદા વિષયોના ડેમોન્સ્ટ્રેટર

(૫) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના પ્રત્યેક વિષય માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. કૉલેજની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો, સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય;

૩. ફર્નિચર ફિટિંગ્સ સહિતની ૩૦ વિદ્યાર્થીઓને સમાવી શકે તેવી સુસજ્જ પ્રયોગશાળા તૈયાર કરવામાં આવે;

૪. ગણિતશાસ્ત્રના વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય વાય. જી. નાયકે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સાયન્સ કૉલેજ, કઠીના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય વાય. જી. નાયકને બદલે આચાર્ય રમણિકભાઈ શાહે રજૂ કર્યો. તેને આચાર્ય એ. ડી. મણિયારે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૬. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા કાયમી જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય કે. એમ. તલાટીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. એમ. તલાટીને બદલે આચાર્ય જે. સી. ત્રિવેદીએ રજૂ કર્યો. તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૮. બ્રહ્મચારી-વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બ્રહ્મચારી-વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) એકાઉન્ટન્સીના એક ખંડ સમયના વ્યાખ્યાતા
(૨) આંકડાશાસ્ત્રના એક ખંડ સમયના વ્યાખ્યાતા
(૩) બૅન્કિંગના એક વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગ માટે જરૂરી જ્ઞાનખંડ, ટ્યુટોરિયલ ખંડ તેમ જ વૈકલ્પિક ખંડનો પ્રબંધ કરવામાં આવે;

૩. વાણિજ્યની વિદ્યાશાખાઓમાં વૈકલ્પિક વિષય માટે રૂા. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. આર. મહેતાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ભગુભાઈ-વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. મહેતાને બદલે પ્રો. મણિશંકર પંડ્યાએ રજૂ કર્યો. તેને પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૧ રજૂ કરવા માટે આચાર્ય એચ. પી. પંડ્યાએ નોટિસ આપી હતી :

"આચાર્ય એસ. આર. મહેતાનો પ્રસ્તાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"આથી સેનેટની આ સભા ભગુભાઈ-વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણની શરત ક્રમાંક ૩માં 'આવર્તક' ને બદલે 'અનાવર્તક' કરવા તથા ઍકેડેમિક કાઉન્સિલની સુધારેલી ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો નં. ૧ આચાર્ય એચ. પી. પંડ્યાએ રજૂ કર્યો. તેને આચાર્ય દર્શનસિંગ શીખે ટેકો આપ્યો.

ત્યાર બાદ કેટલીક ચર્ચાવિચારણા પછી સભાગૃહનું કામકાજ શનિવાર, તા. ૨૯-૩-૧૯૬૯ના રોજ બંધ કરવામાં આવ્યું અને રવિવાર, તા. ૩૦-૩-૧૯૬૯ના રોજ સભા ફરીથી મળતાં યાદી પરનું બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

આચાર્ય એચ. પી. પંડ્યાએ રજૂ કરેલા ઉપરના સુધારા નં. ૧ ઉપર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૨ રજૂ કરવા માટે આચાર્ય ડી. એચ. વેલ્વને નોટિસ આપી હતી :

સભાના કામકાજની યાદીમાં કામકાજ નં. ૪૮ માં એકેડેમિક કાઉન્સિલની ભલામણ નં. ૬ માં 'આવર્તક' શબ્દને સ્થાને 'અનાવર્તક' શબ્દ મૂકવો.

ઉપરનો સુધારો નં. ૨ આચાર્ય ડી. એચ. વેલ્વને કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહીં.

તે પછી ચર્ચા દરમિયાન એક સભ્યે સદરહુ કૉલેજની ભગિની સંસ્થા અંગે કશુંક નિવેદન કરતાં શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે જે કૉલેજના જોડાણની બાબત અંગે ચર્ચાવિચારણા ચાલતી હોય તે સિવાયની તેની ભગિની સંસ્થા વિષે બોલી શકાય ખરું ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે ભગિની સંસ્થાનો ઉલ્લેખ સંબંધ (relevant) હોય તો જ કરી શકાય.

તે પછી શ્રી. ચન્દ્રવદનભાઈ મોદીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે રૂટે. ૪૮ની જોગવાઈ જોતાં સુધારા પરની ચર્ચા પૂરી થયા પછી સદરહુ બાબત અંગે બોલી શકાય ખરું ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સુધારા પરની ચર્ચા પૂરી થયા પછી સદરહુ બાબત અંગે કોઈ સભ્યથી બોલી શકાય નહીં.

તે પછી આચાર્ય એચ. પી. પંડ્યાએ રજૂ કરેલા સુધારા નં. ૧ સાથેના પ્રો. મણિશંકર પંડ્યાના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં, સદરહુ સુધારેલો પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૯. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એસસી.-(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૌતિક-વિજ્ઞાનનું ચાલુ જોડાણ; તથા પ્રથમ એલએલ.બી.નું ચાલુ જોડાણ કાયમ કરવા માટે તથા દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરી :

નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

૧. કાયદાની વિદ્યાશાખામાં બે ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. નવું મકાન ન થાય ત્યાં સુધી અત્યારની પ્રયોગશાળામાં એકઝોસ્ટ ફૅન્સ મૂકવામાં આવે;

૩. રસાયણશાસ્ત્રની પ્રયોગશાળામાં "ફ્યૂઝ ચેમ્બર" ઓછામાં ઓછા બે બનાવવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં બારાઘોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એન. એસ. પંડ્યાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એન. એસ. પંડ્યાએ રજૂ કર્યો. તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૦. મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) વાણિજ્યના એક પ્રાધ્યાપક

(૪) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક

(૫) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક;

૨. એકાઉન્ટન્સીનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એન. બી. જોશીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એન. બી. જોશીએ રજૂ કર્યો. તેને આચાર્ય ગિરીશભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૧. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૬થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું વધારાનું જોડાણ; તથા ડિપ્લોમા ઇન લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ, ડિપ્લોમા ઇન ટૅક્સેશન લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસના વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને એલએલ.બી. પદવીકક્ષા સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં

એકરાન્સ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) વાણિજ્યના એક પ્રાધ્યાપક
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
(૪) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક
(૫) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૬) કાયદાની વિદ્યાશાખાના તૃતીય વર્ષમાં વધુ વૈકલ્પિક વિષયોને અનુલક્ષીને કાર્યબોજના પ્રમાણમાં વધારાના શિક્ષકોની નિમણૂક કરવામાં આવે;

૨. એકાઉન્ટન્સીના વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કૅલ્કયુલેટિંગ મશીન વસાવવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારબોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય વી. આર. રણદીવેએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય વી. આર. રણદીવેએ રજૂ કર્યો. તેને આચાર્ય એમ સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૨. એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૬૯થી એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ કાયમી કરવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. એસ. ભગત ઍન્ડ સો. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે

કરે તો તેને એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. ભટુભાઈ હ. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે" ઉપરનો પ્રસ્તાવ શ્રી. ભટુભાઈ હ. દેસાઈ એ રજૂ કર્યો. તેને આચાર્ય એમ. એસ. પંડ્યે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૮. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ તરફથી જૂન ૧૯૬૬થી પ્રથમ વર્ષ બી.ઈ.(કેમ.)ના અભ્યાસક્રમો માટેનું ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ બી.ઈ.(કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"સદરહુ સમિતિનો રિપોર્ટ જોતાં ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ, જો તા. ૧૫-૩-૧૯૬૬ સુધીમાં—

૧. નીચેની નિમણૂક કરે :

(૧) રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક

(૨) ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન—એ પ્રત્યેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર

(૩) કાર્પેન્ટરી અને ફિટિંગ—એ પ્રત્યેક માટે એક એક ઇન્સ્ટ્રક્ટર;

૨. ગર્વનિંગ બૉડીની સુયોગ્ય રચના કરે;

૩. સુધારેલા મોંઘવારી ભથ્થાના દરો મુજબ બધા જ શિક્ષકોને પૂરેપૂરી ચુકવણી કરે;

૪. ૧૯૬૮-૬૯ના વર્ષ દરમિયાન જે વધારાની સત્ર દીઠ લીધી છે તે પ્રત્યેક વિદ્યાર્થીને પાછી આપી દીધા અંગે અનુમોદન મોકલે;

અને તે ઉપર જણાવેલી બાબતો થયા અંગેની સિન્ડિકેટને ખાતરી કરાવે તો જ સિન્ડિકેટ તે ખાતરી થયેથી નીચે જણાવેલ તમામ શરતોનું પરિપાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય

તે રીતે કરે તો સદરહુ કૉલેજને તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું પ્રથમ વર્ષ બી.ઈ.-(કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ બી.ઈ.(કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટેનું વધારાનું જોડાણ આપવા માટે સેનેટને ભલામણ કરે — અન્યથા નહીં, તેવી એકેડેમિક કાઉન્સિલની ભલામણ છે :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગમાં ચાર સહાયક વ્યાખ્યાતા

(૨) કેમિકલ એન્જિનિયરિંગ વિભાગમાં એક વ્યાખ્યાતા અને એક સહાયક વ્યાખ્યાતા

(૩) ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગમાં એક વ્યાખ્યાતા અને એક સહાયક વ્યાખ્યાતા

(૪) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૫) સિવિલ એન્જિનિયરિંગ ઍન્ડ એપ્લાઇડ મિકેનિક્સમાં એક વ્યાખ્યાતા અને એક સહાયક વ્યાખ્યાતા

(૬) હ્યુમેનિટીઝ અને અંગ્રેજી માટે એક સહાયક વ્યાખ્યાતા

(૭) રસાયણશાસ્ત્રના એક સહાયક વ્યાખ્યાતા

(૮) વર્કશૉપ માટે એક સહાયક વ્યાખ્યાતા

(૯) હીટ પાવર લેબોરેટરી માટે એક ટ્રેઇન્ડ મિકેનિક

(૧૦) ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ લેબોરેટરી માટે એક ઇલેક્ટ્રિશિયન, અને

(૧૧) એક ગ્રંથાલય એટેન્ડન્ટ;

૨. કૉલેજના મકાનમાં નીચે મુજબની જગ્યા માટે વ્યવસ્થા કરીને ખંડોને જરૂર પ્રમાણે સજ્જ કરવામાં આવે :

(૧) વર્કશૉપના ખંડ	..	૫,૭૫૦	સમચોરસ વાર
(૨) પ્રથમ માળા બાંધવામાં આવે (વર્ગખંડો અને ડ્રૉઇંગ ખંડો માટે)	..	૫,૩૦૦	,, ,,
(૩) બૉઇલર ખંડ	..	૨૫૦	,, ,,
(૪) હીટ પાવર લેબોરેટરીના ખંડ	..	૮૦૦	,, ,,

(૫) રસાયણશાસ્ત્રની પ્રયોગશાળામાં ૨૦૦ સમચોરસ વારના વધારાના કાર્પેટ એરિયાની ગોઠવણ કરવામાં આવે, અને

(૬) ગ્રંથાલયનો 'કાર્પેટ એરિયા' ૨,૫૦૦ સમચોરસ વારનો કરવામાં આવે;

(નોંધ.—કુલ 'કાર્પેટ એરિયા' ૨૮,૮૪૦ સમચોરસ વારનો રાખવામાં આવે.)

૩. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે સ્થાનિક તપાસસમિતિના અહેવાલના પરિશિષ્ટ "બ"માં જણાવેલ બધાં જ સાધનો વસાવવામાં આવે;

૪. કૉલેજની કુલ સંખ્યાના ૫૦ ટકા વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે નીચે મુજબ અનાવર્તક ખર્ચ કરવામાં આવે, અને તે માટે વર્ષની શરૂઆતમાં બાંયધરી આપવામાં આવે :

(૧) પુસ્તકો માટે .. રૂા. ૮,૦૦૦
(૨) ફર્નિચર માટે .. રૂા. ૭,૦૦૦;

૬. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સદરહુ કૉલેજના આચાર્યનો તા. ૫-૩-૧૯૬૯નો પત્ર તથા સદરહુ કૉલેજના સંચાલક મંડળના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી. ધર્મસિંહ દેસાઈનો તા. ૫-૩-૧૯૬૯નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજને તેણે માંગેલું વધારાનું જોડાણ કે ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટની આ સભા ભલામણ કરતી નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. પી. એસ. કલવચવાળાએ** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, નડિયાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને સદરહુ કૉલેજને તેણે માંગેલું વધારાનું જોડાણ કે ચાલુ જોડાણ ન આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. પી. એસ. કલવચવાળાને બદલે આચાર્ય ગિરીશભાઈ પટેલે રજૂ કર્યો. તેને શ્રી. ડી. ડી. દેસાઈએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૧ રજૂ કરવા માટે આચાર્ય બી. એસ. પટેલે નોટિસ આપી હતી :

"શ્રી. પી. એસ. કલવચવાળાએ રજૂ કરેલ ઠરાવમાં નીચે પ્રમાણે સુધારો કરવામાં આવે :

"બીજી લીટીમાં આવતા 'અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ' શબ્દોને બદલે 'અંગેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ' શબ્દો મૂકવા તથા સદરહુ ઠરાવની ત્રીજી લીટીમાં આવતા 'જોડાણ' પછી 'ઍકેડેમિક કાઉન્સિલની ભલામણોમાંની શરતોનું પરિપાલન થાય નહીં' ત્યાં સુધી ઉમેરવા, તથા સદરહુ ઠરાવની ત્રીજી લીટીમાં આવતા શબ્દ 'આવે' પછી 'પરંતુ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણોમાંની શરતોનું પરિપાલન થયે ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે' એમ ઉમેરવું, જેથી સુધારેલો ઠરાવ નીચે પ્રમાણે વંચાય :

"આથી સેનેટની આ સભા ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, નડિયાદના જોડાણ અંગેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારે છે, અને સદરહુ કૉલેજને તેણે માંગેલું વધારાનું જોડાણ કે ચાલુ જોડાણ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણોમાંની શરતોનું પરિપાલન થાય નહીં ત્યાં સુધી ન આપવામાં આવે; પરંતુ ઍકેડેમિક કાઉન્સિલની

ભલામણુમાંની શરતોનું પરિપાલન થયે ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો નં. ૧ આચાર્ય બી. એસ. પટેલે રજૂ કર્યો. તેને પ્રો. વી. જે. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પછી શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારો મંજૂર કરવામાં આવે તો ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)નો હેતુ જળવાશે નહીં તે જોતાં, સદરહુ સુધારો કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂન બહાર ગણી શકાય નહીં.

તે પછી સભાગૃહના બેઠલાક સભ્યોની માગણી પરથી સદરહુ કૉલેજના આચાર્ય બી. એસ. પટેલનો તા. ૫-૩-૧૯૧૬નો પત્ર તથા સદરહુ કૉલેજના સંચાલક મંડળના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી. ડી. ડી. દેસાઈનો તા. ૫-૩-૧૯૧૬નો પત્ર એમ બે પત્રો સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવવામાં આવ્યા.

તે પછી આચાર્ય બી. એસ. પટેલે સભાગૃહની સંમતિથી પોતાનો સુધારો પાછો ખેંચી લીધો, તેથી તે પરત્વે વિશેષ વિચારવાપણું રહ્યું નહીં.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૨ રજૂ કરવા માટે શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

"ઠરાવમાં...પ્રથમ લીટીમાં આવતા 'જોડાણ' શબ્દ પછીના શબ્દો રદ કરી નીચેના શબ્દો ઉમેરવા :

"અંગેના સિન્ડિકેટના રિપોર્ટની નોંધ લઈ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો હેતુ લક્ષમાં લઈ આ અંગેની કાર્યવાહીની નોંધ લે છે અને કૉલેજ સાથેના પત્રવ્યવહારમાંથી ફલિત થતી તથા અન્ય સઘળી હકીકતો જોતાં ઠરાવે છે કે ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૧૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો સદરહુ કૉલેજ માટે માંગેલું વધારાનું જોડાણ અને ચાલુ જોડાણ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આથી સુધારેલો ઠરાવ નીચે મુજબ વંચાશે :

"આથી સેનેટની આ સભા ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદના જોડાણ અંગેના સિન્ડિકેટના રિપોર્ટની નોંધ લઈ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો હેતુ લક્ષમાં લઈ આ અંગેની કાર્યવાહીની નોંધ લે છે અને કૉલેજ સાથેના પત્રવ્યવહારમાંથી ફલિત થતી તથા અન્ય સઘળી હકીકતો જોતાં ઠરાવે છે કે ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૧૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો સદરહુ કૉલેજ માટે માંગેલું વધારાનું જોડાણ અને ચાલુ જોડાણ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો નં. ૨ શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો. તેને ડૉ. ય. ગુ. નાયક ટેકો આપ્યો.

તે પછી સભાગૃહના કેટલાક સભ્યોની માગણી પરથી સદરહુ સંસ્થાના ટેકનિકલ એડવાઈઝર શ્રી. ટી. એ. દેસાઈનો તા. ૨૯-૩-૧૯૬૯નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી આચાર્ય ઈશ્વરભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે શ્રી. રણજિતરામ શાસ્ત્રીએ રજૂ કરેલો સુધારો મૂળ પ્રસ્તાવને નકારે છે (Negate કરે છે) તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારાનું સ્વરૂપ જોતાં તે મૂળ પ્રસ્તાવને નકારે છે (Negate કરે છે) તેમ કહી શકાય નહીં. તેથી તે કાનૂનસર ઠરી શકતો નથી.

તે પછી ડૉ. અશ્વિનકુમાર ત્રિવેદીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત અંગે ઘટતી ચર્ચા-વિચારણા કરવા માટે સેનેટની આ સભાને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે. પરંતુ કુલપતિશ્રીએ તે માટે પરવાનગી આપી નહીં.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ શ્રી. રણજિતરામ શાસ્ત્રીએ રજૂ કરેલા સુધારા પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી શ્રી. રણજિતરામ શાસ્ત્રીએ રજૂ કરેલા સુધારા નં. ૨ સાથેના આચાર્ય ગિરીશભાઈ પટેલના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં, સદરહુ સુધારેલો પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૪. શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી થર્ડ એમ.બી.,બી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ કાયમી કરવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને થર્ડ એમ.બી.,બી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. કૉલેજનું નવું મકાન તાકીદે તૈયાર કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે. "

સિન્ડિકેટનો રિપોર્ટ

" આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો. "

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. જે. બી. હાર્દિકરભાઈએ નોટિસ આપી હતી :

" આથી સેનેટની આ સભા શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેલી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી

શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."
ઉપરનો પ્રસ્તાવ ડૉ. જે. બી. હરિભક્તિએ રજૂ કર્યો. તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કરવા માટે ડૉ. એમ. ડી. દેસાઈએ નોટિસ આપી હતી :

"એકૅડેમિક કાઉન્સિલે સૂચવેલી અને સિન્ડિકેટે સંમતિ આપેલી ત્રણ શરતોમાંથી શરત નં. ૨ અને ૩ની જરૂર નહીં હોવાથી રદ કરવી."

ઉપરનો સુધારો ડૉ. એમ. ડી. દેસાઈને બદલે ડૉ. (કુ.) સૌદામિનીબહેન પંડ્યાએ રજૂ કર્યો. તેને ડૉ. વાય. જી. નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી ડૉ. (કુ.) સૌદામિનીબહેન પંડ્યાએ રજૂ કરેલા સુધારા સાથેના ડૉ. જે. બી. હરિભક્તિના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં, સદરહુ સુધારેલો પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૫. સરકારી દંત મહાવિદ્યાલય, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી ચતુર્થ વર્ષ બી.ડી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ કાયમી કરવા માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરકારી દંત મહાવિદ્યાલય, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૧૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ચતુર્થ બી.ડી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) પેડોડોન્શિયાના એક પ્રાધ્યાપક
   (૨) ત્રણ સિનિયર વ્યાખ્યાતા
   (૩) સોળ જુનિયર વ્યાખ્યાતા;
૨. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું તથા ઘરભાડા-ભથ્થાનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. (કુ.) સૌદામિનીબહેન પંડ્યાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સરકારી દંત મહાવિદ્યાલય, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું

પરિપાલન થયેલી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. (કુ.) સૌદામિનીબહેન પંડ્યાએ રજૂ કર્યો. તેને શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૬. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.એસસી. નર્સિંગનું ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ બી.એસસી. નર્સિંગના વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ પોસ્ટ-બેઝિક બી.એસસી. નર્સિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા દ્વિતીય વર્ષ પોસ્ટ-બેઝિક બી.એસસી. નર્સિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) નર્સિંગની એમ.એસસી. ડિગ્રી (એજ્યુ. ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશનમાં) ધરાવતા આચાર્ય
   (૨) નર્સિંગની બી.એસસી. ડિગ્રી ધરાવતા (ત્રણથી પાંચ વર્ષના શૈક્ષણિક અનુભવ સાથે) બે વ્યાખ્યાતાઓ
   (૩) વ્યાયામ શિક્ષક
   (૪) દ્વિતીય વર્ષના માયનોર વિષયો માટે મુલાકાતી શિક્ષકોની વ્યવસ્થા કરવામાં આવે;
૨. દ્વિતીય વર્ષ બી.એસસી. નર્સિંગનાં પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું તથા ઘરભાડા ભથ્થાનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. જે. બી. હુરિભક્તિએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન

થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. જે. બી. હરિભક્તિએ રજૂ કર્યો. તેને આચાર્ય જે. સી. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૭. ગાંધીધામ મૈત્રી મંડળ, આદિપુર તરફથી સદરહુ મંડળ સંચાલિત તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ સાથે જૂન ૧૯૬૯થી વિજ્ઞાનની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને હિન્દી તથા બી.એ. (સંયો.)માં અંગ્રેજી, ગુજરાતી, ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું કાયમી જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં ભૌતિક-વિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ, આદિપુર, શિક્ષકમણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને વિજ્ઞાનની વિદ્યાશાખા સંયોજિત કરી તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરને બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને હિન્દી તથા બી.એ. (સંયો.)માં અંગ્રેજી, ગુજરાતી, ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૨) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૩) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૪) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૫) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—એ પ્રત્યેક માટે એક-એક ડેમોન્સ્ટ્રેટર
   (૬) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—એ પ્રત્યેક માટે એક-એક લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૨૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. વિજ્ઞાનની વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે વિજ્ઞાન વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો નીચે જણાવ્યા પ્રમાણેનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૫. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. ગુ. નાયકે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ, આદિપુરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. ગુ. નાયકે રજૂ કર્યો. તેને આચાર્ય દર્શનસિંગ શીખે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કરવા માટે આચાર્ય એચ. પી. પંડ્યાએ નોટિસ આપી હતી :

"આચાર્ય ય. ગુ. નાયકનો પ્રસ્તાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"આથી સેનેટની આ સભા તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણની સાતમી લીટીમાં આવતા 'રસાયણવિજ્ઞાન' પછી 'ભૌતિકવિજ્ઞાન' વિષય ઉમેરવા તથા ઍકૅડેમિક કાઉન્સિલની સુધારેલી ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો આચાર્ય એચ. પી. પંડ્યાએ રજૂ કર્યો. તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી આચાર્ય એચ. પી. પંડ્યાએ રજૂ કરેલા સુધારા સાથેના ડૉ. ય. ગુ. નાયકના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં, સદરહુ સુધારેલો પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૮. બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા સંચાલિત યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા સાથે જૂન ૧૯૬૯થી વધારાની વાણિજ્યની વિદ્યાશાખા સંયોજિત કરી યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢ-બારિયાને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૪-૬-૧૯૭૦ સુધીની મુદત માટે મળેલ જોડાણ ચાલુ રાખવા તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા વધારાનું જોડાણ મેળવવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા સંચાલિત યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેના સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરવા તથા તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦નું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂક કરવામાં આવે :

(૧) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૨) ઍકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. ગ્રંથાલય માટે વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે .. રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે .. રૂા. ૧,૦૦૦;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય જે. સી. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી

શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જે. સી. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૯. મહુધા કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ કૉલેજ, મહુધા સાથે જૂન ૧૯૬૯થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહુધા તરીકે ફેરર્ડ ઇયર બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબૅ.)માં માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું વધારાનું જોડાણ; તથા પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મહુધા કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ કૉલેજ, મહુધા શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબૅ.)માં માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા, તથા સદરહુ કૉલેજને વાણિજ્યની વિદ્યાશાખા સંયોજિત કરી તેમાં પ્રી-યુનિ. કૉમર્સનું તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ગુજરાતીના પ્રાધ્યાપક

(૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક

(૩) હિંદીના એક વ્યાખ્યાતા

(૪) ઇતિહાસના એક વ્યાખ્યાતા

(૫) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૬) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૭) ગણિતના એક વ્યાખ્યાતા

(૮) વાણિજ્યના એક વ્યાખ્યાતા

(૯) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

(૧૦) જરૂરી લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની વધુ જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ હિસાબે જરૂરી પાંચ ખંડો;

(૨) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.);

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે વાણિજ્ય વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦;

૬. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. આર. ભટ્ટે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા આર્ટ્સ કૉલેજ, મહુધાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. ભટ્ટને બદલે આચાર્ય આઈ. જે. ભટ્ટે રજૂ કર્યો, તેને પ્રો. મણિશંકર પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૦. પારેખ બ્રધર્સ સાયન્સ એન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ તરફથી સદરહુ કૉલેજનું જૂન ૧૯૬૯થી (૧) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, તથા (૨) શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ—એમ વિભાગીકરણ કરી તથા અલગ થયેલ આર્ટ્સ કૉલેજ સાથે હાલની વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજને સંયોજિત કરી સ્વતંત્ર કૉલેજ તરીકે (૧) પારેખ

પ્રંથર્સ સાયન્સ કૉલેજ, કપડવંજને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૬૧ સુધીનું મળેલ જોડાણ ચાલુ રાખવા; તથા (૨) શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિન્દી; તથા બી.એ.(સબ્સે.)માં સંસ્કૃત, અર્ધમાગધી, ફારસી, અંગ્રેજી, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો માટે મળેલ તા. ૧૪-૬-૧૯૬૧ સુધીનું જોડાણ ચાલુ રાખવા તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પારેખ પ્રંથર્સ સાયન્સ કૉલેજ અને શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ, શિક્ષકગણ અંગેની નિમણૂક અંગેની શરત સહિતની નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેનું (૧) પારેખ પ્રંથર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ, તથા (૨) શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ—એમ વિભાગીકરણ કરવા તથા અલગ થયેલ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ સાથે વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ સંયોજિત કરી (૧) પારેખ પ્રંથર્સ સાયન્સ કૉલેજ, કપડવંજને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું મળેલ જોડાણ ચાલુ રાખવા; તથા (૨) શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી હિંદી; તથા બી.એ.(સબ્સે.)માં સંસ્કૃત, અર્ધમાગધી, ફારસી, અંગ્રેજી, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું જોડાણ ચાલુ રાખવા; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું મળેલ જોડાણ ચાલુ રાખવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

પારેખ પ્રંથર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ

૧. આચાર્ય માટે અલગ ખંડ તૈયાર કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક તથા પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજ

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક

(૨) અંગ્રેજીના ટ્યૂટર કે ખંડ સમયના વ્યાખ્યાતા

(૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા;

૨. આચાર્ય માટે અલગ બંગ્લો તૈયાર કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક તથા પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આર. ડી. દેસાઈ એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા (૧) પારેખ બધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ, અને (૨) શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજોને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આર. ડી. દેસાઈને બદલે ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને શ્રી. દીપકભાઈ પરીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૧. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈનું જૂન ૧૯૬૯થી (૧) સાયન્સ કૉલેજ, ડભોઈ, અને (૨) આર્ટ્સ કૉલેજ, ડભોઈ—એમ વિભાગીકરણ કરી આર્ટ્સ સાથે હાલની કૉમર્સ કૉલેજને સંયોજિત કરી (૧) સાયન્સ કૉલેજ, ડભોઈને બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાનના તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને વનસ્પતિ-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું મળેલ જોડાણ ચાલુ રાખવા, તથા (૨) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડભોઈને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; અને બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિંદી, અંગ્રેજી, માનસશાસ્ત્ર અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું મળેલ જોડાણ ચાલુ રાખવા તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એકાઉન્ટન્સી એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે (૧) આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ તથા (૨) કૉમર્સ કૉલેજ, ડભોઈ, શિક્ષકગણ અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેનું (૧) આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈનું જૂન ૧૯૬૯થી વિભાગીકરણ કરી સદરહુ કૉલેજથી જુદી થતી વિનયનની વિદ્યાશાખા સાથે હાલની

કૉમર્સ કૉલેજ, ડભોઈનું સંયોજન કરી (૧) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડભોઈ, તથા (૨) સાયન્સ કૉલેજ, ડભોઈ — એ પ્રત્યેકને સ્વતંત્ર કૉલેજ તરીકે ગણી (૧) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડભોઈને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ.(સામા.)માં સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, મનસશાસ્ત્ર અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું મંજૂર જોડાણ ચાલુ રાખવા તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા, તથા (૨) સાયન્સ કૉલેજ, ડભોઈને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી(જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું મંજૂર જોડાણ ચાલુ રાખવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડભોઈ

૧. નીચેની નિમણૂંકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૨) અંગ્રેજીના એક ખંડ સમયના વ્યાખ્યાતા
   (૩) વાણિજ્યના એક વ્યાખ્યાતા
   (૪) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
   (૫) આંકડાશાસ્ત્રના એક ખંડ સમયના વ્યાખ્યાતા
   (૬) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જરૂરી લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. ગ્રંથાલય માટે પુસ્તકો અને સામયિકો માટે વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૪,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

સાયન્સ કૉલેજ, ડભોઈ

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોનાં પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા (૧) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડભોઈ; અને (૨) સાયન્સ કૉલેજ, ડભોઈ, અને આર્ટ્સ કૉલેજ, ડભોઈના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે

છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજોને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૨. સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસા સંચાલિત એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસાનું જૂન ૧૯૬૯થી (૧) લલ્લુભાઈ હુકમચંદ સાયન્સ કૉલેજ, માણસા, તથા (૨) એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા—એમ વિભાગીકરણ કરી અલગ થયેલ આર્ટ્સ કૉલેજ સાથે હાલની સર્વોદય કૉમર્સ કૉલેજનું નામ શાહ બી. આર. કૉમર્સ કૉલેજ કરી સંયોજિત કરવા, તથા (૧) લલ્લુભાઈ હુકમચંદ સાયન્સ કૉલેજ, માણસાને બી એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિ-વિજ્ઞાનનું ચાલુ જોડાણ, તથા (૨) સાંકળચંદ દામોદરદાસ આર્ટ્સ એન્ડ શાહ બાલચંદ રામચંદ કૉમર્સ કૉલેજ, માણસાને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ઇતિહાસ અને મનોવિજ્ઞાન માટે કાયમી જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એલ. એચ. સાયન્સ એન્ડ એસ ડી. આર્ટ્સ કૉલેજ, માણસા, શિક્ષકગણ અંગેની નિમણૂકો સહિતની નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેનું જૂન ૧૯૬૯થી (૧) લલ્લુભાઈ હુકમચંદ સાયન્સ કૉલેજ, માણસા તથા (૨) એસ. ડી. આર્ટ્સ કૉલેજ માણસા — એમ વિભાગીકરણ કરવા તથા શ્રી. એસ. ડી આર્ટ્સ કૉલેજ સાથે હાલની સર્વોદય કૉમર્સ કૉલેજનું નામ શાહ બી આર. કૉમર્સ કૉલેજ કરી તેને સંયોજિત કરી (૧) લલ્લુભાઈ હુકમચંદ સાયન્સ કૉલેજ, માણસાને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા (૨) સાંકળચંદ દામોદરદાસ આર્ટ્સ એન્ડ શાહ બાલચંદ રામચંદ કૉમર્સ કૉલેજ, માણસાને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર અને બી એ (સબો.)માં અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ઇતિહાસ, મનોવિજ્ઞાન તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરી :

લલ્લુભાઈ હુકમચંદ સાયન્સ કૉલેજ, માણસા

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૩) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૫) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૬) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૭) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૯) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૦) ભૌતિકવિજ્ઞાનના એક ટ્યૂટર
(૧૧) ગણિતશાસ્ત્રના એક ટ્યૂટર
(૧૨) રસાયણવિજ્ઞાનના એક ટ્યૂટર
(૧૩) વનસ્પતિવિજ્ઞાનના એક ટ્યૂટર
(૧૪) ભૌતિકવિજ્ઞાનના ત્રણ ડેમોન્સ્ટ્રેટર
(૧૫) રસાયણવિજ્ઞાનના ત્રણ ડેમોન્સ્ટ્રેટર
(૧૬) વનસ્પતિવિજ્ઞાનના ત્રણ ડેમોન્સ્ટ્રેટર
(૧૭) વ્યાયામ શિક્ષક
(૧૮) ગ્રંથપાલ.

(નોંધ.— આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. આચાર્ય માટે અલગ ખંડ તૈયાર કરવામાં આવે;

૩. દ્વિતીય અને તૃતીય વર્ષ બી.એસસી.ના વર્ગો માટે ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા યોગ્ય રીતે તૈયાર કરવામાં આવે;

૪. સ્થાનિક તપાસસમિતિએ નિદર્શિત કર્યા પ્રમાણે રૂા. ૨૪,૦૦૦ની અગાઉની ઊણપ પેટે વિજ્ઞાનની કોલેજોના ગ્રંથાલય માટે રૂા. ૧૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

સાંકળચંદ દામોદરદાસ આર્ટ્સ એન્ડ
શાહ બાલચંદ રામચંદ કોમર્સ કોલેજ, માણસા

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

(૧) આચાર્ય
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૫) અર્થશાસ્ત્રના બે વ્યાખ્યાતા

(૬) ગુજરાતીના બે વ્યાખ્યાતા
(૭) ગણિતશાસ્ત્રના બે વ્યાખ્યાતા
(૮) નામાપદ્ધતિના એક વ્યાખ્યાતા
(૯) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૦) અંગ્રેજીના બે વ્યાખ્યાતા
(૧૧) હિંદીના એક વ્યાખ્યાતા
(૧૨) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૧૩) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૪) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૧૫) અંગ્રેજીના એક ટ્યૂટર
(૧૬) વ્યાયામ શિક્ષક
(૧૭) ગ્રંથપાલ;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. આચાર્ય માટે અલગ ખંડ તૈયાર કરવામાં આવે;

૩. રથનિક તપાસસમિતિએ નિદર્શિત કર્યા પ્રમાણે અમરેલી ઊણપ પેટે વિનયન અને વાણિજ્યની કૉલેજમાં ગ્રંથાલય માટે રૂા. ૧૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા (૧) લલ્લુભાઈ હકમચંદ સાયન્સ કૉલેજ, માણસા; અને (૨) એસ. ડી. આર્ટ્સ ઍન્ડ શાહ શી. આર. કૉમર્સ કૉલેજ, માણસાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજોને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય કે. એન. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૩. ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી સદરહુ કૉલેજ સાથે જૂન ૧૯૬૯થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ તરીકે બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એ.-(સમો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૦ સુધીની મુદત માટે મળેલ જોડાણ ચાલુ રાખવા તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

[અરજીની, સ્થાનિક તપાસસમિતિના અહેવાલની, તથા સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ને અનુલક્ષીને જે તે કૉલેજ/કૉલેજોની જરૂરિયાત તથા તે ચલાવવા માટેની આર્થિક જવાબદારી અંગે પ્રત્યેક સંસ્થાની ક્ષમતા અને અન્ય સંબંધક બાબતો પરત્વે વધુ તપાસ કરીને (૧) અમદાવાદ શહેર વિસ્તાર, અને (૨) ગ્રામ્યવિસ્તાર—એમ બેઉ વિસ્તારોને અનુલક્ષીને પોતાના અલગ અલગ અહેવાલો આપવા માટે નીમેલી સમિતિના (આચાર્ય ડી. એમ. શીખ તથા આચાર્ય એમ. સી. શાહની અસંમતિની નોંધો સાથે) અહેવાલની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.]

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેની સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરવા તથા તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એ.(સમો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૦ સુધીની મુદત માટેનું મળેલું જોડાણ ચાલુ રાખવા તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) અંગ્રેજીના એક ટ્યૂટર
(૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૬) બૅન્કિંગના એક વ્યાખ્યાતા
(૭) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) વાણિજ્યના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૯) ગુજરાતીના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૧૦) રાજ્યનીતિશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા;

૨. વાણિજ્યની વિદ્યાશાખા માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦

(૨) સામયિકો માટે .. રૂા. ૧,૦૦૦

(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિનાં નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે અને સદરહુ કૉલેજને જોડાણ આપવાની બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ડી. એમ. શીખે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, ઍન્ડ કૉમર્સ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ડી. એમ. શીખે રજૂ કર્યો, તેને શ્રી. દીપકભાઈ પરીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૪. નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી હાલની લૉ કૉલેજ સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે એલએલ.બી. પદવી સુધીના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

[અરજીની, સ્થાનિક તપાસસમિતિના અહેવાલની, તથા સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૭૩ને અનુલક્ષીને જે તે કૉલેજ/કૉલેજોની જરૂરિયાત તથા તે ચલાવવા માટેની આર્થિક જવાબદારી અંગે પ્રત્યેક સંસ્થાની ક્ષમતા અને અન્ય સંબંધક બાબતો પરત્વે વધુ તપાસ કરીને (૧) અમદાવાદ શહેર વિસ્તાર, અને (૨) ગ્રામ્યવિસ્તાર—એમ બેઉ વિસ્તારોને

અનુલક્ષીને પોતાના અલગ અલગ અહેવાલો આપવા માટે નીમેલી સમિતિના (આચાર્ય ડી. એમ. શીખ તથા આચાર્ય એમ. સી. શાહની અસંમતિની નોંધો સાથે) અહેવાલની નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.]

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને વાણિજ્યની વિદ્યાશાખા સંયોજિત કરવા દેવા તથા તેમ થતાં નવગુજરાત લૉ અૅન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે તેને એલએલ.બી. પદવી સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગના તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૩) હિંદીના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૬) આંકડાશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૭) બૅંકિંગના એક વ્યાખ્યાતા
(૮) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૯) વ્યાયામશિક્ષક;

૨. વાણિજ્યના વર્ગો બેસાડવા માટે વધારાના ખંડોની જોગવાઈ કરવામાં આવે;

૩. વાણિજ્યની વિદ્યાશાખાના ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતનાં મેદાનોનો પ્રબંધ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, અને સદરહુ કૉલેજને જોડાણ આપવાની બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ડી. એમ. શીખે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ડી. એમ. શીખે રજૂ કર્યો. તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૫. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ, તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ અમદાવાદ—એમ વિભાગીકરણ કરી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર અને હિંદીના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં સમાજશાસ્ત્ર; તથા બી.એ. (પ્રિન્સિ.)માં રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી, મનોવિજ્ઞાન, ઇતિહાસ; તથા બી.એ. (સાયં.)માં સંસ્કૃત અને હિંદી; તથા ડિપ્લોમા ઇન-ડ્રામા અને ડિપ્લોમા-ઇન-જર્નાલિઝમના વધારાના જોડાણ; તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના વધારાના જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના તથા આંકડાશાસ્ત્રના વધારાના જોડાણ માટેની અરજી.

[અરજીની, સ્થાનિક તપાસસમિતિના અહેવાલની, તથા સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ને અનુલક્ષીને જે તે કૉલેજ/કૉલેજોની જરૂરિયાત તથા તે ચલાવવા માટેની આર્થિક જવાબદારી અંગે પ્રત્યેક સંસ્થાની ક્ષમતા અને અન્ય સંબંધક બાબતો પરત્વે વધુ તપાસ કરીને (૧) અમદાવાદ શહેર વિસ્તાર, અને (૨) ગ્રામ્ય વિસ્તાર — એમ બેઉ વિસ્તારોને અનુલક્ષીને પોતાના અલગ અલગ અહેવાલો આપવા માટે નીમેલી સમિતિના (આચાર્ય ડી. એમ. શીખ તથા આચાર્ય એમ. સી. શાહની અસંમતિની નોંધો સાથે) અહેવાલની નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.]

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ, શિક્ષકગણ અંગેની શરત સહિતની નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેનું (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ; તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા તથા વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમોનું ચાલુ; અને પ્રથમ વર્ષ બી.એ.માં સમાજશાસ્ત્ર; તથા બી.એ.(પ્રિન્સિ.)માં રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી, મનોવિજ્ઞાન, ઇતિહાસ; તથા બી.એ.(સમે.)માં સંસ્કૃત અને હિન્દી તથા ડિપ્લોમા-ઇન-ડ્રામા અને ડિપ્લોમા-ઇન-જર્નાલિઝમના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા; તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ તથા પ્રથમ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રનું તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ; અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે:

(૧) રાજ્યશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૫) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૬) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૭) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૮) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૯) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૧૦) હિંદીના એક વ્યાખ્યાતા
(૧૧) ડિપ્લોમા-ઇન-જર્નાલિઝમ માટે એક પ્રાધ્યાપક તથા એક વ્યાખ્યાતા
(૧૨) ડિપ્લોમા-ઇન-ડ્રામા માટે એક પ્રાધ્યાપક, એક વ્યાખ્યાતા તથા એક ડેમોન્સ્ટ્રેટર
(૧૩) સહાયક ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે:

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા

(૧૦) ૪૦' × ૩૦'નું સ્ટેજ—બે ગ્રીન રૂમ જરૂરી સગવડ સાથે

(૧૧) વર્કશૉપ—જેમાં બે વર્કિંગ ટેબલો (કાર્પેન્ટરી સાધનો સહિત)ની સગવડ;

૩. ઓછામાં ઓછાં પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો તથા ડિપ્લોમા-ઇન-ડ્રામા માટે રૂા. ૨,૦૦૦નો તથા ડિપ્લોમા-ઇન-જર્નાલિઝમ માટે રૂા. ૧,૫૦૦નાં સામયિકો અને નકશા સહિત પુસ્તકો માટે રૂા. ૩,૫૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. મનોવિજ્ઞાનની જરૂરી પ્રયોગશાળા સુસજ્જ કરવા રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૭. ડિપ્લોમા-ઇન-ડ્રામા અંગે રંગભૂમિનાં સાધનો વગેરે માટે રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૮. રમતગમતનાં મેદાનનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:

(૧) આચાર્ય

(૨) વાણિજ્યના પ્રાધ્યાપક

(૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક

(૪) વ્યાપારી કાયદાના વ્યાખ્યાતા

(૫) આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક

(૬) વ્યાયામ શિક્ષક

(૭) સહાયક ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો.
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્ર—એ પ્રત્યેક વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતના મેદાનનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટની તા. ૧-૨-૧૯૬૯નો સભાનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભાનો રિપોર્ટ

"સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધ પર વિચારણા

કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, અને સદરહુ કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. શાહે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ; અને (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના જોડાણ અંગે સિન્ડિકેટના રિપોર્ટો સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજોને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૧ રજૂ કરવા માટે પ્રો. વિનોદભાઈ બી. અધ્વર્યુએ નોટિસ આપી હતી :

"સિન્ડિકેટના રિપોર્ટો" એ શબ્દો પછીના શબ્દો રદ કરી તેને સ્થાને નીચેના શબ્દો મૂકવા :

".... ની નોંધ લઈ તથા સિન્ડિકેટે નીમેલી સમિતિઓના અહેવાલો જોઈ ઠરાવે છે કે આ સંસ્થાએ આ વર્ષે એકથી વધુ કૉલેજો માટે જોડાણો માંગેલા હોઈ, સંસ્થાનું આર્થિક ચિત્ર તેના ગત વર્ષના સરવૈયા સહિત સભાને સ્પષ્ટરૂપે ઉપલબ્ધ ન હોવાથી સદરહુ સંસ્થાએ સૂચિત ઠરાવમાં માંગેલું આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજોનું વિભાગીકરણ ન આપતાં ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સંસ્થાએ માંગેલા વિષયો માટે વધારાનું જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી."

ઉપરનો સુધારો નં. ૧ પ્રો. વિનોદભાઈ બી. અધ્વર્યુને બદલે આચાર્ય બી. એમ. પીરઝાદાએ રજૂ કર્યો, તેને આચાર્ય ગિરીશભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારો મૂળ પ્રસ્તાવને નકારે છે (negate કરે છે) તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂન બહાર ગણી શકાય નહીં.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ કૉલેજના સંચાલક મંડળના મૅનેજિંગ ટ્રસ્ટી ઉપરના પ્રસ્તાવ—તેમની કૉલેજના જોડાણને લગતા પ્રસ્તાવ—પર મતદાનમાં ભાગ લઈ શકે ખરા !

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટી સેનેટના સભ્ય તરીકે આ સભાગૃહ સમક્ષ આવેલી ચર્ચાવિચારણાની બધી બાબતોમાં ભાગ લઈ શકે.

તે પછી સદરહુ સુધારા પર મત લેવામાં આવતાં તે વધુમતે ઊડી ગયો.

તે પછી શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ ગુપ્ત મતદાનની માંગણી કરી. તે ઉપરથી કુલપતિશ્રીએ નીચે જણાવેલ સભ્યોની ચકાસણીદાર (tellers) તરીકે નિમણૂક કરી :

(૧) આચાર્ય ય. ગુ. નાયક
(૨) શ્રી. સત્યેન્દ્રભાઈ કા. ઝવેરી
(૩) આચાર્ય જશભાઈ પટેલ
(૪) આચાર્ય ગિરીશભાઈ પટેલ.

તે પછી ચકાસણીદારોના રિપોર્ટ પરથી ગુપ્ત મતદાનનું પરિણામ નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

તરફેણમાં ૪૪ મત,
વિરુદ્ધમાં ૭૨ મત, અને
૪ મત નિરર્થક (invalid),

તેથી સદરહુ સુધારો વધુમતે ઉડી ગયો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૨ રજૂ કરવા માટે શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

ઠરાવમાં બીજી લીટીમાં ..."સિન્ડિકેટના રિપોર્ટો"... પછીના શબ્દો રદ કરી નીચેના શબ્દો ઉમેરવા :

"...જે વધુમતે છે તેની નોંધ લે છે. ગઈ સેનેટની સભાએ વિવેકાનંદ ફાઉન્ડેશનના આર્થિક પાસાની ચકાસણી તેમ જ અન્ય મુદ્દાઓની ચોકસાઈના હેતુથી આ ફાઉન્ડેશને માંગેલી કૉલેજોની માંગણીઓના પ્રશ્નો સિન્ડિકેટને રીફર બૅક કર્યા પછી સિન્ડિકેટે નીમેલી કમિટીનો સમગ્ર અહેવાલ જોતાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૬૭ને અનુલક્ષીને સિન્ડિકેટને સંતોષ થયો છે કે કેમ ? તે અંગેની વિગતે સ્પષ્ટતા કરવા સિન્ડિકેટ સમક્ષ વિભાગીકરણનો પ્રશ્ન પુનર્વિચારણા માટે પરત મોકલવો, દરમ્યાનમાં ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ પછી કૉલેજે જે વિષયોની માંગણી પડતી મૂકવાનો પત્ર લખ્યો છે તે વિષયો સિવાયના ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણના વિષયો ઍકૅડેમિક કાઉન્સિલે મૂકેલી શરતોનું પરિપાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૪-૫-૧૯૬૯ સુધીમાં કરે તો તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ જોડાણ તથા વધારાનું જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે." જેથી સુધારેલો ઠરાવ નીચે પ્રમાણે વંચાય :

"આથી સેનેટની આ સભા (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ અમદાવાદ; અને (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના જોડાણ અંગે સિન્ડિકેટના રિપોર્ટો જે વધુમતે છે તેની નોંધ લે છે. ગઈ સેનેટની સભાએ વિવેકાનંદ ફાઉન્ડેશનના આર્થિક પાસાની ચકાસણી તેમ જ અન્ય મુદ્દાઓની ચોકસાઈના હેતુથી આ ફાઉન્ડેશને માંગેલી કૉલેજોની માંગણીઓના પ્રશ્નો સિન્ડિકેટને રીફર બૅક કર્યા પછી સિન્ડિકેટે નીમેલી કમિટીનો સમગ્ર અહેવાલ જોતા, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ

૩૭ને અનુલક્ષીને સિન્ડિકેટને સંતોષ થયો છે કે કેમ ? તે અંગેની વિગતે સ્પષ્ટતા કરવા સિન્ડિકેટ સમક્ષ વિભાગીકરણનો પ્રશ્ન પુનર્વિચારણા માટે પરત મોકલવો. દરમ્યાનમાં એકેડેમિક કાઉન્સિલની ભલામણ પછી કૉલેજે જે વિષયોની માંગણી પડતી મૂકવાનો પત્ર લખ્યો છે તે વિષયો સિવાયના એકેડેમિક કાઉન્સિલની ભલામણના વિષયો એકેડેમિક કાઉન્સિલે મૂકેલી શરતોનું પરિપાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૪-૫-૧૯૬૯ સુધીમાં કરે તો તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ જોડાણ તથા વધારાનું જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે"

ઉપરનો સુધારો નં. ૨ શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે આચાર્ય બી. એમ. પીરઝાદાએ રજૂ કરેલો ઉપરનો સુધારો નં. ૧ ઊડી ગયા પછી શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કરેલો આ સુધારો નં. ૨ ટકી શકે ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂન બહાર ઠરે છે.

તે પછી શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલવામાં આવે. તેને શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ ટેકો આપ્યો.

તે પછી રવિવાર, તા. ૩૦-૩-૧૯૬૯ના રોજ સભાનું કામકાજ બંધ કરવામાં આવ્યું અને સોમવાર, તા. ૩૧-૩-૧૯૬૯ના રોજ સભા ફરીથી મળતાં બાકી પરનું બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ કુલપતિશ્રીને વિનંતી કરી કે પોતે આગલે દિવસે રજૂ કરેલો ઉપરનો સુધારો નં. ૨ કાનૂનબહાર ઠરાવ્યાના નિર્ણય પર કુલપતિશ્રીએ પુનર્વિચારણા કરવી.

કુલપતિશ્રીએ જણાવ્યું કે શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીની પુનર્વિચારણા કરવાની વિનંતી મંજૂર રાખી શકાય તેમ નથી.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સિન્ડિકેટે સદરહુ કૉલેજના જોડાણની બાબતમાં વધુ તપાસ કરીને તા. ૬/૭-૩-૧૯૬૯ના રોજ પોતાનો જે રિપોર્ટ કર્યો છે તે અંગે એકેડેમિક કાઉન્સિલની સાથે મસલત કરવામાં આવી નથી તે જોતાં સદરહુ બાબત કાનૂનસર ગણી શકાય ખરી ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતા જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર છે.

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ કૉલેજના સંચાલનના ખર્ચની બાબતમાં આર્થિક ક્ષમતા અંગે સિન્ડિકેટે પોતાનો રિપોર્ટ આપેલો નથી તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનબહાર ગણી શકાય નહીં.

તે પછી શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ સભાગૃહની સંમતિથી પોતાનો રેફરન્સ બૅંકનો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો.

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત અંગે ઘટતી ચર્ચાવિચારણા કરવા માટે સેનેટની આ સભાને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે. તે માટે કુલપતિશ્રીએ પરવાનગી પણ આપી, પરંતુ તે પ્રસ્તાવના સમર્થનમાં ફક્ત ૧૨ સભ્યો ઊભા થયેલા હોઈ શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ રજૂ કરેલો સદરહુ પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ ચર્ચાવિચારણા માટે રજૂ થઈ શકયો નહીં.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૭ રજૂ કરવા માટે હો. ય. યુ. નાયકે નોટિસ આપી હતી :

મૂળ ઠરાવને અંતે નીચેનો ભાગ ઉમેરવો :

"જો ચાલુ કૉલેજનું વિભાગીકરણ ન થાય તો એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી અને ચાલુ કૉલેજને અનુલક્ષીને જરૂરી શરતોનું પરિપાલન થયેથી સદરહુ (ચાલુ તેમ જ વધારાના) અભ્યાસક્રમો તેમાં જણાવેલા સમય સુધી શીખવવા માટે સદરહુ વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો નં. ૭ હો. ય. યુ. નાયકે સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો તેથી તે પરત્વે કશું વિચારવાનું રહ્યું નહીં.

તે પછી શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછી મોકલવામાં આવે. તેને આચાર્ય ગિરીશભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે પ વિરુદ્ધ ૭૬ મતે ઊડી ગયો.

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ ગુપ્ત મતદાનની માંગણી કરી. તે ઉપરથી કુલપતિશ્રીએ નીચે જણાવેલ સભ્યોની ચકાસણીદાર (tellers) તરીકે નિમણૂક કરી :

(૧) શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદી
(૨) આચાર્ય જે. બી. સાણ્ડેસરા
(૩) આચાર્ય ગિરીશભાઈ પટેલ
(૪) પ્રો. વિનોદભાઈ અધ્વર્યુ.

તે પછી ચકાસણીદારોના રિપોર્ટ પરથી ગુપ્ત મતદાનનું પરિણામ નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

તરફેણમાં ૬૪ મત
વિરુદ્ધમાં ૭૯ મત, અને
૭ મત નિરર્થક (invalid).

આથી રીકર બૅકનો શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીનો પ્રસ્તાવ ઊડી ગયો.

તે પછી આચાર્ય એમ. સી. શાહે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવનાં તે ૭૪ વિરુદ્ધ ૮ મતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે ગુપ્ત મતદાનની માંગણી કરી. તે ઉપરથી કુલપતિશ્રીએ નીચે જણાવેલ સભ્યોની ચકાસણીદાર (tellers) તરીકે નિમણૂક કરી :

(૧) આચાર્ય એમ. સી. દેસાઈ
(૨) શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરી

(૩) આચાર્ય દર્શનસિંગ શીખ
(૪) આચાર્ય બી. એમ. પીરઝાદા.

તે પછી ચકાસણીદારોના રિપોર્ટ પરથી ગુપ્ત મતદાનનું પરિણામ નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

તરફેણમાં ૮૦ મત,
વિરુદ્ધમાં ૩૧ મત, અને
૩ મત નિરર્થક (invalid).

આથી આચાર્ય એમ. સી. શાહે રજૂ કરેલો મૂળ પ્રસ્તાવ બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૬. સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૯થી (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ, અને (૨) સી. યુ. શાહ, કૉમર્સ કૉલેજ, અમદાવાદ —એમ વિભાગીકરણ કરવા તથા (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન માટે જૂન ૧૯૭૦ સુધી મળેલ જોડાણ ચાલુ રાખવા; તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનનું વધારાનું જોડાણ; તથા (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

[અરજીની, સ્થાનિક તપાસસમિતિની, તથા સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ને અનુલક્ષીને જે તે કૉલેજ/કૉલેજોની જરૂરિયાત તથા તે ચલાવવા માટેની આર્થિક જવાબદારી અંગે પ્રત્યેક સંસ્થાની ક્ષમતા અને અન્ય સંબંધક બાબતો પરત્વે વધુ તપાસ કરીને (૧) અમદાવાદ શહેર વિસ્તાર, અને (૨) ગ્રામ્ય વિસ્તાર —એમ બેઉ વિસ્તારોને અનુલક્ષીને પોતાના અલગ અલગ અહેવાલો આપવા માટે નીમેલી સમિતિના (આચાર્ય ડી. એમ. શીખ તથા આચાર્ય એમ. સી. શાહની અસંમતિની નોંધો સાથે) અહેવાલની નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.]

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી બહુમતે ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેનું (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ; અને (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા; તથા (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરીકે બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું મળેલું જોડાણ ચાલુ રાખવા; તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા; તથા (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ

ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધી આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૨) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૩) અકાર્બનિક રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા તથા એક ડેમોન્સ્ટ્રેટર
(૪) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) ભૌતિક-રસાયણવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. સાયન્સ કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) કાર્યાલય માટેનો ખંડ
(૮) આચાર્યનો અલાયદો ખંડ
(૯) પીવાના પાણી માટેનો ખંડ
(૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિને માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય માટે રૂા. ૨,૦૦૦નો તથા ગૌણ વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૩૦,૦૦૦નો તથા પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતના મેદાન માટે યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
(૩) કૉમર્સના એક પ્રાધ્યાપક
(૪) વેપારી કાયદાના એક પ્રાધ્યાપક
(૫) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૬) ગ્રંથપાલ
(૭) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૮) કૉમર્સના ત્રણ વ્યાખ્યાતા
(૯) કૉમર્સના એક ટ્યૂટર
(૧૦) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
(૧૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૧૨) અંગ્રેજીના એક ટ્યૂટર
(૧૩) વ્યાયામ શિક્ષક;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના જુદા પ્રાધ્યાપક નીમવાની જરૂર નથી.)

૨. કૉમર્સ કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય
(૭) કાર્યાલય માટેનો ખંડ
(૮) આચાર્ય માટેનો અલાયદો ખંડ
(૯) પીવાના પાણી માટેનો ખંડ
(૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્ર—એ પ્રત્યેક વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતના મેદાનનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, અને સદરહુ કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ડી. એમ. શીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ; અને (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજોને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ડી. એમ. શીએ રજૂ કર્યો. તેને શ્રી. બકુભાઈ હ. દેસાઈ એ ટેકો આપ્યો. સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કરવા માટે ડૉ. ય. ગુ. નાયકે નોટિસ આપી હતી :

"મૂળ ઠરાવને અંતે નીચેનો ભાગ ઉમેરવો :

"જો ચાલુ કૉલેજનું વિભાગીકરણ ન થાય તો ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી અને ચાલુ કૉલેજને અનુલક્ષીને જરૂરી શરતોનું પરિપાલન થયેથી સદરહુ (ચાલુ તેમ જ વધારાના) અભ્યાસક્રમો તેમાં જણાવેલા સમય સુધી શીખવવા માટે સદરહુ સી. યુ. શાહ સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો ડૉ. ય. ગુ. નાયકને બદલે આચાર્ય એમ. એસ. પંડિતે રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ આચાર્ય એમ. એસ. પંડિતે સદરહુ સુધારો સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો, તેથી તે પરત્વે વિશેષ વિચારવાપણું રહ્યું નહીં.

તે પછી આચાર્ય ડો. એમ. શીખે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૭. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ એજ્યુકેશન કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિંદીના અભ્યાસક્રમો તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે આવેલ જોડાણ માટેની અરજી સેનેટની તા. ૨૧/૨૨-૧-૧૯૬૯ની સભાએ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલી હોઈ તે પર સિન્ડિકેટની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભાના રિપોર્ટને અનુલક્ષીને સદરહુ બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

[અરજીની, સ્થાનિક તપાસસમિતિના અહેવાલની, તથા સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૩ને અનુલક્ષીને જે તે કૉલેજ/કૉલેજોની જરૂરિયાત તથા તે ચલાવવા માટેની આર્થિક જવાબદારી અંગે પ્રત્યેક સંસ્થાની ક્ષમતા અને અન્ય સંબંધક બાબતો પરત્વે વધુ તપાસ કરીને (૧) અમદાવાદ શહેર વિસ્તાર, અને (૨) ગ્રામ્ય વિસ્તાર—એમ બેઉ વિસ્તારોને અનુલક્ષીને પોતાના અલગ અલગ અહેવાલો આપવા માટે નીમેલી સમિતિના (આચાર્ય ડો. એમ. શીખ તથા આચાર્ય એમ. સી. શાહની અસંમતિની નોંધો સાથે) અહેવાલની નકલ પરિશિષ્ટ "ઞ" તરીકે સામેલ છે.]

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર વિનયન અને શિક્ષણની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિન્દી તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિન્દીના એક વ્યાખ્યાતા
(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) તર્કશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૯) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૦) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૧૧) બે પ્રાધ્યાપકો (જે પૈકી એક પ્રાધ્યાપક, જો આચાર્ય વિનયનના વિષયના હોય તો, શિક્ષણશાસ્ત્રની શાખાના ચાર્જમાં હોય.)
(૧૨) ચાર વ્યાખ્યાતાઓ (શિક્ષણશાસ્ત્રના શિક્ષણ માટે)
(૧૩) 'ક્રન્ટેન્ટ' કોર્સ માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતાઓ
(૧૪) વ્યાયામશિક્ષક
(૧૫) ગ્રંથપાલ;

[નોંધ.—(૧) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.

(૨) ક્રમાંક (૧૧) થી (૧૩)માં દર્શાવેલ શિક્ષણશાખા માટેની નિમણૂકો એવી રીતે કરવામાં આવે કે જેથી જુદા જુદા વિષયની પદ્ધતિઓ અને વિશેષ ક્ષેત્રોના અભ્યાસ માટેની યોગ્ય લાયકાત નિભાવેલ શિક્ષકો ધરાવતા હોય]

૨. કૉલેજના મકાનમાં શિક્ષણના અભ્યાસક્રમ માટેની જુદી પાંખ બાંધી તેમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગરે સુવિધા સહિતનો.)
(૬) ચાર નાના ખંડો (જૂથકાર્ય માટે)
(૭) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ
(૮) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સમવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાંચનખંડો સહિત ગ્રંથાલય
(૯) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ
(૧૦) પીવાના પાણી માટેનો ખંડ
(૧૧) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. મે, ૧૯૭૨ સુધીમાં પૂરતી સમવડવાળું કૉલેજ માટેનું અલાયદું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ પાંચ વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. વિજ્ઞાનના શિક્ષકો માટે નાની પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૫. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી ખરીદવા માટે રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૭. ગ્રંથાલય માટે વિનયન તથા શિક્ષણની પ્રત્યેક શાખા દીઠ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	... રૂા. ૧,૦૦૦;

૮. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૧૦. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૧. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૨. કૉલેજના સંચાલનમાં જે ખામી જણાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૩. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અરકામત છે તેનું શ્રી ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આવશ્યક રહેશે."

સિન્ડિકેટની તા. ૧૪-૧૨-૧૯૬૮ની સભાનો રિપોર્ટ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

"શરત ક્રમાંક (૩) નીચે પ્રમાણે સુધારવી :

'(૩) અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે.'

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શક્યું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચનો ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]"

સિન્ડિકેટની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભાનો રિપોર્ટ

"સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, અને સદરહુ કૉલેજને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવાની બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણોમાંની શરત ક્રમાંક ૧, ૨ અને ૭ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને જોડાણ આપવા સિન્ડિકેટ વધુમતે સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) એક પ્રાધ્યાપક
(૩) ચાર વ્યાખ્યાતા
(૪) 'કન્ટેન્ટ કોર્સ' માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતાઓ
(૫) ગ્રંથપાલ;

[નોંધ.—આ નિમણૂક એ રીતે કરવામાં આવે કે જેથી જુદા જુદા વિષયની પદ્ધતિઓ (Methods) અને વિશેષ ક્ષેત્રોના અભ્યાસક્રમ (Special fields of studies) માટેની યોગ્ય લાયકાત નિમાયેલા શિક્ષકો ધરાવતા હોય.]

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) ચાર નાના ખંડો (જૂથકાર્યો માટે)
(૭) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ
(૮) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૯) આચાર્ય માટેનો ખંડ
(૧૦) પીવાના પાણી માટેનો ખંડ
(૧૧) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે:

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦."

(**નોંધ.**—સદરહુ કૉલેજે વિનયન વિદ્યાશાખાના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણુઅરજી પાછી ખેંચી લીધેલી છે.)

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય **વી. એસ. વણીકરે** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર એજ્યુકેશન કૉલેજના જોડાણુ અંગેના સિન્ડિકેટના રિપોર્ટો સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણુમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી બી.એડ.નો અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણુ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણુ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય વી. એસ. વણીકરે રજૂ કર્યો. તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૧ રજૂ કરવા માટે આચાર્ય એચ. પી. પંડ્યાએ નોટિસ આપી હતી:

(**નોંધ.**—સદરહુ સુધારામાં 'આચાર્ય વી. એસ. વણીકર'નો એ શબ્દોને બદલે 'આચાર્ય આઈ. જે. ધ્રુવ'નો એ શબ્દોને શાબ્દિક સુધારા તરીકે ગણવાનું કુલપતિશ્રીએ મંજૂર કર્યું હતું.)

"આચાર્ય આઈ. જે. ધ્રુવનો પ્રસ્તાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો:

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજના જોડાણુ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે

છે તથા ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણમાં પેરા ૧માં 'હિંદી' શબ્દ પછી આવતા 'ભલામણ કરવી' સુધીના શબ્દો રદ કરવા તથા તેને સ્થાને નીચે પ્રમાણે ઉમેરવું :

"……નું તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧-૬-૧૯૬૯થી તા. ૩૧-૫-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

—અને ઉપરની ઍકૅડેમિક કાઉન્સિલની સુધારેલી ભલામણમાં સૂચવેલ તથા સિન્ડિકેટે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો નં. ૧ આચાર્ય એચ. પી. પંડ્યાને બદલે પ્રો. એમ. પી. પંડ્યાએ રજૂ કર્યો. તેને આચાર્ય દર્શનસિંગ શીખે ટેકો આપ્યો.

સદરહુ સુધારા નં. ૧ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૨ રજૂ કરવા માટે શ્રી. રણજિતરાય મં. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

ઠરાવમાં બીજી લીટીમાં સિન્ડિકેટના……પછીના શબ્દો રદ કરી નીચેના શબ્દો ઉમેરવા :

"……રિપોર્ટો જે વધુમતે છે તેની નોંધ લે છે. ગઈ સેનેટની સભાએ વિવેકાનંદ ફાઉન્ડેશનના આર્થિક પાસાની ચકાસણી તેમ જ અન્ય મુદ્દાઓની ચોકસાઈના હેતુથી આ ફાઉન્ડેશને માંગેલાં કેટલીક કૉલેજોની માગણીઓના પ્રશ્નો સિન્ડિકેટને રીફર બૅક કર્યા પછી જે કાર્યવાહી થઈ છે તેના અહેવાલો જોતાં સદરહુ કૉલેજને જોડાણ ન આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે. આમ છતાં ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ ૩૩ને અનુલક્ષીને સિન્ડિકેટ આ કૉલેજ માટે વિગતે સ્પષ્ટતા કરતો રિપોર્ટ કરે તે માટે સિન્ડિકેટ સમક્ષ આ પ્રકરણ પરત મોકલવા ઠરાવે છે."

અને તે રીતે સુધારેલો ઠરાવ નીચે મુજબ વંચાશે :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર એજ્યુકેશન કૉલેજના જોડાણ અંગેના સિન્ડિકેટના રિપોર્ટો જે વધુમતે છે તેની નોંધ લે છે. ગઈ સેનેટની સભાએ વિવેકાનંદ ફાઉન્ડેશનના આર્થિક પાસાની ચકાસણી તેમ જ અન્ય મુદ્દાઓની ચોકસાઈના હેતુથી આ ફાઉન્ડેશને માગેલી કેટલીક કૉલેજોની માંગણીઓના પ્રશ્નો સિન્ડિકેટને રીફર બૅક કર્યા પછી જે કાર્યવાહી થઈ છે તેના અહેવાલો જોતાં સદરહુ કૉલેજને જોડાણ ન આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે. આમ છતાં ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ ૩૩ને અનુલક્ષીને સિન્ડિકેટ આ કૉલેજ માટે વિગતે સ્પષ્ટતા કરતો રિપોર્ટ કરે તે માટે સિન્ડિકેટ સમક્ષ આ પ્રકરણ પરત મોકલવા ઠરાવે છે."

ઉપરનો સુધારો નં. ૨ શ્રી. રણજિતરાય મં. શાસ્ત્રીએ રજૂ કર્યો. તેને શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ ટેકો આપ્યો.

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ કૉલેજના સંચાલનની બાબતમાં આર્થિક ક્ષમતા અંગે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧) મુજબ ઍકેડેમિક કાઉન્સિલને પણ સંતોષ થવો આવશ્યક ગણાય છે અને તે અંગે ઍકેડેમિક કાઉન્સિલે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરેલો નથી તે જોતાં સદરહુ બાબત કાનૂનસર ગણાય ખરી ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે અગાઉ બાબત નં. ૬૫માં તેઓશ્રીએ આ પ્રશ્ન અંગે ચુકાદો આપેલો છે તે અહીં પણ લાગુ પડે છે, તેથી સદરહુ બાબત કાનૂન બહાર ગણી શકાય નહીં.

તે પછી આચાર્ય એચ. સી. પરીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારામાં બે વિકલ્પો સૂચવ્યા છે તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂનસર ગણી શકાય તેમ નથી.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૩ રજૂ કરવા માટે પ્રો. વિનોદભાઈ બી. અધ્વર્યુએ નોટિસ આપી હતી :

"ઠરાવ નં. ૬૭માંના 'સિન્ડિકેટના રિપોર્ટો.....'પછીના બધા શબ્દો રદ કરી તેને સ્થાને નીચેના શબ્દો ઉમેરવા :

"..... તથા સિન્ડિકેટે નીમેલી સમિતિઓના અહેવાલો જોઈ સેનેટની આ સભા ઠરાવે છે કે, આ સંસ્થાએ આ વર્ષે એકથી વધુ કૉલેજો માટે જોડાણો માંગેલાં હોઈ સંસ્થાનું આર્થિક ચિત્ર તેના ગત વર્ષના સરવૈયા સહિત—સભાને રૂબરૂ ઉપલબ્ધ ન હોવાથી તેમ જ સિન્ડિકેટે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ને અનુલક્ષીને તપાસ કરી રિપોર્ટ કરવા નીમેલી સમિતિના અહેવાલમાં કેળવણીની કૉલેજોની જરૂરિયાત વિષે વિગતવાર તપાસને અભાવે અભિપ્રાયની અસ્પષ્ટતા જોતાં સદરહુ કૉલેજને જોડાણ ન આપવાની રાજ્ય સરકારને વિનંતી કરે છે."

ઉપરનો સુધારો નં. ૩ પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહીં.

તે પછી પ્રો. એમ પી. પંડ્યાએ રજૂ કરેલા સુધારા નં. ૧ સાથેના આચાર્ય વી. એસ. વણીકરના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં, તે ૭૧ વિરુદ્ધ ૬ મતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી આચાર્ય બી. એમ. પીરઝાદાએ ગુપ્ત મતદાનની માગણી કરી. તે ઉપરથી કુલપતિશ્રીએ નીચે જણાવેલા સભ્યોની ચકાસણીદાર (tellers) તરીકે નિમણૂક કરી :

(૧) આચાર્ય જશભાઈ પટેલ
(૨) શ્રી સત્યેન્દ્રભાઈ કે. ઝવેરી
(૩) આચાર્ય દર્શનસિંગ શીખ
(૪) આચાર્ય રામપ્રસાદ શુકલ.

તે પછી ચકાસણીદારોના રિપોર્ટ પરથી ગુપ્ત મતદાનનું પરિણામ નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

તરફેણમાં ... ૭૯ મત,
વિરુદ્ધમાં ... ૨૨ મત, અને
૧ મત ... નિરર્થક (invalid).

આથી પ્રો. એમ. પી. પંડ્યાએ રજૂ કરેલા સુધારા નં. ૧ સાથેના આચાર્ય વી. એસ. વણીકરના મૂળ પ્રસ્તાવને વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ સભા મોકૂફીનો પ્રસ્તાવ રજૂ કરતાં જણાવ્યું કે આ સભા બીજે દિવસે, એટલે કે મંગળવાર, તા. ૧-૪-૧૯૬૯ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યા પર મોકૂફ રાખવામાં આવે. પરંતુ સભાગૃહનું વલણ જોતાં કુલપતિશ્રીએ સભાગૃહનું કામકાજ આગળ ચલાવવા માટે પરવાનગી આપી.

૬૮. બયતુલમાલ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, ફારસી, અરેબિક, સંસ્કૃત, ઇતિહાસ, આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

[અરજીની, સ્થાનિક તપાસસમિતિના અહેવાલની, તથા સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૪ને અનુલક્ષીને જે તે કૉલેજ/કૉલેજોની જરૂરિયાત તથા તે ચલાવવા માટેની આર્થિક જવાબદારી અંગે પ્રત્યેક સંસ્થાની ક્ષમતા અને અન્ય સંબંધક બાબતો પરત્વે વધુ તપાસ કરીને (૧) અમદાવાદ શહેર વિસ્તાર; અને (૨) ગ્રામ્ય વિસ્તાર—એમ બેઉ વિસ્તારોને અનુલક્ષીને પોતાના અલગ અલગ અહેવાલો આપવા માટે નીમેલી સમિતિના (આચાર્ય ડી. એમ. શીખ તથા આચાર્ય એમ. સી. શાહની અસંમતિની નોંધો સાથે) અહેવાલની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.]

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે બયતુલમાલ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે કાલુપુર વિસ્તારમાં શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજ, શિક્ષકમંડળની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, ઉર્દૂ, ફારસી, અરેબિક, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિન્દીના એક વ્યાખ્યાતા
(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૬) ઉર્દૂના એક વ્યાખ્યાતા
(૭) ફારસીના એક વ્યાખ્યાતા

(૮) અરેબિકના એક વ્યાખ્યાતા

(૯) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૧૦) તર્કશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૧૧) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા

(૧૨) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૧૩) વાણિજ્યના એક વ્યાખ્યાતા

(૧૪) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

(૧૫) વ્યાયામશિક્ષક

(૧૬) ગ્રંથપાલ;

(**નોંધ.**—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે:

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)

(૬) પ્રત્યેક વિદ્યાશાખાનાં ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય;

(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

[**નોંધ.**—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જે કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો ... રૂા. ૧,૦૦૦;

૬. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસવાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. રૂા. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભાની નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં નવી કૉલેજોના જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે; પરંતુ સદરહુ કૉલેજ અંગેની અન્ય બાબતો પરત્વે સમિતિના અહેવાલના સંદર્ભમાં આ સભાગૃહ સર્વાનુમતે સેનેટને ભલામણ કરે છે કે સદરહુ કૉલેજને માટે માગવામાં આવેલું જોડાણ આપવું નહીં."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા બયતુલમાલ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને સદરહુ કૉલેજને માગેલું જોડાણ ન આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીને બદલે શ્રી. બટુભાઈ હ. દેસાઈએ રજૂ કર્યો. તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કરવા માટે પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ નોટિસ આપી હતી :

"સિન્ડિકેટનો રિપોર્ટ".....પછીના બધા શબ્દો રદ કરી તેમને સ્થાને નીચેના શબ્દો મૂકવા :

".....તથા સિન્ડિકેટે નીમેલી સમિતિઓના રિપોર્ટ ધ્યાનમાં લઈ સેનેટની આ સભા ઠરાવે છે કે નાણાકીય જોગવાઈ તથા જમીનની સગવડો વગેરેની આ સંસ્થા પાસે પૂરતી જોગવાઈ હોઈ, આ સંસ્થાએ માગેલું જોડાણ આપવા યોગ્ય કરે છે, અને તેથી સદરહુ કૉલેજને જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો પ્રો. વિનોદભાઈ અધ્વર્યુને બદલે શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને ડૉ. જે. જે. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારો અસ્પષ્ટ હોઈ તે કાનૂન બહાર નથી?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂન બહાર છે.

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ કૉલેજના જોડાણની બાબતમાં સિન્ડિકેટે વધુ તપાસ કરીને પોતાનો જે રિપોર્ટ તા. ૬-૩-૧૯૬૯ના રોજ આપ્યો તે રિપોર્ટ અંગે તેણે ઍકેડેમિક કાઉન્સિલની સાથે સલાહ કે મસલત કરી નથી અને સિન્ડિકેટનો રિપોર્ટ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણથી વિરુદ્ધ છે તે જોતાં સદરહુ બાબત કાનૂનસર ગણી શકાય ખરી?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ બાબત કાનૂન બહાર ગણી શકાય નહીં.

તે પછી શ્રી. બટુભાઈ હ. દેસાઈએ રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૯. સંત 'પુનિત' એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી સેનેટે તેની તા. ૨૧/૨૨-૧-૧૯૬૯ની સભાએ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલી હોઈ તે પરના

સિન્ડિકેટના તા. ૬/૯-૩-૧૯૬૯ની સભાના રિપોર્ટને અનુલક્ષીને સહરહુ બાબત ૫૨ વિચારણા કરવા બાબત.

[અરજીની, સ્થાનિક તપાસસમિતિના અહેવાલની તથા સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ને અનુલક્ષીને જે તે કૉલેજ/કૉલેજોની જરૂરિયાત તથા તે ચલાવવા માટેની આર્થિક જવાબદારી અંગે પ્રત્યેક સંસ્થાની ક્ષમતા અને અન્ય સંબંધક બાબતો પરત્વે વધુ તપાસ કરીને (૧) અમદાવાદ શહેર વિસ્તાર; અને (૨) ગ્રામ્ય વિસ્તાર—એમ બેઉ વિસ્તારોને અનુલક્ષીને પોતાના અલગ અલગ અહેવાલો આપવા માટે નીમેલી સમિતિના (આચાર્ય ડી. એમ. શીખ તથા આચાર્ય એમ. સી. શાહની અસંમતિની નોંધો સાથે) અહેવાલની નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.]

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સંત 'પુનિત' એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે મણિનગર વિસ્તારમાં શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, મનોવિજ્ઞાન, રાજ્યનીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિન્દીના એક વ્યાખ્યાતા
(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) તર્કશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૯) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૦) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૧) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૨) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૩) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૧૪) વ્યાયામશિક્ષક
(૧૫) ગ્રંથપાલ;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. મે ૧૯૭૨ સુધીમાં પૂરતી સગવડવાળું કૉલેજ માટેનું અલાયદું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ;

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	૧,૦૦૦;

૬. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે, તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અરકામત છે તેનું શ્રી. ચૉરટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

સિન્ડિકેટની તા. ૧૪-૧૨-૧૯૬૮ની સભાનો રિપોર્ટ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરતક્રમાંક (૪) નીચે પ્રમાણે સુધારવી :

'(૪) અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે.'

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]"

સિન્ડિકેટની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભાનો રિપોર્ટ

"સદરહુ ટ્રસ્ટે પોતાની જોડાણઅરજી તેના તા. ૨૪-૨-૧૯૬૯ના પત્રથી પાછી ખેંચી લીધેલ હોઈ તે પરત્વે વિશેષ વિચારવાપણું રહેતું નથી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. શાહે નોટિસ આપી હતી : "સદરહુ કૉલેજના જોડાણની બાબતમાં સિન્ડિકેટના ઉપરના રિપોર્ટની નોંધ લેવી."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો. તેને શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૦. ડીસા નગરપંચાયત, ડીસા તરફથી જૂન ૧૯૬૯થી ડીસા ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર અને ઇતિહાસના તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅન્કિંગ અને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ડીસા નગરપંચાયત, ડીસા તરફથી ડીસા ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેનાં શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર અને ઇતિહાસ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅન્કિંગ અને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા

(૪) હિન્દીના એક વ્યાખ્યાતા

(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા

(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૭) તર્કશાસ્ત્રના અને મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા

(૯) વાણિજ્યના એક વ્યાખ્યાતા

(૧૦) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

(૧૧) બૅંકિંગના એક વ્યાખ્યાતા

(૧૨) વ્યાયામ શિક્ષક

(૧૩) ગ્રંથપાલ;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યૂટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષક માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો, સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦;

૬. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. રૂપિયા ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે, તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અરકામત છે તેનું શ્રી. ચેરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરની બહારના ગુજરાત યુનિવર્સિટીના ઇતર વિસ્તારમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, અને વધુમતે ઠરાવે છે કે સદરહુ કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ડીસા નગરપંચાયત, ડીસા તરફથી ડીસા ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપલાન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો. તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કરવા માટે પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ નોટિસ આપી હતી :

"સિન્ડિકેટનો રિપોર્ટ"...પછીના બધા શબ્દો રદ કરી ઉમેરો—

"તથા સિન્ડિકેટે નીમેલી સમિતિઓના અહેવાલો ધ્યાનમાં લઈ ઠરાવે છે કે સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં એસ.એસ.સી.માં પાસ થનાર વિદ્યાર્થીઓની સાવ નજીવી સંખ્યા જોતાં અને આ જ

જિલ્લામાં અત્યારે હયાત કૉલેજોની પરિસ્થિતિ જોતાં, અહીં નવી કૉલેજની જરૂરિયાત જણાતી ન હોવાથી આ કૉલેજોને જોડાણ ન આપવા રાજ્ય સરકારને વિનંતી કરે છે."

ઉપરનો સુધારો પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહીં.

તે પછી આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૧. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી ઈડર ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિંદીના અભ્યાસક્રમો; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી સેનેટની તા. ૨૧/૨૨-૧-૧૯૬૯ની સભાએ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલી હોઈ તે પર સિન્ડિકેટની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભાના રિપોર્ટને અનુલક્ષીને સદરહુ બાબત પર વિચારણા કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી ઈડર ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યનો કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિન્દીના અભ્યાસક્રમો, તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૩) હિંદીના એક વ્યાખ્યાતા

(૪) ગુજરાતીના એક વ્યાખ્યાતા

(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા

(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૭) તર્કશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા

(૯) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૧૦) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૧૧) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

(૧૨) વ્યાયામ શિક્ષક

(૧૩) ગ્રંથપાલ;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછા ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)

(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. મે, ૧૯૭૨ સુધીમાં પૂરતી સગવડવાળું કૉલેજ માટેનું અલાયદું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૬. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનનો જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખામી જણાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે, તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અરકામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટની તા. ૧૪-૧૨-૧૯૬૮ની સભાનો રિપોર્ટ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત ક્રમાંક (૩) નીચે પ્રમાણે સુધારવી :

'(૩) અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે.'

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]"

સિન્ડિકેટનો તા. ૬/૭-૩-૧૯૬૯ની સભાનો રિપોર્ટ

"સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરની બહારના ગુજરાત યુનિવર્સિટીના ૪તર વિસ્તારમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, અને વધુમતે ઠરાવે છે કે સદરહુ કૉલેજને જોડાણ આપવાની બાબતમાં એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી ૪૬૨ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભાનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ નીચેનો સુધારો નં. ૧ રજૂ કરવાની નોટિસ આપી હતી.

"ઠરાવમાં બીજી લીટીમાં...જોડાણ પછીના શબ્દો રદ કરવા અને નીચેના શબ્દો ઉમેરવા :

"...અંગેના સિન્ડિકેટના રિપોર્ટો જે વધુમતે છે તેની નોંધ લે છે. ગઈ સેનેટની સભાએ વિવેકાનંદ ફાઉન્ડેશનના આર્થિક પાસાની ચકાસણી તેમજ અન્ય મુદ્દાઓની ચોકસાઈના હેતુથી આ ફાઉન્ડેશને માગેલી કેટલીક કૉલેજોના પ્રશ્નો સિન્ડિકેટને રીફર બૅક કર્યા પછી જે કાર્યવાહી થઈ છે તે તેના અહેવાલો જોતાં સદરહુ કૉલેજને જોડાણ ન આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે. આમ છતાં ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ ૬૭ને અનુલક્ષીને સિન્ડિકેટ આ કૉલેજ માટે વિગતે સ્પષ્ટતા કરતો રિપોર્ટ કરે તે માટે સિન્ડિકેટ સમક્ષ આ પ્રકરણ પરત મોકલવા ઠરાવે છે."

આ રીતે સુધારેલો ઠરાવ નીચે મુજબ વંચાશે :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી ૪૬૨ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના જોડાણ અંગેના સિન્ડિકેટના રિપોર્ટો જે વધુમતે છે તેની નોંધ લે છે. ગઈ સેનેટની સભાએ વિવેકાનંદ ફાઉન્ડેશનના આર્થિક પાસાની ચકાસણી તેમજ અન્ય મુદ્દાઓની ચોકસાઈના હેતુથી આ ફાઉન્ડેશને માગેલી કેટલીક કૉલેજોના પ્રશ્નો સિન્ડિકેટને રીફર બૅક કર્યા પછી જે કાર્યવાહી થઈ છે તેના અહેવાલો જોતાં સદરહુ કૉલેજને જોડાણ ન આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે. આમ છતાં ગુજરાત યુનિવર્સિટી

એક્ટની કલમ ૩૩ને અનુલક્ષીને સિન્ડિકેટ આ કૉલેજ માટે વિગતે સ્પષ્ટતા કરતો રિપોર્ટ કરે તે માટે સિન્ડિકેટ સમક્ષ આ પ્રકરણ પરત મોકલવા ઠરાવે છે.

ઉપરનો સુધારો શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય રામપ્રસાદભાઈ શુક્લે ટેકો આપ્યો.

તે પર પ્રો. રમેશભાઈ ભટ્ટે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે પ્રસ્તુત કૉલેજના મકાનનું પ્રદાન આંજણા પાટીદાર કેળવણી મંડળે 'તેમની કોમના વીસ ટકા વિદ્યાર્થીઓને માટે જગ્યાઓ કૉલેજમાં અનામત રાખવામાં આવે' તે શરતે કરવાનું જણાવેલ છે. તે જોતાં સદરહુ કૉલેજને જોડાણ અંગેનો મંજૂર પ્રસ્તાવ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૬ના સંદર્ભમાં કાનૂનસર ગણાય ખરો?

સદરહુ કાનૂની મુદ્દા પર અધ્યક્ષશ્રી ચુકાદો આપે તે પહેલાં શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ સભા મોકૂફીનો પ્રસ્તાવ રજૂ કર્યો કે સેનેટની આ વાર્ષિક સભા બીજે દિવસે એટલે કે તા. ૧-૪-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યા પર મોકૂફ રાખવામાં આવે, તેને પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ ટેકો આપ્યો.

શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીના સદરહુ સભા-મોકૂફીના પ્રસ્તાવ પર શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રીએ સુધારો રજૂ કર્યો કે સેનેટની આ વાર્ષિક સભા મંગળવાર, તા. ૧-૪-૧૯૬૯ને બદલે શુક્રવાર તા. ૪-૪-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યા પર મોકૂફ રાખવામાં આવે. સદરહુ સુધારાને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પછી શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીના સુધારા સાથેના શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીના સભા-મોકૂફીના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

આમ સેનેટની વાર્ષિક સભા શુક્રવાર તા. ૪-૪-૧૯૬૯ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યા પર મોકૂફ રાખવામાં આવી.

તે પછી શુક્રવાર, તા. ૪-૪-૧૯૬૯ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે સભા મળતાં આગળનું કામકાજ હાથ ધરવામાં આવ્યું અને પ્રો. રમેશભાઈ ભટ્ટના કાનૂની મુદ્દા ઉપર ચુકાદો આપતાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સદરહુ કાનૂની મુદ્દો સાચો છે અને તેથી પ્રસ્તુત કૉલેજના જોડાણ અંગેની કાર્યવાહી કાનૂનસર ગણી શકાય નહીં.

સદરહુ પ્રસ્તાવ પર પ્રો. વિનોદભાઈ બી. અધ્વર્યુએ નીચેનો સુધારો નં. ૨ રજૂ કરવાની નોટિસ આપી હતી :

> "સિન્ડિકેટને તા. ૬/૭-૩-૧૯૬૯ની સભાનો રિપોર્ટ ...પછીના બધા શબ્દો રદ કરી ઉમેરો :
>
> "...તથા સિન્ડિકેટે નીમેલી સમિતિઓના અહેવાલો ધ્યાનમાં લઈ ઠરાવે છે કે આ સંસ્થાએ એક કરતાં વધુ કૉલેજો માટે જોડાણ માગ્યાં છે. તે સંદર્ભમાં સંસ્થાનું આર્થિક ચિત્ર, ગત વર્ષના સંસ્થાના હિસાબોના સરવૈયા સહિત સભા સમક્ષ સ્પષ્ટરૂપે ઉપલબ્ધ ન હોઈ અને તપાસસમિતિના અહેવાલમાં આર્થિક બાબતના ઉલ્લેખમાં આ ચિંતા આવશ્યક હોઈ, તથા આ જિલ્લામાં(આ વિસ્તારમાં)થી એસ.એસ.સી.માં પાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા અને વિસ્તારમાંની (જિલ્લામાંની) પ્રવર્તમાન કૉલેજોમાંની વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં નવી કૉલેજ અનાવશ્યક હોઈ, આ કૉલેજને જોડાણ ન આપવા રાજ્ય સરકારને વિનંતી કરે છે.

આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કરેલો મૂળ પ્રસ્તાવ કાનૂન બહાર ઠર્યો હોવાથી પ્રો. વિનોદભાઈ બી. અધ્વર્યુના સુધારા ન. ૨ને રજૂ કરવા માટે અવકાશ રહ્યો નહોતો.

૭૨. શ્રી. શારદા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર કૉમર્સ એન્ડ એજ્યુકેશન કૉલેજમાં પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે શ્રી શારદા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી ઉસ્માનપુરા વિસ્તારમાં અમદાવાદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧-૬-૧૯૬૯થી તા. ૩૧-૫-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) એક પ્રાધ્યાપક

(૩) ચાર વ્યાખ્યાતા

(૪) 'કન્ટેન્ટ' કોર્સ માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતાઓ

[**નોંધ.**—આ નિમણૂક એ રીતે કરવામાં આવે કે જેથી જુદા જુદા વિષયની પદ્ધતિઓ (methods) અને વિશેષ ક્ષેત્રોનો અભ્યાસક્રમ (studies of special fields) માટેની યોગ્ય લાયકાત નિમાયેલ શિક્ષકો ધરાવતા હોય.]

(૫) ગ્રંથપાલ;

૨. શિક્ષણની કૉલેજના અલાયદા મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન રૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) ચાર નાના ખંડો (જૂથકાર્ય માટે)

(૭) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ

(૮) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૯) આચાર્ય માટેનો ખંડ

(૧૦) પીવાના પાણી માટેનો ખંડ

(૧૧) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

[**નોંધ.**—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. વિજ્ઞાનના શિક્ષકો માટે નાની પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૫. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી ખરીદવા માટે રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૭. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	... રૂા. ૧,૦૦૦;

૮. ઓછામાં ઓછી ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૧૦. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૧. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૨ કૉલેજના સંચાલનમાં જે ખામી જણાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૩. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અરકામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્રક આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૧૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, પરંતુ સદરહુ કૉલેજ અંગે અન્ય બાબતો પરત્વે સમિતિના અહેવાલના સંદર્ભમાં આ સભાગૃહ સર્વાનુમતે સેનેટને ભલામણ કરે છે કે સદરહુ કૉલેજને માટે માગવામાં આવેલું જોડાણ આપવું નહીં."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી શારદા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર એજ્યુકેશનની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને સદરહુ કૉલેજને માગેલું જોડાણ ન આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૩. શ્રીરામ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે જૂન ૧૯૬૯થી શરૂ કરાનાર કૉમર્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે શ્રીરામ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે કાલુપુર વિસ્તારમાં શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિંદીના એક વ્યાખ્યાતા
(૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૭) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૮) બૅંકિંગના એક વ્યાખ્યાતા
(૯) વ્યાયામશિક્ષક
(૧૦) ગ્રંથપાલ;

(**નોંધ.**—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના વ્યાખ્યાતા નિયુક્ત કરવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

[**નોંધ.**—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ વધતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	... રૂા. ૧,૦૦૦;

૬. ઓછામાં ઓછી ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવઈ કરવામાં આવે જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે, તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, અને વધુમતે ઠરાવે છે કે સદરહુ કૉલેજના જોડાણની બાબતમાં ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચેના સુધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત નં. ૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

"સદરહુ કૉલેજ પાસેના મકાન ઉપર કૉલેજના વિકાસ માટે ૧૯૬૯-૭૦ના વર્ષમાં માળ બાંધવા માટેની ક્ષમતાની ખાતરી કરવામાં આવે અને કૉલેજના તાત્કાલિક ઉપયોગ માટે સ્થાનિક તપાસસમિતિને જે મકાન બતાવવામાં આવ્યું હતું તે મકાનમાં જરૂરી ફેરફાર કરીને ઓછામાં ઓછી

નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણ મુજબ કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો.)

(૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ આઠ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) આચાર્યનો અલાયદો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. શાહે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રીરામ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર કૉમર્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૧ રજૂ કરવા માટે શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

"ઠરાવમાં બીજી લીટીમાં "સિન્ડિકેટનો"...પછીના શબ્દો રદ કરી નીચેના શબ્દો ઉમેરવા :

"રિપોર્ટ જે વધુમતે થયેલ છે તેની નોંધ લે છે. આ અંગે જે કાર્યવાહી સિન્ડિકેટે નીમેલી સમિતિઓએ કરેલી છે તેના અહેવાલો જોતાં સદરહુ કૉલેજને માગેલું જોડાણ ના આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આથી સુધારેલો ઠરાવ નીચે મુજબ વંચાશે :

"આથી સેનેટની આ સભા શ્રી.રામ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર કૉમર્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ જે વધુમતે થયેલ છે તેની

નોંધ લે છે. આ અંગે જે કાર્યવાહી સિન્ડિકેટે નીમેલી સમિતિઓએ કરેલી છે તેના અહેવાલો જોતાં સદરહુ કૉલેજને માગેલું જોડાણ ન આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો નં. ૧ શ્રી. રણજિતરામ શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ ટેકો આપ્યો.

તે પછી શ્રી. ઇન્દ્રવદનભાઈ નાણાવટીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારો મૂળ પ્રસ્તાવને નકારે (negate) છે તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો નં. ૧ કાનૂન બહાર છે.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. ૨ રજૂ કરવા માટે પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ નોટિસ આપી હતી :

"સિન્ડિકેટનો રિપોર્ટ.....એ શબ્દો પછીના બધા શબ્દો રદ કરીને ઉમેરો :

.....તથા સિન્ડિકેટે નીમેલી અન્ય સમિતિઓના રિપોર્ટો ધ્યાનમાં લઈ ઠરાવે છે કે સૂચિત કૉલેજ, જે વિસ્તારમાં અને જે મકાનમાં શરૂ થવાનું સૂચન છે તે કૉલેજ માટે પાત્ર લાગતા નથી, તે જોતાં આ કૉલેજને જોડાણ ન આપવા રાજ્ય સરકારને વિનંતી કરે છે."

ઉપરનો સુધારો નં. ૨ પ્રો. વિનોદભાઈ અધ્વર્યુએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહી તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહીં.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ કૉલેજના જોડાણની બાબતમાં કૉલેજના મકાનની શરત એ મુખ્ય શરત ગણાય અને તે અંગે જોડાણ અરજી કરતી વખતે ઍકેડેમિક કાઉન્સિલને તેમ જ સિન્ડિકેટને એમ બેઉને સંતોષ થવો આવશ્યક છે, તે આ કેસમાં થયું જણાતું નથી, તે જોતાં સદરહુ બાબત કાનૂનસર ગણાય ખરી ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂન બહાર ઠરાવી શકાય નહીં.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે બીજો કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવમાં સિન્ડિકેટને સંતોષ થાય એ શબ્દો જોતાં તથા ઍકેડેમિક કાઉન્સિલને પોતાની તે અંગેની ફરજ બીજા કોઈ સત્તામંડળોને સોંપવાની સત્તા નથી તે જોતાં સદરહુ પ્રસ્તાવ કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂન બહાર ઠરાવી શકાય નહીં.

તે પછી આચાર્ય એમ. સી. શાહે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદીએ ગુપ્ત મતદાનની માગણી કરી. તે ઉપરથી કુલપતિશ્રીએ નીચે જણાવેલા સભ્યોની ચકાસણીદાર (tellers) તરીકે નિમણૂક કરી :

(૧) પ્રો. વિનોદભાઈ અધ્વર્યુ
(૨) આચાર્ય એન. એસ. પંડ્યા
(૩) શ્રી. પંકજભાઈ શેઠ
(૪) આચાર્ય દયાશંકર જોશી.

તે પછી ચકાસણીદારોના રિપોર્ટ પરથી ગુપ્ત મતદાનનું પરિણામ નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

તરફેણમાં ૪૯ મત,
વિરુદ્ધમાં ૪૧ મત, અને
૨ મત નિરર્થક (invalid).

આથી આચાર્ય એમ. સી. શાહે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવને બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૪. નીચે જણાવેલ કૉલેજોના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ (૩૩)ની પેટાકલમ (૨) તથા (૪) પ્રમાણે તે ઉપર શ્રી. કુલસચિવે લીધેલાં પગલાં બાબત મજકૂર ધારાની પેટાકલમ (૫) મુજબ શ્રી. કુલસચિવે કરેલ રિપોર્ટ (જાણ સારુ):

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૧)	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	(૧) બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર તથા ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ (૨) બી.એ.(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
(૨)	એમ. એન. કૉલેજ, વીસનગર	...	બી.એસસી.(રૂપે.)માં પ્રાણીવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
(૩)	બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર	...	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત; તથા બી.એ.(સબો.)માં હિન્દી, ઇતિહાસ, રાજ્યતંત્ર, તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.-(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલું જોડાણ.
(૪)	શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા	..	બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, મનોવિજ્ઞાન, ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
(૫)	શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	...	બી.એ. (સબો.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
(૬)	ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ	...	ફર્સ્ટ ઇયર બી.ઈ. (કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ.

કુલસચિવના સદરહુ રિપોર્ટની નોંધ લેવામાં આવી.

૭૫. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૭† અનુસાર તા. ૩૧મી માર્ચ ૧૯૬૮ના રોજ પૂરા થતા વર્ષનો સિન્ડિકેટ રજૂ કરેલ યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ.

સિન્ડિકેટ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

"તા. ૩૧મી માર્ચ ૧૯૬૮ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટે રજૂ કરેલા ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલની સેનેટની આ સભા નોંધ લે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીને બદલે આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને પ્રો. મણિશંકર પંડ્યાએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર કેટલીક ચર્ચાવિચારણા બાદ મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૬. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯(૬) અનુસાર રજૂ થતા ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૬-૬૭ના વર્ષના ઑડિટ થયેલા હિસાબો.

સિન્ડિકેટ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. શાહે નોટિસ આપી હતી :

"આ સભા ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૬-૬૭ના વર્ષના ઑડિટ થયેલા હિસાબોની નોંધ લે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને પ્રો. મણિશંકર પંડ્યાએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર કેટલીક ચર્ચાવિચારણા બાદ મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૭. ૧૯૬૭-૬૮ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે રજૂ થતો બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો અહેવાલ.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. એસ. કે ઝવેરીએ નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૬૭-૬૮ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલની નોંધ લે છે."

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

***G. U. Act, Section 50 :**

The Annual Report of the University shall be prepared under the direction of the Syndicate and shall be submitted to the Senate on or before such date as may be prescribed by the Statutes and shall be considered by the Senate at the annual meeting. The Senate may pass resolutions thereon and communicate the same to the Syndicate which may take such action as it thinks fit, and the Syndicate shall inform the Senate at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

† Statute 90 :

The Syndicate shall take all steps to have the Annual Report of the University prepared under its direction for submission to the Senate at least 8 weeks before the date fixed for the annual meeting of the Senate.

ઉપરનો પ્રસ્તાવ શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૮. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯§ તથા સ્ટે. ૮૯‡ અનુસાર સિન્ડિકેટે મંજૂર કરેલું ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૬૯-૭૦નું અંદાજપત્ર તથા સને ૧૯૬૮-૬૯નું પુનર્નિર્મિત અંદાજપત્ર.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. શાહે નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર સિન્ડિકેટે સેનેટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૬૯-૭૦ના અંદાજપત્ર તથા સને ૧૯૬૮-૬૯ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર સેનેટની આ સભાએ વિચારણા કરી છે, અને તેની નોંધ લે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર કેટલીક ચર્ચાવિચારણા બાદ મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી કુલપતિશ્રીએ સભાગૃહનું કામકાજ પૂરું થયેલું જાહેર કર્યું તેથી નીચેની બાકી રહેતી બાબતો વિચારણા માટે હાથ ધરી શકાઈ નહીં.

---

§G.U. Act., Section 49 :

(1) The annual accounts of the University shall be prepared under the direction of the Syndicate and shall be submitted to the State Government for audit.

(2) The Syndicate shall, after the accounts are audited, submit a copy thereof along with a copy of the Audit, to the Senate and to the State Government.

(3) The Syndicate shall also prepare, before such date as may be prescribed by the Statutes, the financial estimates for the ensuing year.

(4) The annual accounts and the financial estimates shall be considered by the Senate at its annual meeting and the Senate may pass resolution with reference thereto and communicate the same to the Syndicate which shall take them into consideration and take such action thereon as it thinks fit, and finally adopt the accounts and financial estimates. The Syndicate shall inform the Senate at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

‡Statute 89 :

The Syndicate shall prepare the financial estimates for the ensuing year at least eight weeks before the date fixed for the annual meeting of the Senate and shall send a copy of the financial estimates prepared by the Syndicate to all the members of the Senate so as to reach them eight weeks before the annual meeting of the Senate every year and the consideration of the budget shall be on item on the agenda of the annual meeting of the Senate.

૭૬. સિન્ડિકેટે સુધારેલા નીચેના ઑર્ડિનન્સો :

ઑર્ડિ. ૫૭-એ, ઑર્ડિ. ૧૨૦-એ, ઑર્ડિ. ૧૨૦-બી, ઑર્ડિ. ૧૨૯, ઑર્ડિ. ૧૩૬ અને ઑર્ડિ. ૨૫૬.

(સદરહુ સુધારેલા ઑર્ડિનન્સોની નકલ આ સાથે પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.)

૮૦. સ્ટે. ૪* નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ :

St. 4:

"1. All graduates of the University shall be entered in the Register of the Registered Graduates on their first graduation in the University, and shall pay a fee of Rs. 5/- cash for such registration which will hold good for five years beginning from the 1st of January of the following year in which they have taken the degree. The registration fee shall be paid along with the fees for admission to the first degree.

2. In addition, the following persons shall, on payment of Rs. 5/- be enrolled as Registered Graduates for a period of five years :

(*a*) All graduates of any Indian University established by law, whose mother-tongue is Gujarati, or who ordinarily reside in the University area.

(*b*) Graduates of the following Institutions whose mother-tongue is Gujarati, or who ordinarily reside in the University area :

(*i*) Gujarat Vidyapeeth, Ahmedabad
(*ii*) Maharashtra Tilak Vidyapeeth, Poona
(*iii*) Bihar Vidyapeeth, Patna
(*iv*) Vishwa Bharati, Shanti Niketan
(*v*) Jamia Millia, Delhi
(*vi*) Gurukul Vishva Vidyalaya, Kangadi

---

* સ્ટે. ૪ની નીચેની પેટાકલમ ૧(એ) અને (બી) હવે જરૂરી ન હોઈ રદ કરેલ છે :

"1. (*a*) Persons already registered during the years 1951, 1952, 1953 and 1954 shall be deemed to have been registered up to 31st December 1956, 1957, 1958 and 1959 respectively.

1. (*b*) Persons who have got themselves registered in the year 1955 either as fresh graduates or have got themselves re-registred as Registered Graduates shall be considered to have been enrolled up to 31st December 1960."

(*vii*) Kashi Vidyapeeth, Banaras

(*viii*) S.N.D.T. Women's University prior to its incorporation as a University established by law

(*ix*) All Licentiates Possessing Diploma of Licentiates from College of Physicians–Surgeons, Bombay.

(*c*) All graduates of any foreign University recognised by the Syndicate for the purpose, whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University area.

(*d*) In the Faculty of Ayurvedic Medicine, the following persons, whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University area.

G.F.A.M. Degree holders in the Faculty of Ayurvedic Medicine and Unani and Tibbi Systems of Medicine of the Bombay State.

3. (*a*) All graduates referred to in sub-clause 2(*a*), (*b*), (*c*) and (*d*), wishing to have their names enrolled on the register shall apply to the Registrar in the prescribed form.

(*b*) Any person desiring to get himself registered may send in an application with the necessary fees to the Registrar of the University at any time during the year before the 1st of December and his name shall be put on the roll of the Registered Graduates on the 1st of January of the following year :

4. All graduates referred to in sub-clause 2(*a*), (*b*), (*c*) and (*d*) shall produce, along with their application, evidence to the satisfaction of the Registrar of their having taken their degrees and shall produce a declaration made before a Magistrate or a J. P. or a Member of the Senate of the Gujarat University for the time being to the effect that their mother-tongue is Gujarati or that they ordinarily reside in Gujarat University area, as the case may be.

5. (*a*) When the roll is revised on the 31st of December every year, an announcement in the newspapers, selected by the Vice-Chancellor, shall be made in the first week of January that the rolls of the Registered Graduates are revised and if any corrections, omissions or wrong entries are brought to the notice

of the Vice-Chancellor before the 31st of January, the Vice-Chancellor shall have the power to correct the rolls accordingly and his decision in the matter shall be final.

(*b*) The roll so corrected up to 31st of January shall be used for any bye-election during the calendar year and it shall be the roll to be published under St. 8 (2) for the bye-elections during that year.

6. Registered Graduates shall notify in writting to the Registrar every change in their address.

7. The Register of Graduates mentioned above shall be revised every year on the 31st of December and published every five years.

8. All persons whose names are entered on the said Register of Graduates shall be entitled to vote at the election of the representatives of the registered graduates on the Senate in accordance with the Statutes framed in that behalf.

9. On the expiry of the period of registration, the registration can be continued for a further period of five years on applying in a prescribed form and paying a re-registration fee of Rs. 2/- only. The fee for re-registration should be paid before the 15th December of the year in which the registration expires. "

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ નોટિસ આપી હતી:

"૨૮. ૪ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

૮૧. સ્ટેચ્યૂટ ૭૮ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ :

Statute 78 :

(1) For the purpose of election of one of the Deans, by the Deans of the various Faculties from amongst themselves, as a member of the Syndicate as required by Section 19 (1) (iv), the Registrar shall invite nominations and shall hold the election in accordance with Statutes 158, 159 and 160.

(2) For the purpose of election of one member by the Heads of the University Departments from amongst themselves as members

of the Syndicate as required by Section 19 (1) (vi), the Registrar shall maintain an Electoral Roll of the Heads of the University Departments and the election shall be held in accordance with Statutes 158, 159 and 160.

(3) Similarly for the purpose of election by Principals of four members from amongst themselves as members of the Syndicate as required by section 19 (1) (vii), the Registrar shall maintain an Electoral Roll of Principals and the election shall be held on the day of a meeting of the Senate in accordance with Statutes 158, 159 and 160, provided that four Principals shall be elected by the Principals in such a manner that at least four Faculties shall be represented as shown by the order of rank according to votes secured amongst the candidates at the rate of one and only one representative per Faculty so as to fill up the four vacancies.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય વી. આર. રણદીવેએ નોટિસ આપી હતી:

"રૂ. ૭૮ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

૮૨. આચાર્ય સી એલ. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"આ સેનેટ સંબદ્ધ યુનિવર્સિટી સત્તામંડળને ભલામણ કરે છે કે રૂ. ૧૨૧-ડી નીચે પ્રમાણે સુધારવો:

"In the Ahmedabad City Area Post-graduate Instruction shall be imparted only in or on behalf of the University Departments in the subjects which are to be taught in them, or in the affiliated colleges where all facilities for Post-graduate instruction are available."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં અનુસ્નાતક શિક્ષણ માટેની વ્યવસ્થા અંગે પુનર્વિચારણા કરવાનો પ્રશ્ન યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ હોઈ સિન્ડિકેટ હાલને તબક્કે કશો અભિપ્રાય વ્યક્ત કરવા ઇચ્છતી નથી એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ પ્રસ્તાવ પર રો. એચ. જી. શાસ્ત્રીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી:

બીજી પંક્તિમાં "only" રદ કરી ચોથી પંક્તિમાં "colleges" પછી "recognised institutions" અને "instruction" પછી "in the subjects to be taught by them" ઉમેરવું.

સૂચિત સુધારાવાળો સ્ટે. ૧૨૧-ડી નીચે પ્રમાણે વંચાય :

In the Ahmedabad City Area Post-graduate Instruction shall be imparted in or on behalf of the University Departments in the subjects which are to be taught in them, or in the affiliated colleges or recognised institutions where all facilities for Post-graduate instruction in the subjects to be taught by them are available."

૮૩. સ્ટે. ૧૩૦-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ :

St. 130-B :

"A sum of Rs. 7,500/- shall be placed annually at the disposal of the Vice-Chancellor by way of sumptuary allowance.

"The Statute as amended above shall be deemed to be effective from 1st April, 1968."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની રો. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૩૦-બી ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

૮૪. સેનેટને તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની સભામાં સુધારેલ નીચેના સ્ટે. ૧૩૪ને કુલાધિપતિશ્રીએ સેનેટની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત:

(સદરહુ બાબત પરત્વે આવેલા કુલાધિપતિશ્રીના મંત્રીના તા. ૧૬-૧૦-૧૯૬૭ના પત્રાંક જી.એસ.૫૭૬૬/૬૮ની નકલ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

"The pay-scale of the Registrar shall be that of a University Professor and he shall, in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other whole-time employees of the University from time to time, provided, however, that with effect from the date on which the post of the Controller of Examinations is filled in, he shall cease to receive the examination allowance paid to the supervisory staff of the University.

He shall, in addition, be entitled to a rent-free furnished house including water and telephone facilities.

He shall also be entitled to the benefit of provident fund and gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time.

The provisions of this Statutes shall be deemed to take effect from 1-7-1967."

સિન્ડિકેટની ભલામણ

"ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે સેનેટે આ સ્ટેચ્યૂટ પૂરતી ચર્ચાવિચારણા પછી પસાર કરેલ હોઈ, તેમાં ફેરફાર કરવા માટે સિન્ડિકેટ ભલામણ કરતી નથી."

સિન્ડિકેટ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી**એ નોટિસ આપી હતી :

"આથી ઠરાવવામાં આવે છે કે સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની સભામાં સ્ટે. ૧૩૪નો જે પાઠ સુધારીને પસાર કર્યો છે તે પૂરતી ચર્ચાવિચારણા કર્યા પછી કરેલ છે, અને તેથી તે પર કુલાધિપતિશ્રીના આદેશને અનુલક્ષીને ફરીથી વિચારણા કર્યા પછી પણ તેમાં ફેરફાર કરવાનું સેનેટને યોગ્ય કે જરૂરી લાગતું નથી એમ કુલાધિપતિશ્રીને જણાવીને સદરહુ સુધારેલા સ્ટે. ૧૩૪ને પોતાની મંજૂરી આપવા માટે તેઓશ્રીને વિનંતી કરવામાં આવે."

૮૪. સદરહુ પ્રસ્તાવ પર **શ્રી. સત્યેન્દ્રભાઈ કા. ઝવેરી**એ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીના પ્રસ્તાવમાંની બીજી લીટીમાં આવતા "તે પૂરતી ચર્ચા-વિચારણા કર્યા પછી કરેલ છે, અને તેથી" એ શબ્દો રદ કરવા તથા ત્રીજી લીટીમાં આવતાં "ફરીથી વિચારણા કર્યા પછી પણ તેમાં ફેરફાર કરવો સેનેટને યોગ્ય જરૂરી લાગતું નથી." એ શબ્દો રદ કરવા તથા તેના સ્થાને "સદરહુ સ્ટેચ્યૂટ ૧૩૪ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો જરૂરી જણાય છે :

Statute 134 :

The pay-scale of the Registrar shall be Rs. 900-40-1300-50-1400 and he shall in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other full-time employees of the University from time to time.

He shall in addition, be entitled to a furnished bungalow including water and telephone facility and shall be charged therefore 10% of his basic pay per month.

He shall also be entitled to the benefit of provident fund and gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time. The provisions of this statute shall come into force from the date it as assented to by His Excellancy the chancellor."

એ ઉમેરવું; જેથી સુધારેલા પ્રસ્તાવનો પાઠ નીચે પ્રમાણે વંચાય :

"આથી ઠરાવવામાં આવે છે કે સેનેટે તેની તા. ૨૯/૩૦-૩-૬૮ની સભામાં સ્ટેચ્યૂટ ૧૩૪નો જે પાઠ સુધારીને પસાર કર્યો છે તે પર કુલાધિપતિશ્રીના આદેશને અનુલક્ષીને સદરહુ સ્ટેચ્યૂટ ૧૩૪

નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો જરૂરી જણાય છે એમ કુલાધિપતિશ્રીને જણાવીને સદરહુ સુધારેલા સ્ટેચ્યૂટ ૧૩૪ને પોતાની મંજૂરી આપવા માટે તેઓશ્રીને વિનંતી કરવામાં આવે."

Statute 134 :

"The pay scale of the Registrar shall be Rs. 900-40-1300-50-1400 and he shall in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other full-time employees of the University from time to time.

He shall in addition, be entitled to a furnished bungalow including water and telephone facility and shall be charged therefore 10% of the his basic pay per month.

He shall also be entitled to the benefit of provident fund and gratuity and such other benefits and at such rates are admissible to other whole-time employees of the University from time to time.

The provisions of this Statute shall come into force from the date it is assented to by His Excellency the Chancellor."

૮૫. શ્રી. બી. એમ. જાનીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા ઠરાવે છે કે સ્ટે. ૨૭૩માં પ્રી-યુનિ. વર્ગોમાં પ્રવેશ માટે જે જે વિદ્યાશાખાઓમાં Algebra-Geometryનો વિષય દર્શાવ્યો છે તેના વિકલ્પમાં 'or 70% marks in Elementary Mathematics' મૂકવામાં આવે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૮૬. શ્રી. એસ. કે. ઝવેરીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

નીચે પ્રમાણેનો નવો સ્ટેચ્યૂટ ઉમેરવા ભલામણ કરવામાં આવે છે :

"Employee or employees of the University shall have the privilege and right to ask for arbitration for redressing his or their grievances and/or settlement of disputes. Upon such request being made, the Syndicate shall suggest a panel of three persons from amongst the persons who have held or are holding judicial office. Out of the said panel, the employee or employees shall select one person who shall adjudicate upon the grievances and/or settle the disputes. The award or the decision given by him shall be final and binding the parties."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૮૭. ડૉ. ડી. એચ. સુતરિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

Resolution :

"The following new statute be framed :

New Statute :

All the teachers of the affiliated colleges and recognised institutions shall be paid D.A. according to the Government scale."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના શિક્ષકોના મોંઘવારી ભથ્થાનો નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવામાં આવ્યો છે તેની સેનેટને જાણ કરવી :

In addition to the minimum basic pay in the scales as mentioned above, the teachers in affiliated colleges and recognised institutions shall be paid Dearness Allowance at the rates of merged Dearness Allowance or unmerged Dearness Allowance, as the case may be, as may be laid down by the State Government from time to time for its employees, provided that it shall be competent for the Syndicate to decide the date or dates from which the rates of the Dearness Allowance, merged or unmerged, as the case may be, be payable to the teachers in affiliated colleges and recognised institutions."

૮૮. સર્વશ્રી (૧) પ્રા. રમેશ મ. ભટ્ટ, (૨) પ્રા. મણિશંકર પંડ્યા, (૩) પ્રા. વી. જે. ત્રિવેદી, (૪) પ્રા. કે. કા. શાસ્ત્રી, (૫) ડૉ. છોટુભાઈ ૨. નાયક, (૬) પ્રા. વિનોદ અધ્વર્યુ, (૭) શ્રી. દર્શનસિંગ બસન, (૮) પ્રા. હરિવદન ઉમિયાશંકર જોશી, (૯) પ્રા. હિંમતલાલ ચૂનીલાલ શુક્લ, (૧૦) પ્રા. પુરુષોત્તમ કુલાભાઈ પટેલ, (૧૧) શ્રી. હ. મ. દેસાઈ, (૧૨) શ્રી. મનહર શુક્લ, (૧૩) શ્રી. રમણલાલ વી. શાહ, (૧૪) શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી અને (૧૫) શ્રી. શનાલાલ મ. ઠક્કર સર્વેએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સિન્ડિકેટ જ્યારે સંલગ્ન કૉલેજોના અધ્યાપકોની નોકરીની શરતો સુધારી રહી છે ત્યારે, તેને લગતા નિયમોમાં, સમસ્ત શિક્ષણક્ષેત્રમાં પ્રવર્તે છે તે આપણી યુનિવર્સિટીમાં તેની સ્થાપના કાળથી ચાલુ છે તે અને યુનિવર્સિટીના પોતાના કર્મચારીઓને અને અધ્યાપકોને અપાય છે તે સરકારી ધોરણનું

મોંઘવારી ભથ્થું આપવાનું ચાલુ રાખવા માટે નવા નિયમો 'સરકારી ધોરણ' શબ્દનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાની આ સભા સિન્ડિકેટને પોતાની પૂરી નૈતિક સમજાવટ શક્તિથી મજબૂત ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના શિક્ષકોના મોંઘવારી ભથ્થાનો નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવામાં આવ્યો છે તેની સેનેટને જાણ કરવી :

In addition to the minimum basic pay in the scales as mentioned above, the teachers in affiliated colleges and recognised institutions shall be paid Dearness Allowance at the rates of merged Dearness Allowance or unmerged Dearness Allowance, as the case may be, as may be laid down by the State Government from time to time for its employees, provided that it shall be competent for the Syndicate to decide the date or dates from which the rates of the Dearness Allowance, merged or unmerged, as the case may be, be payable to the teachers in affiliated colleges and recognised institutions."

૮૯. પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી અપાતી શિષ્યવૃત્તિની માસિક રકમ રૂા. ૨૦૦થી વધારીને રૂા. ૨૫૦ રાખવા અંગે એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની નીચેની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮/૧૯-૨-૧૯૬૯ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી.નું સંશોધનકાર્ય કરતા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી અપાતી વીસ શિષ્યવૃત્તિઓની માસિક રકમ રૂા. ૨૦૦થી વધારીને રૂા. ૨૫૦ કરવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧/૨-૩-૧૯૬૯ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાનો ડો. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"પીએચ.ડી.નું સંશોધનકાર્ય કરતા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી અપાતી વીસ શિષ્યવૃત્તિઓની માસિક રકમ રૂા. ૨૦૦થી વધારીને રૂા. ૨૫૦ કરવાનો એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટનો ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

૯૦. સેનેટની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ના રોજ મળેલી વાર્ષિક સભામાં પસાર થયેલ નીચેના પ્રસ્તાવ પર પ્રકાશન વહીવટી સમિતિનો ઠરાવ અને સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ) :

સેનેટનો પ્રસ્તાવ

"ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક અહેવાલના પ્રકરણ ૮માંથી પાન ૪૮થી ૫૧ ઉપરની વિગતો જોતાં જણાય છે કે આપણી અત્યારની જરૂરિયાતના પ્રમાણમાં યુનિવર્સિટીનું

પ્રકાશનકાર્ય પૂરતા વેગથી થતું નથી. આથી સેનેટની આ સભા વાચનસામગ્રીની તીવ્ર અને ગંભીર અછતની સચિંત નોંધ લે છે અને યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં સત્તામંડળોને પોતાની પૂરી શક્તિથી વિનંતી કરે છે કે તેઓ વિવિધ વિદ્યાશાખાઓ તેમ જ વિષયો માટે અનુવાદો, મૌલિક ગ્રંથો, રીડિંગ્સ, સારગ્રંથો તેમ જ ભૂમિકાગ્રંથ બહાર પાડવાનો કાર્યક્રમ 'યુદ્ધના સ્તર' પર આદરવા પોતાનાં તમામ સાધનસંપત્તિ કામે લગાડે અને પુસ્તકોના દુકાળને ત્વરિત ગતિથી દૂર કરે."

તા. ૨૪-૯-૧૯૬૮નો પ્રકાશન વહીવટી સમિતિનો ઠરાવ

"વિવિધ વિદ્યાશાખાઓ તેમ જ વિષયો માટે અનુવાદો, મૌલિક ગ્રંથો, રીડિંગ્સ, સારગ્રંથો, લઘુગ્રંથો વગેરે પ્રસિદ્ધ કરવાનું કામ ચાલુ જ છે. હાલ ૪૦ પ્રકાશનોનું મુદ્રણકામ ચાલી રહ્યું છે અને આ શૈક્ષણિક વર્ષના અંત સુધીમાં વધુ ૩૦ પ્રકાશનો બહાર પડશે એમ અપેક્ષા છે. વધુમાં ૪૩ અનુવાદ કામ અને ૫૧ મૌલિક કામો માટે કરાર થયેલા છે. વધુમાં મોનોટાઇપ મશીન માટે આયાત-પરવાનો તાજેતરમાં મળેલો છે અને ૧૯૬૯-૭૦ના વર્ષમાં તે મશીન આપણે ઉપયોગમાં લઈ શકીશું એમ આશા છે. તે પછી પ્રકાશનકાર્યને આથી પણ વધુ વેગ આપવાનું બની શકશે, આ હકીકત જોતાં જણાશે કે આ સમિતિ વિદ્યાર્થીઓને જરૂરી વાચનસામગ્રી પૂરી પાડવાની બાબતમાં સજાગ છે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશન વહીવટી સમિતિના સદરહુ રિપોર્ટની નોંધ લેવી અને સેનેટને તેની જાણ કરવી."

૯૧. નીચેનાં પ્રદાનોનો સાભાર સ્વીકાર કર્યા બાબતનો સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ) :

(૧) શ્રી. એસ. બી. શાહ તરફથી માર્ચ/એપ્રિલમાં લેવાતી એફ.વાય.બી.કૉમ.ની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "શ્રીમતી ધનકોરબાઈ રતનચંદ વટાભણવાળા પારિતોષિક" આપવા માટે રૂા. ૭,૦૦૦નું રોકડ પ્રદાન.

(૨) પ્રો. ફિરોઝ દાવર મેમોરિયલ ટ્રસ્ટ તરફથી ૧૯૬૮ના વર્ષ માટે એમ.એ. અને બી.એ.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને બે સુવર્ણચંદ્રક તથા એક પારિતોષિક આપી શકાય તે માટે રૂા. ૪૦૧નું મળેલ રોકડ પ્રદાન.

(૩) શ્રી માણેકલાલ એચ. શાહ તરફથી ઑક્ટોબર અને તે પછીના માર્ચ–એપ્રિલમાં લેવામાં આવતી ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં એકીવખતે બેસીને મેડિસિનના વિષયમાં સૌથી વધુ ગુણાંક ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "સ્વ. ડૉ. કુ. મિશ્રાબહેન માણેકલાલ શાહ સુવર્ણચંદ્રક" આપવા માટે ૧૯૬૮ તથા ૧૯૬૯ના વર્ષ માટે રૂા. ૫૨૦/- પ્રદાન તથા પ્રતિવર્ષે રૂા. ૨૬૦/–નો સુવર્ણચંદ્રક આપવા માટે રૂા. ૫,૦૦૦/–નું મળેલ રોકડ પ્રદાન.

૯૨. આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"આ સેનેટ સિન્ડિકેટને ભલામણ કરે છે કે ઑર્ડિ. ૬૫–એસ. નીચે પ્રમાણે સુધારવો:

There shall not generally be more than three centres in a zone, provided that the Syndicate may in its discretion permit the opening of a fourth centre for the same subject of post-graduate study at another place if (*i*) There are at least ten students enrolled in those two centres in the preceding year, and (*ii*) the institution applying for the new centre has at least ten candidates ready for enrolment to start with and fulfils all the conditions laid down under the relevant rules for opening a centre. In no case, there shall be more than three centres in a subject in the same zone."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષણ માટેના હાલના ઝોનોની રચના અને એક ઝોનનાં કેન્દ્રોની સંખ્યા અંગેનો પ્રશ્ન આ સભાગૃહની વિચારણા હેઠળ છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સદરહુ પ્રસ્તાવ પર આચાર્ય ડી. એચ. વેલ્વને નીચેનો સુધારો નં. ૧ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"નવમી લીટીમાં ત્રણ (three) છે તેને બદલે ચાર (four) શબ્દ મૂકવો."

સદરહુ પ્રસ્તાવ પર આચાર્ય આઈ. એમ. પટેલે નીચેનો સુધારો નં. ૨ રજૂ કરવાની નોટિસ આપી હતી:

આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ રજૂ કરેલા પ્રસ્તાવને નીચે દર્શાવ્યા પ્રમાણે વંચાય તેમ સુધારવો:

"આ સેનેટ સિન્ડિકેટને ભલામણ કરે છે કે ઑર્ડિ. ૬૫–એસ. નીચે પ્રમાણે સુધારવો:

There shall not generally be more than five centres in a zone, provided that the Syndicate may in its discretion permit the opening of the sixth centre for the same subject of post-graduate study at another place if;

(*i*) There are at least ten students enrolled in those five centres in the preceding year, and

(*ii*) the institution applying for the new centre has at least ten students ready for enrolment to start with and fulfils all conditions laid down under the relevant rules for opening a centre. In no case, there shall be more than six centres in a subject in the same zone.

૯૩. ડૉ. દેવેન્દ્ર એચ. સુતરિયાએ નીચેના પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"યુનિવર્સિટીનું કાર્યતંત્ર સ્વચ્છ અને નિષ્કલંક રહે તે હેતુથી યુનિવર્સિટી અંગેના કોઈ પણ કાર્યમાં કોઈ પણ પ્રકારની ગેરરીતિઓ થઈ છે કે કેમ તે તપાસવા માટે તથા આજપર્યંત યુનિવર્સિટી તરફથી યુનિવર્સિટીનાં ફાજલ નાણાં જે જે બૅંકોમાં આ અગાઉ રોકવામાં આવ્યાં હોય તેના બ્રોકરેજના સંદર્ભમાં પણ કોઈ પણ પ્રકારની નાણાકીય ગેરરીતિઓ થઈ છે કે કેમ તે તપાસવા માટે યુનિવર્સિટીના બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોની નિમણૂક માટે જે નિયમો અને ધોરણો અપનાવવામાં આવે છે તે અપનાવીને સેનેટના સભ્યોમાંથી ત્રણ સભ્યોની એક તપાસ-સમિતિની નિમણૂક કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ફાજલ નાણાના બૅંકોના રોકાણ અંગેના બ્રોકરેજની બાબતમાં સિન્ડિકેટે ઝીણવટભરી તપાસ કરી છે અને તેથી તે બાબતમાં યુનિવર્સિટીના કાર્યતંત્ર અંગે સિન્ડિકેટને સંતોષ થયો છે અને તે અંગેની તપાસ બોર્ડ ઑફ એકાઉન્ટ્સને સોંપવાની જરૂર જણાતી નથી. બાકી 'યુનિવર્સિટી અંગેના કોઈ પણ કાર્યમાં કોઈ પણ પ્રકારની ગેરરીતિઓ થઈ છે કે કેમ તે તપાસવા માટે' એવા અસ્પષ્ટ ઉલ્લેખને બદલે કોઈ ચોક્કસ ગેરરીતિ દર્શાવવામાં આવશે તો તે અંગે તપાસસમિતિ નીમવાના સિદ્ધાંતની આ સભાગૃહ તરફેણમાં છે."

૯૪. શ્રી. એચ. વી. વસાએ નીચેના પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"યુનિવર્સિટીનાં ફાજલ નાણાં જ્યારથી જુદી જુદી બૅંકોમાં ફિક્સ્ડ ડિપૉઝિટ તરીકે મૂકવામાં આવ્યાં ત્યારથી ફિક્સ્ડ ડિપૉઝિટોની તે તે રકમો પર મળી શકતું બધું જ બ્રોકરેજ યુનિવર્સિટીએ કોઈને બ્રોકર તરીકે નીમીને મેળવી લેવા માટે તજવીજ કરવી, એમ આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

સિન્ડિકેટની તા. ૧/૨-૩-૧૯૬૯ની સભાના નીચેના ઠરાવની સેનેટને જાણ કરવામાં આવે:

ઉત્તર ૨ : (ગ) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને બીજી પંચવર્ષીય યોજના દરમિયાન સૂચવેલાં પગારધોરણો શ્રી. યુ. પી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈમાં હાલ પ્રવર્તે છે.

પ્રશ્ન ૩ : (ક) ૧૯૬૯ના માર્ચ સુધીમાં સુધાર્યા પ્રમાણેનાં મોંઘવારી ભથ્થાં ન ચૂકવ્યાં હોય તેવી કઈ કૉલેજો છે?

ઉત્તર ૩ : (ક) બિનસરકારી કૉલેજો પૈકી સાયન્સ કૉલેજ, કડી, શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ ઍન્ડ પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ અને એસ. ડી. આર્ટ્સ ઍન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા.

પ્રશ્ન ૩ : (ખ) કોઈ કૉલેજ કે કૉલેજોનાં ૧૯૬૮ના વર્ષનાં પણ ચૂકવાયાં ન હોય એવી કઈ કૉલેજો છે?

ઉત્તર ૩ : (ખ) બિનસરકારી કૉલેજો પૈકી સાયન્સ કૉલેજ, કડી અને એસ. ડી. આર્ટ્સ ઍન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા.

પ્રશ્ન ૩ : (ગ) એને માટે યુનિવર્સિટી તરફથી શાં શાં પગલાં ભરવામાં આવ્યાં છે?

ઉત્તર ૩ : (ગ) સાયન્સ કૉલેજ, કડીના ચાલુ જોડાણ માટે હજુ સુધી રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવી નથી; જ્યારે શેઠ એમ. એન. સાયન્સ ઍન્ડ પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણ અને એસ. ડી. આર્ટ્સ ઍન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા અંગે સિન્ડિકેટને રિપોર્ટ કરવામાં આવી રહ્યો છે.

(**નોંધ.**—દરમિયાન એસ. ડી. આર્ટ્સ ઍન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા તરફથી જણાવવામાં આવ્યું હતું કે તેઓએ મોંઘવારી ભથ્થું ચૂકવી આપ્યું છે.)

પ્રશ્ન ૪ : (ક) યુનિવર્સિટીને સેનેટ, ઍકૅડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ એવાં જે ત્રણ સત્તામંડળો છે તેમાં સેનેટની કેટલી સત્તા છે?

ઉત્તર ૪ : (ક) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૮માં તે નિર્દેશિત કરેલી છે.

પ્રશ્ન ૪ : (ખ) એના પસાર કરેલા ઠરાવ કે ઠરાવોને અમલી બનાવવાની આખરી સત્તા આ ત્રણમાંથી કયા મંડળને છે?

ઉત્તર ૪ : (ખ) પ્રત્યેક ઠરાવનો પાઠ જોઈને તે અંગે કહી શકાય.

પ્રશ્ન ૪ : (ગ) અને શા માટે?

ઉત્તર ૪ : (ગ) યુનિવર્સિટીનાં ધારાધોરણોથી જે તે સત્તામંડળની સત્તા નિયત થયેલી છે, તેથી.

પ્રશ્ન ૫ : યુનિવર્સિટી અને રાજ્ય સરકાર વચ્ચે યુનિવર્સિટીના કોઈ પણ વિષયમાં મતભેદ પડે ત્યારે સરકારી નિર્ણય યુનિવર્સિટીને બાધક બને છે. આને બદલે યુનિવર્સિટીની કુલાધિપતિ પર્યન્તની સત્તા જ નિયામક બને એનો ઉપાય કયો?

ઉત્તર ૫ : પ્રશ્નના પૂર્વાર્ધમાં કરેલા વિધાનમાં અતિવ્યાપ જણાય છે તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે પ્રશ્નના ઉત્તરાર્ધમાં અભિપ્રેત છે તેવા ઉપાયમાં ગુજરાત યુનિવર્સિટી ઍક્ટમાં સુધારા કરવાનો પ્રશ્ન સમાયેલો છે.

પ્રશ્ન ૬ : (ક) ૧૯૬૮-૬૯ના વર્ષમાં યુનિવર્સિટીની ભિન્ન ભિન્ન પરીક્ષાઓમાં ૫૦ પૈસાની ફી ભરી યુનિવર્સિટીની માન્ય કૉલેજો અને અનુસ્નાતક વિદ્યાભવનોમાંથી કેટલા શિક્ષકોએ અરજીઓ કરી? તથા

પ્રશ્ન ૬ : (ખ) બહારના કેટલા શિક્ષકોએ અરજીઓ કરી?

ઉત્તર ૬ : (ક) અને (ખ) સને ૧૯૬૮-૬૯ના વર્ષમાં યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે પરીક્ષક થવા માટે કુલ ૫૯૯૬ અરજીઓ આવી હતી. તેમાં સંલગ્ન કૉલેજો અને યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકોની અરજીઓની સંખ્યા ૩૬૪૯ હતી.

પ્રશ્ન ૬ : (ગ) માન્ય કૉલેજો અને અનુસ્નાતક વિદ્યાભવનોના એવા કેટલા શિક્ષકો હતા કે જેઓએ અરજી કરી નહોતી?

ઉત્તર ૬ : (ગ) સંલગ્ન કૉલેજોના કેટલા શિક્ષકોએ પરીક્ષક થવા માટેની અરજીઓ કરી ન હતી તે માહિતી ઉપલબ્ધ નથી. ૧૯૬૮-૬૯ના વર્ષમાં પરીક્ષક થવા માટે અનુસ્નાતક વિદ્યાભવનોના ૨૮ શિક્ષકોએ અરજી કરી નહોતી.

પ્રશ્ન ૬ : (ઘ) સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને ભવનોના અધ્યાપકોના અધ્યાપન તથા પરીક્ષા-કાર્યના અનુભવ વિષે જે માહિતી મગાવવામાં આવે છે તેને લગતાં ફૉર્મ સંસ્થાના વડાએ જ ભરવાનાં હોય છે?

ઉત્તર ૬ : (ઘ) ના, જી. ફૉર્મ અધ્યાપકો ભરે અને સંસ્થાના વડા મારફતે તે મોકલવામાં આવે એમ અપેક્ષા છે.

પ્રશ્ન ૬ : (ચ) તે તે અધ્યાપકે પોતાને લગતી માહિતી અંગે પોતાની સહી કરવાની હોતી નથી?

ઉત્તર ૬ : (ચ) ફૉર્મ ભરનાર અધ્યાપકે પોતાની સહી કરવી જોઈએ.

પ્રશ્ન ૬ : (છ) આ ફૉર્મમાં માગેલી માહિતીનો હેતુ શો છે?

ઉત્તર ૬ : (છ) યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કામ કરના શિક્ષકો અંગેની માહિતી જરૂર પડયે ઉપયોગમાં લઈ શકાય તે તેનો હેતુ છે.

પ્રશ્ન ૬ : (જ) એ માહિતીનો શો ઉપયોગ કરવામાં આવે છે?

ઉત્તર ૬ : (જ) તે માહિતી ચાલુ વર્ષે મગાવવામાં આવી છે, અને જરૂર પડયે તેનો ઉપયોગ કરવામાં આવશે.

પ્રશ્ન ૬ : (ઝ) પ્રાધ્રિનકો અને પરીક્ષકોની નિયુક્તિ અંગે આ ફૉર્મ મગાવાતાં હોય તો એ અંગે અરજીઓ મગાવવાની શી જરૂર રહેલી છે?

ઉત્તર ૬ : (ઝ) ૧૯૬૯-૭૦ના વર્ષ માટે પરીક્ષકોની નિમણૂકો માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ અરજીઓ મગાવવામાં આવેલી છે. માહિતીદર્શક ફૉર્મને એ હેતુ માટે અરજી તરીકે ગણવામાં આવેલ નથી.

પ્રો. કે. કા. શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

અરજી જેની હોય તેની સહી હોવી જોઈએ એમ કહેવામાં આવે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : ફૉર્મમાં સહીનું ખાનું નથી પણ તેમાં સહી કરવા જેટલી જગ્યા છે. નવાં ફૉર્મ છપાવતી વખતે તેનું ખાનું ઉમેરી લઈશું.

[૬] **ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ** નીચેના પ્રશ્નો પુછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે મુજબ આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) ગુજરાત યુનિવર્સિટી ધારામાં સુધારાવધારા સૂચવવા નિમાયેલી સમિતિનું કામ પૂરું થયું ?

ઉત્તર ૧ : (ક) ના, જી.

પ્રશ્ન ૧ : (ખ) તે સમિતિ કયારે નિમાયેલી ?

ઉત્તર ૧ : (ખ) તા. ૨-૯-૧૯૬૭ના રોજ.

પ્રશ્ન ૧ : (ગ) તે કામ પૂરું ન થયું હોય તો તે પૂરું કરવા માટે કોઈ સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે ?

ઉત્તર ૧ : (ગ) ના, જી.

પ્રશ્ન ૧ : (ઘ) તે સમિતિનાં સૂચનોની જાણ યુનિવર્સિટીનાં કયાં મંડળોને કરવામાં આવશે ?

ઉત્તર ૧ : (ઘ) સમિતિનો અહેવાલ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવામાં આવશે, અને સિન્ડિકેટ નિર્ણય લે તે મુજબ આગળ પગલાં લેવામાં આવશે.

પ્રશ્ન ૧ : (ચ) વિનયન વિદ્યાશાખાના વિભાજન માટે તે સમિતિએ શી ભલામણ કરી છે ?

ઉત્તર ૧ : (ચ) સમિતિએ હજુ પોતાનું કામ પૂરું કર્યું નથી.

પ્રશ્ન ૧ : (છ) અભ્યાસસમિતિની રચના માટેની કલમમાં તે સમિતિએ શા ફેરફાર સૂચવ્યા છે ?

ઉત્તર ૧ : (છ) ઉત્તર ૧ (ચ) જોવા વિનંતી છે.

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

સમિતિએ હજી સુધી કોઈ ભલામણ કરી નથી ?

કુલપતિશ્રીનો ઉત્તર : સમિતિ પોતાનું કામ પૂરું કરે તે પછી પોતાનો આખો રિપોર્ટ આપશે.

પ્રશ્ન ૨ : (ક) અનુસ્નાતક શિક્ષણને લગતી જવાબદારી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ધરાવે છે ?

ઉત્તર ૨ : (ક) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ અનુસ્નાતક શિક્ષણની વ્યવસ્થા અને સંકલન અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ, એકેડેમિક કાઉન્સિલ અને / અથવા સિન્ડિકેટને ભલામણો કરે છે.

પ્રશ્ન ૨ : (ખ) તેમાં અનુસ્નાતક શિક્ષણ આપતી માન્ય સંસ્થાઓના વડાઓને હોદ્દાની રૂએ કંઈ પ્રતિનિધિત્વ છે ?

ઉત્તર ૨ : (ખ) ના, જી.

પ્રશ્ન ૨ : (ગ) ન હોય તો તે માટે સ્ટેચ્યૂટમાં જરૂરી સુધારો કરવા સૂચવાયું છે ?

ઉત્તર ૨ : (ગ) હા, જી. સંબંધકર્તા સ્ટે. ૧૧૮માં ઉપરની મતલબનો સુધારો કરવાનું એક સૂચન આ અગાઉ એક સભ્ય તરફથી મળ્યું હતું તે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ પરથી સિન્ડિકેટે સ્વીકાર્યું નહોતું. સેનેટની આ સભાના કામકાજની યાદીમાં બાબત નં. ૨૭માં પણ એ અંગેનો પ્રસ્તાવ આવેલ છે.

પ્રશ્ન ૨ : (ઘ) આ સુધારાનો પ્રસ્તાવ યુનિવર્સિટીના કયા મંડળ કે મંડળોમાં રજૂ કરાય ?

ઉત્તર ૨ : (ઘ) આ બાબત સ્ટેચ્યૂટને લગતી હોઈ તે સેનેટ સમક્ષ લાવવી આવશ્યક છે.

પ્રશ્ન ૨ : (ચ) યુનિવર્સિટી કાર્યાલય આ પ્રસ્તાવ રજૂ કરી શકે?

ઉત્તર ૨ : (ચ) યુનિવર્સિટી કાર્યાલય સેનેટ સમક્ષ કોઈ પ્રસ્તાવ રજૂ કરી શકે નહીં, પણ અન્ય સત્તામંડળોની વિચારણા માટે યુનિવર્સિટી કાર્યાલયને યોગ્ય કે જરૂરી લાગે તો તે અંગે વિચારણા કરવા માટે સૂચન કરી શકે.

પ્રશ્ન ૩ : (ક) અનુસ્નાતક શિક્ષણમાં ભાગ ૧ અને ભાગ ૨ના વર્ગો અલગ લેવા પડતા હોવાથી બેવડો કાર્યભાર રહે છે તે નિવારવા એ વર્ગો સાથે લઈ શકાય તેવો પ્રસ્તાવ રજૂ થયેલો તેની વિચારણા કયાં સુધી આવી ?

ઉત્તર ૩ : (ક) એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૭ / ૧૮-૯-૧૯૬૯ની સભામાં આ બાબત વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવાનું ઠરાવ્યું છે.

પ્રશ્ન ૩ : (ખ) એકેડેમિક કાઉન્સિલના એજન્ડામાં સમાવેશ પામેલાં આવાં અગત્યનાં કામોની વિચારણાનો વારો આવવામાં વિલંબ થયા કરે તો યુનિવર્સિટી તે અંગે શો રચનાત્મક પ્રબંધ કરી શકે?

ઉત્તર ૩ : (ખ) આ માટે એકેડેમિક કાઉન્સિલની સભા જરૂર પડે તેટલો વખત ચલાવી શકાય અને / અથવા તેટલો વખત બોલાવી શકાય.

પ્રશ્ન ૩ : (ગ) આ બાબતમાં તેવો કોઈ પ્રબંધ કરવામાં આવશે?

ઉત્તર ૩ : (ગ) આ અંગેનો નિર્ણય લેવાઈ ગયો છે.

પ્રશ્ન ૩ : (ઘ) જૂન ૧૯૭૦માં અમલમાં આવી શકે એ પ્રકારની કાર્યવાહી માટે શું કરવું જોઈએ?

ઉત્તર ૩ : (ઘ) જો યુનિવર્સિટીનાં સંબંધક સત્તામંડળો તેની ચર્ચાવિચારણા કરી તેનો અમલ કરવા માટે આખરી નિર્ણય જૂન ૧૯૭૦ પહેલાં લે તો તે પહેલાં અમલી બની શકે છે.

પ્રશ્ન ૪ : (ક) યુનિવર્સિટીએ પ્રકાશિત કરેલાં વિદ્યાકીય પ્રકાશનો પૈકી કોઈ પુસ્તકોનું પુનઃ પ્રકાશન કરવાનું થયું છે?

ઉત્તર ૪ : (ક) હા, જી.

પ્રશ્ન ૪ : (ખ) કેટલાં પુસ્તકોનું ?

ઉત્તર ૪ : (ખ) એક પુસ્તકનું.

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

એ પુસ્તક કયું છે ?

શ્રી કુલસચિવે જણાવ્યું કે 'સમાજશાસ્ત્રનાં મૂળતત્ત્વો' : લે. ડૉ. તારાબહેન પટેલ.

આ અંગે કોઈ ચોક્કસ નિયમો નથી. દરેક પુસ્તકની જરૂરિયાત પ્રમાણે વિચારવામાં આવે છે.

પ્રશ્ન ૪ : (ગ) પુસ્તકોના પુનઃ પ્રકાશન પહેલાં તે તે પુસ્તકના લેખક પાસે જરૂરી સુધારાવધારા મગાવવામાં આવે છે?

ઉત્તર ૪ : (ગ) હા, જી.

પ્રશ્ન ૪ : (ઘ) હાલ પુનઃ પ્રકાશનની જરૂર ન પડી હોય તો તે જરૂર પડે ત્યારે તેમ કરવામાં આવશે?

ઉત્તર ૪ : (ઘ) પ્રશ્ન ૪ (ગ)નો ઉત્તર જોતાં વિશેષ કાંઈ ઉમેરવાનું રહેતું નથી.

પ્રશ્ન ૫ : (ક) અનુસ્નાતક કેન્દ્ર કે કેન્દ્રો ચલાવતી કૉલેજ કે સંસ્થાને વહીવટી ખર્ચ પેટે બેઝિક મિનિમમ તરીકે રૂ. ૨૦૦ આપવામાં આવતા હતા તેમાં જે સુધારો થયો છે તે મુજબ જ્યાં એક અનુસ્નાતક કેન્દ્ર ચાલતું હોય ત્યાં તે માટે કેટલી રકમ અપાશે?

ઉત્તર ૫ : (ક) અનુસ્નાતક નિયમ નં. ૩૬(ઈ) પર પુનર્વિચારણા કરી તે નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૧-૮-૧૯૬૯ની સભાએ સિન્ડિકેટને ભલામણ કરી છે, અને તે ભલામણ હાલ સિન્ડિકેટની વિચારણા હેઠળ છે:

અનુ. નિયમ નં. ૩૬(ઈ) :

(1) (*a*) Rs. 200/- basic minimum for each of the post-graduate centres per year, provided at least ten students have been enrolled in the centre.

(*b*) Rs. 3/- per student per year, i.e., Rs. 1–50 paise per term per student which shall be deemed to include all administrative expenses, such as stationery, postage, contingency, maintenance of library and laboratory staff, peons, etc. for all the post-graduate centres taken together.

(2) Rs. 100/- basic minimum for each of the post-graduate centres per year, where less than 10 students have been enrolled in a centre.

પ્રશ્ન ૫ : (ખ) "ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થી હોય તો કેન્દ્ર દીઠ રૂ. ૧૦૦" જણાવ્યું છે તે એક કરતાં વધારે કેન્દ્રો હોય તેને લાગુ પડે છે કે જ્યાં એક જ કેન્દ્ર હોય તેને પણ?

ઉત્તર ૫ : (ખ) ઉપર પ્રશ્ન ૫(ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫ : (ગ) જો જ્યાં એક કેન્દ્ર હોય તેનેય લાગુ પડતું હોય તો વહીવટી ખર્ચનું બેઝિક મિનિમમ ઘટાડવાનું કારણ શું?

ઉત્તર ૫ : (ગ) ઉપર જણાવેલ ભલામણ મંજૂર થતાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦ કે તેથી વધુ હોય તો ઓછામાં ઓછી રકમ રૂ. ૨૦૦થી ઘટશે નહીં તે પ્રશ્ન ૫ (ક)ના ઉત્તર પરથી સ્પષ્ટ થાય છે.

પ્રશ્ન ૫ : (ઘ) અને જ્યાં ૧૦થી ઓછા વિદ્યાર્થી હોય ત્યાં વહીવટી ખર્ચ માટે બેઝિક મિનિમમ શું અપાશે?

ઉત્તર ૫ : (ઘ) ઉપર પ્રશ્ન ૫(ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫ : (ચ) જ્યાં એક કેન્દ્ર હોય ત્યાં કે જ્યાં એકથી વધુ કેન્દ્ર હોય ત્યાં?

ઉત્તર ૫ : (ચ) ઉપર પ્રશ્ન ૫(ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬ : (ક) યુનિવર્સિટી પરીક્ષાઓના મુદ્રિત પ્રશ્નપત્રોની નકલો સંસ્થાઓને અને વ્યકિતઓને તે પછીના શૈક્ષણિક વર્ષમાં કયારથી વેચાતી મળે છે?

ઉત્તર ૬ : (ક) આગલા વર્ષના મુદ્રિત પ્રશ્નપત્રોની નકલોનું વેચાણ સામાન્ય રીતે નવા શૈક્ષણિક વર્ષના નવેંબર માસથી શરૂ થાય છે.

પ્રશ્ન ૬ : (ખ) આ નકલો પ્રથમ સત્રના અંત સુધીમાં વેચાતી મળે તેવો પ્રબંધ કરવામાં આવશે?

ઉત્તર ૬ : (ખ) હા, જી. તેવો પ્રબંધ કરવામાં આવેલો છે.

પ્રશ્ન ૬ : (ગ) અમુદ્રિત પ્રશ્નપત્રોની નકલો વધારે સંખ્યામાં સાઇકલોસ્ટાઈલ કરાવી શકાય?

ઉત્તર ૬ : (ગ) ચાલુ વર્ષથી બી.એ., બી.એસસી. અને બી.કોમ.ની પરીક્ષાના અમુદ્રિત પ્રશ્નપત્રો પણ છપાવીને મુદ્રિત પ્રશ્નપત્રોના જે તે સેટમાં સમાવીને વેચાણમાં મૂકવાનું રાખેલ હોઈ વધુ નકલો સાઇકલોસ્ટાઇલ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો:

પ્રશ્નપત્રોની નકલો મળતી નથી અને તે મળે તે માટે ગોઠવણ કરવા વિનંતી છે.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે સ્નાતક કક્ષા સુધીનાં તમામ પ્રશ્નપત્રો મુદ્રિત કરવાની વ્યવસ્થા કરી છે. જે પ્રશ્નપત્રો છપાય છે તેની નકલો આપવામાં આવે છે.

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ જણાવ્યું કે એમ.એ.ના પ્રશ્નપત્રોની નકલો મળતી નથી.

કુલપતિશ્રીનો ઉત્તર : એમ.એ.માં ઓછા વિદ્યાર્થીઓ બેસે છે તેથી પ્રશ્નપત્રોની નકલો હંમેશાં ઉપલબ્ધ કરી શકાતી નથી.

પ્રશ્ન ૬ : (ઘ) પરીક્ષા પહેલાં નહીં, તો પરીક્ષા પછી કરાવી શકાય?

ઉત્તર ૬ : (ઘ) હા, જી.

પ્રશ્ન ૬ : (ચ) વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને પ્રાધ્રિનકોને પાછલી પરીક્ષાઓના અમુદ્રિત પ્રશ્નપત્રોની નકલો મળે તે માટે યુનિવર્સિટી શો પ્રબંધ કરી શકે?

ઉત્તર ૬ : (ચ) પ્રશ્ન ૬ (ગ)નો ઉત્તર જોવા વિનંતી છે. વધુમાં યુનિવર્સિટી ગ્રંથાલયમાં અગાઉનાં વર્ષોનાં પ્રશ્નપત્રો ઉપલબ્ધ કરવામાં આવે છે.

[૭] **આચાર્યશ્રી. બી. આર. પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે મુજબ આપવામાં આવ્યા હતા:

પ્રશ્ન ૧ : યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજો અને યુનિવર્સિટીનાં ભવનોને લગતી નીચેની માહિતી કોઠામાં આપવા વિનંતી છે:

ક્રમાંક	કૉલેજ/ભવન	વિદ્યાર્થી સંખ્યા	વિદ્યાર્થી ખંડનું ક્ષેત્રફળ	વિદ્યાર્થિની સંખ્યા	વિદ્યાર્થિની ખંડનું ક્ષેત્રફળ	રમતના મેદાનનું ક્ષેત્રફળ	કૉલેજથી મેદાનનું અંતર

ઉત્તર ૧ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "ક"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (ક) ગુજરાત યુનિવર્સિટીનાં વિવિધ ભવનોમાં હાલ કેટલી ને કઈ કઈ શૈક્ષણિક જગ્યાઓ ખાલી છે? તથા
પ્રશ્ન ૨ : (ખ) કેટલા સમયથી ખાલી છે?

ઉત્તર ૨ : (ક) અને (ખ) ગુજરાત યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં હાલ નીચેની શૈક્ષણિક જગ્યાઓ ખાલી છે:

ક્રમાંક	જગ્યાનું નામ	સંખ્યા	કેટલા સમયથી ખાલી છે?
૧.	પ્રોફેસર ઑફ ઈકોનોમિકસ	૨	એક જગ્યા જૂન ૧૯૬૯થી અને એક જગ્યા જૂન ૧૯૬૮થી
૨.	પ્રોફેસર ઑફ સાયકોલોજી	૧	સપ્ટેંબર ૧૯૬૭થી
૩.	પ્રોફેસર ઑફ ફિલોસોફી	૧	જૂન ૧૯૬૯થી
૪.	પ્રોફેસર ઑફ ફિઝિકસ	૧	મે ૧૯૫૮થી
૫.	રીડર ઈન સ્ટેટિસ્ટિકસ	૧	જૂન ૧૯૬૯થી
૬.	રીડર ઈન બોટેની	૨	એક પ્લાન્ટ ફિઝિયોલોજીની જગ્યા સહિત બન્ને જગ્યાઓ જૂન ૧૯૬૯થી
૭.	રીડર ઈન સોશિયોલોજી	૧	સપ્ટેંબર ૧૯૬૯થી
૮.	લેકચરર ઈન ઈકોનોમિકસ	૫	જૂન ૧૯૬૯થી
૯.	લેકચરર ઈન સાયકોલોજી	૧	જુલાઈ ૧૯૬૯થી
૧૦.	લેકચરર ઈન મેથેમેટિકસ	૧	જૂન ૧૯૬૯થી
૧૧.	લેકચરર ઈન સોશિયોલોજી	૧	જૂન ૧૯૬૯થી
૧૨.	લેકચરર ઈન ગુજરાતી	૧	જૂન ૧૯૬૯થી
૧૩.	રીડર ઈન ઈંગ્લિશ	૧	જૂન ૧૯૬૯થી
૧૪.	લેકચરર ઈન બોટેની	૧	જૂન ૧૯૬૮થી

શ્રી. વિનોદભાઈ અધ્વર્યુએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:

પ્રોફેસર ઑફ ફિઝિકસની જગ્યા ૧૯૫૮થી ખાલી છે, તો કેમ ખાલી છે? આ માટે કેટલી વ્યકિતઓના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા છે?

કુલપતિશ્રીનો ઉત્તર: આ માટે માહિતી કઢાવવી પડશે. હકીકત એ છે કે આપણે ફિઝિકસના પ્રોફેસર મેળવવાને હજુ સુધી સફળ થયા નથી.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે ફિઝિકસના પ્રોફેસરની જગ્યા માટે પસંદ કરવામાં આવેલ ઉમેદવારો જોડાયા ન હતા.

પ્રશ્ન ૨ : (ગ) યુનિવર્સિટી એ જગ્યાઓ કયાં સુધીમાં પૂરવા ઇચ્છે છે?

ઉત્તર ૨ : (ગ) ઉપરોકત જગ્યાઓ પૈકી ક્રમાંક ૧થી ૧૨ માટે જાહેરખબર આપેલી છે. જ્યારે રીડર ઈન ઈંગ્લિશ તથા લેકચરર ઈન બોટેનીની જગ્યા માટે હવે પછી જાહેરખબર આપવામાં આવશે, ચાલુ વર્ષ દરમ્યાન એ જગ્યાઓ પુરાશે એમ ધારણા છે.

પ્રશ્ન ૨ : (ધ) જો એ જગ્યાઓ પૂર્યા વિના પણ ભવનમાં કાર્ય સારી રીતે ચાલતાં હોય તો યુનિવર્સિટી તે જગ્યાઓ રદ કરવાનું વિચારે છે ખરી?

ઉત્તર ૨ : (ધ) ભવનોનાં કામકાજ વધુ સારી રીતે ચાલે તે ઈષ્ટ હોઈ તે જગ્યાઓ રદ કરવાનું વિચારવામાં આવનું નથી.

પ્રશ્ન ૩ : યુનિવર્સિટી તરફથી કૉલેજો તરફ મોકલવામાં આવતી તપાસસમિતિઓના સભ્યો વિષેની નીચેની માહિતી આપવા વિનંતી છે:

ક્રમાંક	કૉલેજ	તપાસસમિતિના સભ્યો	આ સભ્યો આ કૉલેજમાં કેટલામી વાર તપાસેગયા છે?

ઉત્તર ૩ : પ્રશ્નમાં કયા વર્ષ માટે આ માહિતી માગવામાં આવી છે તે સ્પષ્ટ નથી. છતાં ૧૯૬૯થી જોડાણ મેળવવા માટે જે સંલગ્ન કૉલેજો તરફથી અરજીઓ આવેલ છે તે અંગેની હકીકત નીચે મુજબ છે:

ક્રમાંક	કૉલેજ	તપાસસમિતિના સભ્યો	આ સભ્યો આ કૉલેજમાં કેટલામી વાર તપાસે ગયા ?
૧	૨	૩	૪
૧.	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	(૧) આચાર્ય એસ. આર. ભટ્ટ	એક વાર
		(૨) પ્રો. ઈ. જે. મસિહી	એક વાર
૨.	ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૬	(૧) શ્રીમતી સુધાબહેન દેસાઈ	એક વાર
		(૨) શ્રીમતી ઉષાબહેન કન્હારે	એક વાર
૩.	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	(૧) શ્રીમતી સુધાબહેન દેસાઈ	એક વાર
		(૨) શ્રીમતી ઉષાબહેન કન્હારે	એક વાર
૪.	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	આચાર્ય એચ. સી. ત્રિવેદી	એક વાર
૫.	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	(૧) આચાર્ય એન. એસ. યાજ્ઞિક	એક વાર
		(૨) પ્રો. આર. કે. ધારૈયા	એક વાર
૬.	ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી	(૧) આચાર્ય એચ. કે. ત્રિવેદી	એક વાર
		(૨) આચાર્ય કે. એમ. આચાર્ય	એક વાર
૭.	મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ	(૧) આચાર્ય એસ. આર. ભટ્ટ	એક વાર
		(૨) ડૉ. લીલાબહેન શાહ	એક વાર
૮.	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ	(૧) શ્રી. જે. એલ. ઘોળકિયા	એક વાર
		(૨) પ્રો. આર. એન. પંડ્યા	એક વાર
૯.	માણેકલાલ નાનચંદ કૉલેજ, વીસનગર	આચાર્ય એ. એચ. આઈ. વોરા	એક વાર

૧	૨	૩	૪
૧૦.	શ્રી રામજી રવજી લાલન કૉલેજ, ભૂજ—કચ્છ	(૧) આચાર્ય એલ. ડી. દવે	એક વાર
		(૨) પ્રો. કે. આર. દવે	એક વાર
૧૧.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	(૧) આચાર્ય સી. એમ. પટેલ	એક વાર
		(૨) શ્રી. એમ. એસ. દુબલે	એક વાર
૧૨.	શ્રી ઉમેદરામ પંચાલ આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રીમતી મણિબહેન ગોવિંદલાલ પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ	(૧) આચાર્ય સી. એલ. શાસ્ત્રી	એક વાર
		(૨) આચાર્ય કે. એન. શાહ	એક વાર
૧૩.	કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ (ઉ. ગુ.)	(૧) આચાર્ય એચ. કે. ત્રિવેદી	એક વાર
		(૨) આચાર્ય જે. બી. સેંડિલ	એક વાર
૧૪.	શેઠ હીરાલાલ પ્રભુરામ આર્ટ્સ એન્ડ શ્રીમતી શાન્તાબહેન મોતીલાલ પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ	(૧) આચાર્ય વાય. પી. શુકલ	એક વાર
		(૨) પ્રો. એમ. જે. પટણી	એક વાર
૧૫.	પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	(૧) પ્રો. એ. એમ. ત્રિવેદી	એક વાર
		(૨) આચાર્ય આર. એમ. શુકલ	એક વાર
૧૬	શ્રી. નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	આચાર્ય ડી. પી. ઠાકર	એક વાર
૧૭.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	(૧) આચાર્ય કે. એન. શાહ	એક વાર
		(૨) પ્રો. ભગવતીપ્રસાદ પંડ્યા	એક વાર
૧૮.	લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા	(૧) આચાર્ય બી. પી. કોઠારી	એક વાર
		(૨) આચાર્ય જે. જે. ત્રિવેદી	એક વાર
૧૯.	શ્રી સોમાલાલ કસ્તૂરદાસ શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી હીરાલાલ શિવલાલ શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા	(૧) આચાર્ય એમ. સી. શાહ	એક વાર
		(૨) પ્રો. આર. કે. ધારૈયા	એક વાર
૨૦.	સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ-૧૮	(૧) આચાર્ય એસ. આર. મહેતા	એક વાર
		(૨) શ્રી. હરકાંત બદામી	એક વાર
૨૧.	શ્રીમતી રંભાબહેન દામોદરદાસ શાહ આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રીમતી વિજયાબહેન દામોદરદાસ કૉમર્સ કૉલેજ, ધોળકા	આચાર્ય એચ. એમ. શુકલ	એક વાર
૨૨.	સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી	(૧) આચાર્ય એમ. સી. શાહ	એક વાર
		(૨) આચાર્ય આઈ. જે. ધ્રુવ	એક વાર
૨૩.	કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	(૧) આચાર્ય સી. એલ. શાસ્ત્રી	એક વાર
		(૨) શ્રી. એમ. સી. જયસ્વાલ	એક વાર

૧	૨	૩	૪
૨૪.	દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ	(૧) આચાર્ય એમ. સી. દેસાઈ	એક વાર
		(૨) પ્રો. કે. કે. શાસ્ત્રી	એક વાર
૨૫.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા	(૧) આચાર્ય એચ. કે. ત્રિવેદી	એક વાર
		(૨) પ્રો. સી. ટી. ભોપટકર	એક વાર
૨૬.	નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	આચાર્ય એચ. એ. ડિસોઝા	એક વાર
૨૭.	શ્રી ભગવતીપ્રસાદ પ્રતાપસિંહ બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ મોહનલાલ હરગોવનદાસ ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા	(૧) પ્રો. એમ. પી. પંડ્યા	એક વાર
		(૨) આચાર્ય એચ. કે. ત્રિવેદી	એક વાર
૨૮.	શ્રી શિવલાલ સાંકળચંદ મહેતા આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	(૧) આચાર્ય ટી. એમ. શીખ	એક વાર
		(૨) પ્રો. રમેશભાઈ ભટ્ટ	એક વાર
૨૯.	શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી	(૧) આચાર્ય એન. બી. જોશી	એક વાર
		(૨) આચાર્ય એન. એસ. યાજ્ઞિક	એક વાર
૩૦.	શ્રી સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ-૬	(૧) આચાર્ય પી. એચ. ભટ્ટ	એક વાર
		(૨) આચાર્ય એસ. આર. મહેતા	એક વાર
૩૧.	શ્રી. ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ ઍન્ડ મલ્લિબહેન ભીખાભાઈ કૉલેજ ઑફ કૉમર્સ, દહેગામ	(૧) આચાર્ય એમ. સી. શાહ	એક વાર
		(૨) આચાર્ય એસ. ટી. જેસલપુરા	એક વાર
૩૨.	સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ-૧૧	(૧) આચાર્ય એસ. આર. મહેતા	એક વાર
		(૨) આચાર્ય આર. એમ. શુક્લ	એક વાર
૩૩.	જમાલપુર રાયખડ સેવાસંઘ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ-૨૨	(૧) આચાર્ય એસ. આર. મહેતા	એક વાર
		(૨) આચાર્ય આર. એમ. શુક્લ	એક વાર
૩૪.	વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર	(૧) આચાર્ય એમ. સી. દેસાઈ	ત્રણ વાર
		(૨) આચાર્ય ય. પ્રા. શુક્લ	ત્રણ વાર
૩૫.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદ-૪	(૧) આચાર્ય કે. એમ. તલાટી	એક વાર
		(૨) આચાર્ય આઈ. જે. ધ્રુવ	એક વાર
૩૬.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ-૧૩	(૧) શ્રી. એલ. આર. દેસાઈ	એક વાર
		(૨) આચાર્ય વી. એસ. વાણીકર	એક વાર
૩૭.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા	(૧) શ્રી. એલ. આર. દેસાઈ	એક વાર
		(૨) શ્રીમતી ચંપાબહેન ભટ્ટ	એક વાર
૩૮.	કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા	(૧) શ્રી. એલ. આર. દેસાઈ	એક વાર
		(૨) શ્રીમતી ચંપાબહેન ભટ્ટ	એક વાર

૧	૨	૩	૪
૩૯.	શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત	(૧) શ્રી. એલ. આર. દેસાઈ	એક વાર
		(૨) શ્રીમતી ચંપાબહેન ભટ્ટ	એક વાર
૪૦.	કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ	(૧) શ્રી. એલ. આર. દેસાઈ	એક વાર
		(૨) શ્રીમતી ચંપાબહેન ભટ્ટ	એક વાર
૪૧.	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	(૧) આચાર્ય આર. એચ. શાહ	એક વાર
		(૨) શ્રી. જે. જે. ચિનોય	એક વાર
૪૨.	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ	(૧) પ્રો. પી. ડી. પાઠક	એક વાર
		(૨) શ્રી. ડી. એસ. બસન	એક વાર
૪૩.	સાયન્સ કૉલેજ, કડી	(૧) આચાર્ય વાય. જી. નાયક	એક વાર
		(૨) આચાર્ય જે. જે. ત્રિવેદી	એક વાર
૪૪.	શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ-૬	(૧) આચાર્ય કે. એમ. તલાટી	એક વાર
		(૨) આચાર્ય વી. પી. પરીખ	એક વાર
૪૫.	બ્રહ્મચારી-વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	(૧) આચાર્ય કે. એમ. તલાટી	એક વાર
		(૨) આચાર્ય એસ. આર. મહેતા	એક વાર
૪૬.	બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ	(૧) આચાર્ય એન. એસ. પંડ્યા	એક વાર
		(૨) પ્રો. એન. એમ. શાહ	એક વાર
૪૭.	મોતીલાલ નહેરુ લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ-૧	(૧) આચાર્ય એન. બી. જોષી	એક વાર
		(૨) આચાર્ય એસ. આર. મહેતા	એક વાર
૪૮.	વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદ-૨૨	(૧) આચાર્ય વી. આર. રાજદીવે	એક વાર
		(૨) આચાર્ય એસ. આર. મહેતા	એક વાર
૪૯.	એમ. એસ. જગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ	(૧) શ્રી. બટુભાઈ હ. દેસાઈ	એક વાર
		(૨) આચાર્ય એમ. એસ. પંડિત	એક વાર
૫૦.	ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, નડિયાદ	(૧) શ્રી. પી. એસ. કલવચવાલા	એક વાર
		(૨) આચાર્ય ટી. એમ. પરીખ	એક વાર
		(૩) ડૉ. કે. એ. ઠક્કર	એક વાર
૫૧.	શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ-૬	(૧) ડૉ. જે. બી. હરિભક્તિ	એક વાર
		(૨) ડૉ. એ. ડી. જોસેફ	એક વાર
૫૨.	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ-૧૬	ડૉ. એચ. ડી. મરચન્ટ	એક વાર
૫૩.	કૉલેજ ઑફ નર્સિંગ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬	(૧) ડૉ. જે. બી. હરિભક્તિ	એક વાર
		(૨) ડૉ. એસ. સી. પંડ્યા	એક વાર

આચાર્ય શ્રી. આર. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આમાં જે માહિતી આપવામાં આવી છે તેમાં બધી કૉલેજોની માહિતી આવી નથી ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે જે માહિતી પરિશિષ્ટમાં બતાવેલી છે ને કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી છે, અને રિવાઈઝ્ડ એજન્ડા મોકલ્યા પછી પણ કેટલીક કૉલેજોની માહિતી આવેલી છે, પણ બીજી કેટલીક કૉલેજોની માહિતી હજી આવેલી નથી.

[૮] **આચાર્યશ્રી દયાશંકર જોષી**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે મુજબ આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) અમદાવાદની કઈ કઈ બિનસરકારી કૉલેજોને પોતાનાં છાત્રાલયો નથી ?

ઉત્તર ૧ : (ક) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "ખ"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧ : (ખ) જે બિનસરકારી કૉલેજોનાં છાત્રાલયો છે તે જે તે કૉલેજથી કેટલા અંતરે આવેલાં છે?

ઉત્તર ૧ : (ખ) **પરિશિષ્ટ "ગ"**માં આ માહિતી આપેલ છે.

[૯] **આચાર્યશ્રી બી. એમ. પીરઝાદા**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે મુજબ આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) એફ.બી.કૉમ. અને એફ.બી.એ. માટે નિયત કરેલ અંગ્રેજીનાં પાઠ્યપુસ્તકો કૉલેજ શરૂ થયા પછી પણ દોઢેક મહિના સુધી બજારમાં પ્રાપ્ત ન હતાં તે વાત સાચી છે ?

ઉત્તર ૧ : (ક) પ્રથમ વર્ષ બી.એ. અને પ્રથમ વર્ષ બી.કૉમ. માટે નિયત કરેલ અંગ્રેજીનાં પાઠ્યપુસ્તકો પૈકી નીચેનાં ત્રણ પાઠ્યપુસ્તકો નહીં મળવા અંગે કાર્યાલયને ફરિયાદો મળી હતી :

F.Y.B.A./F.Y.B.Com.	: 1. Great Expectations
F.Y.B.A.	: 2. Marmion
F.Y.B.Com.	: 3. Stories from Many Lands.

આચાર્ય બી. એમ. પીરઝાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એફ.વાય.બી.એ.નું અંગ્રેજીનું પાઠ્યપુસ્તક હજી પણ પ્રાપ્ય નથી તે વાત સાચી છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે એવી કોઈ માહિતી યુનિવર્સિટી કાર્યાલય પાસે આવેલ નથી.

પ્રશ્ન ૧ : (ખ) આ પાઠ્યપુસ્તકો સમયસર પ્રાપ્ય ન બની શકયાં તે માટે કયાં કારણો હતાં ?

ઉત્તર ૧ : (ખ) આ પાઠ્યપુસ્તકો કેટલીક જગ્યાએ સમયસર પ્રાપ્ય ન બની શકયાં તેનાં કારણો અંગે કાર્યાલયને કોઈ માહિતી નથી.

આચાર્ય બી. એમ. પીરઝાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આપણે આ બાબતમાં પ્રકાશકો કે બીજા કોઈને લખતા નથી ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કાર્યાલયે પ્રકાશકોને લખ્યું હતું અને તે માટે પ્રકાશકોએ ગોઠવણ કર્યાનું પણ જણાવેલું છે; તેમ છતાં નકલો કોઈને ઉપલબ્ધ થઈ શકી ન હોય તો તેની માહિતી કાર્યાલય પાસે આવી નથી.

આચાર્ય બી. એમ. પીરઝાદાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

'ઓરિયેન્ટ લોંગમેન્સ'વાળા એમ કહેતા હતા કે અમને માહિતી મળી નથી તેથી આપને સમયસર માહિતી નથી આપી શકયા તે માહિતી સાચી છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું : ના, જી.

પ્રશ્ન ૧ : (ગ) એફ.બી.કૉમ. અને એફ.બી.એ. માટે નિયત કરેલ પાઠયપુસ્તક 'Great Expectations'ની કિંમત રૂપિયા બેથી અઢી રાખવાનું નક્કી થયું હતુ તે વાત સાચી છે ?

ઉત્તર ૧ : (ગ) ના, જી.

પ્રશ્ન ૧ : (ઘ) એફ.બી.કૉમ. અને એફ.બી.એ. માટે નિયત કરેલ એ પાઠયપુસ્તક 'Great Expectations'-ની કિંમત રૂ. ૩.૬૦ નક્કી કરવામાં આવેલી છે જે યુનિવર્સિટી સાથે પહેલાં થયેલી સમજૂતી કરતાં રૂપિયો એકથી દોઢ વધુ છે તે વાત સાચી છે ?

ઉત્તર ૧ : (ઘ) સદરહુ પાઠયપુસ્તકની કિંમત અંગે યુનિવર્સિટી સાથે કોઈ સમજૂતી થયેલ નથી.

પ્રશ્ન ૨ : (ક) ૧૯૬૯--૭૦ના શૈક્ષણિક વર્ષથી અમલમાં આવતી નવી "પ્રોવિડન્ટ ફંડ"ની યોજના સંલગ્ન કૉલેજોમાંથી કઈ કઈ કૉલેજોએ અમલમાં મૂકી છે ? તથા

પ્રશ્ન ૨ : (ખ) જે કૉલેજોએ હજુ સુધી તે અમલમાં મૂકી નથી તેનાં નામ આપી શકાશે ?

ઉત્તર ૨ : (ક) અને (ખ) પરિશિષ્ટ "ઘ" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩ : (ક) જુદા જુદા વિષયોમાં જે વાર્ષિક પરિષદો થાય છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ કઈ રીતે પસંદ થાય છે?

ઉત્તર ૩ : (ક) જુદા જુદા વિષયોમાં જે વાર્ષિક પરિષદો થાય છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવાની બાબત પર વિચારણા કરીને સિન્ડિકેટ નિર્ણય લે છે.

પ્રશ્ન ૩ : (ખ) આવી પરિષદોમાં યુનિવર્સિટી તરફથી મોકલવામાં આવતા પ્રતિનિધિઓ એકાદ "પેપર" લખે અને પરિષદમાં રજૂ કરે એવું કોઈ બંધન આપણે સૂચવ્યું છે ખરું?

ઉત્તર ૩ : (ખ) પ્રતિનિધિઓ એકાદ "પેપર" લખે અને પરિષદમાં રજૂ કરે એવું કોઈ બંધન યુનિવર્સિટી તરફથી સૂચવવામાં આવતું નથી, પરંતુ પ્રતિનિધિ નરીકેના નિમણૂક અંગેના પત્રમાં આ બાબતમાં તેમને નીચેની સૂચના આપવામાં આવે છે :

"You are also requested to participate actively in the deliberations and discussions preferably reading a paper at the above Conference / Seminar."

પ્રશ્ન ૪ : (ક) કેટલીક વ્યકિતઓ ત્રણ અથવા તેથી વધુ કૉલેજોની "ગવર્નિંગ બોડી" અથવા ટ્રસ્ટોમાં નિમાયેલી છે એ વાત યુનિવર્સિટીના ધ્યાન પર છે?

ઉત્તર ૪ : (ક) જોડાણ માટેની અરજીમાં પ્રસ્તુત કૉલેજના સંચાલકોનાં નામ જણાવવામાં આવે છે, પરંતુ કોઈ વ્યકિત ત્રણ અથવા તેથી વધુ કૉલેજોની "ગવર્નિંગ બોડી" અથવા ટ્રસ્ટોમાં નિમાયેલી ન હોવી જોઈએ એવી કોઈ મર્યાદા મૂકવામાં આવેલ નથી.

પ્રશ્ન ૪ : (ખ) શૈક્ષણિક સંસ્થાઓમાં સત્તાનું કેન્દ્રીકરણ ન થાય એ આશયથી આ બાબતમાં કોઈ બંધન મૂકવાનું સૂચન યુનિવર્સિટીનાં સત્તામંડળો સમક્ષ છે?

ઉત્તર ૪ : (ખ) એવો કોઈ પ્રસ્તાવ હાલ યુનિવર્સિટીની વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૫ : પ્રી-આર્ટ્સ અંગ્રેજીના અભ્યાસક્રમમાં અંગ્રેજી ભાષા માટે કુલ ૭૦ માર્ક્સમાંથી ૨૫ માર્ક્સનો વર્ષાસનો અભ્યાસક્રમ સૂચવવામાં આવ્યો છે, છતાં અંગ્રેજી માટે ફાળવવામાં આવેલા તાસ એના એ જ રાખવામાં આવ્યા છે એ વાત સાચી છે?

ઉત્તર ૫ : પ્રી-યુનિ. આર્ટ્સના અંગ્રેજીના પ્રશ્નપત્રમાં ૭૦ ગુણનું વિભાજન પહેલાં નીચે મુજબ હતું:

1. Selected Prose and Poetry	..	50 marks
2. Simple Essay writing	..	15 marks
3. Indirect narration (of passages from the text)	..	5 marks

જૂન ૧૯૬૯થી સદરહુ ૭૦ ગુણનું વિભાજન નીચે મુજબ કરવામાં આવ્યું છે:

(*a*) Questions on texts	..	35 marks
(*b*) Language	..	35 marks

જૂન ૧૯૬૯થી અંગ્રેજીના તાસની સંખ્યા અંગે નીચે મુજબ નક્કી કરવામાં આવ્યું છે:

Two lectures per week should be assigned to the text, and one lecture and one tutorial for language work including comprehension.

Three lectures shall be for language work as can be done in a large clans and tutorials should be used for drills and exercises in grammar.

પ્રશ્ન ૬ : ૧૯૬૭—૬૮ તથા ૧૯૬૮—૬૯માં અમદાવાદ શહેરમાં ૧૪૦૦થી ૧૫૦૦ સુધીની સંખ્યા ધરાવતી બધી જ કૉલેજોએ રૂપિયા એક લાખથી વધુ નફો કર્યો છે તે વાત સાચી છે?

ઉત્તર ૬ : કોઈ કૉલેજોએ નફો કર્યો એમ કહેવું યથાર્થ લાગતું નથી. પુરાંત અંગે માગેલી માહિતી માટે **પરિશિષ્ટ "ચ"** જોવા વિનંતી છે.

આચાર્ય બી. એમ. પીરઝાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:

૧૪૦૦થી ૧૫૦૦ની સંખ્યાવાળી ફક્ત બે કૉલેજોએ માહિતી આપી છે. કૉલેજોના નફા અંગે બીજી કૉલેજોએ માહિતી આપી નથી? કેમ એમ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે ત્રણ કૉલેજો અંગેની માહિતી પરિપત્રિત જવાબોમાં દર્શાવેલી છે. રિવાઇઝ્ડ એજન્ડા મોકલ્યા પછી બીજી ૬ કૉલેજો તરફથી માહિતી આવી છે, તે નીચે મુજબ છે:

ક્રમાંક	કૉલેજનું નામ	વર્ષ	પુરાંત	ખાધ રૂ. પૈ.
૧:	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧૯૬૭—૬૮	—	૨૭,૫૪૪·૭૭
		૧૯૬૮—૬૯	—	૪૩,૭૧૧·૮૧

ક્રમાંક	કૉલેજનું નામ	વર્ષ	પુરાંત	ખાધ
				રૂ. પૈ.
૨.	સેંટ ઝેવિયર્સ કૉલેજ,	૧૯૬૭—૬૮	—	૨,૨૫,૧૪૪·૦૦
	અમદાવાદ	૧૯૬૮—૬૯	—	૨,૩૭,૮૦૮·૦૦
૩.	બી. ડી. કૉલેજ, અમદાવાદ	૧૯૬૭—૬૮	૪૪,૬૦૭·૦૦	—
		૧૯૬૮—૬૯	—	૬૨,૭૨૭·૦૦
૪.	સરદાર વલ્લભભાઈ કૉમર્સ	૧૯૬૭—૬૮	(લાગુ પડતું નથી)	—
	કૉલેજ, અમદાવાદ	૧૯૬૮—૬૯	૧,૩૨,૦૩૪·૩૭	—
૫.	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ,	૧૯૬૭—૬૮	૧,૩૧,૮૩૮·૦૦	—
	અમદાવાદ	૧૯૬૮—૬૯	૬૪,૩૩૮·૦૦	—
૬.	શેઠ આર. એ. સાયન્સ કૉલેજ,	૧૯૬૭—૬૮	—	૧,૦૦,૧૦૩·૫૯
	અમદાવાદ	૧૯૬૮—૬૯	(ઑડિટેડ હિસાબો તૈયાર થાય છે.)	

આચાર્ય ગિરીશભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉલેજો જે નફો કરે છે તે કૉલેજમાં જ વપરાય તેવી કોઈ યોજના યુનિવર્સિટી પાસે છે?

કુલપતિશ્રીના ઉત્તર : હાલને તબક્કે એવી કોઈ યોજના યુનિવર્સિટી પાસે નથી.

પ્રશ્ન ૭ : (ક) ૧૯૬૯ માર્ચમાં લેવાયેલ એમ.કૉમ.ની પરીક્ષામાં એમ.કૉમ.(પાસ વર્ગ)ની નિમણૂકો થઈ હતી તે વાત સાચી છે?

ઉત્તર ૭ : (ક) પરીક્ષકોની નિમણૂક અંગેની બાબત ગુપ્ત ગણાતી હોઈ, આ માહિતી આપી શકાય એમ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૭ : (ખ) એ જ પરીક્ષામાં એક પણ વર્ષનો એ વિષયનો શૈક્ષણિક અનુભવ ન હોય એવી વ્યકિતની એમ.કૉમ.ના "કૉસ્ટિંગ" વિષયના પ્રાશ્નિક તરીકે નીમવામાં આવેલ તે વાત સાચી છે?

પ્રશ્ન ૭ : (ખ) ઉપર પ્રશ્ન નં. ૭(ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮ : યુનિવર્સિટીનાં નવાં ધારાધોરણો મુજબ નક્કી થયેલ "ડી.એ." અને તજ્જન્ય તફાવતી વધારો કઈ કઈ કૉલેજોએ હજી ચૂકવ્યો નથી તેની માહિતી આપી શકાશે?

ઉત્તર ૮ : પ્રો. કે. કા. શાસ્ત્રીના પ્રશ્ન ક્રમાંક ૩(ક) અને (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯ : યુનિવર્સિટી-સિન્ડિકેટના કેટલા અને કયા કયા સભ્યો યુનિવર્સિટીથી સંલગ્ન કૉલેજોમાં "મૅનેજિંગ ટ્રસ્ટી" તરીકે કાર્ય કરી રહ્યા છે એ અંગે માહિતી આપી શકાશે?

ઉત્તર ૯ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "છ"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦ : યુનિવર્સિટીથી સંલગ્ન ત્રણથી વધુ કૉલેજોનું સંચાલન કરતાં કેળવણીનાં ટ્રસ્ટો કયાં કયાં છે? તેઓ કઈ કઈ કૉલેજોનું સંચાલન કરે છે?

ઉત્તર ૧૦ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "જ"** જોવા વિનંતી છે.

૩. નીચે જણાવેલ કૉલેજોના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની પેટાકલમ (૨) તથા (૪) પ્રમાણે તે ઉપર શ્રી. કુલસચિવે લીધેલાં પગલાં બાબત મજકૂર ધારાની પેટાકલમ (૫) મુજબ શ્રી. કુલસચિવે કરેલ રિપોર્ટ (જાણ સારુ) :

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
૧.	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, ... નડિયાદ	બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, હિંદી, સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
૨.	ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ ... કૉલેજ, અમદાવાદ	બી.એ.(સબો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૩.	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, ... અમદાવાદ	બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૪.	સિટી આર્ટ્સ કૉલેજ, ... અમદાવાદ	બી.એ.(સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૧મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
૫.	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, ... અમદાવાદ	બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ, સમાજશાસ્ત્ર તથા બી.એ.-(સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૬.	ટી. સી. કાપડિયા આર્ટ્સ ... કૉલેજ, બોડેલી	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ.-(સબો.)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
૭.	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ... ફૉર ગર્લ્સ, અમદાવાદ	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, હિંદી, સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃતના અભ્યાસ-ક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૮.	એમ. એન. કૉલેજ, ... વીસનગર	બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન તથા બી.એ. (સબો.)માં આંકડા-પદ્ધતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
૯.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	...	બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી કાયમી જોડાણ; તથા બી.એ.-(પ્રિન્સિ.)માં ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(સ્પે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૪ સુધીનું વધારાનું જોડાણ.
૧૦.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એસસી. (સ્પે.)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.
૧૧.	શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ	...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી અને અંગ્રેજી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
૧૨.	કલોલ મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ	...	બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ.-(સબો.)માં હિંદી, સંસ્કૃત, અંગ્રેજી, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ, ફારસી; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૮ સુધીનું વધારાનું જોડાણ.
૧૩.	પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત અને તત્ત્વજ્ઞાન, તથા બી.એ. (સબો.)માં ગુજરાતી, હિંદી, અંગ્રેજી, મનોવિજ્ઞાન; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી.-(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા.૧૫મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૧૪.	શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	...	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
૧૫.	લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા ...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ (સબો.)માં હિંદી, મનોવિજ્ઞાન, ઇતિહાસ, અંગ્રેજી, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.-(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિત-શાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.-(પ્રિન્સિ.)માં સંસ્કૃત અને બી.એ.(સબો.)માં સમાજ-શાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૧૬.	શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ... ઓ. એમ. આર્ટ્સ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિ-ટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; બી.એ.(સબો.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૧૭.	સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ ...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ.-(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫ જૂન ૧૯૬૯થી તા. ૧૪ જૂન ૧૯૭૦ સુધીનું જોડાણ.
૧૮.	શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા ...	બી.એ.(પ્રિન્સિ.)માં હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
૧૯.	શાહ સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી ...	બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ.-(સબો.)માં મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
૨૦.	શ્રી. કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ... ધ્રાંધુકા	બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
૨૧.	શ્રીમતી એચ. સી. પટેલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કરજાણ ...	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
૨૨.	દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ	...	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.-(સબો.)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
૨૩.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા	...	બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી તથા બી.એ.-(સબો.)માં માનસશાસ્ત્ર, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.
૨૪.	નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	...	બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
૨૫.	શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા	...	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન અને રાજ્યશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
૨૬.	શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ ઍન્ડ શ્રી. એન. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	...	બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, સંસ્કૃત, ફારસી, હિંદી અને ઈતિહાસ, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૨૭.	શ્રી સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, માનસશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં ગુજરાતી, હિંદી, ઈતિહાસ, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
૨૮.	શ્રી ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ, દહેગામ	...	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ.- (સબૉ.)માં હિંદી, મનોવિજ્ઞાન, ઈતિહાસ અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા.૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
૨૯.	સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	પ્રથમ વર્ષ બી.એ.માં. ગુજરાતી, હિંદી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, ઈતિહાસ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં સંસ્કૃત અને આંકડાશાસ્ત્ર તથા બી.એ.- (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી તથા બી.એ.(સબૉ.)માં માનસશાસ્ત્ર, ઈતિહાસ, હિન્દી, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા.૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૩૦.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદ	...	પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં ઈતિહાસ, સંસ્કૃત, હિંદી, આંકડાશાસ્ત્ર તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ.- (સબૉ.)માં મનોવિજ્ઞાન, તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને બૅંકિંગ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૩૧.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ	...	બી.એડ. તથા ડિપ.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
૩૨.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા	...	બી.એડ. ડિગ્રીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
૩૩.	કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા	...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
૩૪.	શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત	...	બી.એડ. ડિગ્રીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧લી જૂન ૧૯૬૯થી તા. ૩૧મી મે ૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
૩૫.	કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ	...	બી.એડ. ડિગ્રીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
૩૬.	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	...	બી.એસસી. (સ્પે.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(સ્પે.)માં કીટાણુ-વિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી કાયમી જોડાણ.
૩૭.	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એસસી.(સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
૩૮.	શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	...	બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી કાયમી જોડાણ.
૩૯.	બ્રહ્મચારી-વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
૪૦.	બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ	...	બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
૪૧.	મોતીલાલ નહેરુ લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
૪૨.	વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદ	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને એલએલ.બી. પદવી કક્ષા સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
૪૩.	એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ	...	એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી કાયમી જોડાણ.
૪૪.	શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ	...	થર્ડ એમ.બી.,બી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.
૪૫.	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ	...	ચતુર્થ બી.ડી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
૪૬.	તોલાણી આર્ટ્સ કૉલેજ, આદિપુર		બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને હિંદી; તથા બી.એ.(સભા.)માં અંગ્રેજી, ગુજરાતી, ઇતિહાસ અને અર્થ-શાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ;
૪૭.	યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું જોડાણ.
૪૮.	આર્ટ્સ કૉલેજ, મહુધા	...	પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સભા.)માં માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસ-ક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ; તથા પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૪૯.	પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ	...	બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
૪૯-અ.	શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ ...	બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિંદી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, અર્ધમાગધી, ફારસી, હિંદી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, અર્ધમાગધી, ફારસી, અંગ્રેજી, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.

(**નોંધ.**—ઉપર દર્શાવેલ ૪૯ અને ૪૯-અ કૉલેજોમાં વિજ્ઞાનની વિદ્યાશાખાથી વિનયનની વિદ્યાશાખા જુદી પડવાથી અને વાણિજ્યની વિદ્યાશાખા સાથે સંયોજિત થવાથી અસ્તિત્વમાં આવી.)

૫૦.	કૉમર્સ કૉલેજ, ડભોઈ ...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
૫૧.	શેઠ એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા ...	બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
૫૧-અ.	એસ. ડી. આર્ટ્સ ઍન્ડ શાહ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા ...	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર; અને બી.એ.(સબો.)માં અંગ્રેજી, હિંદી, સંસ્કૃત, ઇતિહાસ, મનોવિજ્ઞાન; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-'૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.

(**નોંધ.**—ઉપર દર્શાવેલ ૫૧ અને ૫૧-અ કૉલેજો વિજ્ઞાન સાથેની વિનયનની વિદ્યાશાખા જુદી પડવાથી અને વાણિજ્યની વિદ્યાશાખા સાથે સંયોજિત થવાથી અસ્તિત્વમાં આવી.)

૫૨.	નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ ...	એલએલ.બી. ડિગ્રી સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા એફ્.વાય.બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
૫૩.	વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૫૩-અ.	વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ	...	પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં સમાજશાસ્ત્ર અને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી, મનોવિજ્ઞાન; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.

(**નોંધ.**—ઉપર જણાવેલ ૫૩ અને ૫૩-અ કૉલેજો વિવેકાનંદ આર્ટ્સ-કૉમર્સ કૉલેજનું વિભાગીકરણ થવાથી અસ્તિત્વમાં આવી.)

૫૪.	સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિ-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન; બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૫૪-અ.	સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૫૫.	વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ	...	બી.એડ. ડિગ્રીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧લી જૂન ૧૯૬૯થી તા. ૩૧મી મે ૧૯૭૦ સુધીનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
૫૬.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર	...	બી.એડ. ડિગ્રીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧લી જૂન ૧૯૬૯થી તા. ૩૧મી મે ૧૯૭૦ સુધીનું જોડાણ.
૫૭.	ચંદનબહેન એન્ડ સોમાલાલ હરિલાલ દેસાઈ આર્ટ્સ અને શ્રીમતી લીલાવતી કીર્તનલાલ લાલચંદ દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર	...	પ્રી-યુનિ. વિજ્ઞાન તથા પ્રી-યુનિ. વાણિજ્યના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
૫૮.	મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, વીસનગર	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું જોડાણ.
૫૯.	એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું જોડાણ.
૬૦.	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણા	...	એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું જોડાણ; તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧લી જૂન ૧૯૬૯થી તા. ૩૧મી મે ૧૯૭૦ સુધીનું જોડાણ.
૬૧.	ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ	...	બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્ર અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
૬૨.	મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ	...	પ્રથમ વર્ષ બી.એ.માં સંસ્કૃત તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.

નોંધ.—ક્રમાંક ૪૯માં 'વી. એમ. પારેખ સાયન્સ કૉલેજ, કપડવંજ'ને બદલે 'પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ' એ છાપભૂલ તથા ક્રમાંક ૫૦માં 'આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ'ને બદલે 'કૉમર્સ કૉલેજ, ડભોઈ' એ છાપભૂલ પ્રમુખશ્રીની પરવાનગીથી સુધારવામાં આવેલી છે.

તે પછી સદ્દરહુ આલેવાલોની નોંધ લેવામાં આવી.

૪. સિન્ડિકેટે સુધારેલા તથા નવા ઘડેલા નીચેના ઑર્ડિનન્સો :

(અ) સુધારેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. પ્રી-આર્ટ્સ-૩, ઑર્ડિ. કૉમ. ૫-બી, ઑર્ડિ. ૫૭-એનો સંબંધકર્તા ભાગ, ઑર્ડિ. ૬૨-બી, ઑર્ડિ. ૬૨-ડી, ઑર્ડિ. ૬૫-કે(એ)ની નોંધ, ઑર્ડિ. ૬૫-ઓ, ઑર્ડિ. ૬૫-એસ, ઑર્ડિ. ૭૯, ઑર્ડિ. ૧૨૦-એ, ઑર્ડિ. ૧૨૯, ઑર્ડિ. ૧૩૬, ઑર્ડિ. ૧૫૨, ઑર્ડિ. ૧૫૪, ઑર્ડિ. ૧૫૬, ઑર્ડિ. ૨૧૬ અને ઑર્ડિ. ૩૨૦.

(બ) નવા ઘડેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. એમ.કૉમ.-૩, લૉ ઑર્ડિ. ૫(ન્યૂ) અને લૉ ઑર્ડિ. ૫-બી (ન્યૂ).

(અ) સુધારેલા ઑર્ડિનન્સો

સુધારેલા ઑર્ડિ. પ્રી-આર્ટ્સ-૩, ઑર્ડિ. કૉમ. ૫-બી અને ઑર્ડિ. ૫૭-એનો સંબંધકર્તા ભાગ મંજૂર કરવામાં આવ્યા.

(૧) તે પછી ઑર્ડિ. ૬૨-બી વિચારણા માટે હાથ ધરવામાં આવ્યો ત્યારે શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ **પ્રસ્તાવ** મૂક્યો કે સદરહુ ઑર્ડિનન્સ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવે. તેને ડૉ. નાનુભાઈ દેસાઈએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં રેફરન્સ બૅંકનો પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(૨) તે પછી ઑર્ડિ. ૬૨-ડી અને ઑર્ડિ. ૬૫-કે (એ)ની નોંધ મંજૂર કરવામાં આવ્યાં.

(૩) તે પછી ઑર્ડિ. ૬૫-ઓ વિચારણા માટે હાથ ધરવામાં આવ્યો ત્યારે આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ પ્રસ્તાવ મૂક્યો કે સદરહુ ઑર્ડિનન્સ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવે. તેને શ્રી. એલ. આર. દેસાઈએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, રેફરન્સ બૅંકનો સદરહુ પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

